
॥ હરિઃૐ ॥



# જીવન દર્શન

- પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# જીવનદર્શન

## પૂજ્ય શ્રીમોટાના પત્રો

• સંપાદકો •
હેમંતકુમાર નીલકંઠ
નંદલાલ શાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ પ્રથમ આવૃત્તિ ૧૯૫૯ થી દસમી આવૃત્તિ ૨૦૦૩ સુધીની કુલ પ્રત ૧૫,૦૦૦ (પંદર હજાર)

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| ૧૧મી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ **પૃષ્ઠ :** ૧૨+૪૯૬=૫૦૮

❑ **કિંમત : રૂ.** ૨૫/-

❑ **મુદ્રણશુદ્ધિ :** જયંતીભાઈ જાની, ફોન (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ડિઝાઈનર :** મયૂર જાની, (મો.) ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

'જીવનવન અતિ વેગે' વટાવનાર યુવાન પુત્રની વસમી
વિદાયથી શોકગ્રસ્ત થઈ પોતાના જીવનને કુંઠિત કરવાના
બદલે, એ ઘટનાને સોપાન તરીકે સ્વીકારી, સદ્‌ગતની
સ્મૃતિને ચિરંજીવ બનાવતી સંસ્થા 'યંગ મેન્સ ગાધીઅન
એસોસિયેશન' (વાય.એમ.જી.એ.)ની સ્થાપનામાં
નિમિત્તયોગે સ્થાપક બનનાર

અને

એ સંસ્થાને વિશાળ ક્ષેત્રે કાર્યાન્વિત કરવાના હેતુથી
ગુજરાતભરમાંથી યોગ્ય યુવકોની પસંદગી અને ભરતી કરનાર,

તેમ જ

એ સદ્‌ગત પુત્રની સ્મૃતિમાં જનસેવાર્થે મેડિકલ સારવાર
સુલભ બનાવવા માટે રાજકોટ શહેરમાં હૉસ્પિટલ સ્થાપી,
તેના સુચારુ સંચાલન માટે જરૂરી સવલતો ઉપલબ્ધ કરાવનાર,

એવા

**સદ્‌ગત શ્રી રતિલાલ ગોરધનદાસ ગોંધિયા**

અને તેમનાં ધર્મપત્ની

**સદ્‌ગત શ્રી ચંપાબહેન રતિલાલ ગોંધિયા**

અને તેમનાં

**સદ્‌ગત પુત્ર શ્રી અશોકકુમાર રતિલાલ ગોંધિયાને**

પૂજ્ય શ્રીમોટાના પત્ર સાહિત્યના સંપાદન સ્વરૂપ
**'જીવન દર્શન'**ની આ અગિયારમી આવૃત્તિ સ્નેહાદર
સાથે સમર્પિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટી મંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# બે બોલ

## (પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવૃત્તિ)

પ્રભુકૃપાથી જીવનવિકાસના ભાવને કેળવવાને અર્થે આશ્રમની જે પ્રવૃત્તિ મળી છે, તે મારા જીવનને વ્યક્ત કરવાને માટે એક નિમિત્તકારણ પણ છે. તે દ્વારા મને કેટકેટલા જીવોનો સમાગમ થાય છે અને પ્રભુકૃપાથી તેમનાં જીવનમાં ભાગ લેવાનું બન્યા કરે છે ! દરેક જીવના જીવનનાં જુદાં જુદાં કોયડાઓ, ગૂંચો, મુશ્કેલીઓ, ઉપાધિ અને ચિંતાઓમાં તેનો ઉકેલ તથા તે બધાંમાંથી કેવી રીતે સરળતાથી પાર નીકળી શકાય, તે બધું તેમને તેમને દર્શાવતાં દર્શાવતાં જે સેવા કરવાનું બને છે, તથા તે રીતે તેમની મનની ભાવનાને જરા સરખી પણ ઊંચી કેળવવાનું બની શકે છે, તે મારા વહાલા પ્રભુની ભક્તિ છે.

જીવન ગુણ અને શક્તિ વિના કદી ટકી શકતું નથી, નભી શકતું નથી અને જીવનને તેના વિના ચલાવી શકાતું નથી. જીવનમાં તેની ઘણી જરૂરિયાત છે. જે કોઈને પણ ઉચ્ચ માર્ગે જવું છે અથવા તો સંસારવહેવારમાં જીવવું છે, તેવા તેવા જીવે પણ ગુણશક્તિનું સામર્થ્ય કેળવવું જ પડશે અને મેળવવું પડશે. તેની યથાયોગ્યતા જો નહિ પ્રગટેલી હોય, તો તે સંસારવહેવારમાં પણ ટકી શકવાનો નથી, તો તેનાથી ઉચ્ચ ક્ષેત્રની તો વાતો જ શી કરવી ? જીવનને યોગ્યપણે પ્રગટાવવાને માટે તેવા પ્રકારનાં ગુણ અને શક્તિ કેળવવાનાં અને તેવી જાતનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પ્રગટાવવાનાં હેતુથી આ કાગળો ભાઈ હેમંતકુમાર નીલકંઠને લખાયેલા છે.

જે જે કાગળો જે જે કાળે લખાયેલા છે, તે કાળ પૂરતું તે જીવની તે કાળની યથાયોગ્યતા સમજીને તેટલા જ પૂરતું તેમાં

નિરૂપણ થયેલું છે. માટે, તેટલું જ છે અને તેનાથી કશું આગળ નથી એવું નથી. કોઈ પણ જીવને તેની જરૂરિયાત જેટલું મળી રહે તેટલું બસ છે. જે જે જીવે જીવનવિકાસને માર્ગે જવાનું છે, તેણે તેણે જીવનને ઊંચે પ્રગટાવવાને માટે દિલની ખરેખરી ભાવનાથી સતત પોતાને મળતાં જતાં કર્મવહેવારમાં કર્મને, તે તે ભાવે કર્યા કરતા રહીને, મનાદિકરણને ઘડવાનાં હોય છે. તેવો જ્ઞાનભક્તિ-પૂર્વકનો જીવતોજાગતો અભ્યાસ પાડ્યા વિના અથવા તો પ્રગટ્યા વિના ભાવનામાં સળંગતા કદી પ્રગટી શકતી નથી.

જે જીવ ભગવાનની કૃપા પર અવલંબન રાખવાનું કહેતા હોય છે અને તેવું ઇચ્છતા હોય છે, તેવા જીવનાં મનાદિકરણમાં એકમાત્ર ભગવાનની જ ભાવનાનું નિરંતર સતત અનુશીલન પરિશીલન તેના કર્મવહેવારમાં જીવતુંજાગતું જ્ઞાનભક્તિપૂર્વક જો પ્રગટ્યા કરતું હોય, તો કૃપા તો પ્રત્યક્ષ છે. જેણે ભગવાનની કૃપા ઇચ્છવી છે અને માગવી છે, તેવા જીવે ભગવાનને રુચે તેવો પૂરેપૂરો સંતોષ પ્રગટાવવો પડે છે. કેટલાક કહે છે કે 'ભગવાનની કૃપા અહેતુકી છે.' પરંતુ કંઈ કશું આપણા પોતાનામાં અમુક પ્રકારનું તેની યોગ્યતાને પાત્ર એવું પ્રગટ્યા વિના તે કૃપા આપણા પર વરસતી હોય અને તે ખરેખર વાસ્તવિકપણે વરસતી હોય, તોપણ તે આપણે અનુભવી શકવાનાં નથી અને તેનો યોગ્ય લાભ પણ ઉઠાવી શકવાનાં નથી તેમ નક્કી માનવું. ભગવાનની કૃપાને નામે આપણે તો બધું યદ્વાતદ્વા ચલાવવું છે અને પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવથી કરીને એવી રીતે વર્તવું છે, કે ભગવાન જો આપણી પાસે જાતે હાજર હોય, તો તેને આપણાં વર્તનથી કરીને એટલો બધો ત્રાસ થાય કે ના પૂછો વાત. આવા પ્રકારના જીવો જ્યારે ભગવાનની કૃપાની વાત કરે છે, ત્યારે તેઓ જાતે જ પોતાની જાતને છેતરતા

હોય છે. માટે, કૃપા કરીને જો આપણે ભગવાનનાં ક્ષેત્રમાં જીવનને પ્રગટાવવું હોય, તો સૌથી પ્રથમ તો યોગ્ય થવાની ખરેખરી જહેમત, ખંત, ઉત્સાહ વગેરે વગેરે પ્રગટાવો. તેવું ભાન પ્રેરાવવાનો આ કાગળો લખવામાં અને પ્રસિદ્ધ કરવામાં હેતુ છે.

પ્રભુકૃપાથી **આ જીવ**ને કેટલાય જીવો મદદ કરનારા જે હતા, તે શરીરથી ચાલ્યા જતાં, બીજા તેવા મદદ કરનારા મળી જ આવે છે. આ આશ્રમની પ્રવૃત્તિ પ્રભુકૃપાથી મારા જીવનમાં જે મળી છે, તે દ્વારા મને તો મારો ભગવાન હજાર હાથવાળો છે અને હજાર આંખવાળો છે, એનો પ્રત્યક્ષ અનુભવ આ પ્રવૃત્તિ દ્વારા મારા પર પ્રેમ વર્ષાવીને **એ** મને કરાવી રહેલો છે. પ્રભુની તે અનંત કૃપા છે.

જે જે સ્વજનો જીવનવિકાસના હેતુ અર્થે આપમેળે મારી કને આવેલાં છે. તેમને મારી પ્રાર્થના છે, કે ‘કૃપા કરીને મને તમારાં વર્તનથી સંતોષ થાય એવું જીવતુંજાગતું ભાન પ્રગટાવતા રહેજો. જીવનમાં યદ્વાતદ્વા જીવીને જો પછી તમે મારી આગળ ભગવાનની કૃપાનું નામ લેશો, તો હું કદી પણ સહી લઈશ નહિ. સ્વજનોનાં વર્તનને સહેવાની પણ અમુક હદ સુધીની મર્યાદા છે.’ સ્વજનોને એટલી પણ પ્રાર્થના છે કે ‘તમારે જો યોગ્ય રીતે ના વર્તવું હોય, તો ભગવાનની કૃપાનું નામ મૂકી દેજો. એ કંઈ રેઢી પડી નથી, જગત-વહેવારમાં પણ જો આપણે કોઈને રીઝવવું હોય છે, તો તે જે રીતે પ્રસન્ન થાય, તેમ આપણે વર્તવાનું કરીએ છીએ. તેવી રીતે ભગવાનને રુચે તેવું વર્તન અને જીવન પ્રગટાવવાનું કરી શકીએ, તો જ આપણો મળવાનો અર્થ છે. અનાસક્તિ, નિર્મમત્વ, નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર વગેરે વગેરે સંસારવહેવારનાં કર્મ કરતાં કરતાં જીવનમાં જો પ્રગટાવતા રહીએ તો તે પ્રભુને રુચે તેવી હકીકત છે.’

કશું પણ એમ ને એમ બની જતું નથી. ખાલી વાતો કર્યે અને બુદ્ધિની સમજણના તડાકા ફેંકે રાખ્યે જીવન મેળવી શકાતું નથી,

બલકે જીવનને વેડફી દેવાતું હોય છે. માટે, કૃપા કરીને તમને બધાંને પ્રાર્થના છે કે જીવનમાં વ્યવસ્થિતિ પ્રગટાવો. જે જે કર્મ મળેલું છે, તેમાં જો વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે પ્રગટાવવાનું આપણાથી નહિ બની શક્યું, તો જીવનવિકાસનાં ક્ષેત્રમાં આપણે બીજું બળ ક્યાંથી પ્રગટાવી શકવાનાં છીએ ? માટે, કૃપા કરીને જો મળ્યાં છો, તો મળ્યાંની સાર્થકતા થાય તેવું ભાન પ્રગટાવજો.

**'જીવન દર્શન'**માં જે જે પ્રસંગો વિશે લખાયું છે, તે બધા પ્રસંગો **આ** મોટાના જીવનના છે. તેવા તેવા પ્રસંગોના સાક્ષી કેટલાક તો આજે પણ હજી મોજૂદ છે. **'જીવન દર્શન'** વાંચતાં, વાચકને પોતાને તેમાંથી રસ જાગે છે અને એકધારું તે પૂરું કરીને જ ઝંપે છે.

**આ જીવ**થી જે કંઈ થઈ શક્યું છે, તે માત્ર **શ્રીહરિ**ની કૃપા શક્તિથી જ. તણખલા જેવાને પણ **શ્રીહરિ**ની ભક્તિ લાગતાં, તેવા શરણજનથી કેવાં ભગીરથ કર્મ થઈ શકે છે, તેનો જીવતોજાગતો દાખલો **આ જીવ** છે.

કાપડમાં સૂતર તાણાવાણામાં એકધારું વણાઈ જતું હોય છે, ત્યારે તે બધું જ એકાકારપણે કાપડમાં સૂતર પોતે ઓતપ્રોત થઈ જતું હોય છે. તેવી જ રીતે **શ્રીહરિ**ની પ્રેમભક્તિનો પૂરેપૂરો રસ ભક્તિમાં જાગતાં, લાગતાં, એ કેવો બની જતો હોય છે, તે બધું **આ 'જીવન દર્શન'** વાંચવાથી પ્રત્યેક વાચકને આપોઆપ જણાઈ જવાનું છે.

નડિયાદ અને સુરતના આશ્રમોને જે જે સ્નેહી મિત્રો અને સજ્જનો મદદ કરે છે, તેમને તેમને મારી પ્રાર્થના છે, કે 'તેવી મદદ તેઓ પોતાના જીવનની ભાવનાને વિકસાવવાને માટે કરે છે અને કેળવવા માટે કરે છે,' તેવો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ તેવી મદદ કરવામાં રાખવાનું કરે, જે જે કંઈ કરીએ છીએ તે આપણા પોતાના

જીવનવિકાસ માટે જ કરીએ છીએ, તેવો ભાવ જો વિશેષ જીવતોજાગતો રહેશે, તો તેમાંથી કરીને જીવનને ઘડાવાનું બની શકે છે. બંને આશ્રમોને નભાવવાનું, ચલાવવાનું અને વ્યવસ્થિત કરવાનું કામ જેટલું આશ્રમમાં રહેનારનું છે, તેટલું જ તે કામ આશ્રમ પરત્વે જેને મમતા છે, સહાનુભૂતિ છે અને પ્રેમ છે, તેમનું પણ છે. આશ્રમમાં રહેનારા જીવોએ આશ્રમમાં પધારનાર જીવોનું આશ્રમ પરત્વેનું આકર્ષણ કેમ કરીને વિશેષ પ્રગટે, તે પ્રમાણે તેમણે વર્તવાનું હોય, અને આશ્રમનાં કામકાજમાં કેમ કરીને સરળતા પ્રગટે અને આશ્રમનાં કામકાજમાં આપણે કેવી રીતે વિશેષ મદદગાર થઈ શકીએ તેવું જીવતુંજાગતું ભાન આશ્રમમાં પધારનારે રાખવું ઘટે.

હરિઃૐ આશ્રમ, સુરત — **શ્રીમોટા**

તા. ૧૧-૧૦-૧૯૭૨

(તૃતીય આવૃત્તિ)

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

**'જીવન દર્શન'**ની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અમોને આનંદ થાય છે. આ પુસ્તકમાં જીવનવિકાસવાંછુને અને સાધકને અનેક નાનીમોટી અગત્યની સાધનાપંથે અને જીવનવિકાસમાં સહાયરૂપ થાય તેવી પ્રચુર સામગ્રી છે, તે ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાના જીવનની અનેક ઘટનાઓનું તેઓશ્રીની કલમે જ આલેખાયેલું બયાન છે.

આ પુસ્તકનું તમામ ખર્ચ અજ્ઞાત રહેવા ઈચ્છતા એક સદ્‌ભાવી સ્વજને આપ્યું છે, તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. સત્કર્મોમાં અપાતાં નાણાંનો બદલો **श्रीहरि** સૌને **ए**ની અકળ રીતે આપે જ છે. પ્રભુના આશીર્વાદ તેમના ઉપર ઊતરો, એ પ્રાર્થના છે.

પૂજ્યશ્રીના સાહિત્યના વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે, એ તો હવે સૌને સુવિદિત છે.

પૂજ્યશ્રીનાં પુસ્તકોને સુયોગ્ય રીતે છાપીને, આકર્ષક રીતે રજૂ કરવાનું માન લાઈટ પબ્લિકેશન્સ પ્રેસ (વડોદરા)ને ફાળે જાય છે. તેમનાં ચીવટ, ઉત્સાહ અને કાળજી પ્રશંસાપાત્ર છે. અમો તેમનો ઘણો આભાર માનીએ છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ. - **નંદુભાઈ શાહ**

તા. ૧-૭-૧૯૭૭ મૅનેજિંગ ટ્રસ્ટી

# નિવેદન

**(૧૧મી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાના વિપુલ પત્રસાહિત્યના પ્રકાશનમાં **'જીવન દર્શન'** એક અલગ અને આગવું સ્થાન ધરાવે છે. પોતાના સાધનામય જીવનના પ્રારંભકાળના અનેક પ્રસંગોનું વર્ણન આ પત્રોમાં હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ શ્રીમોટાએ કર્યો છે. સ્વજનોમાં આ પુસ્તક લોકપ્રિય બન્યું છે, તેનો નિર્દેશ એ વિગત પરથી આવે છે, કે સને ૧૯૫૯થી સને ૨૦૦૩ સુધીમાં દશ આવૃત્તિઓ દ્વારા અંદાજે પંદરેક હજાર પ્રતો સ્વજન સમૂહમાં પહોંચી છે.

પૂજ્ય શ્રીમોટાએ **'જીવન દર્શન'**ના પ્રથમ પ્રકાશન સમયે 'લેખકના બે બોલ'ના શીર્ષક નીચે જે વિગતો વ્યક્ત કરી છે, તે પણ જીવનવિકાસ માટે મથનારને અત્યંત ઉપયોગી બની રહે તે પ્રકારની છે. આ પ્રકાશનની પ્રત અપ્રાપ્ય થતાં સ્વજનોને આ અગિયારમી આવૃત્તિ દ્વારા તે પ્રાપ્ત કરાવતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની સૂચિ તૈયાર કરી આપવા બદલ શ્રી કમલેશભાઈ શેઠના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાનો અમે ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિ પણ સ્વજનોમાં આવકાર પામશે.

તા. ૧-૪-૨૦૧૨ — **ટ્રસ્ટી મંડળ,**

રામનવમી — હરિઃૐ આશ્રમ, સુરત

# જીવનદર્શન

❏

**સંપાદકો**

**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**

'જીવનદર્શન', ૧૧મી આ., પૃ. ૪૩૧ **- શ્રીમોટા**

કરાંચી, હરિઃૐ તા. ૨૫-૨-૧૯૪૦

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

છેલ્લી પળે સ્મરણ ભાવથી થાય તારું,
એ એકલું જ પ્રભુ ! હું કર જોડી માગું,
પ્રેમામૃતે ડૂબવજે મુજને પ્રભુ ! તું,
ને ધન્ય રાંક કરજે, તુજ દાસ હું છું.

* * *

જો લેશ કેશવ, કરે કરુણા કંઈ તું,
તો તો સનાથ બનશે પ્રભુ ! રાંક આ હું,
માથે પ્રભુ, વરદ મૂકની હસ્ત તારો,
જેથી સમુદ્ર તરું, ચેતન, પ્રાણ રેડો.

* * *

તારો પ્રતાપ જગમાં સઘળે પ્રકાશે,
તો એકલો ગરીબ વંચિત કેમ રાખે ?
એવો ગુનો તુજ કર્યો પ્રભુ ! શો હશે મેં
કે સામું ના નીરખતો કંઈ તું જરીયે ?

* * *

છાંટોય બુદ્ધિ મુજમાં નથી, સાવ ઘેલો,
ને મૂર્ખથીય પણ મૂર્ખ જરૂર હું જો !
સંભાળજે પ્રભુ, દરેક પળે જ એને,
વાળી ઊંધું જ નહિ તો કંઈ બેસશે તે.

* * *

લેશે કદી ખબર ના મુજ કાંઈ જો તું,
જ્યાં ત્યાં મરીશ ભટકી, કર કૈં નિઘા, તું,
મારો પ્રભુ ! જીવનપંથ નિહાળજે તું,
આડો જતો હોઉં જહીં, તહીં દોરજે તું.

* * *

## પ્રાર્થનામાં આર્તભાવની જરૂર

પ્રાર્થના કર્યા કરવાનું પ્રભુકૃપાથી જે બનતું, તેનાથી તે વખતના ભાવ-ના લાભ ઉપરાંત, બીજો મોટામાં મોટો લાભ તો એ થયો કે ભાવનાની નિરંતરતા ટકાવી રાખવામાં તે બહુ મદદરૂપ બની શકતી હતી અથવા થઈ હતી.

તમને દરેક કાગળમાં પ્રભુકૃપાથી સાધનાકાળમાં (૧૯૨૪માં) જે જે પ્રાર્થનાઓ થતી તે લખતો રહીશ, તે જાણશો. એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિકપણે વળતું હોતું નથી. જ્યારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય અને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય તે તે બધું એટલું બધું ખૂંચે છે, અને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે, કે તેનાથી મુક્ત થવાને કાજે મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે, એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા સંપૂર્ણપણે પ્રગટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રગટાવે છે, કે તે તો તેનો એકમાત્ર અનુભવી જ જાણી શકે. જે પ્રાર્થના આપણે

કરીએ, તે પ્રાર્થનાના અંતરમાં કે હાર્દમાં જો આપણો સાચેસાચો, ખરેખરો અને પૂરેપૂરો દિલનો જીવતોજાગતો સાબદો થયેલો પુરુષાર્થ પ્રગટેલો નથી હોતો, તો તેવી પ્રાર્થના જીવનવિકાસની સાધનામાં ફળીભૂત થઈ શકતી નથી.

## પ્રાર્થનાની મદદનો જીવનપ્રસંગ

એવા પ્રકારની પ્રાર્થનાએ મને જીવનમાં કેટલી અને કેવી અણધારી રીતે મદદ કરેલી છે, તેનો પ્રત્યક્ષ આ જીવના જીવનનો પ્રસંગ તમને આજે લખી મોકલું છું. સને ૧૯૩૨ની સાલમાં પરીક્ષિતભાઈ, હરિવદનભાઈ અને તમે બધા જ જેલમાં હતા, ત્યારે મારે ભાગે ગૂજરાત હરિજન સેવક સંઘના મંત્રીનું કામ આવી પડ્યું હતું, તે હકીકત તો તમે જાણો છો જ. આપણો નવસારી આશ્રમ ગાયકવાડી હદમાં આવેલો હોવાથી ત્યાંથી જ છૂપી રીતે બધી રાજકીય પ્રવૃત્તિનું કામ ચાલ્યા કરતું. અને એ રીતે આપણા નવસારી આશ્રમ પર પોલીસની ચાંપતી દેખરેખ હતી. આશ્રમની આગળ સાદા વેશમાં પોલીસના માણસો પણ રહ્યા કરતા. એટલે આશ્રમમાં આવીને આપણા પ્રેમી સાથીઓનો વિરોધ વહોરીને પણ તે બધી પ્રવૃત્તિને આશ્રમમાંથી સંચાલિત થતી બંધ કરવાનું અકારું કામ પ્રભુકૃપાથી કરવાનું આવ્યું. તે ઉપરાંત, આખા ગૂજરાતની હરિજન પ્રવૃત્તિની કામગીરી પણ બજાવવાની હતી. એક તો તેનો મને બિલકુલ પરિચય નહિ. કેટલાં બધાં આશ્રમો અને શાળાઓનું સંચાલન કરવું ! અને તે તે દરેક સંસ્થાઓને આર્થિક મદદ પહોંચાડવી અને તે પણ નિયમિત રીતે મોકલવાનું બન્યા કરે, તેટલા અને તેવા તે કાળે સંજોગો ન હતા.

## બેવડું કામ

એક બાજુથી પરિસ્થિતિથી પ્રાપ્ત થયેલાં કર્મમાં સંપૂર્ણપણે પ્રમાણિક, વફાદાર અને તે કર્મને નિષ્ઠાની ભાવનાથી વળગી રહીને તે ઉત્તમમાં ઉત્તમ જે રીતે બને તેવી રીતનાં ખંત, ઉત્સાહ, કાળજી, વ્યવસ્થા અને દેખરેખ પ્રભુકૃપાથી રાખવાને માટે સતત એકધારા જીવતાજાગતા પ્રયત્નથી તેમાં મંડ્યા રહેવાનું બનતું, અને બીજી બાજુ તેની સાથે સાથે ભાવનાનું એટલે કે જીવનવિકાસની સાધનાને સતત એકધારી જીવતી રાખવાને માટે દિલની ભાવનાનું સાતત્ય રહે અને તેને યોગ્ય જેટલા પ્રમાણની ઉત્કટતા હોવી ઘટે, તેટલી માત્રાવાળી ભાવના પ્રભુકૃપાથી ટકી રહે એને માટેની સભાનતા જાગ્યા કરતી. એક બાજુથી મળેલાં કર્મ પરત્વેની જાગૃતિ અને કર્મની યોગ્યતા પ્રમાણે વર્તનમાં અને આચરણમાં તે પ્રગટી શકે તેવી જોગવાઈનું સંચાલન થવું, અને તેની સાથે સાથે જ જીવનવિકાસની સાધનાનું તેને યોગ્ય એવી ભાવનાનું સાતત્ય જીવતુંજાગતું જળવાઈ રહેવું, આ બંને પ્રકારની ભાવનાનો સુમેળ કેવી રીતે પ્રગટાવવો તેની આંતરિક મથામણમાં ત્યારે ત્યારે પ્રગટવાનું થતું. તે વેળા જીવનવિકાસની સાધના પરત્વેના ભાવમાં અખંડતા તો પ્રગટેલી રહેતી, પરંતુ તેની ઉત્કટતાની માત્રામાં મંદતા પડી જતી અને તેનું ભાન મને ઘણું ઘણું ડંખતું. મળેલાં કર્મનાં ક્ષેત્રની ભાવનાનો અને જીવનવિકાસની સાધનાની ભાવનાનો સંવાદભર્યો યોગ્ય સુમેળ કેમ કરીને થાય, તે પણ સાધનાનો એક ઉત્તરોત્તર ચડતા પ્રકારનો ક્રમ જ છે. પ્રભુકૃપાથી જે જીવ મળેલાં કર્મને સંપૂર્ણ પ્રમાણિકતાથી,

વફાદારીથી અને કર્મની ભાવના પ્રમાણેની નિષ્ઠાથી શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાને દિલમાં દિલથી ઝંખે છે, તેને તેની સાધના પરત્વેની ભાવના પણ મદદ કરે છે.

## લેખકની એકાંતપ્રિયતા

પરંતુ સાધના પરત્વેની ભાવનાની જરા સરખી પણ મંદતા કે ધીમી ગતિ આ જીવથી સાંખી લેવાતી નહિ. એટલે હું મારા સદ્ગુરુને વારંવાર પ્રાર્થના કરતો. પ્રાર્થના ક્યારે મદદ કરે છે, એ તો મેં તમને ઉપર લખ્યું છે. તેની સાથે સાથે જેને ઉદ્દેશીને આપણે પ્રાર્થના કરતાં હોઈએ, તેની સાથે આપણું દિલ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ભળેલું હોય, મળેલું હોય અને ગળવાની તત્પરતાવાળું હોય, તેવી વેળાએ આપણને સદ્ગુરુ આપણા દિલમાં દિલથી કરાયેલી પ્રાર્થનાનો જવાબ પણ વાળે છે. તે કેવી રીતે એ વાળે છે, તે પણ આજે તમને ખુલ્લા દિલથી અને પ્રેમથી લખું છું. તમે જાણો છો કે મને કુદરતનું સૌંદર્ય અને એકાંત કેટલું બધું ગમે છે! નડિયાદમાં પણ કામ કરતો હતો તે વેળાએ જ્યારે જ્યારે રજા પડે ત્યારે વિદ્યાર્થીઓને લઈને શેઢી નદી પર આવેલા દખ્ખણિયા ઓવારે ચાલ્યો જતો. ત્યાં મારો સમય એકાંત ઉપાસનામાં, પ્રાર્થનામાં અને સાધનામાં પ્રભુકૃપાથી ગાળવાનું બનતું. તે સમયના ગાળામાં રાત્રિની રાત્રિઓ પણ સાધનામાં જ ગાળવાનું થયા કરતું. બોદાલ આશ્રમમાં પણ તમે મને કોઈક કોઈક વાર રાયણના ઝાડ નીચે બેઠેલો જોયો છે.

## સૂપા નદીના કાંઠે પડાવ

પણ એ ૧૯૩૨ના લડતના ગાળામાં નવસારી આશ્રમમાં જ્યારે આવવાનું થયું, ત્યારે કોઈ એકાંત સ્થળે જવાનું બન્યું

ન હતું. તેથી બધા વિદ્યાર્થીઓની સંમતિ મેળવીને હાલ જ્યાં સૂપા ગુરુકુળ છે, ત્યાંથી થોડેક દૂર થોડુંક જંગલ છે, ત્યાં અમે જવાનું વિચાર્યું. બધો સરસામાન આશ્રમમાંથી સાથે લઈને, જમવાનું પણ સાથે રાખીને, રેંકડીમાં સામાન ભરી વિદ્યાર્થીઓ સાથેની અમારી કૂચ ત્યાં ઊપડી. ચાલતાં ચાલતાં વિદ્યાર્થીઓ સાથે પરસ્પર આનંદ કરતાં કરતાં અમે ધારેલે ઠેકાણે પહોંચ્યા, અને નદીની રેતીમાં પડાવ નાખ્યો. વિદ્યાર્થીઓ આગળ-પાછળથી લાકડાં પણ વીણી લાવ્યા. રાતે અમારો જ્યાં પડાવ હતો, ત્યાં આગળ અમે ધૂણી પણ ધિકાવી. નાના વિદ્યાર્થી ભાઈઓ લગભગ રાતના સાડા દસ સુધી છાવણીની આગળપાછળ પહેરો ભરતા. તે પછી મોટા વિદ્યાર્થીઓ.

## સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ દર્શન

હું તો ધૂણીની નજીક કોઈ વાર પ્રાર્થનામાં, તો કોઈ વાર ધ્યાનમાં, તો કોઈ વાર બીજા પ્રકારની સાધનાના સાધનમાં રહ્યા કરતો. ઉપર લખેલી આંતરિક પ્રાર્થનાનો ભાવ તો તે વેળા પણ દિલમાં દિલથી એકધારો પ્રગટેલો રહ્યા જ કરતો. મધ્યરાત્રિ વીત્યા પછી થોડીક જ વારમાં મને ધૂણીની પાસે સદ્‌ગુરુનાં દર્શન થયાં. એકદમ તો એક એવા પ્રકારનો અચંબો થયો અને દિલ ભક્તિભાવથી પ્રેરાઈને આપોઆપ સહજપણે તેમને નમ્યું. આ વખતે નામસ્મરણ તો એકધારું અખંડ સતત ચાલ્યા જ કરતું. ભાવનાની અખંડતા પ્રગટેલી, પરંતુ તેમાં અવારનવાર ઘણી વાર ધીમી ગતિ થઈ જતી, અને તે ઘણું ઘણું સાલતું. આવી સાધનાની સ્થિતિમાં પણ મન અને બુદ્ધિ ગળી ગયાં ન હતાં, તેનું પ્રત્યક્ષ ભાન પ્રભુકૃપાથી ત્યારે પ્રગટ્યું.

કરાંચી, હરિઃૐ તા. ૨૬-૨-૧૯૪૦

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

ઊંડું ર્હેતું થતું ઉરે સ્મરણ ને નિત્યે પ્રભુભાવથી,
સેવાકાર્ય બન્યા કરે મુજ થકી હંમેશ કૈં પ્રેમથી,
ભાવોથી છલકાતું ર્હે ઉર ભર્યું મારું સદા, હે પ્રભુ !
શ્રદ્ધાભક્તિ રહે વળી તુજ પરે, એવી કૃપા દે પ્રભુ !

* * *

લોભીને ધન વ્હાલું છે જ્યમ, વળી છે કામીને કામના,
તેવું હું તવ નામ વ્હાલું કરવા હૈયે ધરું ભાવના,
ર્હેવાયે પળ એક ના તુજ વિના, તું અગ્નિ એવો પ્રભુ !
હૈયામાં પ્રગટાવજે વિરહનો, છોને ભલે ના જીવું.

* * *

છોને પ્રાણ જતા રહે પ્રભુ, અને છો મૃત્યુ આવે કદી,
ને છોને દુઃખ-ડુંગરો, ન પરવા, માથે પડે તેતણી,
કેમેયે વીસરાય ના પણ જરીયે નામ તારું પ્રભુ !
તારી પાસ જ એટલું ગરીબ હું માગી રહ્યો છું, પ્રભુ !

* * *

ભાંગે ના ભય શેં પ્રભુ ! મુજ બધો ? સંદિગ્ધ શેં રાખતો ?
દે વાકેફ બનાવી તું, તુજ મને દે મંત્રવિદ્યા પ્રભો !
જોને ! હું કરીને ક્રિયા મુજ બધી તૈયાર ઊભો, પ્રભુ !
ખામી તોય કંઈ રહી ગઈ હશે, તેથી પ્રભુ ! દે ન શું ?

* * *

લંબાવે કર જે પ્રભુ ! તુજ ભણી, તેનો ગ્રહે હાથ તું,
પ્હોંચાડી, વળી છેક ઘેર સુખ દે નિશ્ચિંતતાનું પૂરું,
લાંબો હાથ કરી રહ્યો તુજ ભણી હું ક્યારનોયે પ્રભુ !
તો શાને, વીનવું, કૃપા કરી હવે ના લે ગ્રહી હાથ તું ?

* * *

હું કામી, ખલ, મૂર્ખ છું, કર કૃપા મારી પરે તું પ્રભુ !
તારે દ્વાર પડ્યો, ઉઠાડ મુજને, મારો ગ્રહી હાથ તું,
છોરું બાપ, તને ઘણું કરગરું પાયે પડી રાંક હું,
જોને કૈં કરતાંય મારી પ્રતિ તું, એ પ્રાર્થના હું કરું.

* * *

ગઈ કાલવાળો પ્રસંગ આગળ ચલાવું. પ્રભુકૃપાના એ અનુભવને મન પણ માને નહિ અને બુદ્ધિ પણ ના માને. તે તો કહે કે ‘એ તો પંચત્વ પામ્યા, હવે ક્યાંથી હોય વળી ? એ તો તારો તેમના પરત્વેનો પ્રેમભક્તિભર્યો અંતરનો જે ભાવ છે, તે ભાવ આ રીતે સાકાર થયો છે.’ આવી રીતે મન અને બુદ્ધિએ સમાધાન મેળવ્યું. પરંતુ તુરંત જ તે પળે શ્રીસદ્‌ગુરુ બોલ્યા કે ‘હે મૂર્ખ ! હું ખરેખર રીતે, પ્રત્યક્ષપણે, વાસ્તવિક રીતે અહીં સ્થૂળ રીતે, પણ હાજર થયો છું, અને તે તને ચેતાવવા માટે. તારું જે મહત્ત્વનું કર્મ છે, અને જે કર્મને તું જીવનવિકાસની સાધના માને છે, તે સાધનાના ભાવને પાકટ કરવાને માટે તને પ્રભુકૃપાથી આ પરિસ્થિતિ મળેલી છે. જે જીવ પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક પ્રભુનો દિલમાં દિલથી ભક્ત બની જાય છે, તેનું યોગક્ષેમ શ્રીભગવાન કૃપા કરીને પોતાના હાથમાં લઈ લેતો હોય છે. અને તે યોગક્ષેમ પણ કંઈ એક પ્રકારનું હોતું નથી.

યોગક્ષેમના પણ ઘણા ઘણા અર્થ થઈ શકે. જીવનનું એકેએક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે, અને જીવનના પ્રત્યેક પાસામાં જેને શ્રીપ્રભુકૃપાથી સાધનાનો જીવંત ભાવ એકધારો જીવતોજાગતો સાબદો ટક્યા કરે છે, તેને શ્રીભગવાન કૃપા કરીને પોતાનો બનાવી લઈને તેનું સકળ પ્રકારનું તંત્ર તે ચલાવતો હોય છે. માટે, તું નિશ્ચિંત બની જા, અને તારું બધું જ ભગવાન કૃપા કરીને ચલાવવાનો છે, તેની તું પૂરેપૂરી ખાતરી રાખજે.' તે વેળાએ તેઓશ્રીએ મને જે ગાળો ભાંડેલી તે તો તમને કાગળમાં લખતો નથી, કારણ કે તમને જુગુપ્સા થાય. વળી પાછું તેમણે કહ્યું કે 'હજી પણ તારાં મનબુદ્ધિ મારા અદૃશ્ય થઈ ગયા પછીથી કંઈક સંશય પેદા કરે, તો તે માટે હું તને કહું છું કે અહીં એક ખરેખરો મૃતદેહ પડેલો છે, તેમ જ અહીં હું ખરેખર પ્રત્યક્ષ થયેલો છું.'

### વાસ્તવિકતાનો સ્વીકાર

આવું પતિતપાવન દર્શન થયાં કરતું હતું. તે વેળા મેં મારી જાતને બધી રીતે ચકાસી અને જોઈ લીધું કે હું સંપૂર્ણ જાગ્રત છું, સભાન છું અને મને જે દર્શન થાય છે તે તદ્દન વાસ્તવિક છે. સંપૂર્ણપણે અનેક રીતે પ્રભુકૃપાથી તેની વાસ્તવિકતાનું યોગ્ય જ્ઞાનભાન જાગે એવા પ્રકારના ભક્તિભાવથી અને દિલને, મનને અને બુદ્ધિને તે દર્શનનું સચોટપણું, વાસ્તવિકપણું અને તેની યથાર્થતા સંપૂર્ણપણે લાગી જાય, તેવા ભાવથી તે આખા પ્રસંગને આવકારવાનું અને સ્વીકારવાનું બની શક્યું હતું.

### નિશ્ચિંતતાની પ્રાપ્તિ

પ્રભુકૃપાથી આ દર્શન થતાં જ દિલમાં એક એવા પ્રકારનો ઉત્કટ ભાવ જાગ્યો કે ગૂજરાત હરિજન સેવક સંઘના મંત્રીપદનું

કામ હાથમાં આવ્યું, અને એટલી બધી સંસ્થાઓનું કેમ કરીને આર્થિકપણે યોગ્ય રીતે સંચાલન થઈ શકશે અને ચલાવી શકાશે એવા પ્રકારની દિલમાં જે ગડમથલ જાગેલી, તે હવે સંપૂર્ણપણે અદૃશ્ય થઈ ગઈ. અને એક પ્રકારની જ્ઞાનભક્તિપૂર્વકની નિશ્ચિંતતા પ્રગટી.

આ બનાવ તો એક થોડીક મિનિટોમાં જ પતી ગયો હશે, પરંતુ આ જીવ પર એની જે અસર પડી છે, તે તો કેટલાય જન્મોના પુરુષાર્થ વડે કરીને જે પરિણામ ના મેળવી શકાત તે પરિણામ તેમના આવા પ્રકારનાં પતિતપાવન દર્શનથી પ્રગટ્યું. પણ તે વેળા તો મનબુદ્ધિ બરાબર માને નહિ. અને આ પ્રસંગને પ્રેમભક્તિપૂર્વક કબૂલે પણ નહિ. તે તો કહે કે ‘આવું બની જ ના શકે. શક્ય જ નથી.’ હું મનબુદ્ધિને ટકોરું કે ‘ભલા ! મેં મારી સગી આંખોએ જોયું છે. કાનથી જાતોજાત તેઓશ્રીના શબ્દો સાંભળ્યા છે. તેમણે જે જે કહ્યું, તેનો રણકાર દિલમાં પ્રગટેલો છે. વળી, તેમણે પોતે જ કહ્યું છે કે ‘જેમ અહીં મૃતદેહ પડ્યો છે, તેમ હું સ્થૂળ રીતે તારી પાસે હાજર થયેલો છું, તો મનબુદ્ધિ કહે, ‘અહીં મૃતદેહ ક્યાં પડ્યો છે ?’ એટલે મેં મનબુદ્ધિને વળી કહ્યું કે ‘તેઓશ્રી એકલું માત્ર બોલેલા જ નથી, પરંતુ તેમના જમણા પગના અંગૂઠાથી કૂંડાળું કરીને બોલ્યા છે. આ રેતીમાં કેટલા બધા કલાકોથી વિદ્યાર્થીઓ આમતેમ રમ્યા જ કરે છે ! એટલે તાજું થયેલું કૂંડાળું હોય તો જ તે સ્પષ્ટપણે જણાઈ આવે. બાકી તો તે ભુસાઈ જાય.’ (તેઓએ એવે ઠેકાણે કૂંડાળું કરેલું હતું કે જ્યાં સતત વિદ્યાર્થી ભાઈઓ જુદા જુદા પ્રકારની રમતો કર્યા જ કરતા હતા.)

આવી અંદર બધી ગડમથલ મનબુદ્ધિમાં ચાલ્યા કરતી હતી, તે વેળાએ પહેરો ભરતા બે મોટા વિદ્યાર્થીઓને મેં બોલાવ્યા, અને તેમને સંબોધીને મેં પૂછ્યું કે 'ભાઈ ! જુઓને ! તમને આ ધૂણીની આગળ મોટું કૂંડાળું દોરેલું દેખાય છે ?' એટલે તેમણે બૅટરીથી પ્રકાશ ફેંકીને જોયું તો દોરેલું કૂંડાળું એકદમ તરત જ તાજું પડેલું હોય એવું જણાયું, પણ વળી મનબુદ્ધિ કહે કે 'પણ અહીં મડદું ક્યાં છે ?' તે ઉપરથી મોટા વિદ્યાર્થીઓને એકઠા કરી કૂંડાળા જેટલી જગામાં વીરડો ખોદવાનું કહ્યું, કારણ કે જોકે મને પ્રભુકૃપાથી દિલમાં તો પ્રતીતિ હતી જ કે મૃતદેહ તો હોવો જ જોઈએ, પણ મનબુદ્ધિને પ્રભુકૃપાથી સાબિતી મળે તો મનબુદ્ધિને પણ પ્રેમભક્તિપૂર્વકનું સમાધાન થઈ શકે. દિલની ભાવનામાં અંતરનાં બધાં કરણોનો પ્રેમભર્યો સહકાર, સાથ મળવો ઘણો ઘણો જરૂરનો છે. તેનું પ્રભુકૃપાથી મને તે વેળા પણ ભાન પ્રગટેલું હતું. વિદ્યાર્થીઓ તો ખોદતા ગયા. લગભગ બે હાથ ખોદ્યું અને પાણી આવવાનું થયું, તોપણ મૃતદેહ તો જણાયો નહિ. મનબુદ્ધિ તો જીવતાં-જાગતાં બેઠેલાં જ હતાં અને કહે છે કે 'જોયુંને, અહીં શબ ક્યાં છે ?' તેમ છતાં દિલમાં મને તો પ્રતીતિ હતી, એટલે વધારે ઊંડું ખોદાવવાને માટે મેં વિદ્યાર્થી ભાઈઓને જણાવ્યું. વીરડામાં અર્ધા ફૂટ જેટલું પાણી થયું તોપણ કશું નીકળ્યું નહિ. વળી પાછું આગળ ખોદવાને જણાવ્યું. લગભગ એકાદ ફૂટ પાણીની નીચે એક મરેલા હોલાનું શબ અંતે નીકળ્યું, અને તે શબ પણ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું ! આવા પ્રત્યક્ષ પુરાવાથી મનબુદ્ધિને પણ સમાધાન થયું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૭-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

પ્રીતિપંથે અરર ! વળતાં કાંઈયે ન સધાશે,
રોવું, સ્‌હેવું સતત મળશે કર્મમાં બક્ષિસે તે,
જેણે જેણે દિલ કર્યું જવા સૌ ફસાઈ ગયાં તે
મૂકી માથે કર નિજ સહુ કાઢતાં દી રડીને.

* * *

પ્રીતિપંથે કદી ન વળશો માનવી વિશ્વનાં હે !
સ્‌હેતાં ભારે દુઃખ પ્રણયનાં ખૂટશે હામ હૈયે,
લોકો સર્વે બહુ કનડશે, વિશ્વ સામું થશે ને
ર્‌હેશે બાકી નહિ શિર પરે આભનું તૂટવુંયે.

* * *

પ્રીતિપંથે પણ ભૂલચૂકે ના કદી કોઈ જાશો !
ફાવ્યું કો ત્યાં જરી પણ નથી, નક્કી ખત્તા જ ખાશો,
રોઈ રોઈ દિન વીતવવા કારમા લાગશે તે,
ને હૈયાનું દુઃખ છૂપું કહીં ના કહીયે શકાશે.

* * *

બોલાવ્યો છે બજવી બજવી બંસી તારી મને તેં,
જાતાં પાસે પણ જરી હવે દૃષ્ટિ ના તું કરે છે,
આકર્ષ્યો'તો મન, હૃદય ને ચિત્તને નાદથી જે,
તેયે હાવાં મુજ નસીબમાં હાય ! ના કૈં સુણાયે.

* * *

થાતાં વૃષ્ટિ ધીકતી ધરતી શાંત કેવી થતી ! ને
કેવો છૂપો ઉર ઉમળકો વ્યક્ત થાતો દીસે છે !

જ્યાં ત્યાં એને તન પર બધે રોમવલ્લી સ્ફુરે છે,
ક્યારે એવી મુજ પર કૃપા વર્ષશે તાહરી તે ?

* * *

રે ! રે ! જો જો ! ભૂલી પણ રખે પ્રીતિપંથે જતા કો,
એ પંથે તો અવધિ વિણનાં છે ભરેલાં જ દુઃખો,
શ્વાસે શ્વાસે જરૂર બહુ ત્યાં ગૂંગળાવું પડે છે,
ખાંડાધારે વળી ભૂલ વિના ચાલવું ત્યાં પડે છે.

* * *

ગયા કાગળમાં લખેલા સૂપા ગુરુકુળ પાસેના પ્રસંગ પછી અમે નવસારી આશ્રમમાં પાછા ફર્યા. પછી એક દિવસે સાંજે પ્રાર્થના પછી આશ્રમના ચોગાનની બહાર 'છાપરા' જવાની સડક છે, ત્યાં હું ફરતો હતો. તમે જાણો છો કે ત્યારે પણ શરીરે આ જીવ એક નાનકડી ચડ્ડી પહેરીને ફર્યા કરતો. એટલામાં તો ત્યાંથી એક મોટર પસાર થઈ. મોટર આપોઆપ ઊભી રહી અને તેમાંથી એક સદ્‌ગૃહસ્થ નીચે ઊતર્યા. ઊતર્યા કે તરત મેં તેઓને ઓળખી લીધા, અને તેમને હું પ્રેમભક્તિભાવે પગે પણ લાગ્યો. તેઓ બોલ્યા કે 'અલ્યા ! ચૂનિયા ! તું અહીં ક્યાંથી ?' મેં તેમને મારી બધી હકીકત કહી, અને અહીં સુરતની પોલીસ કેવો રંજાડ કરે છે, તે હકીકત પણ કહી. તે સદ્‌ગૃહસ્થ હતા, સદ્‌ગત સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ. તેઓ તે વેળા નવસારી પ્રાંતના સૂબા હતા, તેમની મદદ વડે કરીને મને બધી રીતે નિશ્ચિંતતા પ્રગટી હતી. આમ, આશ્રમને સુરતની પોલીસથી થતી હેરાનગતિ અટકી ગઈ.

### આર્તનાદની પ્રાર્થના જ સંભળાય

આમ, જ્યારે આપણે જીવનની સાધનાના ભાવમાં, દિલમાં દિલથી એકતાર રહ્યા કરવાને ઉત્કટ ભાવથી મથ્યા

કરતા હોઈએ, ત્યારે તેવા ભાવની ઉત્કટતામાં જો ગતિમંદતા પ્રગટે, તે જો આપણને ખરેખરી રીતે એટલી બધી વેદના પ્રગટાવે અને તે ગતિમંદતા ટાળવાને માટે જે પ્રકારની જહેમત થવી ઘટતી હોય, તે આપણે ખરેખરા ભાવથી જો કર્યા કરતા હોઈએ અને તેવી વેળા પ્રાર્થના કરીએ, તો તેવા કાળે થયેલી પ્રાર્થનામાં અંતરમાં અંતરથી અંતરનો જે ભાવ પ્રગટે છે, તે ભાવ કોઈ અનેરો છે. ભાવ ભાવનો પ્રત્યુત્તર વાળે છે. એવા અંતરના ભાવથી થયેલી પ્રાર્થના પોતાનું પરિણામ નિપજાવી શકે છે. બાકી તો કેવળ ઊર્મિપ્રધાન સાહિત્યિક પ્રાર્થનાથી જીવનવિકાસનું કામ સાધી શકાવાનું નથી, તે નિશ્ચે જાણશો.

**સંસ્કાર**

બીજું, આપણે એક સમજવા જેવું એ છે, કે સંસ્કાર ક્યારે અને કેવી રીતે પ્રેરણાત્મક અને મદદગાર બની શકે. જીવનવિકાસની સાધના પરત્વેના સંસ્કારને ઊગવાને માટે જે જીવની ભૂમિકા હજી દ્વંદ્વાત્મક છે, એટલે કે જે જીવ જીવદશામાં હજી આથડ્યા કરે છે, એવા જીવના દિલમાં કોઈ દિવ્યાત્મક અનુભવ પ્રભુકૃપાથી પ્રગટે, તો તે અનુભવના સંસ્કારનો સ્વીકાર તે અનુભવને યોગ્ય વાસ્તવિકતાના પ્રત્યુત્તરમાં તે જીવના ચિત્તમાં કદી પણ થઈ શકવાનો નથી. જે જીવનું દિલ જીવનવિકાસની સાધનાના ભાવ પરત્વે પ્રેમભક્તિજ્ઞાનયુક્ત દશાનું થયેલું હોય છે, તેવી ભૂમિકામાં તેવા દિવ્યાત્મક પ્રભુકૃપાથી થયેલા અનુભવના સંસ્કાર જે પરિણામ પામે, તેવું પરિણામ જીવદશામાં હજી રગદોળાતા જીવના જીવનમાં કદી પણ પ્રગટી શકવાનું નથી, એટલે આવા

પ્રકારના અનુભવના સંસ્કારનો યોગ્ય રીતે સ્વીકાર થવા કાજે તથા તેનો સત્કાર કરવાને કાજે આપણી ભૂમિકા પ્રેમભક્તિવાળી હોય તે ઘણું જરૂરનું ગણાય.

## કેવળ બુદ્ધિ ઉપર અયોગ્ય મદાર

આપણાં પોતાનાં અંતરનાં કરણોની ભૂમિકા જીવન-વિકાસની સાધનાના ભાવે યોગ્ય રીતે જેટલી તેના સભાનતાના પ્રમાણમાં કેળવાયેલી હોય, તેવા ભાવ-ના તેટલા પ્રમાણમાં આપણે જે તે કંઈ બન્યા કરશે તેને વિચારી શકીશું અને તુલના કરી શકીશું, જોકે તુલના કરવાને પણ એક પ્રકારની તટસ્થતા જીવનમાં કેળવાયેલી હોય છે, ત્યારે જ તુલના થઈ શકે છે. બુદ્ધિની સમજણથી કરેલી તુલના, આકડાનું રૂ વા વાયાથી ઊડી જાય તેમ, ઊડી જતી હોય છે. એટલે બુદ્ધિની સમજણો, માન્યતાઓ વગેરે ઉપરનો આપણો જે ઝોક છે, એ ઝોકને પણ આપણે પૂરેપૂરો ટાળવાનો છે. એવા પ્રકારની સમજણો અને માન્યતાને આપણે જોરશોરથી કરીને વજૂદ ના આપીએ, તે આપણે માટે ઘણું જરૂરનું છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૭-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

વિશ્વાસે જે તુજ શરણમાં શીશ પાયે ધરે છે,
પ્હોંચાડે છે નિજ પ્રભુ નકી પ્રેમથી ધામ તેને
ને તેને તું સતત સુખ દે એકધારું સદાયે,
તો પૂછું હું, ‘મુજ ગરીબનો વાંક એવો કયો છે ?’

* * *

ગોથાં ખાધાં યુગ યુગ થકી કૈંક મેં આ જગે ને
ના છુટાયું મથી મથી મર્યે પાર ના આવતો કૈં,
લે છે હાથે, વળી પ્રભુ ! મૂકી દે પછી શેં મને તું ?
એવું એવું કરી ગરીબનું પારખું તું જુએ શું ?

* * *

જાણું હું, છે તુજમહીં દયા ઓછી જલ્લાદથીયે,
તોયે મેં તો તુજ ચરણમાં શીશ મારું મૂક્યું છે,
તારે હાથે મરવું પણ છે બાપ, મંજૂર મારે,
તો મારો તું કંઈ કરી, પ્રભુ ! અંત લાવી હવે દે.

* * *

આકર્ષાશો જરીય પણ ના પ્રેમના ચશ્મથી કો !
ત્યાંનું ર્‌હેશે દૂર કહીં અને આંહીનું સર્વ ખોશો,
લોકો કૈંયે નહિ સમજશે અર્થગાંભીર્યને તે,
ર્‌હેશે કર્મે નિત રવડવું, રોવું, તે એકલાને,

* * *

જો જો ! જાતા ભૂલથીય કદી પ્રેમપંથે રખે તે!
સોદા એ તો નકી સમજજો શીશ સાટાતણા છે,
ને તેથીયે બસ નવ થશે, દાસ થવાનું ત્યાં છે,
સ્વપ્નેયે કૈં સુખ ન કરમે ને ગુલામી જ ર્‌હેશે.

* * *

અંજાઈને ફસી ન પડશો પ્રેમના પાશમાં કો !
છુટાશે ના, બળવું પડશે જીવતાં ઝાળમાં તો,
સ્વપ્નાં સેવ્યાં મનમહીં હશે, ક્યાંય અદૃશ્ય થાશે,
ને જ્યાં ને ત્યાં દુઃખ, દુઃખ અને દુઃખ કર્મે જ ર્‌હેશે.

## વિવેકની જરૂર

બાપા ! બને એટલા અંતર્મુખ રહ્યા કરો. જે કંઈ આવે તેને યજ્ઞનારાયણમાં પ્રેમભક્તિથી તેના હેતુના જ્ઞાનભાન સાથે હોમ્યા કરવાનું રાખો. લાગણીના ઊભરા આવે કે થાય, તેનો પણ સાધન તરીકે ઉપયોગ કરવાનો છે, નહિ કે એમાં જ ભળી જવાનું છે અને એની સાથે એકરૂપ થઈ જવાનું છે. જે કંઈ આવે કે મળે એનાં ભલે ચૂંથણાં ના ચૂંથીએ, પરંતુ એને વિવેકની સરાણે ચડાવી લેવાને તેનું જ્ઞાનભાન રાખીને મથ્યા કરીએ અને પછી તે યોગ્ય જણાતાં તેનો સ્વીકાર કરીએ. શ્રીપ્રભુપ્રીત્યર્થે તે આચરીએ અને પાછું તે શ્રીપ્રભુને ચરણકમળે સમર્પણ કર્યા કરીએ, તેવા પ્રકારનો જ્ઞાનભાન સાથેનો સમર્પણયજ્ઞ ચલાવ્યા કરીએ, તો જ આપણા પોતાના જીવનમાં અનાસક્તિ, નિર્મમત્વ, નિર્લોભ, નિષ્કામ, નિરહંકાર વગેરે વગેરે ફલિત થતાં જતાં શ્રીપ્રભુકૃપાથી આપણે જરૂર અનુભવી શકીશું.

## સાચો આનંદ

તમે લખો છો કે 'હવે તો જૂના moods-(લાગણીના તરંગો) બિલકુલ નથી, છાયા પણ નથી, ઉદાસીનતા પણ નથી. હાલમાં આનંદની ઊર્મિ છે.' પણ હાલમાં જે આનંદની ઊર્મિ છે, તે પણ સાચા આનંદની ઊર્મિ નથી. ત્યારે તમને થશે કે આનાથી વળી બીજો કયો આનંદ સાચો હોઈ શકે ? તે પણ સમજાશે. હાલમાં તો એટલું જ લખું કે 'જે આનંદ અખંડ ચિરસ્થાયી છે, જેમાં કોઈ જાતનો ફેરફાર પ્રવેશી શકતો નથી, જે શરીર અને મન વગેરેથી પર છે, જે કોઈના પર નિર્ભર નથી, જેનો કોઈની સાથે સંબંધ નથી, અને છે તો બધાં જ સાથે છે, અને જે દ્વંદ્વાતીત છે અને ગુણાતીત છે, તે સાચો આનંદ છે.'

## ભૂખ જાગવી ઘટે

એટલે હાલમાં તો જે મળે તે પ્રેમથી સ્વીકારી લેતાં આવડે અને જીવનની સાધનામાં તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ કરી જાણીએ તો બસ છે. આ જો ખરેખરું જીવનવિકાસની ભાવનાની સભાનતામાં થયા જતું હશે, તો આગળનું આગળ આપોઆપ સમજાતું જશે. અત્યારે તે તે પછીની ભૂમિકાનાં સાધનને સમજાવવાનો પણ કશો અર્થ નથી. સમજાવેલું ટકતું પણ નથી. માનવીને કકડીને ભૂખ લાગે છે, ત્યારે આપોઆપ તે ખાવાનું ખોળે છે અને ત્યારે એ જે ખાય છે, તે બરાબર પચી જાય છે. એવું પચેલું તેની શક્તિમાં વૃદ્ધિ પણ કરે છે. આ માર્ગે પણ જેમ જેમ અંતરમાં અંતરથી અંતરની ભૂખ ઊઘડશે, તેમ તેમ વધારે ને વધારે ખાવાની સ્વાભાવિક સહજ અભિરુચિ પ્રગટશે અને ખાવાનું પચશે પણ ખરું, પરંતુ તે પહેલાં નહિ*.

## જાતને ઓળખો

મને તો તમારા આટલાથી મુદ્દલે સંતોષ થતો નથી અને નહિ થાય, તે તો તમે પણ જાણો છો. તમારે પોતાએ તમારું પોતાનું તટસ્થતાપૂર્વક નિરીક્ષણ અને પૃથક્કરણ સાફ સાફ કરતાં રહેવું જોઈશે. આપણે પોતે આપણું પોતાનું વિચારી શકવાને જરૂર શક્તિમાન છીએ. આપણને પ્રગટતાં વિચારો, વૃત્તિઓ, જુદી જુદી વ્યક્તિના સંબંધોને કારણે થતા આઘાત-

*સંપાદકથી પહેલાં નાદુરસ્ત તબિયતના કારણે ખોરાક વગેરે લઈ શકાતો નહિ, પરંતુ આ માર્ગમાં પ્રવેશતાં ખોરાક પણ વધુ લેવાતો થયો એટલે કે તબિયત સુધરી છે અને કાર્ય કરવાની શક્તિ પણ વધતી ગઈ છે. (આવૃત્તિ પહેલી)

પ્રત્યાઘાતો આ બધાં જેમ જે રીતે તે પ્રગટે, તેમ નીરખતાં આપણે આપણી પોતાની જીવદશા કેવા પ્રકારની છે, તે સમજી શકીએ એમ છીએ. અમારી સમજણે તો કોઈ અગાડી કે પછાડી નથી. પ્રભુકૃપાથી સાથમાં જ છીએ.

## ધ્યાનની કાર્યસાધકતા

મંગળવાર પછી બધા વખતનો ધ્યાનનો સમય લખીશ ખરો, પરંતુ સાચી વાત તો એ છે કે સર્વ કંઈ કરવા છતાં તેની લહેર તો અંતરમાં અંતરથી જીવતીજાગતી રહ્યા કરે, અંતરને અજવાળ્યા કરે, એવી જાતની એકાગ્રતા અને હૃદયમાં હૃદયથી તે પરત્વેની કેંદ્રિતતા આપણામાં પ્રગટેલી હોવી જોઈશે, તે આપણે ખાસ ખ્યાલમાં રાખવાનું છે. ધારો કે ધ્યાનમાં ખૂબ એકાગ્રતા પ્રગટી, પણ તેમાંથી જો ઊઠ્યા પછી આપણે તેને ભૂલી જઈએ અને આપણો ચાલતો પ્રવાહ અટકી જાય, બીજાં બહારનાં કામોમાં મશગૂલ થઈ જવાય અને આપણાં મહત્ત્વનાં કર્મનું ભાન જો આપણાથી ભૂલી જવાય, તો ધ્યાનમાં પ્રગટેલી એકાગ્રતા અને કેંદ્રિતતા યોગ્ય કામ આપતી નથી એમ સમજવાનું છે, અને તેટલે અંશે તે ઓછી ઉપયોગની છે. હજી તેમની કાર્યસાધકતા અને કુશળતા યોગ્ય પ્રકારની નીવડેલી નથી તેમ સમજવાનું છે. રોજબરોજના કર્મવહેવારમાં, સંબંધમાં, સંપર્કમાં વગેરે વગેરેમાં આપણાં મનબુદ્ધિ કેવી કેવી ભૂમિકામાં વિચરે છે અને રહ્યા કરે છે અથવા તો તેની ચડઊતર વચ્ચે કેટલું અંતર રહે છે, તેના પરથી પણ ધ્યાનમાંની પ્રગટેલી એકાગ્રતા અને કેંદ્રિતતા કેવા પ્રકારની છે, તે આપણને સમજાઈ જશે.

ધ્યાનનો હેતુ નીરવતા કેળવવાનો છે. નીરવતા કંઈ એમ ને એમ પ્રગટતી નથી. તટસ્થતા, સમતા, તેની સાથે સાથે અનાસક્તિ, નિરાગ્રહ વગેરે જે બધું ઉપર લખી ચૂક્યો છું, તે તે બધું જીવનમાં પ્રત્યક્ષપણે પ્રગટ્યા કરે ત્યારે ધ્યાનનો ઉઠાવ આપણને રોજબરોજનાં કામમાં પણ ખપમાં લાગી શકે છે.

## ધ્યાનનો હેતુ

ધ્યાનમાં બેસવાનો એક હેતુ જેમ નીરવતા પ્રગટાવવાનો છે, તેમ તેનો બીજો હેતુ નીરવતાની સ્થિતિ આપણો કર્મવહેવાર થતાં થતાં પણ જોખમાય નહિ અને કર્મ આપમેળે સહજપણે થયા કરે, તેવી શક્તિ જાગ્રત કરવાનો છે. ધ્યાનથી કરીને જીવનકક્ષા ઊંચી થાય અને આપણને એનું જ્ઞાનભાન રહે અને એવા જ્ઞાનભાનની લહરી સતત એકધારી સર્વ કાંઈ કરતાં કરતાં જીવતીજાગતી રહ્યા કરે તેને માટે પણ ધ્યાનનું સાધન ઉત્તમ છે. આજકાલ તો જે તે બધાં ધ્યાન કરવાને બેસી જતાં જોયેલાં છે. જેમ વેપાર કરવાને મૂડીની આવશ્યકતા ઘણી ઘણી છે, તેમ ધ્યાનને માટે પણ તેની શરૂઆત કરતાં પહેલાં આપણાં મનાદિકરણમાં એકાગ્રતા કેળવાયેલી હોય તે ઘણું જરૂરનું છે. એકાગ્રતા કેળવાયા વિના ધ્યાન થવાની શક્યતા નથી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૮-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થનાઓ

(મંદાક્રાંતા)

સ્હેવું એ તો અઘરું ઘણું છે પ્રેમનું દર્દ ઊંડું,
સ્વપ્નેયે ના સુખ, કદી ભૂલે માગશો કોઈ એવું,
પસ્તાશે જે તહીં નહિ જશે, જે જશે તેય રોશે,
ન્યારી એવી અકળ ગતિ છે પ્રેમના પંથની તે !

પ્રીતિપંથે પળવું, પડવું અગ્નિમાં જેમ તેવું,
ક્યાંયે એનું મરી પણ ગયે ના ઠરે બાપ, હૈયું,
કો દી એને જરીય પણ ના ક્યાંય આરામ ર્‌હેશે
જાણ્યું તોયે, પડતું મૂરખે હર્ષથી નાખ્યું છે મેં.

(શાર્દૂલવિક્રીડિત)

તારું મંદિર સ્વચ્છ સાફ કરવા ભારે મથું છું, પ્રભુ !
ક્યાંયે ર્‌હે કચરો જરી નહિ સદા એવા હું યત્નો કરું,
તોયે કૈં મનને પસંદ પડતું ના કામ એવું થતું,
ર્‌હેવા યોગ્ય પૂરું તને ક્યમ કરી એને બનાવું ? પ્રભુ !

* * *

તું છે તાત, કૃપાનિધિ ત્યમ છતાં શાને કૃપા ના કરે ?
ટીપું એક જ આપતાં કંઈ કશું તારું ખૂટી ના જશે,
કૈં કૈંને કરિયા નિહાલ શરણે જે સર્વ આવ્યા, પ્રભો !
છે શું વંચિત રાખવો ગરીબ હું આ એકલો ઈષ્ટ તો ?

* * *

તું મારું મન મંત્રમુગ્ધ કરજે, તાબે રહે જેથી તે,
ક્યાંયે ના ચસકી શકે પણ જરી ને ઠામ મેળે રહે,
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ ! એક હું,
એ દે, તો મુજ રંક ભાગ્ય ફળશે, દેખું રૂડો દી પ્રભુ !

* * *

તારું મંગળ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના,
છોને પ્રાણ જતા, છતાં પણ કદી હું ટેક મૂકીશ ના,
જારી યત્ન રખાવવો હૃદયથી છે હાથ તારે પ્રભુ !
મારો યજ્ઞ કરાવતો ન તપનો તું ભંગ કો દી પ્રભુ !

## આદર્શને વિસ્તારની પાંખો

આંતરિક શક્તિ મેળવીએ અને પછીથી શ્રીભગવાનના યંત્ર બની જઈએ અને પછીથી તેની આ ગૂઢ રહસ્યમય રચનામાં, લીલામાં આપણે તેના હેતુના હથિયાર બની જઈએ, અને જે હેતુનો ભાગ ભજવવાને માટે શ્રીભગવાનની કૃપાથી આપણે સર્જાયેલાં હોઈએ તે હેતુને પ્રેમભક્તિથી સાધ્યા કરીએ, પરિપૂર્ણ કર્યા કરીએ, એવો જીવનનો હેતુ પણ દિલમાં દિલથી ખ્યાલમાં રાખ્યા કરવાનો છે. જીવનના આદર્શને સદાય વિસ્તારની પાંખો છે. આદર્શને જેમ જેમ આપણે ભાવનાથી પામવાનો પ્રયત્ન કરીએ, તેમ તેમ આદર્શનું તાદૃશ્યપણું થતું જતું અનુભવાય છે. આદર્શને સંપૂર્ણપણે એકસામટો એક સમયે પૂરેપૂરો અનુભવી શકાય એવું બનવાની શક્યતા ઘણી ઓછી છે. પ્રભુકૃપાથી આદર્શની ઝાંખી થાય અને એવા પ્રકારનાં દર્શનથી જીવનમાં તે પરત્વેનું આકર્ષણ એકાગ્રતાની ઉત્કટતાથી પ્રગટે અને તેના પરત્વેનું ઘણું આકર્ષણ દિલથી પ્રગટે તે હકીકત સાચી છે, અને આદર્શ આટલો અને આવો જ છે, એમ શરૂ શરૂમાં ભલે આપણે સ્વીકારીએ, પરંતુ સાચી રીતે તો તેનો પણ અંત નથી હોઈ શકતો.

## પ્રેમભાવની માગણીનું કારણ

તમે જ્યારે ધ્યાનમાં બેસશો, ત્યારે આપણે પ્રેમભાવે સાથે જ છીએ. ખૂબ પ્રેમભાવ રાખશો. આ પ્રેમભાવ માગું છું તે મારે કારણે નહિ. હું તો ભગવાનની કૃપાથી એનું ભજન કરતાં કરતાં અને જીવનવિકાસની સાધના કરતાં કરતાં, પ્રભુની કૃપાથી પ્રેમનું એકાદું કિરણ નાનકડા સળેકડા જેટલું પામ્યો છું ખરો, એટલે તમારી કનેથી તમારા દિલનો જે પ્રેમભાવ હું

માગું છું, તેનું કારણ તો એ જ છે, કે આપણા દિલમાં જે પ્રકારની અને જે પરત્વે ખરેખરી દિલમાં દિલથી દિલની ભાવના પ્રગટેલી હોય, તેના વચનની યથાર્થતા આપણે યોગ્ય રીતે સ્વીકારી શકવાનાં છીએ અને એટલા જ માટે હું તમારો પ્રેમભાવ માગું છું.

## પ્રેમભક્તિભાવની અત્યંત જરૂર

એવો દિલનો દિલમાં દિલથી પ્રેમભાવ પ્રગટ્યા વિના સદ્‌ગુરુના જીવનવિકાસની સાધનાની ભાવનાના સંસ્કારને આપણે કદી ઝીલી શકવાનાં નથી. તેના સંસ્કાર જરૂર ચિત્તમાં પડવાના તો ખરા, પણ તેનું અસલ સ્વરૂપ પલટાઈ જવાનું, કારણ કે આપણે હજી જીવદશાવાળાં રહેલાં હોવાથી પેલાની ભાવનાના સંસ્કારને તેની યથાર્થતાના પ્રમાણમાં કદી પણ સ્વીકારી શકીએ એવી શક્યતાવાળાં આપણે પ્રગટેલાં હોતાં નથી. અને કદાચ ધારો કે આપણી બુદ્ધિ સ્વીકારે, તો તે સ્વીકારે છે તે પણ માત્ર ઉપરછલ્લી રીતે. આપણે કોઈ ચેતનામાં નિષ્ઠા પામેલા મુક્તાત્માના સંબંધમાં હોઈએ, તો જ્યાં સુધી તેના પરત્વેની આપણા દિલમાં પ્રેમભક્તિની જ્ઞાનયુક્ત નિષ્ઠા પ્રગટેલી હોતી નથી, ત્યાં સુધી આપણે તેને આપણી રીતે જ સમજવાનાં છીએ. તેના જીવનના એવા કેટલાયે સાચેસાચ પ્રગટેલા પ્રસંગોનું હાર્દ અને તેવા પ્રગટેલા તેના પ્રસંગ ઉપરથી અનુભવે પુરવાર થઈ જતું તેનું ઇંદ્રિયાતીતપણું ઘડીક વાર આપણને લાગશે ખરું, ઘડીક વાર આપણને અહોભાવ પણ પ્રગટાવશે, પરંતુ તે બધું આપોઆપ પાછું ઊડી જશે. એટલે તે સંસ્કારોને આપણા જીવનમાં કામ કરતા બનાવી દેવાને માટે આપણે તેવા ચેતન પુરુષ પરત્વે જ્ઞાનની

ભાવનાથી અને હેતુના જ્ઞાનભાન સાથે તેની પ્રત્યે પ્રેમભક્તિવાળાં બની જઈએ તે ઘણું ઘણું જરૂરી છે.

*કરાંચી,* *હરિ:ૐ* *તા. ૨૯-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

જો થાય વૃત્તિ મુજ ડોલમડોલ જ્યારે,
દેજે મને મદદ બાપ! વિશેષ ત્યારે,
મારે બળે નવ ઊભો રહી હું શકીશ,
દે પ્રાણ, આખર સુધી ઝઝૂમી શકીશ.

* * *

પાદારવિંદ તુજ હું શિર મૂકી મારું
વંદ્યા કરું પ્રભુ ! તને ઉર નિત્ય ઊંડું !
આ પ્રાર્થના હૃદયની મુજ લૂખી સૂકી,
ધારી હૃદે મુજ પરે કરજે દયા તું.

* * *

જ્યાં ત્યાં બધે ભટકી બાપ ! ઘણું મર્યો હું,
ને આ ભવે ભ્રમણમાં વળી હું પડ્યો છું,
ત્યાંથી હવે ઊગરવા મુજ યત્નમાં તું
દેજે કૃપા, મુજથી તો જ બચી શકાશે.

* * *

તારી કૃપા, વિણ મને નથી ચાલવાનું,
માગ્યા કરું ચરણમાં ઢળી નિત્ય તે હું,
જ્યાં તું કૃપામૃતતણો ઉદધિ પ્રભુ, છે,
તો માત્ર બિંદુ મુજને બસ એક દેજે.

* * *

શેં પ્રેમ ના મુજ પરે પ્રભુ! દાખવે તું ?
શા કારણે થઈ પડ્યો અળખામણો હું ?
આવી પડ્યો હોઉં પ્રભુ ! તુજ દોષમાં હું,
છું મૂર્ખ જાણી કરજે મુજને ક્ષમા તું.

## વૃત્તિઓના સવિશેષ હુમલા

જીવનવિકાસની સાધનાની પ્રક્રિયા ખરેખરી રીતે જ્યારે શરૂ થાય છે, ત્યારે અંદર સૂક્ષ્મ છૂપી પડી રહેલી વૃત્તિઓ સવિશેષ બળવાન બની, તે રૂપે પ્રગટ થઈ જીવનવિકાસની પ્રગતિમાં વિઘ્નરૂપ પણ થતી હોય છે. જે જાતની હીનતા, જે જાતના વિચારો, જે જાતની પ્રાણની વૃત્તિઓ સાધારણ જીવનમાં કદી પણ ખાસ જોર ના કરે, તેવી હીનતા, તેવા વિચારો અને વૃત્તિઓ જીવનસાધનાની કંઈક સાચી શરૂઆત થતાં હુમલા પ્રગટાવવા માંડે છે, અને આપણે પોતે જ જો જાગ્રત હોઈએ તો એવા દુર્વિચારો અને દુર્વૃત્તિઓનાં દર્શનથી છક થઈ જઈએ છીએ. આપણે સામાન્ય સાધારણ જીવનમાં પ્રભુકૃપાથી કંઈક સંસ્કારી હોવાથી એવા દુર્વિચારોનું જોશ અને દુર્વૃત્તિઓનું ખેંચાણ અને તાણ વારંવાર આપણને એટલા પ્રમાણમાં પ્રગટતાં હોતાં નથી, જ્યારે સાધનામય જીવનની પ્રક્રિયા શરૂ થતાં, આવા પ્રકારના નિમ્નગામી હુમલાઓ વારંવાર પ્રગટે છે. પ્રાણની વાસનાના પણ હુમલાઓ જબરજસ્ત પ્રગટતા અનુભવીએ છીએ.

## વીર્યસ્રાવના ઉપાય

આમાં વીર્યસ્રાવની તો મામૂલી હકીકત ગણાય. રાતે સૂતી વખતે બે પગ વચ્ચે તકિયો મૂકવાનો પ્રયોગ કરવો. કોઈક વાર

અયોગ્ય રીતે ઇંદ્રિયનું દબાઈ જવાથી પણ એવું પરિણામ નીપજે છે. અતિશય પરિશ્રમથી કે થાકથી પણ એમ થાય. જ્યારે જ્યારે એવું થાય ત્યારે કપડાં બદલી નાખવાં. નાહી શકાય તો સારી પેઠે નાહવું. તેમ ના નવાય તો તે ભાગ સાફ તો પૂરેપૂરો કરવો. મોં, હાથ, પગ વગેરે પણ ધોઈ નાખવાં અને સ્વચ્છ કપડાં પહેરી સ્વચ્છ થઈને સૂવાનું રાખશો. એને લીધે મનમાં બળ્યા ના કરવું. એની ચિંતા કર્યા ના કરવી. એની સાથે નિઃસ્પૃહતા કેળવવી, પરંતુ તે સાથે સાથે શાથી તેમ થાય છે, તે સ્વસ્થપણે, તટસ્થપણે વિચારી જોઈને તે વૃત્તિનાં મૂળને પકડવું, અને તેવાં મૂળને કેવી રીતે બદલી શકાય, અથવા તો તેનાં વલણને કઈ રીતે બદલાય તેના તેવા ઉપાય લેવા. પ્રેમભક્તિ પ્રગટ્યા વિના અને તેવી ભાવનાનું એકધારું જીવતુંજાગતું સાતત્ય પ્રગટ્યા વિના એટલે કે સત્ત્વગુણની સંપૂર્ણ પ્રતિષ્ઠા પ્રગટ્યા વિના બ્રહ્મચર્યની શક્તિ પ્રગટવી અશક્ય હકીકત છે, જે આપણે માટે તો હજી ઘણી ઘણી દૂરની હકીકત છે. આપણે જેમાં ને તેમાં તેના નિમિત્ત કારણને શોધીએ તે ઠીક છે, પરંતુ તેનાં મૂળને શોધીને મૂળને પલટાવવાનો માર્ગ એ જ ઉત્તમ ઉપાય છે. જ્ઞાનતંતુનું ખેંચાણ કંઈ કશાથી ઉત્કટપણે રહ્યા કરતું હોય, તોયે તેમ બને છે. અથવા તો કોઈ જુગુપ્સા ઊપજાવે એવો પ્રસંગ નીરખવાનું બની જાય, તો તેનાથી કરીને પણ તેમ બને છે. ઠંડા પાણીનો ઉપચાર પણ એને માટે જરૂરનો ખરો. ખાસ કરીને સવારમાં ઉનાળામાં ચૈત્ર માસમાં કૂંળાં કૂંળાં લીમડાનાં પાંદડાં વાટીને એનો રસ દરરોજ લેવાનું રાખશો. વળી, પાકેલાં બીલાં ક્યાંક મળતાં હોય, તો તેનો કેસરી રંગનો ગર્ભ ખાવાનું

રાખશો. પાકેલાં બીલાંના ગર્ભનો પ્રયોગ મેં પ્રભુકૃપાથી કરેલો છે. આ બધા ઉપચારો અસરકારક નીવડે તોય તે તાત્કાલિક કહેવાય, તે કંઈ દર્દના મૂળનાં ઉપચાર નથી. આપણું મુખ્ય અને કેંદ્રસ્થ લક્ષ તો મન, પ્રાણાદિ વૃત્તિઓનું શોધન થાય અને તેમાં વધારે ને વધારે શુદ્ધિ પ્રગટે તે દિશામાં રાખવાનું છે. પ્રાર્થના, નામસ્મરણ, ધ્યાન, ત્રાટક વગેરે એવાં સાધનોમાં સવિશેષ હેતુપૂર્વક જ્ઞાનભાવથી પરોવાયેલાં રહીએ અને તેનો અભ્યાસ જો જીવંત દૃઢ થતો જાય, તો આપણું કામ સરે. જીવનમાં મળતું પ્રત્યેક કર્મ પણ સાધનાભાવે, જીવસ્વભાવની ઉત્ક્રાંતિ થવાના જ્ઞાનભાન સાથે, પ્રાર્થના અને સમર્પણભાવે થયા કરે તોપણ કામ પાકી જાય. સાધનાનું અને રોજબરોજના વહેવારનું કર્મ એ બે નિરનિરાળાં પરસ્પરથી ભિન્ન નથી, પરંતુ એક જ સળંગ પ્રક્રિયા છે. કર્મમાં સાધનાનો ભાવ જેટલો જીવતોજાગતો અખંડ પ્રવર્ત્યા કરે, તેટલા પ્રમાણમાં પ્રભુકૃપાથી કર્મ સહજપણે યોગયોગ્ય રીતે આપોઆપ થયા કરશે. એવો ભાવ તેની ઉચ્ચતમ માત્રાએ ઉત્કટ પ્રમાણનો પ્રગટ્યા વિના જીવદશાના (વીર્યસ્રાવ જેવા) સંસ્કાર ટળવા અશક્ય છે. માટે જેમાં ને તેમાં પ્રભુકૃપાથી દિલના ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે. જીવનમાં એકાગ્રતાપૂર્વકની મનમાં મનથી એકતાનતા સળંગ પ્રગટતાં પણ આવી વૃત્તિઓ ઊઠતી નથી એવો મારો સ્વાનુભવ છે.

### કર્મનો પ્રેમભક્તિથી સ્વીકાર

મળેલું કર્મ, એનો જીવનવિકાસના હેતુ અર્થે પ્રેમભક્તિભાવે સ્વીકાર એ સાધનામાં ઘણું ઘણું જરૂરનું છે.

દિલનો ભાવ પરોવી પરોવીને ઉત્તમમાં ઉત્તમ રીતે કર્મ કરવાથી, તેમાં શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાને સળંગ જીવતીજાગતી કેળવ્યા કરવાનું રાખવાથી અને તેવી રીતે કર્મ કર્યા કરવાથી ગુણ અને શક્તિ બંને પ્રગટે છે. કર્મમાત્ર ભાવનાને કેળવવાને અર્થે છે. કર્મથી ભાવના સાકાર થાય છે. એટલા માટે જીવનને ઉન્નયન કરવામાં કર્મની વિશેષતા છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૯-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

એક્કેય સાધન કશું મુજ પાસ ના છે,
ભારે સમુદ્ર તહીં કેમ તરી જવાશે ?
આધાર માત્ર મુજને પ્રભુ! એક તારો,
ચાહે ડુબાડ અથવા ગ્રહી હાથ મારો.

* * *

આ ધૂળનાં રજકણો કંઈ કામ લાગે,
હું તેટલોય ખપ આવું નહિ જરીયે,
આવી દશા અધમ છેક નિહાળી મારી,.
હું તો બળી બહુ મરું, પ્રભુ ! લે ઉગારી.

* * *

તારી કૃપા વરસશે નહિ હુંપરે જો,
જીવી શકીશ નવ હું પળ એક તો તો,
આધાર છે મુજ બધો પ્રભુ ! એકલો તું,
યાચું, મને પળ ન એક વિસારજે તું.

* * *

પોકાર પાડી તુજને વીનવ્યા કરું છું,
શાને પ્રભુ! મુજ કશું નવ સાંભળે તું ?
આ રાંકની દિલ દયા ધરજે પ્રભુ ! તું.
ક્‌હેવા મને હક નથી વધુ એથી બીજું.

* * *

જો પાદપદ્મથી મને તરછોડશે તું,
ક્યાં જાઉં હું ? અવર ના સ્થળ જ્યાં ઠરું હું,
ક્યાંયે ન કો તુજ વિના પછી બેલી મારું,
તો રાંકની પર કૃપા કંઈ રાખજે તું.

* * *

કોને જઈ હૃદયની કહું વાતને હું ?
ને ક્યાં રડું વીતકની કથની પ્રભુ ! હું ?
કો પાડશે તુજ વિના ઉર શાંત મારું ?
તેથી હંમેશ પદ હું, દિલ ઠાલવું છું.

## સાચો વિશ્વાસ

તમારો તા. ૨૩-૨-૧૯૪૦નો અનુભવ વાંચ્યો. તે બાબતે મેં પણ તમને તે જ દિવસે લખી દીધું છે, જે તમે વાંચ્યું હશે જ...ભાઈની બાબતમાં પણ તા. ૨૩-૨-૧૯૪૦ના પત્રમાં લખી દીધું છે. એમને પણ પ્રભુકૃપાથી વિશ્વાસ બેસતો જાય છે, એ વાત જાણી ઠીક લાગે છે, પરંતુ તમે એમને સ્પષ્ટ કહેશો કે કોઈ રીતે જેમ તેમ કરીને મારા પર વિશ્વાસ ના રાખે, એટલી મારા પર મહેરબાની કરે અને કૃપા કરે. સાચી શ્રદ્ધાથી જામેલો વિશ્વાસ જ કસોટીના કાળે ટકી શકશે, બીજો નહિ, કારણ કે અત્યારે તો એમને મારા વિશે સારું સારું

લાગે, પરંતુ જ્યારે એમના મનને ના ગમે એવું કડવું કરાવવાનો સહજ પ્રસંગ પ્રાપ્ત થશે, ત્યારે જ તે વિશ્વાસની સાચી કિંમતની ખબર પડશે.

## નમનનું રહસ્ય

આ જીવ તમારી પાસે હતો ત્યારે જ તમને કહ્યું હતું કે 'એના કરાંચી પહોંચ્યા પછી તમને ઠીક થશે.' અને તેમ થયું છે એમ તમે લખો છો તેથી આનંદ થાય છે. હું ત્યાં હતો ત્યારે તમારી બધી આનંદવૃત્તિ ખેંચી લીધી હતી, કે જેથી તમને તમારી સ્થિતિનું સાચું ભાન થાય, અને તમારું અહમ્‌થી રચાયેલું બધું ભાંગીને ભૂકો થઈ જાય. મારી સમજણના હિસાબે તે કામ હજી પૂરેપૂરું થયું નથી. વળી પાછું હવે નસ્તર મુકાવવાની સત્પ્રેરણા ભગવાન જ્યારે કરાવશે ત્યારે ખરું. તમારી આનંદવૃત્તિની હરાઈ ગયેલી દશામાં પણ તમે મારા પર જે વિશ્વાસ રાખ્યો, તે માટે તો વધારે શું લખું? સ્ટેશન ઉપર બધાંયનાં દેખતાં તમે મને પગે લાગી તમે તમારાં મનબુદ્ધિને નમાવ્યાં છે, તે ખરેખર રુચતું જ કર્યું છે. અક્કડપણાને અને અહમ્‌ને નમ્રતામાં પ્રગટાવવાને માટે જ્ઞાનભક્તિયુક્ત ભાવથી નમવું તે પણ સાધનાનો એક પ્રકાર છે. નમન તે પોતાને માટે છે. હું કદી પણ કોઈને નમવાનું કહેતો નથી. નમન કરવું એટલે સદ્‌ભાવનાને ઉન્નતગામી કરવાના હેતુથી પ્રપત્તિયોગનું શરણું સ્વીકારવું તે. હવે તમારો આત્મવિશ્વાસ પણ પાછો તમને મળશે એટલે કે જાગ્રત થશે.

ઉપરનું વાંચીને મનમાં સંતોષાઈ જવાની લાગણી થવા ના દેશો અથવા એવા પ્રકારના બીજા વિચારો ના ઉદ્‌ભવવા

દેશો. જે થયું હતું તે યોગ્ય થયું હતું અને જે થવાની જરૂર હતી તે જ માત્ર બન્યું છે. તેમાં કશી ન્યૂનાધિકતા થઈ નથી એટલું નિશ્ચયપૂર્વક જાણજો.

## વિશ્વાસ, પુરુષાર્થ અને કૃપા

વિશ્વાસની પણ ચડતી ચડતી અનંત માત્રાઓ હોય છે. સાચા દિલનો પ્રગટેલો વિશ્વાસ કદી ઓગળી જતો નથી. આપણે 'ભગવાન' 'ભગવાન' કરીએ છીએ ખરાં, પરંતુ તેના વાસ્તવિકપણાનું જ્ઞાનભક્તિપૂર્વકનું યોગ્ય ભાન આપણને પ્રગટેલું હોતું નથી. બાકી તો વિશ્વાસની ભાવનામાં કશું પણ ગુમાવવાનું કદી પણ હોતું નથી. ઉપર 'આનંદવૃત્તિ ખેંચી લીધી હતી' એમ લખ્યું છે, એની પાછળની ભાવના કોઈ કર્તૃત્વપણાની નથી પણ કોઈ ઈશારાની સૂક્ષ્મ ગૂઢ ભાવના છે, એમ સમજવા કૃપા કરશોજી. હું તો એની કૃપાથી સાધન માત્ર છું. અને એ પણ એક દૈવી ઘટના હતી. તમારા જીવનશોધનને માટે તે ઘણી ઘણી જરૂરની હતી, પછી ભલે તમને તે ભારે તાવણીરૂપ લાગી હોય. આપણું કર્તૃત્વપણું, આપણું બળ, આપણી કરામત અને આપણાથી બનતો જતો પુરુષાર્થ એ બધું તેની કૃપાના બળ આગળ કશી જ વિસાતમાં નથી એનું સ્પષ્ટ ભાન આપણને જાગી જવું ઘટે છે.

## અહંકારનું ઉન્નયન

તેનો અર્થ એવો નથી કે આપણે તે તે બધું કરવાનું નથી. વળી, જ્યાં સુધી આપણું સૂક્ષ્મ હુંપદ ગળી જતું નથી, ત્યાં સુધી ભગવાનનો ભાવ કોટિ ઉપાયે પણ છતો થઈ શકવાનો નથી. હુંપદનો, અહંકારનો તો જડમૂળથી એની શૂન્યતામાં

ઓગળી જવા માટે અને ભગવાનની ભાવનાને કેળવવા માટે આપણે સતત જ્ઞાનપૂર્વકનો સદુપયોગ કર્યા કરવાનો છે, બલકે કહોને કે એને, હુંપદને, Sublimate કરીને, એનું ઉન્નયન કે દિવ્ય રૂપાંતર કરીને, એનો જ્ઞાનયુક્ત સદુપયોગ કરવાનો છે. એ કળા શીખી લીધા વગર છૂટકો નથી.

## સદ્‌ગુરુનું કાર્ય

આપણો જે સદ્‌ગુરુ છે તે કદી પણ આપણા એવા અહમ્‌ને રહેવા દઈ શકતો નથી. આપણા એવા અહમ્‌ના તૂટીફૂટીને ટુકડે ટુકડા થઈ જાય એવા જ્ઞાનયુક્ત સતત પ્રયત્નમાં તે જીવતોજાગતો રહેતો હોય છે. આપણા પરત્વેના તેના એવા પ્રકારના સત્પ્રયત્નથી આપણે અજાણ રહ્યા કરીએ છીએ અને તેના હેતુના ભાવને આપણે પરખી શકતાં નથી, એટલે જ આપણે તેવા ને તેવા કોરાં ધાકડ રહીએ છીએ.

## અહમ્

જીવનવિકાસમાં આડે આવનારાં જે કોઈ આવરણો છે, તેમાં અહંકાર જેવું સૂક્ષ્મ અને બળવાન બીજું કોઈ તત્ત્વ નથી. કેટલાક લોકો એને ઓળખીને પોતાનામાંથી એને કાઢવાને મથે છે અને એવા એમના પ્રયત્ન પછી કેટલીક વાર તેઓ કહે છે કે ‘મારામાં હુંપદ કે અભિમાન નથી,’ પરંતુ આ માત્ર તેમની ભ્રમણા છે. અહમ્‌નું તત્ત્વ બહુ મોડું ઓગળવા માંડે છે. જીવદશાનું અહમ્ જેમ નકારાત્મક છે, તેમ સાધનામાં અને સાધનાના પ્રારંભમાં જીવદશાનું ઊર્ધ્વીકરણ થવામાં અહમ્‌ને સાધન તરીકે જો લઈએ, તો તે સહાયક પણ છે. જીવનમાં

અહંકારનું પ્રતિરોધક સ્વરૂપનું વર્ચસ્વ આપણે કલ્પી પણ ના શકીએ એટલી જીવનની ઊંચી કક્ષામાં પણ પ્રવર્તતું હોય છે. એને તો જેટલા વધુ અને જબરા ફટકા પડે એટલા પ્રસંગોને આપણે હેતુના જ્ઞાનભાનથી સ્વીકારી લઈએ, તો અહમ્‌નું ઉન્નયન થવાને માટે તે શ્રેયસ્કર છે. અહંકાર તો નવાં નવાં રૂપો ધારણ કરે છે. જીવનની જેમ જેમ ઉચ્ચતર અને ઉચ્ચતમ કક્ષાઓ પ્રગટે છે, તે તે કાળે પણ અહમ્‌નું સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સ્વરૂપ બદલાતું રહે છે. તે તૂટી ગયેલા જેવું લાગે અને તે છિન્નભિન્ન થયેલું પણ લાગે અને તેનું માથું કપાઈ ગયેલું હોય, તોપણ તેને નવાં નવાં માથાં ફૂટે છે અને તેનો વેશ પણ જુદા જુદા પ્રકારનો થઈ જાય છે. દેખાતી નમ્રતામાં ભારેમાં ભારે અહંકાર છુપાયેલો પડ્યો હોય છે, તે પણ એક નક્કર અનુભવની હકીકત છે. અહમ્‌ની આવા પ્રકારની સૂક્ષ્મ ચાલબાજીને અને તેની કળાને સમજવી એ બહુ દોહ્યલું છે, પરંતુ ખરેખરી ભાવનાથી અને હેતુના જ્ઞાનભાનથી સાધના એકધારી થયા કરતી હોય છે અને સાધનાના ભાવની સળંગતા, અખંડતા પ્રગટે છે, ત્યારે તેમાંથી ફલિત થતો વિવેક પણ એટલો તો સૂક્ષ્મતમ પ્રગટેલો હોય છે કે જેનાથી કરીને આપણે અહમ્‌ને પકડી પાડી શકીએ છીએ અને તેને યોગ્ય પ્રકારનો વળાંક આપવામાં પણ પ્રભુકૃપાથી ફાવી શકીએ છીએ.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

નાનું બાળક ભૂલ તો કદી કરે, ગુસ્સે થવું યોગ્ય શું ?
તારો રોષ સહી શકાય મુજથી કેમે કરી ના પ્રભુ !

ભારે સાવધ હું રહું ત્યમ છતાં શેં, કોણ જાણે પ્રભુ !
આવું આમ થઈ જતું ! તુજ ભવાં નીચાં કરી દે પ્રભુ !

* * *

આ આવી મુજથી દશા નવ સહી કેમે જતી, શું કરું !
સાલે છે ઉરમાં ઊંડું, પણ નથી ઉપાય એકે, પ્રભુ !
તો તું ઓજસ, પ્રાણ, ચેતન હૃદે રેડી પ્રભુ! રંકને
મારું એકલવાયું આ જીવન છે, એને નવા રંગ દે.

* * *

તું મારા મદ, મોહ, મત્સર, પ્રભુ ! ને ક્રોધ સંહારજે,
મારા સર્વ વિકાર ને વિષય તું બાળી પ્રભુ! નાખજે,
જે કૈં આળસ ને પ્રમાદ મનથી કાઢી બધું નાખજે,
ખાલી સાવ તરંગથી કરી મને હે તાત! ઉદ્ધારજે.

* * *

જાણું, એક જ તું પ્રભુ ! જગતમાં આનંદનું ધામ છે,
તો આસ્વાદ લીધા વિના ઉર પૂરો એનો ઠરું શેં હવે!
મારું હું બળ વાપરીશ સઘળું, જંપી ન બેસીશ હું,
મારા પ્રાણ છૂટી જતાં પણ ભલે હું લૈશ ધાર્યું પ્રભુ !

* * *

ક્યારે બેસીશ ઘેર 'હાશ' કરીને નિશ્ચિંતતાથી ? પ્રભુ !
એનું એ જ કર્યાં કરું રટણ હું હંમેશ હૈયે વિભુ !
જાણીને પ્રભુ! કલ્પવૃક્ષ શરણું મેં તો ગ્રહ્યું તાહરું,
તો માગ્યું મુજ આપી નામ કરજે તું સાર્થ તારું પ્રભુ !

* * *

આવ્યે દી અઘરો મને ગરીબને સંભાળજે તું પ્રભુ !
સ્નેહી સર્વ સગાંસંબંધી અળગાં ત્યારે રહેશે પ્રભુ !
જો ત્યારે કર ઝાલશે મુજ નહિ, મારી ગતિ શી થશે !
જીતી બાજી જઈશ હારી સઘળી, માટે તું સંભાળજે.

## સાધકનો જીવનસંગ્રામ

ગઈ કાલે 'ફાવી શકીએ છીએ' એમ લખ્યું છે, તેની વધારે સમજૂતી આપવાની જરૂર છે. એનો અર્થ એમ નથી કે દરેક પ્રસંગે આપણે ફાવીએ છીએ. હારજીત થયા કરે છે, પરંતુ હારમાં પણ જો તેની સામે જીવતોજાગતો જ્ઞાનયુક્ત સામનો થયા કરતો હોય છે અને તેવું યુદ્ધ આપતાં આપતાં હાર થાય, તો તેવી હારમાંથી પણ આપણે જીતવાની કળા શીખી લઈએ છીએ. જીવનમાં નિમ્નગામી વૃત્તિઓની સામે જે સમજી સમજીને સતત યુદ્ધ આપ્યા કરે છે, તેને હારવાનું કદી આવતું જ નથી એવું નથી. હારવામાં તે કદી નમતું મૂકી દેતો હોતો નથી. હારવામાં તેનું જીવનનું ધોરણ જીવનને ઉન્નયન કરવાનું રહેતું હોય છે. જીવનના હેતુનું ભાન તે કદી પણ ચૂકતો નથી. જીવનના પ્રત્યેક તબક્કે યુદ્ધ રહેલું જ છે. એવું જીવનસંગ્રામનું યુદ્ધ, એવો દૈવાસુર સંગ્રામ જીવનમાં સતત ચાલી રહેલો છે, એવો અનુભવ જીવનવિકાસના સાધકને થયા વિના રહેતો નથી.

## અહમ્‌ની અત્યંત સૂક્ષ્મતા

જેમ જેમ સાધનામાં આપણે લાગી જવા માંડીએ છીએ, તેમ તેમ અહમ્‌ની બાબતમાં ઊંડા ઊતરવાની પણ જરૂર પડે છે. અહમ્ તો એવું છે, કે તે ક્યાં છુપાયું છે તેની ખબર પણ

પડવી ઘણી મુશ્કેલ છે. જીવનમાં વિચાર, વાણી, વર્તન, કર્મનું તટસ્થપણે નિરીક્ષણ અને પૃથક્કરણ કરવાનો જ્ઞાનયુક્ત અભ્યાસ જીવતોજાગતો પ્રગટી જાય, ત્યાર પછી અહંકાર ક્યાં ક્યાં આપણને પ્રેરે છે તેની ઓળખ પડવા લાગે છે, તે પહેલાં નહિ. તે પહેલાં તો જેને આપણે કેવળ નિર્દોષ વર્તન, વાણી, વિચાર કે લાગણી ગણતા હોઈએ તેમાં પણ ભારોભાર અહમ્ છૂપું પડેલું હોય છે, પરંતુ તેની કશી ગતાગમ આપણને પડતી નથી, તેથી માની બેસીએ છીએ કે આપણામાં હવે અહંકાર રહ્યો નથી. દા.ત., જ્યારે જ્યારે તમે પેલી **'મનને'*** બીજાને વહેંચવા માટે મોકલતા ત્યારે તમારું નામ સામેલ રખાવવા માટે તમે આગ્રહ રાખતા હતા. જોકે તે વ્યાવહારિક વાત હતી અને જરૂરની પણ હતી, તેમ છતાં તેમાં તમારું હુંપદ હતું તેનું મને તો સ્પષ્ટ ભાન તે વેળા થતું હતું, પરંતુ તમને તેની કશી કલ્પના પણ ન હતી. ક્યારેક ક્યારેક તમને સંકોચ પણ થતો, અને એકાદ વાર તો તમને તે હકીકત જણાવેલી પણ ખરી. તમને આ વાત હુંપદની ના લાગે, પરંતુ મને તો તે સ્પષ્ટ દીવા જેવી જણાઈ છે. તદ્દન સામાન્ય અને સાધારણ બાબતમાં પણ હુંપદ કેવી મડાગાંઠ બંધાવે છે અને આપણી તે કાળની તે તે સમજણની પકડમાં કેવા ભેરવાયેલા રખાવે છે, તેની આપણને કશી સૂઝ પડેલી હોતી નથી. અનેક પ્રકારની માન્યતાઓ, સમજણો, ટેવો, આગ્રહો-આ બધાંને ટકાવી રાખવામાં અને જીવતાં રાખવામાં અહમ્ મોટો ભાગ ભજવે છે. અહમ્‌ને કારણે મડાગાંઠો ઓગળી જઈ શકતી નથી.

---

* લેખકની પુસ્તિકા, જે તે વખતે તરતની છપાયેલી હતી.

ઉપરની લખેલી જીવસ્વભાવની વૃત્તિઓથી મુક્ત થવાને માટે જ્ઞાનભક્તિયુક્ત સંપૂર્ણ નમ્રતા કેળવવાની ખાસ ખાસ જરૂર. અહમ્‌ને જ્ઞાનભક્તિના ભાવથી સાધન તરીકે પ્રેરાયેલું પ્રભુકૃપાથી જો રાખી શકાય તો તે તે બધું ઓગાળવાને માટે અહમ્ પણ ઉત્તમ સાધન બની શકે છે - જો જીવતોજાગતો જીવનના ધ્યેયનો હેતુ સળંગ એકધારો પ્રગટેલો હોય તો.

**અથડામણની અગત્યતા**

કેટલીક વાર ભીંત સાથે માથું અફળાયા વિના માનવીને સાચું ભાન પ્રગટતું નથી. અરે ! તેથીયે બસ થતું નથી, અને કેટલીક વાર એક નહિ પણ અનેક વાર માથું અફળાવાનું બને છે, ત્યાર પછી કંઈક થોડુંઘણું ભાન જાગે છે. જ્યારે જ્યારે એવું અફળાવાપણું બને, ત્યારે તેમાં ધ્યેયના હેતુનું જ્ઞાનભાન તાત્કાલિક જાગે, તો તેવી વેળાએ તેવા અથડાવાના પ્રસંગને જીવનનો સાધક પ્રેમભક્તિભાવે નવાજે છે અને તેમાંથી તે કેળવાય છે અને કમાય છે. એટલે એવા અથડાવાના પ્રસંગોમાંથી પણ જો આપણે સંપૂર્ણ સજાગ હોઈશું તો ઘણું મેળવી શકીશું. જે આ પ્રેમના પંથે જવાનું કરીને કોઈ ને કોઈ જીવપ્રકારની વૃત્તિમાં રહ્યા કરવાનું કરશે, એને તો ઊલટું બીજા જીવો કરતાં વધારે અથડાવાનું પ્રગટવાનું છે, પરંતુ જે કોઈ જીવને કોઈ ને કોઈ રીતે શ્રીભગવાનની ભાવનાના આકર્ષણવર્તુળમાં પ્રભુકૃપાથી આવવાનું બન્યું છે, અથવા તો જેને પોતાના જીવનનું ઉન્નયન કરવાનું દિલ પ્રગટ્યું છે, અથવા કહો કે ચેતનનો આવિર્ભાવ અનુભવવાનું જેને મન થયું છે, એની એ તમન્ના જ એવા જીવને તેની વૃત્તિઓમાંથી છૂટો કરવાને

અથડામણના પ્રસંગો તેનામાં સાચું ભાન પ્રગટાવવાને માટે સહજપણે પ્રેરાવ્યા કરશે. આવા પ્રકારના જીવોમાં જે જીવ જેટલું ઊંઘ્યા કરશે, તેને તેટલું વધારે ને વધારે અથડાવાનું અને તેથી વધારે દુઃખી થવાનું બને છે.

## સદ્‌ગુરુનો અથાગ પરિશ્રમ

આપણે જીવનને ભગવાનની ભાવનામાં પ્રગટાવવાને માટે સદ્‌ગુરુને સ્વીકાર્યા છે અને તે તેના કહેવાથી નહિ, પરંતુ આપણી પોતાની એવી અભિલાષાથી તેમની કને તેવી માગણી કરીને વિકાસને પંથે દોરવાની આપણે તેને પ્રાર્થના કરી છે. તેમ છતાં આપણે તેને અનેક વાર (માનસિકપણે) છોડી દઈએ છીએ, મૂકી દઈએ છીએ, એટલું જ નહિ પણ તેને અવગણી પણ દઈએ છીએ અને તરછોડી પણ દઈએ છીએ. અને જીવનમાં તેની સાથે કશી પણ લેવાદેવા ના હોય તેમ વર્તવાનું કરીએ છીએ. આવું હોવા છતાં પણ તે આપણને મૂકી દેતો નથી. તે તો અનેક પ્રસંગોથી કરીને આપણને જીવનના હેતુનું ભાન પ્રગટાવવાને સહજપણે પ્રવર્ત્યા જ કરતો હોય છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

ચારેબાજુ વહ્નિ તપતો તેમ ર્‌હેવાનું એનું,  
એકે પાસે મથી મથી મર્યે જીવવાનું ના બારૂં,  
ક્યાંયે એને સ્થળ હૃદયને ના મળે ઠારવાનું,  
સંસારીના સમ દુઃખ પ્રભુ, ક્યાંય ના વિશ્વ બીજું.

* * *

મારા જેવો અવર જગમાં આળસુ કો નહિ છે,
યદ્વાતદ્વા મુખથી બકવું એ જ ધંધો રહ્યો છે,
આખો દ્‌હાડો કંઈ પણ વિના ખ્યાલ વીતી જતો ર્‌હે,
ના જાણું હું, મુજ કંઈ હવે શું થવાનું પ્રભુ ! છે.

* * *

જાણું છું, હા ! હૃદય હજુ ના બ્રહ્મચારી પૂરો છું,
તે માટેના મુજથી બનતા યત્ન સર્વે કરું છું,
નિશ્ચે હું તો કરીશ જ લડ્યા અંત આવ્યા સુધી ને
થાવું તેમાં સફળ, પ્રભુ, તે હાથમાં તાહરે છે.

* * *

કૈં આનંદે ખત લખી દીધું છે ગુલામીતણું મેં,
ને હૈયાના પ્રભુ, ઉમળકે દાસ થાવું ગમ્યું છે,
તારા થૈને રજ ચરણની તાહરી જો બનું હું,
એના જેવું અવર નહિ કો ભાગ્ય સારું અનેરું.

* * *

ઉછીના મેં કદી નથી લીધા કોઈના કૈં વિચારો,
જેવું મારે હૃદય સૂઝતું, નિત્ય હું તેમ વર્તું,
ટેવાયું છે ઊતરી મૂળમાં છેક ઊંડું જવાને,
તેથી મારે ઉર, જડ મને વસ્તુની લાધતી કૈં.

* * *

મારા જેવું જરી પણ વીત્યું હોત જો કૈં, તને તો
થાયે તેની ખબર પડતે કેટલા વીસની સો,
તો તો આણી હત મુજ પરે કૈં દયા તેં જરૂરે
ક્‌હેવું શું કૈં બિનઅનુભવી હાય ! જ્યાં તું પ્રભુ ! છે!

* * *

મનના અસંખ્ય ફંદોને ઓળખી કાઢી તેવા કોઈ પણ ફંદમાં ના ફસાઈએ એટલી પૂરેપૂરી જાગૃતિ રાખ્યા કરવાની છે. મન તો :-

***'જુદા ચાવવાના, બીજા કાં બતાવે ?'**

એવું કરે છે. તેની યુક્તિઓ અને દાવપેચો પારખવાં એ કંઈ સહેલી વાત નથી. એવે વખતે આપણી સાચી તત્ત્વપરીક્ષા થઈ જતી હોય છે. અરે ! કંઈક પ્રગતિ થતાં જોઈ શકીએ છીએ કે ડગલે ને પગલે જીવનના નિત્યના વહેવારોમાં પણ, વાણીમાંથી અજાણપણે સરી પડતાં વાક્યોમાંથી પણ, આપણી પરીક્ષા થઈ રહેલી હોય છે, અથવા કહો કે જીવનનું ઊંચાનીચાપણાનું પ્રગટ થવાપણું થતું હોય છે, પરંતુ માત્ર જેને તેવી આંખ ઊઘડી હોય છે, તે તે જોઈ શકે છે. અહીં 'આંખ ઊઘડી' એટલે સતત, એકધારું, પળેપળનું હેતુપૂર્વકનું, જાગૃતિમૂલક જીવનની સાથેનું અનુસંધાનપણું. ક્યાંય પણ ભેરવાઈ ના પડીએ અને કશાયને અંગે જાગેલા વિચારોમાં, વૃત્તિઓમાં કે લાગણીઓમાં ભરાઈને ફસી ના પડીએ, તે ખાસ તકેદારી રાખીને સતત જોયા કરવાનું છે. એવી રીતના જીવતાજાગતા જોયા કરવાના અભ્યાસમાંથી ખરેખરી તટસ્થતા અને સમતા પ્રગટે છે. આવા પ્રકારની તટસ્થતા અને સમતા, શાંતિ, પ્રસન્નતા વગેરે કેળવાતાં કેળવાતાં અને તેનું જ્ઞાનભાન અનેક પ્રકારના કર્મવહેવારમાં જાગ્રતપણે કેળવાયા જતાં તેમાંથી એક એવા પ્રકારનું સમત્વ ફલિત થતું અનુભવાય છે, કે જે

---

* લેખકની કાવ્યપુસ્તિકા **'મનને'** માંથી

સમત્વ જીવનવિકાસનો સાચો પાયો બની જાય છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટે એને ગીતામાતા યોગ કહે છે. આવું સમત્વ પ્રગટાવવાને માટે (જોકે તે સમત્વ તો ઘણી ઘણી ઊંચી કક્ષાનું હોય છે,) આપણે કંઈ પણ કશામાં મુદ્દલે ભેરવાઈ ના પડીએ તેની તો ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે. એવી જે ભેરવાઈ ના પડવાની કેળવણી જ્યારે ખરેખરી પાકે છે ત્યારે જ તટસ્થતા અને સમતા પ્રગટી શકે છે, જેને આજે આપણે સાત્ત્વિક વિચાર, વાણી અને વર્તન સમજીએ છીએ, એમાં પણ કેટલું ભેળસેળપણું હોય છે, તેનું આપણને ભાન નથી. અલબત્ત, આનો અર્થ એવો નથી કે આપણે પથ્થર જેવા જડ રહેવાનું છે, પરંતુ એ બધી લાગણીઓ, ઊર્મિઓ, ભાવનાઓ વગેરેના ઊભરા વખતે પણ અંતરમાં હેતુના જ્ઞાનભાન સાથે જાગ્રત રહીને તટસ્થતાપૂર્વક તે નિહાળીને તેમને પણ એક સાધન તરીકે ઉપયોગમાં લેવાની છે. તેવી લાગણી વગેરેના ઊભરા કે હુમલા દરમિયાન પણ અંતરમાં તો અંતરથી અંતરનાં પ્રાર્થના, સ્મરણ વગેરે ભાવમાં તે શક્તિના પ્રવાહને વાળ્યા કરવાનો છે.

### સમજણની પકડ

વળી, જે કંઈ બને, 'સારું ' કે 'નરસું' જે જે આપણને થાય, તે બધું શ્રીભગવાનને ચરણકમળે સમર્પણ કર્યા કરવાનું છે. ભક્તિમાર્ગમાં આ સમર્પણની સાધના એ બહુ મહત્ત્વની છે. સમર્પણની ભાવના પૂરેપૂરી કેળવાયા વિના અહમ્ કદી પણ ઓગળી શકતું નથી.

***‘જમા ને ઉધારે પ્રભુપાદ અર્પો.’**

એમ આપણે કરવાનું છે. આપણે જેને આજે જમા બાજુનાં કર્મ સમજતાં હોઈએ, તે તેવાં નયે હોય અને ખરેખરી રીતે ઉધાર બાજુનાં જેને ગણતાં હોઈએ તે પ્રગટવાના તેના હેતુને પણ આપણે ના ઓળખી શકતાં હોઈએ એવું પણ બને. આજની આપણી જીવદશાવાળી ભૂમિકાને લીધે તે તે કાળે જે જે પ્રકારની સમજણો છે, તે જ પ્રકારની સમજણો સાચી છે, એવું આપણને જ્યારે જ્યારે લાગે ત્યારે આપણે એમ જરૂર સમજવું કે અનાસક્તિ, નિરાગ્રહ, નિષ્કામ, નિર્મોહ, નિર્મમત્વ વગેરે પ્રકારની ભૂમિકા કેળવાયા પછીથી જે સમજણ પ્રગટે છે, અને હાલની આપણી જીવદશાની ભૂમિકામાં જે જે સમજણો છે તે બંને પ્રકારની સમજણોમાં ધરમૂળનો તફાવત છે. તેથી જે જીવે શ્રેયસાધક થવું છે,તેણે તો સમજી સમજીને પોતાની તે તે કાળની સમજણની પકડમાં જકડાઈ ના જવાય અને તેની જીવદશાની ભૂમિકાની તે તે કાળની સમજણો, માન્યતાઓ વગેરેની મડાગાંઠમાંથી કેમ કરીને છુટાય એવા સભાનપણાના જાગ્રત પ્રયત્નમાં તે જો સાચી રીતે મંડ્યો રહેતો હોય, તો તેવો જીવ પોતાની કોઈ પણ સમજણ કે માન્યતાને પકડીને વળગી રહેશે નહિ. અનેક પ્રકારની આવી ગડમથલોના તેના પ્રયત્નો જીવતાજાગતા ચાલુ જ રહેવાના.

## સાચી ભાવના

જેનો જે દિશાનો ખરેખરો જાગ્રત પ્રયત્ન થતો રહે છે, તેવાનો તેવો જીવતોજાગતો પ્રયત્ન કદી પણ બેઠાડુ હોતો નથી.

---

* **‘મનને’**માંથી

તેવો પ્રયત્ન હંમેશ ગતિશીલ હોય છે. સાચો પ્રયત્ન આંખ ઉઘાડનારો હોય છે. અને પ્રયત્નમાં દિલની ભાવના પ્રગટેલી હોવાથી ભાવનાનો પણ વિસ્તાર થતો જાય છે. ભાવના કદી પણ સ્થિતિસ્થાપક નથી. એ તો સદાય dynamic છે. સદાય ગતિશીલ છે. ભાવના જો સાચેસાચી દિલમાં દિલથી પ્રગટેલી હોય તો જેમાં તે પ્રગટેલી હોય છે, તેમાં તેની હૈયાસૂઝ પ્રગટાવે છે. ભાવનાને 'સહસ્રનયના' કહેલી છે. એક જ પ્રસંગને તે જુદી જુદી રીતે જુએ અને તારવે છે. ભાવનાનું એવું સૂક્ષ્મતમ લક્ષણ છે. અને એવી ભાવના સમર્પણયજ્ઞમાંથી પ્રગટે છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૩-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

સુઝાડ્યો જ્યાં પથ જીવનનો બાપ ! પ્રેમે કરી તેં,
ત્યાં અંધારું પ્રભુ ! અધવચે તેં મૂકી દીધું છે શેં ?
હા ! હા ! જાણ્યું, નહિ બહુ ગમે અલ્પ યત્ને મળે જે,
ને લાધે છે બહુ શ્રમથી જે, લાગતું મીઠડું તે.

* * *

આંસુડાંનું સરવર હૃદે બાપ ! મારે ભર્યું'તું
તોડી પાળો નયનતણી ને નીસર્યા જે કર્યું'તું
તે હંમેશાં વહી વહી હવે સાવ ખાલી થયું છે.
તોયે શાને અમી નજર કૈં નાખતો બાપ ! ના ? રે !

* * *

ખોળી ખોળી જગતભરમાં બાળ થાકી મર્યું છે,
ના જોયું કે અવર સ્થળ ના ક્યાંય આરામનું છે,
તેથી તારે ચરણકમળે બાળ તારું ઢળ્યું છે,
લેતો ર્‌હેજે મુજ ગરીબની ભાળ તું બાપ ! નિત્યે.

* * *

હાર્યું તોયે મુજ હૃદય ના ધૈર્ય છોડી શક્યું છે,
મારી શ્રદ્ધા તુજ ઉપરની સહેજે ના છૂટી છે,
યત્ને તેથી પ્રભુ ! રહી શકું હું મચેલો, મને છે
આશા કે કો શુભ દિન પ્રભુ એક, હૈયે તું લેશે.

* * *

આશે આશે જીવન વીતવી બાળ તારું રહ્યું છે,
તો તેને શું અરર ! પ્રભુ ! તું આખરે છેહ દેશે ?
ના ! ના ! એવું હૃદય તુજને કલ્પવા પાડતું ના,
એવી તારી જીવન ટકવી રાખતી એક શ્રદ્ધા.

* * *

જો ! તેં મારો ગરીબ જનનો હસ્ત જ્યારે ગ્રહ્યો છે,
હાવાં શું તું પ્રભુ ! અધવચે મૂકશે એકલાને ?
હૈયું તારું ક્યમ કરી પ્રભુ ! ચાલશે ? ને વળી શું
કૈંયે સ્‌હેજે મુજ પર દયા લાવશે ના પ્રભુ ! તું ?

**સમર્પણ**

જીવનમાં થતાં રહેતાં સકળ પ્રકારનાં કર્મ, વિચાર, વાણી, વૃત્તિ, ઊર્મિ, ભાવના, સંબંધ, સંપર્ક - આ બધું જ આપણે જ્ઞાનભક્તિપૂર્વક તેને ચરણકમળે સતત એકધારું સમર્પ્યા કરવાનું છે. જીવનવિકાસના સાધકે તો તેવો પળેપળનો સમર્પણયજ્ઞ

એકધારો ચલાવ્યા કરવાનો છે, તો જ તે ભગવાનનો ભક્ત બની શકે છે. જે કંઈ થાય તે વખતે જ તરત તેને યાદ કરી ચરણે ધરી દેવું. અને તેમ જો સાચેસાચ જ્ઞાનભક્તિભાવે આપણાથી થતું હોય, તો પછી આગળનું કે પાછળનું કશું પણ જોવાનું જાગી શકતું નથી.

## આજને જ સંભાળો

આથી, કંઈ ભૂતકાળમાં થઈ ગયેલા પ્રસંગોને સંભારી સંભારી તેમાંથી ઊપજતાં લાગણી અને વિચારોના તાંતણાને લંબાવા દેવાના નથી. તેવી રીતે 'ભવિષ્યમાં આમ કરીશ કે આમ થશે', એવા વિચારો સેવવાના નથી. 'મરણ પછી શું ?' 'કેમ જગત ઉદ્‌ભવ્યું ?' 'જગતમાં દુઃખો શાને ?' વગેરે પ્રશ્નોની હારમાળામાં ગૂંચવાઈ જવાનું નથી. એ બધા પ્રશ્નોનો ઉકેલ આપણી બુદ્ધિ કદી કરી શકવાની નથી. આપણી હાલની બુદ્ધિમાં તેવી શક્યતા પણ નથી અને શક્તિ પણ નથી. અને આપણે જ્યારે સંપૂર્ણ ચેતનના આવિર્ભાવમાં પ્રગટેલાં હોઈશું, ત્યારે પ્રશ્નો ઊઠવાના પણ નથી. ત્યારે તો જેમ હોઈશું તેમ હોઈશું. 'જગત કેમ ઉદ્‌ભવ્યું ?' 'કેવી રીતે ઉદ્‌ભવ્યું ?' 'મરણ પછી શું ?' 'જગતમાં દુઃખો શાને ?' એવા પ્રશ્નોની સાથે બિલકુલ નિસબત ધરાવવાની નથી, પરંતુ આપણે કેવા થવાનું છે, અને કેવું બનવું છે, અને કેવી રીતે થવું છે તે જ આપણું મુખ્ય મહત્ત્વનું કર્તવ્ય છે. આપણા લક્ષને કદી પણ આડફંટે ફેંકાવા ના દો.

## આજનું મહત્ત્વ

Let us live in the present. આજને આપણે સંભાળવાની છે. આજને જેણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનવિકાસના ધ્યેયના જ્ઞાનભાનથી સંપૂર્ણ યોગ્યતાથી જીવી જાણી, તેનું ભવિષ્ય પણ તેટલું જ ઉજ્જ્વળ છે. આજમાં ભૂત પણ છે અને ભવિષ્ય પણ છે. આજમાં પ્રગટેલા ભૂતથી અને તેના વળાંકોથી મુક્ત થવાની કેળવણીને કાજે આજને જે સ્વીકારે છે અને તેવા પ્રેમભક્તિ-જ્ઞાનયુક્ત સ્વીકારથી કરીને તેને તેવા ભાવમાં પોતાનાં આચરણમાં જે પ્રવર્તાવે છે, તેનું ભવિષ્ય સદાય વર્તમાન છે. આજને જેણે બરાબર યોગ્ય રીતે જીવી જાણી, તે જ જીવી જાણવાનો છે. વર્તમાનમાં જીવનભાવે જાગ્રત રહીને યથા-યોગ્યતાથી જેનું જીવન વહ્યા જશે, તેને ભૂતકાળ કશો જણાવાનો નથી, અને ભવિષ્ય તો વર્તમાનમાં આપમેળે પ્રગટવાનું જ છે.

## ભાવની એકાગ્રતા

'તમેવ શરણં ગચ્છ સર્વ ભાવેન ભારત !' એમ ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાને લખ્યું છે. એમાં 'સર્વ ભાવેન' અને 'તમેવ શરણં' આ બે મૂળ હકીકતોને ખાસ લક્ષમાં રાખવાની છે. અહીં સર્વ ભાવ કહ્યા છે. જીવનમાં જીવનના અનેક પ્રકારના ભાવો છે. તે સકળ ભાવોને આપણે શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે વાળવાનાં છે, તો જ તેને શરણે આપણાથી વળી શકાય. વર્તમાનમાં શ્રીભગવાનના ભાવમાં, એના સ્મરણમાં, એના પ્રેમમાં એવા

તો તલ્લીન થઈ જઈએ કે આપણે આપણું અસ્તિત્વ પૂરેપૂરું ભૂલી જઈએ અને એવું થવા માટે આપણે આપણા રોજબરોજના વહેવારમાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેમ કરીને પ્રગટે અને તેની સાથે સાથે અથવા તેવું થવાને માટે આપણે રોજેરોજ સકળ વહેવારવર્તનમાં કેમ કરીને નિરહંકારી થઈએ, વગેરે વગેરે બધાં કાજે તે તે પળે સભાનપૂર્વક શ્રીપ્રભુમાં દિલ પરોવી પરોવીને તે હેતુથી વર્તવાનું રહે છે. દિલથી ભાવનાપૂર્વકનું તેવું આચરણ પ્રગટ્યા વિના ભાવનામાં કદી પણ શક્તિ પ્રગટી શકતી નથી. ભાવનાને તેના યોગ્ય આચરણમાં મૂકવાનું થવાથી ભાવનામાં ઓજસ પ્રગટે છે અને તે જ તેનું વીર્ય છે. ભાવના પોતે કર્મનું સ્વરૂપ લે છે. અને પ્રેમભક્તિજ્ઞાનમૂલક હેતુના જ્ઞાનભાનવાળું કર્મ તે જ સાચો યજ્ઞ. ગીતામાતાએ કર્મને યજ્ઞ ગણેલો છે અને એવા પ્રકારના યજ્ઞ વિના જીવનવિકાસ કદી પણ સાધી શકાવાનો નથી. કર્મ કરતી પળે કેવાં કેવાં વિચારો, વૃત્તિ, ઊર્મિ, ભાવના પ્રગટે છે, તે પરથી તો ભાવના કેટલી કક્ષામાં અને કેવી પ્રગટી છે, તે આપણને સમજાઈ જતું હોય છે. દરેકનું આગવું આગવું સ્વરૂપ હોય છે. તેવી રીતે ભાવનાનું પણ સ્વરૂપ છે. ભાવના પણ ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકામાં તેનું અનોખું અનોખું સ્વરૂપ પ્રગટાવે છે. ભાવનામાં ગુણ અને શક્તિ બંને છે. ખરેખરી દિલમાં દિલથી દિલની ભાવના પ્રગટતાં ભાવનાના પ્રકારનાં ગુણશક્તિ પ્રગટ્યાં વિના રહેતાં નથી. ભાવનાનું તે પ્રત્યક્ષ લક્ષણ. એટલે આપણે બધાં એવો જીવનનો 'માપદંડ' (થરમૉમિટર) સ્વીકારીને આપણે આપણી ભાવનાને

તપાસવાની છે. કંઈ પણ કશી ભ્રમણામાં પડી ના રહેવાય એવી તમને બધાંને પ્રાર્થના છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૫-૨-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારે ગળે ઊતરશે મુજ વાત જ્યારે,
ને સ્થાપશે પ્રભુતણો દિલ ભાવ જ્યારે,
ત્યારે જ સિદ્ધ બનશે પ્રભુ ! કાર્ય મારું,
સંતોષ ના ઉર તહીં સુધી ધારનારું.

* * *

કર્તવ્ય હું રીઝવવા તુજને કરું શું ?
શાં મંત્ર કે સ્તવનથી તુજને સ્તવું હું ?
પૂજા હું તારી મનસા રીતથી કરું શું ?
હું મૂઢ, માત્ર તુજ નામ લઈ જ જાણું.

* * *

તારા કરેલ ઉપકાર ભૂલીશ શેં હું ?
એનાં મીઠાં સ્મરણથી જીવતો રહું છું,
વિશ્વાસ, પ્રાણ, રસ ને પુરુષાર્થ-યત્ને
શ્રદ્ધા સજીવ તુજ કારણથી રહે છે.

* * *

મારી પરે બહુ કૃપા પ્રભુ! તેં કરી છે,
ને પ્રાણ મૂકી મડદું જીવતું કર્યું છે,

આણ્યો મને મનુષ્યકોટિમહીં પ્રભુ ! તેં
કૈં કૈં કર્યો સમજતો પ્રભુ! તે ભૂલું શેં ?

* * *

જાણું ન, ભૂલ પડી શી, મુજ નાવ ભાંગ્યું,
છોરું અપાર જળમાં તહીં ડૂબતું'તું,
પ્રારબ્ધયોગબળથી તુજ નામનું ત્યાં
આવ્યું કરે તરણું, જે ગ્રહ્યું પાર જાવા.

* * *

ભારે સમુદ્ર થકી બાળ તરાવશે તું,
શ્રદ્ધા મને જરૂર પાર ઉતારશે તું,
પોકારતાં કર ગ્રહે, દિલ એમ જાણી,
પાડ્યા હું બૂમ કરું, લે તુજ બાળ જાણી.

* * *

જો દાખવી નવ હતે પ્રભુ ! કૈં કૃપા તેં
તો મૂર્ખ હોત, નવજીવન પામતો શેં ?
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.

## આપણી પોતાની જ પ્રાર્થના

તમારું ધ્યાન અમુક જાતનું થાય તે વિશેની તમારી પ્રાર્થના મળી છે. પ્રાર્થના કરતી વખતે દિલમાં દિલથી દિલનો ભાવ ખૂબ ખૂબ કેળવાયેલો હોઈને તેવી રીતનો પ્રગટેલો હોવો જોઈશે. એકમાત્ર આર્ત અને આર્દ્રભાવે થયેલી પ્રાર્થના ખરેખરી પ્રાર્થના કહેવાય. તેવો ભાવ પ્રગટ્યા વિનાની પ્રાર્થના તે પ્રાર્થના નથી. એવી ઉપરછલ્લી પ્રાર્થનાથી જીવનનો ઉઠાવ થવો કદી

પણ શક્ય નથી. બીજા સંતભક્તોએ રચેલાં ભજનો અને પ્રાર્થના ગાતાં ગાતાં એવો ઉત્કટ આર્ત અને આર્દ્રભાવ જાગે તો તે આપણા માટે કામનાં. બીજાઓથી થયેલી એવી પ્રાર્થના-ગદ્યમાં કે પદ્યમાં-ઘણી વાર ઉત્કટ ભાવ પ્રગટ કરી શકતી નથી, કારણ કે એવી એમની પ્રાર્થના મનમાં કે મોઢેથી આપણે જ્યારે બોલીએ, તેવી પળે તે તે પ્રાર્થનાઓ કે ભજન રચનારાંઓની તેમની તેવી રચના સમયની અંતર્દશા આપણી જાગેલી હોતી નથી. તેથી તેમને પોતાને માટે તો એ ભજનો ઘણાં લાભકારક હોય, પણ તેમના જેટલાં લાભકારક તે આપણે માટે નથી નીવડતાં. એટલે ખરી રીતે તો આપણી પોતાની જેવી સ્થિતિ હોય અને તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે, તેમ આપણી પોતાની તે તે કાળે થયેલી અંતર્દશાને યોગ્ય પ્રાર્થના કરીએ. તેવી પ્રાર્થના થતી હોય તથા તેવી પ્રાર્થનાના ભાવનું, તેને યોગ્ય પ્રત્યક્ષ આચરણ થયા કરતું હોય, તો તેવા થતા રહેતા સહેતુક એકધારા જીવતાજાગતા પ્રયત્નમાંથી યોગ્ય પ્રાર્થના માટેનો દિલનો ભાવ પ્રગટે છે, તો તેવા પ્રકારની પ્રગટેલી પ્રાર્થના જીવનવિકાસને વધારે હિતાવહ છે. દા.ત., કોઈક જીવને ક્રોધ જાગવાનો થયો અને તેનું તેને પ્રભુકૃપાથી તત્કાળ ભાન જાગ્યું, તો તેણે તે જ વખતે તેમાંથી મુક્તિ મેળવવાની પ્રભુને પ્રાર્થના કરવી.

## ઝંખના અને પ્રાર્થના

પરંતુ જીવથી આવું પણ બની શકવું શક્ય હોતું નથી, એનું મૂળ કારણ તો એ છે, કે તે જીવને પોતાની જીવદશાની કક્ષાની વૃત્તિમાંથી મુક્ત થવાની ખરેખરી ઉત્કટમાં ઉત્કટ દિલમાં

દિલથી દિલની ઝંખના પ્રગટેલી હોતી નથી. જેને ખરેખરી ઉત્કટ ઝંખના પ્રગટે છે, તેને ઝંખનાની બાબતમાં જાગૃતિ રહી શકે છે. એટલે આવી જાગૃતિ પ્રગટે ત્યારે સાચી ઝંખના પ્રગટી ગણાય. જેને જે બાબતમાં ખરેખરી દિલની ઝંખના પ્રગટે છે, તેમાં તેની સહજ ગતિશીલતા પ્રગટે છે. ઝંખનામાં ઝંખનાના પ્રકારની ભાવના જીવતી થયા વિના રહેતી નથી. કોઈ કક્ષામાંથી ઉત્થાન થવાને કાજે મૂળમાં તે પ્રકારની તે પરત્વેની ખરેખરી ઝંખના જો જાગે, તો જ તેનાથી ઊંચાં ક્ષેત્રમાં તે પ્રવેશી શકે. જેમ જેમ ઝંખનાનો પ્રકાર ઉત્કટ થતો જાય, તેમ તેમ મુશ્કેલીઓ, વિઘ્નો, હુમલાઓ વગેરે પણ પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ, પરંતુ તે તે કાળે તેની ઝંખનાનું બળ પણ નમી જતું હોતું નથી. ઝંખના એ પણ એક પ્રકારનો અગ્નિ છે. અને અગ્નિનું સ્વરૂપ તેજસ્વી છે અને એનું ઓજસ પણ અનેરું છે. પ્રગટેલી ઝંખના કદી પણ દબાઈ જતી નથી. ઝંખનાનું સ્વરૂપ જેમ જેમ તેજસ્વિત થતું જાય છે, તેમ તેમ તેની ઉત્કટતા પણ વધતી જાય છે, પરંતુ આ બધું તેવું ને તેવું જ રહ્યા કરે છે, તેમ હોતું નથી, તેવી ઝંખના મોળી તો નથી પડતી, પરંતુ તેમાં ગતિમંદતા પ્રગટે છે ખરી અને એવા ચડઊતરના ટેકરાખાડા તેમાં પ્રગટે છે, પરંતુ એવી સ્થિતિમાં પણ પોતાના ધ્યેય પરત્વેની તેની નજર તેની સમક્ષ રહ્યા કરતી હોવાથી તેવી વેળાએ તે પ્રભુને આર્ત અને આર્દ્રભાવે પ્રાર્થના કરી કરીને પોકાર પાડ્યા કરે છે અને ઝંખનાના અગ્નિમાં જીવદશાની અનેક પ્રકારની આહુતિઓ તે આપ્યા જ કરીને તે ઝંખનાને તે વધારે ને વધારે પ્રચંડપણે પ્રગટાવે છે. જેમ જેમ

પ્રાણની શુદ્ધિ વિશેષ ને વિશેષ થવા માંડે, એટલે કે આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, લોભ, મોહ, કામ, ક્રોધ વગેરે વગેરે બધું જેમ જેમ મોળું પડવા માંડે છે, તેમ તેમ જીવનવિકાસ પરત્વેની ઝંખના વિશેષ ને વિશેષ પ્રજ્વલિત બને છે. જીવન પરત્વેની ઝંખનામાં જે ગતિશીલતાની મંદતા પ્રગટે છે, તેનું કારણ તો આપણા પ્રાણની અશુદ્ધિઓ છે. અને જીવપ્રકારની નિમ્ન વૃત્તિઓના પ્રવાહમાં આપણાથી તણાયા કરવાનું જે બને છે, તેનાથી કરીને ઝંખનામાં ફેર પડી જતો હોય છે. જે સમયે જીવનવિકાસ પરત્વેની ઝંખના આપણા દિલમાં જાગે છે, તે વખતે આપણે સ્થૂળ જીવદશાનાં હોઈએ છીએ, એ જીવદશામાં જીવનવિકાસ પરત્વેની જે ઝંખના જાગે છે, એ ઝંખનાને સચેત અને સજીવન રાખવાને માટે આપણે પ્રાણની વાસનાઓની આહુતિઓ આપ્યા જ કરવાની છે. એમ જેમ જેમ આપણી પ્રાણશુદ્ધિ થતી જશે અથવા એવા પ્રકારના ખરેખરા સાચા હૃદયના એકધારા પ્રયત્નમાં પૂરેપૂરા પ્રેમથી જેમ જેમ મંડ્યા રહ્યા કરીશું, તેમ તેમ તેવી ઝંખનાને એવી તો ગગનચુંબિત પાંખો પ્રગટવાની છે, કે જે પાંખો આપણને સતત એકદમ ઊંચે ને ઊંચે ગગનવિહાર કરાવ્યા કરશે. ઝંખનાનું સ્વરૂપ જેમ સ્થૂળ છે તેમ સૂક્ષ્મ પણ છે, જેમ તે નિમ્નગામી છે તેમ તે ઊર્ધ્વગામી પણ છે. જીવનવિકાસના ધ્યેય પરત્વે આપણું મોં જો તે બાજુનું ફરી ગયેલું હશે અને જીવનધ્યેય પરત્વે આપણા રોજબરોજના તેવા પ્રકારનાં વર્તનવહેવાર હશે તો સદાય ઝંખના જીવતીજાગતી રહેવાની છે, તે નિશ્ચે કરીને જાણશોજી. ઝંખનાનું દિવ્ય સ્વરૂપ એ તો અગ્નિ પોતે છે.

એવો જે અગ્નિદેવ છે, તે તો કદી ઓલવાતો નથી. ઝંખના વિના આપણે કદી આગળ વધી શકવાનાં નથી. આ બધી હકીકત તમને લખું છું તેનું કારણ તો એ, કે આપણી જે પ્રકારની ઝંખના છે તે ઝંખનાને મોળી પાડનાર આપણી જીવપ્રકારની વૃત્તિઓ છે. તે તે વૃત્તિઓમાંથી આપણે મુક્ત થવાને કાજે જે પ્રકારનો પુરુષાર્થ કરવો જોઈએ (જો આપણને તેવી તેવી વૃત્તિમાંથી મુક્ત થવાની ખરેખરી દિલની ભાવના અને ઝંખના પેદા થઈ હશે) તે જો પ્રમાણિકપણે દિલની એકનિષ્ઠાથી કર્યા કરતાં રહેતાં હોઈશું, તો તેમાં મદદ મેળવવાને માટે તે તે કાળની આપણી સ્થિતિ પ્રમાણે જે સૂઝે તે પ્રાર્થના કર્યા કરવાનું રાખવું. આપણે જેમાંથી મુક્ત થવું છે તેમાંથી મુક્ત થવાની ખરેખરી દિલની ઝંખના પ્રમાણેનો પુરુષાર્થ જો થતો રહેતો હોય તો તેવા બનતા રહેતા પુરુષાર્થમાં શક્તિ પ્રગટાવવાને માટે જે પ્રાર્થના કરીએ તે પ્રાર્થનામાં આર્ત અને આર્દ્રભાવ આપમેળે પ્રગટવાનો છે.

આમ, જે આપણે માગતાં હોઈએ તેનો ઉત્કટ ભાવ પ્રાર્થનામાં તે તે સમયે જીવતોજાગતો પ્રગટેલો રહ્યા કરવો જોઈશે. પ્રાર્થનામાં ઉત્કટપણે ઉત્તમ પ્રગટેલો ભાવ તે પણ એક પ્રકારનું ધ્યાન છે. અને તે ભાવાત્મક ધ્યાન છે. એમાં શબ્દ હોય પણ ખરા અને ના પણ હોય. પ્રાર્થનામાં ભાવને પ્રગટાવવાને માટે શરૂ શરૂમાં શબ્દની આવશ્યકતા, પણ તેવો ભાવ પ્રગટતાં ભાવની ભાવાવસ્થામાં શબ્દનો લય થઈ જાય છે. અને આખરે તો 'શબ્દ' એટલે વિચાર કે ભાવનું વાણીમાં સાકારપણે પ્રગટવું તે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૫-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

સાચે સાચો પ્રભુ ! શિરમણિ છેક છું મૂર્ખનો હું,
એવો છું કે પ્રભુ ! કંઈ કહ્યું હોય ને ક્યાં હું જાઉં ?
વાગ્યા ધોખા બહુ હૃદયમાં તોય ના સુધરું છું,
તુંયે હાવાં તુજ કર પ્રભુ ! ધોઈ રે ! નાખતો શું ?

* * *

મારે માટે રવડી મરતું હોય એવું ન કો છે,
કોઈ મારું જગતભરમાં અંગનું ના સગું છે,
જ્યાં જોઉં ત્યાં તુજ પર પ્રભુ ! દૃષ્ટિ મારી પડે છે,
વિશ્વે મારે ગરીબ જનને છાંયડી એક તું છે.

* * *

થાક્યાપાક્યા મુજ ગરીબની 'હા...શ'ની છાંયડી તું,
વિશ્વે મારે સ્થળ હૃદયને એક તું ઠારવાનું,
જે ડાળે છું પ્રભુ જઈ ઊભો તેય શું તૂટી જાશે ?
શું સંજોગે હિણ-કરમીના સારુંયે ઊંધું થાશે ?

(શિખરિણી)

લલાટે રોવાનું મુજ જીવનમાં શું લખ્યું હશે !
ફીટે ના કેમે તે મથી મથી મર્યે બાપ, બહુયે,
ઠરાયે ઠેકાણે મુજથી કહીં ના તો કરું શું હું ?
તને પાયે લાગી વીનવી મરું, દે હા...શ ઉર તું.

* * *

બધી જંજીરોથી પ્રભુ! જગતની મુક્ત થઈને
પૂરી લેવા ધારું તુજ ચરણ વિશ્રાંતિ ઢળીને,

સમુદ્રે છોળોની જ્યમ હૃદ વહે ભાવ ઊરમિ,
ભીંજાવું તેનાથી નિશદિન પ્રભુ ! આશ પૂરની !

* * *

થશે શું મારું કૈં ખબર નથી તેની જરીકયે,
છતાં ચિંતા તેની જરી પણ ધરું ના હૃદ વિશે,
થશે રૂડાં વાનાં જરૂર સઘળાં જો મુજ પરે
કૃપા વર્ષાવે તું, પછી નવ કશાની જરૂર ર્હે.

* * *

ગ્રહી પાદો તારા શરણ જ ઢળ્યો છું ગરીબ હું,
ન છોડું કેમે તે વળી નવ મૂકું રાડ મુજ હું,
ઠરું ના જ્યાં સુધી મુજ હૃદય સંતોષ ન થશે,
તને ત્યાં સુધી હું કરીશ પજવ્યા છું મૂરખ જે.

* * *

દિલની ભાવના પ્રાર્થનામાં વ્યક્ત થઈ શકે છે અને પ્રાર્થનામાં પ્રગટેલો આર્ત અને આર્દ્રભાવ જીવનની નિમ્નગામી વૃત્તિઓનું ઉન્નયન કરવામાં કામયાબ નીવડી શકે છે, તે પણ મારા જીવનની હકીકત છે. જે જે પ્રાર્થનાઓ હું કરતો તે તે પ્રાર્થનાઓની સાથે સાથે જીવનની અનેક પ્રકારની વૃત્તિઓનું ઉન્નયન કરવાનું જ્ઞાનભાન પ્રભુકૃપાથી પ્રગટેલું, અને તેનાથી કરીને જે પુરુષાર્થ સળંગ એકધારો બન્યા કરતો તેમાં જ્યારે જ્યારે મોળાશ પ્રગટતી, ત્યારે ત્યારે પ્રાર્થના કર્યા વિના મારાથી રહી શકાતું જ નહિ, નમૂના તરીકે તે તમને રોજ કાગળમાં લખ્યા કરું છું.

## જીવદશાનાં પ્રકૃતિ અને સ્વભાવ

જીવનવિકાસના સાધકે પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ વિશે વિશેષ ને વિશેષ જાગ્રત થવાનું છે. સંસારવહેવારનાં કર્મમાં પણ જે જીવનાં પ્રકૃતિ અને સ્વભાવ તે તે કર્મને સાનુકૂળ નહિ હોય અને તેવી યોગ્યતા તેનાં પ્રકૃતિ અને સ્વભાવમાં નહિ હોય, તો તેથી કરીને તે સંસારવહેવારનાં કર્મમાં પણ નિષ્ફળતા મેળવ્યા કરવાનો. એવી નિષ્ફળતાને કારણે તેને નિરાશા ઊપજવાની. તેના જીવનમાં કશો રસ તેને જાગવાનો નહિ કે ઉત્સાહ પણ પ્રગટવાનો નહિ. વળી, જેનાં પ્રકૃતિ અને સ્વભાવમાં યદ્વાતદ્વાપણું છે, તેનાથી કરી તેના સંબંધ અને સંપર્કમાં આવતાં બીજા જીવોને પણ અશાંતિ તે પેદા કરાવશે અને પોતે પણ બીજાનાથી કરીને દુઃખી થયા કરશે. સંસારવહેવારમાં યોગ્ય પ્રકારની કુશળતાને માટે પણ પ્રકૃતિ અને સ્વભાવ યથાયોગ્ય પ્રકારનાં હોય તે ઘણું જરૂરી છે, તો પછી સાધનાની બાબતમાં પ્રકૃતિ અને સ્વભાવ સાનુકૂળ હોય તે કેટલું બધું અગત્યનું છે, તે તો સહેજે સમજી શકાય તેવું છે. પ્રકૃતિ અને સ્વભાવ કદી કાળ સુધરી શકે નહિ એવી જે માન્યતા છે, તે ખોટી છે. આ જગતના વહેવારમાં આપણી આંખ તળે નીકળી ગયેલા કેટલાક માનવીને પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવને ઠેકાણે પ્રગટાવેલાં જાણેલાં છે. પ્રકૃતિ અને સ્વભાવને આપણે જો મઠારવાં હોય, તો સર્વથી પ્રથમ તો પોતપોતાનાં પ્રકૃતિ કે સ્વભાવનું યથાયોગ્યપણું નથી અને તે જીવનસાધના અને વહેવારકુશળતામાં જ્યાં ને ત્યાં મુશ્કેલીમાં મુકાવી દે છે, તથા તેની અયોગ્યતાને કારણે કેટલાંય કર્મમાં

યોગયોગ્ય કુશળતા પ્રગટી શકતી નથી એનું તેવા જીવને પારાવાર દુઃખ થવું ઘટે. એવી દુઃખની વેદના તેવા જીવને જગાડે છે. પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવને જરૂર જો તે ધારે અને મક્કમ નિર્ણય કરી શકે તો તેને કેળવી શકાય તેમ છે તે નિશ્ચિત હકીકત છે. સ્વભાવ અને પ્રકૃતિ પોતાના ધ્યેયને અનુકૂળપણે નહિ વર્તી શકે એવાં હોય તો તેવા જીવનું કામ પ્રકૃતિ અને સ્વભાવના પરિવર્તન વિના સાધનાનાં ક્ષેત્રમાં કદી પણ આગળ વધી શકાવાનું નથી.

## સંસારમાં પણ ખમીરની જરૂર

સંસારવહેવારમાં પણ ખમીરની જરૂર છે. આ સંસારમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ, વિઘ્નો, ઉપાધિઓ અને ચિંતાથી માનવી વીંટળાઈ ગયેલો હોય છે. એ બધાંથી તે કેટલીય વાર હાલી ઊઠે છે, પરંતુ તેને જીવવું તો પડે છે. ઘણાય માણસો માત્ર જીવવાની ખાતર અથવા તો જીવવું પડે છે તેટલા માટે જીવતા હોય છે. તેઓ તો જીવતા છતાં મડદા જેવા જ છે, પરંતુ જે જે માનવીને જીવતાં જીવતાં કંઈક કરવું છે અને કંઈક કરવાની તમન્ના જેને જેને જાગેલી છે, એવા માનવીનું ખમીર કોઈ જુદા પ્રકારનું છે. ખમીર વિના તે કદી અડગ થઈ શકતો નથી. માથું ટટાર રાખીને સંસારમાં નભવું, ટકવું અને ચાલવું, એ ખમીર વિના બની શકતું નથી. જો સંસારમાં આટલા ખમીરની જરૂર છે, તો સાધનાનાં ક્ષેત્રનું તો પૂછવું જ શું ?

## ખમીરનો પોતાનો દાખલો

સાધનાનાં ક્ષેત્રનાં કર્મને ફળીભૂત થવામાં તો ભારેમાં ભારે ખમીરની જરૂર છે. સર્વથી પ્રથમ તો સાધકે અભય કેળવવાની

જરૂર રહે છે, અને ભય કંઈ એક પ્રકારનો હોતો નથી. અનેક પ્રકારના ભયથી મુક્ત થવાને કાજે જીવે કેવું કેવું મથવું પડે છે, અને કેવી જાગ્રતિ રાખવી પડે છે અને તે તે વેળા માનસિક કેવાં ઘમસાણ મચે છે, તેનો પણ કોઈ ઑર ઇતિહાસ છે. આ જીવને જ્યારથી સાધનાનું કર્મ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું, ત્યારથી તે ભાગ્યે જ ઘરમાં સૂતો હોય, હંમેશાં તે સ્મશાનમાં સૂતો. અને જ્યાં જ્યાં ભય લાગે એવી ભયંકર જગાઓ હોય, ત્યાં તે જઈને રાતવાસો કરતો. નડિયાદ પાસે એવી એક બોકડની જગા છે. ત્યાં ભારે ભયંકર બાવળી છે. અત્યારે છે કે કેમ તે જાણતો નથી. ત્યાં અનેક પ્રકારના ચિત્રવિચિત્ર માનવીઓ રાત્રે ભટકે. અનેક પ્રકારના ગુનાઓ થાય એવી તે મશહૂર જગા. ત્યાં પણ પ્રભુકૃપાથી આ જીવ રાત્રે સૂવાનું કરતો. વળી, જે જગાઓએ સાપ, વાઘ, સિંહ વગેરે રાની પશુઓનો ભય હોય, ત્યાં તે ભય ટાળવાનો પણ જાગ્રત પ્રયત્ન પ્રભુકૃપાથી તક મળતાં બન્યા કર્યો હતો. લોકનાં રીતરિવાજ અને તેની ભીંસથી પણ માનવી ભયમુક્ત થઈ શકતો નથી. લોકનો પણ તેને ભારે ભય હોય છે. લોકના વાતાવરણથી તે કદી વિરુદ્ધ વર્તી શકતો નથી, અને તેવા વાતાવરણથી તે ભયગ્રસ્ત રહે છે. આ બધાથી ભયમુક્ત થવાને કાજે જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગ પ્રગટ્યા ત્યારે ત્યારે આ જીવે પ્રભુકૃપાથી એવા અનેક પ્રકારના ભયમાંથી મુક્ત થવાને જબરજસ્ત પ્રયત્ન કરેલો છે. તે કાળે પણ શહેરમાં સગાંવહાલાંઓના ઘરની પાસે થઈને રસ્તા ઉપર ભજન ગાતાં ગાતાં અને નાચતાંકૂદતાં ચાલ્યા જવાનું બનતું, અને એવી મસ્તીના તાનના મદમાં જે મુક્ત કંઠે

પ્રભુકૃપાથી ગાવાનું બનતું, તેથી કરીને દિલમાં જે એક પ્રકારની મસ્તી ચડતી, તે મસ્તીની ખુમારી તમે લોક કદી સમજી શકનાર નથી. લોકથી દબાયેલા અને લદાયેલા, અનેક પ્રકારનાં રીતરિવાજો તથા માન્યતા, સમજણો, ટેવો અને આગ્રહોની શૃંખલાઓથી બદ્ધ થયેલા અને જકડાયેલા એવા જીવો ઉપલા પ્રકારની ખુમારીને બહુ બહુ તો માત્ર બુદ્ધિની ઉપરછલ્લી સમજણથી સમજી શકે તો સમજી શકે. સંસારના જીવો તો અનેક પ્રકારના અને અનેક પ્રકારથી કાયર હોય છે. આ હું દોષારોપણ કરતો નથી, પરંતુ તે હકીકત જાતઅનુભવની છે. કાયરનું સાધનામાં કશું ચાલી શકે તેમ નથી. સાધનાનાં ક્ષેત્રમાં તો ભારેમાં ભારે પરાક્રમ, શૌર્ય, સાહસ, હિંમત, ધીરજ, ઉત્સાહ વગેરે ગુણોની જરૂર છે. જે જીવમાં તે તે ગુણશક્તિ ના હોય તેણે કૃપા કરીને સાધનાનાં ક્ષેત્રમાં કદી પણ જવાનું કરવું જ નહિ. અભય કેળવવાને માટે જાણીજોઈને, વિચારીને કોઈ પગલાં મેં લીધાં નથી, પરંતુ જીવનમાં અનેક પ્રકારના જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગો પ્રગટ્યા, ત્યારે ત્યારે તેમાંથી ભયમુક્ત થવાને પ્રભુકૃપાથી જબરજસ્ત સંગ્રામ પ્રગટાવવાનું ભાન જાગ્યા કરેલું, અને સ્મશાન અને એવી ભયજનક બીજી ભયંકર જગાઓએ રહેવાનું જે બનતું, તેમાં પણ એકલી ભયમુક્ત થવાની મહત્ત્વાકાંક્ષા હતી એવું છેક ન હતું. મને પોતાને માનવીના સમૂહના કોલાહલથી આઘેમાં આઘે તદ્દન શાંત અને એકાંત જગા મળી શકે, તો સાધનાનું કામ પણ ખૂબ શાંતિથી અને આનંદથી થઈ શકે તેવા હેતુથી પ્રેરાઈને ઉપર જણાવેલી જગાઓ પસંદ પડતી તેથી પણ ત્યાં સૂવાનું

રાખતો હતો. શરૂશરૂમાં તો કંઈ ભય લાગતો ન હતો, એવું તો ન હતું, પરંતુ તેમ થતાં તેમાંથી જાગવાનું થતાં સ્મરણ કર્યા કરતો, પ્રાર્થના કરતો. અને ભય એ એક પ્રકારના તેવા સંસ્કારના પરિણામે પ્રગટે છે, બાકી તો તેવા સંસ્કાર જો હઠી જાય, તો ભય જેવું લાગતું નથી એવી ઊંડી ઊંડી દિલમાં જે સમજણ પ્રભુકૃપાથી ઊંડામાં ઊંડી પ્રગટેલી હતી, તેના કારણે પણ ભયમાંથી મુક્ત થતું જવાનું બની શક્યું હતું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

ભૂલો દોષ થતાં કબૂલ કરતો હું પાય તારે પ્રભુ !
ને શિક્ષા મળતાં ન હું બડબડું પ્રેમે સહી તે લઉં,
ર્‌હેવા જાગ્રત હું મથું, ત્યમ છતાં દોરાઈ આડો જઉં,
તે વેળા હૃદયે સતેજ કરજે હું મૂર્ખને હે પ્રભુ !

* * *

ક્યાંયે જો સ્થળ હોય નિર્ભય કદી, તું એકલાનું જ તે,
જાણી એમ બચી જવા શરણ મેં તારું ગ્રહ્યું હે વિભો !
તો છોરું લઈ લે હાવાં તુજ કને, કૈં દાખવી પ્રેમ તું,
ક્યારે બાપ ! બનાવશે ગરીબને તું ભાગ્યશાળી ? પ્રભુ !

તારે પાય પડ્યો, ખસેડ જરી ના તું દૂર ત્યાંથી પ્રભુ !
એ છે એક જ પ્રાર્થના હૃદયની, તું ધ્યાન લેજે પ્રભુ !
મારે તો બસ એટલું જ કરવા જો દે મને તું પ્રભુ !
બીજી કોઈ જ વાંછના ઉર ઊંડી ના છે મને, હે પ્રભુ !

* * *

મારે આ ક્યમ ટાળવો હૃદયનો ઉદ્વેગ ઊંડો ? પ્રભુ !
જ્યાં એકેય ઉપાય હાથ મુજ ના, ત્યાં ક્હે હાવાં, શું કરું !
મારી જે ઉરધારણા, તુજ થકી તે શાંત થાશે પ્રભુ !
તેથી તો વીનવ્યા કરું ઉર ઊંડું ભાવે તને, જો ! પ્રભુ !

* * *

મારા સંકટને સમે સતત તું ર્‌હેજે સહાયે પ્રભુ !
હૈયે હિંમત, કાપવા દુઃખ બધું, તું આપજે હે પ્રભુ !
સામે બાપ, ઝઝૂમવા બળ મને એવું તું દેજે પ્રભુ !
કે હાથે મુજ એકલે દુઃખતણો હું અંત લાવી શકું.

* * *

ક્યારે શાંત થઈ ઠરીશ મનથી એ તું મને ક્હે પ્રભુ !
મારો આ બકવાટ સર્વ ટળશે ક્યારે નકામો ? પ્રભુ !
તારે પાય નિરાંતથી જ મળશે જાણી સૂવાનું પ્રભુ !
આવ્યો છું તવ પાસ, આશ ઉરની જોજે કરે ભંગ તું !

* * *

## લાઠીમાર અને જેલ

અભય કેળવવાની જેમ જરૂર છે, તેમ જ્ઞાનભક્તિયુક્ત નમ્રતા પણ કેળવવાની તેટલી જ જરૂર છે. ગીતાજીના ૧૬મા અધ્યાયમાં જે ગુણસમૃદ્ધિનું વર્ણન છે, તેમાં સૌથી પ્રથમ અભય છે અને સૌથી છેલ્લું લક્ષણ નમ્રતા છે, તે પણ મારી સમજણની દૃષ્ટિએ સૂચક છે. પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના અને જીવનવિકાસને યોગ્ય જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થવું શક્ય નથી. વળી, આ જીવ કદી પણ આપણી મહાસભાનો (કૉંગ્રેસનો) સભાસદ

થયેલો નથી. પણ તેણે પ્રેમથી ૧૯૩૦ના આપણા રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું ઝંપલાવ્યું, ત્યારે તે અભય કેળવવા માટે જ નહિ, પરંતુ અભય કેટલો અને કેવો કેળવાયો છે, તેનો અનુભવ કરવાને માટે તે સંગ્રામમમાં પ્રભુકૃપાથી ઝુકાવવાનું બન્યું હતું. બોરસદ પાસે દેવાણના ઠાકોરે છેતરપિંડી કરી અને સ્વયંસેવકોને પોતાને ગામ નોતરી રાતે ગામ વચ્ચેના ચોકમાં જાહેર ભાષણ ગોઠવાવી, ભાષણ અર્ધું થતાં બત્તીઓ વગેરે ઓલવી નંખાવી ચારેબાજુથી ઘેરી સ્વયંસેવકો પર લાકડીઓના ભયંકર માર મરાવવાનું કર્યું, ત્યારે પ્રભુકૃપાથી આ જીવ મોટેથી હરિસ્મરણ કરતાં કરતાં લાઠીના ઘા ઝીલતો હતો અને ત્યાંથી એક ડગલું પણ ખસ્યો ન હતો, તે પ્રસંગનાં પ્રત્યક્ષ જોનારાં અને જાણનારાં જીવો આજે પણ હયાત છે. તે ૧૯૩૦ના સંગ્રામમમાં આવા તો કેટલાય બનાવો બનેલા છે. અને જેલમાં જવાનું પણ એકમાત્ર સાધનાના હેતુથી જ બનેલું. મારી મા મને કદી પણ લાંબા સમય માટે દૂર એકાંતમાં સાધનાને સારુ જવા દેવા માટે આશીર્વાદ ના આપે, પરંતુ જ્યારે આ ૧૯૩૦નો સંગ્રામ પ્રગટ્યો ત્યારે મેં માને કહ્યું કે ‘બા ! આ તો લૂણને હલાલ કરવાનો સમય પાક્યો છે. જેનું આપણે લૂણ ખાધું, તે લૂણ અત્યારે હવે દેશની સામે અમને ખુમારીથી યુદ્ધમાં જોડાવાને પડકાર આપે છે. અત્યારે અમારાથી હવે ટગર ટગર ખાલી જોઈ બેસી રહેવાય નહિ. માટે તું મને સંમતિ આપ અને પ્રભુકૃપાથી સંસારવહેવારનું ખર્ચખૂટણ બધું ચાલી શકે એવી વ્યવસ્થા તો બની જશે.’ તે પછી તેણે મને બહુ ઉમળકાથી તો નહિ, પણ જેમ તેમ કરીને રજા તો આપી.

આ અંગેની મારી ઑફિસના કામકાજની વ્યવસ્થા માટે તે સમયે ભાઈ પરીક્ષિતલાલને મેં લખી પણ જણાવેલું અને આર્થિક બાબતની વ્યવસ્થા પણ કરી હતી. જેલમાં જવાનો હેતુ એકમાત્ર ત્યારે પણ સાધનાનો જ હતો. જેલમાં સતત મૌન પાળતાં કોઈની પણ સાથે બોલતો કરતો નહિ, અને તમારા જેવા પણ જેલમાં સાથે રહેલા ત્યારે પણ બોલવાનું થતું નહિ. હું મારાં સ્મરણ, ધ્યાન, પ્રાર્થના આદિનાં કાર્યમાં મશગૂલ રહ્યા કરતો, જેલનું આપેલું કામકાજ કરવામાં પ્રેમભક્તિથી ઉમળકો બતાવ્યા કરતો. જેલમાં આપણામાંના ઘણાંનું પોત સાવ ઉઘાડું પડી જતું. તેઓ એટલા બધા પ્રકારની છેતરપિંડી કરતા અને પ્રપંચ ચલાવતા કે તે જોઈને જ મને તો થયેલું કે આવા લોક અહિંસાનો ભાવ શી રીતે રાખી શકે? એવી શક્યતા જ તેમનામાં હતી નહિ એમ લાગ્યું હતું.

**જીવનસંગ્રામનાં ગુણશક્તિ**

એ તો તે કાળના વાતાવરણના ભારે જુસ્સાના આવેશ અને આવેગમાં તણાઈને અંદર આવી ગયા હતા. જેલમાં સતત એકધારાં સ્મરણ, પ્રાર્થના, ધ્યાનાદિમાં પળેપળ જાગ્રતિયુક્ત સમય પ્રભુકૃપાથી પસાર થતો. આ હકીકત આપણા કેટલાક મિત્રોએ જાતે અનુભવેલી છે. ભાઈ પરીક્ષિતલાલ, હરિવદનભાઈ અને આપ સાહેબે પોતે પણ તે તે બધું જાતે અનુભવેલું છે. હેતુનું જ્ઞાનભાન હોવું અને તેની પળેપળની જાગ્રતિ પ્રગટેલી રહે તો જ સાધનાના વિષયનું કર્મ યથાયોગ્યપણે થઈ શકે. સાધનાનાં કર્મનું ક્ષેત્ર તો માગી લે છે દિલનો કોઈ અપૂર્વ ઉત્સાહ, ખંત, કાળજી, વ્યવસ્થા, સાહસ,

હિંમત, તમન્ના વગેરે અનેક ગુણસમૃદ્ધિનાં સાધન પણ તે માટે ખાસ જરૂરનાં છે. અને સાધનાના ભાવનો વિકાસ થતાં થતાં તે તે ગુણની શક્તિ વિશેષ ને વિશેષ પ્રમાણમાં તેજસ્વિત થતી જતી અનુભવી શકાય છે. એવું થતું હોવાથી જ આગળ જતાં સાધનાના પ્રદેશમાં જે જે ઉગ્ર સંગ્રામ પ્રગટે છે, તેનો સામનો કરવાની ખુમારી પણ સાથે સાથે પ્રગટે છે. સંગ્રામ દેખીને તેનામાં એક અનેરા પ્રકારનું શહૂર પ્રગટે છે. તે વિશેષ જાગ્રત બને છે, અને ટટાર થાય છે અને પ્રભુકૃપાથી કટિબદ્ધ થઈને તે બેઠો થતો હોય છે. તે એવો તો રણસંગ્રામમાં ઝઝૂમે છે, કે જેની સરખામણી સ્થૂળ યુદ્ધના ભારેમાં ભારે લડવૈયાની સાથે પણ કદી થઈ શકે તેવી નથી. આ સાથે સાથે શ્રીભગવાન પરત્વેની તેની ભક્તિનો ભાવ તે તે કાળે તેના દિલમાં દિલથી પ્રજ્વળેલો અને વિશેષ પ્રગટતો હોય છે. તેવો ભાવ તેના દિલમાં એક એવા પ્રકારની ઓથ અને શ્રદ્ધા પ્રગટાવી શકે છે, કે જેથી કરીને તે એકમાત્ર ઝઝૂમ્યા કરવાનું જ જાણતો હોય છે. જીવનમાં પ્રગટેલી એવી ખુમારીના ભાવથી જે ઝઝૂમ્યા કરવાનું બનતું હોય છે, તેમાંથી તેનાં પરાક્રમ, શૌર્ય, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે અનેકગણાં પ્રકાશિત થઈને વિશેષ ને વિશેષ બળબુદ્ધિને પામે છે. તે તે ગુણની શક્તિ પણ વિશેષ ને વિશેષ પ્રગટતી જતી તે અનુભવી શકે છે. આવો વીર કદી નિરાશાને જાણતો હોતો નથી. જેને જીવન પરત્વેની મહત્ત્વાકાંક્ષા જાગેલી છે, તેને વળી નિરાશા ક્યાંથી હોય ? એક વૈજ્ઞાનિકને અમુક પ્રકારની કલ્પના જાગે છે કે 'આમ કરવાથી આવું પરિણામ નીપજી શકે', એટલે તે પ્રયોગના યજ્ઞમાં તે યાહોમ કરીને ઝંપલાવે છે. એવા

વૈજ્ઞાનિકને એક બે વાર નહિ  પણ હજારો વાર નિષ્ફળતા સાંપડે છે. એવી અનેક વાર, અસંખ્ય વાર તેને નિષ્ફળતા સાંપડે છે, તેમ છતાં તે કદી નિરાશ થતો નથી, તેવી નિષ્ફળતાનાં પરિણામમાંથી તેને નવું નવું કરવાનું સૂઝે છે. તેને જે નિષ્ફળતા મળે છે, તેવા પ્રકારના પ્રયોગમાંથી તે પોતાની જીતની હારમાળામાં વિશેષ ને વિશેષ પ્રગટતો જતો હોય છે. જો એક વૈજ્ઞાનિકની બાબતમાં આમ બનતું હોય, તો જીવનવિકાસનો સાધક એનાથી વિશેષપણે ઉત્સાહ, સાહસ, હિંમત વગેરે વગેરે પ્રભુકૃપાથી બતાવતો હોય છે. એને નિરાશા નથી હોતી. આપણા હાલના કાળમાં પણ મહાત્મા ગાંધીએ જે સ્વાતંત્ર્યસંગ્રામ ઉપાડેલો છે, તેમાં દેખીતી રીતે હાર તો કેટલીયે વાર મળેલી છે, પરંતુ તેવી દેખીતી લાગતી હારમાંથી તેમને નવું ને નવું સૂઝ્યા કરેલું છે, અને નવા નવા પ્રકારની લડત તેમણે આપેલી છે. હારમાંથી તેઓ સફળતાની ચાવીનો ઉકેલ શોધે છે. 'શોધે છે' એમ કહેવું એ પણ યોગ્ય નથી. દેખીતી હારમાંથી તેમને સફળતાનો ઉકેલ પ્રભુકૃપાથી આપોઆપ મળી આવે છે. તેવું જ સાધકને પણ થતું હોય છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૭-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભુ તારો હું છું મુજ ભૂલચૂકો માફ કરજે,
અને હું તો વાંકો જનમભરનો છું પ્રભુ ! ખરે,
કદી જોવા બેસે મુજ ગરીબના દોષ પ્રભુ ! જો,
જશે તો થાકી તું જરૂર ગણતાં, જોઈશ ન તો.

* * *

નિગા’દષ્ટિ શેં તું મુજ પર કરે ના કંઈ ? પ્રભુ !
અરે ! રાચે છે શું પ્રભુ ! ચગદવામાં તું મુજને ?
લહું તોયે હૈયે અનુપમ મઝા ઑર પણ હું,
સહેતાં તારી તે મરજી થઉં છું ધન્ય પ્રભુ ! હું.

* * *

ખરે ! મૂર્ખો હું છું મુજ હૃદય છે નિષ્ઠુર બહુ,
પ્રભુ, એવો છું કે વશ થઈ જઉં મોહ થકી હું,
વળી અજ્ઞાની તે વીસરી તુજને હું બહુ જઉં,
મને શાને ભૂલે દીન જનતણો બંધુ થઈ તું ?

* * *

સદા સંતોષે હું પ્રભુ ! રહી શકું એમ કરજે,
મને પાસે તારા હૃદય પ્રભુ ! રાખી નીભવજે,
તને એ માટે હું હૃદયથી લળી યાચી મરું છું,
દયાદષ્ટિથી તો મુજ ગરીબની આશ પૂર તું.

* * *

મડાગાંઠે તારે ચરણ વળગીને રહીશ હું,
હાવાં સૂઝે તેવું મુજ કર તને જેમ ગમતું,
ન કોને તાબે તું, નવ કરી શકું આગ્રહ તને,
મને દેતો ર્‌હેજે, પ્રભુ ! ઘટતું જે હોય મુજને.

* * *

ઢળી તારે પાયે દુઃખ ગરીબનું શું ન ફીટશે ?
હજી ક્યાં સુધી તે દળી દળી મને તું રીબવશે ?
પડી પાયે તારે લળી લળી તને હું કરગરું,
હવે આણી દેને મુજ દુઃખતણો અંત પ્રભુ ! તું.

* * *

## જાગ્રતિયોગ

જેલની બાબતમાં તથા અભયની બાબતમાં મેં જે તમને લખ્યું હતું, તેવી જ રીતે આ જીવે જ્ઞાનભક્તિપૂર્વક તેના સકળ પ્રકારના જીવનવહેવારમાં નમ્રતાનો ગુણ કેળવવાનો સતત એકધારો પ્રયાસ કરેલો છે. અને નમ્રતાને શૂન્યમાં શૂન્યની હદે લઈ જવાને પ્રભુકૃપાથી આ જીવ જ્ઞાનપૂર્વક મથ્યા કરતો હતો, એની જાણ ભાગ્યે જ આપણામાંના કોઈકને પ્રગટેલી હશે. નમ્રતા એટલી બધી હદ સુધીની કે આપણામાંના ઘણાં તેને 'ભોટ' ગણતાં અને જાણતાં. નમ્રતા એમ ને એમ કંઈ કેળવાતી નથી. જીવનમાંથી અનેક પ્રકારનાં સમજણો, માન્યતાઓ અને આગ્રહો વગેરે પરત્વેનું જોશ ઘટ્યા વિના સાચી નમ્રતા પ્રગટેલી જાણી નથી. તેથી કરીને તો મારી પોતાની આગવી સમજણને જરા પણ મહત્ત્વ આપ્યા વિના બીજા બધાંની સલાહ સૂચનાને પ્રેમભક્તિભાવે સ્વીકારવાનું કર્યા કરતો, તે હકીકત પણ આપણાં બધાંની જાણમાં છે. તે એટલે સુધી કે જ્યારે સાબરમતી ગાંધી આશ્રમમાં ગૂજરાત હરિજન સેવક સંઘના મંત્રીપદે હતો, ત્યારે કામ કરતાં કરતાં જાજરૂ જવાનું થતાં તે તરફ પ્રયાણ કરતો, પણ ત્યારે કન્યા છાત્રાલયની બહેનો મને મશ્કરીમાં ઉદ્દેશીને ખાસ કહેતી કે 'ચૂનીભાઈ ! જાજરૂ જશો નહિ. પાછા જાઓ,' તો તે પણ હું તેના હેતુના જ્ઞાનભાન સાથે પાળવાનું કરતો, આને બીજા તો તદ્દન મૂર્ખામી જ ગણે. તેમાં પણ એક પ્રકારનો સંયમ કેળવવાનો હેતુ જીવતોજાગતો રાખતો. જાજરૂ જવાનું થતાં દબાવી રાખવાનું જો કરીએ તો આરોગ્યને નુકસાન થાય એવું તો જાણતો હતો, પરંતુ જે કર્મ હેતુના જ્ઞાનભાન સાથે થતું

હોય છે, તે કર્મમાંથી ગેરલાભ ઘણો ઓછો પ્રગટે છે, એવો અનુભવ મને અનેક વાર પ્રભુકૃપાથી થયા કરેલો છે. સાધનાના ભાવનો વિકાસ થતાં થતાં અનેક પ્રકારની ગુણસમૃદ્ધિ તથા ગુણશક્તિ પ્રગટ્યા કરે છે. એકલા ગુણની સાધના બહુ મુશ્કેલ છે, પણ જીવનવિકાસ પરત્વેનો ઉત્કટમાં ઉત્કટ દિલમાં દિલથી ભાવ પ્રગટતાં ગુણ આપોઆપ પ્રગટ્યા વિના રહી શકતા નથી, એવો મારો પોતાનો જાતઅનુભવ છે. ગુણનું મહત્ત્વ છે અને તે તદ્દન ખરું છે, પરંતુ ગુણ કરતાં પણ જીવનવિકાસ પરત્વે એટલે કે દિલનો ભાવ પ્રગટાવવા પરત્વે જ વિશેષ ને વિશેષ મહત્ત્વ આપણે પ્રગટાવ્યા કરવાનું છે, કારણ કે ભાવમાંથી તેને તેને લગતું યોગ્ય આપમેળે નીપજતું જતું હોય છે, તે પણ અનુભવની હકીકત છે. આમ, એક બાજુથી ભાવને મહત્ત્વ આપી આપીને ગુણને કેળવ્યા કરવાના છે, તે સાથે સાથે ભાવ પ્રગટી શકે એવા સાધનના અભ્યાસમાં આપણું દિલ સતત એકધારું, એકતાનતાથી પરોવાયેલું રહે તેવા પ્રકારની જાગ્રતિની પણ ઘણી ઘણી જરૂર છે. આને હું 'જાગ્રતિયોગ' એવું નામ પણ આપું. જેને જે પ્રકારની જાગ્રતિ જેમાં જેમાં પ્રગટે, તેમાં તેમાંથી તેને તેને તેવી તેવી સમજણ પ્રગટે છે. જાગ્રતિ જીવતીજાગતી પ્રગટેલી રહેતી હોય તો જ તે પ્રકારનો પ્રયત્ન બનતો રહે છે. જાગ્રતિ વિનાનો પ્રયત્ન, ધારો કે થતો હોય તોપણ, તે યોગ્ય પરિણામ નિપજાવી શકતો નથી.

## લેખકની સાધનાયુક્ત કર્મનિષ્ઠા

સાધનાનો ભાવ જેમ જેમ પ્રગટે છે, તેમ તેમ કર્મ પરત્વેની ભાવના પણ વિશેષ પ્રજ્વલિત બન્યા કરે છે. આ

હકીકત મારા જીવન પૂરતી તો મને તદ્દન સાચી લાગેલી છે. નડિયાદમાં મને માત્ર એક શાળાનું કામ સોંપવામાં આવ્યું હતું. શાળાના સમય જેટલું જ હું કામ કરતો હોત, તો કોઈ મને ઓછું કામ કરું છું એમ કદી પણ ના કહી શકત, પરંતુ હું તો શાળાના સમય પહેલાં ઘણીયે વાર મરીડા ભાગોળે હરિજન-વાસમાં જતો. દરેક કુટુંબના જીવોની સાથે હળતો, ભળતો, મળતો, તેમની સાથે સુખદુ:ખની વાતો કરતો. વિદ્યાર્થીઓને શોધી શોધીને બોલાવી લાવતો. એટલું જ નહિ, પણ રાતે પણ હરિજનવાસમાં જઈ મહાભારતની વાતો કહેતો, ભજનો ગાતો અને ગવરાવતો અને તે ઉપરાંત, રાતે વિદ્યાર્થીઓની સાથે વાર્તાલાપ ગોઠવતો. કેટલીક વાર વિદ્યાર્થીઓની સાથે રાતવાસો પણ ત્યાં કરવાનું રાખતો. વિદ્યાર્થીઓને લઈને એકાંત સ્થળોએ ઉજાણી કરવાનું પણ ગોઠવતો. રમતગમતો પણ કરાવતો તથા વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ કરવાનું બનતું. આવાં બધાં કામની હકીકતની આજે પણ ત્યાંના રહેવાસી લોક સાક્ષી પૂરી શકે એમ છે.

નડિયાદનો હરિજન આશ્રમ ચલાવવાનું કામ જ્યારે હતું, ત્યારે પણ રજાઓમાં વિદ્યાર્થીઓના ગામે જવાનું બનતું. અને ત્યાં તેમના વાસમાં જ રહેવાનું અમે કરતા, ભંગીવાસમાં પણ રહેતા. તેમનાં વાસણો - દેગડા, ઘડા વગેરેને - નદીએ કે જળાશયે લઈ જઈને ખૂબ મંજાવી મંજાવીને એકદમ ચકચકાટ બનાવતા અને તેમાં પીવાનું પાણી ત્યાંથી જ અમે ભરી લાવતા. અને વિદ્યાર્થીઓની સાથે અમે આવાં ચકચકાટવાળાં વાસણો લઈને આવતા, તેથી તે ગાળાના લોક ઉશ્કેરાઈ પણ જતા

અને અમને દમદાટી પણ આપતા અને અનેક રીતે ધમકાવતા. વાસમાં જ અમારું રાંધવાનું પણ બનતું. રાત્રે ભજનકીર્તનનો કાર્યક્રમ પણ રાખતા. હાલમાં 'નવજીવન' કાર્યાલયમાં કામ કરી રહેલા રઘાભાઈ ભગત અમારા આવા પર્યટનની હકીકત જાણે છે. આ જીવના આવાં કાર્યની કદર બીજા સાથીઓએ કરી નથી, એ હું પોતે પ્રમાણિકપણે તમને જણાવું છું, જોકે હું તો તે બાબતમાં સંપૂર્ણ નિઃસ્પૃહ હતો. આ બધું મારાથી થતું હતું તે તો સાધનાની ભાવનામાંથી પ્રગટેલી કર્મ પરત્વેની પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠાને લીધે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૭-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શિખરિણી)

કરું કોટિ યત્નો પણ હજીય ફાવી નવ શક્યો,
અને મારો ખાધો નહિ જરીય ક્યાંયે ગજ કશો,
વળી કાંત્યું, પીંજ્યું, બધુંય ધૂળધાણી મુજ થતું,
લખેલું કર્મે શું કદીય પ્રભુ ! મિથ્યા નવ થતું ?

* * *

સદા હું તો તારાં પદકમળનો સેવક પ્રભુ !
શિરે સ્વામી મારે જગતમહીં છે એક પ્રભુ, તું
હુંથી સેવા તારી કંઈ કરી શકાયે જરીયે જો,
થઉં છોરું તારું પરમ પ્રભુ ! હું ધન્ય નકી તો.

* * *

રહે છે દાંતોમાં પ્રભુ, જ્યમ બિચારી જીભ અરે !
અહીં ર્‌હેવું મારે, ત્યમ મન હૃદે ચિત્તમહીં તે,

ધણીધોરી મારો જગ તુજ વિના કોઈ નહિ છે,
મને જાણી તેવો મુજ પર કૃપા પ્રેમ કરજે.

* * *

પડ્યો છું હું તારે ચરણકમળે બાળક પ્રભુ !
કદી અજ્ઞાનેથી અણસમજણો કૈં ભૂલ કરું.
કૃપાદષ્ટિથી તું ઉર ધરી દયા માફ કરજે,
તને સાષ્ટાંગે આ પ્રણિપત કરી રાંક વીનવે.

* * *

હજી કૈં સંતોષે મુજ જીવન ગાળી નવ શકું,
અને આશા મારી હૃદયની પૂરી ના થઈ પ્રભુ !
તને તારું છોરું લળી લળી કહે, ધ્યાન કરજે,
મને લેશે જ્યારે ઉર ઉમળકે, બાળ ઠરશે.

* * *

શિરે નાખે જે કૈં સહન સઘળું હું કરીશ તે,
અને હું તો કૈંયે બબડીશ નહિ બાપ, જરીયે,
હશે જે જે તારે દિલ પ્રિય મને તે પ્રિય જ છે.
મને તે સ્હેવામાં અનુપમ મઝા બાપ, પડશે.

* * *

## ભાવની શક્તિ

પ્રભુકૃપાથી જીવનની સાધના એ કદી પણ એક દિશા પરત્વેની હોતી નથી. સાધનાનો ભાવ જીવનના એકેએક પાસાને સમૂળો સ્પર્શતો હોય છે. અને સ્પર્શીને પણ તે બેસી રહેતો હોતો નથી. જ્યાં જ્યાં ભાવ સ્પર્શે છે, ત્યાં ત્યાં તે ભાવ પોતાનું પરિણામ નિપજાવવાને મથ્યા કરતો હોય છે,

તેથી ભાવને હજાર હાથવાળો અને હજાર આંખવાળો પણ કહી શકાય એવી ભાવનાનું સાતત્ય જ્યારે પ્રગટે છે, ત્યારે અંતર્ચક્ષુ ખૂલે છે, એટલે કે એવી ભાવનાને પરિણામે કર્મની હૈયાસૂઝ પણ પ્રગટે છે.

## ભાવમય પ્રાર્થના

આપણી હરરોજની મથામણમાં જે જે પ્રકારની વિકૃતિની આપણને સમજણ પ્રગટે, તે દિવસે તે જ પ્રકારની એક જ ભાવની પ્રાર્થના કરવી. અને તે દિવસે તે જ પ્રાર્થનાનો ભાવ આખો દિવસ પ્રગટ્યા કરે તેવી જીવતીજાગતી મથામણમાં રહ્યા કરવું. જે માગવું હોય તે Consistently-(એકધારું) તે જ પ્રાર્થનાભાવે માગ્યા કરવું. એમાં સળંગતા પ્રગટવી ઘટે, એનું જ મનન અને એનું જ રટણ. તે દિવસની પ્રાર્થનામાં બીજું કંઈ ના હોવું જોઈએ. જે માગતા હોઈએ તેનું કંઈકે સાર્થક્ય અનુભવાયા વિના બીજું કશું પણ પ્રાર્થનામાં માગવું નહિ. આપણી માગણીના પૂરક ભાવ તરીકે જેની જરૂર લાગે તે ભાવની માગણી પ્રાર્થના સાથે ભલે જોડાય. આપણી માગણી પૂર્ણ થાય તે હેતુથી અસલ ભાવને અનુકૂળ અને અનુસારી માગણી કરવાની હોય તો તે તો કરવી ખરી. તે સાથે સાથે પ્રાર્થનાના ભાવને અનુકૂળ, અનુરૂપ વર્તન રોજિંદા વર્તન-વહેવારમાં પ્રગટેલું હોવું જોઈશે. રોજિંદા વર્તનવહેવારમાં જો દિલમાં દિલથી પ્રાર્થનાનો ભાવ નહિ પ્રગટ્યો હોય અથવા તો ત્યારે તદ્દન જીવદશાનું વર્તન બન્યા કરેલું હશે, તો આપણી પોતાની જ દશા વિપરીત બનવાની છે, તે નક્કી જાણશો. તેનું કારણ તો એ છે, કે આપણા પોતાનામાં તેવા વર્તનથી

કરીને Contradiction-(વિસંવાદ) પ્રગટતો હોય છે, એટલે કે આપણા પોતાનામાં પ્રાર્થનાનો ભાવ સાચો જામી શકતો નથી.

**અંતરમાં પ્રાર્થના અને બહાર કર્મકૌશલ્ય**

પ્રાર્થના, અંતરમાં તો બીજાં કામો બનતાં રહેતાં હોય તે દરમિયાન પણ ચાલુ પ્રગટેલી રહેવી જોઈશે. તો તેવી પ્રાર્થનામાં અને તેના ભાવમાં કંઈક પ્રાણ પ્રગટશે. નહિતર તો ભલેને તે આપણી પોતાની પોતાના શબ્દોમાં કે વિચારોમાં થયેલી પ્રાર્થના હશે, તોપણ તેવા પ્રકારની પ્રાર્થના એક મૂઢ યંત્ર જેવી થઈ જશે. અંતરમાં તો સદાય રામનું રટણ થયા કરે અથવા પ્રાર્થના થયા કરે અથવા એવો જીવતોજાગતો પ્રાર્થનાભાવ પ્રગટ્યા કરે અને તેની અસર બહારનાં કર્મો ઉપર પણ એવી રીતે પડે કે તે કર્મો પણ તે પ્રાર્થનાનો એક ભાગ બની રહે અને તે પ્રાર્થનાના સ્વરૂપને સાનુકૂળપણે તે પ્રગટાવી શકે. ધારો કે એક વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિને ચાહે છે. દા.ત., અહીં કરાંચીમાં સોહિણી અને મેહારની વાર્તા જાણીતી છે. પોતાના પ્રિયજનના પ્રેમની ભાવનામાં મસ્ત થયેલું પ્રેમી જિગર પ્રિયજનને ખાતર પોતાની જાંઘ ચીરી તેનું માંસ રાંધી આપતા અચકાતું નથી. સોહિણી આખો દિવસ ઘરકામ કરે છે, પરંતુ એનું હૃદય તો સદાય મેહારને એકધારું ઉત્કટતાથી દિલમાં દિલથી ઝંખતું હોય છે. એટલે એના અંતરનો પ્રેમ આપોઆપ એની પાસે ભારે રેલથી ગાંડીતૂર થયેલી સિંધુ જેવી વિશાળ નદીમાં પણ ઝંપલાવવાનું કરાવી સામે પાર જવાનું પ્રચંડ સાહસ પ્રગટાવે છે. આમ, અંતરનો ભાવ બહારનાં કામો દ્વારા સચોટ રીતે આપોઆપ વ્યક્ત થતો હોય છે. તેવી રીતે

જ્યાં સુધી આપણું પ્રત્યેક નાનુંમોટું કામ જીવનપરત્વેની પ્રેમભક્તિને પોકારી ઊઠતું ના હોય, ત્યાં સુધી આપણું કામ કાચું જ ગણાય. સોહિણી કંઈ 'મેહાર ! મેહાર' એમ મોઢેથી કે મનમાં બોલ્યા કરતી નથી, તેમ પ્રયત્ન કરીને મેહાર વિશે વિચારો કરવા બેસતી નથી, પરંતુ એના દિલના સમગ્ર તંતુયે તંતુ મેહારમય બની ગયેલા હોય છે, એટલે કે તેના અંતરનો ભાવ કેવળ મેહારમય હોવાથી એનાં કર્મમાં પણ તેવો ભાવ આપોઆપ પ્રગટી ઊઠે છે. તેવી રીતે આપણું સમગ્ર જીવન સળંગપણે પ્રાર્થનાના ભાવથી પ્રગટી ગયેલું હોવું જોઈશે. તેવા કાળે પ્રાર્થના માત્ર શબ્દોમાં જ થતી હોતી નથી, અથવા તો અમુક નિશ્ચિત સમયે કે અમુક પ્રસંગે માત્ર થતી રહેતી નથી, પરંતુ સમગ્ર શ્વાસોશ્વાસની પ્રક્રિયાની માફક આખું જીવન જ વિચાર, વાણી, વર્તન બધું જ એક સળંગ પ્રાર્થના થઈ જાય છે. તેવી સ્થિતિમાં પછી કોઈ જાતનો દ્વિધાભાવ રહેતો નથી.

## આત્મનિષ્ઠનું જુદું જુદું વર્તન

આમ કરવું કે તેમ કરવું એવાં વમળ આપણને જે અત્યારે થાય છે, તે જ બતાવી આપે છે, કે આપણું જીવન પ્રાર્થનામય હજી થયું નથી. પ્રાર્થનામાં જીવનની સ્થિતિમાં કશાય પ્રકારના ક્લેશ, સંતાપ કે સંઘર્ષણ રહેતાં નથી અને તેથી બહારનાં કર્મોમાં પણ દ્વિધાભાવ, સાશંકપણું વગેરે કશું પ્રગટ થતું નથી. આપણે સંસારમાં પણ જોઈએ છીએ કે એક માનવી તેના જુદા જુદા સંબંધીઓ સાથે જુદી જુદી રીતે જ વર્તે છે, કારણ કે તેના સંબંધનો પ્રકાર દરેકની સાથે જુદો જુદો હોય છે. પ્રાર્થનામય ભાવનાનું જીવન સમગ્રપણે જેનું એકાકાર થઈ ગયેલું છે, તેવા

આત્મનિષ્ઠના સંબંધો જુદા જુદા માનવીઓ સાથે જુદા જુદા હોવાથી તેનું વર્તન પ્રત્યેક સાથે વિશિષ્ટ હોય છે અને તે યોગ્ય પણ છે. એવાં બધાં જુદાં જુદાં દેખાતાં વલણ, વર્તનની પાછળ એક ભાવાત્મક સળંગ એકસૂત્રતા જે રહેતી હોય છે, તેનું દર્શન તો ભાગ્યે જ કોઈકને થાય છે, પરંતુ તેવા આત્માની એવી ભાવાત્મક સળંગ એકસૂત્રતા સામાન્ય માનવીમાં દેખી શકાતી નથી. એવી એકસૂત્રતાને લીધે એનાં જુદાં જુદાં દેખાતાં વર્તનમાં પણ કોઈ જાતનો દ્વિધાભાવ પ્રગટેલો હોતો નથી, પરંતુ એકસૂત્રતાનો ભાવ જ પ્રગટેલો રહે છે. એવી આપણા જીવનની વાસ્તવિક સ્થિતિ ના પ્રગટે ત્યાં સુધી તો **'મનને'**માં લખ્યું છે તેમ :-

'થતાં કામ તારાં ભલે ર્‌હે સદાયે,
રસે લગ્ન તું અંતરે યજ્ઞમાંહે,
રખે તૂટતી અંજલિ એકધારી
સદા રાખજે ઉર ચિંતા તું એની.'

**અખંડ યજ્ઞ**

એ પ્રમાણે આપણા દિલની ભાવાંજલિ જીવંત પ્રગટ્યા કરે તેવા પ્રકારના સાધનના અભ્યાસમાં આપણે એકધારું મંડેલાં રહ્યા કરવાનું છે. અને જ્યારે જ્યારે તે તૂટે, ત્યારે ત્યારે પાછા જાગ્રત થવા માટે પ્રાર્થના કે બીજું કોઈ સાધન કરીને અંતરની જાગ્રતિ કેમ કરીને સદાય જીવંત ટક્યા કરે અને અંતરમાંના યજ્ઞમાં કેમ કરીને સદાય મગ્ન રહ્યા કરાય તથા બહારનાં કર્મ તેના પડઘારૂપે કેવી રીતે યોગયોગ્ય આપોઆપ થયા જાય તે આપણે જોવાનું છે.

બસ, આટલું જ અને આવું જ આપણું થયા કરે એવું મારે તમને વીનવવાનું છે. બીજું બધું તો ભગવાન સંભાળી લેશે- જો આપણે ઉપરના ભાવ પ્રમાણે વર્ત્યાં કરેલાં હોઈશું તો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૮-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

જુદાઈના તિમિરમાં સ્મૃતિચંદ્ર તારો
ઊગ્યા કરી સતત ડંખ દીધા કરે જો !
ર્‌હેવાનું તુંથી સરજાયું દૂરે સદાય,
ને એ વિચાર થકી હૈયું ચિરાઈ જાય.

* * *

તેં પાપના કીચડમાંથી બહાર કાઢી,
દીધો પ્રકાશ મુજને ધપવા અગાડી,
મૂર્ખાઈથી બૂઝવી દીપ હું નાખતો ને
પાછો મથું ફરીથી ચેતવવા પ્રભુ ! તે.

* * *

જો દાસ નિમકહલાલ થવાય તારો,
સેવા કર્યા કરું, મળ્યા કરજો જ મોકો,
તારા પ્રભુ ! સતત કોમળ પાદપદ્‌મો
સેવ્યા કરું, હૃદય એમ ઉમંગ ર્‌હેજો.

* * *

તારી ગુલામી કરવા પ્રભુ ! રાજી હું છું,
એવો હૃદે ઉમળકો પ્રગટેલ છે શો !
તારા પ્રભુ ! હૃદય પાસ મને તું રાખ,
દેની મને ચરણઅમૃત તારું બાપ !

* * *

તારું પ્રભુ ! પ્રણયઅમૃત તું ચખાડ,
તો દીન બાળ તુજ આ કૃતકૃત્ય થાય,
અંકે ચડી તુજ મને રમવાની હોંશ,
સંતોષજે ગરીબના પ્રભુ ! દિલ કોડ.

## જીવનવિકાસની અનંત હારમાળા

આ જીવ માટે તમે જે લખ્યું છે તે વાંચ્યું છે. આ માર્ગમાં એક દૃષ્ટિએ જોતાં જીવનની ઉચ્ચતર અને ઉચ્ચતમ અમુક કક્ષાએ પહોંચી શકાય ત્યારે જીવન કૃતકૃત્ય થતું જતું અનુભવાય છે. તેમ છતાં પાછું આત્મા તો અનંત છે. તેને આદિ પણ નથી અને અંત પણ નથી. તે સનાતન અને વર્તમાન છે. તેથી એવી કોઈક આધ્યાત્મિક ઉચ્ચતમ કક્ષાએ પહોંચ્યા પછીથી પણ આ માર્ગમાં બસ, હવે કશું આગળ નથી રહ્યું, અહીં જ પૂર્ણવિરામ ચિહ્ન એવું કશું નથી. જ્યાં સુધી માનવશરીરમાં છીએ, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની દિશામાં પ્રગતિને અવકાશ રહ્યા જ કરતો હોય છે. એટલે કે અમુક પ્રકારની પૂર્ણતાની સ્થિતિ પ્રગટી ગયા પછીથી પણ એનાથી પણ પરની કક્ષા છે અને તે કક્ષામાં પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ગૂઢ સંગ્રામ પણ પ્રગટતો જતો હોય છે, અને તેમાંથી પણ જીવનવિકાસને પમાતું જવાતું અનુભવાય છે. પ્રભુકૃપાથી આ જીવનો તો એવો અનુભવ છે.

## સદ્ગુરુની તાલાવેલી

શ્રીભગવાનની કૃપાશક્તિ નિઃસીમ અને અપાર છે, પરંતુ તે કૃપાશક્તિને અનુકૂળ જીવવાનું આપણાથી બની શકતું નહિ હોવાથી તેની કૃપાની શક્તિનો સ્વીકાર આપણાથી થઈ શકતો

નથી. પ્રભુની કૃપાશક્તિને કામ કરવાનો આધાર આપણે પ્રગટાવી આપવો પડે છે. આપણા દિલમાં જીવનવિકાસ પરત્વેની ખરેખરી ભાવના જો પ્રગટેલી હોય તો તો સદ્‌ગુરુને પણ નિમિત્ત તરીકે પ્રગટાવી પ્રગટાવીને તેવી ભાવના ફળાવવામાં તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો સદુપયોગ થઈ શકે છે. પ્રભુકૃપાથી આ જીવ તો મળેલાં સ્વજનોને કેળવવા અને ઘડવાને માટે અનેક રીતે મથતો હોય છે, અને મળેલાં સ્વજન પર તે પ્રેમ પણ કરતો હોય છે. જીવનને ઘડાવાને કાજે સ્વજનનાં દિલમાં તાલાવેલીયુક્ત તત્પરતા અને ઝંખના જ્યારે તે જોતો નથી અથવા તે અનુભવતો નથી, ત્યારે તેના સંતાપનો પાર હોતો નથી. તે તે બધાં સ્વજન તેની કને આપમેળે તેમની પોતાની સ્વયં મરજીથી આવેલાં છે. તે કોઈને બોલાવવા ગયો નથી, અને તે તે આવેલાં છે, જીવનવિકાસના હેતુ અર્થે. તેમ છતાં તે તે સ્વજનોમાં તેમનાં તેમનાં જીવનના હેતુનું ભાન પણ તેમનાથી થતાં રહેતાં કર્મમાં પ્રગટેલું મારાથી જોવાતું નથી અને કર્મને માત્ર ઊડઝૂડિયા રીતે કરાતાં જોઈને મને કેટલો ત્રાસ થતો હશે તેની સમજણ ભાગ્યે જ કોઈ સ્વજનને પડે છે. જો જીવન કેળવવાને અર્થે મળ્યાં છો અને આવ્યાં છો, તો તેનું હવે ભાન પ્રગટાવો. તમે મને જે ભાવથી સ્વીકાર્યો છે તે ભાવનું દિલમાં દિલથી જીવતુંજાગતું અનુસંધાન ના રાખો અને ગમે તેમ યદ્વાતદ્વા વર્તો, તો પછી તમારા પર મને કેટકેટલી ઝાળ ઊઠે, તે કૃપા કરીને તમે સમજો એવી મારી તમને પ્રાર્થના છે. સ્વજનના પ્રેમભાવને આ જીવનું હું તો અણમોલું સાધન ગણું છું. એ તો મારે દિલ પ્રભુની અમોલી પ્રસાદી છે અને

એવી પ્રસાદીને મારી છાતીએ, આંખે, કપાળે અને કંઠે લગાડું છું -જેમ ભક્ત ભગવાનનું ચરણામૃત લીધા કરે છે તેમ.

### ગમે તેવી લાગણીનો પણ સદ્દુપયોગ

પ્રાર્થના પછી જે ભાવ ઊછળે કે ઊભરાય, એવા ઊછળતા ભાવને આપણે વહી જવા ના દેવો જોઈએ. એટલે કે emotions (લાગણી, ઊર્મિ વગેરે)-ના પ્રવાહમાં એ ભાવને વહી જવા ના દેવો જોઈએ, પરંતુ સાધનના ભાવની નહેરમાં વહેવરાવવો જોઈએ. એનું જ નામ વિવેક, discrimination જે લાગણી જે કારણે ઊઠે, તે કારણમાં અને તે લાગણીના તાનમાં એટલે કે જેને અંગે એ લાગણીનો પ્રવાહ શરૂ થયો હોય એના જ એકમાત્ર મનનચિંતવનમાં ના પડી જવું. અને એવું કદાચ તદાકાર તેમાં થઈ જવાય કે તણાઈ જવાય, ત્યારે એકદમ સફાળા જાગ્રત થઈ જઈને અથવા સતત જાગ્રત રહીને, જે કારણથી એ લાગણી જાગી હોય, તે કારણને છોડી દેવું અને લાગણીને પકડી લેવી અને સાધનના અભ્યાસમાં તે લાગણીના જોશને ઉપયોગમાં લેવું. તેવા સમયે નામસ્મરણમાં તેનો ઉપયોગ કરવો, અને જો શક્યતા હોય તો ધ્યાનમાં પણ બેસી જવું. લાગણીના આવેશનો નામસ્મરણમાં સમજી સમજીને ઉપયોગ કરવાથી સ્મરણમાં વિશેષ ભાવના પ્રગટે છે. ધ્યાનમાં પણ પ્રવાહ જોરથી વહ્યા કરશે, તેમ જ પછી શાંતિ વિશેષ અનુભવાશે. આવું બધું આપણે લાગણી ઉદ્ભવે તે વેળાએ, તે જ પળે જાગ્રત રહી શકવા જેટલા લાગણીથી પર થઈ શકતાં હોઈએ તો જ બને.

## સાધકનો ભાવ ગુરુને પહોંચે છે કે નહિ

તમારો ભાવ આ જીવને પહોંચે છે કે નહિ, એમ તમે પૂછો છો. એવા વિચાર તમને આવે તો તેને ખંખેરી નાખવા, કારણ કે તમારા વિચાર અને તમારી લાગણી-ભાવના મને પહોંચે છે કે નહિ તે વિચારવાનું કામ તમારું નથી. તે જાણવાની મારામાં યોગ્ય શક્તિ પણ નથી. તમારા દિલનો ભાવ અને પ્રવાહ આ જીવને પહોંચવાને માટે તો તમારો ભાવ કેટકેટલી ભાવની ઉન્મત્ત દશામાં અને કેટલી ઉચ્ચતમ કક્ષાએ પહોંચેલો હોવો જોઈએ ! અને તે ભાવમાં સંપૂર્ણ એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટી ગયેલી હોય, ત્યારે તેવી સંભવિતતા પ્રગટી શકે ખરી. તે સાથે સાથે જેને આપણા દિલનો પ્રવાહ પહોંચાડવાની આપણા દિલની ભાવના છે, તેના દિલની સાથે આપણું દિલ પ્રેમભક્તિપૂર્વક ભળી, હળી, મળી અને ગળી ગયું હોય અને એવું દિલ દિલનું તાદાત્મ્ય પ્રગટ્યું હોય, ત્યારે તેવી શક્તિ જન્મી શકે ખરી. એવું આપણું થયું છે કે કેમ તે આપણે જાતે વિચારી જોવું. તેવું વિચારીશું તો આવા સવાલ ઊઠશે નહિ. તમારે તો માત્ર તમારા દિલનો ભાવ એકધારો જીવતોજાગતો રાખ્યા કરવાનો છે. તમારા દિલના ભાવ વિશે તમારે એટલું તો જોતાં રહેવું જોઈશે કે એવા ભાવથી તમને કંઈક જોશ, વેગ, સ્ફૂર્તિ, ચેતન વધારે ને વધારે અનુભવાય છે કે નહિ. જો રચનાત્મક રીતે તેવી મદદ થતી લાગતી હોય તો જ તેવા પ્રકારની ભાવનાની ધારણા રાખ્યા કરવી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૯-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ખોળ્યો જહીં તુજ સમો ધણી મેં સમર્થ,
મારે વળી રહી કડાકૂટ આ શી વ્યર્થ !
બેઠા જ બેઠ રહીને પ્રભુ ! ખાવું મારે
એવું મને દઈશ તું મુજ માગ્યું ક્યારે ?

* * *

બ્રહ્માંડ આ સકળનો જહીં તું વિધાતા,
તો માર્ગદર્શક પ્રભુ ! મુજ રાંકનો થા,
ભૂલો પડ્યો વિકટ આ વનમાં પ્રભુ ! હું,
છેડો ન ક્યાંય જડતો, રખડ્યા કરું છું.

* * *

તારો લીધેલ નહિ છોડી દઈશ કેડો,
ના આવશે જહીં સુધી, ન મૂકીશ, છેડો,
લાંઘ્યા કરીશ તુજ દ્વાર પડ્યો રહી હું,
શ્રદ્ધા, હું ઉર પિગળાવી શકીશ તારું.

* * *

તું આપી દર્શન મને કર ભાગ્યશાળી,
ચિંતા કર્યા કરું ઊંડી ઊંડી નિત્ય તારી,
જ્યારે ઊંડો પ્રગટશે ઉર અગ્નિ ભારે,
ત્યારે પ્રભુ ! જીવનનું મુજ કાર્ય થાશે.

* * *

દાની મહાન પ્રભુ ! બાળ હું તો ભિખારી,
હું પાપી, શુદ્ધ કર પાપ તું પુંજહારી,
જે કો અનાથ પ્રભુ ! બેલી તું તેતણો છે,
હું છું અનાથ કરી લે મુજને સનાથ.

* * *

હુંને કશી મદદ હું કરી ના શકું છું,
સંતાપથી હૃદય એ જ બળ્યા કરું છું,
ના ચાલતાં મુજ કશું હું તને પુકારું,
સંભાળ લૈ હૃદય પાડ તું શાંત મારું.

## વિચારોની હારમાળા

ધ્યાનમાં જે વિચારો ઊગે તે તો, નદીના કિનારા ઉપર આપણે બેઠાં હોઈએ અને જેમ નીચે પાણી વહ્યા જતું જોયા કરીએ છીએ, તેમ વિચારોને સાક્ષીભાવે માત્ર જોયા કરવાના છે. દા.ત., તમને કોઈ વ્યક્તિ કે પ્રસંગ બાબત એક વિચાર પ્રગટ્યો, તો તે ભલે પ્રગટ્યો, પરંતુ તે પછી એના આનુષંગિક Corresponding, એની સાથે સંકળાયેલા બીજા વિચારો પ્રગટે, તો જાણવું કે તે વ્યક્તિ કે વિચારની બાબતમાં આપણને આસક્તિ છે અને આપણે એમાં રસ લીધો કહેવાય. એક વિચાર ઊડતો ઊડતો એક છૂટીછવાઈ નાની વાદળી જેમ ઝડપથી આવીને ચાલી જાય તેમ આવીને ઊડી જાય કે પસાર થઈ જાય, તો તો કશો વાંધો નહિ, પરંતુ એ વિચારમાં રસપૂર્વક ભાગ ના લેવાય, અને ગાઢાં વાદળ પાછળ બીજાં વાદળ દોડી આવે છે તેવી રીતે તે આપણા અંતરના આકાશને ઘેરી ના લે તે આપણે જોવાનું છે. એક જ વિચાર આવીને પસાર થઈ જાય એવો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ કેળવ્યા કરવાનો છે. વિચાર કર્યા વિના કર્મ કેમ થઈ શકે, એવું કદાચ તમે પૂછો, તો વિચારની સાંકળની પરંપરા ના પ્રગટે એવા પ્રકારનો જ્ઞાનયુક્ત એકધારો અભ્યાસ જ્યારે પ્રગટે છે, ત્યારે કર્મ યોગયોગ્ય ભાવથી ઉત્તમમાં ઉત્તમ રીતે એકાએક થઈ શકે એવી ભાગવતી પ્રેરણા અથવા અંતઃસ્ફુરણા મળ્યા કરતી હોય છે. તે વેળા એ

કર્મ કરવાને માટે એક પછી એક વિચારનાં પગલાંની જરૂર ઉદ્‌ભવતી નથી. તે વેળાએ કર્મ કરવાને માટે વિચાર પ્રગટે જ છે એવું કશું નથી હોતું. વિચારનો ભાવ પ્રગટીને તે ભાવ કર્મમાં પ્રેરાઈ કર્મને પરિપૂર્ણ કરાવે છે. અને એવા પ્રકારનો જીવંત અભ્યાસ પ્રગટતાં, તે પછી વિચારોની હારમાળા પ્રગટતી વિલીન થઈ જતી હોય છે. માટે, જાગ્રત રહીને આપણે જે કર્યા કરવાનું છે તે આ. એકાદ બે વિચારો પ્રગટ્યા કે તુરંત સફાળા જાગ્રત થઈ જઈએ અને તેની હારમાળા ઊપજવા માંડે એટલામાં જ તેનાથી કેમ કરીને અટકી જઈએ તેના વિશે વિશેષ સાવધાની પ્રગટાવીએ.

**ધ્યાન**

ધ્યાનનો કોઈ એક જ પ્રકાર હોઈ શકતો નથી. અગાઉ તમને લખ્યું છે તેમ આપણા જીવનની ભૂમિકામાં સળંગપણે એકાગ્રતાનો ભાવ (અને નહિ કે અમુક પળોએ) પ્રગટ્યા વિના ધ્યાન થવું શક્ય હોતું નથી, અને ધ્યાન એટલે શું તેનો પણ આપણને યોગ્ય ખ્યાલ પ્રગટેલો હોતો નથી. ધ્યાન કોનું, શા માટે, કેવી રીતે કરવું એ બધાંની સમજણ યથાયોગ્યપણે બહુ ઓછાને પ્રગટેલી હોય છે. આજકાલ તો જે તે બધાં આંખો મીંચીને બેસી જાય છે અને તેને ધ્યાન કહેતા હોય છે. ધ્યાનને માટે પણ અમુક નિશ્ચિત સમય, નિશ્ચિત સ્થળ અને મુખ્ય તો નિશ્ચિત પ્રકારની સળંગ એકાગ્રતાભરી મનોદશા, એ બધું ઘણું ઘણું જરૂરનું છે. એક અઠવાડિયામાં એકવાર એવા પ્રકારનું ધ્યાન રાખવું કે જે વિચાર તે વેળા આવે, તેને આવવા દેવા, અને એમાં રસ લીધા વિના સાક્ષીભાવે રહ્યા કરવાનો

અભ્યાસ કેળવવો. જે કંઈ આવે-સારું કે નરસું-તેને પ્રેમભક્તિ-ભાવે, હેતુના જ્ઞાનભાન સાથે, સમર્પણ કર્યા કરવું. આવી રીતે તે તે વિચારના સમર્પણની સળંગ હારમાળા ચાલ્યા કરે એ એક પ્રકારનું ધ્યાન. વળી, એક ધ્યાન એવા પ્રકારનું પણ હોય છે, કે જેમાં આપણા પોતાના સદ્‌ગુરુના હૃદય પરત્વે તે એકાગ્ર અને કેંદ્રિત થયેલું રહ્યા કરે અને તેવો ભાવ ત્યારે એકધારો સળંગ જીવતોજાગતો પ્રગટેલો રહ્યા કરે. વળી, એક ધ્યાન શૂન્યત્વનું પણ હોઈ શકે, પરંતુ તે શૂન્યત્વ પાછું કેવળ કોરું અને અભાવાત્મક તો ના જ હોઈ શકે. એ શૂન્યાવકાશ એટલે કશું જ કંઈ નહિ એવું નથી, તેમાં પણ એક પ્રકારનો ગૂઢ ભાવ વ્યાપી રહેલો હોય છે.

## ધ્યાનનું પરિણામ

ધ્યાનથી કરીને એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટે એટલું જ નહિ પણ તટસ્થતા, સમતા, પ્રસન્નતા આદિ પણ પ્રગટે છે, અને તેનો ઉપયોગ રોજબરોજના જીવનના વર્તનવહેવારમાં સમજી સમજીને કર્યા કરવાનો છે. એટલે કે આપણે જે કંઈ કર્યા કરીએ તે શાંતિથી, પ્રસન્નતાથી, સમતાથી, તટસ્થતાથી કર્યા કરીએ અને એવો અભ્યાસ જો જ્ઞાનપૂર્વક કેળવ્યા કરવાનું રાખ્યા કરીએ તો ધ્યાનમાં વિશેષ ને વિશેષ ઊંડું ઊતર્યા કરવાનું બનતું જતું હોય છે. આ તો લોક સવારમાં અડધો પોણો કલાક કે કલાક ધ્યાન કરે એટલે કે જાણે બધું જ પતી ગયું, પરંતુ તે યોગ્ય ના ગણાય. ધ્યાનમાંથી ફલિત થતાં પરિણામને આપણે વર્તનવહેવારમાં પ્રગટાવતાં રહીએ, તેમ જ ધ્યાનમાંથી ફલિત થતી ભાવનાના પ્રકારને પણ વર્તનવહેવારમાં ભાનપૂર્વક

પ્રગટાવતાં રહીએ તો તેનાથી પણ એક પ્રકારની ધ્યાનની સળંગતા પ્રગટેલી રહ્યા કરે છે. ધ્યાનમાં ભાવાત્મક શૂન્યાવકાશનો અનુભવ થવો એ તો માગી લે છે દીર્ઘકાળનો સદ્ભાવપૂર્વક સેવાયેલો નિરંતર અભ્યાસ.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૦-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

કોને કહું હૃદયપીડ થતી ઊંડી જે ?
માને ન કો, મૂરખમાં ગણી કાઢતા ને
તુંયે ન કાન ધરતો કરવું હાવાં શું ?
છાનું રડું કૂટી કૂટી શિર નિત્ય મારું.

* * *

હું શું કરું ? કહીં જઉં ? ક્યમ ક્હે સ્તવું હું ?
રાજી કરું ક્યમ કરી તુજને પ્રભુ ! હું ?
જંજાળથી સઘળી મુક્ત કરીશ ક્યારે ?
તારો મને દઈશ હાથ પ્રભુ ! તું ક્યારે ?

* * *

બોલાવવા મુજ કને તુજને પ્રભુ ! હું,
લાંબા જ સાદ નિત પાડી ગળું દુખાવું,
મોંઘો થતો ક્યમ હશે ? પ્રભુ ! શું તું વાંછે ?
આપીશ હું ઉમળકે પ્રભુ ! વાંછશે જે.

* * *

મારે નથી તુજથી કાંઈ પ્રભુ ! વધારે,
માગી જ લે મુજ થકી પ્રભુ ! જોઈએ તે,

તારું જ જ્યાં સઘળું છે, વળી હુંય તારો,
'મારું' કહી તુજ પદે દઉં શું પછી તો ?

* * *

તું છે કૃપાનિધિ, છતાંય કૃપા કરે ના,
તું છે દયાનિધિ છતાંય દયા કરે ના,
ખાલી મને મરવતો પ્રભુ ! શેં તું ફાંફાં ?
તારા સમો કૃપણ કોઈ દીઠો બીજો ના.

* * *

વાંકા બધા જહીં સુધી ગ્રહ જો ! પડ્યા છે,
કોટિ કર્યે પણ ઉપાય ન કામ થાશે,
તોયે હું બેસી કર જોડી નહિ રહીશ.
મારાથી જે બનતું, સર્વ કર્યા કરીશ.

* * *

## પ્રાર્થનાનું ધ્યાન

વળી, એક પ્રકારનું ધ્યાન એવી રીતે પણ થઈ શકે કે જેમાં પ્રાર્થનાની ભાવનાનું એકધારું જીવતુંજાગતું અનુસંધાન દિલમાં દિલથી પ્રગટ્યા કરે. પ્રાર્થનાનો ભાવ પ્રાર્થનાના કાવ્યમાં કોઈક એકાદ લીટીમાં પ્રગટેલો હોય અને તેના રટણમાંથી જે ભાવ પ્રગટે, તે ભાવ પાછો અંતરનાં મનાદિકરણોમાં ઓતપ્રોત થઈ જાય, તરબોળ થઈ જાય અથવા તેને પચાવી લે, તો તેને પણ ધ્યાન કહી શકાય. વળી, અમુક પ્રગટેલાં ભાવાત્મક શબ્દો, શ્લોક કે પ્રાર્થના કે ભજનથી અથવા જુદે જુદે પ્રસંગે જુદાં જુદાં નિમિત્તકારણોથી પ્રાર્થના કરવાનું દિલ થાય અને તેવી વેળાએ ભલે પ્રાર્થનાના અનેક શબ્દો ઊગ્યા કરે અને

વાક્યોની ભલે હારમાળા ચાલ્યા કરે તોપણ તેવી વેળાએ તે પ્રાર્થનાના પ્રકારનો એક ઊંડો ભાવ દિલમાં દિલથી જીવતો-જાગતો જો રહ્યા કરતો હોય, અને તેવો ભાવ કોઈ લાગણીના પરિણામે ઊપજેલો ભલેને હોય પણ તેનાથી કરીને હૃદય ભીનું ભીનું ગદ્ગદ થઈ જતું હોય, અને પ્રાર્થના થયા જ જતી હોય, તો એવા પ્રકારનો જે એક અખંડ સળંગ ભાવ દિલમાં જામેલો રહ્યા કરતો હોય, તે પણ એક પ્રકારનું ધ્યાન છે.* દિલમાં દિલથી એકાગ્રતાથી પ્રગટેલી પ્રાર્થના એ પણ એક પ્રકારનું ધ્યાન છે. પ્રાર્થનામાં દિલની ભાવનાનું તત્ત્વ વિશેષ પ્રગટેલું હોવાથી તેનાથી કરીને જે ભાવ પ્રગટે છે, તે ભાવની ઉત્કટતાને પરિણામે એકાગ્રતા અને કેંદ્રિતતા કેળવાતી જતી હોય છે, એવી એકાગ્રતા અને કેંદ્રિતતા જે ધ્યાનથી કેળવાય છે, તે પ્રાર્થનાના તેવા ભાવથી પણ કેળવાતી હોય છે, એટલે પ્રાર્થનાથી આવું જે થયા કરે તે પણ ધ્યાનનો એક પ્રકાર ગણી શકાય.

## ઝંખના

જીવનવિકાસની જે ઝંખના પ્રગટેલી હોય છે, એ ઝંખનાને સદાય ચેતનવંતી રાખવાને માટે ધ્યાન કે પ્રાર્થનાના સાધનની સળંગતા જરૂર છે. ધ્યાનથી કે પ્રાર્થનાથી એવા પ્રકારની ઝંખનાને જીવતી રાખી શકાય છે અને તે વધારે ને વધારે ભભૂકતી રહ્યા કરે છે. સાધનના તેવા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસથી આવું જે પરિણામ પ્રગટે છે તે કંઈ નાનુંસૂનું નથી, અને આખરે તો એવી ભભૂકેલી અગ્નિની જ્વાળા જેવી ઝંખના જ આપણને સતત

* ઉદાહરણ માટે જુઓ આગળ તા. ૧૮-૨-૧૯૪૧વાળો કાગળ.

એકધારું જીવનવિકાસના પ્રવાહમાં આકર્ષી આકર્ષીને ગતિશીલ રખાવ્યા કરે છે, પરંતુ આપણે ઝંખના અને ભાવનાનો તફાવત સમજવો જરૂરનો છે. મેં સાધના અંગે કશું જ સાહિત્ય વાંચ્યું નથી તેથી તેમાંના યોગ્ય ભાવને માટે કયો યોગ્ય શબ્દ વાપરવો તે હું જાણતો નહિ હોવાથી તે ભાવને યોગ્ય એવો શબ્દ હું વાપરી શકતો નથી. તેની મને જાણ છે.

## ધ્યાનનો ઉપયોગ

ઝંખના નિમ્નગામી હોય છે અને ઊર્ધ્વગામી પણ હોય છે, પરંતુ ભાવનાનું તેવું હોતું નથી. ભાવના તો ઊર્ધ્વગામી જ હોય છે. એવી ભાવનાને પ્રજ્વલિત ચેતાવેલી રાખવાને આવા પ્રકારના સાધનના અભ્યાસની ઘણી ઘણી જરૂર. સાધનના અભ્યાસમાંથી જે ભાવ પ્રગટે છે, તે ભાવની પ્રેરણા જીવન વર્તનવહેવારમાં ઉપયોગમાં પરિણમે ત્યારે તે સાચી કક્ષાની પ્રગટેલી છે એમ પ્રમાણવું. એટલે કે ધ્યાનના સાધનમાંથી પ્રગટેલી એકાગ્રતા, કેંદ્રિતતા, સમતા, શાંતિ, પ્રસન્નતા વગેરે વગેરેનો આપણે સમજી સમજીને રોજિંદાં વર્તનવહેવારમાં ઉપયોગ કર્યા કરીશું, તો તેની તેવી શક્તિ અનેકગણી પ્રગટવાની છે. વળી, ધ્યાન પૂરું થયા પછીથી જે એક પ્રકારની ઘૂમરી રહે છે, તે ઘૂમરીનો ઉપયોગ હૃદય ઉપર લક્ષ રાખીને ભાવાત્મક સ્મરણ કર્યા કરવામાં કરીએ, તો તેનું જોશ ખપમાં વિશેષ લાગી જાય છે.

## પ્રવૃત્તિમાત્રમાંથી ભગવાનનો ભાવ

આવી રીતે સાધનના અભ્યાસમાંથી પ્રગટેલાં પરિણામનો ઉપયોગ થતાં થતાં તે જ સાધનના અભ્યાસનો ભાવ વર્તન-

વહેવારમાં પણ સળંગપણે પ્રગટેલો રહ્યા કરે છે. આમ, ધ્યાન, પ્રાર્થના, ત્રાટક, સ્મરણ આદિ સાધનના અભ્યાસના ભાવને આપણે જેમ જેમ તેને વર્તનકળામાં ઉપયોગ કરતાં જઈશું, તેમ તેમ તેવા ભાવની કળા વિશેષ ને વિશેષ ખીલવાની છે. અરે ! કોઈ પણ પ્રકારની 'સારી' સમજાયેલી કે 'નરસી' ગણાતી લાગણી વગેરેના અંતરમાં ઊઠતા દરેક પ્રવાહનો સદુપયોગ એકાગ્રતા અને કેંદ્રિતતા પ્રગટાવે એ રીતે કર્યા કરવાનો છે. **'બાવો બેઠો જપે, અને જે આવે તે ખપે,'** એ કહેવતનો અર્થ તો નકારાત્મક છે, પરંતુ આપણે તેને સવળા અર્થમાં લેવાનો છે. જેનો તેનો સાધનના અભ્યાસના ભાવમાં ઉપયોગ કર્યા કરીને તે કેમ કરીને વિશેષ ને વિશેષ બળવત્તરપણે પ્રગટ્યા કરે અને આપણને ટટાર કરાવીને બેઠા કરે, તે જ એકમાત્ર આપણને તો ખરેખરું ખપનું છે. પછી તો, ગમે તે પ્રવૃત્તિમાં આપણે ભલેને હોઈએ, તોપણ ત્યાં ત્યાંથી આપણને ભગવાનનો ભાવ જ મળ્યા કરવાનો છે, તે નક્કી જાણશોજી.

## ભાવને સંગ્રહો

આ જીવ પર તમને જ્યારે દિલમાં દિલથી ભાવ થાય, ત્યારે તમારે કવિતા વગેરે કરવી નહિ, કારણ કે એથી પ્રગટેલી ભાવનાને બહાર વહી જવાને માટે એક outlet-(નેળ) આપણે બનાવી આપીએ છીએ, અને એવી રીતે તે પાણી બહાર વહી જતું હોય છે, પરંતુ આપણે તો એવા પ્રગટતા ભાવનાના પ્રવાહને અંતરના બાગનાં ફળફૂલના ક્યારા અને રોપાને પાવાનું કરવું ઘટે. એને કવિતા વગેરે દ્વારા બહાર વહી ના જવા દેવાય. પ્રેમભાવ કાવ્ય દ્વારા વ્યક્ત થશે તો જ સારું

એવું કંઈ થોડું જ છે ?

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૦-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

શું આંખો નવ છે તને ? હૃદય કે શું કાન છે ના પ્રભુ ?
કે તું સાંભળતો નથી, ત્યમ જરી જોતોય ના તું પ્રભુ ?
ને શું લાગણીયે થતી નહિ તને મારી જરીયે ? પ્રભુ !
છે શું પ્રેમ ન હુંપરે પ્રભુ ! મને કે તું રિબાવા દઉં !

* * *

ક્યારે તું ઉર ફૂલ આ ગરીબનું મ્હેકાવશે ? શ્રીહરિ !
ક્યારે મસ્ત બનાવશે પ્રભુ ! મને તું ઊર્મિ આનંદથી !
ક્યારે અંક રમાડશે લઈ મને તું પ્રેમથી, હે પ્રભુ !
ક્યારે કૃતકૃત્ય બાપ ! કરશે હું બાળને, હે પ્રભુ !

* * *

હું જેવો ન ખરાબ કોઈ જગમાં ક્યાંયે હશે, હે પ્રભુ !
મૂકી જે ઘરને બધે જ રખડ્યા, જ્યાં ત્યાં કરે છે પ્રભુ !
ઠેકાણે ઘર કોઈ દી ન ઠરીને ર્‌હેવું બન્યું છે પ્રભુ !
ભૂલ્યો છું, નિજ બાપને શરણ છું, એવો ઢળ્યો તોય હું.

* * *

હૈયામાં ધરી હામ બ્‌હાર નીકળ્યો હું આવવા તું કને,
હું છું બાપ ! ન ભોમિયો, ચડી જતાં આડો પ્રભુ ! શું થશે?
તારો તું ધ્રુવ ધ્યેય બાપ ! મુજ છું સામે જ એને પ્રભુ !
રાખી દૃષ્ટિમહીં જ જેમ ડગલાં હુંથી ભરાતાં ભરું.

* * *

તારા જાપ જપ્યા કરું નિશદિને હૈયે ઊંડા હું પ્રભુ !
શ્રદ્ધાથી મુજ કોક દી પણ પ્રભુ ! સંતોષશે આશ તું,
ને યત્કિંચિત્ તારી હુંથી બનતી સેવા કર્યા જો ! કરું,
જો આવે મુજ કૈં દયા ઉર તને, તો ભાળ લેજે પ્રભુ !

* * *

તારું બાળ રિબાઉં હું પણ કશી ના ભાળ લે તું પ્રભુ !
મારી ઉપરથી ઉતારી પ્રભુ ! શું તેં હેત દીધું બધું ?
એવાં કારણથી કયા ગરીબને ક્‌હે, તેં વિસાર્યો પ્રભુ !
થાવું નિર્દય આમ છેક તુજને ના યોગ્ય કૈં છે પ્રભુ !

* * *

## સૂક્ષ્મને મહત્ત્વ

તમે લખ્યું છે કે :-

'હું ઝંખું ભાવથી તને જ ત્રણે દશામાં
નિદ્રામહીં, સ્વપ્નમાં વળી જાગ્રતિમાં

અહીં 'તને જ' એ ભગવાનના ભાવમાં લેવાનું રાખવું. 'તને જ' એટલે આ જીવને ભલે હોય, તોપણ આપણે ભાવને સ્થૂળ અર્થમાં પકડીને બેસી રહેવું નહિ. પરંતુ ભાવને તો સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ અર્થમાં જ ઘટાવતાં રહીને તેને તે રીતે આપણે સમજ્યાં કરવાનો છે.

## લખાણ અને વર્તન

વળી, તમે ત્રણ દશામાં ભાવથી ઝંખું છું એમ જે લખો છો, તે પણ સંપૂર્ણ યથાર્થપણે વાસ્તવિકતાવાળું નથી. એવી સ્થિતિ પરિપૂર્ણપણે થઈ ગયેલી હોય ત્યારે તેનાં લક્ષણ તેવા પ્રકારનાં પ્રગટેલાં હોય છે. ભાવનાના આવેશથી કરીને અમુક

અમુક આપણે જે લખી નાખીએ તેવા તેવા પ્રકારનું વાસ્તવિકપણું અનુભવાત્મક દશાનું વર્તનમાં પ્રગટેલું હોતું નથી. ભાવનાના આવેશથી પ્રગટેલું અને તેવી રીતે લખાયેલું જે કંઈ હોય તે વાસ્તવિકપણે સાચું છે કે કેમ તે જોવાને આપણે વિવેકની સરાણે ચડાવી જોવાની ઘણી ઘણી જરૂર. માત્ર કલમને ગોદે લાગણીથી જે લખીએ, તેનું તારતમ્ય પણ આપણે જાણવાની જરૂર છે.

## સદ્ગુરુ

આપણા અનેક પ્રત્યક્ષ અને તાદૃશ્ય અનુભવોને પરિણામે જેને સદ્ગુરુનું સ્થાન આપ્યું હોય તેનામાંના સ્થૂળ અને સૂક્ષ્મમાં ભેદ તારવવો એ મુશ્કેલ હકીકત છે, અને ઘણાંને માટે તે અશક્ય પણ હોય. તેમ છતાં સદ્ગુરુ એટલે ગુરુનું શરીર નહિ, મન નહિ, અને જુદાં જુદાં નિમિત્ત કારણે ઊઠતી પ્રેરક અને પ્રભુપ્રેરિત પ્રવૃત્તિનો સરવાળો પણ તે નથી. સદ્ગુરુ એટલે ભગવાનનો જીવતોજાગતો જીવનમાં સાર્વત્રિકપણે પ્રસરી એકધારો પ્રગટી રહેલો ભાવ. સદ્ગુરુ એટલે શ્રીશંકરાચાર્ય કહે છે તેમઃ-

એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતમ્ ।
દ્વંદ્વાતીતં ત્રિગુણ-અતીતમ્ સદ્ગુરું તં નમામિ ॥

## સદ્ગુરુની ભાવભક્તિ

-એવા સદ્ગુરુના ભાવને ઝંખવું. એવી ઝંખનાનો ભાવ કંઈ નકામો નથી હોતો, અથવા તો શક્તિ વિનાનો પોલો પોલો પણ હોતો નથી. એવા ભાવની જ્યારે ખરેખરી ઝંખના પ્રગટે છે, ત્યારે એવા પ્રકારની દિલમાંની ઝંખના એના પરત્વે

એક પ્રકારની એકતાનતા પ્રગટાવે છે. એવી ઝંખનાથી એના પરત્વેનું દિલમાં દિલથી આકર્ષણ પણ પ્રગટે છે. એવું આકર્ષણ પ્રગટેલું હોય અને તે સતત એકધારું પ્રગટ્યા કરેલું હોય અને તેમાં પૂરેપૂરી સળંગતા જાગેલી હોય ત્યારે ત્રણે દશામાં- 'નિદ્રામાં, સ્વપ્નમાં અને જાગ્રતિમાં-ઝંખું છું', એવું લખેલું યથાર્થતાવાળું ગણી શકાય. માનવી જે જે કંઈ બોલે છે અથવા કહે છે, તેને ભગવાનની કૃપાથી આ જીવ તે રીતે સાચું માની શકતો નથી, કારણકે તે તે જીવને જે જે પ્રકારની રોજિંદાં વર્તનવહેવારમાં વૃત્તિ, લહરીઓ ઊઠે છે, તે પોતે જ તેનું પોત ઉઘાડું કરીને બતાવી આપે છે.

## દ્વંદ્વાતીત અનુભવો

બાકી, હું પોતે સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી અને કહેતો પણ નથી. તે તો સૌ કોઈનાં દિલની પોતપોતાની ભાવનાની વાત છે, પરંતુ એટલું તો જરૂર છે કે પ્રભુકૃપાથી દ્વંદ્વાતીત અનુભવના પ્રત્યક્ષપણાના કેટલાક પ્રસંગ આ જીવનમાં પ્રગટેલા છે. અને સાધનાના કાળમાં જ્યારે તમારાં બધાંની સાથે આ જીવ રહ્યા કરતો હતો, ત્યારે પણ એનું ભાવનાનું ભાવનામાં અચળપણું રહ્યા કરતું હતું, (પણ તેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તે કાળે આપણામાં પ્રગટેલાં ના હોવાથી તેની કદરભક્તિ આપણાથી થઈ શકેલી ન હતી તે વળી જુદી હકીકત છે.) **'ભગવાન તેના ભક્તનું બધું સંભાળે છે'** એવા કેટલાય પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે. મને જે પ્રિય ભજન છે, તે તમે જાણો છો :-

**'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે.'**

તે ભજનમાં :-

'વ્હાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે,' એમ છે. તે હકીકતને આપણી હાલની બુદ્ધિ સ્વીકારી શકે તેમ નથી. તેમ છતાં તમારી જ હાજરીમાં મારા જીવનનો એક પ્રસંગ બનેલો તે તમને લખી મોકલું છું, કે જેથી તે હકીકત તદ્દન સત્ય છે તેની સમજણ પડે.

## હિંદુ યુનિવર્સિટી માટે અપીલ

શ્રી માલવિયાજીએ આપણી સંસ્કૃતિને જીવતી રાખવાને કાશીમાં હિંદુ યુનિવર્સિટી સ્થાપી હતી. તેના નિભાવને અર્થે ભારતના હિંદુસમાજને નાણાં માટે ટહેલ નાખી હતી. જીવનનું મૂળ તો સંસ્કૃતિ છે. સંસ્કૃતિ પરત્વેનું પ્રભુકૃપાથી મારું આકર્ષણ અજબ અને અતૂટ હતું અને હજી પણ છે. એટલે તેમની અપીલના કારણથી દિલમાં એક પ્રકારની ઉત્તેજના પણ પ્રગટી. મારાથી પણ તેમાં કશુંક અપાય, તો ધન્યતા અને કૃતકૃત્યતાની ભાવના જરૂર મને જાગે એમ દિલમાં થયું.

## આર્થિક ભીંસ

પરંતુ આર્થિક સ્થિતિ એટલી બધી તો તંગ હતી, કે ના પૂછો વાત. માત્ર સાડી સુડતાળીસ રૂપિયામાં સાત જીવોનું પોષણ કરવાનું. બાકી અઢી રૂપિયા તો સહકારી મંડળીમાં ફરજિયાત બચત તરીકે જતા. જીવનવહેવારમાં મારા પોતાને માટે એક પૈસો પણ નકામો ખરચવાનું મારાથી બની શકતું નહિ. હજામત પણ મહિને એક જ વાર કરાવતો. ત્યારે હજામતનું સાધન પણ પાસે ન હતું. એવી આર્થિક તંગીની ભીંસમાં યુનિવર્સિટી ફંડમાં આપવાને મારી પાસે કશું જ ન હતું, તેમ છતાં આપવાનું દિલ તો પ્રગટ્યા કરતું.

## ભગવાને ઈચ્છા પૂરી કરી

એવામાં તમે અને હું બંને સાબરમતી આશ્રમમાંથી ક્યાંક શહેરમાં જવાને નીકળ્યા. આશ્રમથી થોડેક જ દૂર ચાલ્યા હોઈશું, ત્યાં ચંદ્રભાગાના પુલની નજીક જમણે હાથે એક વૃક્ષ હતું, ત્યાં આવતાં મને લઘુશંકાની વૃત્તિ થઈ અને તમને મેં 'જાઉં' એમ પૂછ્યું, અને તમે સંમતિ આપી. તે કાળે એવું એવું બધું પણ પૂછી પૂછીને કરતો હતો. કોઈને આવું બધું ગાંડપણ લાગે પણ તેમાં મારો જીવનવિકાસનો હેતુ જાગ્રતપણે રહેતો હતો. લઘુશંકા પૂરી થઈ રહેતાં ઊઠવાનું થતાંવેંત પાસે પડેલા એક કાગળિયા પર મારી નજર પડી. અને તે હાથમાં લેતાં, તમે પાસે જ હતા એટલે તમને તે બતાવતાં તેમાંથી બે વીંટી નીકળી અને સાથે પાછું લખાણ પણ હતું કે 'આ તારા ઉપયોગને માટે છે.' આપણે બંનેએ બજારમાં સાથે જઈને તે વીંટીની રકમ બનારસ મોકલી દીધી. જીવતીજાગતી ભાવનાનો આ કેવો પ્રત્યક્ષ પુરાવો છે !

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૨-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

લજ્જા મૂકી દઈ બધી તુજ પાસ માગું
કે રંગી દે પ્રભુ ! મને તુજ રંગમાં તું,
ને ઓતપ્રોત વણી ભેળવી દે મને તું,
તું સાથ એક કરી મસ્ત બનાવજે તું.

* * *

હું દુઃખમાં પણ મઝા પ્રભુ ! ભોગવું છું,
તેથી જ માર તુજ હું જીરવી શકું છું,
બાકી રહ્યો ન હોત કૈં જીવતો હજી હું,
આભાર એ તુજ પ્રભુ ક્યમ ભૂલી જઉં ?

* * *

તારું પ્રભુ ! કિરણ તેજ ઉતારવા હું,
મારે હૃદે સતત નિત્ય મથ્યા કરું છું,
પાણી મથું બનવવા સ્થિર, સ્વચ્છ મારું
કે જેથી ત્યાં પડી શકે પ્રતિબિંબ તારું.
જો પ્રાર્થના મુજ ન સાંભળશે પ્રભુ ! તું,
હૈયું કરીશ હળવું કહીં તો બીજે હું ?
ના ! ના ! ન એમ બનશે પણ જે અશ્રદ્ધા
હુંમાં રહેલી, કરવે મુજને બળાપા.

* * *

સંભાળ જો ગરીબની નવ રાખશે તું,
તો શી થશે મુજ વલે પ્રભુ ! ધારી લે તું,
તારો ન સાથ મુજને મળશે પ્રભુ ! જો,
આ પાંગળો ક્યમ કરી પથ કાપશે તો ?

* * *

સામગ્રી શી પદ ધરું પ્રભુ ! રીઝું કે તું ?
જાણુ ન શેં કરી પ્રસન્ન શકું તને હું ?
યત્કિંચિતે પણ છતાં ઉર ભાવ છે જે,
નિત્યે તને તુજ પદે ધરું પ્રેમભાવે.

* * *

## ઠક્કરબાપા ફાળો

ગઈ કાલે લખેલા પ્રસંગ પરથી આજે બીજો પ્રસંગ લખવાનું સ્ફુરે છે. સને ૧૯૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઈ દવાખાનામાં indor-(અંદરના) દર્દી તરીકે દાખલ થવાનું પણ બન્યું. ત્યાં તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર અને યોગ્ય દવા થતાં તે મટી ગયો, પણ તે પછી (અત્યારે લખતાં તારીખ વગેરે યાદ નથી આવતું) ગાંધીજીએ શ્રી ઠક્કરબાપાના શરીરને સિત્તેર વર્ષ પૂરાં થતાં તેને માટેના ફાળાને કાજે 'હરિજન બંધુ'માં અગ્રલેખ લખેલો વાંચ્યો. તે સિત્તેર હજારનો ફાળો તો તદ્દન નજીવો, મામૂલી ગણાય અને તેવો ફાળો તો એકદમ ભરાઈ જવો જોઈએ એમ પણ ગાંધીજીએ લખ્યું હતું. મારે પણ તે ફાળામાં કંઈક ભરવું જોઈએ એવો આગ્રહ ત્યાંની એક બહેને ખાસ ખાસ કર્યા કર્યો.

## ઠક્કરબાપાની સેવા

મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ અને બીજા કનેથી લઈને તેમાં હું પૈસા ભરું એવું તો ગમે નહિ. તે બહેન મને કહે કે 'જો તમે દિલમાં દિલથી ફાળામાં ભરવાનું ખરેખરું ઈચ્છો, તો તમને રકમ આભમાંથી પણ પડીને મળી આવે. શ્રી ઠક્કરબાપા જે પ્રકારની સેવા કરી રહેલા છે અને આદિવાસીઓની, ભીલોની અને હરિજનોની તેમણે જે સેવા કરી છે, એ સેવામાં તેમની કેવી ધગશ છે ! વળી, તેમાં કશું યદ્વાતદ્વાપણું નથી એટલું જ નહિ પણ તેમાં તેમણે એક યોગ્ય પ્રકારની વ્યવસ્થા ઊપજાવી છે, એક પ્રકારની તેમાં method-

(યોજનાપૂર્વકનું સંચાલન) છે, તેની સાથે સાથે અમુક પ્રકારની ચોકસાઈ, કાળજી, ખંત, હિસાબની યોગ્ય પ્રકારની ચોખવટ વગેરે જે બધી કળાઓ તેમના જીવનમાં પ્રગટેલી છે, તે બધાંના પ્રમાણમાં તેમની સેવાનું મૂલ્યાંકન અને તેની યોગ્ય કદરભક્તિ ગુજરાતને પ્રગટેલી નથી, એવું મને ત્યારે પણ લાગ્યા કરતું.

## ફાળામાં ભરવાની અભિલાષા

એટલે બહેનની આગ્રહભરી ટકોરથી અને તેમના જીવનની આવી સેવાપરાયણતાના ભાવથી પ્રેરાઈને મારાથી તેમના માટે થવાના આ ફાળામાં જો કંઈક રકમ આપી શકાય તો મને બહુ આનંદ પ્રગટે એવી અભિલાષા મારા મનમાં થનગનાટ કરવા લાગી. સાથે સાથે એમ પણ જાણતો હતો કે આ જીવ પાસે એક પાઈ પણ પોતાની ગણી શકાય એવી નથી, તેમ છતાં તે ફાળામાં આપવાની અભિલાષા રાખવી તે આકાશકુસુમવત્ છે. આમ હોવા છતાં પ્રભુકૃપા હોય તો તેની શક્યતા જરૂર પ્રગટી શકે એવું ભાન પણ ત્યારે જરૂર પ્રગટતું.

## 'પેલું કશુંક પડ્યું છે !'

હવે એમ બન્યું કે બેસતા વર્ષના દિવસે બાપુની (લેખકના વડીલની) સાથે તથા તે બે બહેનોની સાથે અમારે કરાંચીના કેટલાક સદ્ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયર શ્રી ચાગલા સાહેબને ત્યાં તેમના બંગલે અમે ગયાં. તેઓ ત્યારે નમાજ પઢી રહ્યા હતા, એવી અમને ખબર મળી. એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યાં અને અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં

મારી નજરે એક વીંટળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. કરાંચીમાં રસ્તા એટલા બધા સાફ સ્વચ્છ હોય છે, કે કંઈ પણ કશું પડેલું નજરે ચડ્યા વિના રહી ના શકે એ તો તમે જાણો છો. શ્રી જમશેદજીની આવા પ્રકારની સેવા બેનમૂન છે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, 'જો, પેલું કશુંક પડ્યું છે !' તે ઊંચકીને જોતાં તેમાંથી પાંચ રૂપિયાની નોટ નીકળી. અને તેમાં પણ ઉર્દૂ ભાષાનું લખાણ હતું કે 'તે રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે.' પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

## ભીડભંજન ભગવાન

મારી આર્થિક તંગીની ભીંસ કેવી છે, તે તો તમે જાણો છો. એકાદ બે વર્ષથી આ જીવને તમે કે બીજા સદ્‌ગુરુ તરીકે માનતા થયેલા હોવા છતાં તમારી પાસે પણ કદી મેં કશું માગ્યું નથી, તે તો હકીકતની વાત છે. એક વખત મારે કોઈક સંજોગને કારણે પૈસાની ઘણી ઘણી જરૂર પડી હતી, અને કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ, એટલે માગણી કરતો નહિ, પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શકે તેવું હતું નહિ. રકમની તો તાત્કાલિક જરૂરિયાત હતી. ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે, તેવા પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું આશ્વાસન મારે માટે કંઈ નાનુંસૂનું ન હતું. તે આશ્વાસનથી મને એક પ્રકારની હૂંફ અને ઓથ મળ્યા કરતી. પણ તે તો નિરાકાર હતી, પરંતુ મારે તો ભગવાનની કૃપાથી તેવી ઓથ અને હૂંફ સાકારપણે પરિણામરૂપે પ્રગટેલી

હોય, ત્યારે જીવનમાં પ્રગટેલી ભીંસ ટળી શકે એમ હતું. આવી સ્થિતિ માટે કદી મેં ભગવાનને પ્રાર્થના પણ કરી નથી-કોઈ પણ પરિસ્થિતિમાં પણ. કોઈ પણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવાને માટે, ભાવમાં ટકી રહેવાને માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. એટલે તે કાળની તેવી પરિસ્થિતિની પ્રગટેલી ભીડને હું કદી ગણકારતો ન હતો, પરંતુ તેથી કરીને ભીડ જતી રહેતી હતી એવું કશું ન હતું. જોકે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ ન હતી, તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું અને તેમાં ભગવાનની પરમ કૃપા અનુભવતો.

## સોનાની કંઠી મળી

એક દિવસ સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુ-મહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતા. (જેનો ખ્યાલ અત્યારે પ્રગટતો નથી). નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલાંતૂટેલાં લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે ચડ્યું, અને તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ 'તારા પોતાના ઉપયોગ માટે આ છે,' એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, અને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી.+

---

+ આ કંઠીનો પ્રસંગ મોડો બનેલો છે, પણ આગળના પ્રસંગોને અનુરૂપ હોવાથી આ પ્રસંગ અહીં સાથે જ છાપ્યો છે. - સંપાદક (પ્રથમ આવૃત્તિ)

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૩-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

હું તો તને લળી લળી વીનવ્યા કરું છું,
થાકું, કશું ન વળતું મુજ, હું કરું શું ?
પાસા પડે ન સવળા પ્રભુ ! નાખું હું જે,
રાખ્યા કરું ધીરજ કે પ્રભુ ! સ્હાય દેશે.

* * *

રંગાતું ના મન હજી તુજ રંગમાં ને,
આસક્ત તે હજી થતું નથી પાદપદ્મે,
ભારે કરે બહુ જ છેતરપિંડી ભૂંડું,
હુંથી કૃપા વિણ ન રોકી શકાય રોક્યું.

* * *

તારા ગુલામ થવું છે, તુજને ગમે તે
હું- પાસથી જરૂર તું પ્રભુ ! કામ લેજે,
વીલો મૂકી દઈશ ના મુજને જરી તું,
દૃષ્ટિ સમીપ મુજને નિત રાખજે તું.

* * *

કૈં દોષ આવરણ જે મુજમાંહી હોયે,
તે બાળી સર્વ કર ભસ્મ કૃપાકટાક્ષે
મારો બધોય મળ, ત્રાસ નિવારજે ને,
તારી પરે પ્રભુ ! મને દિલ વ્હાલ દેજે.

* * *

તું પ્રેમની પ્રભુ ! બરાબર અન્ય ક્યાંયે
વસ્તુ ન કોઈ, કરવો ઉર પ્રાપ્ત મારે,
છો સૂર્ય પશ્ચિમ ઊગે, પણ ધાર્યું મેં જે,
તે મેળવ્યા વિણ નહિ રહું,તું કૃપા દે.

* * *

ચાલ્યા કરું બહુ છતાં પથ ના કપાતો.
ઘાંચીતણા બળદની જ્યમ ઠેર ર્‌હેતો,
જાણું ન, કારણ હશે પ્રભુ ! એવું શું જે,
તો દોષ દૂર હઠવી તુજ ધામ લેજે.

**ઍરોપ્લેનમાં મુસાફરીનો હુકમ**

એક વખતે કરાંચીથી સાબરમતી આશ્રમમાં પાછો આવ્યો અને જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેંબરનો અડધોએક માસ ત્યાં (સાબરમતીમાં) રહેવાનું બન્યું હતું. પાછું મારે કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી થયેલું ન હતું, પરંતુ ઓચિંતું એક દિવસે ટપાલીએ આવીને મારા હાથમાં રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું, તો તેમાંથી રૂપિયા સાઠની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં જે લખ્યું હતું તે તમે જ શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યા હતા. લખાણમાં એમ હતું કે ‘તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું અને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.’ ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. શરૂ શરૂમાં તો ટિકિટ નહિ મળી શકે એવું જ લાગ્યું. બેત્રણ વાર તપાસ કરતાં ટિકિટ તો મળી અને તે દિવસે ‘હવાઈ જહાજ’માં બેસીને ‘પૈદાઈશ કે દિન’ મુસાફરી કરી.

## આકાશમાર્ગે જતાં અદ્‌ભુત ધ્યાનાવસ્થા

વિમાનમાં બેસવાનો તે બધો કાળ કોઈ ના વર્ણવી શકાય એવી અગમ ધ્યાનાવસ્થામાં જ પસાર થયા કર્યો હતો. વિમાનમાં જવાની મારા જેવાને તો કલ્પના પણ ક્યાંથી ઊગી શકે ? મારી પાસે આર્થિક સ્થિતિની તેવી શક્યતા પણ નથી. અને તમારા જેવા કે ભાઈ નંદલાલ જેવા ખાસ કારણ વિના વિમાનની સહેલગાહ મને કરાવે એવી વિચારસરણી પણ તમારામાંથી કોઈની ત્યારે ન હતી. અને આવી રકમ ઓચિંતી આપમેળે ક્યાંકથી આવી પડી ! વળી, તેની સાથે ઉર્દૂનું લખાણ લખેલું હતું. તે તમે શ્રી કુરેશી સાહેબ પાસે વંચાવી પણ આવ્યા હતા. આવા તાજુબીભરેલા બનેલા પ્રસંગથી કોઈકને શંકા અને સંશય પણ પેદાં થયાં હતાં. મારી પાસે એવી કોઈ રકમ ન હતી, કે જે હું ટપાલમાં ભરીને મોકલાવી શકું. ઉર્દૂ લખાણ લખેલું તે તો કોઈ એમ માને કે ધારો કે કોઈકની પાસે લખાવ્યું હોય, પરંતુ તે દિવસોમાં હું ક્યાંયે બહાર નીકળતો નહિ, તેની તમને સારી પેઠે ખબર છે. ક્યાંય પણ શહેરમાં ગયા વિના અમદાવાદની ભદ્રની સેશન્સ કોર્ટની પોસ્ટ ઑફિસની છાપ તે રકમવાળા પાકીટ પર હતી. મારે અમુક દિવસે જ કરાંચી જવું, તેનું કશું અગાઉથી નક્કી થયેલું પણ ન હતું. એટલે તેવી પ્રેરણા અને તે માટેની રકમ આભમાંથી મારે માટે પડી.*

---

* આ પ્રસંગ સપ્ટેંબર ૧૯૪૦માં બન્યો હતો, પણ બીજા આગળના કાગળના પ્રસંગો જેવો હોવાથી તે પણ અહીં છાપ્યો છે.

-સંપાદક (પ્રથમ આવૃત્તિ)

## દ્વંદ્વાતીત સદ્‌ગુરુમાં પ્રેમભક્તિ

આ બધા પ્રસંગોના સાક્ષીઓ આજે બધાં જીવતાં છે. મારા જીવનના આવા કેટલાક બીજા પણ પ્રસંગો છે. એની હારમાળા મારે તમને લખવી નથી. ઈંદ્રિયાતીતપણાના પણ પ્રસંગો પ્રભુકૃપાથી પ્રગટેલા છે. આ બધું લખવાનું કારણ તો એ કે ઉપર જે સદ્‌ગુરુ વિશેનો શ્લોક ટાંક્યો છે :-

**'એક નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતમ્'**

એવાં એવાં લક્ષણો જેના જીવનમાં પ્રગટેલાં છે, તે સાચો સદ્‌ગુરુ છે એવું જીવતુંજાગતું પ્રમાણ આપણને તે શ્લોકમાંથી મળી આવે છે, અને એવા પ્રકારનો માપદંડ (જીવન માપવાનું થરમૉમિટર) અને તેવા પ્રકારના પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે, તેના પરત્વેનું જો મળેલાં સ્વજનમાં પ્રેમભક્તિજ્ઞાનયુક્ત મહત્ત્વ પ્રગટે, તો તેવા સદ્‌ગુરુમાં આપણું દિલ પરોવાઈ રહે ખરું.

## પ્રગટીકરણનો હેતુ

આ પ્રસંગો લખેલા છે, એટલે તે આત્મશ્લાઘા છે એવું પણ નથી. એક ને એક બે કહીએ એમાં જેમ સંપૂર્ણ વાસ્તવિકતા છે, તેમ જીવનમાં જે જે રીતે જે જે કંઈ બનેલું છે, તેને તે રીતે જ તાદશ્યપણે હકીકતના રૂપમાં અમુક ખાસ ભાગવતી હેતુથી જ પ્રગટાવવું તેને આત્મશ્લાઘા ના ગણાય. આટલું લખવું પડ્યું છે તે પણ કોઈકના વિચારને કારણે. જીવનના જે નક્કર, સ્વાભાવિક, વાસ્તવિકપણે બનેલા પ્રસંગો છે, તેને તે રીતે કથવા, અને તે પણ એવું નિમિત્ત પ્રગટતાં કથવા, તે અમારે માટે તો તદ્દન યોગ્ય છે. આ તો જીવનની એક હકીકતનું પ્રાગટ્ય ખાસ હેતુપૂર્વક થયેલું છે. વખાણમાં

અને આવી હકીકતના પ્રાગટ્યમાં ફરક છે. આત્મશ્લાઘામાં પ્રત્યક્ષ જીવનની વાસ્તવિકતા પ્રગટેલી ના હોય અને અતિશયોક્તિ પણ હોય. આ બધું જેમ ઉપર લખ્યું છે, તે તો બધું જેમ ખરેખરું બન્યું છે, તેમ જ લખ્યું છે. તેમાં એક અક્ષર ઓછોવત્તો નથી કર્યો. નરસિંહ મહેતાને ભગવાને હાથોહાથ હાર આપ્યો, તેવા પ્રકારના આ બધા પ્રસંગો છે. અને તમારું બધાં સ્વજનોનું થોડુંઘણું પણ વળગી રહેવાનું જે બને છે, તેનાં મૂળમાં તો આવા પ્રકારના પ્રત્યેકને અનુભવમાં પ્રગટેલા કોઈક ને કોઈક નિમિત્તપ્રસંગો છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૩-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભો ! ભારે તું તો નચવી થકવે છે બહુ મને,
અને કાઢે છે તું દમ બહુ ખેંચી મુજ અરે !
કહે શાંતિથી શેં સુખથી પડી ર્‌હેવા નવ દઉં ?
મને તારો જાણી કંઈ કરી દયા લાવ જરી તો.

* * *

પ્રભો ! તારે માટે રવડી રવડી બાળ મરતો,
કૃપાસિંધુ થૈ તું મુજ પર કૃપા કાં ન કરતો ?
મને શાને દે છે રીબવી રીબવી દુઃખ પ્રભુ ! તું ?
દયા લાવી મારી હૃદય પ્રભુ ! લે બાળ તુજ તું.

* * *

બધા મારા જોરે વિકટ લડું સંગ્રામ પ્રભુ ! હું,
પ્રભુ ! તોયે કેમે નવ છૂટી શકું. હારું વળી હું,

અહાહા ! જાણું છું ગહન ગતિ છે કર્મતણી તે.
છતાં શ્રદ્ધા, કો દી હૃદય મુજ આરામ મળશે.

* * *

પ્રભો ! ધાર્યું હોયે કરવું મુજ તે બાપ ! કરી દે.
અને લેવો હોયે મુજ ગરીબનો પ્રાણ, લઈ લે,
મને ખંડાવા ના દઈશ પણ તું આમ, વીનવું,
ગમે તેવી રીતે જરૂર કરી દે મુક્ત પ્રભુ ! તું.

* * *

(શાર્દૂલવિક્રીડિત)

તારા હું પદપંકજો હૃદયમાં ભાવે સ્તવું છું પ્રભુ !
આશાથી ઉર રાખશે ગરીબને તું ઘેર તારે પ્રભુ !
તારા ચાકરનોય ચાકર પ્રભુ ! ર્‌હેવા હું તૈયાર છું,
રાખી લે તુજ નોકરીમહીં મને એ પ્રાર્થના છે પ્રભુ !

* * *

જો ! તારા પ્રિય નામના હૃદયમાં હું જાપ ઊંડા જપું,
ને વિશ્વાસ ધરી રહ્યો ચરણમાં કે આપશે શાંતિ તું,
મારે હે પ્રભુ ! વિશ્વમાં ગરીબને તું શ્રેય ને પ્રેય છું,
મારું તું કરશે ભલું ઉર ઊંડી શ્રદ્ધા મને છે પ્રભુ !

## ધ્યાનની શક્તિ

તા. ૧૦મીના કાગળમાં બહુ લંબાણથી ધ્યાન વિશે તમને બધું લખ્યું છે, પરંતુ ધ્યાનનો ચમત્કાર કહો કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે તેનો એક પ્રસંગ કહો, તેવો એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો તમને ટાંકું.

## કાશીવિશ્વનાથનાં દર્શને

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને એ બે બહેનો સાથે મારે રહેવાનું બનેલું. સામાન્યપણે તો તેઓ ઘરેણાં બહુ ઓછાં પહેરતાં. એક વખત બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. અને મેં મૂર્ખાએ તે બધું મારા પહેરણના ગજવામાં મૂક્યું. થોડાક કલાક પછી એ બે બહેનોની સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવનાં દર્શને જવાનું થયું. ત્યાં અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યાં અને ત્યાં એટલી તો મધુર ભાવે શરણાઈ વાગતી હતી કે તે સાંભળવાને પણ રોકાયાં. તે પછીથી અમે અમારે મુકામે હિંદુ યુનિવર્સિટીમાં પાછાં આવ્યાં.

## ચોરી માટે જવાબદારી

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકાવિહારને અર્થે જવાનું હતું, એટલે બહેને મને કહ્યું કે ‘તમારાં કપડાં બધાં બદલો.’ બધાં કપડાં મેં બદલ્યાં અને પહેરેલા પહેરણના ગજવામાંથી જે તે બધું નવા પહેરણના ગજવામાં મૂકવા માટે જૂના પહેરણના ગજવા ફંફોસવા માંડ્યાં, તે વેળાએ જ માલૂમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું છે અને તેમાંથી પેલાં મૂકવાં આપેલાં ઘરેણાં પણ ચોરાઈ ગયાં છે ! મને તો એમ થયું કે ‘મારે ભરોસે જે કંઈ મૂક્યું, તેની સહીસલામતી અને તેની જવાબદારી મારી પોતાની જરૂર ગણાય.’ એ જવાબદારીનું ભાન મને ત્યારે બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તો તેને નજીવી જેવી ગણીને જરાકે

મહત્ત્વ આપ્યું નહિ. તે તેને માટે તો ઘણું ઘણું ઉત્તમ ગણાય. જોકે મને મનમાં તેની ચણચણાટી તો થતી ન હતી, પરંતુ કોઈએ મારામાં મૂકેલી જવાબદારીને હું પ્રેમથી વફાદાર ના રહી શક્યો, એનું મને દુઃખ અને દર્દ હતું.

### ભાવાવસ્થા

તે પછી તો અમે ગંગામાતાના પુનિત પ્રવાહમાં નૌકાવિહારને માટે ગયાં. નૌકામાં બહેનનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયાં. ભજનો સાંભળતાં સાંભળતાં મને પણ દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને મારી શરીરની સ્થિતિ બાહ્ય ભાનરહિત થઈ ગઈ.

### ભાવાવસ્થામાં ચોર દેખાયો

પરંતુ તેવું પ્રગટવાની સ્થિતિ પહેલાં, પેલાં ઘરેણાંને માટે 'કોણે ગજવું કાપ્યું હશે ?' અને 'મારી જવાબદારી હું બરાબર રીતે અદા ના કરી શક્યો,' તે દર્દનો વિચાર ઊડતો ઊડતો સ્ફુરી ગયેલો ખરો. તેવા ભાવાવસ્થાના ધ્યાનના પ્રકારમાં ઊંડું જવાતાં જવાતાં ત્યાં જે એક દૃશ્યનો અનુભવ થયો, તે તો અદ્‌ભુત અને રોમાંચકારી છે. વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, તે દૃશ્ય પણ આબેહૂબ દેખાયું. તે વેળાએ ધ્યાનની ધ્યાનસ્થ દશામાં પણ તે ચોરનાર જીવને મારાથી કહેવાઈ ગયું કે 'અલ્યા ! આ ઘરેણાં મારાં નથી, મને કોઈકે મૂકવાં આપેલાં છે, અને હું તો ગરીબ માણસ છું અને હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે.' સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધોપોણો કલાક હિંદુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં

છું અને રહેવાનું મકાન પણ અમુક સ્થળે છે, તે બધું મેં તેને વર્ણવી બતાવ્યું. આ બધું જ ધ્યાનસ્થ અવસ્થામાં બનેલું, તે એટલું બધું તો તાદૃશ્ય હતું અને તેની ઘેરી અસર દિલ પર એવી તો ભારે પડી ચૂકેલી કે તે હકીકત જાણે પ્રત્યક્ષ નજરોનજર થયા કરતી હોય એવા પ્રકારના અનુભવનો ઉઠાવ જાગ્રત થયેલો. એવી ધ્યાનસ્થ અવસ્થા આખાયે નૌકાવિહાર દરમિયાન રહ્યા કરી હતી. એવી અવસ્થાથી અમારી નાની બહેન તો મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ના રુચે તે સ્વાભાવિક હતું.* નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બહેન કરી શકી, તે પછી અમે પાછાં હિંદુ યુનિવર્સિટીના અમારા મકાનમાં ઘેર આવી ગયાં.

## ચોર સામો ઘરેણાં આપવા આવ્યો

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાતી હતી, ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તો તેના પરીક્ષા હૉલમાં હતી અને હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા સામેથી વેગળેથી એક માણસ હાંફતો હાંફતો દોડતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો.

## ભક્તને રંજાડનારને સજા

મારી સાથેની બહેને મારું લક્ષ તે પરત્વે દોર્યું. મને તે દોડી આવનાર ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે 'ભાઈસાહેબ ! કૃપા કરીને નીચે ઊતરો.' હું નીચે ગયો અને તેને મળ્યો. તેણે મને

---

* આવી ધ્યાનાવસ્થાની દશાઓ ઘણી વાર થતી અને જ્યાં ત્યાં બનતી, તે તેને સુરુચિભંગ લાગતું.

કહ્યું કે 'આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું તો આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી આ અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે, કૃપા કરીને તે મટી જાય એવું કરો.'

## પ્રભુકૃપાનો ચમત્કાર

ઘરેણાં મળી જવાથી પ્રભુની કૃપાનો કેવો ચમત્કાર બન્યો, તે અનુભવીને મારું હૈયું તો ભાવથી ગદ્‌ગદ થઈ ગયું, એટલે તેના બોલવાનું તો મને કશું ભાન રહ્યું ન હતું. મને ઘરેણાં મળી જવાથી એટલી બધી તો હા...શ પ્રગટી અને એવો તો નિરાંતનો અનુભવ પ્રગટ્યો કે જેનું વર્ણન તમને લખી શકું, એટલે કે ભાષામાં ઉતારી શકું, એવું મારી કલમમાં જોર નથી. એવો કવિ પણ હું નથી. વળી પાછું પેલા માણસે કાલાવાલા કરી કરી, કરગરી કરગરીને, મને પગે પડીને કહ્યું કે 'ભાઈસાહેબ, મારો આ પ્રચંડ દાહ મટાડી દો,' મેં તેને કહ્યું કે 'ભાઈ ! આ તો મારા ભગવાનની કરામત છે. પણ તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું ?' ત્યારે તેણે કહ્યું કે 'ગઈ કાલની સમી સાંજ પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમિયાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ પ્રત્યક્ષ તર્યા કરતી, અને તમે ક્યાં રહો છો તે મકાનની જગાની ખરેખરી રીતે તેના અમુક ચોક્કસ સ્થળની પણ મને ખબર પડી હતી, અને સવારના તમે ક્યાં હશો, તે પણ હું દેખી શકતો હતો.

## કૃપા કરીને દાહ મટાડો

રાતે ને રાતે આવવાની મારા શરીરમાં તો તે વેળા શક્તિ પણ ન હતી. અત્યારે પણ જેમ તેમ કરીને આવી શક્યો છું.

નીકળવાનું થયું ત્યારે તો ચાલી નહિ શકાય એમ લાગતું હતું, પણ પછીથી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડ્યા જ કરવાનું બન્યું છે અને એકીશ્વાસે અહીં આવ્યો છું. માટે, કૃપા કરીને તમે આ દાહ મટાડો.

## મંદિરમાં ચોરી ના કરવાનું વ્રત

મેં પણ તેને અચાનક એમ કહ્યું કે 'ભાઈ! તું હવે એક વ્રત લે, કે 'વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ કરીશ નહિ.' એવું વ્રત જો તું પ્રમાણિકતાથી પાળવાનું વચન આપશે અને તે વચનનું પૂરેપૂરું પાલન કરશે, તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ, દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તો તેના કેવા હાલહવાલ થાય ! તે બિચારા ગરીબને કેટલી હેરાનગતિ ભોગવવી પડે ! માટે, કૃપા કરીને મંદિરમાં કોઈનું પણ ગજવું કાપવું નહિ એવો અડગ ટેક લે.' તેને શરીરે દાહનો અગ્નિ એટલી બધી તો વેદના પ્રગટાવતો હતો કે તે બિચારાએ તેવું વ્રત મારી આગળ લીધું તો ખરું જ અને તે પાળવાનું વચન પણ મને તેણે આપ્યું. વધુમાં તેણે કહ્યું કે 'ભૂખે મરીશ, તે હા, કબૂલ. પરંતુ કોઈ પણ આકરામાં આકરા ભૂખમરાના પ્રસંગમાં પણ મંદિરમાં કોઈનું પણ ગજવું કાપીશ કરીશ નહિ.'

## દાહ મટ્યો

મને તેના કથન પર વિશ્વાસ પણ પ્રગટ્યો અને તેમાં તેની સચ્ચાઈ પણ લાગી. મેં પણ પ્રભુને તેનો દાહ મટાડી દેવાને માટે દિલમાં દિલથી પ્રાર્થના કરી. અને થોડીક વારમાં

તેના શરીરનો દાહ મટી ગયેલો પણ તેણે પોતે અનુભવ્યો. અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

## સંકલ્પ આકાર પામે

ધ્યાનની ઊંડાઈ અને તેની ભાવાવસ્થા કેવી વાસ્તવિકપણે પ્રગટે છે, તેનો આ પ્રકારનો ગઈ કાલે વિગતવાર વર્ણવેલો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રગટે અથવા જે સંકલ્પ તે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આ આપમેળે પ્રગટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો. ધ્યાનના આના કરતાં પણ ઉચ્ચતમ કક્ષાના પ્રકાર હોય છે. હજી આવા પ્રકારના ધ્યાનમાંનો એકડો પણ આપણાથી મંડાયો નથી, એટલે આ દાખલાથી આપણને બધાંને જાણવાનું મળશે કે આપણે હજી આ દિશામાં કેટલું બધું આગળ વધવાનું છે.

પાછી તમને મારી સાધનાકાળની પ્રાર્થનાઓ લખું છું :-

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૪-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ભેગો થઈ જઈશ હું મુજ ઠામ ક્યારે ?<br>
રે ! તે વિના હૃદય શાંત થશે ન કેમે,<br>
તાપે ઉચાટ થકી તે ઉર તપ્ત ર્‌હે છે,<br>
જ્યાં જોઉં ત્યાં કરમ આગળ ઊભું ર્‌હે છે.

* * *

ક્યાંયે ન શાંતિ વળતી મુજને જરાયે,<br>
ખાવા જ ધાય, જહીં જાઉં તહીં, બધાંયે,

તુંયે ન દે કંઈ કશો મુજને દિલાસો,
એવી ઊંધી ગતિ પ્રભુ ! મુજ કર્મની જો.
તેમ છતાં :-
પ્રારબ્ધકર્મ પુરુષાર્થ નડે બધાંયે,
બાળી જ નાખીશ પ્રભુ ! જડમૂળથી એ,
ચોળીશ રાખ પછી તેની બધા શરીરે,
તેવી દશા મુજ થવા પ્રભુ ! તું કૃપા દે.

* * *

સંજોગ આવી મળતાં મળશે બધુંયે,
મા આકળો થઈશ રાખ તું ધૈર્ય હૈયે,
ને તું કર્યા કર થતું તુજથી બધું જે,
રાખીશ આળસ ન તું તુજમાં જરાયે.

* * *

લ્હાવો મને સુખતણો, પ્રભુ ! આપજે તું,
આવ્યો કને તુજ પ્રભુ ! કરી આશ તે હું,
ભગ્નાશ થૈ તુજ થકી ફર્યું કો ન પાછું,
વ્હેતો મૂકી દઈશ શું મુજને પ્રભુ ! તું ?

* * *

ક્યારે ગળી મન જશે તુજ પાદપદ્મે ?
એવી કૃપા ઊતરશે મુજ શીર્ષ ક્યારે ?
'હે પ્રાણવલ્લભ ! પ્રભુ ! મુજ આશ છે તું,
જોજે ! નિરાશ કરતો મુજને રખે તું !

* * *

પ્રેમે તને હરનિશે પ્રભુ ! પાય લાગું,
ને હું ગુના તુજતણો પ્રભુ ! દંડ માગું,

છોરું કદાચ ભૂલશે, બનશે નઠારું,
તોયે છતાં તુજ ન મોટપ છોડજે તું.

*  *  *

## પ્રસંગની છાયા

તા. ૧૧મીના પત્રમાં સદ્‌ગુરુની ભાવના વિશે તમને લખેલું છે. આપણે જો આપણા ખરેખરા દિલથી જીવનવિકાસના હેતુના જ્ઞાનભાન સાથે સદ્‌ગુરુને સ્વીકારેલાં હોય, તો એવા સદ્‌ગુરુના સ્મરણ સિવાયનું અથવા તો પ્રાર્થનાના ભાવનું જે કાળે આંતરિક પારાયણ કરવાનું રાખ્યું હોય તેના સ્મરણ સિવાયના કે નામસ્મરણ સિવાયના અથવા તો ભાવના સિવાયના બીજા કોઈ પણ જાતનાં વિચારને, પ્રસંગને, બાબતને મનમાં ઝાઝી વાર ટકવા દેવાં જ નહિ. કશા વિચારની ગડમથલમાં, ‘આ સારું કે તે સારું’ એવા દ્વિધાભાવમાં પણ લાંબો ગાળો ટકી ના રહેવાય તેની જાગ્રતિ તો ખૂબ ખૂબ રાખવી. કોઈ બની ગયેલા પ્રસંગની કે બનાવની છાયા પણ ટકવા ના દેવી.

## પ્રસંગનો વિચાર અને તેની છાયા

પ્રસંગનો વિચાર અને પ્રસંગની છાયા - એ બેમાંનો ભેદ તમે સમજ્યા ? એક દાખલો આપીને સમજાવું. કેટલીક વાર એવું બને છે, કે આપણને દુઃખ ઊપજાવતો અમુક પ્રસંગ બન્યો, પરંતુ તે પછી જીવનમાંનાં બીજાં કર્તવ્યો કે પ્રસંગોના ધર્મોને લીધે પેલા થઈ ગયેલા પ્રસંગ કે બનાવના વિચારના ધસારા જુદા પ્રકારની પ્રગટેલી પ્રવૃત્તિને લીધે આપોઆપ તે વેળા અટકી તો જાય તેમ છતાં એક જાતની આપણને પોતાને પણ કારણ ના સમજાય એવી ઊંડી ઊંડી ગમગીનીની છાયા

કેટલીક વાર તે પ્રસંગ કે બનાવ મૂકતો જાય છે. એવી છાયા ઘણા વખત સુધી આંતરમાનસના ઊંડા પેટાળમાં પડી રહે છે અને કંઈ સમજી ના શકાય એવી ગૂઢમૂઢતા પ્રગટાવે છે. વળી, કોઈ સમયે એવાં કોઈ સંબંધી મળે કે જેમની પરત્વે ખૂબ મોહ અને આસક્તિ હોય, તો તેવાં સંબંધી સાથેનો આપણો સંપર્ક પણ એક ઊંડી ઘેરી છાયા તે સંપર્ક પૂરો થઈ ગયા પછીથી પણ મૂકી જાય છે, અને ઊંડા સંસ્કાર તેવો સંપર્ક પાડી જતો હોય છે. આવા પ્રકારના કશા ઊંડા સંસ્કાર અને આવી છાયા ચિત્તમાં ના પડી જાય તેની તો ઘણી ઘણી કાળજી રાખવાની છે, એટલે કે એવા પ્રસંગ, વિચાર કે બનાવ કે તેની છાયાને કોઈ ને કોઈ રીતે પ્રેમથી વિદાયગીરી આપી દેવાની છે, તે જાણશોજી.

## વૃત્તિ અને ભાવમાં ફરક

વળી, હાલમાં તમે 'આનંદવૃત્તિ થાય છે' એમ લખ્યા કરો છો, તો એવી વૃત્તિથી બીજા કશામાં રસ લેવાઈ ના જાય તે તો ઘણું ઘણું જાળવજો. આને હું આનંદની 'વૃત્તિ' કહું છું, તે તેના સ્થૂળ અને સૂચક અર્થમાં કહું છું. બાકી, આનંદનો તો 'ભાવ' કહેવાય. એવી આનંદની પ્રગટતી જતી વૃત્તિને તમે કંજૂસના ધનની જેમ સાચવી સાચવીને સાધનના અભ્યાસમાં જ વાપર્યા કરશો, તો આપણું એ સાધનધન-સાધનામૂડી-બેવડાતી અને તેવડાતી જશે. જો તેમ નહિ કરીશું તો નદીનાં પૂરનાં પાણીને નહેરો મારફત ખેતરોમાં વાળવાને બદલે નકામું વહી જવા દેવા જેવું થશે, એટલું જ નહિ પણ પૂર ઊતરી જતાં જે ઓટ (ભાવની) થશે તે સહેવી મુશ્કેલ થઈ પડશે, અને પાછા

પડવાપણું થવાનું. ભાવ-ના ઉપયોગથી ભાવની બઢતી થાય છે, પણ તેવી ઊપજતી આનંદની વૃત્તિનો ઉપભોગ કર્યા કરવાથી તો ભાવમાં ક્ષતિ જન્મે છે. સાધનામય જીવનમાં કોઈ ને કોઈ વાર આવું તો બન્યા કરે છે, પરંતુ એ જેટલું ઓછું બને તેટલું ઉત્તમ. તમને આનંદની વૃત્તિ હવે રહે છે, તેથી તો રાજી જ થાઉંને ? પરંતુ આ પ્રકારનાં નિમિત્તભાવે તમારા પ્રગટતા તેવા સ્મરણને પ્રાર્થનાભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં હું તો નિત્ય સમર્પણ કર્યા કરું છું કે જેથી એ પ્રાર્થનાભાવની અસર મોડીવહેલી પણ તમારા પર પડવાની હોય તો પડી શકે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૪-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(મંદાક્રાંતા)

હૈયે મારે દુઃખ રથ પ્રભુ ! તું ચલાવ્યા કરે છે,
ને એને તેં કચરી કચરી લોટ જેવું કર્યું છે,
તોયે જંપી જરીય ઠરવા બેસી ર્‌હેવા ન દે છે,
કૈં ઉત્પાતો જગવી જગવી તું સતાવ્યા કરે છે.

* * *

હંમેશાં મેં પ્રભુ, તુજ થવા સર્વ હર્ષે દીધું છે,
કૈંયે મારી ડખલ જરીયે ક્યાંય આણી નથી મેં,
થાતું જેવું જ્યમ હતું પ્રભુ ! તેમ થાવા દીધું છે,
સાક્ષી થૈને જરૂર બધું મેં નિત્ય જોયા કર્યું છે.

* * *

ઊંડું ઊંડું રડી રડી મરું તોય ના સાંભળે તું,
હૈયું મારું ટળવળી મરે તોય ના ધ્યાન દે તું,

પાયે તારે પડી કરગરું તોય સામું ન જોતો,
યાચી યાચી મરી જઉં છતાં તોય ના પાર આવ્યો.

* * *

હૈયે મારે ધીરજ નહિ છે, હામ ખૂટી ગઈ છે,
સ્હેવા આવાં નિત નિત નવાં દુઃખ તું જે મને દે,
તોયે શાથી તુજ ઉપરની આશ ના કૈં છૂટે છે !
હૈયે શ્રદ્ધા તુજ ઉપરની કેમેય ના ઘટે છે.

(વસંતતિલકા)

આનંદ, પ્રેમ, રસ, ભાવમહીં નહાઈ
કૈં શક્તિ ઉર પ્રગટ્યા કરજો સદાયે,
એ શક્તિનો હૃદપ્રવાહ વહ્યા કરો, ને
સંબંધ સૌ ઉપર ઉર રહી શકાજો !

**લગની**

જેમ જેમ જીવનની સાધનામાં આપણે રત-એકતાર-થતાં જઈશું, અને તેવા પ્રકારની લગનીનો ભાવ પ્રકૃતિ અને સ્વભાવમાં વણાઈ જઈ તેનું એક અંગ બનશે એટલે કે તે આપમેળે રહ્યા કરશે, તેમ તેમ આ પરત્વેની ઈચ્છાશક્તિનું પ્રબળપણું, સર્વ સંબંધોથી પર થવાપણું, સંબંધોની સપાટીથી ઊંચે રહેવાપણું, તેમ જ વહેવારમાં રહેવાતાં છતાં અને એમાં ચિત્ત હોવા છતાં એમાં ગૌણભાવે પ્રવૃત્તિ રહે, કર્મ તો જોકે કુશળતાભર્યાં થયા કરે, તેમ છતાં તેમાં પહેલાંના જેવી આસક્તિ ના પ્રગટે અને પ્રધાનપણે જીવનવિકાસ પરત્વેની ભાવનામાં જ આપણું દિલ રમ્યા કરતું હોય-એવું અનુભવ્યા જઈશું.

## લીલ બાઝવા ના દો

‘A rolling stone gathers no moss.’

‘સતત ગબડ્યા કરતા પથ્થરને લીલ બાઝતી નથી,’ એને આ અર્થમાં ઘટાવું છું. : જો આપણે ગબડતા જતા પથ્થર જેવા-નહિ કે જડ, પડી રહેલા પથ્થર જેવા-બની ગયેલાં હોઈશું તો moss-લીલ-એટલે કે આધ્યાત્મિક જીવન સિવાયની બીજી રાગ-મોહાદિક વૃત્તિની લીલ આપણને બાઝી શકશે નહિ. X **‘મનને’**માં લખ્યું છે તેમ :-

તને કામ તારાની ચિંતા નહિ જો,
તને તે પરે પ્રેમ ના ઉદ્‌ભવે જો,
તને ખંત ને હોંશ કૈં જો ન થાય,
બધો વ્યર્થ તારો પછી પુરુષાર્થ.

## લગનીની પારાશીશી

એટલે આમ આપણી પ્રગટતી જતી ભાવનામાં ઉત્તરોત્તરપણે ઉત્સાહ, ખંત, હોંશ એવું બધું પુરુષાર્થ માટે અને પુરુષાર્થ દ્વારા જો પ્રગટ્યા કરતું ના અનુભવી શકાય તો સમજવું કે જીવનવિકાસ પરત્વેની તમન્નાની કક્ષા એટલી ધગધગતી અને ઉચ્ચ નથી, અને એથી આપણને સમજાશે કે આપણામાં આ માર્ગ પરત્વેની સાચી લગની હજી લાગેલી નથી.

## વૃત્તિનો સદુપયોગ

આનંદની વૃત્તિ વચમાં વચમાં જે જન્મે છે, તે જો બીજાં વિષયોમાં, સંબંધોમાં, વાતચીતમાં, કર્મોમાં ખરચાઈ જાય તો સાધનામાં એટલી ઊણપ રહ્યા કરવાની છે, તે નક્કી જાણજો.

X આ ભાવના લેખકની **‘તુજ ચરણે’** પુસ્તિકામાં નીચેની લીટીમાં બરાબર પ્રગટ થઈ છે : થાવું કૃપા થકી ભીનું જ્યમ મેહ રોડું.

જીવનમાં રહેલી સર્વ કંઈ શક્તિ સાધનાનાં કામમાં જ લાગી જવી જોઈશે, અને તે પણ એકાગ્રપણે અને કેંદ્રિતપણે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૪-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારી કૃપાનજર હુંપર રાખજે તું,
ના વાંછતો અવર કૈં, બસ એ જ માગું,
ને રાખશે શરણમાં પદપંકજે તું,
ત્યાંથી મને કરીશ ના અળગો જરી તું.

* * *

તું પ્રેમમાંહી રમશે મનમત્સ્ય ક્યારે ?
ભાળીશ એ પરમ હું દિન બાપ ! ક્યારે ?
ને ગુંજશે ભ્રમર બુદ્ધિ પદે તમારે
ક્યારે પ્રભુ ! તું પૂરશે મુજ કોડ સૌ તે ?

* * *

બેઠો છું દ્વાર તુજ, શીર્ષ લઈ કરે હું,
છો પ્રાણ જાય, પરવા કંઈ ના ધરું હું !
ના થાકતો રડવું સાંભળી મારું શું તું ?
શ્રદ્ધા, છતાંય પિગળાવીશ નિશ્ચયે હું.

* * *

મારું બધું ૠણ શિરેથી ઉતારજે તું,
ને બંધનો મુજ બધાં પ્રભુ ! કાપજે તું,
તારા નશામહીં થવું ચકચૂર પૂરું,
એવો મને બનવ મસ્ત તું ભક્ત તારો.

* * *

'દે સાથ છેવટતણો પ્રભુ, એકલો તું,
જાણી હૃદે ત્યમ ઢળ્યો તુજ પાદમાં હું,
હંકારજે જીવનનું પ્રભુ ! નાવ સીધું,
ને હેમખેમ ભવપાર ઉતારજે તું,

## જીવનકાર્યની સમજણ

તમારી કવિતામાં લખેલા ભાવ પ્રમાણે બધી પ્રગટેલી પરિસ્થિતિમાં પૂરેપૂરા તટસ્થ રહી શકાયું, તો અંતરમાં જ લીન રહી શકો અને 'તત્ત્વામૃત' ચાખ્યા કરવાનું રાખી તેનો ઉપયોગ સાધનાનો ભાવ બઢાવવામાં કર્યા કરી તેની સુવાસ તો પ્રભુને ચરણે સોંપી દઈ એના યંત્ર થઈ જવાય, અને તે પછી પણ તેના હેતુરૂપી માળાના મણકા થઈ જવાય તો જીવનકાર્ય પૂરું થયું ગણાય. તેવું ના થવાય ત્યાં સુધી બધું જ કાચું ગણવાનું છે.

## કાવ્યની કળા

પરંતુ હકીકત તો એમ છે કે કાવ્યમાં અમુક ભાવ પ્રગટ થાય તેવા ભાવમાં તે કાવ્ય લખનાર તેટલા કાળ પૂરતો પણ પૂરેપૂરો તરબોળ સાધારણ રીતે રહેતો હોતો નથી. એના સત્ત્વ કે આધાર કે જીવકોષનું એકાદ અંગનું સ્ફુરણ માત્ર તે પળે તેનામાં પ્રગટેલું હોય છે. દા.ત., કોઈ કાવ્યના સર્જન વખતે હૃદયની લાગણી તે કાવ્યના ભાવથી ભરેલી હોય અથવા બુદ્ધિની કલ્પનાના ઉત્કટ આવેશ અને આવેગને કારણે હોય અથવા તો તે બંને હોય તેમ છતાં તેનું સત્ત્વ કે આધાર-એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ તથા શરીર-એ બધું જ કંઈ એ ભાવમય તે કાળ પૂરતું પણ પ્રગટેલું હોતું નથી. પવનનો એક સપાટો આવે અને ઝાડનાં ડાળાંપાંખડાં હાલી

ઊઠે અને પાછો એ ચાલ્યો જાય ત્યાર પછી વૃક્ષ પાછું પોતાની અસલ સ્થિતિમાં પ્રગટી જાય અને પવનની બીજી કશી અસર ટકેલી તે વૃક્ષને તો ના જણાય. લગભગ તેવું ઊર્મિભરી કવિતાનું તેના લખનારને થાય છે, એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

## ગીતનો ભાવ જીવનમાં પ્રસરાવો

પ્રાર્થનાગીતોમાં પ્રગટેલો ભાવ તેથી ઉપયોગનો નથી એવું મારું કહેવું નથી, પણ એટલું તો ખરું જ કે એવા ભાવને આપણે સમજી સમજીને સાધનના અભ્યાસમાં પ્રગટાવ્યાં કરવાનો છે. આપણે તો એટલું જોવાનું છે કે એવો પ્રાર્થના-ગીતનો ભાવ જીવનમાંનાં અંતરનાં મનાદિકરણમાં કેટલો પ્રસરે છે અને કેટલું ઘર ઘાલે છે, એટલે સ્થાયી ભાવરૂપે તેમાં કેટલે અંશે સ્થિર થાય છે. બાકી તો બાળક સાબુનાં પાણીમાંથી પરપોટા રચે છે અને ઉરાડે છે, તે કેવા સુંદર લાગે છે ! છતાં પણ તે કેવા ક્ષણિક હોય છે ! તેવી રીતે પ્રાર્થનાકાવ્યો ભલે સુંદર પ્રગટે, પણ પેલા પરપોટાની માફક ઊડી જાય અને જીવનને સ્પર્શ નહિ કરે, તો તેવી પ્રગટેલી કવિતા જીવનને માટે બહુ ઉપયોગની નથી એમ મારું માનવું છે.

## આંતરિક ભૂમિકાનું જ મહત્ત્વ

કવિ તેવી પળે કોઈ ઉચ્ચ પ્રકારની ભૂમિકામાં કલ્પનાથી કે લાગણીથી પ્રગટી જાય છે અને ખાસ કરીને તો તેનામાં ભાવને વ્યક્ત કરવાની એક જુદી જ કળા હોવાથી તેમાંથી કાવ્ય નીપજે છે, પરંતુ તે કવિની પોતાની આંતરિક ભૂમિકા જો ઊંચા પ્રકારની જીવંત હોય, તો જ ઘણી સ્થાયી અસર કરે

છે અને તેનું જીવન પણ ઊંચું થવામાં ભારે સહાયરૂપ પણ થાય છે. કાવ્ય રચવાની કળા કુદરતી શક્તિ છે, પણ તેનો સદુપયોગ જીવન પ્રગટાવવામાં થવો જોઈએ, એવો જીવતો ખ્યાલ તમને પ્રગટે તેટલા માટે જ આ બધું લખ્યું છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૫-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ઝોળી લઈ હું તુજ દ્વાર પ્રભુ ! ઊભો છું,
ભિખારી યોગ્ય મુજ કૈં પ્રભુ ! નાખજે તું,
કૈં ખૂટશે ન તુજ તેથી કૃપાખજાનો,
તો નાખજે કંઈક, જો ગમતું તને હો.

* * *

આ તે કયું નગર ? દેશ હશે કયો આ ?
આવી ચડ્યો હઈશ કેવી રીતે અહીંયાં ?
મારું હશે વતન ક્યાં વળી ક્યાં જવાનું ?
એમાંનું કાંઈ લગીરે પ્રભુ ! હું ન જાણું.

* * *

ક્યાં પ્રાણવલ્લભ ! વસતો હશે ? ક્હો !
પાડું બૂમો, જગત લોક ! મને બતાવો,
જે માગશો, દઈશ દામ જરૂર, તો ક્હો,
સંતાયેલો કહીં હશે ? ઝટ બાપ ! બોલો.

* * *

(મંદાક્રાંતા)

હૈયું મારું સહન કરવા બાપ ! ના સાવ પાડે,
ફેંકે જે તું મુજ પર હવે તો વિચારી તું જોજે,

આથી સ્હેજે અદકું સહ્યું ના હુંથકી કાંઈ જાશે,
હાવાં મારે સહન કરવે માપ આવી રહ્યું છે.

* * *

મારું સ્હેજે તુજ પર પ્રભુ, ચાલતું કૈં હતે જો,
દેખાડ્યું મેં નિજનુંય હતે પાણી હા ! તો તને તો,
છે કૈંયે ના મુજ કર કશું એ જ વાંધા બધા છે,
બોલ્યાચાલ્યા વિણ કંઈ પ્રભુ ! જે તું ઈચ્છે સહુ તે.

* * *

જન્મારાનો જરૂર પ્રભુ ! જો એક તો હું દુઃખી છું,
તો શા કાજે વળી તપવતો તું હશે રાંકને હું ?
કર્મે નિત્યે દુઃખ ગરીબને શું જડેલું જ હોયે ?
ના જાણું હું નવ કળી શકું હેતુ તારો પ્રભુ ! તે.

## બીજાનું મૂલ્યાંકન

જગતનાં સર્વ સંબંધોમાં, પ્રસંગોમાં, વર્તનમાં આત્મલક્ષી રહ્યા કરવાનું છે. એ રીતે બધાં પરત્વે જ્ઞાનભાનપૂર્વક જિવાયા કરાય તો જ ઉત્તમ. માનવીની પાસે-દરેકની પાસે-પોતાનું એક અલગ ધોરણ, માપપટ્ટી, હોય છે અને તેનાં વડે તેના સર્વ સંબંધીઓને તે માપે છે, અને કોઈને ‘સારો’ અને કોઈને ‘નરસો’ ગણે છે. આમ, એકને કોઈ માનવી સારો લાગતો હોય, પણ બીજાને તે જ માનવી ખરાબ લાગે છે, એમ આપણે વહેવારમાં જોઈએ છીએ. એટલે આવા પ્રકારનું ખાસ કોઈ એક ધોરણ આપણે રાખવાનું નથી. આવું ધોરણ બહુ કાચા અને મલમિશ્રિત મનથી અને અધકચરી બુદ્ધિનાં વલણથી ઘડાયેલું હોવાથી તે ઘણું સંકુચિત અને આધાર ના રાખવા

લાયક હોય છે. એટલે એવા માપથી કોઈનું મૂલ્યાંકન કરવું તે બિલકુલ યોગ્ય નથી. યોગ્ય નથી એટલું જ નહિ પણ તેમ કરવામાં આપણી જ મોટી ખોડ છે. ઈશુ ભગવાને કહ્યું છે કે 'Judge not that ye be not judged' - કોઈનુંયે મૂલ્યાંકન કરવા બેસશો નહિ, નહિતર તમારું જ મૂલ્યાંકન થઈ જશે, તે નક્કી જાણજો.

## સદ્‌ભાવભર્યું જ વર્તન

એવું મૂલ્યાંકન કરવાથી માનવીને બીજા પ્રત્યે ગમા-અણગમાની વૃત્તિ પ્રગટે છે. એટલે ઉત્તમ રીત આપણા માટે તો એ છે કે કોઈના વિશે પણ આપણા મનમાં કશું ના ઉદ્‌ભવે અને ઉદ્‌ભવે તો તેની અયોગ્યતા સમજી લઈને તેવું જે કંઈક ઉદ્‌ભવેલું હોય તેને આપણામાં ઘર કરવા ના દઈએ. આથી, દિલનો પ્રેમભાવ મુક્તપણે સર્વ કોઈને માટે વહેવા માંડશે. કોઈક એક માનવી બીજાને ભલેને ખરાબ લાગતો હોય, તોપણ આપણે તો સંપૂર્ણ પ્રેમભાવથી તેની સાથે વર્તીશું. બીજાં આપણી સાથે તેવા ભાવથી વર્તે કે ના વર્તે, તોપણ આપણા પોતાના વિકાસના હેતુના કારણે પ્રેરાઈને આપણે તો બધાં સાથે એકમાત્ર સદ્‌ભાવથી પ્રેરાઈને વર્તવાનો જીવતોજાગતો ખ્યાલ પ્રગટાવવાનો છે. 'ખ્યાલ' શબ્દ ખોટો છે. ખ્યાલ નહિ પરંતુ 'ભાવ' પ્રગટાવવાનો છે એવો અર્થ સમજશો. જેમ જેમ આપણા અંતરના આવા સદ્‌ભાવનું વર્તુળ વિશેષ ને વિશેષ જ્ઞાનપૂર્વક વિસ્તાર પામતું જશે, તેમ તેમ બધાં જીવ પરત્વેની ગમાઅણગમાની આપણી વૃત્તિઓ મોળી પડતી જવાની અને તેમના તેમના પરત્વેના રાગદ્વેષ પણ મોળા થતા જતા આપણે

અનુભવી શકીશું. જીવમાત્ર પરત્વેના પ્રગટેલા સદ્ભાવનું તે પ્રત્યક્ષ લક્ષણ છે. જે કંઈ પ્રગટે તે તેનાં લક્ષણ વડે પારખવાની કળા આપણે શીખવાની ખાસ જરૂર છે.

## જાતને તો ઓળખો !

આપણે આપણી જાતને જ યોગ્ય રીતે હજી ઓળખી શકતાં નથી. આપણામાં કેટકેટલું ભરેલું પડેલું છે, કેવી કેવી અધમતા પણ હોય છે, તેની સમજણ તો માનવીને આ માર્ગે આગળ જતાં જતાં જે આંતરદર્શન થતું રહે છે તેમાંથી પ્રગટે છે. એટલે આમ આપણને જ આપણે જ્યાં યોગ્ય રીતે જાણતાં હોતાં નથી, ત્યાં બીજાને તો કેવી રીતે જાણી શકીએ ? માટે, આપણે બીજા માટે મત બાંધી દેવાનું પ્રયત્ન કરી કરીને છોડી દેવાનું રાખવું.

## ઊર્મિનો સ્મરણભાવમાં સદુપયોગ

પ્રિય સ્વજનને બોલાવતાં કે તેનું સ્મરણ પ્રગટતાં દિલમાં એક પ્રકારની ઊર્મિ પ્રગટે છે. તે પ્રગટાવવામાં કશો કોઈ જાતનો પ્રયત્ન કરવો પડતો નથી. તેવી આનંદની લાગણી જો પ્રગટે તો એટલું ધન આપણને મળ્યું, તે મૂડીને સ્મરણના ભાવમાં સહજમેળે જ સદુપયોગ કર્યા કરવાનું બને તો એવો ભાવ વિશેષ ને વિશેષ ગાઢો બને છે.

સ્મરણમાં ભાવના પ્રગટાવવાને કાજે થોડે થોડે અંતરે પોતાને બહુ જ પ્રિય લાગતું હોય એવું પ્રાર્થનાભજન ગાવું. એવા ભાવથી તે કાળે કરેલાં પ્રાર્થનાભજનથી એક પ્રકારની ઊર્મિભાવના પ્રગટશે અને તેવી ઊર્મિભાવનાનો ઉપયોગ સ્મરણમાં લેવાથી સ્મરણ પણ રસીલું બનશે. સ્મરણમાં

ભાવોર્મિનો કેમ ઉપયોગ કર્યા કરવો તે આપણે પ્રયોગ કરી કરીને શીખવાનું છે. સ્મરણ ભાવભીનું કેમ કરીને થયા કરે તેનું સતત લક્ષ રાખ્યા કરવાનું છે.

## લાગણી અને ભાવના

લાગણી અને ભાવના બે જુદી વસ્તુ છે. લાગણી એ જીવદશાની સ્થિતિમાંથી પ્રગટતી વૃત્તિ છે, જ્યારે ભાવના એ જીવદશાની સ્થિતિને ઉચ્ચતર કક્ષામાં પ્રગટાવવાનું સાધન છે અથવા તો તે પરત્વે પ્રેરાવનાર સાધન પણ છે. એટલે લાગણી જ્યારે પ્રગટે ત્યારે તેમાં તણાઈ ના જતાં તેનો પણ ઉપયોગ સ્મરણ, પ્રાર્થના કે ભજનમાં કર્યા કરવો.

## પાપનું પ્રક્ષાલન

તમને ધ્યાનમાં હરિનો અર્થ સૂઝ્યો કે 'પાપને હરનાર તે હરિ'. એ અર્થના ભાવનું પારાયણ ધ્યાનમાં કે સ્મરણમાં કરવાનું નથી. બીજા કોઈ વખતમાં જરૂર કરી શકાય. ધ્યાનમાં અને સ્મરણમાં તેમ ના કરવાનું કહું છું, તેનું કારણ તો એ કે 'હરિ'નો એકલો એકમાત્ર તે જ ગુણ છે એવું કશું નથી. આથી કરીને તમે જે હરિનો ભાવાર્થ લખ્યો છે તેવા ભાવની ધારણા સ્મરણમાં રાખ્યા કરીએ તો હરિના તત્ત્વને સંકુચિત અર્થમાં લઈ લીધું ગણાય. આપણે આપણાં પાપને 'હે હરિ ! તું હરી લે,' એવી પ્રાર્થના કરીએ તે પણ યોગ્ય નથી, કારણ કે ए પોતે કર્મને પ્રેરનાર કારણ છે, કર્મ પણ છે, કર્મનો કાયદો પણ છે અને કર્મનું પરિણામ પણ છે. અને જો આ સમજણ સાચી હોય તો આપણે કંઈ કશાથી ભાગી છૂટવાનું કરીએ અથવા તો તેનાથી બચી જવાને માટે પ્રાર્થના કરીએ, તો તેમ બની શકતું

હોતું નથી. તેવાં તેવાં કર્મને redeem થયા કરવાને માટે-કર્મનું પ્રક્ષાલન થવાને માટે-સંપૂર્ણ સમતાથી, શાંતિથી, પ્રસન્નતાથી તે તે કર્મને સ્વીકારી પ્રેમભાવે ઉમળકાથી તે વેદ્યા* કરીએ તો તેનું પ્રક્ષાલન આપમેળે પૂરેપૂરું થઈ જાય છે.

## નીરવતા

સમર્પણનું જ્ઞાન અને ભાન તો પળેપળ રાખવું એ સાધનાના ભાવમાં ઘણું ઘણું જરૂરનું છે. સમર્પણનો ભાવ રોજબરોજની દિનચર્યામાં જો ઓતપ્રોત થવા માંડે તો તેમાંથી જે એકાગ્રતાની અને ભાવનાની શક્તિ પ્રગટે છે, તે આપણામાં અંતર્મુખતા પ્રગટાવવાને બહુ જ મદદગાર બની શકે છે. તે પછીથી તેનો ભાવ નિત્યના કર્મવહેવારમાં પણ રહી શકતો અનુભવી શકીશું અને આવી સ્થિતિ પ્રગટતાં નિત્યના નિયમ પ્રમાણે થતા રહેતા ધ્યાનમાં આપણને ઘણી મદદ મળે છે. ધ્યાનની અસરથી મંતવ્યો, આગ્રહો, સમજણો, મૂલ્યાંકનો, દૃષ્ટિબિંદુઓ વગેરે વગેરે પ્રગટતાં આપણને તટસ્થ રહી શકવાની કળા પ્રાપ્ત થતી હોય છે. એવા પ્રકારનો જ્ઞાનમૂલક અભ્યાસ દૃઢ થતાં થતાં ઉપરનું તેવું બધું પ્રગટતું પણ હોતું નથી. આપણાં મનાદિકરણ એ પ્રમાણે જ્યારે વર્તતાં હોતાં નથી, ત્યારે જ નીરવતાની સ્થિતિ પ્રાપ્ત થવાની શક્યતા હોય છે. ધ્યાનના રોજબરોજના અભ્યાસની ઉત્કટતાના કારણે થોડીક વેળા એવી સ્થિતિ ઓછીવત્તી કદાચ પ્રગટે, પણ તે રોજબરોજના વહેવારમાં સાચેસાચી નીરવતા પ્રગટાવી શકતી નથી. એવી સંપૂર્ણ ભાવાત્મક અને ચેતનાત્મક નીરવતા

* પ્રેમભક્તિભાવે પ્રભુની પ્રસાદી સમજી તે અંતરમાં અતંરથી સ્વીકારી લઈએ.

મનાદિકરણમાં પ્રગટ્યા વિના ચેતનનો અનુભવ થવો કદાપિ શક્ય નથી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૬-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ના જન્મ સાર્થક થતો મુજ રાંકનો જો !
એળે જતો સમય વીતી બધો જ મારો,
ના જ્યાં સુધી જીવનનું મુજ ધ્યેય લાધે,
આ વિશ્વમાંહી મુજને બધું વ્યર્થ લાગે.

* * *

તું આવશે મુજ ઘરે દિન એક નક્કી,
તૈયારીઓ કરી મૂકું તુજ માટ શી શી ?
હું હાય ! નિર્ધન, પ્રભુ ! હીણ સાધનોથી,
કેવું કરી શકીશ સ્વાગત તારું ? શાથી ?

* * *

આળોટું હું જમીનની પર ? કે રડું હું ?
હૈયું ચીરું હું મુજ ? કે શિર ફોડી નાખું ?
ઉદ્વેગ દૂર કરવા દિલનો કરું શું ?
ક્‌હેની, ઉપાય લઉં શું હું નચિંત થાઉં ?

* * *

શાંતિ સરિત્સલિલમાં પ્રભુ ! ડૂબવું છે,
એના અગાધ જળમાં વળી ન્‌હાવું મારે,
ધક્કા કૃપાથી હડસેલી તહીં મને દે,
કે બ્‌હાર ના નીકળી હું શકું કોઈ વારે.

* * *

વિદ્યા વશીકરણ છે તુજ પાસ જેથી,
મારાં હરી હૃદય લે મન, ચિત્ત, બુદ્ધિ,
નાખી મને ભૂરકી દે પ્રભુ ! એવી કે તું
તારે રહું વશ, કહ્યું એક તારું.

* * *

તું ના લહે દરદ કાળજડાનું મારું,
શું એટલો પ્રણય કેળવી ના શક્યો છું ?
તો રૂપ હું ધરીશ જાદુભર્યું રસીલું,
જોયા કરીશ પ્રભુ ! કે મુજ આંખથી તું.

## ધ્યાન અને રોજનું જીવન

ધ્યાનના પ્રકારોમાં એકબીજાનો ખીચડો ના કરી દેવો. જીવનવિકાસ પરત્વેની સાધનાનો ભાવ પ્રગટાવવામાં અને તેને જીવતો રાખવામાં અનેક પ્રકારનાં જેમ સાધન છે, તેમ ધ્યાન પણ એક સાધન છે. ધ્યાનમાં જે તટસ્થતા, સમતા, ધૈર્ય, શાંતિ, પ્રસન્નતા પ્રગટતાં હોય છે, તે તે બધું આપણે નિત્યનાં રોજબરોજનાં વહેવારવર્તનમાં સમજી સમજીને પ્રગટાવ્યા કરીશું, તો ધ્યાન ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું પ્રગટ્યા કરવાનું. સવારમાં અમુક નિશ્ચિત સમયે અમુક સમય સુધી ધ્યાન કર્યું એટલે બસ પત્યું, એવા ધ્યાનનો જીવનવિકાસની સાધનામાં કશો અર્થ સરતો નથી. સામાન્ય રીતે લોક તો જીવનના ભાગલા પાડી નાખે છે. પણ તે બિલકુલ યોગ્ય નથી. ઊલટું સંપૂર્ણ અયોગ્ય છે. જો ધ્યાનમાં ભાવ પ્રગટેલો હોય તો તેની અસર થોડીઘણી પણ આધારમાં પ્રગટેલી અનુભવાય અને તે અસર વિચાર, વાણી, વર્તનમાં પ્રગટ્યા

કરતી લાગે. એવી રીતે ધ્યાનમાંથી પ્રગટતાં જતાં પરિણામનો સમજી સમજીને ઉપયોગ થયા કરે, તો સાધન સમયના જીવનની અને તે પછીના જીવનમાં એક જીવંત ભાવનાની સાંકળ પ્રગટેલી આપણે અનુભવી શકીશું. બાકી તો અમુક સમયે સાધનાનું કોઈક સાધન કરીએ, અને બાકીના બીજા બધા જ સમયમાં આડુંઅવળું ગમે તેમ વર્તીએ અને યદ્વાતદ્વાપણું તેમાં ચાલુ રહ્યા કરતું હોય તો, તેથી કરીને તો ઊલટી ભાવનામાં ઘણી ઘણી ક્ષતિ પ્રગટે છે. એવું જો બન્યા કરતું હોય તો ધ્યાનમાં, સાધનાના અભ્યાસમાં તન્મય થવાની શક્યતા મુદ્દલે હોતી નથી અથવા તો પ્રગટી શકતી નથી એવો મારો તો અનુભવ છે.

## સ્મરણમાં અને ભાવનામાં અખંડતા

પ્રભુકૃપાથી જ્યારે સ્મરણમાં મને અખંડતા, સળંગતા પ્રગટેલી ન હતી, અને દિવસના ઘણા કલાકો સુધી જ્યારે સ્મરણ પ્રગટેલું રહેતું ન હતું, તે તે વેળા તે સિવાયના જીવનના બીજા ગાળામાં જે જે વૃત્તિઓ, વિચારો ઊઠતાં, તેનાથી કરીને મને પોતાને મારી ભાવનાનું સ્ખલન થતું વારંવાર અનુભવાતું હતું. જેમ જેમ સ્મરણભાવનામાં સળંગતા પ્રગટી જવા માંડી અથવા તો દિવસના ચૌદપંદર કલાક સ્મરણભાવના પ્રગટવા માંડી તે પછીના ગાળામાં ભાવનાનું જોશ ઑર અનેરા ભાવનું પ્રગટતું. સ્મરણની ભાવના અખંડ અને સળંગ પ્રગટે છે, ત્યારે પણ એટલે કે તેવી ભૂમિકામાં પણ ભાવનાની સળંગતા કંઈ પ્રગટી ગયેલી હોતી નથી. સ્મરણમાં અખંડતા અને સળંગતા પ્રગટ્યા પછીથી ભાવનામાં કેમ કરીને અખંડતા અને સળંગતા

જીવતીજાગતી પળેપળ તેના ઉત્કટ પ્રમાણમાં ઝળહળ્યા કરે તેનું ભાન પ્રભુકૃપાથી મને પ્રગટતું. સ્મરણમાં સળંગતા જ્યારે પ્રગટે છે, ત્યારે ભાવનાને પ્રગટાવવામાં ઝાઝી કશી મહેનત પડતી નથી. પ્રત્યેક કંઈ જે તે કરવામાં ભાવનાના બળથી તે થયા કરે એવો ખ્યાલ આપમેળે પ્રગટે છે, અને કોઈક વાર તેવું થતું હોતું નથી, તો તુરંત જાગી પણ જવાય છે. આવી રીતે ભાવનાનો એક યજ્ઞ પ્રગટ્યા કરે છે અને તે પછીથી તેમાં પણ સળંગતા પ્રગટવા માંડે છે.

## જીવનયોગ

આ બધું લખવાનો હેતુ તો એ છે, કે ધ્યાનનો હેતુ અથવા તો સાધનના અભ્યાસનો હેતુ, તેવા સાધનના અભ્યાસ સિવાયના જીવનના બીજા ગાળામાં તે તે પ્રકારનાં સાધનની ભાવનાને સળંગપણે પ્રગટાવવામાં રહેલો છે. આમ જો થયા કરે, તો જ જીવનમાં ભાવનાની એકતારતા અને એકતાનતા પ્રગટી શકે. અને તો જ ભાવનામાં સળંગતા પ્રગટી શકે. સાધન કરતી વખતે ભાવના પ્રગટે અને તેના સિવાયના જીવનના બીજા ગાળામાં ભાવનાનું જો ખૂન થયા કરે, તો પછી આ બંને પરસ્પર વિસંવાદી રીતથી ભાવનામાં એક એવા પ્રકારની ક્ષતિ પ્રગટે છે, કે જેથી ભાવનાનો ઉચ્છેદ જ થયા કરતો હોય છે. તેથી સાધકે સાધનાના જુદા જુદા પ્રકારનાં સાધનના અભ્યાસમાં જેટલું મહત્ત્વનું લક્ષ આપવાનું છે, તેનાથીયે વિશેષ લક્ષ અને વિશેષ ચેતનવંતું લક્ષ રોજબરોજનાં થતાં રહેતાં વર્તનવહેવારમાં રાખ્યા કરવાનું છે અને એના પરત્વેનો તેનો વિશેષ જ્ઞાનભક્તિપૂર્વકનો ઝોક પૂરેપૂરો વળી

ગયેલો હોવો જોઈશે. જો આવું બનવાનું ના થયા કરતું હોય તો ધ્યાનનો કે એવા બીજા કોઈ સાધનના અભ્યાસનો કશો અર્થ નથી. આ માર્ગને તો હું એક પ્રત્યક્ષ જીવનસાધનાનો માર્ગ ગણું છું અને તેથી જ એને 'જીવનયોગ' કહું છું.

## સાક્ષીભાવ

ધ્યાનથી સાક્ષીભાવની ભાવના કેળવાતી જતી હોય છે. અને તેવો સાક્ષીભાવ આપણા રોજબરોજનાં વર્તનવહેવારમાં પ્રગટ્યા કરે તેનું ભાન પણ રાખવાનું છે. જો તેમ થયા કરતું હોય અને એવો અભ્યાસ લાંબા ગાળા સુધી જો થયા કરેલો હોય, તો જ આપણે જે તે કંઈ ઊપજશે, તેનાથી નોખા રહી શકવાની કે થઈ શકવાની કળા અને શક્તિ પ્રાપ્ત કરી શકવાનાં છીએ. વેપારી જેમ વેપારમાંથી નફો મેળવીને તેનો મૂડીમાં ઉમેરો કરે છે અને પાછો તેનાથી કરીને વધારે વેપાર ખેડે છે, તેવી રીતે આપણે કર્યા કરવાનું છે.

ધ્યાનના સમયે સ્મરણભાવની ધારણા રહે ત્યાં સુધી રહેવા દેવી. લીન થવાતાં તે જતી રહે તો જવા દેવી. તેને પકડી રાખવાનું તો કરવું જ નહિ. લીન થવાતાં થવાતાં કશું જ કે કંઈ કશાનું ભાન ના રહે અને તેમ છતાં અંતરમાં અંતરથી ભાવથી ભાવમાં સચેતન રહેવાયા કરાય તે ઘણું જરૂરનું છે.

## ત્રાટક

પ્રાતઃકાળમાં સૂર્યનું ત્રાટક કરતાં કરતાં આંખ મિચાઈ જાય છે, તે જાણ્યું. આંખ તો ના જ મિચાવા દેવી. નદીનાં પાણીના પ્રવાહમાં બેસીને તે કરવાનું છે તે લક્ષમાં રાખજો. સૂર્યનાં કિરણોને કારણે આંખ મિચાઈ જાય તો મોઢા ઉપર તદ્દન

આરપારદર્શક એવું ઝીણું બારીક કપડું રાખીને સૂર્યની સામે પ્રાર્થનાભાવવાળું ત્રાટક કરવાનું રાખશો. આંખો મિચાઈ જવા દીધા વિના જ્યાં સુધી સહજમેળે ત્રાટક થયા કરે, ત્યાં સુધી પ્રાર્થનાભાવને દૃઢાવી દૃઢાવીને તેમ થવા દીધા કરવું, અને તે થશે જ એવો આત્મવિશ્વાસ રાખ્યા કરવો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૬-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

હું આક્રંદ કરી રહ્યો ઉર ઘણું, માથાં પછાડી મરું,
તું કેમે કરતાંય સ્હેજપણે કૈં ના મારું માને પ્રભુ !
'રીઝે કેમ કરી પ્રભુ !' ઉર ઊંડા એના વિચારો કરું,
એમાં મગ્ન રહું, ઉકેલ પણ ના કૈં આવતો, શું કરું ?

* * *

ઊંડું કાળજડાનું દર્દ જઈ ક્યાં મારું રડું હું પ્રભુ ?
જેથી શાંત પડું, વળે હૃદયમાં સંતોષ જેથી ? પ્રભુ !
મૂંઝાઉં ઉર કેટલું ? કર કૃપા, મારી ભણી જો, પ્રભુ !
તારો હાથ કૃપાતણો ધરી શિરે આરામ દેને, પ્રભુ !

* * *

વારંવાર લળી લળી નમી તને હું પાય લાગી કહું,
ફેંકી બાપ ! કૃપા કટાક્ષ સઘળાં દે કિલ્મિષો બાળી તું,
હૈયે એક જ વાંછના ફળવી દે તું એટલી હે પ્રભુ !
તારી પાસ ફરી પછી અવર ના માગીશ હું કૈં કશું.

* * *

જો કૈં આશ્રય બાપથી નવ મળે જાવું પછી ક્યાં બીજે ?
શું એવા ગુણ ના હશે મુજમહીં કે સ્હાય તું ના કરે ?

મારે એક જ આશરો જગતમાં તું એકલાનો પ્રભુ !
જીવી આશ પરે રહ્યો તુજ ઊંડી, તો પૂરજે કોડ તું.

* * *

તારે પાલવ હું પડ્યો ત્યમ છતાં ના દર્દ પૂરું મટ્યું,
એવું ઔષધ આપ કે મૂળ થકી જાયે બળી તે બધું,
તું જેવો ન સમર્થ વૈદ કહીંયે જાણી ઢળ્યો પાદ હું,
નિંદાશે તુજ નામ રોગ મટશે જો ના પૂરો, તો પ્રભુ !

* * *

શેં આપે નવ લક્ષ ? દુઃખદરિયે ડૂબી રહ્યો છું પ્રભુ !
પોકાર્યા કરતો તને હર ઘડી, હે રામ ! હે રામ ! હું,
ક્યારે પાર ઉતારશે જલધિથી પેલે કિનારે પ્રભુ !
જોયા રાહ કરું હંમેશ, કરશે કે સ્હાય તું, હે પ્રભુ !

**વલવલાટ અને તલસાટ**

તલસાટ અને વલવલાટ એ બેમાં ઘણો ઘણો ફેર છે. તલસાટમાં ભાવનાની ઉત્તેજના છે અને તેનો આવેશ અને આવેગ પણ ભારે હોય છે. તલસાટ થાય તે યોગ્ય છે અને થવો પણ જોઈએ, પરંતુ વલવલાટની વૃત્તિ તો તદ્દન અયોગ્ય છે. 'આમ કરી જોઉં કે તેમ કરી જોઉં' એ તો વલવલાટનાં લક્ષણો છે. તમારે બીજાં બધાં જ સાધનો છોડી દેવાં હોય, તો ભલે છોડી દો. ભલે કશું ના બને પણ માત્ર જો જપ એકલો જ હૃદયમાં હૃદયથી પૂરા ભાવ સાથે કર્યા કરવાનો અભ્યાસ રાખશો અને જો તે ચાલુ જીવંત રહેશે તોયે તેટલું બસ છે અને ઉત્તમ છે. તેવા સાધનથી પણ પરિણામ તો તે જ આવવાનું છે, પરંતુ 'આ થતું નથી અને તે થતું નથી' એમ દુઃખી થયા

કરી એ વિશે મનમાં આત્મવિશ્વાસ ગુમાવ્યા કરવાનું પરિણામ જે નીપજે છે, તે તો મુદ્દલે યોગ્ય નથી. જે કંઈ કરવું હોય તે કરો, પણ તે પૂરા આત્મવિશ્વાસથી કરો. અને ના કરવું હોય અને થતું ના હોય તો બધું જ છોડી દેવું તે આપણા માટે શ્રેયસ્કર છે. હા, જરૂર. એમ ભલે થાય કે આપણે ધ્યાનની આદર્શની કક્ષાનું જે માપ રાખ્યું છે ત્યાં પહોંચવાનું છે, પણ તે તો હજી યોગ્ય પ્રમાણનું થતું નથી, પરંતુ તેવું કંઈ એકદમ બની જતું નથી. એ તો માગી લે છે દીર્ઘ કાળનો સદ્‌ભાવ-પૂર્વકનો નિરંતર જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ. એવા અભ્યાસમાં જ્યારે નિરંતરતા પ્રગટે છે ત્યારે એવી નિરંતરતામાંથી એવા પ્રકારના સાધનનો ભાવ પ્રગટ્યા વિના રહી શકતો નથી.

‘ભલેને કપાયો હશે પંથ થોડો
છતાં વેગ એમાંથી છે જન્મવાનો.’

તે નક્કી માનજો. પછી શાને માટે વેવલાવેડા અને વલવલાટ ?

## જીવતોજાગતો પ્રયત્ન

ક્યારે ક્યારે નામસ્મરણમાં મંદતા હતી તે અહીં રહ્યે રહ્યે મારે લખવાનું હવે જરૂરનું નથી. પહેલાં અહીંથી કાગળમાં તેમ લખવાનું થતું, તે બધું હેતુપૂર્વકનું હતું, અને તેમ ત્યારે લખતો હતો.*

હવે, મારે તેવી રીતે લખવું જરૂરનું પણ નથી. પ્રભુકૃપાથી

---

* જુઓ ‘જીવન સંશોધન’ : પાનાં નં. ૮, ૪૦, ૬૮, ૮૪, ૧૯૪, ૨૧૩ અને ૨૪૨ ‘જીવન મંડાણ’ : પાનાં નં. ૧૧૧, ૧૧૬, ૧૫૪

આ જીવમાં તેવી શક્તિ છે અને તેનું સ્વજનને જ્ઞાનભાન થાય તે જરૂરનું હોવાથી તેવા હેતુની ભાવના પ્રગટાવવાને માટે પ્રભુકૃપાથી તેમ થયા કરતું. આપણને આપણા વિશે સમજ પડી જવી જોઈશે અને તેનું યોગ્ય ભાન પણ પ્રગટવું જોઈશે કે ક્યારે કેવું ધ્યાન અને સ્મરણ થયા કર્યું. જે કંઈ આ જીવ તમને લખે, તેનો પ્રેમભક્તિભાવે ઉમળકાથી જેટલો સ્વીકાર થાય અને તેમ વર્તવાનું બને, તેટલું યોગ્ય બધું થવાનું છે, તે નિશ્ચયપણે જાણશો. બાકી તો,

**'અનુભવીએ એકલા આનંદમાં ર્‌હેવું રે,'**

એમ સદાય આનંદમાં જ રહેવા અને જીવવા ભાવના-પૂર્વકનો જીવતોજાગતો સળંગ પ્રયત્ન આપણે કર્યા કરવાનો છે.

તમને રોજ રોજ લખાતા કાગળમાં મારા જીવનની તે કાળની પ્રાર્થનાઓ જે લખું છું, તે પ્રાર્થનાઓનું હાર્દ તો મારાથી તે કાળે પ્રભુકૃપાથી તનતોડ જે પુરુષાર્થ થયા કરતો તેમાંથી પ્રગટતું હતું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૭-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારી કૃપાની રજ માત્ર પ્રભુ ! મને દે,
જેથી થઈ શકું પવિત્ર હું રોમરોમે,
સંતાપ બાળી, મુજ સર્વ સમાવી દૈ તું,
તારા પદે સ્થિર બનાવ તું લક્ષ મારું.

* * *

તારા પ્રભુ ! ચરણની બલિહારી ન્યારી,
ર્‌હેજો સદાય ઉર, એ પર જાઉં વારી,
એ એકલી મુજ મૂડી જગ રાંકની હું,
જેના વડે ભરણપોષણ હું કરું છું.

* * *

વૈકુંઠનાથ, જગદીશ, મુરારિ, રામ !
હે દીનબંધુ ! શરણે તુજ રાખ ઠામ,
તું ગોપિકાની મનવૃત્તિ પ્રભુ ! કરી દે,
હે કૃષ્ણ ! મોરલી ધૂને તુજ મસ્તી દેજે.

* * *

ક્યાંયે ન ચેન પડતું મુજને જરીયે,
મારા શરીરમહીં આગ, બળી રહી છે,
તારા કૃપાજળ થકી પ્રભુ ! હોલવી દે,
તો તો મહાન ઉપકાર કર્યો ગણાશે.

* * *

ક્‌હેતાં કઠોર વચનો દિલ ચાલતું ના,
ક્‌હેવા જતાં વધુ તને દિલ કંપતું આ,
કેવી રીતે કહું તને પ્રભુ ! સાંભળે કે ?
મારે જરૂર તુજ કાન ઉઘાડવા છે.

## નિરાશ ના થવું

તમે રોજ જે પ્રાર્થનાઓ મોકલો છો, તે પરથી પણ જોઈ શકાય છે, કે હૃદયમાં ઊભરાતી લાગણીનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી, અને મનના નચાવ્યા નાચો છો. આ જીવ ત્યાં હતો ત્યારે પણ તમને કહ્યું હતું કે ‘તમે એકલું સ્મરણ કર્યા કરશો તોયે બસ છે.’ પરંતુ દિલમાં તમને એમ રહ્યા કરે

છે કે ‘બીજાં સાધનમાં હું નબળો નીવડ્યો, વગેરે વગેરે.’ તમારે કશું એવું ધારવાની જરૂર જ નથી. તમારે જે કંઈ કરવું હોય તે પ્રેમથી કર્યા કરો, પરંતુ તે પછી તેના ઉપરના આમ કે તેમ વિચાર કરવાનું છોડી દો. કેટલીય વાર તમે મને પૂછ્યું હતું, ‘મારું ધ્યાન કેવું થયું હતું ?’ તોપણ તે કહેવાની સાફ ના પાડી હતી. તેમ છતાં હજી પણ એવા પ્રકારના ભ્રમણાના કૂપમાં ક્યાં સુધી ફર્યા કરશો ? મારા વહાલા ! જે કંઈ કરવાનું છે તે ઉમળકાથી કર્યા કરો. ધ્યાન પણ ના કરવાનું ફાવતું હોય તો મૂકો તેમાં પૂળો. એકલું ભાવાત્મક સ્મરણનું સાધન કંઈ નાનુંસૂનું નથી. જે કંઈ થયા કરે તે ઉમળકાથી થવા દો અને પાછું પ્રેમથી ભગવાનને સોંપ્યા કરો. કંઈક નવું અનુભવો કે નવી ભાવના, નવી સમજણ ઊગે ત્યારે તો જરૂર લખવું. સાધનની બાબતમાં તે કર્યા કરવા સિવાય બીજા વિચાર જ આપણે કરવાનાં નથી. અને થાય તો તે પરત્વે કશું મહત્ત્વ આપણે પ્રગટાવવાનું કે પ્રગટવા દેવાનું નથી.

## આત્મલક્ષી સ્વાવલંબન

પરાવલંબી કે પરલક્ષી બનવાનું આપણું દષ્ટિબિંદુ નથી, આત્મલક્ષી થવાનું છે. આપણે આપણી મેળે આપણા પોતા પર આધાર રાખતાં અને તે પછી જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેળવી કેળવીને અને રાખીને શીખવાનું રાખીએ તો કેટલું ઉત્તમ ! તેવું કેટલી વાર પ્રેમથી તમને કહેલું છે ! માટે, હવે તો તમે પત્ર લખવાનું પણ બંધ કરો તોયે વાંધો નથી. જોકે એમ લખું તો પાછા તમે તર્કવિતર્કે ચડી જશો. એટલે માત્ર મનના ઊભરા કાઢી નાખવા પૂરતા પત્ર લખવા હોય તો ભલે લખશો.

## ધ્યાનમાં કાવ્યસ્ફુરણા

ધ્યાનમાં કવિતા કરવાનું કેટલીક વાર ઊગે એ સ્વાભાવિક છે, કારણ કે કવિતાનું ઉદ્‌ભવસ્થાન ઊર્મિ છે, પરંતુ કવિતા લખવાની ઊર્મિ ધ્યાનમાં પ્રગટે ત્યારે તેનો સદુપયોગ એ રીતે કરવાનો છે, કે એ ઊર્મિને દિલમાં દિલથી વધારેમાં વધારે એકાગ્ર થવામાં વાપરવી. ધ્યાન કરતી વેળાએ કવિતા લખવાની ઊર્મિ પ્રગટે, તો ધ્યાન છોડીને કવિતા લખવા બેસી ના જવું. ધ્યાન પૂરું થાય તે પછી જો તે યાદ રહે તો તે લખી લેવી, પરંતુ ધ્યાન દરમિયાન તો નહિ જ. કયું ગૌણ અને કયું પ્રધાન તેનો વિવેક આપણે રાખવાનો છે. વળી, ધ્યાનમાં સમયની ગણતરી કંઈ કશી કરવાની નથી, એ પણ મેં તમને જણાવ્યું છે.હવેથી કેટલો સમય ધ્યાન ચાલ્યું તે લખશો નહિ અને તમે પણ એની ગણતરી કરશો નહિ.

## સ્વસ્થતા

'હાંફતાં હાંફતાં ત્રાટક શરૂ કર્યું.' આપણે આમ કરીએ અને પછી નાસીપાસ થઈએ તેમાં કોનો વાંક ? સાધન તો તદ્દન સ્વસ્થતાથી, સ્થિરતાથી અને શાંતિથી કરવાનું હોય. તે વળી કંઈ આમ તે થતું હશે ? ત્યાં યોગ્ય સમયે પહોંચવું હતું તો વહેલા જવું હતું અને ધારો કે મોડું પડાયું હોય તો કાં તો તે બંધ રાખવું, કે કાં તો સંપૂર્ણ સ્વસ્થતા અને શાંતિ જાળવીને તે કરવું.

## બીજાનું ના જોવું અને અંતર્મુખ થવું

આ જીવ પ્રતિ ભાવ આવે છે, એનાથી લાગણી, ઊર્મિ તો સ્ફુરે છે, પરંતુ એને dissipate-વેરવિખેર કરી દેવાય છે. માટે, તમને લખ્યું છે, કે તમારે માત્ર સ્મરણભાવ ઉપર ધ્યાન

રાખ્યા કરવાનું છે.બીજાનું જોયા કરવાની ટેવને સદંતર છોડી દો. નહિતર જાતે દુઃખી થયા કરશો. 'આપણે નાલાયક નીવડ્યાં' એવા ખોટા ખ્યાલો દોડાવવાના હોય નહિ. ઊલટું એવા પ્રકારની લઘુતાગ્રંથિ (inferiority complex)માંથી મુક્ત થવાનું છે. આવી લઘુતાગ્રંથિ ઊપજવાનાં જુદાં જુદાં ઘણાં કારણો હોઈ શકે છે. બીજાથી સાધનાનાં સાધન સારી રીતે થઈ શકે છે. એવી રીતે બીજાનું જોયા કરવાની ટેવમાંથી આપણામાં 'લઘુતાગ્રંથિ' પ્રગટવાની શક્યતા છે. આપણામાં પણ ચેતનવંતી પ્રાણવાન શક્તિ પ્રગટે, તો આપણે પણ તેમ કરવાને સમર્થ છીએ, એવી ઇચ્છાશક્તિને સબળ કરવાની છે. દ્વિધાપણું આપણે નહિ છોડી શકીએ તો આપણને તે કોણ છોડાવી શકવાનું છે ? હજી આપણને કોઈક અમુકના જેવા થવાની લાલસા થયા કરે છે, એને તો સમૂળગી ફગાવી દેવી પડશે. આપણે જે છીએ તેમાંથી જ દિલમાંનું ચેતનવંતું એક જન્મવાનું અને થવાનું છે. માટે બીજા શું કે કેટલું કરે છે કે કરી શકે છે, એવા વિચાર કર્યા કરી આપણે નાસીપાસ થવાનું નથી. વળી, માત્ર બહાર દેખાતા સાધનાના પ્રયત્નોથી તે માનવીની અંદરની સાધનાનું માપ ના કઢાય, તેમ તેની કક્ષાનું માપ પણ આપણાથી કાઢી શકાવાનું નથી. આપણે તે કાઢવા કે માપવા જઈએ, તો તેથી કરીને આપણને પોતાને જ અન્યાય પણ કરી બેસીએ અને તેનાથી કરી ગ્લાનિ કે નિરાશા ઊપજવાની. બીજા પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ આપણે તો સમજી સમજીને અંતર્મુખતા કેળવવામાં વાળ્યાં કરવાનાં છે.પોતે જેમ જ્યાં ઊભો હોય, ત્યાંથી આગળ જવાના હેતુથી

પોતાના જ દોષોનું નિરીક્ષણ કર્યા કરી તેમાંથી મુક્ત થવાવા સારુ આપણે તે પ્રકારના પ્રયત્નની સાથે પ્રાર્થનાનાં સાધનનો પણ ઉપયોગ કરવાનો છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૮-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારા પ્રભો ! પ્રણયનીરતણા પ્રવાહે,
હૈયું રહો સતત તે છલકાતું નિત્યે,
તે એટલી જ ચરણે મુજ પ્રાર્થના છે,
હે વાસુદેવ ! ધરજે મુજ વાત કાને.

* * *

છે અંધકાર પ્રસરેલ બધે જ જ્યાં ત્યાં,
આકાશમાંય પણ છે કહીં તારલા ના,
છે દીપ ઉર, પણ કામ ન આપતો તે,
કો માર્ગદર્શક નથી, પ્રભુ ! શેં જવાશે ?

* * *

જ્યાં વાગશે તુજ સહેજ કૃપાટકોરો,
ત્યાં ચિત્ત, બુદ્ધિ, મન, તર્ક, ગળી જશે સૌ,
ત્યારે કહેવું, બકવું પડશે મને ના,
ભેગાં જ કામ કરશે મળી એક સૌ ત્યાં.

* * *

દેવું જ હોય, પ્રભુ ! તેટલું દુઃખ દેજે,
ને જા ! પ્રભુ, તું મુજ પ્રાણ નિચોવી લેજે,

જા ! તું મને સુખ કદી પડવા ન દેજે,
એથી બગાડી શકશે મુજ શું વધારે ?

* * *

હે નાથ ! જ્યાં સકળ વિશ્વ નિભાવતો તું,
ભારે પડું પ્રભુ ! તને હું જ એકલો શું ?
ભૂલી જઈશ પ્રભુ ! ના મુજ ભાળ લેજે,
ને સિંચજે તુજ કૃપામૃતવારિ નિત્યે.

* * *

ક્હેવાય જે મુજમહીં પ્રભુ ! 'હું' 'મનાદિ',
પાદે સમર્પણ તને કરવા હું ધારી,
ભૂંસાઈ જાઉં સમૂળો, કરું યત્ન એ હું,
પાસે જતાં ત્યમ જતું પણ ધ્યેય આઘું.

**કોઈ પણ ઉપાયે સ્વસ્થતા**

હવે, તમારે માત્ર સ્મરણભાવનું સાધન કર્યા કરવાનું છે, અને સમર્પણભાવનું તો ખરું જ. જ્ઞાનભક્તિભાવે જેટલું અંતર્મુખ થવાય અને રહેવાય તેટલું ઉત્તમ. પ્રાર્થનાનું સાધન તો છે જ. ધ્યાન બાબતમાં જો સ્પષ્ટ ના લખું તો વળી આપણે આડાઅવળા વિચારે ચડી જઈશું કે આ તો vote of censure (નાલાયકીનો મત) થયો. એટલે ખાસ લખું છું કે ધ્યાનમાંથી જો જાગ્રતિ, એકાગ્રતા, શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, સમતા, ધૈર્ય વગેરે પ્રકારનાં રચનાત્મક લક્ષણો ઉત્પન્ન થતાં હોય કે વધતાં હોય તો ધ્યાન કરવાનું રાખશો, પરંતુ જો એમાંથી વિચારની તુલા સ્થિર ના રાખી શકાય એવી સ્થિતિ ઊપજતી હોય,તો બહેતર છે કે એવું ધ્યાન કશું ના કરવું. જે સાધનથી કરીને તે

સાધનનો હેતુ જ ફળી શકતો ના હોય અને તે સાધનથી એવી સ્થિતિ જો ઉત્પન્ન થતી ના હોય અને ઊલટી સ્થિતિમાં આપણે પરિણામ પામતાં જતાં હોઈએ, તો એ સાધન જ મૂકી દેવું યોગ્ય ગણાય. અથવા તો તે કરવાનાં રીત અને ભાવમાં ક્યાં આપણો દોષ છે, તે શોધી કાઢી તેને યોગ્ય રીતે કરવાની કળા પ્રાપ્ત કરવી ઘટે. સાધન પોતે ખોટું હોવાનો ઓછો સંભવ છે. સાધનને અને તેને કેવાં કેવાં યોગ્ય પગલાંથી આચરવું તે જાણી લેવું જરૂરનું ખરું, પરંતુ ડગલે ને પગલે કોઈ આપણને ચલાવ્યા કરે તેવું તો કદી કાળ કોઈનાથી બની શકવાનું નથી. આપણા પોતાનામાં એવો દિલનો ભાવ પ્રગટે છે, ત્યારે તે પ્રકારનું સાધન બતાવાતાં આપણાથી તેમ બની શકતું હોય છે.

## નિશ્ચિંતતા

આપણે વિચારોના ચગડોળે બહુ ચડી જઈએ છીએ. એટલે પ્રથમ તો આપણે એના ઉપર કાબૂ મેળવવાનું કરવું જોઈશે. એના ઉપાય તરીકે આપણે આપણાં મનને નિહાળ્યાં કરવું જોઈશે. હવે તમે પત્ર લખો ત્યાં સુધી અહીંથી કશું નહિ લખાય. આમાં vote of censure (નાલાયકીનો મત) જેવું કશું નથી. માત્ર આપણે આપણી જાતને વધારે તટસ્થતાથી ઉત્તમ રીતે નિહાળી શકીએ, તેની કેળવણીને માટે આ પગલું છે. કૃપા કરીને આપણે તો સર્વ પ્રકારે નિશ્ચિંત બનવાનું છે.

## પ્રેમનું સર્વશ્રેષ્ઠ સાધન

આ જીવ માટે જે પ્રેમની ઊર્મિ તમને ઊઠે છે તેનો જો સાધનાની પ્રગતિમાં ઉપયોગ ના થઈ શકતો હોય, તો તેવી ઊર્મિ સાબુના ફીણના પરપોટા જેવી ગણાયને ? પ્રેમોર્મિ તો

શક્તિ છે. તે આપણું ઉત્તમ સાધન છે. ધારો કે આ જીવ માટે તમને પ્રેમની ઊર્મિ દિલમાં પ્રગટી, તો તેવા ગાળાના સમયમાં તેવા પ્રકારની જાગેલી પ્રેમની ઊર્મિથી મારામાં તમારું દિલ એકાગ્રતાથી પરોવાયેલું અનુભવાય તોપણ તે પ્રેમોર્મિનું પ્રગટેલું યથાયોગ્યપણું સમજી શકાય. કોઈકના પરત્વે પ્રગટેલી પ્રેમોર્મિ તો આપણને તેનામાં એકતાનતાથી પરોવી દઈ શકે છે. એવી દિલમાં દિલથી પ્રગટેલી પ્રેમની ભાવના તો પરસ્પરની દિલની નિકટતા પ્રગટાવે છે. એવી પ્રેમની ભાવના તો ભેદને ઘટાડે છે. આ જીવ પરત્વેની તમારામાં પ્રગટતી પ્રેમની ઊર્મિને શક્તિરૂપ સમજીને કૃપા કરીને તેનો ઉપયોગ કરવાનું આપણે લક્ષમાં લેવાનું છે.

## કર્મ

આપણને અધિકાર છે માત્ર કર્મ કરવાનો, અને તે કર્મ પણ એવી રીતે કરવાનું છે, કે તે કર્મ કરતી પળે મનમાં આમ કે તેમ કોઈ પણ પ્રકારના દ્વિધાભાવ કે અન્યથાપણાના વિચારો પ્રગટવા ના ઘટે. કર્મને જીવનહેતુના ભાવને લક્ષમાં રાખીને કર્યા કરવાનું છે. આપણને જે કંઈ સૂઝ્યું છે, તે કર્યા કરીએ અને એમાં જ બધું લક્ષ અને બધી શક્તિ પરોવીએ, એટલું જ આપણે માટે યોગ્ય છે અને એ પૂરતું છે. કર્મનાં પરિણામને ખ્યાલમાં રાખ્યા કરવાથી તો ખોટી અધીરાઈ પ્રગટે છે અને એ તો મનની વિહ્‌વળતા અને ચંચળતાનું એક લક્ષણ છે. એથી કરીને તો આપણને જે જોઈએ છે, તે જ ઊલટું વધારે ગુમાવી બેસીએ છીએ, કેમ કે મનની વિહ્‌વળતા અને ચંચળતાના સ્વભાવને આપણે વધારે સતેજ કરવાનું રાખીએ છીએ, જ્યારે આપણો હેતુ તો મનની તુલા સ્થિર રાખવાનો છે.

## ઊર્ધ્વરેતસ

આપણે આખરે તો ‘ઊર્ધ્વરેતસ’ થવાનું છે. તેવું થવાયા વિના સાધનાની આગળની ભૂમિકાઓમાં ટકી રહેવાની શક્તિ કદીકાળ પ્રગટી શકવાની નથી. સત્ત્વગુણમાં ભાવાત્મક ચેતનવંતી નિષ્ઠા પ્રગટતી જાય છે, અને તે જેમ જેમ વિકસતી જાય છે તેમ તેમ ઊર્ધ્વરેતસ થઈ શકાય છે. ઊર્ધ્વરેતસ થયા પછીની શક્તિનું માપ હાલના આપણા જીવનથી આપણને કદી આવી શકવાનું નથી. એવી અંતરનાં મૂળની શક્તિ પ્રગટ્યા વિના સર્વોચ્ચ કક્ષાની સાધના થવી અશક્ય છે. જ્યારે સત્ત્વગુણની પ્રતિષ્ઠા પ્રગટે છે અને ભાવમાં ભાવથી નિરંતરતા પ્રગટે છે, તેવી સ્થિતિમાં જ ઊર્ધ્વરેતસ થવાપણું શક્ય છે. હજી તો આપણે કેટલાંયે નકારાત્મક વિચાર, વૃત્તિ અને વલણમાં સપડાઈ જઈએ છીએ ! અને તેમને ટાળી શકવાના એકધારા જીવતાજાગતા તનતોડ પ્રયત્ન કરી શકવાની પૂરી જાગ્રતિ પણ પ્રગટેલી નથી, ત્યાં દૂર દૂર આઘેની તે માર્ગની હકીકત લખતાં પણ મને તો સંકોચ થાય છે. આપણે સકળ પ્રકારની જીવદશાની વૃત્તિ, વિચાર અને લાગણીથી મુક્ત થવાનું છે. પહેલાં તો તેટલું થવાનું કરો ! તે પણ એમ ને એમ કંઈ થઈ શકવાનું નથી. તેને માટે આંતરિક શક્તિની ઘણી ઘણી જરૂર છે. એવા wil power-(દૃઢ સંકલ્પશક્તિ)નું સાધન અંતરમાં પૂરેપૂરું જાગ્રત થયેલું હોય અને જ્યારે આપણે તેને કામમાં લેવું હોય ત્યારે તેને તેમ લઈ શકીએ, એવી જીવંત કળાની શક્તિ પ્રગટેલી અનુભવીએ, ત્યારે તેવી શક્તિના આધારે જીવદશાનાં વૃત્તિ, વિચાર અને વલણથી આપણે મુક્ત થઈ શકવાની સ્થિતિમાં

પ્રગટેલાં હોઈએ છીએ, પરંતુ હાલમાં તો આપણાં મનાદિકરણમાં એવાં કેટલાંયે નકારાત્મક વલણો પ્રગટે છે અને તેની સાથે તેના આનુષંગિક વિચારોથી આપણે વિશેષ પરોવાયેલાં પણ થઈ જઈએ છીએ અને તેવી પળે તેનો સામનો કરવાની જાગ્રતિ પણ પ્રગટેલી અનુભવી શકાતી નથી. વળી, જે સ્મરણભાવનું નિર્દોષ, નિર્મળ, સહજ, સરળ સાધન આપણે લીધું છે, તે સાધનમાં પણ આપણે એકધારા હજી પ્રગટી શકતાં નથી. તો ઊર્ધ્વરેતસ થવાની વાત તો શું, પરંતુ નિમ્નગામી વાસનામૂલક વૃત્તિઓનું ઉન્નયન પણ આપણાથી બની શકવાનું નથી. જો જાગવું હોય તો જાગવું પડશે. જાગીને જે કોઈ સાધનના અભ્યાસમાં એકધારો મંડ્યા કરે છે, તેવાને તો મંડ્યા કરવામાં જ રસ પ્રગટે છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૯-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થનાઓ

(શિખરિણી)

પધારે જો તું તો, ઉર ઉમળકે સ્વાગત કરું,
પ્રભુ ! સેવા તારી પળ પળ કર્યા હું વળી કરું,
કરું પૂજા-અર્ચા પ્રણય-જળ-અર્ધ્યે નિત પ્રભુ !
તને ભાવો અર્પી નિત નિત નવા ધન્ય બનું હું.

* * *

કહ્યા હંમેશાં શું કરવું તુજને બાપ ! પડશે ?
બધુંયે જ્યાં જાણે, બકબક કરાવે મુખથી શેં ?
મને દેવાનું જો દુઃખ ગમતું હો, દે પ્રભુ ! ભલે,
પડી તારે પાલે સુખ કદીય સ્વપ્ને નવ દીઠું.

પ્રભુ જોની ! હું તો મરું છું કચડાઈ વજનથી,
ભલે, દોરાવેલા તુજ ડગ ભરાજો મુજ થકી,
ફૂલોને તો પ્રેમે શિર જ ધરવાં યોગ્ય પ્રભુ ! છે.
સ્વભાવે બિચારાં પગ ચગદવાં ઠીક નહિ તે.

* * *

(શાર્દૂલવિક્રીડિત)

મારું છે મન વાંદરા સમ પ્રભુ ! ના ઠામ ર્‌હેતું કદી,
દોડાદોડ કરી મૂકે જહીં તહીં, કૂદ્યા કરે તે વળી,
જો ! એને પ્રભુ ! બાંધવા ચરણમાં તારે મથ્યા હું કરું,
મારાથી બનતું ન જે, તુજથી તે થાશે, કરી દે,પ્રભુ !

* * *

મારું દર્દ મિટાડને ! કરગરું સ્‌હેવાય ના જે, પ્રભુ !
બાળી મૂળ જ રોગનાં પ્રભુ ! મને સાજો કરી દે, કહું,
તારું ઔષધ સેવું હું, વળી બધી પાળું ચરી હું પ્રભુ !
તોયે દે નવ દાદ, શું કરું હવે ? સામું જરી જો પ્રભુ !

* * *

હૈયામાં તવ પાદચિંતવન કર્યા પ્રેમે કરું છું, પ્રભુ !
ક્યારે કર્મથી મુક્ત બાળ કરશે પ્રારબ્ધના ? હે પ્રભુ !
ક્યારે હર્ષતણી નદી ઉર ઊંડી રેલાવશે તું ? પ્રભુ !
ક્યારે તું પ્રગટાવશે હૃદયમાં એ જ્યોત તારી ? પ્રભુ !

**ભાવના**

સાધનના અભ્યાસમાંથી પ્રગટતી ભાવનાનો જ્યારે ધોધ પ્રગટે છે, ત્યારે તેવી ભાવોર્મિના આવેશ અને આવેગના ઉત્કટપણાના પ્રાબલ્યના પરિણામે નકારાત્મક વૃત્તિઓ અંદર

છુપાઈને વ્યક્ત ના થતાં ગૌણ રીતે પડી રહ્યા કરે છે. ભાવનાનું જોશ જ્યારે જ્યારે નરમ કે મંદ પડી જાય, ત્યારે જ આવી જીવદશાની નકારાત્મક વૃત્તિઓનું જોર પાછું પ્રગટવા માંડે છે. એનાથી મુક્ત થવાનો એકમાત્ર સહજ ઉપાય ભાવનાના પ્રવાહમાં જ વહ્યા કરાય તે છે. ભાવનાને જીવંત વહેતી રહેવાને માટે સાધનના અભ્યાસની જેમ જરૂર, તેમ તે પરત્વેની અભીપ્સાની પણ તેટલી જ જરૂર. જીવનવિકાસ પરત્વેની તમન્ના ધગધગતી પ્રગટ્યા કરે તો ભાવના તો આપમેળે વહ્યા કરશે. સાધનના અભ્યાસ પરત્વેનો ઝોક હજી જે આપણો વળી શકતો નથી, તેનું કારણ જીવન પરત્વેની સાચી તમન્નાની મંદતા છે. અને તે મંદતાને તેજસ્વિત કરવાને માટે આપણે જે પ્રકારનું મથવું ઘટે તે પ્રકારના પ્રયત્નમાં આપણે મંડ્યા રહી શકતાં નથી. આને માટે પણ જો આપણને આપણા પોતાના જીવનવિકાસ પરત્વેના ધ્યેય માટેનું સંપૂર્ણ એકધારું દઢ, નિર્ણયાત્મક, મક્કમ વલણ દિલમાં દિલથી પ્રગટેલું રહ્યા કરે, તોપણ સાધનનો અભ્યાસ થઈ શકે ખરો. સાચી રીતે તો જીવનવિકાસના ધ્યેય પરત્વેનું લક્ષ પણ આપણને એકધારું રહેતું નથી.

## નિરંતરતા પ્રગટાવો

જો સાચેસાચ આમ હોય તો પછી આપણે જે સમયે સદ્‌ગુરુને સ્વીકારવાનું કર્યું તે શેને આધારે એમ કોઈ પૂછે, તો મારે તેને એટલું જ કહેવાનું છે, કે આપણે તેવી વેળાએ આવેશના અને આવેગના ઉત્કટપણામાં હતાં,-નહિ કે આપણને તે કાળે જીવનવિકાસના ધ્યેય પરત્વે અંતરનું અંતરથી

મહત્ત્વપૂર્ણ લક્ષ પ્રગટી ગયું હતું, અને હવે પણ જો આપણને એમ સમજાય કે જે કરવા જેવું છે, તે તો તે જ છે, તો તેટલુંયે બસ છે. શરૂ શરૂમાં ભલેને અભ્યાસમાં ઉત્સાહ ના પ્રગટતો હોય તોપણ તેવા પ્રકારના અભ્યાસને વળગી રહેવાનો પ્રયત્ન કર્યા જ કરવો. તેવા પ્રયત્નમાં નરી માત્ર શુષ્કતા લાગ્યા કરે તોપણ તેને વળગી રહો, જોકે અભ્યાસમાં સહજતા પ્રગટે એવો સહજભાવભર્યો પ્રયત્ન તે જ યોગ્ય ગણાય, પરંતુ તેવું કંઈ બધાંનામાં આપોઆપ પ્રગટી જતું હોતું નથી.

## નિશ્ચયાત્મક વર્તન

દરેક નાની નાની બાબતમાં આપણે પોતે જ નિર્ણય કરી લેવાનો અભ્યાસ પાડવાની ખાસ જરૂર. આપણને જો બરાબર સમજણ પડી હોય અને જાણતા હોઈએ કે આપણામાં સગડગવૃત્તિ છે, તો તેવી વૃત્તિને નિર્મૂળ કરવાને કાજે અથવા તો તેને નિષ્પ્રાણ કરવાને માટે જે કાર્ય સૂઝે તેનો નિર્ણય એકદમ ત્વરિત રીતે લીધા કરવાનું રાખવું અને તેમાં આમ કે તેમ વિચારો પ્રગટે તે વેળા નિર્ણયના જોશને વળગી રહેવું. આપણામાંના ઘણાંને વિચારના લાંબા લાંબા તાંતણા જોડીને તે પછી નિર્ણય કરવાની જે ટેવ છે, તે તો જવી જોઈશે. આપણે જે કર્મ કરીએ, તે દૃઢતાથી અને નિર્ણયાત્મકપણાના સ્વભાવથી કરીએ તો જ તેવા પ્રકારની સગડગવૃત્તિનાં મૂળને નિર્મૂળ કરી શકીએ. ગમે તે કર્મ કરીએ પણ તે તે એકભાવથી સંપૂર્ણ નિર્ણયપણાના ભાવથી તે થયા કરે તો જ જીવનમાં દૃઢતા અને મક્કમતા સજીવન થઈ શકે અને સજીવનપણે ટકી પણ શકે. ગમે તે કર્મ કરીએ પણ જો તે નમ્રતા રાખીને અને તેમાં સમભાવથી વર્તીને કરીએ અને શ્રીપ્રભુપ્રીત્યર્થે

કર્યા કરવાની ભાવનાને દૃઢાવીને તેમ કર્યા કરીએ અને એથી કરી સાધનાની ભાવનાને સતેજ કરવાનું બળ મેળવી શકતા હોઈએ, તો તેવા ભાવથી અને તે રીતથી કર્મ કરવું તે હિતાવહ છે. કોઈ પણ કર્મ કયા હેતુથી અને કેવા ભાવ સાથે માનવી કરે છે, તે તેની જીવનકક્ષાનું એક માપલક્ષણ છે. કર્મ કર્યા વિના તો ચાલતું જ નથી અને ચાલવાનું પણ નથી. તો જે કર્મ આપણે ભાગે કરવાનું આવે તે કર્મથી અને તે કર્મ દ્વારા જીવનનો હેતુ સતેજ થતો રહે એવી રીતે તે કરવું ઘટે. ધ્યાન પ્રાર્થનાદિ સાધનની જેમ, આવી રીતની કર્મના આચરણની કળા એ પણ એક બળવાન સાધન છે. ઘણું ઘણું શીખવાનું, જાણવાનું અને અનુભવવાનું કર્મ દ્વારા પણ જીવનમાં મળે છે, એટલે જ મારી વિનંતી છે કે આપણે કર્મ કરતાં કદી પણ કંટાળવું નહિ. જો કર્મ કરતાં કંટાળો પ્રગટ્યો, તો તેવું કર્મ અનેકગણું વધારે આપણને ચોંટવાનું છે અને વળગવાનું છે. એટલે જે કર્મ કરીએ, તે શ્રીપ્રભુપ્રીત્યર્થનો હેતુ સાથે રાખીને કરીએ, અને તેવો હેતુ ફળે તેવી રીતે અને તેવા ભાવે કરીએ, એટલું ખાસ લક્ષમાં રાખવાનું છે.

### ધ્યાન

ધ્યાનમાં કોઈ કલ્પના આવે તો એમાં આપણે કંઈ લક્ષ આપવાનું નથી અને રાખવાનું નથી. ધ્યાનમાં તો સ્થિર ભાવે જ રહ્યા કરવાનું છે. ઊલટું, જે પ્રગટે તેનો તે વેળાએ ઉત્કટ ઇન્કાર કરવાનો છે. અને બહુ બહુ તો તેને તટસ્થતાથી, સમતાથી જોયા કરવાનું છે, પરંતુ હવે તો અગાઉ કાગળમાં લખ્યું છે તેમ શાંતિ, પ્રસન્નતા, સ્થિરતા, તટસ્થતા, સમતા આદિ ના નીપજતી હોય અને યદ્વાતદ્વા થતું હોય તો ધ્યાન

એકલું ના કરતાં નામસ્મરણ જે ઉત્તમ સાધન છે, તે કરવાનું ચાલુ રાખશો.

તમે તમારે ચલાવ્યે રાખો. હવે નકામા ચગડોળે ચડવાનું નથી, તેમ જ નિરાશામાં ડૂબી જવાનું પણ નથી. જો આ જીવથી છૂટા થઈ જવામાં આનંદ પ્રગટતો લાગે તો તેમ કરવા પણ સંપૂર્ણપણે સ્વતંત્ર છો. કોઈ કોઈનાથી બંધાયેલું નથી. આ જીવ તો એનાથી બંધાયેલો છે અને એનામાં છે અને હવે તેવા જીવનના અંતરભાવને વિસ્તારની કળામાં પ્રગટાવવાનો કાળ છે. એટલે તેવી રીતે પ્રેરાઈ શકવાનું બનતું હોવાથી જીવનના હેતુ અર્થે જે જે સ્વજન આપમેળે પ્રભુકૃપાથી મારી કને આવેલાં છે, તેમનામાં પણ તે ભાવે પ્રેરાયેલો રહું છું ખરો, પરંતુ તમે છૂટા છો. કૃપા કરીને મનને સ્થિર કરવાનું રાખો. આ શું ? અને આ શા ખેલ ? એને જેમ દોડવાનું સૂઝે છે તેમ આપણે પણ કાં એની પાછળ દોડીએ છીએ ? બહુ બહુ તો એના ખેલ જોયા કરો અને સ્થિર રહો એટલી પ્રાર્થના છે. જે કરવાનું હોય તે કરી ચૂકવું. પછી એના વિચારો ઉદ્ભવતા હોય તો તેમાં સમાધાન પ્રગટાવવું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૦-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભો ! પ્રેમે મેં તો તુજ ચરણ સર્વસ્વ દીધું છે,
હવે તારે જેવું કરવું ઘટતું, તે કરવજે,
બધી ચિંતા તારે શિર જ મૂકી, જો ના નીભવશે,
લજાતાં હું, તારે પણ પ્રભુ ! લજાવું જ પડશે.

બધી વાતે ડાહ્યો મુજથી પ્રભુ જ્યાં છે મુજ શિરે,
પછી ચિંતા કૈંયે ઉરમહીં ધરૂં હું જરીય શેં ?
જવાનું જ્યાં જ્યાં છે, પ્રભુ લઈ જશે સારથિ બની,
મને નિર્ધારિલે સ્થળ જરૂર, વિશ્વાસ મનથી.

*   *   *

પ્રભુ ! તારે મારે જુગજુગથી સંબંધ કંઈ છે,
નિભાવે જો ના તે, કહીં જઈ, કહે, બાળ ઠરશે ?
બધું તું તો મારે મન જીવન સર્વસ્વ પ્રભુ ! છે,
બન્યો છે તેયે તું પરમ પ્રભુ ! હા ! શત્રુ મુજ શેં ?

*   *   *

હઠાવી મારી કો હૃદય ગમગીની નવ શક્યું,
ફર્યો જ્યાં જ્યાં હું ત્યાં, ઘુવડ સમ દીઠું જગ બધું,
નિરાશામાંથી હું કદીય નીકળી શું નહિ શકું ?
અરે ! ખંડાવાનું નિશદિન રહેશે કરમ શું ?

*   *   *

પ્રભુ ! હંમેશાં હું રહું જગતને બાપ ! નમતો,
કદી ભૂલેચૂકે શિર મુજ ઊંચું હું ન કરતો,
રહેવામાં નાના અણુ પણ થકી લાભ બહુ છે,
મને એવો રાખી મુજ હૃદયને ઊર્ધ્વ કરજે.

*   *   *

કૃપા વર્ષાવી ર્હે મુજ પર પ્રભુ ! તું હર ઘડી,
પ્રભુ, માગું છું હું બસ તુજ કને એટલું લળી,
બીજી વાંછા મારે હૃદયતણી હૈયે પ્રભુ ! નથી,
તને એ માટે હું નિશદિન સ્તવું છું હૃદયથી.

તમને જે લખ્યું છે, તે તદ્દન યોગ્ય છે. તમારે એક મહિનો બસ દીધે રાખવું. નવું જણાય અને અનુભવાય તો જ લખવું, નહિતર નહિ. મનને સ્થિર કરવાને અને તેની તુલા શાંત રાખવાને તેવા પ્રકારના પ્રયત્નમાં મંડ્યા રહેવું. ભાવપૂર્વક જ્ઞાનપૂર્વક પ્રયત્ન કર્યા કરવાનો છે.

## મનની સ્વસ્થતા

તમે મનની સ્થિતિ બાબત વિગતવાર બધું લખો છો, તે ખોટું તો નથી, પણ મનના ઊભરા બધા ઠલવાઈ જાય, તો તેથી કરી તે બધું નીકળી જાય છે એવી માન્યતામાં ભ્રમણા છે. નીકળી ગયું તો ત્યારે જ ગણાય કે તે બાબતના કોઈ સંસ્કાર કે વિચાર, વૃત્તિ, વલણ કદી પણ ના જાગે. તમે મનમાં મનથી આવેગ સાથે જે વિચારપરંપરા જગવો છો, અથવા તો જાગે છે, તે યોગ્ય નથી. ટ્રેનનો સમય થઈ ગયો હોય ત્યારે જેમ કોઈ એક માનવી ગાડી પકડવાને માટે હાંફળોફાંફળો થઈને આમતેમ યદ્વાતદ્વા તૈયારી કરે અને બીજો કોઈ અંદરની સમતુલા જાળવી રાખીને ઉતાવળ કરે, તો તે બંને સ્થિતિમાં ફરક છે, તેવી રીતે આપણે શાંતિ, સ્વસ્થતા, ધીરજ વગેરે પ્રકારની સમતુલા જાળવવાને કેળવાવું પડશે. આપણી મેળે જે કંઈ કરીએ તેમાં દિલ દઈએ તે સાચું છે, પરંતુ દિલ દીધેલું ત્યારે જ ગણાય કે જેમાં મક્કમતા, દઢતા, નિશ્ચય, ભાવના વગેરે પ્રગટેલાં હોય. કર્મમાં હાંફળાંફાંફળાંપણું, બેબાકળાપણું, કદી પણ ના પ્રગટવાં ઘટે. આપણાં પ્રકૃતિ અને સ્વભાવ વડે તેમ થતું હોય તો તે દોષ છે. તેનો સ્વીકાર પ્રકૃતિ અને સ્વભાવ પાસે કરાવવાની ખાસ જરૂર. પૂરા ખંતથી, ઉત્સાહથી,

ધીરજથી, નિશ્ચયથી તેવી રીતે જે કંઈ બને તે કર્યા કરવું. એવું કર્યા કરવામાં બધો જ પ્રેમભાવ અને દિલ પરોવાઈ ગયેલાં હોવાં જોઈએ, પરંતુ તે સાથે સાથે તેનાં પરિણામને માટે અધીરા, ચંચળ કે અસ્વસ્થ ના થઈ જઈએ.

## મૌન

જેમ જેમ મનમાંની અનેક વિચારની પરંપરાઓ અટકતી જશે અને શાંત થવાતું જવાશે, તેમ તેમ શ્રીભગવાનની કૃપા અવતરણ થતી કે છતી થતી જાય છે, એનો અનુભવ પ્રત્યક્ષપણે થશે. નાહકના બળાપા અને ઉધામા કરવાના નથી. તમને યાદ છે, કે એકવાર તમે કહેલું કે તમને કેટલાંક વર્ષો ઉપર બે સાધ્વી બહેનો મળેલાં, તેમની તરફ જરા ભાવપૂર્વક તમે જોયેલું, એટલે થોડીવાર પછી તેમાંનાં એકે આપમેળે તમને કહેલું કે 'મૌન રક્ખો, શક્તિ બઢ જાયેગી,' તે મૌન તે સ્થૂળપણે મૂગા રહેવું તે નહિ. એ મૌન એટલે તો હાલના તબક્કે વિચારોના ખળભળાટ, પ્રાણનાં પ્રચંડ વાવાઝોડાં, બુદ્ધિમાં શંકા, સંશય અને અનિશ્ચિતતાનાં પરિણામે જન્મતી ગડમથલો, સંસ્કારોનું ઊભળ્યા કરવું અને અહમ્‌ની જોરદાર જીવદશાની પ્રેરણાઓ. આ બધાંમાંથી મુક્તિ મેળવવી તે મૌન. પ્રભુકૃપાનો આવિર્ભાવ આવા પ્રકારની પ્રગટેલી નીરવતાની ભૂમિકામાંથી જ થઈ શકવાનો છે, તે નક્કી માનજો.

## શરીરનું નડતર

'શરીર નબળું છે અને તે સારું હોત તો આમ કરત, આમ થાત, અને તેમ થાત એવા ઊથલપાથલ કરાવતા વિચારથી ભરેલી શરીર બાબતની ઝંખના પણ હવે વધારે વખત કરવાની

નથી. ઝંખના તો રાખો, પરંતુ તે ધ્યેય પરત્વે. શરીરને કારણે કામ અટકી શકતું જ નથી. પહેલાંના કરતાં તો શરીર તમને સારું કામ આપે છે, તેની તમે ના નહિ પાડી શકો. ધ્યેયને પ્રાપ્ત ના કરી શકવાનું એકમાત્ર કારણ જો શરીર હોય, તો તો રોગી, દુઃખી, દર્દી કદીયે ભગવાનને ભજી જ ના શકેને ? ના, તેમ નથી. આપણી જીવદશાનાં સ્વભાવનું અને પ્રકૃતિનું આવરણ એટલે કે જે કંઈ શુદ્ધ આત્મતત્ત્વનો પ્રકાશ પડવામાં આપણી અંદર પડદારૂપ છે, તેનાં અનેક લક્ષણોમાંનું કે આવિર્ભાવોમાંનું એક લક્ષણ તે વ્યક્તિનું શરીર છે. જેમ તેનાં પ્રકૃતિ અને સ્વભાવનાં લક્ષણ અને આવિર્ભાવ તેની બુદ્ધિ, તેનું મન વગેરે છે, તેમ તેનું શરીર પણ છે. આ રીતે જોતાં અને સમજતાં ધ્યેયપ્રાપ્તિને જે આડે આવે છે, તે તો પ્રકૃતિ અને સ્વભાવ છે, અને શરીર તો તે પ્રકૃતિ અને સ્વભાવનું અંગમાત્ર છે. એટલે પ્રકૃતિ અને સ્વભાવ ઊર્ધ્વગામી થાય તે જ મહત્ત્વનું આપણું કર્મ છે. આપણે જે સાચવવાનું છે, તે અંદરનાં કરણોને - મન, બુદ્ધિ વગેરેને. આંતરિક કરણો જ્યારે ચેતનાના પ્રકાશથી આલોકિત થાય છે, ત્યારે તે તે કરણો તેને (ચેતનાને) અનુસરવા માંડે છે. તેવી ભૂમિકામાં શરીર પણ તેને અનુસરવા માંડે છે. તેથી કરીને 'શરીરને લીધે જ કશું બનતું નથી,' એમ માનવું નહિ, પરંતુ આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ તેવા પ્રકારનાં છે. તેને લીધે પ્રગતિ થતી નથી, તેવું ભાન પ્રગટાવવાનું રાખવું. શરીર, પ્રકૃતિ અને સ્વભાવને વશ છે. તે પ્રકૃતિ અને સ્વભાવને અનુસરે છે. જીવદશાના માનવીમાત્રનું તેવું હોય છે. શરીર નથી ચાલી શકતું તે આળસ અને પ્રમાદને

કારણે. ૧૯૩૯ના જુલાઈની છઠ્ઠી તારીખના દિવસે તમારું પહેલવહેલું અનુષ્ઠાન થયું, ત્યારે મેં તમને કહેલું કે 'ઘોર તામસની સ્થિતિ છે.' ત્યારે તમને ઘણું ઘણું આશ્ચર્ય થયું હતું, પરંતુ ખરી હકીકત તો એ છે, કે શરીરની સ્થિતિને કારણે પ્રગતિમાં વાંધો પ્રગટી શકતો નથી. પ્રગતિમાં વાંધો પ્રગટે છે, તે તો સ્વભાવ અને પ્રકૃતિને લીધે જ.

### ચેતનપુરુષનું શરીર

અલબત્ત, જે જાગી ગયેલો ચેતનપુરુષ છે, તેનું શરીર પણ તેની જાગી ગયેલી ચેતના પ્રગટ કરે છે, પરંતુ તેવો ચેતનપુરુષ શરીરે રોગી હોય તેમ છતાં આત્માનુભવની મુક્ત કે આત્મનિષ્ઠ દશામાં તેવો ચેતનપુરુષ હોઈ શકે છે. એના શરીરને રોગી હોવાનાં કારણો સાધારણ માનવીના રોગી હોવાનાં કારણોથી જુદાં હોઈ શકે છે.

આત્મસ્થિતિ કે આત્મનિષ્ઠાની કક્ષા એટલે ચેતનની પૂર્ણતાનો આવિર્ભાવ. તે પછીથી પણ એવા ચેતનપુરુષનો વિસ્તાર સહજપણે પ્રગટતો જ રહે છે ખરો. તેવો ચેતનપુરુષ કે મુક્તાત્મા તેના શરીરના પાર્થિવપણાથી તો મુક્ત થઈ ગયેલો હશે જ, એટલે કે નીરોગી કે રોગી શરીરમાં વાસ કરતો હોવા છતાં તે સર્વભાવે વિસ્તાર પામતો જતો હોય છે. શરીરનું નીરોગી હોવું કે લાંબું ટકવું, તે આત્મસ્થિતિનું માપલક્ષણ નથી. આત્મતત્ત્વ અવર્ણનીય છે, છતાં તેને વર્ણવાય તો તે સર્વથી પર એવું સૂક્ષ્માતિસૂક્ષ્મ અને સ્થૂળાતિસ્થૂળ તત્ત્વ છે. જ્યારે જીવદશામાં ચેતન છે તો ખરું, પણ તે જીવદશાનું જે શરીર છે તેમાં જે ચેતન છે તે તો મળ, વિક્ષેપ, આવરણથી

આચ્છાદિત થયેલું છે. એવા કારણ વડે કરીને આત્મતત્ત્વનું આવિર્ભાવ પામવાપણાની શક્યતા, સ્વભાવતઃ એવા મળવિક્ષેપથી આચ્છાદિત શરીર હોય ત્યાં નથી. ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માઓને શરીરનું બંધન નથી. શરીરની મર્યાદા તેઓએ સ્વીકારેલી છે ખરી, પરંતુ પ્રસંગ પડ્યે શરીરની મર્યાદાને પણ તેઓ ફગાવી શકે છે. એવાને શરીર હોવાની અનિવાર્યતા પણ નથી. તેથી શરીર ટક્યા જ કરે એવી ખેવના પણ તેમને નથી.*

## પ્રકૃતિ અને સ્વભાવનું જ નડતર

આ તો બધી અત્યાર પૂરતી આડકથા થઈ. એમાંથી પ્રસ્તુત તો એટલું જ છે, કે શરીર આત્મતત્ત્વના પ્રગટ થવાપણામાં કે વિકાસમાં બાધક નીવડે છે એવું નથી. જો તે નીવડતું લાગતું હોય તોપણ ખરી રીતે તો તે માનવીની સમગ્ર પ્રકૃતિના એક કરણ, કે અંગ તરીકે. આમ ખરી રીતે તો એનાં પ્રકૃતિ અને સ્વભાવ જ બાધક છે, નહિ કે શરીર. અંતરનાં મનાદિકરણોની માફક શરીર તો એક કરણ-સાધન-છે. કોઈનાં પ્રકૃતિ અને સ્વભાવ શરીર દ્વારા નડતાં હોય, તો કોઈનાં બુદ્ધિ દ્વારા અને કોઈનાં પ્રાણ દ્વારા નડતાં હોય છે, પરંતુ નડતર તેનું શરીર કે બુદ્ધિ કે પ્રાણ છે એવું નથી. સાચી રીતે તો નડનાર તેનાં તેનાં સમગ્ર પ્રકૃતિ અને સ્વભાવ છે. એટલે એના પર જ આપણે વિશેષ લક્ષ રાખવાનું છે, તે લક્ષમાં રાખશોજી.

## પ્રેમભાવ

પ્રેમભાવની માત્રા દિન પર દિન બઢતી જાય અને જીવન પરત્વેની ભાવના જીવંતપણે પ્રગટ્યા કરે, તો તમન્ના તો જરૂર

---

* જુઓ લેખકનું પુસ્તક 'જીવન સંદેશ' પાન નં. ૨૮૨

વધે. આપણે ધ્યેયને બદલે બીજી વસ્તુઓ (જેમ ‘શરીર નડે છે’ એવા વિચાર અને તેથી થતી ગ્લાનિ) માટે ઝંખના રાખ્યા કરીએ છીએ. તેથી તમારા પર ક્રોધ પ્રગટે છે, કે ‘જાણે કેમ કરીને તે હકીકત એમને સમજાવું ?’ જોકે ઘણીયે વાર તમને એ બાબત લખ્યું તો છે. મનને બહુ જ આપણે દોડવા દઈએ છીએ અને તેમાં કોઈ પ્રકારની સ્થિરતા ટકતી નથી, તો કૃપા કરીને તેમ મથવાને પ્રેમ રાખશોજી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૧-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

છે ગોકુલેશ ! પરિપૂર્ણ તું એકલો જ,
ને હું સ્વભાવવશ જીવ છું એકમાત્ર,
તોયે છતાં તુજ ભણી મુજ દૃષ્ટિ રાખું,
પોતાતણો ગણી મને તુજ અંક લે તું.

* * *

મેળે સ્વયં બનતું હો, જ્યમ થાય જે જે,
ના આડખીલી બનતો, હું થવા દઉં તે,
સંસ્કારયોગ થકી ભોગ મળ્યા હશે જે,
તે ભોગવાઈ જ જતાં મુજ કામ થાશે.

* * *

આડું કશું અવળું મેં કર્યું હોય જે જે,
મારી પરે કરી દયા પ્રભુ ! માફી દેજે,
ના જે તને રુચતું, ના મુજથી બનો તે,
ને હોય જે પ્રિય તને મુજથી થજો તે.

* * *

સંપૂર્ણ આશ્રય મને મળતાં જ તારો,
આનંદ-પ્રેમ-રસનો ફૂટશે ફુવારો,
એ કલ્પનામહીં હું દી મુજ સર્વ ગાળું,
આશા, નિરાશ બનતાં, ઉર તેથી ધારું.

* * *

હાંજા પ્રભુ ! ગગડી જાય પ્રચંડ એવું,
તોફાન વાયુતણું જો ! ઉરમાંહી જામ્યું,
તે સંગ એકલની હું પ્રભુ ! શી વિસાત ?
તારી કૃપાથી રહું તોય ઊભો ટટાર

## ભાવનાનું સાતત્ય

ઠંડા પાણીનો ઉપચાર કરવાનું ક્યારનુંયે તમને લખ્યું છે, પરંતુ તે કરીએ નહિ તો તે શું સૂચવે છે ? આપણે જ તે માટે વિચારી લેવું. મહીગળતેશ્વરથી* આવ્યા તે પછી તમને કહ્યું હતું કે વાસનાનો અમુક પ્રકાર આપણામાં છે અને તે આપણામાં જાગે છે ત્યારે તેના પરત્વેના સચેતનપણાથી તેને સંયમમાં લેવા પૂરતા આપણે સચેતન નથી રહી શકતાં, તેથી તેવું બનતું હોય છે. વાસનાનું ઊર્ધ્વીકરણ ત્યારે જ શક્ય બને છે, કે જ્યારે આપણા આધારનાં કરણોમાં સાંગોપાંગ ભાવનાનું સાતત્ય પ્રગટેલું હોય છે. એની મેળે વાસનાનું રૂપાંતર કદી થઈ શકતું નથી. તેથી પ્રથમ શરત તો કરણોમાં પ્રગટેલું ભાવનાનું સાતત્ય છે.

## નિશ્ચિંતતા

સાધનાનાં સાધનોમાં સમયની ગણતરી કૃપા કરીને કાઢી નાખજો. ભાવ એ જ એનું માપ છે, અને તેની પણ વેપારીની

---

* જુઓ ‘જીવન સંશોધન’, પાન નં. ૩૬૭.

માફક ગણતરી કરવાની નથી. મન, પ્રાણ વગેરે કરણો સારાયે દિવસમાં એવી ઉચ્ચતમ ભાવનામાં જ જો દોરવાયેલાં રહ્યા કરશે, તો સૌ સારાં વાનાં જ થશે. નકારાત્મક વૃત્તિ કે જીવદશાની વાસના પ્રગટે તેની માત્ર ચિંતા કર્યા કરવાથી કશું વળતું હોતું નથી. ચિંતાથી તો તેની પકડમાં આપણે વિશેષ જકડાયેલાં રહીએ છીએ. ચિંતા તો આપણે કંઈ કશા વિશે રાખવાની જરૂર નથી.

## સદ્‌ગુરુની સ્મૃતિ

કવિતા જરૂર લખશો, એ તો ઠીક છે, સાધનની ભાવનાને વધુ તેજ બનાવે એવા પ્રકારની કવિતા માત્ર લખશો. પરંતુ આ જીવ વિશેની નહિ. આ જીવ તમને યાદ આવે છે તે ઠીક છે, પરંતુ તેવી યાદથી જે ભાવના પ્રગટે તે સાધનમાં વેગ આપી શકતી ના હોય, તો જરૂર જાણવું કે તે યથાર્થ પ્રકારની યાદ નથી અને એવી યાદ પ્રગટવાપણામાં અનાસક્તિવાળો ભાવ પ્રગટેલો નથી એમ સમજવાનું છે.

## હુંપણાનો ઉપયોગ

'હુંપણાનાં દર્શન' આપણને થાય છે, તે તો સારું છે, પરંતુ તટસ્થતાથી હુંપણું નિહાળ્યા કરવું તેટલું બસ નથી. તેવા હુંપણાના મદમાંથી મુક્ત થવાને માટે સાધનામાં તેવા અહમ્‌ને સાધન બનાવીને તેનો ઉપયોગ કરી લેવાનો છે. જો પ્રભુકૃપાથી તેમ થઈ શકે તો સાધનામાં કેટલો બધો વેગ મળે ?

## આત્મનિરીક્ષણ જ કરવું

બીજા કોઈની કક્ષા આપણે જોવાની નથી. તેમ તે આપણાથી આગળ છે, કે પાછળ એ પણ વિચારવાનું કે જોવાનું નથી.

આપણાથી તેમ કદાચ થતું હોય તોપણ આપણામાં તેવા પ્રકારની માપવાની શક્તિની યોગ્યતા પ્રગટેલી હોતી નથી એ યાદ રાખવું. એવી સમજવાની યોગ્યતાની શક્તિ પ્રગટ્યા વિના જો કોઈના વિશે કંઈ સમજવાનું કરીશું, તો તેથી તો વિશેષ પછડાવાના છીએ, તે નક્કી જાણશોજી. કોઈનાયે વિશે કશો પણ ખ્યાલ કરીએ નહિ તો તે ઉત્તમ છે. બીજાના આંતરિક ભાવને અનુભવી શકાતો હોય તો તે અનુભવી તે પ્રકારની ભાવનાને સ્વીકારીને તેનાથી આપણા અંતરમાં તેને પ્રગટાવવાનું બની શકતું હોય છે, પરંતુ આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તો પરભોગી રહ્યા કરે છે એટલે આ લખવું પડે છે. જોકે આપણે એકલાં જ એવાં છીએ એમ નથી. એવા તો ઘણા ખરા હોય છે, પરંતુ તે બધાં માટે આ જીવને શી નિસબત છે ?

## ભાવને દૃઢાવો

તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો તે 'મોટા'ને નામે ઓળખાનારી વ્યક્તિ પરત્વે નહિ, પરંતુ તેનામાં જે ચેતનભાવ પ્રગટેલો છે તે ભાવ પરત્વે, અને તે ભાવના આવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો. તો દિલમાં એવા ભાવની ભાવનાને દૃઢાવવાને સચેતન થવું. આટલો બધો ભાવ રાખો તેમ છતાં આ જીવ કેવો નિષ્ઠુર છે ! તમને પ્રસન્ન પણ રાખી શકતો નથી અને કાગળોમાં પણ તેવો ભાવ પ્રદર્શિત કરી શકતો નથી, પરંતુ હું પણ શું કરું ? કાગળમાં જે પ્રકારનું વ્યક્તત્વ હોય તેને અનુસંધાનમાં રાખીને મારે તો પ્રભુકૃપાથી લખવાનું બને છે.

આ માર્ગમાં 'Thus far and no further' - બસ આટલેથી જ અટકવાનું અને આગળ કશું નથી' એવું નથી.

## નિરાગ્રહ

આપણે સર્વ પ્રકારના આગ્રહોથી મુક્ત બનવાનું છે, તે વાત સાચી, પરંતુ તેથી કરીને આપણો કોઈ પણ પ્રકારનો કશો ઢંગધડો ના રહે, અને કોઈ નિશ્ચયાત્મક વલણ ના હોય એવું ના બનવું જોઈએ. જેના સર્વ પ્રકારના આગ્રહો ગળી ગયા હોય છે, તે કંઈ નબળોપોચો હોઈ શકતો નથી, એટલું જ નહિ પણ તેનાં તેજસ્વિતા અને ઓજસ કોઈ અનેરા પ્રકારનાં હોય છે. સર્વ પ્રકારના આગ્રહો જેના ગળી ગયા છે, તે તો મરદ છે. તેની મર્દાનગીની છટા અને શોભા ન્યારી છે. સંપૂર્ણ નિરાગ્રહી માનવી, કુંભાર માટીનાં વાસણોને જે માટીના લોંદામાંથી ઘડે છે, તેના જેવો મુલાયમ હોય છે. એવું થયા સિવાય આપણે પૂરેપૂરાં સરળ, pliable-(મુલાયમ) થઈ શકતાં નથી. શરણાગતિની ભાવના પ્રગટાવવાને માટે આવું થવું ઘણું ઘણું જરૂરનું છે.

## શ્રેષ્ઠ ત્યાગ

આપણાથી હજી પૈસાનો ત્યાગ થઈ શકે, કીર્તિનો ત્યાગ થઈ શકે, સગાંવહાલાંનોયે કદાચ થઈ શકે, પરંતુ 'આપણાં' માની લીધેલાં, આત્મસાત્ કરી લીધેલાં એવાં મંતવ્યો, ટેવો, ગણતરીઓ, સમજણો, મૂલ્યાંકનો વગેરે વગેરેનો ત્યાગ થવો ઘણો મુશ્કેલ છે, અને તે તો જ થઈ શકે કે જો આપણે સતત જાગ્રતિ રાખીને જ્ઞાનભાનપૂર્વક પ્રત્યેક પ્રસંગે સત્યને અનંત પાસાં છે એમ ખ્યાલમાં રાખી એ સત્યને દિલમાં દઢાવી દઢાવીને અને નિરાગ્રહની ભાવના કેળવી કેળવીને વર્તી શકીએ ત્યારે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૨-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

અજ્ઞાન ઘેરી રહ્યું છે મુજને અગાધ,
તે ગૂંગળાવી રહ્યું છે મુજ શક્તિ પ્રાણ,
કૈં કૈં પ્રયત્ન કરતાં પણ ના ફવાય,
તો દે કૃપા કિરણ થાય બધે ઉજાશ.

* * *

હું નિત્ય નિર્ભર રહી શકું તું પદે જો,
સંસાર આશ થકી મુક્ત થઈ શકું તો,
ને સત્ય, પ્રેમ પ્રગટાવી શકું પ્રભુ ! જો
તારી પરે, મુજ થશે સહુ કામ તો તો.

* * *

હૈયું પ્રભુ ! કરવું છે મુજ એવું મારે,
કે કોઈને પથ મળે નવ પેસવાને,
મારે તને પ્રભુ ! તહીં પધરાવવો છે,
હું યોગ્ય સ્વાગત તને કરું શોભતું શેં ?

* * *

અગ્નિ જુઓ ! ઉર બળી ભડકે રહ્યો છે,
શેં શાંત પાડું ! જીરવાય ન વેદના તે,
જાણે ભમું જહીં તહીં રઘવાટમાં હું,
તો સિંચ હું પર કૃપામૃતવારિ તારું,

* * *

તારું થતું મુજ પરે કરી લે બધું તું,
થાકીશ ના મુજ શિરે દુઃખ નાખવે તું,

જો ! ઝીલવા પ્રભુ ! ઊભો કટિબદ્ધ છું હું,
જોઈ શકીશ મુજ દૈવત કેટલું તું.

* * *

ગુંજાશ શી તુજ કને ? મુજ શી વિસાત,
કે ગર્વ હું ધરી કર્યા કરું મોટી વાત ?
રે ! આત્મભાન સ્ફુરતાં પ્રભુ ! કોક વારે,
હુંથી ધરાય અભિમાન પ્રભુ ! ક્ષમા દે.

## શરણાગતિ

સર્વ પ્રકારમાં નિરાગ્રહી થવાનું તે વાત સાચી, પરંતુ આપણે જે જીવનધ્યેય માન્યું તે પરત્વેનું કર્મ કરવાનો આગ્રહ તો ભારેમાં ભારે રાખવો પડશે. એવાં સાધનના આગ્રહથી જે કામ થયા કરે એનાથી જે કેળવણી અને ઘડામણ થાય છે, અને સાધનાની ઉત્તરોત્તર ભૂમિકાઓ વટાવતાં જ્ઞાનયુક્ત જે શરણાગતિ પ્રગટે છે, તે સ્થિતિ કંઈ ઢીલાપોચા માનવીની નથી. તે તો એક નક્કર વાસ્તવિક સ્થિતિ છે. તેવી રીતે જીવન પાકતાં પાકતાં જે રસ પ્રગટવાનો છે એને ઢાળવાને માટે, સોનાના રસની લગડીઓ બનાવવાને માટે લોઢાની નાળ હોય છે, તેમ એ રસને આકાર લેવા માટે આપણે એવી નાળ બનવું પડશે. જેવી નાળ આપણે બન્યા હોઈશું તેવો આકાર થશે એવું કશું આ બાબતમાં નહિ બને, કારણ કે જે કંઈ તૈયાર થયું હશે તે પણ જો તેને અનુરૂપ ભૂમિકા નહિ બની હોય તો એ જે કંઈ થોડો રસ ઉદ્ભવશે તેને પણ લાયક receptacle-(ઝીલનાર) પાત્ર, યોગ્ય ના હોવાને લીધે વેરવિખેર પણ થઈ જાય અથવા બીજી રીતે પણ પરિણમે.

## પ્રેરક બળ

આ માર્ગમાં આંતરિક સહજ રસ જે પ્રગટે છે, તે તો આપણા સમગ્ર આધારની અમુક યોગ્ય તૈયારી થઈ જાય તે પછીથી. એવી તૈયારીમાં કોઈક એક અમુક જ સાધન કરવું પડે છે, એવું નથી હોતું, પરંતુ એટલી વાત ચોક્કસ છે કે સર્વ પ્રકારનાં આગ્રહો, મતો, ટેવો વગેરે વગેરે બધાંથી તો મુક્ત થવું જ પડશે. ગીતાજીમાં જે સ્વજનોને હણવાનાં કહ્યાં છે, તે આ પ્રકારનાં છે. અનેક પ્રકારની સમજણો જેને મનાદિકરણ પકડીને બેઠાં હોય છે, તેમનો તેવો બધો વેશ આપણે મુકાવી દેવાનો છે. આ બધું થયા વિના આપણો સાધનામાં ખરેખરો પ્રવેશ કદી પણ થઈ શકવાનો નથી. માનવી જો મનમાં એકવાર લે છે, તો તે તેમ કરી શકે છે ખરો, પરંતુ તેમ કરવાની પાછળ તેને તેવી રીતે પ્રેરાવવાને માટે તેનામાં કોઈક બળ, ધક્કો મારતું હોય એવી રીતે કામ કરતું થઈ ગયેલું હોય તો જ તેનાથી તેવું બને છે. કાં તો માણસને ખરેખરી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રગટી હોય, કાં તો તે માનવી દૃઢ મરણિયા નિર્ધારવાળો હોય, અથવા તો તેને તેમ કરવાની ભારેમાં ભારે ગરજ પ્રગટેલી હોય - આવા પ્રકારની તેની જો પૂર્વતૈયારી હોય છે, તો જ તેવો જીવ તેમ કરી શકે છે. પ્રભુકૃપાથી જે કરવું છે, તેની જ લગની જ્યાં સુધી લાગે કરે નહિ, ત્યાં સુધી કશું વળી શકનાર નથી.

## નકામા ઉધામા

ભગવાનનું નામસ્મરણ એ તો એક સરળ સહજ નાનકડું સાધન છે. તે પણ હજી સુધી કોઈથી યોગ્ય રીતે બની શકતું

નથી, અને આપણે નીકળ્યાં છીએ હિમાલયનો પહાડ ચડવા ! આપણે બાથ ભરવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગાને તો બાથ ભરી શકાતી નથી ! મને તો આપણાં બધાંના ફતવા જોઈને દિલમાં એક પ્રકારની ઘણી ઘણી દિલગીરી થાય છે. માણસોને કંઈ કશું કરવું નથી, અને ખાલી ખાલી કશીક મહત્તા મેળવવાનાં ફાંફાં મારવાં છે ! તે છતાં પાછું પોતાને હોશિયાર ગણવાની તુમાખી રાખવી છે, અનેક પ્રકારના ફાંકા રાખવા છે અને અહમ્‌ને તો હિમાલયના કરતાંયે મોટું રાખ્યા કરવું છે ! આવી બધી હકીકત હું સ્વજનના દિલમાં જોઉં છું. કોઈને જીવનની ખરેખરી પડેલી હું અનુભવી શકતો નથી. 'જીવન', 'જીવન'ની ખાલી બૂમો પાડવાથી તે કદી પણ પામી શકાવાનું નથી. જીવન પામવાને માટે તો ભારે આંતરિક તપશ્ચર્યાની જરૂર છે. અને તેવો તપ કરવાનો ઉમળકો કોઈ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.

## સદ્‌ગુરુનું ઉદ્‌ભોધન

ત્યારે ભલાં ! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા ? કોણે તમને બોલાવ્યાં હતાં ? અને જો તમે તમારી મેળે બધાં આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં હોવ, તેને માટે સાવધ થાઓ. જીવનવિકાસ તો માગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ. જીવનવિકાસ એ કંઈ રસ્તામાં પડેલું, અથડાતું અફળાતું, એવું કોઈ ફૂલબૂલ નથી કે જે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતા જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘું જઈને કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડી પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે. અને દૂર ને

દૂર દેખાય છે ! આવા પ્રકારનો જીવનવિકાસ પામવાને માટે વણનોતર્યાં તમે બધાં મારી પાસે આવ્યાં છો. અને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે, કે જીવનવિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈક જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઈ જીવે પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી આમ કે તેમ, કોઈ જાતનાં વલણો જન્માવ્યાં દીધાં વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

## મનની તુમાખી

આપણી ખરેખરી તૈયારી પ્રગટેલી નહિ હોવા છતાં મનની તુમાખી અને તેના તરંગોના જુદા જુદા ઘોડાઓ નિહાળતાં નિહાળતાં આપણો જીવ કેવો પામર છે ! પોતાને થવું છે કંઈક, પણ કરવું નથી કંઈ જ, એવી આપણી દશા છે એમ જોઈને ઘણો ખેદ થાય છે. માનવી પોતાને અમુક અમુક કરવું છે એમ કહે છે ખરો, પરંતુ તેમ કરવામાં પણ તેનું દિલ પ્રગટેલું પ્રભુકૃપાથી હું જોઈ શકતો નથી. પોતાને થવું છે તો સંપૂર્ણપણે સ્વચ્છ. તેમ છતાં વારંવાર દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર માનવી રગદોળાયા કરે છે અને વળી પાછું તે પોતે સ્વચ્છ હોવાનું ગુમાન ધરાવે છે. આ બધું જ્યારે પ્રભુકૃપાથી નિરખાય છે, ત્યારે મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું,

પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો નહિ. પોતે જરૂર સાચા હતા અને હું પોતે તે ના સ્વીકારવામાં ખોટો હતો. તે દંડો પ્રભુકૃપાથી જો મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકાત, પરંતુ આવા પ્રકારની જુદા જુદા પ્રકારની તુમાખીને તોડવાને માટે દંડો એકલો પણ બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ના આવત, તે પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યા છે પોતાની મેળે, અને કરવું કારવવું તો કશું નથી ! પોતાનાં મનાદિકરણને પાંશરાં કરવાનું તો નેવે મૂકવું છે ! તેના કરતાંયે તેમનાથી કરી વિશેષમાં વિશેષ જે ત્રાસ મને થાય છે, તે તો તે બધાં સ્વજન વિશેષમાં વિશેષ તેમનાં મનાદિકરણને બગાડતાં રહે છે તેથી, અનેક પ્રકારનાં મળ, વિક્ષેપ અને આવરણને હઠાવવાનાં છે, ત્યાં તેઓ તેમાં ઉમેરો જ કરતાં રહે છે ! કોઈકનામાં કોઈક સમજણ, માન્યતા, મતાગ્રહ વગેરે વગેરે કંઈક મોળું પડવાનું થાય, ત્યાં તેને ઠેકાણે કોઈક બીજા પ્રકારનું એવું પ્રગટે છે, કે તેની તેની પકડ પાછી જામતી જાય છે. જૂનું જાય અને નવું આવે અને તે પણ ઘર કરી ના બેસે, તેની પણ ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે.

## મક્કમ નિર્ધાર કરો

સ્વજનનાં મનાદિકરણોની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો થનગનતો પ્રેમભાવ કે નથી જોઈ શકતો કોઈ પ્રકારની નિર્ણય શક્તિ કે નથી પરખાતી જીવનને ઉન્નયન કરવાની સાચી ધગશ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે

મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યા છો અને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. આપણે પોતાની મેળે થઈને કોઈકને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા, તો તે સદ્‌ગુરુને આપણાં વર્તનથી કરી, આપણી ભાવનાથી કરી તેને પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે, પણ તે તો બધું ક્યાંય ઊડી જતું હોય છે. હજી તો જીવનને ઊંચે માર્ગે લઈ જવું છે, એમ આપણે બોલીએ છીએ, પણ એવા લોકના રાગદ્વેષ હજી તો પૂરેપૂરા મોળા પડેલા હું અનુભવી શકતો નથી. ત્યાં મારે કરવું શું ? જડ જેવા પથ્થરની સાથે માથું અફાળતાં આપણને પોતાને જ માથામાં વાગવાનું છે, તેના જેવી આ હકીકત છે. માનવીના દિલને જે લાગે છે, તે લાગે છે. જે જાતનું લાગે છે, તે જાતનું લાગે છે. માનવીનું દિલ જડ પથ્થર જેવું નથી તે હકીકત છે. છતાં તેનું બદલાવું, એક સ્થિતિમાંથી બીજીમાં પલટાવી જવાની ક્રિયામાં પલટાવું, અને એવી રીતે પલટાવાના સાધનમાં મંડ્યા રહેવું, એ તો માગી લે છે દૃઢ, મક્કમ નિર્ધાર. વીજળીની સારડી કઠણમાં કઠણ વસ્તુઓમાં સાર પાડવામાં કામયાબ નીવડે છે. એવી રીતે સર્વ કંઈ બનવાને શક્યતા છે, પરંતુ માનવી તે પ્રકારનું દિલ કરીને તેમ કરવા માંડે ત્યારેને ? ખાલી ખાલી ઉધામા કર્યા કર્યેથી અને નહિ જેવો પ્રયત્ન કર્યા કરવાથી કશું ના વળે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૩-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

નાનું બાળક ભાંગફોડ કરતું, માબાપને ને ઘણું
એ તોફાન કરી કરી પજવતું, વ્હાલું છતાં લાગતું,

તેવું તું મુજ ધ્યાન કૈં લઈશ ના છોરું ગણી તાહરું,
ર્‌હેવા ભાવથી એ મથું સતત હું, તો પ્રાણ ત્યાં રેડ તું.

* * *

તું મારું દુઃખ ભાંગશે નહિ, પ્રભુ ! તો કોણ, ક્‌હે, ભાંગશે ?
મારે એક મદાર છે તુજ પરે, આધાર કો આપશે ?
જીવ્યું કેમ કરી જશે મુજ થકી આવી રીતે ક્‌હે, પ્રભુ ?
કાઢે શેં નવ ભાળ બાપ, મુજ તું ? વાંકે કયા ? હે પ્રભુ !

## નાનામાંથી મોટો યજ્ઞ

સાધનનું દિલમાં દિલની સાથેનું એકધારું પ્રેમભક્તિપૂર્વકનું અનુસંધાન પ્રગટાવી શકવાનું શહૂર જો આપણામાં પ્રગટાવી શકીએ, તો પ્રભુકૃપાથી સર્વ કંઈ બની શકે તેવું છે. સંસાર-વહેવારમાં અનેક જીવોની સાથે આપણો સંબંધ છે. તે તે બધા જીવો સાથે તેમનું કંઈ પણ કશું જોયા કર્યા વિના આપણે પોતાના વિકાસ ખાતર સદ્‌ભાવ પ્રગટાવવાનો છે. આપણે તેમને તેમને માટે ત્યાગ કરવાના ઉમળકાવાળાં બનવું જ પડશે. અને આપણે જ તેમને માટે પ્રેમ ઉમળકાથી વિશેષ ને વિશેષ સહન કરવાનું જે આપમેળે આવે તેને ઉમળકાથી તપ સમજીને આપણા પોતાના જીવનવિકાસના હેતુને અર્થે તે તે સ્વીકારીને તે તે બધું ભોગવીએ, તો જીવન ઊંચું આવી શકે. આવું આવું થવું અને કરવું એ તો હજી નજીવો યજ્ઞ ગણાય. અને એવું જો આપણે પ્રેમભક્તિથી કર્યા કરીશું, તો તેમાંથી જ જીવન-વિકાસની આગળની યોગ્યતા પ્રાપ્ત કરવાને માટે જે મોટો યજ્ઞ થવાની શક્યતા છે, તે શક્યતાનું બળ રોજબરોજના વહેવારવર્તનમાંથી, આપણાથી બનતા જતા તેવા નાનકડા

યજ્ઞમાંથી પેદા થયા કરવાનું છે, તે નક્કી જાણશોજી. આપણે ચડવું છે તો હિમાલયના ઊંચામાં ઊંચા શિખર પર, અને નાનામાં નાની ટેકરી ચડતાં પણ જ્યારે હું સ્વજનના દિલમાં ઉમળકો પ્રગટેલો અનુભવતો નથી, ત્યારે મને અફસોસ થાય છે કે આપણે બધાં હાલી નીકળ્યાં છીએ હિમાલયના ઉચ્ચમાં ઉચ્ચ શિખર પર પહોંચવાને માટે, પરંતુ આ તો ખરે જ શેખચલ્લીની વાત જેવું છે !

## જીવન હાંસીખેલ નથી

ખાલી ખાલી તુક્કા કર્યા કરવાથી જીવનને કદી પામી શકાતું નથી. એટલું જ નહિ, પરંતુ એનાથી તો જીવન વેડફાઈ જતું હોય છે. ઉચ્ચ આદર્શ રાખીને તે પરત્વેના એક ડગલા માટે પણ જો ઉમળકાથી આપણા દિલમાં ન્યોછાવર થઈ જવાની ભાવનાનું થનગનાટ કરતું નૃત્ય પ્રગટે, તો જ આપણાથી કંઈક થઈ શકવાનું છે, તેવું મને જરૂર લાગે છે. સૂર્ય ઊગવાનો થાય છે, ત્યારે સૂર્યની પ્રભાનાં દર્શન થયાં વિના રહેતાં નથી. તેવી રીતે મહાભિનિષ્ક્રમણ કરવાનું હોય કે થવાનું હોય, તો તેની પૂર્વતૈયારીરૂપે આપણાથી જે કંઈ પગરણ મંડાતાં હોય તેમાં તેનું વ્યક્તત્વ પ્રગટેલું જો અનુભવી શકાય તો જ સમજવું કે આપણા મનની સાચી ધગશ જીવનને ઉન્નયન કરવામાં પ્રગટેલી છે. આપણાથી ભરાતાં નાનામાં નાનાં ડગલાંમાંથી આપણને પરખાઈ આવવું ઘટે કે તે ડગલું ભરવામાં આપણાં મનાદિકરણની સ્થિતિ કેવી કેવી પ્રગટેલી રહે છે. તેવી તેવી તે તે પળે પ્રગટેલી મનાદિકરણની સ્થિતિ પરથી આપણે આપણું તે તે પળનું માપ કાઢવાનું શીખીએ. જો આમ આપણે નહિ કરતાં રહીએ, તો

આપણે પૂરો ભવાડો કરીશું. આ માર્ગ કંઈ હાંસીખેલ નથી. અને આપણે હજી કેવી કેવી રમત રમીએ છીએ, તેનું પણ જો પૂરેપૂરું ભાન ના જાગી શકતું હોય તો આપણે આપણને પોતાને જ છેતરી રહેલાં છીએ તે નક્કી પ્રમાણવું. આપણે તો સુગંધીદાર ફૂલોની સુવાસ પળેપળ લેવાનું કરવું છે અને અનેક પ્રકારની દુર્ગંધ પ્રગટે એવાં મનાદિકરણના ખેલોમાં હજી તો આપણે અટવાઈ પડીએ છીએ !

## ઊઠો ! જાગો ! ટટ્ટાર થાઓ !

પ્રભુકૃપાથી તમે જો મારાં ખરેખરાં સાચાં સ્વજન હોવ, તો મારા આવા દિલના બળતાઝળતા બળાપાને કૃપા કરીને નીરખવાનું કરો. અને તેથી કરીને પણ જો તમે ચેતવાનું કરી શકો, તો તે ભારે પ્રભુકૃપા થશે. આપણે જ્યાં જેમ જવું છે, ત્યાં તેમ જવાની તૈયારી ના કરી શકીએ, તૈયારી કરવાને બદલે આપણાથી નીચું જવાતું હોય અને તેવું નીચું જવામાં પણ આપણને તેવી રીતે નીચે ગયા કરવાની સભાનતા પણ ના પ્રગટતી હોય અને ત્યાં યુદ્ધ આપવાનું આપણાથી ના બનતું હોય, ત્યારે મારે આપણી જીવન પરત્વેની ભાવનાને કેવી રીતે સમજવી તે મને સમજાતું નથી. પ્રત્યક્ષ લક્ષણ વિના કંઈ પણ કશું મારાથી માની શકાતું નથી. માટે, કૃપા કરીને ઊઠો ! જાગ્રત બનો ! અને જાગીને ટટ્ટાર થાઓ ! અને ટટ્ટાર થઈને કટિબદ્ધ થઈ વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રગટાવો. જીવનસાધનાના સંગ્રામ એ તો ખાંડાની ધારે ખેલવાના છે. અને એ તો માગી લે છે ભારેમાં ભારે પુરુષાતન. એ પુરુષાતનનો ઉત્સાહ અનંત પ્રકારનો અને અનંત

બળશક્તિનો છે. એમાં હવાતિયાં માર્યે કશું પ્રગટી શકે તેવું નથી. મારે તમને બધાંને ગભરાવવાં નથી, પરંતુ જે સાચું છે, તે જ કહેવું છે. આપણે જે કરવાને માટે પ્રભુકૃપાથી બધાં ભેગાં મળેલાં છીએ, તે કરવામાં જો તમે સભાનતા ના જગાડી શકતાં હોવ અને તેમાં તમારાં હિંમત, ઉત્સાહ, ખંત, કાળજી અને ચીવટાઈ ના દાખવી શકતાં હોવ અને એવી તમારા દિલની ખેવના તમારામાં હોય જ નહિ તો આપણે તે મૂકી દેવું તેમાં સાચી પ્રમાણિકતા છે. અને આપણે તે માર્ગના સ્વજન તરીકે નહિ, પરંતુ જેમ સામાન્ય પ્રકારના બીજા માનવીઓ પ્રભુકૃપાથી મને મળે છે કરે છે, તેમ તેવા એક સામાન્ય માનવી તરીકે રહીએ, તે આપણે માટે તેવી સ્થિતિમાં વધારે યોગ્ય છે.

## સદ્ગુરુનું કાર્ય અને સ્વજનોનો ધર્મ

મારે તો પ્રભુકૃપાથી જે હેતુ માટે જે જે મળેલાં છે, તેમને તેમને અનેક રીતે આમ ને તેમ ઊલટાંસૂલટાં ફેરવાવી ફેરવાવીને પણ હલાવતાં કરવાનાં છે. ઊલટપાલટ થયા વિના જમીનમાં બી કદી પણ વાવી શકાતું નથી. સદ્ગુરુ પરત્વેની દિલમાં દિલથી દિલની પ્રેમભક્તિ પ્રગટ્યા વિના અને તેવી પ્રેમભક્તિની તાદાત્મ્ય પ્રગટ્યા વિના સદ્ગુરુ પણ આપણામાં જીવનવિકાસની ભાવનાનું બીજ વાવી શકતો નથી. સદ્ગુરુની તો આપવાની અને બી રોપવાની સદાય સહજ તત્પરતાયુક્ત તાલાવેલી જ હોય છે. તેવી તાલાવેલીમાં નિરંતરતા પણ પ્રગટેલી જ હોય છે, પણ તે શું કરે બિચારો ! એની પણ કેવી કેવી લાચારી છે, તે કોણ સમજી શકે ? હું તો પ્રભુકૃપાથી અને એની કૃપાથી પ્રગટેલા આત્મનિર્ધારથી જરૂર કહી શકું છું

કે કોઈ પણ સ્વજન જીવનવિકાસ પરત્વેની ખરેખરી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રગટાવીને પોતાના આધારને પ્રપત્તિયોગને યોગ્ય શરણાગતિની સ્થિતિમાં પ્રગટાવી જુએ અને તે પછીથી તેને સદ્‌ગુરુની કેટલી અને કેવી કેવી મદદ મળે છે, તે જાતે પોતે જ અનુભવી લે. હજી આપણે તો સાધનાની ભાવનાના પ્રકારનું કંઈ કશું મંડાણ તો કર્યું નથી, અને ઉપરથી સદ્‌ગુરુને ગોદા માર્યા કરવા છે, તે ક્યાંની વળી વાત ! સંસારવહેવારમાં પણ આપણને મળેલાં કોઈને પણ જો આપણે અમથા નકામા ગોદા મારીશું તો તે સહન કરશે કે ? અને શું તેવા પ્રકારનાં વર્તનનું પરિણામ નહિ પ્રગટે કે ?

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૪-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

શ્રીરામકૃષ્ણ મુજ દૈવત એ જ હોજો,
હું રાંકની ઉપર નિત્ય પ્રસન્ન ર્‌હેજો,
ને રાખજો વરદ હસ્ત પ્રભુ ! તમારો,
મારે શિરે, જગ ભલે નવ સંઘરે છો.

* * *

તું પાદપદ્‌મ મુજ સાધન એકલું તે,
એના વડે જીવન એક બનાવવું છે,
ક્યારે અભેદરૂપ એક બની જવાશે ?
સાફલ્ય હેતુનું કરો મુજ રાંકના તે.

* * *

એક્કેય કામ બનતું મુજથી ન સીધું,
ભૂલો અનેક કરતો પ્રભુ ! મૂર્ખ હું છું,
મારો બધો જ વહેવાર ચલાવજે તું,
એવો સચોટ મથીને કરું યત્ન જો હું,

* * *

ટાઢે ઠરી, થરથરી, મરતો પ્રભુ ! હું,
શેં તોય દાબી ઉર લે પ્રભુ ! ના મને તું?
હું તો ઘણું કરગરું તુજ પાદપદ્‌મે,
દેશે ન હૂંફ તુજ તો પ્રભુ ! ના જિવાશે.

* * *

જો દે મને હુકમ આંખતણા ઈશારે,
તો તારી પાસ કરું સાહસ આવવાને,
તારો પ્રભો ! દબદબો નીરખી અચંબો
પામું હૃદે, ડગ ભરાય ન, સ્તબ્ધ ઊભો.

* * *

થાક્યો વિચાર કરી કૈંક ઘણા પ્રભુ ! હું,
પસ્તાઈને શરણ આખર હું ઢળ્યો છું,
નિર્ભ્રાંત નિર્ભય થવા તુજ પાસ આવ્યો,
તો કાઢશે ગરીબને પ્રભુ ! શું તું પાછો ?

## સદ્‌ગુરુની સહન મર્યાદા

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્મા જે તે બધું સહન કરી લેતા હોય છે, એવી માન્યતામાં નર્યું અજ્ઞાન ભરેલું છે. શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ અવતાર હતા. કંસે તેમના પરત્વે પૂરેપૂરું વેર રાખ્યું હતું. અમુક મર્યાદા સુધીનું તેઓશ્રી પ્રેમથી સહન

કર્યે ગયા, પરંતુ તેની હદ પૂરી થતાં તેમણે કંસનો વધ કર્યો. તેવું જ જરાસંઘનું થયું અને શિશુપાળનું પણ. શ્રીરામચંદ્રે પણ રાવણનો તેવી રીતે વધ કર્યો. શ્રીભગવાને તેમનો તેમનો વધ કરેલો હોવાથી તેમના જીવનનું કલ્યાણ થઈ ગયું, એમ શ્રીમદ્ ભાગવત અને રામાયણ કથે છે ખરાં, પરંતુ તે આપણે નિશ્ચિતપણે તો જાણી શકતાં નથી. તેમાંથી નિશ્ચિતપણે જે જાણી શકીએ, એવું તો તે જ છે, કે તેમનો વધ થયો. સદ્‌ગુરુ પણ તેવી રીતે બધું આપણું સહન જ કરી લેશે તેવું તો કૃપા કરીને કદી માનશો નહિ. આપણે તેના પર કરેલું દોષારોપણ આપણને પોતાને જ વિશેષ હેરાન કરનારું થઈ પડવાનું છે, તે પણ નક્કર હકીકત છે. આપણે તેના વિશે જે જે કંઈ અન્યથાપણે વિચારતાં હોઈશું, તેવું તેવું તે તો તેવી રીતે સ્વીકારી લેતો હોતો નથી, એટલે તેના પરત્વેની જાગેલી આપણી વૃત્તિઓ તેની કનેથી પાછી ફરીને આપણા પોતાનામાં જ પાછી પ્રવેશે છે અને આમ દ્વિગુણિત ત્રિગુણિત થઈને તેનું જોશ વિશેષપણે પણ પકડી શકે એવી ઊંધા પ્રકારની શક્યતાને આપણે પોતે જ પોતાથી કરીને જન્માવતાં હોઈએ છીએ. આવી ઊંધા પ્રકારની રમત આપણે રમ્યા કરીએ છીએ, અને એથી કરીને આપણે પોતે જ પોતાના પગ ભાંગતા હોઈએ છીએ, તેનું ભાન પ્રગટાવવાને તમારા પરત્વેની પ્રેમભાવનાથી પ્રેરાઈને આ તમને લખું છું.

## કશુંક લક્ષણ તો કેળવો

પ્રભુકૃપાથી પૂરો સંપૂર્ણ હોવાનો દાવો કદી પણ કર્યો નથી, પરંતુ તમે મને તમારી પોતાની મેળે સદ્‌ગુરુ તરીકે

ઠેરવ્યો, તો પછી તેના પરત્વેની તેવી ભાવનાનું વર્તન જો આપણાં બધાંનું ના વર્તી શકાય, તો તેવાં સ્વજનની સદ્‌ગુરુ પરત્વેની ભાવનાનું બીજું કયું લક્ષણ પારખવું કે જેથી તેની સાચી સમજણ પડી શકે? જે કોઈ જીવે પોતે પોતાની મેળે સદ્‌ગુરુ કર્યા હોય અને સદ્‌ગુરુની યોગ્યતા તેને ના પરખાતી હોય તો તેવા સદ્‌ગુરુને તે મૂકી દઈ શકે છે. જોકે આપણામાં તેવું પારખવાની લાયકાત અને તેવી શક્તિ પ્રગટેલી હોતી નથી, તે વળી જુદી હકીકત છે. સદ્‌ગુરુ પરત્વે સદ્‌ભાવની ઉત્કટ ભાવના પ્રગટેલી ભલે રાખી શકતાં ના હોઈએ, તેમ છતાં પણ જો જીવનવિકાસના ધ્યેય પરત્વેનું આપણું દૃષ્ટિબિંદુ એકસરખું, એકધારું, વેગવંતું કામ કરી રહેલું હોય, તોપણ કશો વાંધો નથી. આ તો બધાંનું તેમ પણ નથી અને આમ પણ નથી. અને વાંધાવચકા આપણે બીજાં બધાંમાં કાઢ્યાં કરવાં છે. આ તો તદ્દન ક્ષુલ્લકપણાની હકીકત છે. અને તે બતાવી આપે છે, કે જીવનવિકાસ પરત્વેનું ખરેખરું સાચું મહત્ત્વ આપણને પ્રગટેલું નથી. આ કાગળ લખી રહેલો છું તો એક વ્યક્તિને, તેમ છતાં પુરુષ અને નારીજાતિવાચક જે સંબોધન કર્યું છે, તે તો બધાં સ્વજનોને આ લાગુ પડે છે, માટે તેવી રીતે તે સંબોધાયેલું છે. જીવન પરત્વેનું દૃષ્ટિબિંદુ સાચી રીતે કેળવાય અને તે તરફનું સ્વજનોનું લક્ષ પ્રેરાય એવી મારી ધગધગતી તમન્નાને તમે બધાં પ્રેમભક્તિથી જો સ્વીકારી લેવાનું કરી શકો, તોપણ હાલનું જીવન વેગ અને ગતિ બંને પકડી લે. અરે ! એટલુંયે જવા દો, પરંતુ જો તમે મને તમારા દિલનું એક સાચેસાચું, ખરેખરું સ્વજન ગણતાં હોવ, અને - અહીં

પ્રેમના ભાવની વાત જવા દો, પરંતુ તમને બધાંને આ જીવ પરત્વે હૃદયની લાગણી જ માત્ર જો હોય, તો તેને કેમ કરીને આપણે આપણાં વર્તનથી રાજી રાખી શકીએ અને સંતોષ પમાડી શકીએ એવી ભાવના તો પ્રગટવી જોઈએને? તમે બધાંએ મને સ્વજન તરીકે સ્વીકાર્યો હોય તો ભલે, પરંતુ જો તમે તેવી રીતે સ્વીકાર્યો હોય તો તેનું પણ માપલક્ષણ તમારા મારી પરત્વેના વર્તાવમાં પ્રગટેલું હોવું જોઈશે કે નહિ ?

## પોતે જ સમજવું અને પોતે જ કરવું

આપણે આ સંસારવહેવારમાં જે જે સંબંધો જેની જેની સાથે પામ્યાં છીએ, તેની સાથે એટલે કે તે તે જીવ સાથે તેવા ને તેવા પ્રકારનો સંબંધ રાખીને કદી પણ ઊંચે આવી શકવાનાં નથી, તે નક્કી જાણશો.સંસારવહેવારમાં આપણે બીજા બધા જીવો પરત્વે તેમનું આપણા પરત્વે હોય તેવું વર્તન દાખવ્યાં કરવાનું નથી. આપણા જીવનમાં જીવન પ્રગટાવવા માટેની શક્તિ કેળવવાને માટે ભાન રાખી રાખીને બધાય મળેલા જીવો સાથે ઉમળકાથી ઘસાઈ ઘસાઈને તેમની તેમની સાથે ઉદાર, વિશાળ દિલ રાખી રાખીને અને તે તે જીવોનું કંઈ પણ કશું આડુંતેડું નજરમાં રાખ્યા વિના આપણે તેમને માટે વિશેષ ને વિશેષ કરતાં થઈ જવું જોઈશે. એવું ઉમળકાથી કરેલું કર્મ આપણને વિશેષ ને વિશેષ તારનારું થઈ પડે છે. હજી તો આપણે આળસ-પ્રમાદને ખંખેરવાનું ઝટપટ કરતાં નથી. આપણામાંનું આળસ અને પ્રમાદ ખંખેરી નાખવાને અવનવી પરિસ્થિતિમાં પ્રભુકૃપાથી સદ્‌ગુરુ આપણને મૂકવાનું જ્યારે જ્યારે કરે છે, ત્યારે તો ઊલટાં આપણે છંછેડાઈ પડીએ છીએ.

આપણે આપણાં સ્વભાવ અને પ્રકૃતિમાં કયું તત્ત્વ એટલે કે સત્ત્વ,રજસ અને તમસમાંનું કયું તત્ત્વ પ્રધાનપણે ભાગ ભજવે છે, તે સમજવું જોઈશે. જો તમસ ભાગ ભજવતું હોય તો પળેપળ આપણે ભગવદ્ભાવયુક્ત કર્મમાં એકધારું વેગથી તત્પરતાવાળાં થઈને પ્રવેશેલાં રહી શકીએ તે ઉત્તમ છે. રજસ સ્વભાવ હોય તો ધાંધલધમાલ ના પ્રગટે એવી રીતે કેમ કરીને શાંતિથી અને સ્વસ્થતાથી વર્તી શકાય તેવા પ્રકારના પ્રયોગમાં ગતિશીલપણે આપણે પ્રવર્તવાનું છે. આ બધું આપણે પોતે જ સમજી લેવાનું છે અને પોતે જ કરવાનું છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૪-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

મારું કરી હું પરિવર્તન ક્હે, શકું શેં ?
જો તું ભૂલે હૃદય પાપવિચાર સર્વે,
સૌ પ્રાણ, ચિત્ત, મન, બુદ્ધિ પરોવવાને,
તુંમાંહી તેથી જ કર્યા કરું યત્ન નિત્યે.

* * *

તારા પ્રભુ ! પ્રણયવારિમહીં જ મારે,
ન્હાયા સદા કરવું છે, પણ શેં બને તે ?
સ્વપ્નો જ સેવી હું રહ્યો ઉરમાં પ્રભુ ! જે,
પાડી શકીશ કદી સત્ય કૃપાથી હું તે.

* * *

તારા વિના સ્મરણ કોઈતણું ના થાય,
નિષ્ઠાથી યોગ કંઈ સાધી હુંથી શકાય,

જો એટલું કરી શકાય કૃપાથી તારી,
તો હું સમો જગતમાં નહિ ભાગ્યશાળી.

* * *

હૈયે ધર્યા હું કરતો તુજ આશ તોયે
જોને કર્યા કરું હું છેતરપિંડી ભારે !
અત્યંત વેગવતી લ્હેર થકી તણાઉં,
જાણે ડૂબ્યો ! મરી જઈશ બચાવી લે તું.

* * *

કેવી પડે દુઃખમહીં જ મઝા અનેરી !
ચેતે જ એથી ઉર ચેતન ચિનગારી,
જે પ્રેમદંડ સહશે, બડભાગી થાશે,
એ દંડમાર સહવા ઉરશક્તિ દેજે.

* * *

છોને ભલે અવગણે હમણાં મને તું,
કો દી શકીશ રીઝવી તુજને પ્રભુ ! હું,
હું પ્રાણ પાથરી મૂકીશ પ્રભુ ! તું કાજ,
શ્રદ્ધા, પવિત્ર કરશે મુજ રાંક ધામ.

## પરિસ્થિતિનો યોગ્ય સ્વીકાર

જે કોઈ પરિસ્થિતિમાં મુકાવાનું બને, તેનો હેતુ સમજી સમજીને તેમાંથી કેમ કરીને જીવનવિકાસના હેતુને વેગ મળે, તે પ્રમાણે વર્તવાનું આપણે શીખવાનું છે. જે કોઈ જીવ મળેલી પરિસ્થિતિ કે સંજોગોના હેતુનો પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવના વેગથી ધ્વંસ કરી નાખે છે, તે પોતાનો નાશ વહોરી લેતો હોય છે. હું તમને બધાંને આજે સ્પષ્ટ લખવા માગું છું, કે

તમારાં પ્રકૃતિ અને સ્વભાવને પારખીને અને તે પ્રકૃતિ અને સ્વભાવને ઊંચે તારવવાને માટે તમને બધાંને તે તે કર્મ પ્રભુકૃપાથી સોંપાયેલાં છે, પણ તે કર્મમાં મને તમારા હૃદયનો થનગનતો ઉત્સાહ અને ભાવ પરખી શકાતો નથી, તે ઊંડા ખેદની હકીકત છે. જીવનવિકાસના સાધકનો ધર્મ મળેલી પરિસ્થિતિનો સ્વીકાર કરવાનો છે. મહાત્મા ગાંધીએ **'હરિજનબંધુ'**માં એકવાર લખેલું કે શ્રીપ્રભુના નામસ્મરણથી રોગમાત્ર મટી શકે છે અને જીવનના આ છેલ્લા તબક્કામાં તેવા પ્રકારનો પ્રયોગ કરવાની ઈચ્છા છે, પરંતુ તેમને જેવા જેવા સંજોગ અને પરિસ્થિતિ મળતાં ગયાં, તેનો તેનો તેમણે સ્વીકાર કર્યો છે. જીવનના વિકાસની ભાવનામાં મળેલાં કર્મ, સંજોગ, પરિસ્થિતિ-એ બધાંનો યોગયોગ્ય ભાવે અને એ રીતે સ્વીકાર એ તો એક હકીકતની ભૂમિકા છે. એનો જે જીવ ઈન્કાર કરે છે અથવા તો ઈન્કાર થવાની જે જીવની તે તે પરત્વે વૃત્તિ સળવળે છે, તેવા જીવની આધ્યાત્મિક જીવન વિકસાવવાની લાયકાત નથી, એમ નક્કી સમજવું. તેવા જીવથી આ માર્ગ પરત્વેનું કશું પણ આગળ ડગલું ભરી શકાવાનું નથી, તે પણ નક્કી સમજવું. જીવનની મળેલી પરિસ્થિતિનો પ્રેમભક્તિથી સ્વીકાર કરવો એ ઘણું જરૂરનું છે. દિલમાં દિલથી તેમ થતું હોય તો જ મન, દિલ તે પરત્વે બખાળા પાડવાનું કરી શકશે નહિ.

## સાધનામાં મક્કમ આગ્રહ

પૂરા નિરાગ્રહ થવાની બાબતમાં પણ એક મોટો અપવાદ છે, જોકે આપણે પોતે હજી તેવી રીતના પૂરેપૂરાં તો થઈ

શકેલાં નથી, અને તેવા થવાનું યોગ્ય પ્રકારનું તત્પરતાયુક્ત દિલ પણ પ્રગટેલું નથી, તેમ છતાં સમજણની દૃષ્ટિ પ્રગટાવવાને માટે લખું છું.

જે સાધન આપણે કરી રહેલાં છીએ અથવા તો જે સાધન આપણે કરવાનું છે, તેને તો સંપૂર્ણતાથી પૂરેપૂરું એકધારું વળગી રહેવામાં ભાવનાભર્યો આગ્રહ રાખ્યા જ કરવાનો છે. સાધનાની ભાવનામાં અંતરાય પ્રગટાવે એવો કશો પણ આંતરિક કે બાહ્ય પ્રસંગ ઊપજતાં આપણે દૃઢ, મક્કમ, મરણિયો આગ્રહ રાખી રાખીને સાધનાની ભાવનાને સાનુકૂળ હોય એવું જ વર્તન ચેતી ચેતીને રાખવાને અને તેવી ભાવનાથી જીવનમાં પ્રવર્તવાને માટે મથી મથીને આપણે ભાન પ્રગટાવવાનું છે. વચમાં પ્રગટતા અંતરાયોને તો જરા પણ મચક આપવાની નથી. આમ, સાધના સિવાયની તમામ બાબતમાં-પછી તે ઝીણી હોય કે મોટી હોય, ત્યાં ત્યાં, તેમાં અનાગ્રહ અને જ્યાં સાધનાની ભાવનાની હકીકત હોય, પ્રશ્ન હોય, ત્યાં ત્યાં દૃઢતાયુક્ત મરણિયો આગ્રહ - એવી બે પ્રકારની ભાવના આપણે કેળવવાની છે.

## બેવડી જીવનસાધના

આગ્રહની બાબતમાં આ બે પ્રકારની ભાવના જેમ જીવનમાં જાગ્રતપણે સમયાનુસાર પ્રવર્તેલી હોવી જોઈશે, તેવી રીતે સાધનામાં પણ બે પરસ્પર વિરોધી દેખાતી પ્રક્રિયામાંથી આપણે પસાર થવાનું છે. એક તો આપણે જે જે પરિસ્થિતિમાં, સંજોગમાં પ્રવર્તેલાં હોઈએ,તેના પરત્વે બેપરવા, બેકાળજી કે નિષ્પ્રાણથી વર્તવાનું નથી અથવા તો તે તે બધું મિથ્યા છે,

એમ પણ ગણવાનું નથી. તે તે બધું મળેલું છે ભાવનાને કેળવવાને માટે, ભાવનાને પરિપક્વ થવા માટે. એટલે તે તે બધાંનો એક બાજુ પ્રેમભક્તિપૂર્વક સ્વીકાર કરીને તેમાં તેમાં અણગમો કે કંટાળો પ્રગટવા દીધા વિના તે પરિસ્થિતિ અને સંજોગનો આપણે પ્રેમભક્તિથી સ્વીકાર કરવાનો છે, અને તેમાં તેમાં યોગયોગ્ય ભાવનાથી વર્ત્યા કરીશું તે એક બાજુની વર્તનકળાની રીત છે અને બીજી બાજુએ પ્રભુની કૃપાને આપણામાં ઠરી શકવાને માટે જે ભૂમિકા આપણે તૈયાર કરવાની છે, તે તો સાધનાના ભાવમાં અને તેના સાધનના અભ્યાસમાં મનાદિકરણોને પરોવાઈ જવાને કાજે તેમાં એકધારું પ્રવર્તાવાય,તે છે. તે ઉપરાંત, સંસારવહેવારમાં આપણે બધાંની સાથે સુમેળ,સદ્ભાવ,પ્રેમ, સહાનુભૂતિ, શુભેચ્છા વગેરે ભાવનાથી આપણા પોતાના જ વિકાસની ભાવનાથી વર્ત્યા કરવાનું છે. અને એમ થવાવા જતાં કોઈ પણ જાતનો બીજાથી કરીને ધારો કે આપણને અન્યાય થાય તો તે બધું પ્રેમઉમળકાથી સ્વીકારી લઈને તે તપ છે એમ જાણીને આપણે તેવી તત્પરતાવાળાં બનવું પડશે. અને તો જ આપણા રાગદ્વેષ મોળા પડતા જવાના છે. એટલે દ્વંદ્વાત્મક પ્રકૃતિનું જોશ એવી રીતે જ્ઞાનભક્તિયુક્ત વર્તવાથી મોળું પડતું જવાનું છે, તે નક્કી જાણજો. જેની જેની પરત્વે આપણને અણગમો હોય કે કંટાળો જાગતો હોય, તેને તેને આપણે વધારે ચાહી ચાહીને દિલથી વધારે ગમવાનું બને તેમ આપણે પ્રવર્તવાનું છે. આવી સાધનાથી અંતર્મુખ થઈ શકાવાનું છે. અંતર્મુખતા પ્રગટ્યા વિના આરો નથી. જેમ સાધનાની પ્રક્રિયાની જરૂર છે, તેમ

સંસારવહેવારમાં ઉપર જણાવેલી રીત પ્રમાણે વર્તવાની પણ એટલી જરૂર છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૫-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

જો એકવાર હડિયે મુજની ચડે તું,
હૈયે તને પૂરી દઈ પછી મારું તાળું,
તારી પરેનું લઉં વેર પછી હું જૂનું,
એવો ખૂંદું, ભૂલી જઉં તુજ ખોડ કે તું.

* * *

બાથોડિયાં મરવતો મુજને પ્રભુ ! તું,
કર્મે બક્યા જ કરવાનું રહ્યું નકામું,
જ્યાં ત્યાં બધે તુજ કૃપા પ્રભુ ! ઢોળતો તું,
કોરો કઈ રીસ થકી મુજને જ રાખું ?

* * *

કેમે કર્યો પીગળતો નથી હુંપરે તું
પાષાણનું હૃદય છે તુજ હે પ્રભુ ! શું ?
દેવો ઘટે ન તુજને કંઈ દોષ મારે,
માર્યા કરું જ ડફણાં તુજને હાવાં શેં ?

* * *

ભારે કર્યો પ્રભુ ! હશે તુજ દોષ શો મેં ?
કે ફેરવી મુખ લીધું મુજથી પ્રભુ ! તેં ?
હું તો અનેક રીતે દુર્બળ હે પ્રભુ ! છું,
મારી રીતે હું ચડવા કરું યત્ન, જો ! તું.

મારે નથી તુજ વિના પ્રભુ ! કોઈ બીજું,
આશા બીજાની ધરું ના પ્રભુ ! તું વિના હું,
લેવા ચહે મુજ કદી પ્રભુ ! તું પરીક્ષા,
લેજે, સહીશ, પણ કો દી હઠીશ હું ના.

* * *

ક્યારે થશે હૃદય કોમળતા સ્વરૂપ ?
ક્યારે તહીંથી ફૂટશે પ્રભુ ! ભાવગંગ ?
ક્યારે પવિત્ર કરશે વહી સર્વ અંગ ?
ક્યારે થશે તુજ અનંત સમુદ્ર સંગ ?

## મુશ્કેલીઓ

જીવનવિકાસના સાધકને જ મુશ્કેલીઓ વેઠવાની આવે છે એવું કશું નથી. જે જીવને મુશ્કેલી પ્રગટતાં મુશ્કેલીથી ત્રાસ લાગે છે, તેવો જીવ ખરેખરી રીતે તો સાધક જ ના ગણી શકાય. મુશ્કેલી એ તો ખમીર પ્રગટાવવા માટેનું સોપાન છે. અને ખરી રીતે જો જોઈએ તો શું સંસારવહેવારમાં ઓછી મુશ્કેલીઓ પ્રગટતી હોય છે ? ત્યાં જીવ બિચારો નીચી મૂડીએ તેને તાબે થઈ જઈને બળાપાથી, સંતાપથી, ક્લેશ, દુઃખ અને ત્રાસના ભારથી તે બધું સહ્યા જતો હોય છે.જ્યારે સાધનાનાં ક્ષેત્રમાં આપણે તે તે બધું પ્રેમના ઉમળકાથી સહ્યા કરવાનું છે. જરા સરખો પણ જો સંતાપ, ક્લેશ, ત્રાસ કે એવી એવી વૃત્તિ દિલમાં તે પરત્વે પ્રગટી તો સાધનાની ભાવનામાં ગતિમંદતા પ્રગટી જાય છે. તે તો એક હકીકત છે, પરંતુ તેનાથીયે વધારે ભયંકર પરિણામ તો તે ઊપજે છે, કે આપણાથી તેવી રીતે વર્તાતાં વિશેષ રીતે તેમાં તણાઈ જવાનું અને દબાઈ જવાનું

બને છે અને પછીથી તેના ને તેના જ વિચારનાં વમળોમાં આમતેમ ઘૂમરીઓ ખાવાનું બન્યા જ કરતું હોય છે. આવું બનેલું કેટલીયે વાર સ્વજનના માનસમાં મેં પોતે જાતોજાત નિહાળ્યું છે. ત્યારે તેમાંથી તેનામાં જાગ્રતિ પ્રગટાવવાને માટે તેને આંચકો આપવાનું પ્રભુકૃપાથી કરવું પડે છે. ઇંદ્રિયોના દોરવાયા આપણે દોરવાઈ જતા હોઈએ,તે વેળા જે જીવનું તે કાળે તાત્કાલિક સફાળું ભાન જાગે છે, તેવા જીવની સાધના માટેની લાયકાત છે એમ પ્રમાણવું. આપણે સંસારવહેવારનાં વર્તનમાં બને તેટલો આપણો પોતાનો જ દોષ જોવાને પ્રવર્તવું અને તેને જ મહત્ત્વ આપ્યા કરવું. બીજાના દોષ જોવાનું મન-ઇંદ્રિયો કરે ત્યારે તેમાંથી પાછાં વાળવાને પ્રેમથી મથવું - આ પણ એક સાધનાનો પ્રકાર છે. બીજાના દોષ જોવાનું થતાં મનમાં અશાંતિ અને સંઘર્ષણ પેદા જરૂર થવાનાં. જે પોતાના દોષને જોઈને તેને મઠારવાને એકધારું મથ્યા કરવાના ચેતનમાં રહે છે અને એવો જેને અભ્યાસ છે, તેવા જીવને બીજાના દોષ જોવાનો અવકાશ સાંપડી શકતો નથી. સર્વ કંઈ જે તે બધું આપણા પોતાનામાંથી નીપજ્યું છે. તેમાં કોઈ ‘બીજું’ કારણભૂત નથી. આ પ્રકારની સમજણ જો ખરેખરી જીવતી-જાગતી બની જાય, તોપણ બીજાનું આડુંતેડું મનમાં પ્રવર્તવાની કે ટકવાની શક્યતા મોળી પડી જાય છે.

## બેવડી સાધના

આ બધું તમને હું લખું છું, તે પ્રભુકૃપાથી આ જીવે તેમ આચરણ કરેલું છે તેથી. સેવાના માર્ગમાં અનેક પ્રકારનાં જુદાં જુદાં પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે સુમેળ, પ્રેમ,

સહાનુભૂતિ, શુભેચ્છા રાખી રાખીને અને આત્યંતિક છેવટ સુધીની નમ્રતા રાખી રાખી કેળવીને તેવા તેવા જીવો સાથે વર્તવાનું થયેલું છે માટે. વળી, તે તે કર્મમાં કદી પણ હુંપદ ના પ્રગટે એની તો કેટકેટલી જાગ્રતિ પ્રભુકૃપાથી સેવેલી છે ! આ જીવને તેવા સેવાનાં ક્ષેત્રનાં કર્મમાં કંઈ બીજાથી કરીને અન્યાય નહિ થયેલા હોય એવું તો મુદ્દલે ન હતું, પરંતુ તેમ છતાં તે બધાંયની ઉપર એકમાત્ર સદ્ભાવની જ ભાવના સર્વત્ર જીવતીજાગતી રહ્યા કરે એવું ભાન અને સચેતનતા રાખ્યા કરવાનું પ્રભુકૃપાથી થતું હતું. એકમાત્ર કામ કર્યા કરવાનું જ મૂગે મોઢે કર્યા કરતો અને વિશેષ ને વિશેષ કેમ કરીને મારાં પોતાનાં જ કર્મનું મનનચિંતવન થયા કરે, તેવી રીતે પ્રવર્તમાન થયા કરવાનું બન્યા જતું. ભગવાનનું સ્મરણ, એની પ્રાર્થના, એનું ભજન, એ જ મારું એક મહત્ત્વનું સાધન તે તે કાળે હતું. અને પાછું તેથી કરીને મળેલાં કર્મમાં કોઈ પણ જાતની ઊણપ ના પ્રગટી શકે, તે પણ ઉત્તમમાં ઉત્તમ રીતે શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાથી થયા કરે અને તે પણ સાધનાની એક પ્રક્રિયા જ છે એવું ભાન મનાદિકરણોને પ્રગટાવેલું રખાવવાને પ્રભુકૃપાથી બન્યે જતું. આવી બેવડી રીતની સાધના થયા જતી હતી. સ્વભાવ અને પ્રકૃતિને નીચેથી ઉપર લઈ જવાની એક પ્રવૃત્તિ અને સાધનાના સાધનનાં અભ્યાસમાં પ્રેમભક્તિથી અને તેના જ્ઞાનના હેતુને લક્ષમાં રાખી રાખીને ભાવને અવતરણ થવાની પ્રક્રિયામાં સભાનપણું પ્રગટાવવાનું બન્યા જવું તે બીજી પ્રવૃત્તિ. આમ, જે રીતે પ્રભુકૃપાથી જીવન જીવી જાણ્યું છે, તે જ રીત હું તમને બધાંને બતાવું છું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૬-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

મોજાં પ્રચંડ ઊછળી હડસેલતાં ને
નાખે મને લઈ જઈ દૂર દૂર ક્યાંયે !
તોયે હું હિંમત કરી બળથી અગાધ,
તે સંગ હું તરી જવા પ્રભુ ! ભીડું બાથ.

* * *

મારે ગમે ત્યમ કરી ઊડી પ્હોંચવું છે,
આનંદ,પ્રેમ, રસ, દેશ,જહીં પ્રભુ છે,
તારી કૃપા પ્રભુ ! હશે, અઘરું નથી તે,
જે આજ સ્વપ્ન,બનશે પ્રભુ ! સત્ય કાલે.

* * *

ચોંટાડી દે તુજ પદે મુજ ચિત્ત એવું,
ના’વે ! ફરી મુજ કને પ્રભુ કો દી પાછું,
ને પ્રેમના જતરડે મન ખેંચી લે તું,
કે પ્રીત છોડી બીજી, આધીન તે તને ર્‌હે.

* * *

મોટા કરાડ ગિરિનાય વટાવીને હું
નિત્યે વહ્યા સતત તારી ભણી કરું છું,
આવે ન પાર તુજ, શેં મુખને પમાશે ?
મારે પ્રભુ ! ભળવું છે સુખસિંધુમાં તે ?

* * *

શેં પ્રેમ દૃષ્ટિથી મને નવ ભાળતો તું ?
શાથી મને અવગણી દૂર રાખતો તું ?
વિશ્વંભરા જગતની જહીં મા પ્રભુ ! તું,
ત્યાં એકલા ગરીબને તરછોડશે શું ?

* * *

પાયે પડી કરગર્યા તુજને કરું છું,
હાવાં પ્રભુ, કંઈ કરી મુજ સામું જો તું,
તું છેક આમ તુજ બાળ વિસારશે શું ?
લેશે જ ભાળ જીવું આશ વડે જ તે હું.

## મુશ્કેલીના લાભ

આગળના કાગળમાં જણાવેલી રીતે જીવવામાં જે તે બધું સરળપણે પ્રગટ્યા કરવાનું છે, એવી કશી કોઈ પ્રકારની બાંયધરી આપી શકતો નથી. મુશ્કેલી વિના ઊંચે તરી આવવાનું કદી પણ શક્ય બનતું નથી. મુશ્કેલી, ઉપાધિ, અનેક પ્રકારની ગૂંચો, કોયડાઓ તથા ભયંકર વિઘ્નો, એ તો આપણી ભાવનાને પકવવાને માટે તથા આપણી પોતાની ભાવનાને તત્પરતાયુક્ત કેટલી તાલાવેલી જાગેલી છે, તે ચકાસી જોવા માટેનો તે તે બધું તો કસોટીનો પથ્થર છે, એટલું જ નહિ પરંતુ સાધનાના ભાવને ઉચ્ચતર સ્થિતિએ પ્રગટાવવા માટે તે બધું એક પગથિયારૂપ પણ છે. આવું બધું જે પ્રગટે છે,તે તે બધું આપણામાં ઉત્તમ પ્રકારનું પુરુષાતન પ્રગટાવવા માટે જરૂરનું હોય છે. જેમ કોઈને ભારેમાં ભારે વજન ઊંચકવાનું કરવું હોય, તો તેણે પ્રથમ થોડામાં થોડું વજન ઊંચકવું જોઈએ, અને વધારે વધારે વજન ઊંચકવાની શક્યતાને માટે હળવે

હળવે તેણે વધારે વજન ઊંચકવાની શક્તિ વધારતા જવું જોઈએ અને એમ અંતે ભારેમાં ભારે વજન અભ્યાસથી કરીને તે ઊંચકતો જતો હોય છે, તેવી જ રીતે આ સંસારવહેવારમાં અનેક પ્રકારનાં મુશ્કેલીઓ, ગૂંચો, કોયડાઓ વગેરે બધું આપણને સાંપડે છે, તે આપણામાંના ખમીરને ઉત્તરોત્તર વિશેષ તેજસ્વિતપણે પ્રગટાવવાને માટે સાધનરૂપે છે, પરંતુ તે તે બધું આપણે દિલના ઉમળકાથી સ્વીકારીને તેવા પ્રકારની ભાવનાથી તેમાં પ્રવર્તેલાં રહીશું, તો જ તે તે બધું આપણને ખરેખરા ખપનું નીવડવાનું છે, તે નક્કી જાણશો. મુશ્કેલીથી, વિઘ્નોથી, ગૂંચોથી અને કોયડાઓથી ડરીને જે પાછું ભાગવાનું કરે છે, તે તો કાયર જીવ છે.

## હારમાંથી જીત

સાધનાનાં ક્ષેત્રમાં નામર્દનું કામ નથી. આવું આવું થતાં કદાચ આપણે હાર પામીએ તેની હરકત ના હોય, પરંતુ હાર પામતાં પામતાં પણ જીવનવિકાસની સાધનાની ભાવનાને દઢાવી દઢાવીને તે તે પ્રસંગે મજબૂતમાં મજબૂત, દઢ, મક્કમ સામનો આપી આપીને યુદ્ધ ખેલ્યા કરીએ, તો તેવી રીતે હાર પમાતાં પમાતાં તેમાંથી પણ સફળતાની ચાવી આપણને જરૂર મળી રહે છે. આ જીવથી પણ અનેક વેળા એવી હાર પામવાનું બનેલું છે. એવી પ્રત્યેક હાર પામવાની હારમાળામાં પ્રભુકૃપાથી એણે જીવતુંજાગતું પ્રચંડ યુદ્ધ આપ્યા કરેલું છે અને તે તે વેળાએ તેણે પ્રભુકૃપાને માટે પ્રાર્થનાઓ કર્યા કરેલી છે. તે જેમ પ્રભુની કૃપાપ્રસાદીને પ્રેમભક્તિથી માનતો, તેમ જ પાછો તે સાધનાનાં ક્ષેત્રમાં એકધારું રત રહેવાને પુરુષાતન કર્યા

કરવામાં પણ તે માનતો હતો, તેમ છતાં તેમ કરવામાં પણ તેને હારવાનું તો બનતું, પરંતુ તેમાં તે સમૂળગો નમી જતો નહિ. યુદ્ધ તો આપ્યા જ કરતો.

### મુશ્કેલીથી ના દબાનાર ફાવે છે

મુશ્કેલીઓ આવતાં જે જીવને એમ લાગે છે, કે આવી સ્થિતિ પ્રગટ થઈ તે તો ઉત્તમ થયું અને તેના પર જીત મેળવવાની તેને ઉમળકાભરી દિલમાં થનગનાટ કરતી ભાવના જાગે છે, અને તેને હરાવવાને તેનાં મનહૃદય ઉમળકાથી ઉત્સુક બને છે, તેવાને મુશ્કેલી તે વળી શું કરી શકવાની હતી ? મુશ્કેલી જેને મુશ્કેલી લાગે છે, તે તો મુશ્કેલીથી ભાંગી પડવાનો છે. મુશ્કેલીની કઠણાશ જેને કઠણાશ લાગે છે, તોપણ તેનાથી પરાજય પામવાનું કદી પણ જે સ્વીકારતો નથી, તેવો જીવ તો મુશ્કેલીનો સામનો કર્યા વગર કદી પણ રહી શકતો નથી, અને મુશ્કેલીની કઠણાશને તે પ્રેમથી સ્વીકારી લે છે. એવી સ્થિતિમાં જે જીવનો અભ્યાસ સાધનાનાં ક્ષેત્રની ભાવનાથી જીવતોજાગતો બની જાય છે, તેવા જીવને તો તેવી મુશ્કેલી આગળ જતાં શ્રીપ્રભુની કૃપાપ્રસાદી લાગે છે અને મુશ્કેલી મળતાં તે હર્ષ પામીને 'આ તો કૃતકૃત્ય અને ધન્ય થવાનો પ્રસંગ મળ્યો' એમ અનુભવી, એવી રીતે મુશ્કેલીને તે સ્વીકારતો હોય છે. એટલે મુશ્કેલી પ્રગટે ત્યારે કેવા પ્રકારનું વલણ પ્રગટાવવું તેની સમજણ પ્રગટાવવાને માટે આ બધું સવિસ્તરપણે તમને લખું છું.

### યોગ્ય ભૂમિકા

પરંતુ એવી રીતે સમજણને સ્વીકારવાને યોગ્ય પ્રેમ-ભક્તિવાળાં આપણાં મનાદિકરણોની તત્પરતા પ્રગટેલી હોતી

નથી, ત્યાં સુધી તેવી તેવી અપાયેલી સમજણો પણ માથા ઉપરથી વહી જતી હોય છે. આમ, કેટલીયે વાર મને તો આવા આવા પ્રસંગ પ્રગટતાં તમારાં બધાંનાં મનાદિકરણની તે તે કાળની વર્તમાન દશા જોઈને ખેદ પણ થતો હોય છે. જે પ્રકારે જીવવું છે, તે પ્રકારની પ્રેમભક્તિભાવની તત્પરતાવાળી ભાવના કેળવ્યા કરવાનું રાખ્યા વિના તેવી ભૂમિકા કદી પણ પ્રાપ્ત થઈ શકવાની નથી. બધું જ ભગવાનની કૃપાથી થઈ રહેશે, અને ભગવાનની કૃપા જે તે કાળે જે તે કરાવશે એવું માનવું તે મિથ્યાડંબર છે. આપણે ગમે તેમ આડુંઅવળું તણાયા જવું, અનેક પ્રકારનાં વૃત્તિ, વિચારોનાં વમળોમાં આમતેમ આડુંઅવળું અથડાયા કરવું, પ્રકૃતિ અને સ્વભાવને વશ થઈ જઈને પ્રવર્ત્યા કરવું અને તેમ છતાં વળી અનેક પ્રકારની, સમજણના, માન્યતાના અને અહમ્‌ના એવા ફાંકા પ્રગટાવતા રહેવું અને ઉપરથી એમ સમજ્યા કરવું કે ભગવાનની કૃપા આપણને દોરવશે તે મુદ્દલે તે ક્ષેત્રની સાચી હકીકત નથી.

## ભગવાનની કૃપા

શ્રીભગવાનની કૃપા આપણા આધારને સંપૂર્ણ કબજે પણ લઈ શકે છે, એવી હકીકત સાધનાના અમુક પ્રકારના તબક્કામાં સાચી પણ છે, પરંતુ જ્યાં સુધી આપણે જીવદશાના અનેક પ્રકારનાં વૃત્તિ, વિચારનાં વમળોમાં યદ્વાતદ્વા અથડાયા કરતાં હોઈએ, તેવી દશામાં ભગવાનની કૃપા આપણામાં કામ કરવાની શક્યતાવાળી હોઈ શકતી નથી, તે નક્કી જાણશો. જેમ એક તદ્દન નાનું બાળક માતાના પર સંપૂર્ણ આધાર રાખતું હોય છે, અને બાળકના તેવા બચપણના સમયમાં માતા તેનું

બધું કરતી પણ હોય છે, તેવી રીતે આપણે સંપૂર્ણ બાળક જેવા બની જઈએ અને આપણો આધાર તેવા પ્રકારની ભાવનાવાળો બની જાય, તો તો શ્રીભગવાનની કૃપા માતાની પેઠે આપણને સાચવ્યા અને રાખ્યા કરે છે. આવા પ્રકારની સંભાળ તેણે અનેક ભક્તોની રાખ્યા કરેલી છે, તે તો ઐતિહાસિક હકીકત છે. શ્રીભગવાનની કૃપાએ આ જીવના જીવનના તેવા તેવા પ્રકારના તબક્કામાં કેવી અને કેટકેટલી સંભાળ રાખી છે, તેનો પણ એક ઈતિહાસ છે. મારા જીવનની સાધનાના જુદા જુદા તબક્કાના પ્રસંગોનો મને પૂરેપૂરો પ્રભુકૃપાથી તાદૃશ્ય ચિતાર છે અને તેનો જો ઈતિહાસ લખું તો તેવી રુચિવાળાને એટલો તો રોમાંચક અને રસપ્રેરક નીવડે કે ના પૂછો વાત, પરંતુ જ્યાં સુધી જે હેતુ અર્થે પોતાની મેળે જે જે સ્વજન મળેલાં છે, તેમાંનું કોઈ એક પણ સ્વજન ચેતનની ભાવનામાં નિષ્ઠામાં પૂરું પ્રગટેલું અનુભવાય નહિ, ત્યાં સુધી તેવો ઈતિહાસ લખવાનો મને હુકમ નથી.

### મરદ બનજો

માટે, મળેલાં સ્વજનને મારી એટલી વિનંતી અને પ્રાર્થના છે, કે મુશ્કેલી, વિઘ્નો, ગૂંચો, કોયડાઓ, ઉપાધિઓ વગેરે વગેરે પ્રગટવાનું બનતાં, કૃપા કરીને મરદ બનજો અને તેનો સાધનાના ભાવથી પ્રચંડ સામનો કરજો. મુશ્કેલીના ટાણે વિશેષ ને વિશેષ સાબદા બનજો. ભાવનાને પ્રજ્વલિત જીવતીજાગતી રાખજો. મુશ્કેલી વગેરે વગેરે શેને માટે પ્રગટેલાં છે, તેના હેતુનું સમજી સમજીને ભાન પ્રગટાવજો. આ બધું કરવાની ખાસ જરૂર છે. પ્રયોગ કરવાથી જ તારતમ્ય સમજાય છે.

અને પ્રયોગ કર્યા કરવાથી જ નવું નવું અનુભવાય છે અને નવું નવું શિખાય છે. માટે, કૃપા કરીને મરદ બન્યા કરો. તે વિના કદી પણ ચાલી શકવાનું જ નથી, એવું કૃપા કરીને ભાન પ્રગટાવવાનું રાખો. અને તેવી રીતે જીવવાનું કરી શકો તો મને તમારી પર વહાલ છૂટે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૭-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ના અંતવેળ તું મને તરછોડવાનો,
તારો મને પ્રભુ ! ગળા લગીનો ભરોસો,
સંતોષ તો મુજ ઉરે પણ એટલાથી
કેમે વળે નહિ, બક્યા કરતો હું તેથી.

* * *

હું જે અનાથ, શરણે તુજ છું વિચારી,
તું રાખી ઘેર કર ધન્ય પ્રભુ ! ભિખારી,
સંભાળજે નિજ ગણી મુજને પ્રભુ તું,
ને દેખરેખ મુજ રાંકની રાખજે તું.

* * *

પ્રત્યેક કર્મમહીં ગૂઢ અગમ્ય અર્થ,
અજ્ઞાનીથી ક્યમ કરી સમજાય મર્મ,
ઓળંગવા દુઃખગિરિ પ્રભુ ! શક્તિ દેજે,
સંતોષ હો સ્થિતિમહીં પ્રભુ ! હું હઉં જે,

* * *

હું કામ, ક્રોધ, મદ, મત્સર, લોભ પાયે
તારે ધરું, પ્રભુજી ! ભેટ સ્વીકારી લે તે,
ને કૈં બીજા હૃદય હોય વિકાર જે જે,
હું પાસથી ઝૂંટવી સર્વ લઈ જ લેજે.

* * *

જેને દબાવી શકતું નવ પાપ સ્હેજે,
જે લોભ દુન્યવી થકી વશ ના બને છે,
તું દે બનાવી પ્રભુ, ઉન્નત, મુક્ત એવો,
આ રાંકની અરજ સાંભળ એટલી તો.

* * *

યત્કિંચિતેય પ્રભુ ! જે મતિ છે, બધી તે,
ખર્ચ્યા કરું સતત હું તુજ પ્રાપ્તિ માટે,
લેવા પડે કદી મને પ્રભુ ! જન્મ કોટિ,
તો તે લઈશ તુજ માટ પ્રસન્નતાથી.

## જીવનનાં સંભારણાં

તમને બધાંને જ્યારે હું કહું છું કે બધાં સાથે સુમેળથી, સદ્ભાવથી, સહાનુભૂતિથી, પ્રેમભાવથી વર્તવાનું કર્યા કરો, ત્યારે મને તેવા પ્રકારના જીવેલા જીવનનાં સંભારણાં જાગે છે. છેક નાનપણમાં ભારે કઠણ ગરીબાઈમાં જીવન વીતેલું. ગરીબને આ જગતવહેવારમાં જે પાટુ પડે છે, અને લોક તેને જે રીતે અવગણે છે, તેવી જિંદગી આ જીવે જીવેલી છે. ત્યારે કોઈ આધ્યાત્મિક પ્રકારની ભાવના તો જાગેલી ન હતી, તેમ છતાં જીવનમાં પ્રાપ્ત થયેલા કોઈ ઉત્કટ નિમિત્ત પ્રસંગને કારણે આગળ ભણવાની તીવ્ર મહેચ્છા એકાએક પ્રગટી. તેવો પ્રસંગ

કેમ કરીને પ્રગટ્યો તે પણ તમને બધાંને જણાવું. આમ તો હું ગુજરાતી નિશાળમાં ભણતો હતો જ, પરંતુ તેવી સ્થિતિમાં આગળ ભણવાની તો ત્યારે શક્યતા જ ન હતી, કારણ કે ગરીબાઈ ભારે કારમી હતી. અમારું એક જ ઓરડાનું અને આગળ નાનકડી ઓશરીવાળું ભાડાનું ઘર (પંચમહાલ જિલ્લાના) કાલોલમાં મુખ્ય સરિયામ રસ્તા પર હતું. મારા બાપને અફીણની એક તો ટેવ હતી, અને તે ઉપરાંત, હુક્કો પીવાની પણ તેમને ટેવ. રોજ રાતે તેઓ અમારા ઘર પાસે ઓટલાની નજીક છાણાંથી કરીને દેવતા જીવતો રાખ્યા કરતા અને રાતે જ્યારે જ્યારે હુક્કો પીવાનું મન થાય, ત્યારે ત્યારે તેમાંથી દેવતા લઈને હુક્કો પીતા. અમારું ઘર સરિયામ રસ્તા પર આવેલું હોવાથી રાતે રોન ફરનારા સિપાઈઓ પણ ત્યાં બેસી વાતોચીતો પણ કરે અને કોઈ કોઈ તો હુક્કો પણ પીવે. આમ, મારા પિતાને ભાઈચારો પણ થયો હતો. એક દિવસ રાતે અમારે ઘેર કોઈક મહેમાન આવ્યા. તે ઓટલા ઉપર ખાટલામાં સૂતા હતા. તે રાતે રોન ફરવાને બે સિપાઈઓ આવ્યા. તેઓ મારા બાપાની સાથે બેઠા અને વાતો કરવા લાગ્યા. તેમાંના એકે ત્યારે પૂછ્યું કે ‘અલ્યા ભગત ! આ કોણ સૂતું છે ?’ મારા બાપે જવાબ આપ્યો કે ‘એ તો મહેમાન છે.’ એટલે પેલા સિપાઈ ભાઈએ પૂછ્યું કે ‘તો પછી પોલીસ ચોકીએ તેની ખબર કેમ આપી નથી ?’ મારા પિતાએ જવાબ વાળ્યો કે ‘એવી ખબર તો કોળી વાઘરીને આપવાની હોય, અમારે નહિ.’ એટલું સાંભળ્યું ના સાંભળ્યું ત્યાં તો તે સિપાઈનો પિત્તો ઊછળ્યો અને મારતોઝૂડતો મારા પિતાને પોલીસ ચોકીએ લઈ જવા લાગ્યો.

## રાવ સાહેબ વહારે ધાયા

આવું કારમું દશ્ય મારાથી જોઈ શકાયું નહિ.હું તો પહેરેલે લૂગડે દોડ્યો નાગરવાડામાં. ત્યાં એક શ્રી મનુભાઈ કરીને રાવ સાહેબ રહેતા હતા. તેમને રાતે જગાડીને મારા પિતાની મારઝૂડની બધી હકીકત મેં જણાવી. તે મારી પરત્વે ઘણી સહાનુભૂતિવાળા હતા. રોજ અમારા ઘર આગળથી સરિયામ રસ્તા પરથી જતા આવતા હતા. અને મારી મા તેમનાં દળણાંખાંડણા કરે તેથી અમને સારી રીતે ઓળખતા હતા. તે રાતે મારી કથની કહેતાં કહેતાં હું તો ડૂસકે ને ડૂસકે રોયા કરતો હતો, તેથી કરીને તેમનું હૃદય પીગળ્યું હોય. તેઓ તો તુરતાતુરત ગાડી જોડાવીને મારી સાથે રાતે ને રાતે પોલીસ ચોકીએ પધાર્યા અને રુઆબભેર જમાદારને બોલાવી મારા બાપને એકદમ છોડી દેવાનું કહ્યું. કાલોલ ગામના તે કાળના આવા પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત નાગરિકને રાતે પોલીસ ચોકીએ આવેલા જોઈને જમાદાર અને સિપાઈ વગેરે નવાઈ તો પામ્યા, પરંતુ મારા બાપને છોડી દેવાને આનાકાની કરતા જ્યાં લાગ્યા, ત્યાં જ તેઓ સાહેબે તે ને તે વેળાએ ફોજદારને બોલાવવાને ઘાંટો પાડીને કહ્યું, ‘હમણાં ને હમણાં ફોજદારને બોલાવો. મારે આ રંગરેજને મારવાને માટે તમારા પર કેસ કરવો છે. અને તમે જે માણસને પકડ્યો છે, તે માણસને મારે અત્યારે ને અત્યારે મારી ઘોડાગાડીમાં બેસાડીને દવાખાને લઈ જવો છે અને તેનાં મારનાં નિશાનને મારે દાક્તર પાસે તપાસાવવાં છે.’

## લેખકનો સંકલ્પ

આ સાંભળીને હાજર રહેલા જે બેત્રાણ પોલીસ અને જમાદાર હતા, તે ગભરાયા હશે એમ હું માનું છું, કેમ કે તે

પછીથી મારા બાપને તેમણે છોડી મૂક્યા, પરંતુ આ પ્રસંગે મને એકદમ ચોંકીને વિચારતો કરી મૂક્યો કે ગરીબને આ સંસારમાં સૌ કોઈ હડધૂત કરે છે, અપમાનિત કરે છે અને તેને ગાળો પણ દે છે, પરંતુ આપણે ગરીબ હોવા છતાં આપણી અવહેલના કરવાની કોઈને વૃત્તિ જ ના થઈ શકે એવી સ્થિતિ પેદા કરવાને માટે મારે શું કરવું જોઈએ ? આવી ઉત્કટ પ્રકારની તે વેળા લાગણી જાગી. વિચાર કરતાં કરતાં સમજાયું કે અમારા તાલુકાના મામલતદાર સાહેબને ગામમાં પ્રતિષ્ઠિતમાં પ્રતિષ્ઠિત ગણાતા નાગરિક પણ સલામ ભરે છે, તો મારે પણ તેવા થવું. તેવા થવાને માટે આગળ ખૂબ ભણવું જોઈએ, એટલે આ કારણથી મને ભણવાની ખરેખરી તત્પરતા જાગી હતી. એવી ભણવાની તત્પરતાયુક્ત તાલાવેલી અને ગરજ પ્રગટેલી હોવાથી જ્યાં જ્યાં એવી સગવડ પ્રભુકૃપાથી મળ્યા કરી, ત્યાં ત્યાં જઈ કરી, રહી કરી, જે જે માણસોનો ત્યાં સમાગમ થયો તેમને તેમને રીઝવવાનો એકમાત્ર પ્રયત્ન કર્યા કરતો હતો અને તે તે કુટુંબનાં બધાં જ માનવીઓનો સદ્ભાવ સંપાદન કરી શકતો હતો.

### ઝડપી અભ્યાસ

તે જ કારણને લઈને નવીસવી નીકળેલી કાલોલની ઍંગ્લોવર્નાક્યુલર મિડલ સ્કૂલના હેડમાસ્તર સાહેબે ૧ થી ૪ ધોરણ સુધીનો અભ્યાસ મને દોઢ વર્ષમાં કરાવી દીધો હતો, તે પણ એક ખરેખરી હકીકત છે. દિલમાં જ્યારે જે પરત્વેની તાલાવેલીયુક્ત મહત્ત્વાકાંક્ષા પ્રગટે છે, ત્યારે તે પરત્વેની અનુકૂળતા પણ પ્રભુકૃપાથી પ્રગટી જતી હોય છે. આગળ

ભણવામાં પણ એ જ રીતે સરળતા પ્રાપ્ત થઈ. ત્યાં પણ કેટલા બધા જીવો રહેતા હતા ! તે બધાંનું પણ દિલ મેળવી લેવાનું ભગવાનની કૃપાથી આ જીવે કર્યા કર્યું હતું. બધાંનો સદ્ભાવ અને પ્રેમભાવ મેળવી શકાય તો જ મારાથી આ ભણવાનું કામ તેમની મદદથી બની શકે, એવું લાગવાથી તેમનો તેમનો સદ્ભાવ મેળવવાનો લાગ કદી પણ ચૂક્તો નહિ. જુદા જુદા સ્વભાવના અનેક પ્રકારના જીવો સાથે પ્રભુકૃપાથી આ જીવે એકમાત્ર સદ્ભાવ જ કેળવ્યો છે. મળેલા પ્રત્યેક સંબંધી સાથે સદ્ભાવ જાળવી શકાય છે અને તે થઈ શકે એમ છે એનું હું તમારી પાસે પ્રભુકૃપાથી જીવતુંજાગતું દૃષ્ટાંત છું. થયા કરેલા અન્યાયને કદી મેં સંઘર્યા નથી કે તેને યાદ પણ કર્યા નથી. મારે તો મારું પોતાનું જ કામ જોયા કરવાનું હતું. મારું ભણવાનું કામ જેમ સારી રીતે ફળી શકે તેવી ભૂમિકા રચ્યા કરવાની સાધનામાં જ તે કાળે પ્રવર્તમાન થવાનું બન્યા જતું.

## સદ્ભાવ જ રાખો

એટલે મારી તમને વિનંતી છે, કે તમે પણ સંસાર-વહેવારમાં બધાંની સાથે સદ્ભાવની ભૂમિકા કેળવ્યા કરો. એથી કરીને લાભ આપણને પોતાને છે. સંસારમાં મળેલાંઓની સાથે સુમેળ, સદ્ભાવ, પ્રેમભાવ, સહાનુભૂતિ વગેરે વગેરે કેળવ્યા કરવાનું રાખીશું, તો મનની શાંતિ, પ્રસન્નતા ટકવામાં અને તે તે ભાવનાને પ્રજ્વલિત કરવામાં સંસારમાં ઉપર પ્રમાણે આચરવાની રીત આપણને ઘણી મદદકર્તા નીવડે છે, એવો મારો પ્રત્યક્ષ અનુભવ છે. 'બધાંની સાથે તે વળી એકધારું એમ સુમેળથી અને સદ્ભાવથી કેમ વર્તી શકાય ?' એમ કોઈ

પૂછે, તો ત્યારે આપણે જાણી લેવું કે તેનામાં સાચી, તત્પરતાયુક્ત ગરજ પ્રગટેલી નથી. સંસારવહેવારના કામકાજમાં પણ લગ્નાદિક પ્રસંગે કોઈક સગું વિમુખ થયેલું હોય છે, અને ત્યારે તેને લગ્ન પ્રસંગે હાજર રાખવાની આપણને ગરજ લાગે છે, તો તેને 'યેન કેન પ્રકારેણ' સમજાવી સમજાવીને, પગે પડીને પણ, આપણે તેને મનાવીને આપણે ત્યાં લાવીએ છીએ. તેવી રીતે જ્યારે આપણને સંસાર-વહેવારમાં મળેલા જીવોની સાથે સદ્ભાવ, સુમેળ, સહાનુભૂતિ વગેરે વગેરે કેળવવાની કળા પ્રાપ્ત કરવાની ગરજ જાગે, ત્યારે આપણે તેમ જરૂર કરી શકીએ. અને તેથી કરીને આપણાં મનાદિકરણને જે શાંતિ, પ્રસન્નતા પ્રગટે છે, તે સાધનાની ભાવનામાં મદદ કરે છે. એવી રીતે સમજી સમજીને વર્તવાનું થતાં થતાં આપણામાં એક પ્રકારનું આંતરિક બળ પણ જાગતું અને તેજસ્વિત થતું અનુભવી શકાય છે. તેવી શક્તિ સાધનાની ભાવનાની નિરંતરતા પ્રગટાવવામાં આપણને ખરેખરી ઉપયોગની નીવડે છે. આપણે જે જે કંઈ કરીએ તે સાધનાના હેતુનું જ્ઞાનભાન રાખીને કરીએ, તો જ તે તે બધું જીવન-વિકાસનાં ક્ષેત્રને ઉપયોગી નીવડી શકે.

## ગરજ અને તાલાવેલી

આપણે કોઈક એક રીતે ભાન રાખવાનું છે એવું નથી. આપણે અનેક રીતે, જીવનનાં બધાંય પાસાંમાં જીવનની સાધનાનું ભાન પ્રગટાવ્યા કરવાનું છે, પરંતુ તે પ્રગટેલું કે પ્રગટતું કોઈ સ્વજનના દિલમાં હું અનુભવી શકતો નથી, કારણ કે ખરેખરી, સાધનાયુક્ત તત્પરતાયુક્ત તાલાવેલી અને

ગરજ કોઈનામાં પ્રગટેલી અનુભવતો નથી. ‘તો પછી આ બધાં મળ્યાં કેમ ?’ એમ તમે પૂછો, તો મારો તેનો જવાબ એ છે, કે તેવા પ્રકારની તે તે કાળની કોઈ આવેશની ભૂમિકામાં તમે આવી ચડેલાં હતાં અને હજી પણ જો તમારું આ માર્ગે જવાનું દિલ પ્રગટેલું ના હોય, તોપણ તે ક્ષેત્રના સાધનના અભ્યાસમાં મચેલા રહેવાનું કર્યા કરો. જે તેમાં ને તેમાં કોઈ ને કોઈ રીતે મચેલો અને વળગેલો રહ્યા કરે છે, તે આજ નહિ તો કાલ પ્રભુકૃપાથી ફાવી શકવાનો છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૯-૩-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

આધાર એક જગમાં પ્રભુ ! તું જ મારે,
છે પેલી પાર જવું તારી કૃપા હલેસે,
ના એકલા મુજથી કામ કંઈ સધાશે,
માટે મને મદદ તું કરતો રહેજે.

* * *

વિશ્વાસ ને હૃદય તારી પરેની શ્રદ્ધા,
એકાગ્રતા કંઈક ચિત્તની તેથી જામે,
સંતોષ ને રસ મળે નવ તેટલાથી,
તો દે મને રસસમુદ્રમહીં ડુબાવી.

* * *

તારા પ્રભુ, ડરતણો ઉર અગ્નિ ભારે,
ચેતાવતો હરનિશે મુજને રહે તે,

આડી કદી અવળી દૃષ્ટિ હુંથી થતી જો,
હું આંખ લાલ તુજ જોઈ ફરું છું પાછો.

*    *    *

તારા પ્રભુ ! હુકમને વશ ર્હેવું મારે,
તારા પ્રતિ ઉરથી નમ્ર રહેવું ભાવે,
ઈચ્છા હશે તુજ પ્રભુ ! જ્યમ તે પ્રમાણે,
હું તો મથીશ ભરવા ડગ, તું કૃપા દે.

*    *    *

આંખે તું અંજન કૃપાતણું આંજ એવું,
આસક્ત કો વિષયમાં રહું ના કદી હું,
જાદુ કરી જ પ્રભુ ! ભેળવી દે મને તું,
કે જોઈ ના શકું બીજાં પ્રભુ ! તું વિના હું.

**કઠણાઈ**

સંસારવહેવારની કઠણાઈને સાચી ભાવનાથી કૃપા કરીને ઓળખવાનું કરજો. જીવનમાં જીવનને ઉચ્ચતર ગતિમાં પ્રગટાવવાને માટે કઠણાઈની જરૂર છે. હથિયારની ધારને તેજ કરવાને માટે તેને કઠણ પથરી પર ઘસવું પડે છે, તે તો જાણીતી હકીકત છે. સંસારવહેવારની તેવી કઠણાઈ અથવા તો સાધનાના માર્ગની તેવા પ્રકારની કઠણાઈ જીવનને વધારે તેજસ્વિતપણે પ્રગટાવવાને માટે શ્રીભગવાનની કૃપાપ્રસાદી છે, એવું લેખવાની સદ્ભાવના કૃપા કરીને કેળવ્યા કરવાનું રાખજો. આ જીવે અનેક પ્રકારની કઠણાઈઓને પ્રેમથી ભોગવી છે. તે પ્રેમથી ભોગવીએ છીએ ત્યારે જ તેનું સાચું હાર્દ પામી શકાય છે. કઠણાઈઓ પણ એક પ્રકારની હોતી નથી. પ્રસંગે પ્રસંગે

અને સ્થિતિએ સ્થિતિએ તેનાં સ્વરૂપ પણ બદલાતાં હોય છે. કઠણાઈ તે કઠણાઈ નથી, જો તેનો સાધન તરીકે જ્ઞાનભક્તિભાવે ઉપયોગ થઈ શકતો હોય તો. કઠણાઈ તો ઊંડામાં ઊંડું પ્રવેશવાની ગતિ થવાને માટે છે.

## મનને વાળો

સાધનાનાં કર્મની ભાવના સાધનાનો અભ્યાસ કરતા હોઈએ તેવા સમયે જ રાખવાની છે, એવું કશું નથી. તેવી ભાવના તો જે કંઈ કર્યા કરતા હોઈએ તેમાં પ્રગટાવવાની છે. સંસારનાં જેમ અનેક પ્રકારનાં પાસાં છે, તેમ જીવનનાં પણ છે. કોઈ પણ જીવનું કંઈ પણ કશું એકધારું સરળપણે જે તે બધું થયા કરતું હોતું નથી. અને મનનું ધાર્યું તો આપણે ઘણું ઘણું કર્યા કર્યું છે. ત્યારે કેટલાય જીવોને આપણે અવગણ્યા છે. મનને જે જે કંઈ ગમે તે કરવામાં આપણી ગતિ થઈ શકતી હોય છે, તેનો આપણને અનુભવ છે. તે પરથી આપણને સમજાય છે, કે સાધનાની ભાવનામાં પ્રવર્તવાનું જો આપણા મનને સાનુકૂળ થઈ જાય અને તે તેને ગમે, તો જરૂર તેમાં ગતિ પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ. તેથી આપણે મનને વારંવાર તેની તે બાબતમાં ટકોરવું, સંકેલવું અને સંકોરવું. મનને તેવા પ્રકારની ભાવનાના ચંક્રમણની પ્રક્રિયામાં જીવતુંજાગતું રાખ્યા જ કરવું. મનને જેવી જેવી અને જેની જેની સંગતિ કરાવ્યા કરીશું, તે તે પ્રમાણે આજ નહિ તો આવતી કાલે તેનો પાસ તેને બેસવાનો જ છે, તે નક્કી જાણશો. આખરે તો જેમ પરિચયનો પણ પાસ લાગે છે, તેમ સતત એકધારા અભ્યાસનો

પણ પાસ લાગ્યા વિના રહી શકવાનો નથી. શરૂશરૂમાં અભ્યાસમાં મન ના લાગે, તે સ્વાભાવિક છે, પરંતુ તેનું કારણ આપણે મનને સાચી રીતે સમજાવી શક્યાં નથી તે છે. આ માર્ગમાં મનાદિકરણને સાધનાના માર્ગની ભાવનામાં કેળવ્યા કરવાનું કામ આપણે એકધારું કર્યા કરવાનું છે, તે પણ લક્ષમાં રાખવાનું છે.

## 'મનને' અને 'તુજ ચરણે'

પ્રભુકૃપાથી આ જીવે તેમ કરેલું છે, અને તેમાંથી **'મનને'**ની ઉત્પત્તિ થયેલી છે. વળી, મારે જે ધ્યેયને પ્રાપ્ત કરવું હતું, તે ધ્યેયની ભાવના આઠે પહોર સન્મુખ રહી શકે તો ઉત્તમ, તેવી ભાવના પ્રગટેલી રહેતી. પ્રાર્થના પણ થઈ શકે, કયાં કયાં સાધનો વડે કરીને તે તત્ત્વ પ્રાપ્ત થઈ શકે, અને તે કેવું કેવું હોઈ શકે તેની પણ ભાવના દિલમાં પ્રગટ્યા કરે, અને તેની પાછી પ્રાર્થના થયા કરે, અને તે પ્રાર્થનામાં મારે શું માગવાનું છે તે પણ આવી જાય, એવા પ્રકારની એક સળંગ જીવંત ભાવના રોજ પ્રગટ્યા કરે એવી મારા હૃદયની ભાવનાના અરીસા જેવી ધારણા **'તુજ ચરણે'**માં પ્રભુકૃપાથી વ્યક્ત થયેલી છે. એમાં એની પ્રાર્થનાનો ભાવ છે. એ કયાં કયાં અને કેવાં કેવાં સાધનોથી પ્રાપ્ત થઈ શકે તેનું તેનું પણ બયાન છે. ચેતનમાં નિષ્ઠા પામેલું, વિકાસ પામતું જતું અને એના પ્રસાદને પામેલું જીવન કેવું હોઈ શકે તેની પણ હકીકતો તેમાં છે અને અંતે મારે એની કને શું માગવાનું છે, તેની પણ પ્રાર્થના છે. એ પ્રાર્થના એવા પ્રકારની પ્રભુકૃપાથી પ્રગટી છે

કે તેથી કરીને ધ્યેયની સન્મુખતા સદાકાળ મને ટક્યા કરતી. વળી, તે પ્રાર્થનાએ મારા જીવનનું એક મોટું કાર્ય પણ સાધેલું છે. ઘણા નાનપણના કાળમાં મને હિમાલયનાં બહુ સ્વપ્નાં આવ્યાં કરતાં. હિમાલયમાં જવાની વારંવાર પ્રેરણા ત્યારે જાગ્યા કરતી. એટલું જ નહિ પણ સાધનાકાળમાં પણ એવું થયા કરતું હતું. ગુરુમહારાજે સદ્ભાવના પ્રગટાવી કે તે **'તુજ ચરણે'**ની પ્રાર્થનાને મારે છપાવવી અને તેમાંથી જે રકમ મળે તે વડે હિમાલયની યાત્રા કરવી. ૧૯૨૩ની સાલમાં તે છપાવવાને માટે માત્ર નાનકડી રકમ જ જોઈતી હતી, પરંતુ તેટલી રકમ પણ મેળવવી મારે માટે બહુ દોહ્યલી હતી. તે છાપવાની રકમ મારી પ્રથમ આધ્યાત્મિક માએ મને આપી હતી. પ્રભુકૃપાથી તે **'તુજ ચરણે'** વેચવાની ઝુંબેશ તો કરી ન હતી. તેમાંથી મને રૂ. ૪૩૭-૧૪-૦ની રકમ મળી શકી, અને સંજોગ મળતાં તેથી હિમાલયની યાત્રા પણ પ્રભુકૃપાથી કરી શક્યો હતો. તેથી જ **'તુજ ચરણે'**માં છેવટે લખ્યું છે કે :-

પાસે ન કૈં ધન છતાં શિશુકાળથી જ્યાં,
સેવ્યાં હતાં જીવન સ્વપ્ન ઊંડાં જવા ત્યાં,

જેણે મને સરળતા કરી આપી કેવી !
આ પ્રાર્થના પ્રભુ નિમિત્ત બની મને શી !

યાત્રા હિમાલયતણી મુજને કરાવી,
દીધો ઉકેલ દુ:ખનો મુજને બતાવી,

ને ગૂઢ શું જીવન હાર્દ મને જણાવ્યું !
એવું નિમિત્ત પ્રભુદત્ત સ્તવી હું થાકું.

## ભાવનામાં સદાય પ્રવૃત્તિ

આમ, જીવનની સાધનાની ભાવના કોઈ ને કોઈ રીતે સતેજ બન્યા કરે, તે પ્રમાણે આપણે વર્તવાનું છે. તેના સતેજ થવાપણામાં આપણે આહુતિઓ આપ્યા જ કરવાની છે. પ્રાર્થના કરતાં કરતાં, સ્મરણ કરતાં કરતાં, મળેલાં કર્મમાં ભાવના પ્રગટાવતાં પ્રગટાવતાં અને આ રીતે વર્તન કરતાં કરતાં ભાવના સતેજ થતી રહે છે, તે તમે તેવી રીતે વર્તન કરતાં કરતાં જરૂર અનુભવી શકશો. વર્તતાં વર્તતાં સમજાય છે. જે કોઈ એવી ભાવનાથી વર્તતું જ ના હોય, તે તો તે ને તે ઠેકાણે રહેવાનું છે, અને તેવું કોઈ ખાલી બૂમબરાડા પાડે તેનો કશો અર્થ નથી. ચાલતા બળદને કોઈ આર ભોંકતું નથી. ગધેડાને વારંવાર ડફણાં પડતાં આપણે જાતે નિહાળીએ છીએ, કારણ કે તેની પ્રકૃતિ તેવા પ્રકારની છે. માટે, કૃપા કરીને પ્રકૃતિ અને સ્વભાવને સમજી સમજીને તેનાથી ઉપરવટ થવાને ચેતનયુક્ત જાગ્રતિથી પ્રવર્તવાનું કરજો. એક ડગલું પણ આગળની ગતિમાં જે સાચી રીતે ભરે છે, તેની આગળ બીજું ડગલું દર્શન દે છે, એવો અનુભવ અનેકનો છે. ખરેખરી ભાવનાથી આપણે જો એક ડગલું ભરીએ છીએ, તો તે એક ડગલું ભરવામાંથી આપણને બળ મળી શકતું આપણે અનુભવીએ છીએ. આપણે તો હજુ એક પણ ડગલું ભરવું નથી અને બૂમબરાડા ખાલી ખાલી પાડવા છે, તેનો શો અર્થ ? અલ્યા ભાઈ ! કંઈક તો કરી બતાવો!

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧-૪-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારા વિના તુજથી શું કંઈ બીજું માગું ?
તેથી તું માટ દિલમાં તલસ્યા કરું છું,
હૈયે ઉચાટ વળી નિત્ય કર્યા કરું છું,
શ્રદ્ધા, હૃદે ફળવશે મુજ વાંછના તું.

* * *

મારી તૃષા હૃદયની હું છિપાવવાને,
માગું કૃપાજળ, પ્રભુ ! તુજ પાસ, દેજે,
સંતોષશે નવ કદી પ્રભુ ! જો મને તું,
કેવી રીતે જીવી શકું પળ એક રે ! હું ?

* * *

નિશ્ચે પૂરું પતવીને મન મારું, હું તો,
તારા પ્રભુ ! પ્રણયની પકડીશ રાહ,
કે ના ફરીથી ડગ પાછું ભરી શકે તે,
તો તેટલો વધુ મને ઉર દે તું ચાહ.

* * *

સંસાર આ ગહનથી જગદીશ ! રક્ષ,
ને કામ, ક્રોધ, મદ, મત્સર, મોહ ભક્ષ,
મારું વળી સમૂળગું અભિમાન ટાળ,
ને પાઈ દૂધ પ્રભુ ! તારી કૃપાનું પાળ.

* * *

આનંદ જ્યાં સુધી મને તુજ ના મળ્યો છે,
મારો પ્રભુ ! તહીં સુધી તલસાટ ર્‌હેશે,

કંટાળશે જ વખતે મુજથી પ્રભુ ! તું,
બીજું કરી શકું શું હું ? મુજ માગ્યું દે તું.

* * *

આ અંધકાર ઉર વ્યાપી રહેલ મારે,
તેને પ્રભુ ! દૂર કરી તુજ તેજ દેજે,
એ સત્પ્રયાસ કરવા વળી સાહસે, તે
શ્રદ્ધા અનન્ય તુજ શક્તિ અમોઘ દેજે.

## આત્મવિશ્વાસ

આપણે જે કંઈક કરવું છે, અને કરવાની દશામાં થોડુંક પણ સાચેસાચી રીતે ભાવનાભર્યા ઉત્સાહથી વર્તવાનું કરી શક્યાં, તો તેવા થયેલાં કર્મમાંથી નવું બળ પ્રાપ્ત થવાનું છે. અને એક પ્રકારનો આત્મવિશ્વાસ પણ જરૂર પ્રગટવાનો છે. પોતાના દિલનો આત્મવિશ્વાસ એ ભારેમાં ભારે કામ કરી શકે છે. એવો આત્મવિશ્વાસ સાધનાના માર્ગમાં ઘણો ઘણો જરૂરનો છે.

## હિસ્ટીરિયાનાં કારણો

તમે જાણો છો કે આ જીવના શરીરને હિસ્ટીરિયાનો રોગ લાગુ પડ્યો હતો. તેવો રોગ જે કોઈ બહુ લાગણીવાળું હોય, કે કોઈ આઘાત પ્રત્યાઘાતથી એકદમ ચણચણ થઈને છંછેડાઈ પડતું હોય, જેને જરાતરામાં બહુ જ ઉત્કટપણે લાગી આવતું હોય એવી પ્રકૃતિવાળો જીવ તેનો ભોગ થઈ પડે છે. એટલે આ જીવના શરીરને તેવો રોગ લાગુ પડેલો, તેથી તેનાં પ્રકૃતિ અને સ્વભાવ તેવાં જ હશે એમ આપોઆપ પુરવાર થાય છે. તેવો રોગ થવાનાં પૂર્વકારણો પણ ઘણાં હોય. મારા મોટા ભાઈનું શરીર ક્ષયના રોગથી ભારે હેરાનગતિ ભોગવતું હતું.

અને મારી આર્થિક સ્થિતિ તો એટલી બધી તંગ હતી કે તેમના શરીરની દવા કરાવવાને માટે મારે દેવું કરવું પડ્યું હતું. હું પોતે મારી મેળે તો દેવું કરીને કંઈ પણ કશું ના કરું અને દેવું ના કરવું પડે એમ વર્તવાનું વધારે પસંદ કરું, પરંતુ મારી બા અને મોટા ભાઈ બંને મને એવાં તો મહેણાંટોણાં મારે કે જેથી તેમને મારા ભાઈની સારવાર કરવામાં મારી તેમના જેટલી તત્પરતા છે અને સાધનના અભાવે તેમ કરી શકતો નથી, એમ તે બાબતમાં તે બંનેને બહુ સમજાવ્યાં, તોપણ તે બંને તો મને 'કંજૂસ'ના નામથી જ બિરદાવતાં. તેમના શરીરનો રોગ મટાડવાને કારણે ફર્સ્ટ ક્લાસની મુસાફરી કરાવીને ભાવનગર પણ તેમને લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાં મારા મોટા ભાઈ મારાથી છાનામાના મારા જે જે સંબંધીઓ હતાં, તેમને કાગળો લખીને પૈસા મંગાવતા. તેની મને બહુ વાર પછી ખબર પડી. આ બધું મારે ભરપાઈ કરવાનું હતું. વળી, તેમાંની કેટલીક રકમ તો સગાંવહાલાં પાસેથી પણ લેવામાં આવી હતી.

### ગરીબાઈ છતાં સેવાનું કઠણ વ્રત

ભાઈનું શરીર તો ગયું, પરંતુ માથે આ દેવું ઊભું રહ્યું. અને તે ભરવું કઈ રીતે ? તે સમયે ગૂજરાત હરિજન સેવક સંઘની સેવામાં આ જીવ હતો. જ્યારથી સેવાનું વ્રત લીધું હતું, ત્યારથી સેવા સિવાય બીજા કશા કર્મને સ્વીકારવું નહિ એવો તો દૃઢ મરણિયો નિશ્ચય હતો. તેવું વ્રત લેવાનું કારણ એ, કે ગરીબાઈ એટલી બધી હતી કે મારી બા તથા મારાં મોટાં ભાભીને પણ બીજું કામ કરવું પડતું. તેઓ પોતાના ફાજલ સમયમાં તેવું કામ કરે, તે બધાંને માટે અને તેમને

માટે પણ ઈષ્ટ હતું, પરંતુ મારી બાને એમ થતું કે દીકરો આટલું બધું ભણ્યો અને સારા ઓળખાણના સંબંધો છે અને લાગવગ છે અને તે બધાં દીકરાને ઠેકાણે પાડવાને માટે પ્રયત્ન કરવાને ઊલટાં રાજી થાય તેમ છે, છતાં તે કોઈ સારી નોકરી લેતો નથી ! ઠેકાણે પડી શકાય તેવી પૂરેપૂરી શક્યતા હતી જ, તેમ છતાં મારી તે બાબતમાં મુદ્દલે ઈચ્છા હતી નહિ અને થતી પણ નહિ, પરંતુ ઘણી વાર મારી બા આર્થિક તંગીની ભીંસને લીધે મને મહેણાંટોણાં મારે અને ગરીબાઈની ઉત્કટ લાગણીથી પ્રેરાઈને કદાચ પૈસા કમાવાની વૃત્તિ ઊપજે તો તેનાથી કરીને તણાઈ જવાનું ના બને એટલા માટે સમજી કરીને મેં હાથમાં ગંગાજળ લઈને એકમાત્ર દેશની સેવા જ કરવાનું વ્રત લીધું હતું. એવું વ્રત લીધાંથી મને કદી પણ મનમાં અસંતોષ થયો નથી કે ચણચણાટી થઈ નથી, પરંતુ આવી આર્થિક તંગીને લીધે ભાઈના શરીરના રોગને માટે કરેલી દવાનું દેવું કેમ કરીને ફીટી શકશે, તેના વિચાર એટલા બધા મને વારંવાર ઉત્કટ સંવેદન પ્રગટાવતા કે ક્યાંય મને ચેન પડતું ન હતું ! તે ઋણ ફેડવાનો કોઈ માર્ગ મારે માટે ઉઘાડો હતો જ નહિ. એટલે તેવા વારંવાર ઊઠતા વિચારની ધોંસ એટલી બધી કેટલીક વાર તો પ્રગટતી કે તેથી વિહ્‌વળ થઈ જવાતું. તેની સાથે માનસિક એવાં બીજાં પણ કારણો જીવનમાં પ્રગટ્યાં હતાં. એક બાજુથી ગરીબાઈની તંગી અને બીજી બાજુથી દેવું ભરપાઈ કરવાની તાલાવેલી ઘણી હોવા છતાં તે ભરપાઈ કરવાની અશક્યતા. આમાંથી એક એવા પ્રકારનું ઘમસાણ પ્રગટ્યું, કે તે ઘમસાણની અસર શરીર પર પણ થઈ. તેનાથી હિસ્ટીરિયાનો રોગ શરીરને લાગુ પડ્યો.

## લેખકની હરિજનસેવા

ત્યારે આ જીવ શ્રી ઇંદુલાલભાઈ યાજ્ઞિકની સાથે હરિજન સેવક સંઘનું (તે વખતના અંત્યજ સેવા મંડળનું) જવાબદારીભર્યું કામ સંભાળતો હતો અને કરતો હતો. ગૂજરાતની તે વખતની નીકળેલી બધી હરિજન સંસ્થાઓને દર માસે નાણાં મોકલવાં, તેનો હિસાબ રાખવો, બધી તેવી સંસ્થાઓ સાથે પત્રવહેવાર કરવો અને રાખવો, અને નડિયાદમાં સ્થપાયેલા હરિજન આશ્રમની વ્યવસ્થા તથા તે અંગેનું બધું કામકાજ કરવાનું અને આ ઉપરાંત, નડિયાદમાંની ગૂજરાત વિદ્યાપીઠે સ્થાપેલી હરિજન શાળાનું કામ પણ મારે ભાગે આવેલું હતું. હાલ જેમ આશ્રમોની વ્યવસ્થા ચાલે છે, તેવી રીતે ત્યારે તેના વ્યવસ્થાપકને કામ કરવાનું ન હતું. તે વખતની કામગીરી બહુ ભારે હતી. ગૂજરાતનાં બધાં સ્થળોએથી ત્યાં વિદ્યાર્થીઓ આવતા અને તે બધાં નાનાં નાનાં છોકરાઓને હજી તો કેમ રહેવું, કેમ વર્તવું તથા સ્વચ્છતા કેમ જાળવવી તે વિશેના કંઈ કશા સંસ્કારની પરિપાટી ચાલુ તો થયેલી હતી જ નહિ. પાણી પણ જાતે ભરવાનું અને રાંધવાનું પણ જાતે. ભાઈ પરીક્ષિતલાલ હજી ત્યારે તેમાં જોડાયા ન હતા. આવાં બધાં કામની પણ ભારે જવાબદારી અને કામ પણ સખત. તેને લીધે પણ માનસિક ખેંચ પ્રગટતી. તે કાળમાં જાહેર કૂવેથી છડેચોક હરિજન બાળકોને હાથે પાણી ભરાવવાનું થવું કે કરવું એ પણ એક મુસીબતનું કામ હતું. મિશન હૉસ્પિટલથી દોઢેક ફર્લાંગ ડભાણને રસ્તે આ હરિજન આશ્રમ હતો. અને ત્યાંથી પણ અર્ધાએક ફર્લાંગ દૂર રામ

તલાવડી પર એક હિંદુઓનો જાહેર કૂવો હતો. ત્યાંથી આગળપાછળના બધા ખેડૂતો પાણી ભરી જતા. ખ્રિસ્તી ભાઈઓ માટે તો એક અલાયદો કૂવો ખ્રિસ્તી ભાઈઓએ બંધાવ્યો હતો, પરંતુ ભગવાનની કૃપાથી અમે તો સાહસ કરીને તે હિંદુઓના કૂવે જ પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. ખેડૂતો અમને ઘણી વાર તે કૂવેથી પાણી ભરવાને માટે માર મારવાની ખૂબ ધમકી આપતા અને કોઈ કોઈ વાર તો તેવા પ્રસંગ પણ ઊભા થઈ જતા, તોપણ સાહસ, હિંમત રાખીને તે કૂવેથી પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. સને ૧૯૨૨-'૨૩માં હરિજનો માટે હિંદુ સમાજમાં આજના કરતાં ઘણી વધારે ઉત્કટ સૂગ હતી. તેથી આ ખેડૂત ભાઈઓ આશ્રમનાં બાળકોને કંઈક કશું કરી બેસે એવી પૂરી શક્યતા હતી. તેમની ધમકીની વારંવાર છૂટતી બુમરાણથી 'બાળકોને કંઈ કશું થશે તો શું ?' એવું પણ ત્યારે સતત લાગ્યા કરતું. વળી, આ ઉપરાંત, જાહેર તળાવમાં પણ ખુલ્લી રીતે હરિજનોનાં બાળકો છે તેમ જાહેરપણે હકીકત જણાવીને વિદ્યાર્થીઓને ત્યાં નવરાવવાનું થતું. નડિયાદના બાગ આગળ જે તળાવ છે, ત્યાં એકધારું જમીનમાંથી ઊનું પાણી નીકળીને નાના ધોધના પ્રવાહરૂપે તળાવમાં પડ્યા કરે છે. ત્યાં બધા વિદ્યાર્થીઓની સ્નાનવિધિ રોજ પતાવવાનું થતું, એટલે ત્યાં પણ હિંદુભાઈઓની સાથે રોજ ભારે બોલાચાલી થયા કરતી.

## ભગવાને જ બચાવ્યા

આની પણ એક પ્રકારની ભારે ખેંચ પડતી. માનસિક ખેંચના અને તાણના આવા પ્રસંગોથી કરીને પણ આ શરીરને

હિસ્ટીરિયાનો રોગ લાગુ પડ્યો હતો. જતાં આવતાં કેટલીયે વાર સાઈકલ પરથી ભારે પછાડ ખાઈને પડી જવાનું બનતું. કેટલીયે વાર સંસ્થાનું નાણું ગજવામાં હોવા છતાં પ્રભુકૃપાથી જે બચી જવાયું છે, તે માટે તે વેળાએ તો ભગવાનનો આભાર માની શકવાનું દિલ પ્રેમભક્તિભરેલું જાગી ગયેલું ન હતું, પરંતુ આજે હવે મને સ્પષ્ટ રીતે તે દીવા જેવું સમજાય છે, કે તે હજાર હાથવાળો અને હજાર આંખવાળો સમર્થ ધણી મારી બધા પ્રકારે ત્યારે પણ સંભાળ રાખ્યા કરતો હતો અને મારું રક્ષણ કર્યા કરતો હતો. એની કૃપાથી હું આત્મવિશ્વાસ પ્રગટાવી આવા સંજોગોમાં પણ મારું વ્રત જાળવી શક્યો હતો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨-૪-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

તારા ગુના પળપળે કરું છું અનેક,
જોયું ન જોયું કરજે તુજ જાણી બાળ,
ક્‌હેવાય ના મુજથી એમ પ્રભુ ! છું મૂર્ખ,
દે યોગ્ય દંડ બબડ્યા વિણ તે સહીશ.

* * *

હું રાંકની ખબર તું પ્રભુ ! નિત્ય લેજે,
મારી બધી જરૂરિયાત પ્રભુ ! તું દેજે,
ને તું વળી મુજ પરે પ્રભુ ! રાજી ર્‌હેજે,
તારું મને તું ચરણામૃત પાન પાજે.

* * *

શું આર્તનાદ મુજ સાંભળતો નથી તું ?
શો દોષ કે અરર ! બાપ ! સતાવતો તું ?

કેવી રીતે તુજ ઉતારી શકું હું રોષ ?
ક્હેવું નિરર્થક તને, મુજ કર્મ દોષ.

* * *

તારી કૃપાથી બનવું નવ શક્ય શું છે ?
ને હોય જો તુજ કૃપા, ભય શો પછી છે ?
માગીય માગું તુજથી પ્રભુ ! એટલું હું,
વાંછુ ન કૈં અવર હું, બસ એ જ દે તું.

* * *

જો હાથ ર્‌હે મુજ શિરે તુજ હે પ્રભુ ! તો,
મારા સમો જગત નિર્ભય ના પછી કો,
પાતાળ વ્યોમ કરીને પણ એક, ધાર્યું
તે મેળવ્યા વિણ કદીય રહીશ ના હું.

* * *

શેક્યોય પાપડ નહિ મુજથી ભગાશે,
એવા હું નિર્બળ થકી પ્રભુ ! શું સધાશે ?
તારે કરાવવું હુંથી પ્રભુ ! હોય જે જે,
જો કૈં તને પડી જ હોય, કરાવજે તે.

## સાચી નિર્બળતા

ઉપર 'નિર્બળ' શબ્દ લખેલો છે. વળી, 'નિર્બળ કે બળ રામ' એમ પણ ભક્તશિરોમણિ સુરદાસે ગાયું છે. અહીં 'નિર્બળ'નો અર્થ કાયર નહિ, કે આપણે જે રીતે 'બળ વગરનો' સમજીએ છીએ તેયે નહિ. સાચેસાચી રીતે પ્રગટેલો 'નિર્બળ' પુરુષ જબરજસ્ત પરાક્રમી વીર છે. જે સંપૂર્ણપણે નિરાગ્રહી, નિર્મોહી, નિર્લોભી, નિષ્કામી, નિરહંકારી વગેરે

વગેરે પ્રભુકૃપાથી પ્રગટેલો છે અને જેનો એકમાત્ર સર્વ રીતે અને સર્વ ભાવે મારા વહાલા શ્રીભગવાનની ઉપર જ આધાર પ્રગટેલો છે, તે જ સાચી રીતે 'નિર્બળ' છે અને 'નિર્બળ' તે અર્થમાં લખેલું છે.

### બે પ્રકારનાં કાવ્યો

સામાન્ય રીતે સાહિત્યિક કવિઓની કાવ્યોની ભાવનાથી સર્જન થયેલું કાવ્ય અને આધ્યાત્મિક સાધનાથી ભાવનામાં ઓતપ્રોત થઈને જેનું જીવન રંગાયેલું છે, તેવાની ભાવનામાંથી પ્રગટેલું કાવ્ય-એ બે પ્રકારનાં કાવ્યોમાં આસમાન જમીનનો ફરક છે. એવી સાહિત્યિક કાવ્યશક્તિ કેટલાકમાં હોય છે, કે કાવ્યકળાની દૃષ્ટિએ તેમાં ભાવ પણ હોય, અલંકાર પણ હોય, શબ્દની પ્રાસાદિકતા પણ હોય, અને ઉત્તમ કાવ્યનાં લક્ષણો વ્યક્ત પણ થતાં હોય. તેવા પ્રકારની કાવ્યની રચનામાં તેમને આનંદ પણ પડતો હોય છે, પરંતુ જીવનની ઉન્નતગામી ભૂમિકાઓ માત્ર આવાં કાવ્યો કરવાની શક્તિથી અનુભવી શકાતી નથી. ખરી રીતે તો તેનાથી આપણાં મનબુદ્ધિ વગેરે કરણો આવા આવા પ્રકારની રમતના આનંદમાં પરોવાવી રખાવશે. એવી સ્થિતિ પણ આવી શકે કે જ્યારે એ પોતાની કલ્પનાથી આધ્યાત્મિક ભાવનાની ઉત્તરોત્તર ચડતી દશા કલ્પાવીને એમાં જ એટલે કે તે કલ્પનામાં જ આપણને ફૂટબૉલની માફક આમ તેમ ફેંક્યા કરાવશે, અને આપણા આધાર ઉપર તેનો કાબૂ એટલો તો જોરદાર રહી શકે છે, કે એ બધાથી સાવધ રહી શકવાની શક્તિ ગુમાવી બેસીએ છીએ, કારણ કે આપણે તો તેવી કાવ્યકળાની સુંદર રચનાના પ્રવાહમાં

અને તેના અદીઠ અને બળવાન આકર્ષણમાં જ તણાયે જતાં હોઈએ છીએ. આપણાં મનબુદ્ધિ તેમાં તરબોળ થઈ જાય છે, આપણને તેમાં સારું સારું તે લગાડ્યા કરે છે. અને એમ પણ મનાવ્યા કરે છે, કે આપણે ઊંચે ઊડીએ છીએ. આપણી ખરેખર તેવી સ્થિતિ છે એમ પણ ત્યારે લાગશે ખરું, પરંતુ ખરી રીતે તો તેવું સાચેસાચ પ્રગટેલું હોતું નથી. કવિનું સમગ્ર જીવન સાધનામય સંપૂર્ણપણે બની ગયેલું હોય છે જ એવું કશું નક્કી ના કહી શકાય. અલબત્ત, કોઈકનું તેવું બનેલું કે બનતું હોઈ શકે છે. જેમણે જેમણે જીવનવિકાસના અર્થે જ અને તેને મહત્ત્વમાં મહત્ત્વનું પદ આપીને જીવનમાં સાધનાને જ જેણે પ્રેમભક્તિભાવે સ્વીકારેલી છે અને તેની ભાવનામાં સળંગ જે જીવતોજાગતો રહે છે, તેનું કાવ્ય તેની સાધનાની ભાવનાને પ્રગટાવતું હોય છે, બાકીનાનું નહિ. તમને મારે આ લખવાનું કારણ તો એ છે, કે મનબુદ્ધિની કલ્પનાશક્તિ ઘણી ભારે હોય છે, એટલે એવી બુદ્ધિથી સર્જાયેલી કલ્પના કે ઊર્મિના તરંગથી પ્રગટેલી ઉડ્ડયનશક્તિ કાવ્ય જરૂર રચી શકે છે, પરંતુ તેવી સાચેસાચી જીવનની સ્થિતિ ના પણ હોય તે તમારા ખ્યાલમાં લાવવાને માટે આ હકીકત મેં તમને જણાવી છે.

### અહમ્‌ભાવ

તમારી કવિતા મળી છે :-

'હું ખોવાઉં તુંમહીં ને ર્‌હે એક જ તું
ને પાછો હુંયે રહું, પૂરો એ મુજ કોડ.'

તમારી તેવી રચનામાં વિરોધાભાસ મને તો લાગે છે. ચેતનની ભાવનાની હકીકતને વેગળી મૂકીએ અને માત્ર એક

પ્રેમની ભાવનાને તેના તત્ત્વનાં લક્ષણની દૃષ્ટિએ વિચારીએ તો તેવા પ્રેમની ભાવનાની દૃષ્ટિએ જોતાં પણ આ કડીમાં 'હું' અને 'તું'ના ભેદના વિલયની હકીકત નજર સમક્ષ તરી આવતી જાય છે. પ્રેમની ભાવનામાં ઉત્કટતા પ્રગટતાં પ્રગટતાં અને તે ભાવનામાં નર્યું તરબોળ થઈ જવાતાં 'હું' અને 'તું' એક બનવાની ભાવના પ્રગટે છે એમ કવિઓ પણ ગાઈ ગયેલા છે, પણ તમે તો 'ને પાછો હુંયે રહું' એવા કોડ પણ સેવવાની વાત લખો છો ! એમાં નર્યું હુંપણું તરી આવે છે, પરંતુ તેની તમને ખબર નહિ પડી હોય. પ્રેમની ભાવનામાં પોતપોતાનું અસ્તિત્વનું એકબીજામાં સહજ રીતે ભેળવી દેવાપણું હોય છે. પ્રેમની ઉત્કટમાં ઉત્કટ ભાવનામાં અને ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકામાં એકતા જ અનુભવાય છે અને એનો સ્વીકાર જ્યાં ત્યાં બધાંએ કરેલો છે. તેમાં 'હું' અને 'તું' નોખા રહીએ તે યોગ્ય નથી.

**ભક્ત અને ભગવાન**

ભક્તિના ઉન્નતમાં ઉન્નત શિખરની ભાવનામાં પણ ભક્ત અને ભગવાન એમ બે ગણાય છે ખરા, પરંતુ તેમાં એક ગૂઢ ભેદ સમજવા જેવો છે. સર્વથી પ્રથમ તો ભક્ત ભગવાનમાં સંપૂર્ણપણે, તેનાં સર્વ મનાદિકરણોથી, મનાદિકરણોમાં, ઓતપ્રોત થઈ જઈને ભગવાનના પ્રેમમાં સંપૂર્ણ લય પામી જતો હોય છે. તેવી વેળાએ ભક્ત તરીકે તે જુદો હોવા છતાં તે તો એટલે કે તેનાં મનાદિકરણો શ્રીભગવાનમાં એક જ થઈ ગયેલાં છે. એટલે આપણે એમ જ ઈચ્છીએ કે આપણે એકબીજામાં સંપૂર્ણ મળી જઈએ અને પ્રેમભાવમાં સંપૂર્ણ ગળી જઈએ અને સાધનાના ભાવથી જ્યારે પણ તેનું યોગ્ય પરિપક્વ

થવાપણું પ્રગટે ત્યારે તેમાંથી જે ઉદ્‌ભવવાનું હોય તે ભલે ઉદ્‌ભવો !

## આપણી ભાવના

'Wordsworth found himself in nature', કવિ વર્ડ્ઝ્વર્થને કુદરતમાં પોતાનું સ્વ-પણું મળ્યું. એટલે એ કવિ કુદરતમાંથી પોતાને મેળવી શક્યો. અથવા કુદરતની સાથે સામ્ય અનુભવતાં અનુભવતાં એનો વિકાસ થયો. એ વિચાર કરતાંયે Shelley lost himself in nature કવિ શેલીએ પોતાનું સંપૂર્ણ સત્ત્વ-આધાર-being પ્રકૃતિમાં (કુદરતમાં) ભેળવી, મેળવી દીધું અને પોતાની જાતને ગુમાવી દીધી, એ ભાવના વધારે શુદ્ધ અને જીવનવિકાસની ભાવનાને વધારે યોગ્ય છે, કેમ કે માનવી પોતાની જાત પૂરેપૂરી જે કશાકમાં ભેળવી દે છે અને તેનામય થઈ જાય છે **અ**ને તેનું એક અંગ માત્ર થઈને પછી રહે છે અને જીવે છે અને એવી શક્યતા જ્યારે સાચેસાચ જીવનની ભાવનાના તેવા તબક્કાની વાસ્તવિકતામાં પ્રગટે છે, ત્યારે તેના આધારમાં તે તત્ત્વ સૌથી વધારે પ્રકાશિત થતું હોય છે. એટલે આપણે એકબીજામાં હળી, ભળી, મળી, ગળી જઈએ અને પ્રેમની ભાવનામાં એક થઈ જઈએ અને પ્રેમસ્વરૂપ જ પ્રગટી જઈએ તેવી અંતરની ભાવના પ્રગટે તો તે ઉત્તમ.

## સોડહમ્

વળી, તમને બીજી એક હકીકત લખું. 'સોડહમ્'નો જે જપ છે તેનો અર્થ પણ વિચારી જોવા જેવો છે. 'તે હું છું' એમાં પણ અભેદ ભાવના પ્રગટેલી છે. ત્યારે તમે તો 'ને પાછો હુંયે રહું પૂરો એ મુજ કોડ' એવું કવિતામાં લખો છો !

*કરાંચી,* *હરિઃૐ તા. ૪-૪-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

શ્રદ્ધા મને જરૂર પાર ઉતારશે તું,
ભારે સમુદ્ર થકી પાર તરાવશે તું,
પોકારતાં કર ગ્રહે દિલ એમ જાણી,
પાડ્યા હું બૂમ કરું, લે તુજ બાળ તાણી.

* * *

ઊંડી વિવેકતણી શક્તિ તું આપ જેથી,
પારે તરાય અવિચાર, વિચાર સૌથી,
મારે તને હૃદય અંતરદૃષ્ટિ વાળી,
છે ખોળવો, કહીં ભળાય ન તારી ઝાંખી.

* * *

જિજ્ઞાસુભાવ ધરી જે ઉર સેવશે કો
સત્સંગને,જરૂર તે ફળ આપશે તો,
શેં કેળવી પ્રભુ ! શકું મુજ દૃષ્ટિ તેવી ?
તારી કૃપા વગર કૈં બનશે ન હુંથી.

* * *

તું પ્રેમભક્તિ ભરી દે અણુયે અણુમાં,
આસક્તિ ર્‌હે હૃદયમાં દુનિયાતણી ના,
જો હોય કૈં તુજ કને પ્રભુ ! માગવાનું,
તો માગું આ, જરૂર દે બસ આટલું તું.

* * *

ક્યારે અકિંચન પૂરું મુજથી થવાશે ?
ક્યારે કશાની મુજને ન જરૂર ર્‌હેશે ?

ક્યારે પ્રભુ ! સહુથી પાર તરી જવાશે ?
ક્યારે હુંથી પ્રભુ ! નચિંત પૂરું થવાશે ?

* * *

આસ્વાદ આંતરિક હું લઈ શેં શકીશ ?
જ્યારે પદ સ્થિર હું વૃત્તિ કરી શકીશ,
નેવાનું પાણી ચડશે જ્યમ મોભ ક્યારે ?
આ તેવું કામ કરવા તું મને કૃપા દે.

* * *

## સાચું સમર્પણ

તમે બે વખત તમારી કવિતામાં તમારું 'સ્થૂળ' બધું આપી દીધાનું લખી જણાવો છો, અને તેમાં ધનનો પણ ઉલ્લેખ કર્યો છે. આપણે ઊર્મિ અને લાગણીમાં તણાઈ જવાનું નથી. આપણી જાતના આપણે ખૂબ કડકમાં કડક પરીક્ષક થવાનું છે.ભૂલેચૂકે પણ આપણાથી આપણા કોઈ કાર્યને જરા પણ વધુ પડતું અંકાઈ જાય નહિ તે તો ખાસ જોવાનું છે. તમારું મન ભલે તમને મનાવે કે એણે ધન વગેરે બધું આપી દીધું છે, પરંતુ મનમાં મનથી ઊંડા ઊતરીને વિચારી શકીએ તો એ આપી દેવા પાછળ કેટલાં reservations અથવા તો તેવી કોઈ શક્યતાઓ કે બીજી કોઈ તેવી વૃત્તિ દિલમાં હતી કે કેમ તે પણ વિચારવું ઘટે. જે કંઈ પણ પૂરેપૂરી નિર્મળ પ્રેમભક્તિથી પ્રેરાયા વિના મનની અમુક્ત દશાથી અને દશામાં અથવા મનમાં અમુક અમુક પ્રકારના વિચારોની દોરવણીથી એટલે કે reservatins રાખીને અપાયેલું હોય તે સાચા અર્થમાં અપાયેલું જ ગણી શકાતું નથી. શ્રીભગવાન તો સો ટચનું સોનું માગે

છે. અને ए તો આપણું તેનામાં સંપૂર્ણ ભળી, મળી, ગળી ગયેલું દિલ માગે છે. આવા સમર્પણના તરંગોના ઊભરા વખતે આપણે મનને ચકાસવું ઘટે છે અને મનને સાચું મૂલ્યાંકન કરવાની કળા શીખવવી ઘટે છે. એને સ્વચ્છંદે ચડાવવાનું નથી. આ જીવ એમ નથી કહેવા માગતો કે જે થયું તેની પાછળ ભાવના ન હતી અને તેની પાછળ ખાલી ખાલી એકમાત્ર તરંગ હતો, પરંતુ મારું કહેવાનું માત્ર એટલું જ છે, કે જેને શુદ્ધમાં શુદ્ધ દિલમાં દિલથી દિલની પ્રેમભક્તિનું સમર્પણ કહેવાય તે તો હતું જ નહિ.

## સદ્ગુરુ સાથેનો સંબંધ

તમને વળી પાછું આવું લખવાથી કંઈક કંઈક ઊભરાઈ આવે અથવા થાય પણ તેથી આ જીવ બીજું કરે પણ શું ? આપણી વચ્ચેનો સંબંધ, જે જે ભ્રમણાઓ અને અહમ્ વગેરેનાં કૂંડાળાંમાં આપણે પડેલાં હોઈએ તેમાંથી મુક્ત કરાવવા માટેનો જ છે. નહિતર તો તે સંબંધનો કશો અર્થ નથી. ખાલી ખાલી તમે આ જીવને બહુમાન આપો અને વાણીથી કે ઊર્મિના ઊભરાથી તેના વિશે તેવું તેવું વ્યક્ત કરો, તેથી આપણો તેવો સંબંધ ફળી શકતો નથી. આ જીવ સાથેના જીવનના સંબંધનો હેતુ તો એ છે, કે તે તે સ્વજન જે માટે પ્રભુકૃપાથી મળ્યાં હોય, તે હેતુની ભાવનાનું જીવનમાં સાતત્ય પ્રગટાવવામાં તેઓ મચેલાં રહ્યા કરે, અને એવા સંબંધનો હેતુ કેમ કરીને ફળે તે જોવાનો છે. તેમાં જ્યાં અને જ્યારે લાગણીને પંપાળવી પડે ત્યાં તેમ કરવાનું હોય અને આઘાતની જરૂર હોય ત્યારે તેમ કરતાં કશો ખટકો આ જીવને હોતો નથી. સ્વાભાવિકપણે

તેવી રીતે વ્યક્ત થવામાં મને કશો વિચાર પણ પ્રગટતો હોતો નથી. આઘાત દેવાથી અને આઘાતને વાણીમાં કે લખાણમાં સખત રીતે ક્રોધની ભાષાથી વ્યક્ત થવાતાં તે તે સ્વજન અથવા તો પાસેના તે વેળા હોય તેવા જીવો મારે માટે શું વિચારશે તે બધું પ્રભુકૃપાથી ખ્યાલમાં હોવાનું બની શકતું નથી. સંબંધનો હેતુ પાર પાડવામાં અમારે તો સકળ પ્રકારની રીતોનો ખપ છે. પ્રભુકૃપાથી વૃત્તિ તે દેખીતી રીતે વૃત્તિ તરીકે લાગતી હોવા છતાં એની પાછળનો જીવતોજાગતો રણકાર દેતો અમારા દિલનો તે રીતે વ્યક્ત થવાનો જે હેતુ છે, તે હેતુનું જ મહત્ત્વ અમારા દિલથી સવિશેષપણે છે.

## સદ્‌ગુરુની 'વૃત્તિ'

વળી, એક સૂક્ષ્મ હકીકતનું રહસ્ય સમજવા જેવું છે. જીવનવિકાસની ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકામાં જીવન પ્રગટી ગયા પછીથી અને તેની આત્યંતિક ભૂમિકામાં પરિણામ પામ્યા પછીથી અને તેવા મુક્તાત્માની 'વૃત્તિ' તે મારા તમારા જેવા જીવદશામાં આમતેમ અફળાયા જતા જીવની વૃત્તિના જેવી વૃત્તિ નથી. એને ખરી રીતે તો 'વૃત્તિ' જ કહી શકાય નહિ.

## સદ્‌ગુરુનું કાર્ય

મારા સદ્‌ગુરુ મહારાજ તો મને શત્રુની જેમ વળગ્યા હતા. અને કેટલીયે વખત કડવી ગોળી પ્રેમથી તેમણે ગળાવી છે. અને કેટલુંયે એવું કરાવ્યું છે, કે જેથી તમે બધાં તો હબકી પણ જાઓ. શ્રીભગવાન કૃપાળુ છે. એ આપણી આંખો અને હૃદય ઉઘાડવાને સદાય જીવંત છે. એના રસ્તા પણ ન્યારા ન્યારા છે. આ જીવને ભાગે પ્રભુકૃપાથી જો તમને પ્રેમથી દુઃખ

જ દેવાનું આવ્યા કરશે તોયે તેમાં પણ એટલા જ આનંદથી ભાગ ભજવ્યા કરવાનો રહેશે, પરંતુ તે દુઃખ તમને દુઃખ તરીકે લાગે છે, પણ તે તો ઘડાવા માટે છે, એ રીતે તેનો સ્વીકાર કરીએ તો દુઃખ, દુઃખ ના લાગે. તેમાં પણ પ્રસન્નતા પ્રગટે. આપણે એક તસુ જેટલા પણ ચસવું નથી અને તેને તો ત્યાંથી આપણને ખસેડવા છે. એક બાજુ આપણે જડસું થઈને પૂરેપૂરાં પડી રહેવું છે અને પેલાને ત્યાંથી ધક્કો મારી મારીને પણ તેમાંથી ખસેડવાનું કરાવવું છે. આવી એક રમત છે, પરંતુ તેનું સાચું ભાન કૃપા કરીને આપણે જો પ્રગટાવી ના શકીએ, તો પેલો શું કરી શકે ? તમને સારું લાગે કે ના લાગે, તેની તેને મુદ્દલે પરવા નથી. તે તો પોતાનું ધારેલું કરવામાં એકધારો પ્રભુકૃપાથી મથ્યો રહેવાનો છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૫-૪-૧૯૪૦*

## પ્રેમની અદ્ભુત શક્તિ

આજે છાપાંમાં વાંચ્યું કે દીનબંધુ એન્ડ્રુઝ ગુજરી ગયા. પ્રેમ એ કેવો અદ્ભુત ગુણ છે અને તે કેવી એકતા કરાવનારો છે ! મહાત્મા ગાંધી શાંતિનિકેતન ગયા હતા ત્યારે એમણે જે પ્રવચન કર્યું હતું, તે પ્રવચન તમે વાંચી જશો. એમાં એનો (મૃત્યુ વિશેનો) રણકારો હતો જ. શ્રી એન્ડ્રુઝ સાહેબના શરીરના અવસાન પહેલાં પણ શ્રી મહાદેવભાઈને એમણે એમની પાસે મોકલ્યા હતા. હૃદય હૃદયને એક તાંતણે સાંધનાર તે પ્રેમ છે. તમે જરૂર તે **'હરિજનબંધુ'**નો અંક વાંચી જશો અને બધાંને જણાવશો કે પ્રેમ કેવું ગજબ કામ કરી શકે છે.

એવો પ્રેમ આપણને પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય અને ધન્ય થઈએ, એ જ પ્રભુને ચરણકમળે પ્રાર્થના છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૪-૧૯૪૦*

તમારાં પ્રાર્થના અને ભજન વગેરે મળ્યાં છે. જવાબ :-

(ધીરા ભગતની કાફીનો ઢાળ)

ધીરજનાં ફળ મીઠાં રે બાપલિયા ! ઉર ધીર ધરો,

ઉતાવળે આંબા નવ પાકે, ચડ ચૂલે ખીચડી નવ થાય,
જેવું થવાનું હશે જે રીતે એની મેળે એ થયા જાય,
કરવાનું જે છે ભાવે રે, એ તો કર્યા કરવું સદા..ધીરજનાં૦

મરજીવા મોતીને કાજે ડૂબકી મારે દરિયામાંય,
ગૂંચાતાં ને ધીરજ ખોતાં કારજ ખૂએ, જીવ જાય,
શાંતિ રાખી સ્થિર ર્‌હેવું રે, ભજન ભાવે ભીડવું છે...ધીરજનાં૦

ધૂળધોયો ધૂળમાંથી શોધે સોનું મથી મથી ખૂબ,
જડે ન  તોયે શોધ્યા કરતો, મહેનત કરે છે અતૂટ,
ધીરજ તે નવ ખોતો રે, હામ હથિયારે લડવું છે...ધીરજનાં૦

દળ વીખરેલાં, ફાટ પડેલી, વ્યવસ્થાનું નથી નામ,
તોયે છેડો મૂકી ન દેતો ગાંધી કેવું લે છે કામ !
પેરે પેરે હૈયાને રે, પ્રેરવવું પ્રભુમાં સદા...ધીરજનાં૦

ખંત, ઉદ્યોગ, શાંતિ, ધીરજ, વિશ્વાસ રાખી ઉર હામ,
શરણે પ્રભુને રહ્યા કરીને સૌ સમર્પ્યા કરો કામ,
પ્રભુમાં પ્રીત લગાડી રે, જીવજો હૈયે મસ્ત સદા...ધીરજનાં૦

* * *

જે પ્રેમદંડ સ્હેશે, બડભાગી થાશે,
સૌ સંતભક્તચરિતો તહીં સાખ પૂરે.

* * *

(શિખરિણી)

પ્રભુ જે જે માગે, દઈ નવ શક્યા સર્વ દિલથી,
પ્રભુ જેવું ઇચ્છે, થઈ નવ શક્યા તે દિલ કરી,
પ્રભુ જેવું વાંછે, જીવી નવ શક્યા પ્રેમ કરીને,
અમે મૂર્ખા તોયે પ્રભુ તરફનો પ્રેમ ચહીએ.

**૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના**

(વસંતતિલકા)

તારી પ્રભુ ! જહીં તહીંથી કૃપા સુગંધી,
આવ્યા કરે સતત જેમ સમુદ્ર ઊર્મિ,
શ્રદ્ધાળુનું હૃદય આર્દ્ર થતું અને તે,
ઓશિંગણે શિર લળી નમી હાથ જોડે.

* * *

હું શું જણાવું ! 'પ્રભુ ! અંતરયામી તું છે',
વિશ્વાસ તે ઉર છતાંય, બક્યા કરું શેં ?
ટાળી શકાય ક્યમ ટેવ પડી પ્રભુ, જે,
તેથી થતો બકબકાટ હુંથી સદાયે.

* * *

જાણું ન ચૂક પડી શેં, મુજ નાવ ભાંગ્યું,
છોરું અપાર જળમાં તહીં ડૂબતું'તું,
પ્રારબ્ધયોગ બળથી તુજ નામનું ત્યાં,
આવ્યું કરે તરણું, તે ગ્રહ્યું પાર જાવા.

## સંતના આશીર્વાદ

મને શરીરે હિસ્ટીરિયાનો રોગ થયો હતો ત્યારે આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદા કાંઠે રજા લઈને જવાનું બનેલું. એકવાર તો મારી સાથે શ્રી મહેશભાઈ મહેતા તથા શ્રી ભાનુપ્રસાદ પંડ્યા હતા. બીજી વાર તો તદ્દન એકલો હતો. ત્યારે નર્મદા નદીના મોખડી ઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે, ત્યાં થોડાક દિવસ રહેવાનું કરેલું. ત્યાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવાચાકરી કરું. ત્યાં પણ આ શરીરને ચારપાંચ વાર હિસ્ટીરિયા થયો હતો. ત્યાંથી નીકળતી વખતે તે સાધુ મહારાજને હું પગે લાગ્યો, અને તેમના આશીર્વાદ માગ્યા. તેઓશ્રીએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાનું કહ્યું અને તેથી રોગ મટી જશે એમ પણ કહ્યું હતું, પરંતુ ત્યારે મારા મને એમ વિચાર્યું કે 'આ સાધુ મહાત્માએ જંગલની કોઈક કશીક જડીબુટ્ટી આપી હોત, તો તેમાં મને વિશ્વાસ બેસત.' પરંતુ ભગવાનના માત્ર નામ-સ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રદ્ધાપ્રેરક લાગ્યું ન હતું.

## સંતની ભવિષ્યવાણી

તે પછી તો પાછાં વળતાં નર્મદા નદીમાં ઝંપલાવીને શરીરનો અંત આણી દેવાનો પણ પ્રયત્ન કર્યો હતો.* વળી, આ સાધુ મહારાજે મને એમ પણ કહેલું કે 'એક વર્ષ પછી તને કોઈ સદ્‌ગુરુ પણ મળી આવવાના છે, કે જે તારા જીવનનો

* આ પ્રસંગ લેખકની **'નર્મદાપદે'**ની સ્તુતિમાં પાન નં. ૪ ઉપર પ્રગટ થયો છે.

વિકાસ કરાવશે.' પરંતુ તે વેળા 'જીવન' અને 'વિકાસ' એ મારે માટે તો માત્ર શબ્દ જ હતા. ત્યારે દેશની સેવા કરવાની ઉત્કટ ધૂન હતી એટલી હકીકત મારા માટે તદ્દન સાચી હતી. સેવાની એ ઉત્કટ ધૂનથી પ્રેરાઈને ગરીબાઈની સ્થિતિમાં પણ ટકી રહેવાનું બની શક્યું હતું.

## સાધુ મહારાજનાં દર્શન

આ બનાવ બન્યા પછી, હું તો વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં એક મારાં આધ્યાત્મિક મા રહેતાં હતાં, જેમને મેં **'મનને'**માં ભાવાંજલિ અર્પેલી છે. તેમના મકાનમાં ત્રીજે માળે શરીરને હિસ્ટીરિયાનો હુમલો થવાથી શરીર દાદરથી ગબડતું ગબડતું છેક નીચે બીજે માળે પડ્યું અને ઈંટોની પરસાળમાં તે ઘસાયું, અને છોલાવાથી શરીરે સાધારણ લોહીની ટશરો પણ ફૂટી હતી. તે કાળે કંઈક જરા ભાનમાં આવતાં નર્મદાના તે સાધુ મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું કે 'અલ્યા ! ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?' આ બધું પ્રગટ્યું તો ખરું, પરંતુ તે કાળે મારાં મનાદિકરણો જરા પણ આ પ્રકારની ભાવનાવાળાં નહિ હોવાથી, તે સાધુ મહાત્માનાં વચનને અને તેના સંસ્કારને બિલકુલ મહત્ત્વ આપી શકેલો નહિ. તે પછી શરીરે ઠીક થતાં આ બધી બનેલી હકીકત મેં મારી આધ્યાત્મિક માને જણાવી. મારી આવી હકીકત સાંભળીને તે તો બહુ રાજી થયાં. તેમણે કહ્યું કે 'અલ્યા ! ચૂનિયા ! તું તો ભારે બડભાગી છે. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ જ કર્યા કર. ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા અને તને જરૂર મટી જશે.'

## નામસ્મરણથી રોગ મટ્યો

મને તે કાળે તે સાધુ મહાત્મા કરતાં મારી આ મામાં વધારે વિશ્વાસ હતો અને તેમના તેવી રીતના સમજાવવાથી જ ભગવાનનું નામ લેવામાં હું પ્રેરાઈ શક્યો. તે પછી તો વારંવાર મનને ટકોરી ટકોરીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો, પરંતુ વારંવાર તે ભુલાઈ જતું અને વળી પાછું યાદ કરી કરીને લેવા લાગ્યો. એમ થતાં થતાં હિસ્ટીરિયાના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો, અને ત્રણચાર મહિનામાં તો તે મુદ્દલે મટી ગયો.

## શ્રદ્ધા અને આત્મવિશ્વાસ

આ પ્રકરણે જીવનમાં નવો માર્ગ મારે માટે પ્રભુકૃપાથી ખુલ્લો કર્યો. ત્યારથી જ જીવનવિકાસની સાધના શરૂ થઈ એમ ગણાય, અને એક વર્ષ પછી સાચેસાચ અમદાવાદમાં સાબરમતીના કિનારે આ જીવને સાધનાના માર્ગમાં દીક્ષિત કરનાર એક સદ્‌ગુરુ પણ મળી આવેલા. એટલે તે હકીકત પણ સાચી પડી.

આમ, નામસ્મરણનો અભ્યાસ પ્રગટતાં દિલમાં પાછો એક નવો જુસ્સો પ્રગટ્યો, નવો ઉત્સાહ પ્રગટ્યો, નવી સ્ફૂર્તિ પ્રગટી અને નવું ચેતન પ્રગટ્યું. દિલમાં ત્યારે એક એવા પ્રકારનો દૃઢ આત્મવિશ્વાસ પ્રગટ્યો કે આપણી ગમે તેવી ભારેમાં ભારે પ્રકારની લાચારીની સ્થિતિ હોય તોપણ તેમાંથી તરીને ઊંચે આવી શકવાની આપણા પોતાનામાં પ્રભુકૃપાથી શક્તિ રહેલી જ છે. તેવા પ્રકારના પ્રગટેલા આત્મવિશ્વાસથી કરીને સાધનામાં ઝંપલાવવાનું બની શક્યું હતું. આત્મવિશ્વાસ

એ એક એવું મોટું જબરજસ્ત જીવનને પ્રેરાવનારું સાધન છે કે જો તે સાધનની સમર્થતા પ્રભુકૃપાથી દિલમાં ઊગી આવે તો માનવી કદી પણ તેનાથી કરી (સાધનને લીધે) નિરાશ બની શકતો નથી. સાધનાના માર્ગમાં જેમ શ્રદ્ધાની અચૂક મહત્ત્વની જરૂરિયાત છે, તેમ આત્મવિશ્વાસની પણ છે. શરૂ શરૂમાં મને તો તેવી અતૂટ શ્રદ્ધા પ્રગટેલી ન હતી, પરંતુ આત્મવિશ્વાસ તો જરૂર પ્રગટેલો હતો. અને એ આત્મવિશ્વાસમાંથી શ્રદ્ધાનું જીવંત ઝરણું ફૂટી નીકળ્યું હતું. તેવા પ્રકારની શ્રદ્ધામાં સાધનામાં ધપાતું જવાતાં ઑર ચેતનવંતો પ્રકાશ પ્રભુકૃપાથી સાંપડવાનું થતાં તે પછીથી તો શ્રદ્ધા પણ એવા પ્રકારની સજીવન થઈ ગયેલી કે સાધનાનાં ભારે ભારે વિઘ્નો, મુશ્કેલીઓ વગેરેનાં પ્રચંડ વાવાઝોડાંને કાળે તે શ્રદ્ધા તો મારી માતા બનીને મને સદાય ચેતનવંતો રખાવતી. માટે, આત્મવિશ્વાસ અને શ્રદ્ધા એ બે સાધનાના માર્ગ માટે જરૂરી છે, એટલું જ નહિ પરંતુ સંસારવહેવારનાં કાર્યમાં પણ તે એટલાં જ જરૂરી છે.

## શાંતિ અને પ્રસન્નતા

કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિ અને પ્રસન્નતા જાળવી રાખવી જ. શાંતિ અને પ્રસન્નતા કેમ કરીને જળવાયા કરાય તેવી વર્તનકળા અગાઉ તમને બતાવી ચૂક્યો છું. શાંતિ-પ્રસન્નતા જો નહિ ટકાવી શક્યા, તો આપણાથી કંઈ કશું બની શકવાનું નથી, તે નક્કી જાણશો. પ્રસન્નચિત્તતા એ તો સાધનાનું પ્રથમ લક્ષણ. શાંતિ અને પ્રસન્નતા એ એનાં પ્રવેશદ્વાર પણ ગણાય.

કરાંચી, હરિઃૐ તા. ૧૨-૪-૧૯૪૦

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

મારા થકી સતત નિર્ભય સર્વ વાતે,
તારી પરે સતત નિર્ભય રૈ' શકાજો,
હુંથી સમર્પણ કરાય તને હ્દે જો,
જંજાળમાંથી મુજને પ્રભુ મુક્તિ આપે.

* * *

સંપૂર્ણ સંયમ પ્રભુ ! કરી જો શકાય,
સર્વેન્દ્રિયો પર હુંથી, મુજ કામ થાય,
તો જે નિષિદ્ધ પ્રભુ ! બાબત હોય તે તે,
છોડી શકાય મુજથી, દિલ ભાન દેજે.

* * *

ચારે દિશા તરફથી પ્રભુ ! શત્રુઓએ
ઘેરી લીધો, છટકવા નવ બારી એકે,
મંડ્યા રહી નિત કર્યા કરું યુદ્ધ તોયે,
ના બ્હાર નીકળી શકાય, મને કૃપા દે.

* * *

જે કૈં કરાય, પ્રભુ ! સર્વ કરાવતો તું,
'કર્તા હું' તોય અભિમાન ધરાય તેવું,
અજ્ઞાન કેટલું હજી મુજમાં વસ્યું છે!
તો ટાળવા સમજશક્તિ પ્રભુ ! મને દે.

* * *

દેવું ચડ્યું મુજ શિરે ઢગ કેટલાય !
બેસી રહ્યો હઈશ કેમ બની હું મૂઢ !

જાગી તું જા ! જહીં સુધી નવ મુક્તિ પામે,
આરામની હૃદય આશ ધરીશ ના કૈં.

* * *

હું મૂર્ખ બાળ, મતિ ના મુજમાં કશી છે,
પામી શકીશ તુજને પ્રભુ ! કેવી રીતે ?
એકાગ્ર બુદ્ધિ, મન, નિશ્ચળ ના થયાં છે,
એ યત્નમાં પ્રભુ ! મને બળ જોશ દેજે.

## ઊર્મિનો સંયમથી સદુપયોગ

તમારે આ જીવનાં વખાણ કોઈ પણ દિવસ કોઈ આગળ કરવાં નહિ. અને ધારો કે કોઈ તેમ કરતું હોય તો તેમાં ભળી જઈને આપણે પણ વખાણ કરવાં મંડી જવું નહિ. શાંતપણે તે સાંભળી લેવાં અને તેમાંથી ઊર્મિ લીધા કરીને તેવી પ્રગટેલી ઊર્મિના જોશને દિલની ભાવનાની એકાગ્રતા કરવામાં જ ખરચવું. તો ઑર મઝા પ્રગટશે.

## કોઈ સ્વતંત્ર નથી

આપણે અનેક પ્રકારની પકડોમાં સખત રીતે જકડાયેલાં હોઈએ છીએ. અને એવી જીવદશાની પકડો એટલી બધી તો સજ્જડ હોય છે, કે જેની કલ્પના જીવદશાવાળા જીવને કદી પણ થવી શક્ય હોતી નથી. તેમ છતાં એવા પ્રકારના જીવોને તેમની બુદ્ધિ ઉપર મદાર રાખતા જોઈને અને તેવા પ્રકારનો ફાંકો રાખતા તેમને નિહાળીને મને તો ભારે આશ્ચર્ય અને ખેદ બંને થાય છે. જીવદશામાં જીવદશાની વૃત્તિઓની પકડમાં આપણે એટલા બધા તો પૂરેપૂરાં જકડાયેલાં હોઈએ છીએ ! તેમ છતાં પાછાં આપણે સ્વતંત્ર હોવાનો દાવો કરીએ છીએ,

એ કેટલું બધું હાસ્યાસ્પદ છે ! અરે, ભાઈ! આપણે તો વિચાર, વૃત્તિ, વલણ એ બધું પ્રગટતાં જ તેમાં એકતાર થઈ જઈને એકરૂપ થઈ જઈને એકદમ તણાવા જ માંડીએ છીએ. પછી ભાઈ ! સ્વતંત્ર શેના ? આ સકળ બ્રહ્માંડમાં કંઈ જ કશું આપમેળે સ્વતંત્ર નથી. આ આપણી પૃથ્વીના ગોળાની ફરતી ગતિને વિચારી જુઓ. તે પૃથ્વી પણ પોતે સ્વતંત્રપણે એકલી નથી. તે પણ સૂર્યમાળાના બીજા ગ્રહોની માફક સૂર્યની આસપાસ ગતિમાં ગતિથી સંકળાયેલી છે. એવી રીતે આ આખી સૂર્યમાળા પણ બીજા કશાકની સાથે સંકળાયેલી છે. આમ, આ સકળ બ્રહ્માંડમાં આપણે એકબીજા સાથે પૂરેપૂરાં સંકળાયેલાં જ છીએ. તેમ છતાં માનવી જ્યારે એકબીજાથી સ્વતંત્ર હોવાનો દાવો કરે છે, ત્યારે તે મને બહુ જ નવાઈ પમાડે છે. માનવીની બુદ્ધિની વાત તો જવા દો, પરંતુ જે જીવો જીવનવિકાસની સાધનાનાં ક્ષેત્રમાં પડ્યા છે, તેવા જીવોને મારે શું કહેવું ?

## સંસ્કારની સાધના

જીવનમાં અને સંસારમાં અનેક પ્રકારનાં પ્રસંગો, સંજોગો અને પરિસ્થિતિ પ્રગટ્યા કરવાનાં જ. તે આપણા પોતાના હાથની વાત નથી. તો પછી તેવું તેવું પ્રગટતાં તેમાં આપણે નારાજી પ્રગટાવીએ તે કેમ ચાલી શકે ? એને બદલે જે જે કંઈ મળે છે, તે બધું ભાવના કેળવવાને માટે મળે છે, તથા પ્રકૃતિ અને સ્વભાવને મઠારવાને માટે મળે છે, એવું જ્ઞાનભાન પ્રભુકૃપાથી પ્રગટાવવા મથીશું, તો તેથી કરીને હિત થવાનું છે. કૃપા કરીને પ્રત્યેક તેવી દશામાં મનને ડહોળાવા દેવાનું નથી. ‘પાપપુણ્ય’ કશું નથી એમ નહિ માની શકીએ. જેમ

જેમ સાધનાના ભાવનાનાં ક્ષેત્રના અનુભવ થતા જાય, જીવનમાં જ્ઞાનની નવી નવી ભૂમિકાઓ પાકતી જતી અનુભવાય, તેમ તેમ પાપપુણ્યની અસર પણ નવા નવા પ્રકારની અગમ્ય રીતની અનુભવાયા જશે. એટલે કે તેમની કક્ષા પણ બદલાતી જશે. આપણાં પાપપુણ્યની માત્રાનાં મૂલ્યાંકન પણ બદલાતાં જશે, તેથી હાલમાં તો માત્ર મારી તમને વિનંતી કે આપણે કંઈ કશાથી કરીને મનને ડહોળાવા દેવાનું નથી. કોઈ અણધાર્યા સંજોગથી કે લાગણીના ઉશ્કેરાટથી ખરાબમાં ખરાબ કશુંક થઈ જાય, તોપણ જો તેવી સ્થિતિમાં જાગ્રતિ સેવી સેવીને મનની વૃત્તિને તે ને તે જ સાધનાના અભ્યાસની ભાવનામાં તેટલા જ પ્રેમભાવથી એકાગ્ર ચિત્તથી રાખી શકવાને જીવતાજાગતા યત્નવાળાં બની શક્યાં હોઈશું, તો તે ખરાબમાં ખરાબ ભલે બન્યું હોય, તોપણ તે તેનો તેવા પ્રકારનો ભાવ કે અસર મન ઉપર ઊપજાવી શકનાર નથી, જોકે સાધકને તે વેળા તે થયેલા કશાકની અયોગ્યતા તો લાગવી જ ઘટે. જો કંઈક કશાથી ડામાડોળ થવાપણું બન્યું અને એવા વિચારો આવ્યા, તો તેટલી તેની છાપ પડી જ ચૂકી જવાની છે, તે નક્કી જાણજો. એવી જ રીતે જે જે પ્રકારનાં વિચારો, વૃત્તિઓ, વલણો આપણા મનમાં ઊગ્યાં અને તેની પરંપરા પ્રગટી તો નક્કી સમજી લેજો કે તે પ્રકારના સંસ્કાર પડી ચૂકવાના જ. તેવા સંસ્કારનું પરિણામ પણ તેવું જ છે, તે પણ નક્કી. એટલા માટે જ આપણે મનાદિકરણને ભગવાનની ભાવનામાં પ્રેમભાવથી સતત એકધારાં પરોવાવી રાખવાનું બની શકે, તો તે ઉત્તમ સાધના છે, અને એથી કરીને એવા ઉચ્ચ પ્રકારના સંસ્કારો પડી જવાના છે.

## સૌથી પ્રથમ તો આપણું પોતાનું સંભાળો

આપણો ઉદ્ધાર કરનાર બીજો કોઈ જ નથી, આપણે પોતે જ છીએ. બીજા કરી કરીને શું કરવાનાં હતાં ? સદ્‌ગુરુ આપણી સાધનાની પ્રગતિમાં શું અને કેટલું કરે છે, એનું જ્ઞાનભાન હાલમાં આપણને આવી શકવાની શક્યતા નથી. સદ્‌ગુરુની મદદની સમજણ પણ હાલમાં આપણામાં ઊગવી અશક્ય છે. એટલા માટે હાલમાં આપણે જે કરવાનું છે, અને જે કરવાને માટે દિલમાં નક્કી કર્યું છે, તેમાં જ પ્રમાણિકતાથી, વફાદારીથી અને તે પ્રકારની ભાવનાની નિષ્ઠામાં પરોવાઈ જઈને તે કર્યા કરવામાં જ જો દિલનો સાચેસાચો મદાર રાખ્યા કરીશું તો બધી વાતે આપણે કુશળ છીએ એમ સમજવું.

### તમન્ના

જીવનવિકાસની તમન્ના કેમ કરીને વિશેષ ને વિશેષ સતેજ કરાયા કરાય તેનું લક્ષ કૃપા કરીને ખાસ રાખ્યા કરજો. વારંવાર આ હકીકત મારે તમને બધાંને કહેવાની આવે છે, કારણ કે એક તો જીવનવિકાસ પરત્વેની તમન્ના જ મંદ છે અને તેને સતેજ કરવાનું ભાન જ્યાં પ્રગટતું નથી, ત્યાં પછી તે પરત્વેના પ્રયત્ન થઈ પણ કેવી રીતે શકે ? તમન્ના ક્રિયાત્મક બને તો જ ઉપયોગી થઈ શકવાની છે, તે નક્કી જાણજો.

કેવી સ્થિતિમાં પરિણમવાનું છે, તેનો કંઈક ખ્યાલ નીચેનાં બંગાળી ગીતમાં સ્પષ્ટ થાય છે :-

‘આ છે દુઃખ, આ છે મૃત્યુ, વિરહદહન લાગે,
તબુઓ શાંતિ, તબુ આનંદ, તબુ અનંત જાગે,

તબુઓ પ્રાણનિત્યધારા, હાશે સૂર્ય, ચંદ્ર, તારા,
વસંત નિકુંજ હાશે વિચિત્ર રાગે.
આ છે દુઃખ૦
તરંગ મિલાયે જાય, તરંગ ઊઠે,
કુસુમ ઝરિયા પડે, કુસુમ ફૂટે,
નાહિ ક્ષય, નાહિ શેષ, નાહિ નાહિ દૈન્ય લેશ,
સેઈ પૂર્ણતારપથે મન સ્થાન માગે.
આ છે દુઃખ૦

'દુઃખ હોય, મૃત્યુ હોય, વિરહદહન લાગે, તોય શાંતિ રહે, તોય આનંદ અનુભવાય, તોય અનંતનો ઉદય થાય, તોયે ચેતનની નિત્યધારા વહ્યા કરે, તોયે સૂર્ય, ચંદ્ર, તારા હસે અને વિચિત્ર રાગે નિકુંજમાં વસંત હસે, તોય તરંગો મળી જાય અને તરંગો ઊઠે, કુસુમો કરમાય અને કુસુમો ખીલે, તોય ક્ષય નથી, કશું બાકી રહેતું નથી, જરા પણ દૈન્ય નથી, એવી સૂક્ષ્મ દિવ્ય પૂર્ણતાની સ્થિતિમાં મન સ્થાન માગે છે.'

'તમે ધ્રુવ એવા હો, ધ્રુવ હો કે જેથી હું શરણભાવમાં ધ્રુવ રહી શકું.'

'તમે સદા ચિત્ત, પ્રાણ, હૃદયમાં એવા તો સંનિવિષ્ટ પ્રગટો, કે જેથી હું તેવા ભાવમાં રસલગ્ન હોઉં.'

'જે एને મનદ્વારા હૃદયદ્વારા (સંશયબુદ્ધિ રહિત) જાણે છે, અનુભવે છે, તે જ અમૃત બને છે.'

'હે પ્રભુ! એવું કરો કે અમે પ્રેમ સહિત એકબીજામાં એકબીજાથી સંયુક્ત રહીએ, અને કદીક હે પ્રભુ! અતિક્રમણ કરીએ તોયે એકરસમાં સંયુક્ત રહીએ.'

'હે પ્રભુ ! જે તમારું હૃદય છે, તે મારું હૃદય બનો, અને જે મારું હૃદય છે, તે તમારું હૃદય બનો !'

'હે પ્રભુ ! મારા વ્રતમાં તમારું હૃદય રેડાયેલું રહો, મારા ચિત્તમાં તારો ચિત્તભાવ ઠર્યા કરો, અને હે પ્રભુ ! મને એકવાણી કરી તારી વાણી સંભળાવો.'

'હે પ્રભુ! મારા પરમ સૌભાગ્યને માટે મેં તારું પાણિગ્રહણ કર્યું છે, અને તારા તે અમૃત પ્રેમરસમાં મુગ્ધ, સંનિગ્ધ થઈ, તારા જીવનમાં આજીવન એકરસ થઈ, તારા શરણમાં જ, તારા ભાવમાં, તારા ભાવથી પળેપળ જિવાયા કરાય અને તારા ભાવની વિશ્વની ગૂઢ દિવ્ય રચનામાં અમારા જીવનનું સાફલ્ય જીવંત પ્રગટો, એ જ અમારી તને યાચના છે.'

(વસંતતિલકા)

જો તું ગરીબ જનને નવ સ્હાય દેશે,
તો ક્યાં જઈ જ ઠરશે પછી વિશ્વમાં તે?
તારા વિના અવર કોઈ ન બેલી તેનું,
તુંયે અરે ! ઘર ન આશ્રય આપશે શું ?

* * *

હે તાત ! હું મૂરખના કંઈ દોષ સામું
જોતો રખે ! કરગરી કહું છું તને હું,
આવું કહેવું પણ અર્થ વિનાનું જાણું,
સંતોષ એમ કહી નાખી હૃદે હું વાળું.

* * *

જે જે વિરોધ કરતાં મુજ અંગે હોયે,
તારી કૃપાથી બળી ખાખ થજો બધાંયે,

હૈયે હું આગ્રહ રૂપાંતર કાજ ધારું,
તેવા પ્રયત્નમહીં હું પ્રભુ ! નિત્ય રાચું.

* * *

તારી કૃપા દુઃખથી પાર ઉતારશે ને
વિઘ્નો સમુદ્ર તરવી ઉર શાંતિ દેશે,
મુશ્કેલીઓ પથ જતાં વળી આવશે જે,
વિશ્વાસ છે, ખમીરને પ્રગટાવશે તે.

* * *

શ્રદ્ધા સમર્પણ થતાં પરિપક્વ થાશે,
તારી કૃપા ઊતરશે ત્યમ તેમ હૈયે,
વિશ્વાસ એ જ થકી કામ કર્યા કરાય,
નિશ્ચિંતતા હૃદય હામ ધરી શકાય.

## મનનો ગુરુ મન

એક ભજનમાં દયારામભાઈએ ગાયું છે કેઃ-

**'મનતણો ગુરુ મન કરશે તો સાચી વસ્તુ જડશે.'**

આમાં એમણે સાધનાની ખરી ચાવી બતાવી દીધી છે. આપણે મનના ગુરુ મનને કરવાનું છે. તે વળી કેવી રીતે બની શકે ? એમ સવાલ થાય. મનના અનેક પ્રકારનાં તરંગો, કલ્પનાઓ, ઉડ્ડયનો, વિચારો, વૃત્તિઓ, લાગણીઓ-આ બધાંમાં મન આપણને પૂરેપૂરું ફસાવી દેવાનું કરતું હોય છે. તે તે વેળા **જાગેલા** મનની મદદ વડે કરીને પેલાં નીચલાં થરનાં મનને તે તે પ્રકારના પ્રવાહમાં તણાઈ જતું અટકાવવાને જાગ્રત મન હંમેશાં મદદ કરી શકે છે. જીવનવિકાસની સાધનામાં જ્યારે ખરેખરી ધગધગતી તમન્ના પ્રગટે છે, ત્યારે જ આપણું

મન પૂરેપૂરું જાગ્રત થઈ ગયું હોય છે, તોપણ અનેક પ્રકારના દબાઈ રહેલા અને પડી રહેલા સંસ્કારો ઉદયવર્તમાન થયા જ કરે છે. તે વેળાએ પેલું જાગ્રત મન ટકોર્યા વિના રહી શકતું નથી, અને તેમાંથી પરાઙ્મુખ થવાને આપણને સાબદા પણ કરી શકે છે, તે પણ એક જીવનવિકાસના પંથના અનુભવની હકીકત છે.

## સ્વાનુભવ એ જ જ્ઞાન

કોઈ પણ જીવનના અનુભવી અને ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માનાં વચનોને મારાથી લખાયેલાં વચનોની સાથે સરખાવવાનું કરવું નહિ, જોકે એથીયે તમને વિશ્વાસ વધ્યો તો ખરો, એ કંઈક ઠીક થયું ભલે ગણાય. પ્રભુકૃપાથી આ જીવતો જે અનુભવે છે, તે જ લખે છે. પછી બીજા કોઈ સમર્થ કે સત્પુરુષની વાણી સાથે તેનું સામ્ય હોય કે ના હોય. તમે પોતે તો પાકી ખાતરીથી જાણો છો કે આ જીવે કંઈ કશું વાંચ્યું કર્યું નથી. મહાત્મા પુરુષનાં તેવાં તેવાં વચનોની સાથે આ જીવનાં લખાણોનું સામ્ય ઘણે ઠેકાણે પ્રગટેલું હોય છે, પરંતુ તેથી કરીને તમે તો એમ નહિ જ માની શકો કે તે તે બધું મારું પોતાનું નથી. જીવનવિકાસની સાધનામાં આ જીવ પ્રભુકૃપાથી પડેલો હતો, એવી માહિતી તો તમને હતી જ. કેટલીક વાર વર્ગ ચલાવતાં ચલાવતાં બોદાલમાં (૧૯૩૧માં) ધ્યાનસ્થ થઈ જવાનું પ્રભુકૃપાથી બન્યા કરતું હતું અને ઘણી વાર કરાંચીમાં મારી તેવી અવસ્થા તમે જોયા કરી છે. આ બધા તમારા તો જાતમાહિતીના પ્રસંગો છે. જીવનવિકાસની સાધનામાંથી જે જે સમજણ પ્રગટી છે, તે તે પ્રમાણે હું તો

બધાંને લખું છું, એટલે તે રીતે તેની યથાર્થતા કૃપા કરીને સ્વીકારશો. પ્રત્યેકના અનુભવ જુદા જુદા હોઈ શકે છે. સત્યરૂપી હીરાનાં પાસાં અનંત છે. અને પ્રત્યેક પોતપોતાને અનુભવ થયેલાં પાસાંને અનુસાર તે વિશે લખતા હોય છે.

(વસંતતિલકા)

જેવો તને અનુભવ્યો પ્રભુ ! ઉર જેણે
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,
એવા પ્રભુ ! હૃદયથી તુજને નમું હું.*

## સત્પુરુષોનાં લખાણમાં વિસંવાદ

મારા આ પ્રકારના સાહિત્યમાં કેટલુંક તો એવું છે જ અને તે પણ fundamental -આખી જીવનસાધનાના પાયારૂપ કે ચાવીરૂપ કે બીજાંઓનાં લખાણોથી નિરાળું પણ છે. આધ્યાત્મિક ભૂમિકાઓ માટેનાં સ્પષ્ટ લક્ષણોની હકીકત અને તે રીતે મનને કરાવતું ભાનનું લખાણ બહુ જ ઓછું પ્રગટ થયેલું છે. અનુભવ થયો હોય અને તેમ છતાં તેની તેની રીતે તેટલા જ પ્રમાણમાં વ્યક્ત થવાની કળા એ પણ એક જુદી કળાના અભ્યાસનું પરિણામ છે. પ્રત્યેકના દષ્ટિકોણ જુદા જુદા હોય છે, તેમ પાછું તેમની તેમની એ ગિરિની ટોચ ઉપર આરોહણ કરવાની અથવા એને અનુભવવાની રીત પણ અલગ અલગ હોય છે. એટલે સત્પુરુષોનાં લખાણોમાં વિસંવાદ પણ હોય ખરો. તેવે વખતે આપણે ખાસ સચેત રહેવાનું છે. બીજાઓ પરત્વે હૃદયનાં પૂરેપૂરાં આદર, સદ્ભાવ અને

---

*'તુજ ચરણે' માંથી

ભક્તિયુક્ત ઉદારતા રાખ્યા છતાં પોતાના અનુભવ ઉપર જ આધાર રાખવાનો તેમ જ હૃદયમાંથી મળતી પ્રેરણાને જ સ્વીકારવાનો માર્ગ વિશેષ કલ્યાણ કરનારો થઈ પડે છે એવું મને મારા પોતાના અનુભવમાં લાગ્યું છે. તેથી જ **'મનને'**માં લખ્યું છે કે :-

બીજાના વિચારે રખે દોરવાતું,
વિચારે તું તારા ભલે ખાય ગોથું.*

## સ્વાનુભવનું પ્રગટીકરણ

જીવનવિકાસની ભાવનાને કેળવવાને કાજે અને તેની પરાકાષ્ઠાએ પૂર્ણત્વ પામી શકવાને કાજે પ્રભુકૃપાથી જે જે સાધનોનો અભ્યાસ થયા કરવાનું બન્યું છે, તે તે પગલાંની હકીકતનું જ્ઞાન હજી પણ મને રહ્યા કરેલું છે અને તેનો પણ રસિક ઇતિહાસ છે. પ્રભુકૃપા પ્રગટતાં તે પણ જ્યારે વ્યક્ત થવાનું હશે ત્યારે થશે. એવી કશી ઉતાવળ નથી. અને આપણું સાધનાનું તેવું લખાણ વ્યક્ત થવાથી જગતને અને સમાજને લાભ થઈ જવાનો છે, એવું પણ કશું નથી. આપણા દેશમાં અનેક અવતારો થઈ ગયા, કેટકેટલા મહાત્માઓ પ્રગટી ગયા અને ખુદ હાલના કાળમાં પણ મહાત્મા ગાંધી 'અહિંસા' 'અહિંસા' પોકારી પોકારીને લોકોને તે પ્રમાણે વર્તવાને કહે છે, પરંતુ એ પ્રમાણે કોણ વર્તી શકવાનું ? લોકોને કશી જીવનની તો પડી નથી. ખુદ શ્રીકૃષ્ણ અવતારી પુરુષ હતા, તોપણ તેમને તેમનાં કુટુંબીઓ પિછાની શક્યાં ન હતાં. અને સંબંધીઓ અને કુટુંબીઓ એવા જાદવો દારૂ પીને માંહોમાંહે

* **'મનને'** માંથી

લડીને સર્વનાશને પામ્યા. શ્રીમદ્ ભાગવત અને મહાભારત તો એમ કહે છે, કે ખુદ કૃષ્ણને જ પોતાના કુળનો નાશ કરાવવો હતો તેથી તેમ બન્યું, પરંતુ મારો આ લખવાનો હેતુ જુદો છે. શ્રીકૃષ્ણ પોતે સાક્ષાત્ અવતારી પૂર્ણપુરુષ હતા, તોપણ તેમની અસર તેમના શરીરનાં સ્વજનો ઉપર યોગ્ય પ્રકારની પડેલી નથી, તે તો દેખીતી હકીકત છે. કેટલાયે મહાત્માઓને તેમનાં કુટુંબીજનોએ અવગણ્યા પણ છે અને અવહેલના પણ કરેલી છે, અને તેમના જીવનના મહત્ત્વને ભક્તિપૂર્વક તેઓ પારખી શકેલા નથી. આવા આવા મહાન ધુરંધર અવતારી પુરુષો પાકી ગયા અને કેટલાય સંતમહાત્માઓ પાકી ગયા, અને તેમણે પોતપોતાના અમૂલ્ય અનુભવો વ્યક્ત કર્યા છે પણ ખરા, તેમ છતાં સમાજ તો છે તેવો ને તેવો જ રહ્યો છે. આવા આત્માઓના સંસ્કારને ઝીલનાર કોઈ નથી, એમ મારું લખવાનું તાત્પર્ય નથી. ગીતામાતા તો સ્પષ્ટ કહે છે, કે તેના ભક્તને બચાવવાને માટે ભગવાન અવતાર લે છે. તેનો અર્થ તો એ છે, કે તેવા મુક્તાત્માઓનો લાભ તેવા તેવા પ્રકારની ભૂમિકાવાળા જે જીવો હશે તેટલા જ માત્ર લઈ શકશે. એટલા માટે જ મારી જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ લખવાને ઉતાવળ કરવાનું મને કદી પણ દિલ થયું નથી. તમને બધાંને આવા કાગળ લખી વ્યક્ત થવાનું પણ તમે બધાં મારી સાથે સાધનાના હેતુથી સંકળાયાં, તેવાં નિમિત્તકારણને લીધે જ એની કૃપાથી બને છે.

*કરાંચી,* *હરિ:ૐ* *તા. ૨૩-૪-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

ક્યારે થશે દિલથી દૂર પ્રભુ ! બળાપો ?
ક્યારે કરીશ મુજ બંધ તું આ લવારો ?
મારે કંઈ જ કરવાનું રહે ન બાકી,
એવી કૃપા મદદ માગું પ્રભુ ! હું તારી.

સંવાદી જીવન બની શકશે શી રીતે
હુંથી ? મને સમજ તેની પડે ન સ્હેજે,
ઉત્ક્રાંતિ મારી કરવી, કરું યત્ન તે હું,
હું પ્રાણી નિર્બળ, કશું મુજથી બને શું ?

મારું પ્રભુ ! સ્ખલન થાય ઘણીય વાર,
ખાઉં હું લાત પણ ના સુધરી શકાય,
આવી દશાથી મુજને પ્રભુ ! તું ઉગાર,
તારે લઈ શરણ પાર મને ઉતાર.

(શિખરિણી)

મને કોઈ રીતે કહીં પણ નથી ગોઠતું જરી,
જવું ક્યાં ? હૈયાને કરું હું હળવું ક્યાં ? ક્યમ કરી ?
મને મારું કોઈ મન રીઝવનારું સ્વજન ના,
દિલાસો દેનારું સ્વજન પ્રભુ ! તું એક જગમાં.

મને ઊંચે ર્‌હેવા સતત મનને પ્રેર બળ તું,
નીચે જાયે મારી નજર કદી ના, એમ કર તું,

ધપાતું ર્‌હેવાજો હરદમ અગાડી મુજ થકી,
કૃપા એવી તારી પ્રભુ ! ઊતરજો હુંપર નકી.

* * *

ઘુમાતા ભાવોને મુજ હૃદયના મૂર્ત સ્વરૂપે,
ખડા કેવી રીતે પ્રભુ ! કરી શકું ? તું સમજ દે,
નથી સ્‌હેવાતું આ ઉરથી ગૂંગળાવાનું મુજથી,
હવે કોઈ રીતે તુજ રહમ દર્શાવ તું ચહી.

**સદ્‌ગુરુએ જ હાથ પકડ્યો**

પ્રભુકૃપાથી મને તો વિશ્વાસ છે, કે મારા સદ્‌ગુરુ મહારાજ જીવંત સમર્થ છે. એમણે જ મારો પ્રેમભાવ વડે કરીને હાથ પકડ્યો છે. તેઓએ જાતે પધારીને મને સાધનામાં દીક્ષિત કર્યો, તે પ્રસંગની રસિક કથા તમને આજ (ગયા કાગળમાંની બાબતને લીધે પ્રસ્તુત થતાં) ખુલ્લા થઈને લખું છું. મારે મીરાખેડી (પંચમહાલના દાહોદ તાલુકામાં) અંત્યજ સેવા મંડળની કાર્યવાહક સભામાં એક વખતે હાજરી આપવાને જવાનું હતું. તે દિવસે સવારની ફાસ્ટમાં દાહોદ જવાને માટે ટિકિટ પણ કઢાવી અને જ્યાં અંદર જવા જઉં છું, ત્યાં જ મારી દૃષ્ટિ એકાએક સદ્‌ગુરુની પર પડી. તેઓ પ્લૅટફૉર્મની બહાર એક ખૂણામાં શાંતપણે બિરાજેલા હતા. જેવી દૃષ્ટિ પડી કે તુરંત જ હું તો પાછો વળ્યો અને તેઓશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પ્રેમભક્તિથી કર્યા અને બહુ રાજી થયો. તેઓશ્રીએ હુકમ ફરમાવ્યો કે રેલવેની ટિકિટ મારે પાછી આપી દેવી. ઉમળકાથી મેં તો ટિકિટ પરત કરી દીધી અને મીરાખેડી નહિ આવી શકાય એવો તાર દાહોદ કર્યો. તે પછી તેઓશ્રીને ઘેર આવવાને

પ્રાર્થના કરી. તેઓ ઘેર પધાર્યા. મસ્તીમાં શી  કૂદાકૂદ કરે અને આમથી તેમ નાચે ! નડિયાદની નરખી પોળમાં અમે ત્યારે રહેતાં હતાં. ત્યાં ખડકીમાં ઉપર એક નાનકડી મેડી હતી ત્યાં તેમને બેસાડ્યા. તેઓ નડિયાદ પધાર્યા તે તો મારી પોતાની આંતરિક પ્રાર્થનાના ભાવ વડે કરીને પધારેલા હતા. સાબરમતી નદીમાં એલિસબ્રિજથી ટાઉનહૉલ જતાં જમણા હાથ બાજુએ પુલની શરૂઆતમાં નીચે સાધુઓનાં જે રહેઠાણ છે, ત્યાં તેઓ પડી રહેતા. ત્યાં તેમની સંગાથે ચાર દિવસ રહેવાનું બનેલું. ત્યારે નીકળતી વખતે તેઓશ્રીને માનસિક પ્રાર્થના કરેલી કે 'મારાથી તો પરિસ્થિતિ અને સંજોગ મૂકીને આપશ્રીની પાસે રહી શકાય તેવી શક્યતા નથી. આપ પોતે કૃપા કરીને નડિયાદ પધારી શકો, તો જ આપશ્રી દ્વારા કંઈક લાભપ્રાપ્તિ થઈ શકે.' અહીં 'લાભપ્રાપ્તિ' એટલે શું તેની યોગ્ય સમજણ તે કાળે તો કશી પ્રગટેલી ન હતી, પરંતુ તે સમયે તેવી પ્રાર્થના કરી હતી, તે તો ચોક્કસપણે યાદ છે.

### અશક્ય માગણી

તેઓ મેડીમાં બેઠા કે તરત તેમણે મને કહ્યું કે 'હું તને સાધનામાં દીક્ષિત કરવાને આવ્યો છું, અને તે માટે એક મોટું મકાન જોઈએ.' મેં તો ત્યારે અચંબો પામીને કહ્યું કે 'બાપજી, હું તો ગરીબ છું. મારે કશી કોઈ મોટા મોટા માણસોની ઓળખાણ પિછાણ નથી અને એવી લાગવગ પણ નથી કે જેથી કરીને કોઈક એવા મોટાનું મકાન મેળવી શકું.' તેઓ તો આવેશમાં આવી જઈને કદાચ મને મારી પણ બેસત, પરંતુ હું જરાક આઘો ખસી ગયો. તેમણે મને કહ્યું કે 'તું તો ગધેડો

છે. તારામાં કશી અક્કલ નથી. સાવ બુધ્ધુ છે.' એવું એવું કેટલુંયે બધું ઉચ્ચાર્યું હશે ! પછી તો તેઓ પાછા બોલ્યા કે 'મોટું મકાન જોઈએ, એટલું જ માત્ર બસ નથી, પરંતુ તે એકાંત જગામાં પણ આવેલું હોવું જોઈએ.' 'અરે! પ્રભુ ! અહીં જ્યાં મોટું મકાન જ મેળવી શકવાની શક્યતા નથી, ત્યાં વળી એકાંત જગાની તમે પાછા વાત કરો છો !' એવું મનમાં બોલું છું, ત્યાં તો તે પાછા ભભૂકી ઊઠ્યા અને બોલ્યા કે 'એક મોટું મકાન જોઈએ, અને તે પાછું સંપૂર્ણ એકાંતમાં હોવું જોઈએ. એટલું જ નહિ પરંતુ પાસે એક જળાશય પણ હોવું જોઈએ. એવું મેળવીને જલદી જલદી મારી પાસે તું પાછો ચાલ્યો આવ.'

આવું કેવી રીતે મેળવવું તેની મને તો કશી પણ શક્યતા કે સૂઝ પડી શકતી ન હતી. એટલામાં તો મારે કામે જવાનો સમય થયો. તેઓશ્રીને મેં તે માટે પ્રાર્થના કરી અને સંમતિ મેળવી. મારી બાને તેઓશ્રીની મેં ભાળવણી કરીને હું તો મરીડા ભાગોળે શાળાનાં કામે જવાને નીકળ્યો.

## સજ્જન કાસમ સાહેબ

રસ્તે જતાં જતાં રોજ મારે વહોરવાડમાંથી પસાર થવાનું હતું. આપણે બધા વિદ્યાપીઠમાં રહેલા, એટલે તે સંસ્કારને કારણે હિંદુમુસ્લિમ એકતાનો ભાવ પણ જાગેલો ખરો. તે ભાવથી પ્રેરાઈને રોજ જતાં જતાં વહોરવાડના એક પ્રતિષ્ઠિત સજ્જન કાસમ સાહેબને હું રોજ 'અસ્સલામો અલયકુમ્' ભાવથી નિયમિત રીતે કરતો. અને મારે રોજ ત્યાંથી જવાનો સમય મિનિટે મિનિટનો પૂરી રીતે નિયમિત હતો, એટલે તેઓ

પણ દરરોજ પોતાના મકાનના ઓટલા ઉપર મારી રાહ જોતા ઊભા રહેતા. તેમને હું પ્રેમથી સલામ ભરતો અને તેઓ પણ તે રીતે પાછી વાળતા. આવો અમારો અતૂટ નિયમ હતો, પરંતુ આજે તો 'એક મોટું મકાન, એકાંત જગા અને પાસે જળાશય !' એ જ વિચારસરણીમાં મારું મન ડૂબી ગયું હતું. તે કારણથી કરીને હાજી કાસમમિયાં સાહેબ ઓટલા ઉપર ઊભા રહ્યા હતા, તોપણ તેમને મેં જોયા નહિ, અને વીસેક ડગલાં આગળ ચાલ્યો ગયો. રોજની સલામ ભરવાના અભ્યાસને કારણે ત્યાં જ સલામની સ્મૃતિ જાગી તેથી પાછો ફર્યો, અને કાસમમિયાં સાહેબ પાસે આવીને તેમને સલામ ભરવાનું ચૂકી ગયો, તે માટે તેમની ક્ષમા પણ માગી. ત્યારે તેઓ બોલ્યા કે 'અલ્યા ! તું આજે કયા વિચારમાં ડૂબી ગયો છે ?' મેં કહ્યું કે 'મારે ઘેર એક ઑલિયા સાહેબ પધાર્યા છે.' તો તેમણે કહ્યું કે 'એ તો તારા સારા નસીબની હકીકત છે.' પરંતુ મેં તેમને કહ્યું કે 'એટલાથી જ પતતું નથી. એ તો એવું એવું માગે છે, કે જે કદી પણ મેળવી ના શકું.' ત્યારે તેમણે મને કહ્યું કે 'તું બરાબર માંડીને મને બધી હકીકત કહે તો ખરો !' તે પછી મેં તેમને બધી વિગતવાર હકીકત કહી સંભળાવી.

## મારો બંગલો લે

તેમણે કહ્યું કે 'અરે ! ભગત ! તું મૂંઝાય છે શા માટે ? આપણો એક મોટો બંગલો ડભાણને રસ્તે છે અને તે એકાંત જગામાં છે. તેની નજીકમાં વસ્તી પણ નથી અને પાસે જ રામ તલાવડી પણ છે. જા, તે તને વાપરવા આપું છું, લે આ

તેની કૂંચી લઈ જા, અને તારા ઑલિયાને તે બંગલામાં રાખજે.' આ મકાનની તો મને ખબર હતી. શ્રી ઇંદુલાલભાઈના સમયમાં ત્યાં જ હરિજન આશ્રમ ચાલતો હતો અને ત્યાં ઘણો સમય હું રહ્યો પણ હતો. આવું મોટું મકાન, એકાંત જગા અને જળાશય તેઓશ્રીના માગવા પ્રમાણે જ મળી ગયાં, તેથી કેટલો બધો આનંદ મને પ્રગટેલો, તે તમને કેવી રીતે સમજાવી શકું અને વર્ણવી શકું ?

## ભાવના અને સંયમ

મને તો દોડીને એકદમ મારા ગુરુમહારાજ પાસે જઈને તેમને પગે પડી જવાનું દિલ થયું, પરંતુ તે કાળે પણ કર્તવ્યનું ભાન જબરજસ્ત હતું, તેથી તેવી પ્રગટેલી ભાવનાનાં પૂરથી પણ તણાઈ જવાનું માંડી વાળીને મળેલાં કર્મમાં જ પ્રયાણ કરવાનું રાખ્યું. મરીડા ભાગોળે જઈ, કામથી પરવારી કરી, પાછો ઘેર આવ્યો, ત્યારે તેમને ગદ્ગદ ભાવથી પ્રણામ કર્યા અને બનેલી બધી હકીકત કહી સંભળાવી. તે પછીથી તેઓને લઈને તે મકાનમાં રહેવાનું રાખ્યું હતું અને ત્યાં મને તેઓશ્રીએ સાધનામાં દીક્ષિત કર્યો.

## સદ્ગુરુની અપાર કરુણા

આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી તો ઊંડી પડેલી છે, કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા, તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. આવી તેમની સહજ કરુણાનો અદ્ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

## સ્થૂળ કરતાં સૂક્ષ્મનું વિશેષ મહત્ત્વ

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી, અને રાખવાનું દિલ થયું હોત, તોપણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી. જોકે પ્રભુકૃપાથી મારા સદ્ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશાં બન્યા કરેલું છે, અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપામદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રીસદ્ગુરુનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ અને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા અને તે રામ તલાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે, પરંતુ વારંવાર તે સ્થૂળ તીર્થસ્થાનમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તે તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી. સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું અને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાનભાન સાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું.

## નિરાકાર ભાવની યથાર્થ પ્રાર્થના

કોઈ જીવને પોતાના સદ્ગુરુનો આવો પ્રત્યક્ષ સાકાર ભાવ ના પ્રગટી શકે, એટલે કે મૂર્તિમંત તે ના થઈ શકે, તેમ છતાં કોઈ લાગણીથી કે ભાવનાથી પ્રાર્થના થાય તો તેની યથાર્થતામાં શક્યતા ખરી કે નહિ. તે વિશે વિચારતાં સમજાય કે પહેલાં તો લાગણી કોઈ ને કોઈ પ્રસંગથી કરી કાં તો પ્રગટે, કોઈ

આઘાત પ્રત્યાઘાતથી પ્રગટે અથવા તો જેનું અવલંબન લીધેલું છે, તેનું સ્મરણ થવાથી પ્રગટે, અથવા તો કોઈ મુશ્કેલી, દુઃખ કે એવું પ્રગટતાં તેમાંથી કંઈક હળવાશ મેળવવાને પ્રાર્થના કરવાનું દિલ થાય અને તેવા દિલમાંથી લાગણી પ્રગટે, પરંતુ પ્રાર્થના જે પ્રગટે તેમાં યોગ્ય સંવેદન પ્રગટવા માટે તેનાં મૂળમાં લાગણી અને ભાવના પ્રગટેલી હોવી જોઈશે. જે જીવે જેનું અવલંબન લીધેલું છે, તે અવલંબન પરત્વેનું જો તેનું દિલ જાગેલું હોય તો તેના પરત્વેની લાગણી, ભાવના, ભક્તિ વગેરે પણ તેનામાં ભલે તે સાકાર રૂપના પરિણામમાં ના પ્રગટતી હોય એટલે કે સદ્ગુરુની મૂર્તિ તે નિહાળી શકતો ના હોય, તેમ છતાં તેવા અવલંબનના ભાવનું વ્યક્તત્વ કોઈ ને કોઈ રીતે તેના વર્તન તરીકે પરખાઈ જવું ઘટે છે, તો તેવી તેવી લાગણી અને ભાવના યથાર્થપણાની ગણી શકાય, અને લાગણી કે ભાવના યથાર્થપણાની હોય, તો તેની પ્રાર્થના યથાર્થતાવાળી ગણાય.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૩૦-૪-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

બધાંને કો કોનો જગ જરૂર આધાર દીસતો,
એકલો તેથી તો મુજ પર રહી હું નવ શક્યો,
કૃપાથી તારી તે મુજ હૃદયમાં એમ ઊગિયું,
ઢળાયું છે ત્યારે તુજ પદ હાવાં લે શરણ તું.

* * *

હૃદે તારું નિત્યે ભજન કરવા પ્રેમ તુજ દે,
હૃદે રંગી દેજે તુજ રતિમહીં તાત! મુજને,
સદાયે ભાવોના નિરમળ પ્રવાહે મુજ થકી
નવાજો, લેવાજો હૃદયમહીં આસ્વાદ મનથી.

* * *

ભલે લોકો નિંદે, જગતની કર્યે એમ પરવા,
ધપાશે એ રીતે તુજથી ડગલું એક પણ ના,
રહેશે જો ઢીલો જગ તુજ પરે સ્વાર બનશે,
સકંચેથી એના છટકવું પછી દુર્ઘટ થશે.

* * *

ગમ તેવી હોતાં દુઃખદ સ્થિતિ મારી ત્યમ છતાં,
ન છોડાજો હુંથી ધીરજ વળી સંતોષ દિલમાં,
કશો ત્યારે હુંમાં કંઈ પણ નહિ ફેર પડજો,
રહેવાજો હુંથી સમરસ દશામાં સહુ, પ્રભો!

* * *

મહામાયા તારી ક્યમ કરી પ્રભુ ! હું જીતી શકું ?
મહા ભારે ભારે ઋષિ જનતણું ચાલ્યું ન કશું,
હિસાબે એ જોતાં જન પરમ હું પામર જ છું,
છતાં જે કૈં થાયે મુજથી કરતો તેવું સઘળું.

* * *

હશે જો કૈં મૂડી મુજ પતિતની, માત્ર પ્રભુ ! તું,
ચલાવ્યા જેથી હું જીવન વહેવારો મુજ કરું,
ભિખારીની પાસે કંઈક મળતાં ગર્વ કરું હું,
બચાવી લેજે તું, કરગરું, મને તેથી પ્રભુ ! તું.

## દરિયામાં ચાલ્યા જવાની આજ્ઞા

પ્રભુની કૃપાથી સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમ-ભક્તિપૂર્વક કેટકેટલા ભાવના ઉમળકાથી પાલન કરતો, તેના બે પ્રસંગો સારી રીતે તમારી જાણમાં છે, કેમ કે તમે મારી સાથે કરાંચીમાં જ હતા.

ત્યાં કરાંચીમાં રહેતો ત્યારે રોજ ક્યાંક ને ક્યાંક ફરવા જવાનું કર્યા કરતો હતો. એકવાર સવારમાં દરિયા કિનારે લાંબે સુધી ફરવા જવાનું બન્યું. તે સમયે શ્રીસદ્‌ગુરુ મહારાજની આજ્ઞા દરિયામાં ચાલી જવાની મને થઈ. સ્થૂળ રીતે તો તેઓશ્રી ત્યાં હાજર ન હતા, પરંતુ દિલમાં તેઓએ પ્રગટ થઈને તેવી આજ્ઞા ફરમાવી હતી. આ કંઈ માત્ર ભ્રમણાનો પ્રસંગ નથી અથવા તે ગાંડપણ હતું એમ પણ નથી. શ્રીસદ્‌ગુરુ મહારાજની પ્રત્યક્ષ હાજરીનું ભાન થતાં, તેનું જ્ઞાન પણ મને પ્રગટ્યું હતું. એમણે મને દરિયામાં ચાલી જવાનો હુકમ કર્યો કે તુરંત પ્રેમભક્તિના ઉમળકાથી તેનું પાલન કર્યું. છેક મોઢા સુધી દરિયાનાં પાણી આવ્યાં, ત્યાં સુધી એકમાત્ર સદ્‌ગુરુનાં ચરણકમળે પ્રાર્થનાનો જીવતોજાગતો ભાવ પ્રગટેલો રહ્યા કર્યો હતો. તેટલું અને તેવું ભાન તે કાળે હતું. તે આજ પણ તાદૃશ્ય છે. તે પછી શું થયું તેની કશી ખબર નથી. કરાંચીના આપણા કિલફ્ટનના બંગલાથી ક્યાંયે દૂર કેટલે આઘે દરિયાનાં પાણીથી દૂર ફેંકાઈ જઈને શરીર પડી રહેલું હતું, અને શરીર પરનાં કપડાં ભીંજાયેલાં હતાં. જાગ્યો ત્યારે તે ખૂબ પાણીથી લદબદ થયેલાં ન હતાં, એટલે ધાર્યું કે થોડોક સમય શરીરની બેભાન અવસ્થામાં ત્યાં પડ્યા રહેવાનું બન્યું

હશે ! શરીરનું ભાન પ્રગટતાં ઊઠીને ચાલવા માંડ્યું અને તે પછી બંગલે આવ્યો. કપડાં પણ બધાં પલળેલાં હતાં, તે જોઈને તમે બધાંએ બહુ પૂછપરછ પણ કરી હતી.

## અહીંથી નાગો ચાલ્યો જા

બીજા પ્રસંગની હકીકત એવી છે, કે પહેલાં હું રમજાન મહિનામાં રોજા કરતો હતો. કરાંચીમાં પણ તેમ કર્યું હતું અને ઈદને દિવસે ઈદગાહના મેદાનમાં, જ્યાં હજારો મુસલમાન ભાઈઓ એકીસાથે નમાજ પઢે છે, ત્યાં જવાનું મને ઘણી ઘણી આતુરતાથી દિલ થયું. ઘરમાં બધાંએ કહ્યું કે 'આવા તમારા ધોતિયું, પહેરણ અને ટોપી સાથેના વેશથી ત્યાં હાજર રહેવાનું થતાં મુસલમાન ભાઈઓ કદાચ તમને કંઈક કરી બેસે તો ?' બધાંએ તે બાબતનો ભય પણ ઘણો બતાવ્યો અને મને વારવાનું કર્યું, પરંતુ મારે તો જવું હતું જ. એટલે મોટર લઈને તે સ્થળે પહોંચી ગયો. નમાજની જગાએ હજારોની સંખ્યામાં મુસલમાન ભાઈઓ એકઠા થયેલા હતા. તેઓ નમાજ પઢતાં પઢતાં જે રીતે નીચે નમતા અને ઊભા થતા અને ઘૂંટણીએ ઢળતા, તેમ તેમ હું પણ કરતો, પરંતુ હું તો મારા દિલમાં મારા અંતરથી દિલની પ્રાર્થના કરતો. તે બધું પૂરું થયું અને બધાં વિખૂટાં પડવાં માંડ્યાં, ત્યાં મને સદ્‌ગુરુનાં સહસા દર્શન થયાં. હું તો ત્યાં જ ગદ્‌ગદ ભાવે પગે પડ્યો. તેમણે મારી પીઠ થાબડીને માથા પર હાથ મૂકી હુકમ કર્યો કે 'અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા.'

## આજ્ઞાપાલનનો અમૂલો પ્રસંગ

મને સાચેસાચ દિલમાં લાગી ગયું કે 'હવે તો આ ખરેખરી પળ આવી લાગી. આ પળ ચૂક્યા તો ખરી અણીની વેળા

ચૂક્યા. આ પળ જ પ્રેમભક્તિથી તે આજ્ઞા પાળવાની સાચી પળ હતી. દેહનું મમત્વ, દેહની મડાગાંઠ અને દેહ પરનો સંકોચ, તે બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને સંપડાવ્યો. તે જ ઠેકાણે જો મારાં કપડાં કાઢીને હું, ભીમજીભાઈને (ડ્રાઈવરનું નામ) સોંપી દઉં, તો તે તો મને તેમ ના કરવા દે અને મને મોટરમાં ઊંચકીને મૂકી દઈ ક્લિફ્ટનના બંગલે જ લઈ જાય. એટલે આપણે બંગલે કોઈ કોઈ વાર મલબારના વતની શ્રી કલ્યાણપુર આવતા, અને તેમને આવા માર્ગ પરત્વે કંઈક અભિરુચિ પણ ખરી, એટલે તે ભાઈ મારા આવા પ્રકારના આજ્ઞાપાલનને કદાચ બરાબર સમજી શકશે એમ જાણીને તેમને ત્યાં બેસવાનું બહાનું કાઢીને મોટરને ત્યાંથી રવાના કરી દઈશ અને મારાં કપડાં વગેરે બધું તે ભાઈ કલ્યાણપુરને સોંપીને હું ત્યાંથી ચાલવા માંડીશ,' એમ વિચારી મોટરને કલ્યાણપુરને ત્યાં લઈ જવાની સૂચના કરી. પછી ભીમજીભાઈને કહ્યું કે 'બાપુ (શ્રી પરસદભાઈ) અને બધાંને કહેજે કે હું કલ્યાણપુરને ત્યાં છું. ત્યાંથી નિરાંતે આવીશ. મારી કશી ફિકર ના કરે અને બધાં જમી લે.'

### મહેબૂબનો હુકમ

તે પછી મોટર તો વિદાય થઈ ગઈ. હું દાદર પર ચડીને શ્રી કલ્યાણપુરને ત્યાં ગયો. કલ્યાણપુર મળ્યા. તેમને મેં જણાવ્યું કે 'આજે તો પરમ સૌભાગ્યનો અને સદ્ભાગ્યનો સૂરજ ઊગ્યો છે. મને મહેબૂબનો હુકમ મળ્યો છે અને તેનું મારે

પ્રેમભક્તિથી પાલન કરવું છે.' તેમને મેં કેવો હુકમ હતો, તે કહી સંભળાવ્યો. ત્યારે તો તે પણ ગભરાઈ ગયા. 'ના, ના, અહીં નહિ, અહીં નહિ,' એમ બોલી ઊઠ્યા, પરંતુ મેં તેમને શાંત પાડીને સૂચવ્યું કે 'તમે ખાલી ખાલી ગભરાઓ નહિ. તમે નીચે રસ્તા ઉપર આવો. તમારા ઘરથી થોડેક આગળ જઈને હું મારાં કપડાં તમને ઉતારી આપું છું. તે બધાં કપડાં લઈને સાઇકલ પર કિલફ્ટનના બંગલે જજો. બાપુને (પરસદભાઈને) તથા બધાંને મારી આ હકીકત જણાવજો અને કોઈ જરા પણ ગભરાય નહિ. હું નિરાંતે બધે ફરતો ફરતો ઘેર જરૂર આવી પહોંચીશ. માત્ર ક્યારે ઘેર પહોંચી શકીશ, તે ચોક્કસપણે ના કહી શકું.'

## અદ્‌ભુત ભાવમસ્તી

પછી મારાં બધાં જ કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરને મેં સોંપી દીધાં. જેવાં કપડાં ઉતાર્યાં કે તરત જ શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારનાં ભાવ અને મસ્તી પ્રગટ્યાં અને તેનો આવેશ અને જુસ્સો એટલો બધો પ્રચંડ હતો કે જમીન પર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો જ હોઉં, એવું મને લાગ્યા કરતું હતું. થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યા કરતું હતું, પરંતુ તે ચાલ્યા કરવાના ભાન કરતાં, કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં અંતરથી ત્યારે પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ પર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, તે ખ્યાલ

આદછોપાતળો છે. ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે તે ગોરા સાર્જન્ટે 'સાંઈબાબા, ઈદ મુબારક !' એમ બોલી સલામ ભરી હતી. તેટલું જ પાર્થિવ ભાન મને પ્રગટ્યું અને પાછું વિલીન થઈ ગયું.

## ગુરુનું વહાલ

તે પછીથી ચાલતાં ચાલતાં ગવર્નરના બંગલા પાસે આવ્યો, ત્યાં શ્રીસદ્‌ગુરુ પોતે ઊભા હતા. તેમણે મને છાતી સરસો ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું બરાબર યાદ રહી ગયું છે. તેમણે મને રોજા તોડવાને માટે પાંચ રૂપિયાની રકમ પણ આપી. આ પછી પાછું બધું જ ભાન જતું રહ્યું, અને વળી પાછું ચાલવાનું શરૂ થયું, તે કેવે કેવે રસ્તે થઈને ચાલવાનું થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી કિલફ્ટનનો આપણો બંગલો બસો એક ફૂટ આઘો હશે, ત્યારે શરીરનું ભાન પ્રગટ્યું અને ત્યાંથી ખૂબ મોટે મોટેથી બૂમો મારીને મારાં પહેરવાનાં કપડાં મંગાવ્યાં હતાં. તે વખતે તમે કરાંચીમાં આપણે ઘેર જ હતા. એટલે આ હકીકત તમને પણ પ્રત્યક્ષ યાદ છે. ઘેર મારે વિશે કેવી કેવી વાતો થઈ હશે અને શું શું ચર્ચાયું હશે, અને મારે માટે કેવી ચિંતા થઈ હશે, તે તમે ત્યાં જ ત્યારે હતા તેથી જાણો છો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૫-૫-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભો ! અંતર્યામી ! હૃદય મુજ જાણે, ત્યમ છતાં,
બકાવે છે શાને ? ગરીબ પર તારી કર કૃપા,

પ્રભો ! હેતુ તારો નવ કળી શકાયે મુજ થકી,
રહેવાને દેજે, બળ સમ મને સૌ સ્થિતિમહીં.

* * *

અરે! જ્યાં ત્યાં મેં તો બહુ જ રગડાયા પ્રભુ ! કર્યું,
જગે દીઠું મેં તો પતિત જનનું એક પ્રભુ ! તું,
પ્રભો, હારી તેથી તુજ શરણ આવ્યો હું ઠરવા,
કૃપાદૃષ્ટે જો જો મુજ પર, બનું મુગ્ધ તુજમાં.

* * *

સદા લાગી ર્‌હેજો સતત સુરતા તારી મનમાં,
તદાકારે વૃત્તિ સ્થિર થઈ રહેજો તું પદમાં,
થવાશે ક્યારે ક્‌હે, મુજથી તુજમાં એક હૃદયે ?
કૃપા ક્યારે એવી તુજ ઊતરશે મારી પર તે ?

* * *

મને પાપી મારું મન કરવતું ખેલ અવળા,
પૂરું સ્વચ્છંદી છે, નવ સમજતું, તું કર કૃપા,
હવે યાચું એને તુજ પ્રણયથી મુગ્ધ કરીને,
પૂરેપૂરું તારાં પદકમળમાં લગ્ન કરી દે.

* * *

કમાવી લેવું છે ધન પરમ કલ્યાણ પથનું,
મને જેથી વચ્ચે કંઈ નવ નડે કોઈ રીતનું,
કદી એકે એળે ક્ષણ પણ જવા હું નહિ દઉં,
સદા મારે કામે સતત વળગીને રહી શકું.

* * *

થયેલું મેલું જો ! મુજ મન, પ્રભુ ! સ્વચ્છ કરી દે,
હંમેશાં રહે લાગી તુજ રઢ મને એમ કરી દે,
તને ભારે સેવ્યા મુજ થકી કરાજો હૃદયથી
હૃદે થાજો તારું પ્રભુ ! રટણ ને ચિંતવન હુંથી.

**સંપૂર્ણ શરણાગતિની ભૂમિકા**

જે માત્ર તમારી હાજરીમાં બનેલા સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાપાલનના બે પ્રસંગો કરાંચીમાં બન્યા હતા, તે જ આગળના કાગળમાં ટાંક્યા છે. આવા તો કેટલાય પ્રસંગો જીવનમાં છે. આ બે પ્રસંગો ટાંકવાનું કારણ તો એ છે, કે તેના તમે પ્રત્યક્ષ હાજરાહજૂર જીવંત સાક્ષી છો. મારા જીવનમાં સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવાના જે જે પ્રસંગો છે, તે બધા આશ્ચર્ય પમાડી શકે એવી રીતના છે અને સામાન્ય માણસની બુદ્ધિ તો તેને સાચા તરીકે માની ના શકે એવા છે. આ તો તમે જાતે જ હાજર હતા, અને બેધડક પ્રેમથી તેનું હકીકતપણું તમે પોતે કહી શકો છો, એટલે જ મેં તમને લખ્યા હતા. જીવનવિકાસની ભાવનાને આકાર પમાડવાને કાજે મનમાં આમ કે તેમ કોઈ પણ પ્રકારના વિચાર ના જ પ્રગટી શકે એવી પ્રેમભક્તિની ભાવનાથી તેનું પાલન થાય, તો સંપૂર્ણ શરણાગતિ પ્રગટવામાં તે ઘણો મોટો ભાગ ભજવી શકે છે.

**શ્રદ્ધા**

શ્રીસદ્‌ગુરુની આજ્ઞાના પ્રેમભક્તિપૂર્વકના પાલનમાં જીવનનું કલ્યાણ છે, એવાં મને આજે પણ જ્ઞાનપૂર્વકનાં દૃઢ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છે. ખરેખરી શ્રદ્ધા પ્રગટેલી તો તેનું

નામ કે જેમાં શંકા, સંશય, વિચાર કે કશાને સ્થાન નથી. જે શક્તિ ભાવનાની ભૂમિકામાં પૂરેપૂરા તદાકાર રખાવી શકે અને તેમાં પૂરેપૂરા પરોવાયેલા રહેવાનું જેમાંથી કરીને બને, તેવું બળ તે શ્રદ્ધાનું બળ છે. શ્રદ્ધાનું બળ આપણને સીધેસીધા આરપાર કરાવી દે છે. એવા પ્રેમભક્તિપૂર્વકના આજ્ઞાના પાલનમાંથી જ આવી અણમોલ શ્રદ્ધા પ્રગટી શકે છે.

## ગુરુની પ્રસન્નતાની પ્રસાદી

આવી રીતે જ્યારે પ્રેમભક્તિથી સદ્‌ગુરુની આજ્ઞાનું આપણે પૂરેપૂરું પાલન કરીએ છીએ, ત્યારે સદ્‌ગુરુને આપણે માટે તેના દિલમાં જે ઉમળકાનો સંતોષ પ્રગટે છે, તેવો સદ્‌ગુરુનો આપણા પરનો પ્રગટેલો દિલનો સંતોષ તે આપણા જીવનનું પરમ કલ્યાણ નિપજાવનાર છે, તે પણ મારે દિલથી એક સાચેસાચી હકીકત છે. આવા પ્રકારના આજ્ઞાપાલનથી તેઓ મારા પર ખૂબ ખૂબ રાજી થયા હતા અને સંતોષ પામ્યા હતા, તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ મને બે બહુ મોટા કરંડિયાઓ આપ્યા તે છે. એક મોટા કરંડિયામાં જુદી જુદી જાતની મીઠાઈઓ ભરેલી હતી અને બીજા મોટા કરંડિયામાં જુદા જુદા પ્રકારનાં ફળો અને સૂકો મેવો હતાં. સામાન્ય રીતે રવિવારે અમે બધાં ક્યાંય બહાર જતાં નહિ, પરંતુ એક રવિવારે મને કરાંચી શહેરમાં આવેલી શાક માર્કેટ કે જ્યાંથી હું રોજ શાકભાજી ખરીદતો, તે શાક માર્કેટમાં જવાનું દિલ થયું, પરંતુ નાની બહેન તો મારી મશ્કરી કરીને મને કહે કે ‘તમને તો પેલા તમારા સાંઈબાબા બોલાવતા હશે !’ એમ કરીને મને તે દિવસે શહેરમાં તેણે જવા દીધો નહિ. તે દિવસે

શ્રીસદ્‌ગુરુની હાજરીનું ભાન આખોયે દિવસે રહ્યું હતું. બીજે દિવસે સવારે સિંધિયા સ્ટીમ નૅવિગેશનની ઑફિસમાં બધાંને મૂકીને મોટર લઈને હું શાક માર્કેટમાં ગયો. પૈસાનું પાકીટ ઑફિસમાં જ રહી ગયું હતું. રોજ ને રોજ એક જ દુકાનેથી શાક લેવાનું રાખતો, એટલે શાકવાળા ભાઈએ બધું જોઈતું શાક મને આપ્યું. જ્યાં હું દરવાજેથી બહાર નીકળું છું, ત્યાં જ શ્રીગુરુમહારાજ પોતે ઊભા હતા. તેમનાં દર્શન થતાંવેંત જ હૃદયમાં એટલો બધો પ્રેમનો ફુવારો ફૂટ્યો કે મારાથી તેમને સજ્જડ વળગીને ચોંટી જ જવાયું. તેઓશ્રીએ પણ મને બહુ જ પ્રેમથી ચૂમી લીધો હતો. પછી મને કહ્યું, 'ગઈ કાલે તારી કેટલી બધી રાહ જોઈ ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે લાવ્યો હતો, તે આખરે તારા નામ પર મેં ખેરાત કરી દીધા. હવે, આ બે મોટા કરંડિયા મેં તારે માટે રાજી થઈને પ્રસાદ તરીકે આણેલા છે, તે તું લઈ જા.' મોટરમાં તો માય તેવા ન હતા, એટલે મજૂર કરાવીને લઈ ગયો હતો. તમે પણ તે સમયે કરાંચીમાં મારી સાથે હાજર હતા, અને આ પ્રસાદ ચાખવાની તમે મઝા માણી હતી, તે પણ તમને યાદ છે. તે પ્રસાદ કેટલા બધા દિવસ ચાલ્યો હતો ! અને કેટલાં બધાંને વહેંચ્યો પણ હતો !

## ધ્યાનમાં સદ્‌ગુરુનાં દર્શન

આ પ્રસંગ જે દિવસે બન્યો, ત્યારે બાપુએ (લેખકના વડીલે) મને કહ્યું કે 'તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પાઈ કરીને તેમને વિદાય આપીએ.' પરંતુ તે હાલ ક્યાં હશે અને ક્યાં રહેતા હશે તેની તો મને કશી

ખબર હતી જ નહિ. આ બાબત પૂછવા કરવાનું કદી પણ મને દિલમાં ઊગી શકેલું નહિ. એટલે બાપુએ મને જણાવ્યું કે 'તું ધ્યાનમાં જઈને શરીરનું ભાન જતું રહેવાની અને એકમાત્ર ચેતનમાં જ એકાગ્રભાવ થવાની પળ પ્રગટે અને તેનું ભાન જતું રહેવાની અણી પર હોય, તે જ પળે તેઓશ્રી ક્યાં છે તે પ્રકારનો સંકલ્પ હૃદય આધારમાં ધારણ કર એટલે તેઓશ્રી ક્યાં છે, તે તને આપમેળે જણાઈ આવશે. પછીથી તેમને તું તેડી લાવજે.' પ્રભુકૃપાથી થયેલી સૂચનાનો સ્વીકાર કરવાનો અભ્યાસ તો ઘણા લાંબા વખતથી ચાલ્યો આવતો હતો. (આજે પણ કોઈ કંઈ સૂચના કરે છે, તો તેનું પાલન કરવાનું બની જતું હોય છે, તે તમારાં બધાંની જાણની હકીકત છે.) એટલે આપણે તો મંડ્યા ધ્યાન કરવા, અને ધ્યાનમાં તદાકારપણું પ્રગટતાં પ્રગટતાં શરીરની બેભાન થવાની લગોલગની અણીની પળે તેઓશ્રીના સ્થળના ભાવ વિશેનો સંકલ્પ હૃદયાધારમાં એની કૃપાથી મૂકવાનું બની શક્યું હતું અને તેઓશ્રીની કૃપાથી તેમનાં દર્શન કરાંચી શહેરથી બહુ દૂર છેક દરિયાને કિનારે કિનારે તેઓ ચાલ્યા કરતા હતા, તેવી તેમની ગતિમાન સ્થિતિમાં મને થયાં હતાં. મેં તેમને ત્યારે ચા પીવા આવવાનું ભાવભીની નમ્રતાથી કહ્યું. તેમણે પોતે તે સાંભળીને કહ્યું કે 'જો, તારે મને ચા જ પાવો છેને ? તો લે, આ હું ચા પીવું છું,' એમ કહી પોતે ચા પીવા લાગ્યા હતા, એમ પણ મેં ધ્યાનમાં જ પ્રત્યક્ષ જોયું. આવાં દર્શનની હકીકત ધ્યાનસ્થ સ્થિતિ ગયા પછી શરીરના ભાનમાં આવતાં મેં તમને બધાંને કહી સંભળાવી હતી, તે તમને હજી પણ બરાબર યાદ છે એમ માનું છું.

## સંસ્કારનાં જુદાં પરિણામ

આ બધું તમને લખવાનું કારણ તો એ છે, કે ધ્યાનથી પણ કેવી કેવી શક્યતાઓ પ્રગટી શકે છે, એ તમારા ખ્યાલમાં આવી શકે. આ જીવથી સાધનાનાં ક્ષેત્રમાં તેના વાસ્તવિકપણાથી જે જે કંઈ પ્રભુકૃપાથી બન્યું છે, તે બધું બહુ સચોટ છે અને જ્ઞાનના પ્રદેશનું બહુ ઉચ્ચકક્ષાનું જ્ઞાનાનુભવનું સ્ફુરણ કરાવનારું છે, તે તમને નિઃસંકોચપણે હેતુપૂર્વક લખું છું. તમે કરાંચીમાં મારા જીવનના કેટલાય આવા પ્રસંગો જાતોજાત અનુભવ્યા છે, તે જ કારણથી પ્રેરાઈને તમને આ માર્ગે પ્રવેશવાનું દિલ થયું હોય. તમે મને આ માર્ગે દોરવાની ખાસ વિનંતી કરી હતી, તે પણ તમને યાદ હશે જ. મારા જીવનની સાધનાની ઉચ્ચતર અને ઉચ્ચતમ કક્ષાના અનુભવો અને તેવા પ્રસંગો બીજાં સ્વજનોએ પણ નથી જાણ્યાં એમ નથી. વળી, હજી પણ જીવનવિકાસના હેતુ અર્થે બીજાં સ્વજનો મળવાનાં છે ખરાં. આવા પ્રકારના અનુભવોના સંસ્કાર આપણામાં સદ્‌ગુરુ પરત્વેની સાચેસાચી પ્રેમભક્તિ પ્રગટેલી નહિ હોવાથી અને જીવદશાવાળી આપણી મનાદિકરણની સ્થિતિ હોવાથી તેવા નિષ્ઠા પામેલા આત્માના જીવનના અનુભવના કે વ્યક્ત થવાના પ્રસંગોના સંસ્કાર આપણામાં જે પડે છે, તેનો યોગ્ય ઉઠાવ યોગ્ય રીતનો પ્રગટી શકતો નથી. અહીં ‘પ્રગટી શકતો નથી.’ એનો અર્થ તો એ, કે એવા પ્રસંગના સંસ્કાર તો પડે ખરા, પરંતુ તેવા સંસ્કારને ટાંકણે જે જીવનું દિલ પ્રેમભક્તિથી રંગાયેલું છે તેવું દિલ તેવા સંસ્કારને તે ઝીલે છે, અને બીજો એક પ્રકારનો જીવ જે હજી જીવદશામાં છે, તેવાનું દિલ પણ

તે પ્રસંગના સંસ્કાર તો ઝીલે છે, પરંતુ તે બંનેના દિલમાં પડેલા સંસ્કારનું ઉદયવર્તમાન થવાપણું પ્રગટશે ત્યારે તેવા પ્રગટેલા સંસ્કારોનું પરિણામ બંનેના જીવનમાં જુદા જુદા પ્રકારનું હોવાનું.

*કરાંચી,* *હરિ:ૐ* *તા. ૧૧-૫-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(જે કોઈ પ્રેમઅંશ અવતરે-એ ઢાળ)

વસ્તુ એ અણમોલી હૃદયની, વસ્તુ એ અણમોલી,
હે મનવા ! હરિજનને ઉર ઠરે.
સર્વે જન નવ માણી જાણે સાચી પ્રીતિ ઉરે,
જળથી કાઢ્યે દાદુર જીવે, ટળવળી મત્સ્ય જ મરે.
હે મનવા !૦
હોય દુઃખ પ્રીતિમાં તદપિ, હરિજન મન નવ લહે,
ચકોર ભાવે અગ્નિ ખાયે, અવર ન મન તે ચહે
હે મનવા !૦
ચાતક સ્વાતિ જળ વિણ ઝૂરે, ટેક ન ચૂકે મર્યે,
પતંગ જાણે મૃત્યુ થાશે, તદપિ દીપકે ઠરે.
હે મનવા !૦
જેમાં પ્રીતિ જેની ચોંટી તેનું મન ત્યાં ઠરે,
મધુકર કોરી કાષ્ઠ શકે ને ઠરી કમળે જઈ મરે.
હે મનવા !૦
વ્યસની જે જન જેનો હોયે, તે મળતાં દિલ ઠરે,
અવર ચીજ અણમોલી આપ્યે મન સંતોષ ન ધરે.
હે મનવા !૦

દેખાદેખી જે જન કરશે અધવચ કુટાઈ મરે,
જગમાં સઘળાં હાંસી કરશે, અંતે દુઃખને વરે.
હે મનવા !૦

## સદ્‌ગુરુએ ધોધ વાળ્યો

પ્રભુકૃપાથી આ માર્ગમાં જવા માટે મને તો કોઈ પણ પ્રકારની તમન્ના કે જિજ્ઞાસા જુવાનીની છેક શરૂઆતમાં તો પ્રગટેલી ન હતી. તે માટેની કશી ઝંખના પણ ન હતી, પરંતુ જેમ ભૂગર્ભમાં પેટ્રોલ હોય છે, તો જ તેમાંથી તે નીકળી શકે છે, તેવી રીતે મને દેશની સેવા પ્રત્યે ભારે ધૂન હતી અને તે પણ અત્યંત ગરીબાઈ હોવા છતાં. બીજે ઠેકાણે સારી આવકની નોકરીની જોગવાઈ પૂરેપૂરી થઈ શકે એમ હતું તે છતાં, સેવાનાં ક્ષેત્રનાં કામમાં જ વળગી રહેલો હતો, એટલું જ નહિ પરંતુ ગરીબાઈની તંગીની ભીંસથી અથવા તો મારી બા મને તેને કારણે મહેણાંટોણાં મારે અને તેથી કરી લાગણીવશ થઈ જવાય તેથી કદાચ બીજી નોકરી સ્વીકારી લઉં એમ લાગવાથી હાથમાં ગંગાજળ લઈને જિંદગીભર સેવા કરવાનું જ વ્રત લીધું હતું, કે જેથી વધારે પૈસા કમાવાની લાલચમાં પડી શકાય નહિ, તે તો આગળ લખ્યું જ છે. મતલબ કે મારામાં કોઈ એક ક્ષેત્ર પરત્વેની ખરેખરી પ્રમાણિકતા અને વફાદારીવાળો ભાવનાનો ધોધ હતો જ. તે ધોધને ગુરુમહારાજે સાધનાનાં ક્ષેત્રમાં વાળી આપ્યો. જે ક્ષેત્રનું આપણે કામ કરવાનું છે, તે ક્ષેત્રનું તે કામ કરવા માટેની આપણી લાયકાત પણ હોવી જોઈશે. લાયકાત વિના કંઈ કશું બની શકવાનું નથી. એ લાયકાત કેળવી પણ શકાય છે, પરંતુ તે ત્યારે જ બની શકે કે જ્યારે આપણાં મન

અને દિલ તે પરત્વે ખરેખરી ભાવનાથી વળેલાં હોય અને મન અને દિલ વળેલાં હોય, તો તે પણ કંઈ જણાયા વિના થોડાં જ રહે ?

## સદ્‌ગુરુની લાલ આંખ

મારે તમને બધાંને નાસીપાસ તો કરવાં નથી, પરંતુ મારે તમને આપણે બધાં કેવાં છીએ, તેનું ભાન તો પ્રભુકૃપાથી કરાવવું જ જોઈએ. આપણે જે કામ હાથમાં લીધું છે, તે કરવાની ખરેખરી દાનત, ખંત, ઉદ્યોગ, તે પરત્વેનો ઉત્સાહ વગેરે વગેરે દાખવતાં આપણને હું ના જોઉં, ત્યારે શું મારે હાથ જોડીને બેસી રહેવું ? જે રસ્તે જવાનું છે, તેનું જ ભાન તમને બધાંને ભૂલી જતાં જોઈને મારું ચાલે તો તમારે ગળે ટૂંપો દઈને પણ તમને તે ભાન પ્રગટાવું. ખરી રીતે તો તમારે બધાંએ પોતે જાતે થઈને આવી બાબતમાં જાગ્રત થવું ઘટે અને ચાનક પ્રગટાવવી જોઈએ. તે તે બધું ના થતું હોય, ત્યારે જો હું તમારાં બધાં પર લાલચોળ આંખ કરું, ત્યારે તમે તો ઊલટું મારા પર દોષ ઢોળો છો. અરે ! જો ખરેખર મારું ચાલે તો ધગધગતો લોઢાનો લાલચોળ રસ તમારાં બધાં પર ઢોળું, કારણ કે આપણે બધાં આપણી જાતને છેતરી રહેલાં છીએ, તે મારાથી કદી પણ સહ્યું જતું નથી. પ્રભુકૃપાથી મેં મારી જાતને પુરવાર કરી આપીને તમારાં બધાં આગળ ખુલ્લી મૂકેલી છે. કોઈકને ત્યાં આપણે નોકરી રહ્યા હોઈએ અને જો તે કામ બરાબર ના કરીએ, તો શું તે આપણને એમ ને એમ બેસાડી રાખશે કે ? તે તો તરત જ વિદાય કરી દેશે. ત્યાં તે કંઈ તમારી ભૂલો અને દોષો સહન કરી લેશે નહિ. અમે તો સાફસાફ

ચોખ્ખે ચોખ્ખું કહીએ છીએ કે કર્મની બાબતમાં અમે કંઈ કશું આડુંઅવળું કોઈનું સહી લઈશું નહિ. જો તમને ખરેખરી મારા પરત્વે ભાવના કે પ્રીતિ પ્રગટેલી હશે, તો તેનાથી પ્રેરાઈને પણ તમે યોગ્ય થવાને મથી શકશો. ઊલટું મને પોતાને તો તેનાથી કરીને તમારી મારા પર પ્રીતિ અને ભાવના કેવી અને કેટલીક છે તે પણ મને પ્રભુકૃપાથી સમજાઈ જવાનું છે. તમે બધાં જે કામને માટે આવ્યાં છો, તે કામ જ જો કરી ના શકતાં હોવ, તો પછી ખાલી ખાલી વેશ કાઢવાનો અર્થ શો ? અને ખાલી ખાલી બકરીનાં આંચળની પેઠે વળગવાનો પણ શો અર્થ ? માટે, હવે તો કૃપા કરો.

## પ્રકૃતિ અને સ્વભાવ સુધારો

જો આ માર્ગે વળવાનું કરવું હોય, તો તમારા રોજિંદાં કર્મવહેવારમાં, વર્તનમાં, સંબંધમાં, સંપર્કમાં, વાતચીતમાં જે તે બધાંમાં આ માર્ગ પરત્વે વળવાની દાનતની ભાવના પરખાઈ આવવી જોઈશે. અરે! માણસને ટ્રેન પકડવાની હોય છે, તો તે પણ તૈયારી કરે છે. એટલે આપણાં બધાંની આ માર્ગ પરત્વેની તૈયારી થતી જો હું નીરખી શકું તો તો હું જરૂર રાજી થાઉં. તમે જો તમારા ખરેખરા દિલથી, તેવી ભાવનાથી અને તેવા વર્તનથી મને પૂરેપૂરો સંતોષ આપશો, તો તો હું તમારી પર ન્યોછાવર થઈ જઈશ. જે કોઈ જીવ પોતાના સદ્‌ગુરુને પોતાના જીવનથી કરીને દિલમાં દિલથી સંતોષ આપે છે, તેનો બદલો તેને પૂરેપૂરી રીતે બેવડો, તેવડો, ચોવડો મળી રહે છે. આ મારો પોતાનો જાતઅનુભવ છે. અને આગળ કરાંચીના પ્રસંગમાં તે વર્ણવ્યો પણ છે. આ માર્ગે જેવા તેવા અધકચરા

અને અધવચલા, કંઈ પ્રાણ વિનાના પ્રયત્નથી કશું વળી શકવાનું નથી. મારા પર એટલી તો તમે બધાં કૃપા કરો, કે તમારાં પ્રકૃતિ અને સ્વભાવનાં યદ્વાતદ્વાપણાથી મને ત્રાસ ના આપો. એક તો આપણે હજારગણા દોષ કરીએ અને આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ બિલકુલ ઠેકાણાં વગરનાં હોય અને તેના કારણે સદ્‌ગુરુનાં કર્મને તેથી આપણે યદ્વાતદ્વાપણે કરતાં હોઈએ અને તે બગડે ત્યારે તે આપણને સારી પેઠે ઠબકારે, ત્યારે આપણું મન 'તે આપણને અન્યાય કરે છે,' એવું વિચારાવે છે. આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ અને તેના યદ્વાતદ્વાપણાને, તેનાથી પ્રગટતી ગેરવ્યવસ્થાને અને તેનાથી થતાં કર્મના નુકસાનને તો આપણે વિચારવાનું નેવે જ મૂકી દઈએ છીએ, અને દોષનો ટોપલો તો પેલાને માથે જ નાખી દઈએ છીએ.

## તમારા પર જ પાછું આવશે

અરે, અમે તો પ્રભુકૃપાથી કહીએ છીએ અને તે સાફ સાફ કહીએ છીએ કે નરક ઢોળશો, તો તેનાથીયે વધારે નરક મળવાનું છે, અને જે જે જેવું આરોપણ કરશો તે બધું દ્વિગુણિત, ત્રિગુણિત થઈને આપણને જ પાછું મળ્યા કરવાનું છે. એટલે તમે પોતે જ વિચારજો કે શું આપવું અને શું ના આપવું. આ કંઈ ડર બતાવવાને લખેલું નથી, પરંતુ જેમ જે સાચી હકીકત છે, તેમ તે સ્પષ્ટ જણાવવાને લખેલું છે. માટે, ચેતવું હોય તો હજી પણ ચેતજો. હું જે પ્રેમભક્તિ માગું છું, તે તમારા પોતાના હિતને ખાતર. મારે પોતાને તેની જરા પણ પરવા નથી, પડી પણ નથી અને જરૂર પણ નથી. કૃપા

કરીને મારી સાથે રહેવાનું જો કરવું હોય, તો આપણે બધાંએ પળેપળ ચેતતું રહેવું જોઈશે. આવા પ્રકારની જાગ્રતિ જ્યારે હું સાધનાનું કામ કરવાને નીકળેલા જીવોમાં જોતો નથી, અને તેમ છતાં તે લોક 'સાધનાને પંથે છીએ' એમ માને છે, ત્યારે તેમના એવા દંભને ફિટકારવાને મારા સર્વ પ્રકારના જોમથી હું પ્રયત્નવંત થતો હોઉં, તો તેને હું ભગવાનની કૃપા સમજું છું. સાચો ભાવનાવાળો અને પ્રેમી તો એનું નામ કે સામો આપણા પરત્વે આમ જે વર્તે છે, તેનું મૂળ કારણ તો આપણામાં જ હોવું જોઈએ એમ જુએ. તે જો તપાસવાનું રાખીશું અને વિચારવાનું કરીશું તો તે આપોઆપ જડી આવશે. કૃપા કરીને જુઓ કે આપણે બધાં મળેલાં છીએ તે હવે બહુ ઘોર્યાં. એલાર્મ વાગે છે તોયે જાગી શકતાં નથી. એટલે ઢંઢોળીને ઉઠાડવાં પડે છે, ત્યારે પેલા ઉઠાડનારનો દોષ તમે કાઢો છો. અરે ! ભાઈસાહેબ ! આ ક્યાંનો ન્યાય ? જે કામ આપણે માથે લીધું હોય તે કામ પરત્વેની ખરેખરી દાનત, પ્રમાણિકતા અને વફાદારીની પરીક્ષા થતી રહેવાની જ. આ માર્ગમાં માથે હાથ મૂકી બેસી રહ્યે ચાલવાનું નથી. ઝટ દઈને એમ પોકારી નાખ્યેથી નહિ ચાલે કે 'ના, અમારાથી તો સુધરી નહિ શકાય.' ભલેને તે ક્ષણિક આવેશથી બોલાયું હોય, પરંતુ અમને તેવું બોલવાપણામાંથી તે તે જીવના સત્ત્વની અને તેના આધારની તૈયારી સમજાઈ જાય છે. જેમ કોઈ વેપારીને ત્યાં જમા થયેલી રકમ પણ અને ઉધાર રકમ પણ કોઈને માત્ર 'જવા દો' એમ કહ્યે છૂટી જઈ શકતી નથી તેમ. જે કોઈ જીવ સદ્‌ગુરુ કને ગયો હોય અને તેવા જીવે તેને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા હોય,

તો તેવો જીવ તેવું માત્ર બકી નાખવાથી કંઈ સદ્‌ગુરુની ભાવનામાંથી અને તેના દિલમાંથી છૂટો થઈ જઈ શકતો નથી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૮-૫-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

દૃષ્ટિ વિશાળ કરજે, મતિ રૂડી દેજે,
ઉત્સાહ ને ઉર ઉમંગ વળી તું દેજે,
ઉદ્યોગ, ખંત મુજને તું અપાર દેજે,
શ્રદ્ધા ઊંડી તુજ પદે વળી પ્રેમ દેજે.

* * *

સંભાળજે પળપળે પ્રભુ ! રાંકને તું,
તારો પ્રભુ ! મુજ શિરે કર રાખજે તું,
એવી તને અરજ નિત્ય કર્યા કરું છું,
વિશ્વાસ છે તુજ પદે પ્રભુ ! રાખશે તું

* * *

સત્કાર્યમાં જ સ્થિતિ પ્રેમ મને તું દેજે,
એ એકલા વ્યસનમાં અનુરાગ દેજે,
એમાં જ કાળ મુજ સર્વ વ્યતીત થાજો,
એના વિના કહીં મને નવ ચેન હોજો.

* * *

હું કામ, ક્રોધ, મદ, મત્સર, મોહ, લોભ,
પાયે ધરું હુંપદ, તું પ્રભુ ! સૌ લઈ લે,
હૈયેથી દૂર જ થાજો મુજ એષણાઓ,
દે પ્રેમ અગ્નિ તુજ નામતણો બળે સૌ.

## તટસ્થતા, સમતા અને સાક્ષીભાવ

તટસ્થતા અને સમતાની ભાવનાને આપણે હજી બરાબર સમજી શકતાં નથી. એક તદ્દન સામાન્ય માણસને સમજાવવાનું હોય (બહુ ભણેલા માણસને નહિ) તો એમ સમજાવી શકાય કે જે જે વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના વગેરેના હુમલા પ્રગટે, ત્યારે તેની તેની સાથે તદાકાર અને તદ્રૂપ ના થઈ જવાય, અને જેના વડે કરીને તે તે બધાંથી અળગું રહી શકાય તેનું નામ તટસ્થતા અને સમતા. તટસ્થતા કરતાં સમતાનો ભાવ વધારે ઊંચી કક્ષાનો છે, અને તેનાથીયે વધારે ઊંચી કક્ષાનો ભાવ સાક્ષીપણાનો છે. આ બધાંનો અર્થ એવો નથી કે આપણે સૂકા લાકડાના જેવા જડ થઈ જવાનું છે. જોકે માનવી તેવો કદી કાળ થઈ પણ શકવાનો નથી, તે પણ સમજી શકાય તેવી વાત છે. તટસ્થતા, સમતા અને સાક્ષીભાવ જ્યારે જીવનમાં ઉત્તરોત્તર તેનાં ઉચ્ચતમ ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે તેનો રસ તો કોઈ અનેરા પ્રદેશનો છે.

## આપણી તૈયારી અને આપણા લબાચા

આપણે જે કામ કરવા નીકળ્યાં છીએ અને જે કામ કરવાનું છે, તેને માટે શી શી સામગ્રી જોઈશે, તે વિશે આપણે બધાં બુદ્ધિથી તડાકા તો ઠોકીએ છીએ, પરંતુ તે માટેની તૈયારી અને તે એકઠી કરવાની શક્તિ આપણામાં કેટલી છે, તે વિશે કૃપા કરીને વિચાર કરો. આપણી પાસે જે અણમોલ વસ્તુ હોવી જોઈએ, એ તો પ્રેમ છે, અને એ પ્રેમના તો ફાકા-(તંગી) પડે છે, તેમ જ આ માર્ગે જવાની જે જે બીજી સામગ્રી જોઈએ, તે તો આપણી પાસે છે નહિ અને તેની તૈયારી કરીને

એકઠી કરવાની ખરેખરી ઝંખના હું કોઈનામાં જોતો નથી. ત્યારે ભલાં! તમે આ માર્ગે નીકળવાનું કઈ રીતે કર્યું ? અને ધારો કે એમ ને એમ કર્યું અને કોઈ એમ કહે કે 'ત્યારે તો કશો વિચાર કર્યો ન હતો,' તો હવે તો વિચાર કરો ! જો આ માર્ગે જવું હોય, તો તે કંઈ એમ ને એમ નહિ જઈ શકાય. કેટકેટલા પ્રકારની તૈયારી કરવી પડે છે અને કેટકેટલી જાતની વસ્તુઓ સાથે હોવાની પણ જરૂર પડે છે ! તો કૃપા કરીને હવે તો જાગો, અને આ બધું એકઠું કરો, અને તમારા બધા લબાચા જે બધા વેરવિખેર પડેલા છે, તે ક્યાંના ક્યાંય ફગાવી દો. હજી તો તે બધા લબાચા, જે તદ્દન નકામા છે, તેને છાતીએ ચાંપી રાખવાનું કરો છો ! અરે ! આપણી મૂર્ખામીની તે કંઈ હદ છે ?

## સદ્‌ગુરુની સાચી સેવા

ધારો કે એક જીવે સાધનાનાં ક્ષેત્રમાં પડવાનું કર્યું અને તે પછી તેને પોતાને પોતાનું અસલ સાચું પોત પરખાયું, તો તેવી વેળા પેલો જીવ કહે કે 'ભાઈ, હવે તો રામરામ. આ માર્ગે આવવામાં મારી તો ભારે ભૂલ થઈ, મારી તેવી શક્તિ જ નથી.' તોપણ હવે તેનું કશું ચાલવાનું નથી, કારણ કે કોઈ, કોઈના દિલમાંથી ક્યાં જતો રહેવાનો છે ? ધારો કે એક સામાન્ય પ્રકારના જ આપણે જીવ છીએ અને આપણા દિલમાં કોઈ જીવને માટે રાગ, મોહ, લાગણી, મમતા વગેરે પ્રગટ્યાં છે, અને પછી તેવો જીવ આપણા સ્થૂળ સંબંધ, સંપર્ક વગેરેમાંથી નીકળી ગયો છે, તો શું તેનું અસ્તિત્વ આપણા દિલમાંથી નીકળી ગયું હશે કે ? તે આપણે બધાંએ વિચારવાનું

છે. મારી તમને બધાંને હૃદયની પ્રાર્થના છે, કે તમે બધાં મને પ્રભુકૃપાથી જો મળ્યાં છો, તો મને હવે ખરેખરો સહકાર આપો. મારું જીવનનું સ્વીકારાયેલું જે કર્મ છે, તે કર્મને ગૌરવવંતું પ્રગટાવવાને માટે તમે બધાં ઉત્સાહ, ખંત, કાળજી, વગેરે બધું નદીનાં પૂરની પેઠે દાખવો, તો તમે મારી સાચી સેવા કરી ગણાશે. તે સેવા પણ આપણા પોતપોતાના જીવનવિકાસના હેતુથી પોતાની ખાતર જ કરવાની છે, તે પણ નક્કી જાણજો.

## સદ્‌ગુરુનું કાર્ય

હું તો કોઈનું પણ કશું ઋણ ભગવાનની કૃપાથી માથા પર રહેવા દેતો નથી. અત્યાર સુધીના આટલા બધા સમય દરમિયાન તમે બધાંએ અનુભવ્યું છે, કે કોઈનાંયે લાગણી, ભાવના, ઉત્સાહ અને મને કરેલી મદદનો મેં પ્રભુકૃપાથી તેવા જ ઉત્સાહથી પ્રત્યુત્તર વાળ્યા કરેલો છે. મારો હજાર હાથવાળો સમર્થ ધણી મને કોઈનાયે ઋણમાં રહેવા દેતો નથી. કોઈનીયે કરેલી મદદથી કે સેવાથી આ જીવ કદી પણ લદાઈ જતો નથી. અથવા તો કોઈના પણ કરેલા ઉપકારથી તે આભાર વિવશ પણ થઈ જતો નથી. લેવું ને દેવું બંને પ્રક્રિયા સતત ચાલી રહેલી જ હોય છે. આજે તમને બધાં સ્વજનને છડેચોક કહું છું, કે 'પ્રભુકૃપાથી અમે જે લઈએ છીએ તેના બદલા તરીકે તો નહિ જ, પરંતુ ભાવનાના સામા પ્રતિભાવ તરીકે અમારો ભગવાન અમને તેમ તેમ કૃપાથી કરીને વર્તાવી શકવાને પૂરેપૂરો જીવતોજાગતો સમર્થ બેઠેલો છે. તમે ધારો કે સેવા ના કરી શકો, તોયે વાંધો નથી, પરંતુ તમે જે પ્રકારનું

અન્યથાપણું પ્રગટાવો છો અને મનમાં ને મનમાં દોષારોપણ કર્યા કરો છો, તેથી કરીને તમારું પોતાનું જ પતન થતું હોય છે, અને તે મને વિશેષ ને વિશેષ એટલું બધું વેદના ભર્યું સાલે છે ! અને તેથી તમને જાગ્રત કરવાને, ચેતાવવાને અને ફરીથી ભાવનામાં સજીવન થવાને પ્રભુકૃપાથી ઠબકારતો હોઉં છું.' વારંવાર હું તો તમને બધાંને કહું છું, કે 'તમે મારા પર કૃપા કરો, મહેરબાની કરો. જેની ને તેની હું તો મહેરબાની માગું છું. એવી રીતે મારા દિલની વ્યક્ત થવાની કળાના તમે બધાં નજરો નજર સાક્ષી છો. એનું સાચું તારતમ્ય શું છે, તે મેં તમને સમજાવ્યું છે. ધારો કે આપણે કોઈ પણ ઠેકાણે નોકરી કરતાં હોઈએ તો નોકરીનાં કામનું યદ્વાતદ્વાપણું શું આપણો ઉપરી અમલદાર ચલાવી લેશે કે ? અને જો તે ચલાવી લેતો હોય, તો તે યોગ્ય અમલદાર નથી.

## આપણી જડતા

આપણે નોકરીનાં કામમાં યદ્વાતદ્વાપણું દાખવતાં હોઈએ, તો આપણે આપણાં કામમાં યોગ્ય પ્રકારની ભાવના દાખવતાં નથી, તે ચોક્કસ છે. તેવો દોષ પણ આપણને હજી પૂરોપૂરો સાલતો પણ નથી અને વેદનાભર્યો ડંખતો પણ નથી, તે આપણી નરી જડતા છે. 'તેવું પણ ભાન જ્યારે ના પ્રગટી શકે તો શું ? તેના જવાબમાં મારે તો કહેવાનું છે, કે તો આપણાં બધાંથી જો પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવનું નિરીક્ષણ અને પૃથક્કરણ કરી શકાતું હોય, તો કૃપા કરીને કરી જોવું અને પછી સમજી લેવું. સાચી રીતે તેમ જો પૂરું કરી શકીશું, તો તે જણાયા વિના રહેશે નહિ.

## સદ્‌ગુરુને જ મહત્ત્વ આપો

સામાન્ય જીવનવહેવારમાં પણ જે કોઈની મદદ આપણા પોતાને માટે પણ જો આપણને જોઈતી હોય છે, તો તેના પરત્વેનું એક મહત્ત્વપૂર્ણ ભાન આપણને જીવતુંજાગતું હોય છે, એ તો સર્વ કોઈની સમજણ અને અનુભવની હકીકત છે. જીવનવિકાસને માટે જો આપણે પોતે થઈને જેને સ્વીકાર્યા હોય અને તેના પરત્વે જો આપણામાં ખરેખરાં ભાવના, સદ્‌ભાવ અને પ્રેમભાવ પ્રગટ્યાં હોય, તો તેનું પ્રત્યક્ષ ફલિત લક્ષણ તો એ છે, કે તેનાં કર્મમાં આપણું લક્ષ આપોઆપ પ્રેરાયા કરે. આપણાં પોતાનાં બધાં કામો મૂકીને તેનાં કર્મને વિશેષ ને વિશેષ પ્રથમ મહત્ત્વ આપણાથી આપવાનું બન્યા કરે. એટલું જ નહિ પણ આપણી પોતાની જાતને પણ વેગળી મૂકીને તેને જ જીવતુંજાગતું વિશેષ મહત્ત્વ અપાયા કરાય. વળી, આપણને તેને માટે પ્રેમભાવના થઈ હોય, તો તેનું પ્રત્યક્ષ લક્ષણ તો એ જ ગણાય કે તેના વચનનું યોગ્ય રીતે પાલન કરવાનું આપણને દિલ થાય અને તે કરવાની યોગ્ય રીત સૂઝે.

*કરાંચી* *હરિઃૐ* *તા. ૨૭-૫-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

મૂક્યો જાણે હોયે, ગિરિસમ મને ભાર હૃદયે,
કરે લાગ્યા એવું સતત, સમજું કારણ ન તે,
ઉપાડું શી રીતે? કરવું ગમતું ના કશું મને
થવાયું આવું શેં મુજ થકી હશે સૂનમૂન જે?

આપણું પણ આવું જ થઈ ગયેલું છે ખરુંને ?

હ્દેથી કેમેયે હઠતી નથી બેચેની, કરું શું ?
મને કો બાજુથી મળતું નથી આશ્વાસન કશું,
એકલો જાણે છું જગતમહીં આધારવિણ હું,
અરે ! આવી વેળે તુંય નવ થતો બેલી મુજ શું ?

આ કડી પણ બરાબર આપણને બંધબેસતી છે.

મને કોઈ રીતે હૃદયમહીં ના ચેન પડતું,
અને ક્યાંયે લાગે ઠીક નવ કશું, ક્યાં જઈ ઠરું ?
અરે ! જાણે ખાવા ધસતું મુજને હોય સઘળું
બધે એવું ભાસે, ક્યમ કરી હાવાં ધીરજ ધરું ?

આ તો મનદિલનું પ્રતિબિંબ જ પાડે છે એમ નથી લાગતું ?

અરેરે ! હું જેવો અવર જન પાપી નવ હશે,
હજી વૃત્તિ મારી પ્રભુ ! ન થતી તલ્લીન ચરણે,
પ્રભુ, હુંથી મારો કદીય પણ ઉદ્ધાર ન થશે,
નહિ જો આવે તું મદદમહીં, મારું કથળશે.

* * *

જગે ઢીલાને સૌ જહીં તહીં પ્રભુ ! નિત્ય પજવે,
અરે ! શો દેવો ત્યાં કંઈ પણ ઘટે દોષ જગને ?
મને વીતી વીતી મુજ શિર પરે ટાલ પડવી
રહી છે શું બાકી ? કંઈક કરતાં જો મુજ ભણી.

* * *

મને ક્યારે તારે પદકમળ રાખી ઠરવશે ?
વળી ક્યારે મારી હૃદયની તૃષા તું છીપવશે ?

મને વિદ્યા તારી પ્રભુ ! તું ગૂઢ ક્યારે શીખવશે ?
કહે ક્યારે તારું પરમ સુખ આનંદ મળશે ?

* * *

મને મૃત્યુનો શો ડર સતત માથે લટકતો !
કૃપાથી તારી કૈં મન હૃદયમાં તે દૃઢ થયો,
સદા એનું નિત્યે સ્મરણ પ્રભુ ! કેવું રખવતો !
મને રાગી વૃત્તિ નડતર કરે તેથી ન બહુ.

## એકમાં જ રત રહેવું

'મારા જીવનના કેટલાક તબક્કામાં કે ગાળામાં બધી જ બહારથી આવતી અસરોને મારામાં પેસતાં હું અટકાવી શકું છું. અને કેવળ 'શક્તિ', 'બળ'માં રહી શકું છું.' આમ, પ્રખ્યાત રૂસી નર્તિકા એસેડોરા ડંકન પોતાના પુસ્તક 'My Life' (મારું જીવન)માં લખે છે. એને નાદ લાગ્યો હતો નૃત્યનો. નૃત્યને એ કેટલી હદ સુધી sublimate કરી શકી હતી, દિવ્ય ભૂમિકામાં પલટાવી શકી હતી, તે તો હજી જાણ્યું નથી. મેં તો માત્ર ઉપલું જ લખાણ વંચાતું સાંભળ્યું, તે તમને લખ્યું, પરંતુ એટલું તો નક્કી છે, કે જો કંઈ કશાનો નાદ આપણે લગાડવો હોય, તો તેમાં એકધારું સતત રચ્યાંપચ્યાં રહ્યા ના કરાય અથવા એવી મનની સ્થિતિ પ્રગટી ના જાય, ત્યાં સુધી આપણે પૂરેપૂરાં ફાવી શકવાનાં નથી. કોઈક એમ કહેતું હોય કે આવું કરતાં કરતાં પણ આપણે બધાંમાં વાકેફ રહેવાનું છે અને બધાંમાં રસ રાખ્યા કરવાનો છે, તો તેઓ તેમ ભલે કરે. તેમને તેવું બધું ભલે મુબારક હો, પરંતુ મને પોતાને તો મુદ્દલે

ગેડ બેસી શકતી નથી. હા, એવા કોઈક અપવાદરૂપે હોઈ શકે ખરા. આપણે તેવા અપવાદરૂપ નથી. આપણા જેવા સામાન્ય માનવી માટે એકમાં જ એકરાગ થવાપણું પ્રગટે એ જ ઉત્તમ હકીકત છે અને ઉપાય છે. જેટલા જેટલા સંતભક્ત વિશે જાણ્યું છે, તેમના જીવનની બાબતમાં પણ એકમાં જ એકાગ્ર અને કેંદ્રિત રહેવાનો તેમનો અભ્યાસ અને અનુભવ- તે તો જાણીતા છે. બહારની બધી અસર ના લાગવા દેવા માટે પણ એકમાં જ પૂરેપૂરા ખરી રીતે ઉત્તમ ભાવનાથી રહેવાયા કરાશે, તો જ તે શક્ય બનવાનું છે. એકમાં રત રહેવાતાં રહેવાતાં અને એવો જીવંત અભ્યાસ અંતરનાં કરણોનો પ્રગટી જતાં બહારથી આવનારી અસરથી આપણે એકદમ ચોંકીને તે જ પળે જાગ્રત થઈ શકતાં હોઈએ છીએ. તે વિના બહારની અસરને તો શું, પરંતુ બીજા જે આડાઅવળાં વિચાર, વૃત્તિ, લાગણી, વાસના વગેરે વગેરેના હુમલા આવે છે, તેને ટાળી શકવાને પણ આપણે કદી શક્તિવાળાં થઈ શકવાનાં નથી. જીવતાજાગતા ભાવનાત્મક અભ્યાસ વિના તેવી જાગ્રતિ પ્રગટવી પણ શક્ય નથી. ચેતનયુક્ત જાગ્રતિને સાધનાનું હૃદય ગણેલું છે. જ્યારે સાધનાનાં કર્મમાં એવું હૃદય પ્રગટે છે, ત્યારે જ સાધનાની ભૂમિકાના પ્રદેશનું ખરેખરું કામ થવા માંડતું હોય છે. માટે, કૃપા કરીને હવે ચેતો અને અભ્યાસમાં વારંવાર મનને વાળો. મન તો કેટલું બધું ક્યાં ક્યાં રખડે છે ! અને તમને તેનું ભાન પણ પૂરું જાગતું નથી. અને વારે વારે મારે તમને ટકોરવું પણ શું ? આવા ટકોરવાનો અર્થ પણ શો ?

## સદ્‌ભાવ છતાં એકરતતા

જગતનો પ્રેમભાવ તો, જીવનવિકાસની સાધનાના ભાવમાં જેમ જેમ એકરત થતા જઈશું, તેમ તેમ આપણને મળો કે ના મળો તેની આપણને પરવા રહે નહિ અને રહેવી પણ ના ઘટે. બીજાં સંતભક્તોનાં જીવનચરિત્રો વાંચી જુઓ. જગતે તેમની અવગણના કરેલી છે, અને તેમની કદરભક્તિ તો બહુ જ થોડા જીવોએ દાખવેલી છે. બધાંનો પ્રેમભાવ લેવાને જે કોઈ ભટકે છે, તેનાથી આ માર્ગનું કશું વળી શકવાનું નથી. આપણે તો એકમાત્ર એનો પ્રેમભાવ મેળવવો છે. તેમ છતાં આપણે કોઈની અવગણના પણ કરવાની નથી. આપણે તો સમજી સમજીને સજીવ ચેતનવંતો પ્રયત્ન કરી કરીને બધાંની પરત્વે સદ્‌ભાવ, પ્રેમ, સુમેળ, સહાનુભૂતિ, ઉદાર અને વિશાળ દિલ વગેરે વગેરે દિલના ભાવો-અને તે પણ આપણી પોતાની ખાતર જ - કેળવ્યા કરવાના છે, તે પણ સાધના જ છે. એ તો સાધનાનું હજી પ્રથમ પગથિયું છે. આટલું પણ જો પરિપૂર્ણતાથી, તેની યોગ્યતાથી અને તેવા ભાવથી કરી શકીશું, તો ભગવાન આપણને અનેકગણું આપણા પર વારી વારી જઈને આપ્યા કરવાનો છે, તેવો મારા જીવનનો અનુભવ તમારી આગળ મૂકું છું. આપણા પોતાના મનને સંતોષ, શાંતિ, પ્રસન્નતા વગેરે જીવતાંજાગતાં રહે, એવા આપણા ભાવાત્મક વર્તનની પણ આવશ્યકતા છે. આવી હકીકત વારંવાર કહેવી પડે છે, કારણ કે તે પ્રકારનું વર્તન હું હજી આપણાં બધાંમાં પ્રવર્તેલું જીવતુંજાગતું અને તેવા પ્રકારનો દેકારો દેતું અનુભવી શકતો નથી. અને ચેતાવવાને માટે તો વારંવાર મારે કહેવું પણ પડે.

## બીજાને સુધારવાની ચિંતા

બીજાને સુધારવાની ફિકર-ચિંતા આપણે મૂકી દેવાની છે. બીજાની સેવા કરવાનો અને બીજાને સુધારવાનો ઈજારો લઈને જો આપણે ફર્યાં કરીશું, તો આટલું તો સમજો કે જે આપણે જ હજી સુધરેલાં નથી, તે બીજાને શું સુધારી શકવાનાં છીએ ? સેવા કરવાની ધૂન તો ઉત્તમ છે, પરંતુ સેવા કરવા માટેનો અધિકાર જોઈશે. સેવા કરવાની ભાવનામાં પણ આપણે માણસોની સાથે સંબંધમાં, સંપર્કમાં આવવું પડે છે. આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ જ્યાં સુધી દ્વંદ્વાત્મક છે અને અનેક પ્રકારના રાગદ્વેષથી તે ભરેલાં છે, તેવા પ્રકારનાં પ્રકૃતિ અને સ્વભાવથી સેવા કરવા જતાં સર્વ જીવોની સાથેના સંબંધમાં અને તેવા પ્રકારનાં કર્મમાં પણ (તેવા પ્રકારનું કર્મ પણ આપણાં પ્રકૃતિ અને સ્વભાવ વડે કરીને તે બધું થતું હોવાથી) રાગદ્વેષ જન્માવતાં રહીશું, ભેદ વધારતાં રહીશું અને સંઘર્ષણ વધારીશું. આપણો હેતુ ભલેને ઉત્તમમાં ઉત્તમ હોય, પરંતુ આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ ઉત્તમમાં ઉત્તમ નહિ હોવાથી એટલે કે રાગદ્વેષથી મોકળાં થયેલાં નહિ હોવાથી આપણાં પોતાનાં જ રાગદ્વેષાત્મક પ્રકૃતિ અને સ્વભાવ તેવા જ પ્રકારનાં કૂંડાળાં રચવાનાં છે, તે નક્કી જાણશો. આપણે બંને તો સેવાનાં ક્ષેત્રમાં હજી અત્યાર સુધી હતા, અને તે સેવાનાં ક્ષેત્રમાં આપણે ઘણા સમય સુધી કામ પણ કરેલું છે. સેવાની ખરેખરી સાચી યોગ્ય ભાવના જો પ્રગટેલી હોય, તો તેથી કરીને તો ભેદ ઘટે, કદાપિ વધે નહિ અને પરસ્પરનાં દિલનો સુમેળ પ્રગટતો રહે. આવા પ્રકારની ભાવનાત્મક સેવાથી સમાજની ભાવના પણ ઊંચી દશામાં જરૂર પ્રગટી શકે.

## મહાત્મા ગાંધીજીનું અરણ્યરુદન

પરંતુ તે કરવા માટે પ્રથમ તો આપણે આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવને તેની સાત્ત્વિક ભાવાત્મક સ્થિતિમાં પ્રગટાવવાની ઘણી ઘણી જરૂર છે. આજકાલ તો જે તે કોઈ સેવાનો ઝંડો લઈને સમાજમાં ઘૂમ્યા કરે છે. મહાત્મા ગાંધીજી તો ઘણીયે વાર શુદ્ધિ, શુદ્ધિની બૂમો પાડ્યા કરે છે, પરંતુ તેમનું સાંભળે છે કોણ ? અને તે તો કહે છે, કે 'સ્વરાજ આવશે ત્યારે જો શુદ્ધિ નહિ પ્રગટી હોય, તો તે આપણે પચાવી શકીશું નહિ.' શુદ્ધિની અનિવાર્યતાની હકીકત તે બાંગ પોકારી પોકારીને સમાજ આગળ મૂકે છે, પરંતુ સાંભળે છે કોણ ?

## સ્વ-સુધારણા અને યોગ્ય સેવાકાર્ય

ખરી રીતે તો સેવા, પ્રકૃતિ અને સ્વભાવને કેળવવાને એટલે કે તેને સત્ત્વગુણની પ્રતિષ્ઠામાં પ્રગટાવવાને માટે આપણે કર્યા કરવાની છે. સત્ત્વગુણની પ્રતિષ્ઠા પણ સતત એકધારું જીવતુંજાગતું ચેતનવંતું ભાવનાનું અનુશીલન અને પરિશીલન જ્ઞાનપૂર્વકનું, હેતુના જ્ઞાનભાન સાથેનું થયા કરતું હોય તો જ પ્રગટી શકે છે. આવી સેવા તે સાચી સેવા છે, એમ મને લાગવાથી હું તો આપણા હરિજન સેવક સંઘનો સભાસદ હતો તે પણ છૂટી ગયો હતો. મહાસભાનો ચાર આનાનો સભ્ય પણ કદી થયો નથી. રચનાત્મક સેવાનાં ક્ષેત્રમાં હતો ખરો, પરંતુ સેવાનું યોગ્ય જીવંત ધોરણ મારા પોતાનામાં જ પ્રગટાવવાને પ્રભુકૃપાથી મથાયા જવાનું બની શકતું હતું. આવા પ્રકારની ધૂન હોવા છતાં મારા હાથ પરનાં લીધેલાં કર્મમાં કદી પણ યદ્વાતદ્વાપણું પ્રગટેલું નથી, એટલું જ નહિ પરંતુ મારાં

કર્મથી આપણા સાથીઓમાંથી કોઈને પણ મારાં કર્મ પરત્વે અને મારે માટે પણ અસંતોષ પ્રગટ્યો હોય એવું મારી જાણમાં નથી અને તે હકીકત તમે પણ જાણો છો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૬-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

શિરે બેઠો છે તું, ફિકર પછી શી હોય મુજને ?
નચિંતે હું મારે રહીશ વળગી કામ પર તે,
બીજી વાતે મારું ખરચી ન દઉં લક્ષધન જે,
છતાં આડી જાતાં મનગતિ, મને રક્ષ પ્રભુ ! તું.

* * *

શિરે બેઠો છે તું, ફિકર પછી શી હોય મુજને ?
જતાં આડો સૂ્હેજે પ્રભુ ! બચવજે ચેતવી મને,
સદા તે વિશ્વાસે તુજ, જીવી રહ્યો છું જીવનમાં,
લજાવાનો મારે કંઈ વખત આણીશ પ્રભુ ના.

* * *

ગણે કોઈ છો ના દિલ પ્રભુ ! દયાવંત તુજને,
મને તો લાગે છે, હૃદય કરુણાની તું મૂરતિ,
હતે જો ન્યાયી તું ફક્ત, પછી બસ પાપી મુજ સમો
પડ્યો ના ખાડે કાં ? તુજ તરફ તે કેમ વળિયો ?

* * *

કૃપાથી બાળી દે પ્રભુ ! તું અપરાધો મુજ બધા,
જીવાતું ર્હેવાશે નહિતર નહિ તે વિણ કદા,

મને પ્‌હેલાં મારી જરૂર મુજ કૂચો તું કરજે,
પૂરો મારી નાખી જીવન નવું દેજે તું મુજને.

* * *

પ્રભુ ! તારું પ્રેમે હૃદય કરી હું ચિંતવન શકું,
વળેલું તો તો તે મન વિષયથી ખેંચી શકું હું,
બડાશો છોડી દે ખલ બગ થશે હંસ કદી ના,
અશ્રદ્ધા કાં લાવે ? થતું શુભ કરેલું અફળ ના.

**પ્રાર્થના**

આવી આવી પ્રાર્થનાઓ દ્વારા આ પ્રકારના ભાવનો પુરુષાર્થ કરતાં કરતાં મારા વહાલા પ્રભુને હંમેશાં હું તો દિલમાં દિલથી યાચ્યા જ કરતો હતો. પ્રભુકૃપાથી એવો પ્રચંડ ભાવનાત્મક પુરુષાર્થ થતો હતો કે તેના પ્રેરક કારણના બળ વડે કરીને જ તે પ્રાર્થનાઓમાં આર્તનાદ અને આર્તભાવ પ્રગટી શકતો. એવું બને છે, ત્યારે જ પ્રાર્થના સંભળાતી હોય છે. બુદ્ધિની કલ્પનાના કોરા ઉડ્ડયનથી થયેલી પ્રાર્થના જીવન-વિકાસનાં ક્ષેત્ર માટે યોગ્ય ઉપયોગની નીવડી શકતી નથી, તે નક્કી જાણશોજી. દિલમાં દિલથી દિલનો ભાવ પ્રગટાવવાને માટે તેવા પ્રકારના પુરુષાર્થની તેટલી જ આવશ્યકતા છે.

**દુકાનની નોકરીની ઉમેદવારી**

આજે હું તમને મારો એક બીજો નાનપણના જીવનનો પ્રસંગ ટાંકું છું. (પંચમહાલ જિલ્લાના) કાલોલમાં ત્યારે ગુજરાતી નિશાળમાં ભણતો હતો. હજુ ૭મું ધોરણ પણ પૂરું થયું ન હતું અને ગરીબાઈની તંગીની ભીંસ તો એટલી ભારે સાલતી ! મને

એમ થયું કે 'ચાલને, હવે કમાવા માંડીએ, તેથી કરીને જે કંઈ થોડુંઘણું વળતર થશે તેમાંથી આ ભીંસ પ્રભુકૃપાથી કંઈક તો હળવી બની શકશે.' મારા પિતા તે વખતે ગોધરામાં રંગરેજનું કામ કરતા, એટલે હું પણ ત્યાં ગયો. અમારી પડોશમાં એક વેપારી ભાઈ રહેતા હતા. તેમની દુકાને એકવાર જઈને મને નોકરીએ રાખવાને મેં બહુ વિનવણી કરી. 'થોડાક દિવસો મારું કામ જોઈને જો તે યોગ્ય લાગે તો રાખજો,' એમ પણ કહ્યું. એટલે તેમણે મને રાખ્યો તો ખરો. રોજ દુકાન વગેરે વાળવાનું તથા એવું બીજું તદ્દન સાધારણ પરચૂરણ કામ સોંપ્યું. રોજ સવારમાં વહેલો ઊઠીને દુકાનની કૂંચીઓ લઈ જઈને બધું વાળીઝૂડી બરાબર સાફ કરતો. સામાન્ય રીતે તો આવા વેપારીની ગાદી ઉપરનાં ચાદર, તકિયાના ગલેફ વગેરે કેટલાય દિવસો સુધી ધોવાયા વગરનાં મેલાં અને શાહીના કાળા ડાઘાવાળાં એમ ને એમ પડી રહેતાં હોય છે, પરંતુ મારે તો નાનામાં નાનું મળેલું કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે કરીને શેઠના મનને રીઝવવું હતું, કારણ કે મારે તો નોકરીએ લાગવું હતું. રોજ ચાદર, ગલેફ વગેરે ધોતો. અને તેને એક પણ કરચલી ના પડે એવી રીતે પાથરતો. ક્યાંય પણ જરા સરખી ધૂળ ના રહે તેની દરકાર રાખતો. બધું જ વ્યવસ્થિત રીતે સુંદર લાગે તેવી રીતે ગોઠવતો અને પ્રવેશતાં જ દુકાનને ભાવનાથી પગે લાગતો હતો. ત્યાં કંકુ અને ફૂલચોખા પણ ચડાવતો.

### નોકરી મળી

પ્રથમ બેચાર દિવસમાં જ મારું આવા પ્રકારનું કામ જોઈને શેઠ તો આપોઆપ મારી પર બહુ પ્રસન્ન થયા અને મને

નોકરીએ રાખી લીધો. પણ તે પગાર કેટલો ? માત્ર માસિક પાંચ રૂપિયા, પણ તે કાળમાં તે સારા ગણાય. એમ કરતાં કરતાં એક પછી એક જવાબદારીવાળું કામ પણ મને સોંપતા ગયા. પછી તો ગામડેથી ખેડૂતો અનાજનાં ગાડાં લઈને આવે, તે જોખવાનું કામ પણ સોંપ્યું. તે કાળે મણ ઉપર બશેર અઢીશેર વધારે જોખી લેવું, એ તો એક સામાન્ય કાયદો અને રીતરિવાજ થઈ પડ્યાં હતાં. એમાં કશું ખોટું પણ ના ગણાતું. હું તો ખેડૂતોની સાથે બહુ પ્રેમથી વાત કરતો. તેમને પણ રાજી રાખવાનું કરું. તોલ પણ બરાબર રીતે, સરખી રીતે, તોળી લઉં. પેલા શેઠ તો એમ સમજતા કે ‘આ ચૂનિયો પોતાના (શેઠના) લાભમાં જે તે બધું કરવાનો છે.’ તેમનો સ્વાર્થ તો ખેડૂતો પાસેથી કેમ કરીને વધારેમાં વધારે તોળીને અનાજ લેવાય તેમાં હતો, એવી તેમની સમજણ હતી. મારે તો પૈસાની ઘણી ઘણી જરૂર અને ભીડ હતી, એટલે આ કામ કરવું પડતું. જોકે તે કાળમાં આવો રિવાજ પડી ગયેલો હતો, એટલે એમાં કશું ખોટું કોઈને લાગતું ન હતું. હજી આજે પણ આ પ્રકારનો રિવાજ પ્રચલિત છે, એમ જાણ્યું છે. જ્યારે શેઠે જાણ્યું કે હું તો બરાબર સાચી રીતનો જ તોલ કરીને બધું અનાજ લઉં છું, ત્યારે તેઓ મારા પર બહુ ગુસ્સે થયા, અને કેવી રીતે વધારે અનાજ તોળીને લઈ શકાય, તે બધી પદ્ધતિ હું એકલો હતો ત્યારે મને સમજાવી દીધી. તોળવાની કંપાણ ઉપર અમુક રીતે વજનનાં માપનાં કાટલાંના પલ્લાની સાંકળને બીજાથી જરા પણ ના જાણી શકાય એવી રીતે સૂક્ષ્મ ઝોકનું સિફતથી દબાણ આપવાથી બશેર અઢી શેર સહેજ રીતે આવી જાય તેવી કળા

તેમણે મને બતાવી હતી. પછીથી પણ મેં અનાજનાં ગાડાં જોખવા તો માંડ્યાં, પરંતુ તેમની બતાવેલી સિફતની રીત મેં અખત્યાર કરેલી નહિ. શેઠ તો એમ જ મનમાં સમજતા હતા કે ‘ચૂનિયો હવે તો બરાબર સુધરી ગયો છે અને બતાવેલી રીત પ્રમાણે જ તે કર્યા કરે છે.’

## ભવાડો પકડાયો

પરંતુ ઓચિંતું એક વખતે કોઈક ખેડૂતની સાથે તેમને પોતાને તકરાર થતાં, તે વજન બરાબર છે કે નહિ તે જાણવાને કોઈક બીજા માણસને જોખવાનું સોંપવાનું તેમણે કર્યું, ત્યારે મારો ભવાડો પૂરેપૂરો પકડાઈ ગયો. આથી કરીને બધાંનાં દેખતાં મને ધમકાવ્યો અને બહુ ઊધડો લીધો. આથી, પૈસાની તાત્કાલિક મને બહુ જરૂર હતી છતાં પણ મેં નોકરી મૂકી દીધી અને વળી પાછું ‘પુનશ્ચ હરિઃૐ’ કરી ભણવાનું શરૂ કર્યું. પ્રભુકૃપાથી ભણવામાં બહુ હોશિયાર હતો, તેથી તેમાં લાગી જતાં મને વાર લાગી નહિ. આ મારો નાનપણના જીવનનો પ્રસંગ તમને ટાંકું છું, તેનો હેતુ તો એ છે, કે આપણને ગમે તેવું નાનામાં નાનું કર્મ મળ્યું હોય તોપણ તે ઉત્તમમાં ઉત્તમ રીતે ભાવનાથી કરવાનું દિલ પ્રગટાવીશું, તો તેનાથી કરીને આપણને પોતાને જ લાભ થવાનો છે. તેવી રીતનું થયેલું કર્મ જીવનનો ગુરુ બની જતો હોય છે.

## દિલની સાફ દાનત

આમ, આપણે ભલેને ગમે તે કરતાં હોઈએ તે બધાંમાં આપણા દિલનું ચેતન પ્રગટાવવાને અને તેમાં દિલની ભાવના મૂર્તિમંત કરવાને આપણું ભાન જો આપણે જીવતુંજાગતું રાખ્યા

કરીશું, તો ભાવના વિશેષ ને વિશેષ ભભૂક્યા કરવાની છે. ભાવના જેમ જેમ વિશેષ પ્રજ્વલિત અગ્નિના જેવી ભભૂકે છે, તેમ તેમ કર્મમાં પણ તે વિશેષપણે વ્યક્ત થયા વિના રહી શકતી નથી. જે તે બધું એકબીજાથી નોખું છે એવું કશું નથી, પરંતુ જે તે બધું એકબીજાની સાથે સંકળાયેલું જ છે. ભાવનાને એકાગ્ર, કેંદ્રિત અને સાકાર કરવા માટે કર્મની તેટલી જ જરૂરિયાત છે. ઘરમાં પ્રવેશવા માટે જેમ ઉમરો છે, તેવી રીતે જીવનવિકાસના યોગમાં પ્રવેશ થવા કાજે અને આગળ ધપવા કાજે કર્મ તે ઉમરો છે. કર્મમાં ભાવના પ્રગટાવવી અને ભાવનાને સાનુકૂળ કર્મ કરવાનું રાખવું તે ભક્તિ છે અને કર્મમાં જીવતુંજાગતું હેતુનું જ્ઞાનભાન પ્રગટાવવું અને તેવી જાગ્રતિ તે તે કાળે થતાં જતાં કર્મમાં પ્રગટતી રહેવી તે જ્ઞાન છે. તે તે કર્મ થતી વેળાએ કર્મ એવી રીતે થતું જતું હોય કે જેથી જીવન ઘડાતું જાય, તે કર્મયોગ છે. આમ, કર્મ, ભક્તિ અને જ્ઞાન એકબીજાંથી કદી છૂટાં છૂટાં નથી. પરસ્પર તે સંકળાયેલાં અને વણાયેલાં છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૩-૬-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

હ્રદે શંકા જે કૈં ઊઠતી, કરવી તર્ક મુજને,
વિચારોના ઊંડા વમળમહીં પાડી ડૂબવી દે,
ભુલાવાયે તેથી નિજનું ખરું કર્તવ્ય મુજથી,
સદા ત્યારે શ્રદ્ધાતણું શરણું હું તો લઉં ગ્રહી.

* * *

વ્યથા આ હૈયાની ક્યમ કરી મટે ? શું પ્રભુ ! કરું ?
ઉપાયો શા લેવા ? ગમ નવ પડે, હું સ્તવું તને,
મને જેમાં તેમાં મદદરૂપ તું એક પ્રભુ ! છે,
કૃપાના તારા તે મુજ ગમ કટાક્ષે જીવીશ હું.

* * *

પ્રભુ, તારે હાથે મુજ પતિતની લાજ રહી છે,
સહારો ના કોઈ તુજ વગર છે ક્યાંય મુજને,
વહાલામાં વ્હાલો જગમહીં મને એક દિલ તું,
મને પાળીપોષી મુજ પર સદા વ્હાલ કર તું.

* * *

મને આ સંસારે બહુ વળગી જંજાળ પ્રભુ ! છે,
પ્રભુ ! ક્યારે મારી મન પરની લાચારી મટશે ?
કૃપા દર્શાવીને કગરું કરુણા સિંધુ, મુજને
તું નર્કાગારેથી કર મુજ ગ્રહી પાર કરી દે.

* * *

કહેવાયો છે જ્યાં પ્રભુ ! તું પતિતોદ્ધારક સદા,
મને ઊંચો લેજે, પ્રભુ ! પતિત હું છું કર કૃપા,
મને તારે રાખી શરણ, કર તું પાવન મને,
પ્રભો ! જ્યાં ત્યાં યાચું, દઈશ અથડાવા ન મુજને.

## જાગ્રતિ

શ્રીભગવાન કૃપા કરીને જીવનમાં શીખવવાને આપણને અનોખા અનોખા પ્રસંગ પ્રેરે છે. પ્રત્યેક પ્રસંગ, પરિસ્થિતિ, સંજોગ એ ભગવાનની કૃપાપ્રસાદી છે, શિક્ષણ મેળવવા માટેની અને આગળ ધપવા માટેની તે ઉત્તમ તક છે, એવી દષ્ટિ

આપણી કેળવાઈ જવી ઘટે. તે ત્યારે જ બની શકે કે જ્યારે આવી મળતા સર્વ પ્રસંગોમાં આપણે પ્રેમભક્તિપૂર્વકની ભાવનામાં સમજી સમજીને ચેતનવંતા થઈને પરોવાતાં રહીએ અને તે સાથે સાથે પ્રભુપ્રીત્યર્થની ભાવના દૃઢાવતાં દૃઢાવતાં છતાં તે તે સાથે તટસ્થ રહેવાયા કરાય એવી કેળવણી, તે તે પ્રસંગ, સંજોગ વગેરેના કર્તવ્યપથમાં આપણે પોતે ગુરુ થઈને, આપણને પોતાને પ્રાપ્ત કરાવી શકીએ. આમ થાય તો આપણે પોતે વિશેષ ને વિશેષ જાગરૂક અને ચેતનવંતા બની શકીએ. આ સાધના માર્ગમાં ખરેખરી ખૂબી તો એ છે, કે જેમ જેમ જાગ્રતિ વિશેષ ને વિશેષ ચેતનવંતી અને સતેજ બન્યા કરે છે, તેમ તેમ એવા પ્રકારની ભાવાત્મક ચેતનવંતી જાગ્રતિ આપણો સદ્‌ગુરુ બની જતી હોય છે.

## જાગ્રતિ-ગુરુનું કાર્ય

તેવી જાગ્રતિ આપણને એટલું બધું તો નવું નવું શિક્ષણ પ્રેરાવ્યા કરે છે, તે નવી નવી સૂઝ પ્રગટાવ્યા કરે છે અને સાધનાના ભાવની એક પછી એક ઉચ્ચતર ભૂમિકાના ક્યાં ક્યાં કેવી કેવી રીતે પગલાં ભરવાં, તે પણ તે બતાવે છે. ખરી રીતે તો આવી જાતની નિરંતર જીવતીજાગતી રહેતી જાગ્રતિ તે જ સાચો પ્રત્યક્ષ જીવંત ગુરુ છે. એવા સદ્‌ગુરુનું શરણું પ્રેમભક્તિજ્ઞાનની ભાવના પ્રગટાવતાં પ્રગટાવતાં જે જીવને મળેલું છે, તે જીવના સર્વ પ્રકારે પોબાર છે. જો આપણે સાધનાના હાર્દનો ખરેખરો મર્મ સમજ્યાં હોઈએ, તો ક્યાંય કશાથી ભાગવાનું આપણને દિલ થવાનું જ નથી, તે નક્કી જાણજો. એકવાર આવી જો જાગ્રતિ પ્રગટી ગઈ, તો આપણે

સર્વ પ્રકારે નિશ્ચિંત થઈ ગયા છીએ એવો અનુભવ જીવનમાં પ્રગટ્યા વિના રહી શકવાનો નથી. એવા પ્રકારની જાગ્રતિ જો પ્રગટેલી હશે, તો મન કે બુદ્ધિ કે વૃત્તિ ગમે તેમ જરા સરખું પણ આડુંઅવળું જવાનું કરતાં કે તેમનું તેવું તેવું થવાતાં આપણી જાગ્રતિ ચોકીદાર બનીને આપણને એકદમ પોકાર પાડે છે, જગાડે છે, એટલું જ નહિ, પરંતુ આપણને યોગ્ય પ્રકારે અને યોગ્ય ભાવનાથી યોગ્ય ઠામઠેકાણે પણ પાછા પ્રગટાવી દે છે. એટલે એવી જાગ્રતિ એ તો આપણું ત્રીજું ખૂલેલું નયન છે. એવી જાગ્રતિમાંથી જ જીવનને ઉન્નયન કરવાની અનંત શક્તિ પ્રગટતી હોય છે. આવી જાગ્રતિને હું સદ્‌ગુરુ કહું છું, તે માત્ર કલ્પનાની હકીકત નથી, પરંતુ તે હકીકત જીવનમાંથી પ્રગટેલા અનુભવની હકીકત છે.

## સ્વજનોને ચીમકી

એવી જાગ્રતિનું નામનિશાન પણ હું આપણામાંથી કોઈમાં પણ અનુભવી શકતો નથી અને આપણે નીકળ્યાં તો છીએ ચેતનનો અનુભવ કરવાને. માટે જ મારે તમને બધાંને ચેતાવવાં પડે છે કે ‘કૃપા કરજો અને જે કરવાને માટે મહાભિનિષ્ક્રમણ જો કર્યું હોય, તો તેવી ભાવના પણ આપણે દાખવવી જ રહી. નહિ તો પેલું મહાભિનિષ્ક્રમણ તે તો બાળકોનાં પત્તાંના મહેલના જેવું બની જવાનું છે. જગત આપણી હાંસી કરશે, તેનું તો મને કશું નથી, પરંતુ આપણે પોતે આપણા પોતાને યોગ્ય ના ઠરી શકીએ અને યોગ્ય ના ઠેરવી શકીએ, તેનું મને ઘણું ઘણું લાગી આવે છે. સતત એકધારું જો મથ્યા કરીને તેમાં ને તેમાં મચેલા રહેવાતું હોય તોપણ મને જંપ વળે. આ તો

જરાતરા કંઈ કર્યું અને વળી પાછો પૂરેપૂરો ધબડકો. બીજે બધે શું થતું હશે, તેની સાથે મારે કશી પણ નિસબત નથી. હું તો મારે આપણે કેમ હોવું જોઈએ અને કેમ વર્તવું જોઈએ અને કર્મમાં ભાવનાનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું પરિશીલન અને અનુશીલન કેવી રીતે આપણામાં પ્રગટ્યા કરે, તેને જ હું મહત્ત્વનું ગણું છું. તેવું તમને બધાંને પ્રેરાવવાને કાજે, તે મારો ધર્મ છે, એમ જાણીને વારંવાર તમને બધાંને સંબોધતો હોઉં છું.'

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૩-૬-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(શિખરિણી)

ફિટાડી દે મારું પ્રભુ, તિમિર અજ્ઞાન સઘળું,
વધારે ના માગું કંઈ જ, બસ દે એટલું જ તું,
પ્રભુ, તારા જેવો જગતમહીં દાનેશ્વરી ન કો,
મને માગ્યું આપી બિરદ કર તે સાબિત પ્રભો !

* * *

નથી લાધ્યો બુદ્ધિ પર હૃદયનો કાબૂ હજુ કૈં,
જઉં ઉશ્કેરાઈ બહુ સમય આવેશ થકીયે,
નથી પૂરો જન્મ્યો મુજ પર હજુ સંયમ મને,
પ્રભો ! એવો હું તો બહુ છું નબળો, તું મદદ દે.

* * *

બુઝાશે આશાની ઉરથી ચિનગારી શું મુજ તે ?
જશે શું શ્રદ્ધાના કજળી તણખા છેક સરવે ?

નિરાશાની જ્વાળામહીં જ બળવાનું શું રહેશે ?
દશામાંયે એવી તુજ રટણ આશ્વાસન મને.

* * *

દીધી છે પંખીને સતત ઊડવા પાંખ પ્રભુ ! તેં
પરંતુ એને તો તુજ પ્રણયની કૈં ગમ ન છે !
હતે મારે પાંખો જલદી ઊડી આવી તુજ કને
પ્રભો ! તું સંગાથે નિત અવનવો પ્રેમ કરતે.

## જીવતા નર સેવીએ

પ્રભુકૃપાથી જીવનમાં મળેલાં સ્વજનો અનેક પ્રકારની કઠણાઈની અને સંજોગોની વિપરીતતાની હકીકત જ્યારે જ્યારે મને બૂમબરાડા પાડી પાડીને કહે છે, ત્યારે ત્યારે મને બહુ લાગી આવે છે, કારણ કે તે પરથી મને તેમનું તેમનું માનસ સમજાય છે. કઠણાઈને સ્વીકારીને, કઠણાઈ તો જીવનને તેવી રીતે ઘડાવાને માટે મળેલી છે, તેવું ભાન તેમને પ્રગટતું હોત તો તો તેવી તેવી કઠણાઈમાં તેમણે આનંદનો રસ માણ્યો હોત. પ્રભુકૃપાથી આ જીવે કંઈ થોડી ઘણી કઠણાઈઓ ભોગવી નથી. નડિયાદમાં જેટલો કાળ રહેવાનું બન્યું, તે બધા દિવસો ગામથી દૂર એકાંતમાં જ સૂવા જવાનું બનતું, અને શય્યા તો ‘ભૂમિતલં’ હતી. શરૂ શરૂમાં તો પાણી પીવાનું પણ ના મળી શકે. સ્મશાનમાં લાકડાં સાચવવાને માટે ત્યારે એક ડોશીમા રહેતાં હતાં. મારે માટે તે રોજ નાની માટલીમાં પાણી ભરી રાખતાં હતાં. સૂવાની જગા પણ વાળી રાખતાં. કકડતી ઠંડી પડતી હોય કે મુશળધાર વરસાદ પડતો હોય તોપણ તે કાર્યક્રમ સદાય ચાલુ જ રહેતો. કઠણાઈ હોવા છતાં કઠણાઈને તે રીતે

માની નથી. જીવનમાં ગરીબાઈની કઠણાઈ તો જન્મથી જ મળેલી હતી. છેક જન્મથી તો ના ગણાય, પરંતુ શરીરની ચારપાંચ વર્ષની ઉંમર થયા પછીથી તો ખરી જ. ભણવામાં પણ તેવા જ પ્રકારની કઠણાઈ. જ્યાં જ્યાં ભણવા કાજે રહેવાનું બન્યું, ત્યાં ત્યાં કંઈ સુખસાહેબી ભોગવવાની હતી એવું તો ના જ હતું. ત્યાં ત્યાં પણ બધાંને આ જીવે પ્રેમથી સંતોષ આપવાનું કરેલું છે. જ્યાં જ્યાં મારે ભણવાને કાજે રહેવાનું થયેલું છે, ત્યાં ત્યાં જઈને તમે બધાં મારા પરત્વેનો ભાવ તેમનો કેવો છે, તે આજે પણ તેમને તેમને ત્યાં જઈને પૂછી શકો છો. આ બધું લખતાં લખતાં મને એમ પણ સ્ફુરણ થાય છે, કે કેટલાય જીવના શરીરનું અવસાન થયા પછીથી તેમની તેમની જન્મભૂમિ, તેમના તેમના જીવનના પ્રસંગો, તેમનાં તેમનાં રહેઠાણનાં સ્થળો, ક્યાં ક્યાં તેમણે કરેલી સાધના, એ બધાંનો ઈતિહાસ મેળવવાનું તેમનાં સંબંધી સ્નેહીજનો કરતાં હોય છે, પરંતુ જે નર જીવતોજાગતો છે, તેના જીવનનું તેની હયાતી દરમિયાન કોઈ કશું કરતું હોતું નથી, અને તેવું કોઈને દિલમાં દિલથી સૂઝતું નથી. ઘણી વાર હું તો કહું છું કે જગત મડદાને પૂજનારું છે. અખાએ તો સાચું જ કહ્યું છે કે :-

‘સંતો ! જાગતા નર સેવીએ.’

તેને બીજી રીતે એમ પણ ગાઈ શકાય કે :-

‘સંતો ! જીવતા નર સેવીએ.’

## આકાશની ભૂમિકા

એટલે કઠણાઈઓ પ્રગટે છે, ત્યારે જેનું દિલ તે પરત્વે ઉમળકાભર્યું જાગે છે, તેવો જીવ સાચે જ મરદ છે. અને તેવાનાથી સાધનાનું કર્મ થઈ શકવાનું છે, તે નક્કી જાણજો.

દરેક પ્રસંગને આપણે કઈ કઈ રીતે અને કેવા કેવા ભાવે સ્વીકારીએ છીએ, અને તે પ્રસંગને વર્તનમાં પ્રગટાવતાં પ્રગટાવતાં તે તે પળે આંતરિક કરણોની ભૂમિકાની કેવી કેવી ભાવાત્મક સ્થિતિ પ્રગટેલી રહે છે, તેના પર જીવનવિકાસની ભૂમિકાનો સાચો આધાર રહેલો છે. જે કંઈ મળ્યા કરતું હોય કે મળે, તે પરત્વે અણગમો પ્રગટાવવાનું, બળાપો કરવાનું, કંટાળો દર્શાવવાનું અને ફરિયાદ કરવાનું-આ બધું જ્યાં સુધી આપણામાં ઊગે છે, ત્યાં સુધી આપણે સાધનામાં મિથ્યા છીએ એમ નક્કી પ્રમાણવું. આપણે તો પ્રગટવું છે ગગનાતીત પ્રદેશમાં, પાંચ તત્ત્વનું જે તે કંઈ બનેલું છે, તેમાંનું એક તત્ત્વ જે આકાશ છે, તે આકાશનો વિસ્તાર આપણા આધારમાં જ્યારે પ્રગટે છે, ત્યારે જ સાધના ફલિત થતી અનુભવાય છે. સત્ત્વગુણની ઉચ્ચતમ પરંપરાની ભૂમિકાઓ વટાવી ગયા બાદ તેવી સ્થિતિ પ્રગટતી હોય છે. અને ત્યારે જ ચેતનનો પૂર્ણ સાક્ષાત્કાર અનુભવી શકાય છે.

## ક્યાં આદર્શ અને ક્યાં વર્તન !

ચેતનનો સાક્ષાત્કાર એટલે તેનાં ગુણ, ધર્મ અને શક્તિનું જીવનમાં પ્રત્યક્ષ પ્રગટવું તે. આપણાં આદર્શ અને મહત્ત્વાકાંક્ષા તો છે આ પ્રકારનાં અને તેમ છતાં હજી આપણે રસળ્યાં કરવું છે તદ્દન ક્ષુલ્લક ક્ષુલ્લક હકીકતોનાં બુમરાણમાં. મારી લખેલી આ હકીકત તમને કોઈને ના રુચતી હોય તો તે ભલે, પરંતુ તે ખોટી છે એમ તો તમે નહિ કહી શકો, કારણ કે જે હું જોઉં છું તે જ તમને લખું છું. અને લખું છું એટલા માટે કે તમે તેનાથી કરીને ચેતી શકો અને સાવધ રહી શકો.

## ભયંકર ગુફામાં સાધના

સાધનાનો ભાવ પ્રગટાવવાને માટે ઘણાં ઘણાં સાહસ પણ પ્રભુકૃપાથી થઈ શકેલાં છે. હિંમત પણ કેવી કેવી દાખવેલી છે ! જેને 'ધૂંવાધાર' કહે છે, તે નર્મદાજીના એક સ્થળે પ્રભુકૃપાથી મારે જવાનું થયેલું. તે ધૂંવાધારની સામે ઊભા રહીને જોઈએ તો ડાબા હાથ તરફ તે ધોધની છેક છેવાડે એક ગુફા જેવું હતું. તેમાં બેસીને સાધના કરવાનો હુકમ મળ્યો. એક તો ધૂંવાધારના ભયંકર અવાજથી જ જીવ ગભરાઈ જાય, તેમાં તે ઠેકાણે પહોંચવું અને ત્યાં બેસવું અને પાછું સાધનાની ભાવનામાં પ્રવર્તવું, એ કંઈ નાનીસૂની હકીકત નથી. કોઈનું પણ ગજું ના ચાલી શકે એવું તે સ્થળ હતું. 'ના ચાલી શકે' એવું વ્યક્તત્વ પણ બરાબર નથી. ઘણાંની તો હામ જ હારી જાય, એવું તે હતું, પરંતુ પ્રભુકૃપાથી આપણને તો હુકમ મળ્યો કે તેનું પ્રેમભક્તિપૂર્વકનું પાલન કેમ થાય, તે જ માત્ર વિચારવાનું રહેલું હતું. જ્યારે તે તે કરવાનું ખરેખરું, ઉમળકાભર્યું દિલ પ્રગટે છે, ત્યારે તે કર્મ કરવાનાં ઉપાય અને હૈયાસૂઝ પણ તેમાંથી મળી રહે છે, એવો મારો એક વેળાનો નહિ, પણ અનેક વેળાનો જીવતોજાગતો અનુભવ છે. કેવા કેવા ઉપાયો લીધા કે જેનાથી કરીને તે ધૂંવાધાર પાસેની ગુફામાં જઈ શકાયું તે તો લખતો નથી. એકવીસ દિવસ ત્યાં રહેવાનું પ્રભુકૃપાથી બન્યું હતું. અને દિવસની પળેપળ પ્રભુકૃપાની ભાવનામાં તથા જુદા જુદા સાધનાના અભ્યાસમાં ગાળવાનું બની શક્યું હતું, તે તેની પરમ કૃપા. પાણી પણ પી શકાય એવી યોજનાની સૂઝ પ્રગટેલી, અને ખોરાક તો પાંચછ દિવસ

સુધી હરિને આશરે જ. તે પછીથી કોઈક પાત્રમાં દોરડાથી તે બાંધીને તેને આમ તેમ હલાવી હલાવીને મારા હાથની પકડની મર્યાદામાં તે આવી શકે એવી રીતે દોરડાને હાલમડોલ કરાવીને એકવાર ખોરાક આપવાનું કોઈક લોક કરતા હતા. મળમૂત્ર પણ ત્યાં જ કરવાનું બનતું. આવી તો અનેક પ્રકારની કઠણાઈઓ આ જીવે સેવેલી છે.

## કઠણાઈનો સ્વીકાર

આ તો એકમાત્ર નાનોસરખો દાખલો જ તમને ટાંક્યો છે. જ્યારે તમને બધાંને નાની નાની ક્ષુલ્લક બાબતમાં કઠણાઈનો પોકાર પાડતાં જોઉં છું, ત્યારે મને થાય છે, કે આપણે શું કરવા નીકળ્યાં છીએ અને આપણે કેવાં છીએ ! માટે, કૃપા કરીને કઠણાઈની ફરિયાદ કરશો નહિ. કઠણાઈથી કંટાળશો નહિ, કઠણાઈથી તોબા પામશો નહિ, પરંતુ મારી તમને બધાંને પ્રાર્થના છે, કે કઠણાઈ મળે ત્યારે તેનો હેતુપૂર્વક સ્વીકાર કરજો. અને તે કઠણાઈને ઉમળકાના ભાવથી વેદ્યા કરજો. તો જીવનમાં નવો ગુણ, નવું બળ અને નવું ઓજસ પ્રગટશે. આપણા હાલના જીવનમાં જે બળ છે, તેનાથી અનેકગણું અને ના કલ્પી શકાય તેટલું બળ પ્રગટાવવાની જરૂરિયાત છે. તેવું બળ પ્રગટેલું હોય તો જ સાધનાનું કામ બની શકે તેવું છે. તેવું પ્રચંડ બળ પ્રગટાવવા આ જે કઠણાઈઓ મળે છે, તેનો હેતુ છે. ધારો કે કઠણાઈનો તેવો હેતુ ના હોય, તોપણ કઠણાઈઓને તેવા હેતુથી જો વેદવાનું કરી શકીએ, તો તેથી જીવનનો વિકાસ જરૂર થવાનો છે. આ માત્ર ખાલી ખાલી સમજાવવા પૂરતું લખ્યું નથી, અથવા ગળે ઉતારવા પૂરતું

પણ લખ્યું નથી, પરંતુ જે જે આ બધું લખ્યું છે, તે બધું તેની વાસ્તવિકતાના પ્રમાણમાં અનુભવનું સત્ય છે અને તે બુદ્ધિ સ્વીકારી શકે તેવું પણ છે, પરંતુ તેથી કરીને કઠણાઈઓને આપણાથી તેવી રીતે ના સ્વીકારી શકાતી હોય, તો તે એક જુદી હકીકત છે. તેવી રીતે ના સ્વીકારી શકાતી હોય, તો તે આપણી નબળાઈ છે, તેવું મને સ્પષ્ટ લાગે છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૭-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શિખરિણી)

નથી કૈં ઠેકાણું મુજ ભવિષની ચાવીતણું જ્યાં,
તૂટેલું છે તુંબુ પ્રભુ ! મુજ પુરુષાર્થતણું જ્યાં,
બન્યા છે બેસૂરા મુજ જીવનના તાર સહુ જ્યાં,
બધું જ્યાં આવું છે, મુજ ગત થશે શી ! કર કૃપા.

* * *

પૂરેપૂરો ક્યારે પ્રભુજી ! પરવારી રહીશ હું ?
પૂરું નિશ્ચિંતેથી હૃદયમહીં ક્યારે ઠરીશ હું ?
પ્રભો ! ક્યારે મારા શ્રમિત મનનો થાક ટળશે ?
વળી ક્યારે મારા હૃદયમહીંનું યુદ્ધ શમશે ?

* * *

પ્રભો ! કૈં વેળાનો સતત તુજ હું રાહ નીરખી
ઊભો છું, સંદેશો પણ તુજ મળે ના કહીં થકી,
વહી જાશે થાકી યુગ યુગ કહીં સત્વર અરે !
છતાં હું તો એવો અટળ પ્રભુ, ઊભો રહીશ જે.

* * *

(વસંતતિલકા)

આનંદના જ રસ ભાવ નદી પ્રવાહે
લ્હેરે તણાઈ કરીને ઉર ખૂબ રાચે,
વિક્ષેપ એક પળનોય કદી થતો જ્યાં,
શા કાજ કૈં રસ ક્ષતિ થવી ક્હો, ઘટે ત્યાં ?

આનંદ તો હૃદયની સ્ફુરણાની વાત,
તે રાખવા હૃદય રક્ષિત સર્વદા જ,
એવો અભેદ્ય હૃદનો ગઢ તો કરોને
કે પેસી બ્હારનું કશું કથળાવી ના દે.

**પોતાની સમજણ પડવી ઘટે**

આપણને આપણી સમજણ નહિ પડે તો કોને પડશે ? ટાઢ કે તડકો પડે અને જેમ પારો નીચે કે ઊંચો જાય, તેવું આપણું થતું હોય તો શું તેની આપણને ખબર ના પડે ? યજ્ઞમાં ભંગ થતો હોય તે વર્તાય કે તરત ચેતી જઈને તે પાછો શરૂ કરવા માંડવો જ. તમન્નાના અગ્નિને તો સદા સર્વદા સળગેલો જ રાખ્યા કરીએ, તો જ સાધનાનો માર્ગ કપાયા જવાનો છે. ભૂખ કકડીને લાગી હોય છે, ત્યારે ખોરાક મેળવવાનાં ફાંફાં આપણે કેવાં મારીએ છીએ ! એવાં ફાંફાં મારીએ છીએ કે તેનું ભાન પણ કદીક તો રહેતું નથી. ખાધા વિના ચેન પડતું નથી. એવી કકડીને ભૂખ, એવી લગની જીવનને માટે આપણને લાગી ગયેલી હોવી જોઈશે અથવા લાગવી જોઈશે. એવી પ્રગટેલી લગની જ આપણને આ માર્ગ પરત્વે આગળ ને આગળ ડગલાં ભરાવશે. ભાગ્યે જ કોઈ જીવની અપવાદ તરીકે જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના

હોય છે. સાધનામાં પ્રગતિમાન થવાની ખરી ચાવી તો તેના પરત્વેની તમન્નાને સતેજ રાખ્યા કરવામાં છે.

## સહજ આકર્ષણ

આપણને એના પરત્વેનું દિલનું સહજ આકર્ષણ પ્રગટે તે પણ જરૂરનું છે. પરંતુ તે કંઈ એમ ને એમ થોડું જ બની જતું હોય છે ! પ્રથમ પરિચયે પ્રેમ પ્રગટી જવો એ તો ભાગ્યે જ કોઈની બાબતમાં બને તો બને. પરિચયથી વારંવાર સંબંધમાં આવવાનું બને અને તેવા પ્રકારના સંબંધમાં બંનેનાં દિલનું સખાપણું પ્રગટે, તો પછી બંનેને એકબીજા પરત્વે એક પ્રકારનો રાગ પ્રગટે છે અને તેમાંથી આકર્ષણ જન્મે છે. તેવી જ રીતે જીવનવિકાસ પરત્વેનો રાગ પ્રગટાવવાને કાજે એનું જ સતત મનનચિંતવન કર્યા કરવું અને તે સાથે સાથે જીવનવિકાસના ભાવથી સકળ પ્રકારનાં કર્મો, વર્તન, વહેવાર વગેરે બધું થયા કરે તે જરૂરનું છે. એવા પ્રકારનો આંતરિક સંબંધ એની સાથે પ્રગટાવવાને માટે એની સ્મરણભાવના એ તો જાણે પ્રથમ પગથિયું છે. જે જે કંઈ થાય, થતું હોય, તે બધું એને કહ્યા કરીએ એટલું જ નહિ, પરંતુ પળેપળનું જ્ઞાનભક્તિપૂર્વકનું સમર્પણ કર્યા કરીએ. કોઈ કહેશે કે માત્ર 'આત્મનિવેદન' કરવાથી કંઈ કશું શું બની શકે ? પરંતુ એવા અભ્યાસથી જેને Psychic contact કહે છે, ચૈત્યપુરુષ સાથેનો આપણો સંબંધ કહે છે, તે છતો થતો જતો હોય છે.

## સગડગ વૃત્તિ

મનાદિકરણનું અનિશ્ચિતપણું એટલે કે સગડગવૃત્તિ, જે આપણામાં છે, તે એક પ્રકારનો દોષ છે. અને તે અંગે તમને

આજે જ થોડો કહું છું ? નાની નાની બાબતમાં પણ તેમ થાય એટલે તે ટાળવાને માટે જે તે આપણે મક્કમતાથી, દઢતાથી અને એકદમ નિણર્યાત્મક સ્વરૂપથી વર્તવાનો અભ્યાસ પાડવાની જરૂર છે. આર્ત જિજ્ઞાસુને તો જે જાણવાનું હોય છે, તે ગમે ત્યાંથી અને ગમે તે રીતે મળ્યા કરતું રહે છે, એવો મને અનેક વેળા અનુભવ થઈ ચૂક્યો છે. માટે, આપણે એવો ભરોસો પ્રગટાવવો જોઈશે. દિલમાં કશી પણ શંકાકુશંકા કે આશાઅપેક્ષા રાખ્યા વિના જે કરવું ઘટે તે કરવું.

## સાધનાદષ્ટિએ 'મરણ'

આપ મૂઆ વિના સ્વર્ગે કોઈથી જવાતું નથી. આપણે પણ મરવાનું તો છે જ. અને તે જેટલું વહેલું બને તેટલું ઉત્તમ, પણ તે જુદા અર્થમાં. શ્રી મણિલાલભાઈએ ગાયું છે કે :-

**'મરીને જીવવાનો મંત્ર દિલબરની દુહાઈ છે.'**

અહીં 'મરવું' એટલે દ્વંદ્વાતીત અને ગુણાતીત હોવું તે. એ પછીથી જ પુનર્જીવન પ્રાપ્ત થતું હોય છે અને તેને જ ખરું 'જીવન' કહેવાય. જ્યારે હાલનું આપણું જીવન તો દ્વંદ્વાત્મક અને ગુણાત્મક છે.

## જીવદશાની વૃત્તિ વગેરે

આળસ અને પ્રમાદ એ જીવનનો ધ્વંસ કરનાર શત્રુ છે, તેવી જ રીતે કામ અને ક્રોધ પણ છે. આ બધું આપણે બુદ્ધિથી જરૂર સમજીએ છીએ, પરંતુ તે બધી સમજણ ઉપરચોટિયા જ છે. જીવનવિકાસનાં કર્મને વેગ આપવાને માટે આ બધા શત્રુની ઉપર આપણે જય મેળવવાનો છે, તે પણ બુદ્ધિ તો કબૂલે છે,

પરંતુ તેમ કરવાને જે પ્રચંડપણે મથવાની જરૂર, તે શી રીતે બને ? આ બધા શત્રુઓ પ્રેરાવનાર ગુણો તમસ અને રજસ છે. એટલે જો આપણે તેમને તેમને હઠાવવા હોય કે હરાવવા હોય, તો સત્ત્વગુણની ક્રિયામાં ગતિશીલ થવું પડશે. તે સત્ત્વગુણમાં ગતિશીલતા થવાને માટે સ્મરણ, પ્રાર્થના, ધ્યાન અને તે પ્રકારની ભાવનામાં નિરંતરતા પ્રગટવી ઘટે. તેમ થતાં રજસ તમસનું નિર્મૂળ થવાપણું બની શકે ખરું, તથા જેના જેનાથી કરીને જીવદશામાં વળગાયા રહેવાતું હોય, અને એમાં જે અનેક પ્રકારનાં વિચારો, વૃત્તિ, વલણો, લાગણીઓ વગેરે જાગે છે, તે બધાંથી મુક્ત થવાને કાજે અનાસક્તિ, નિરાગ્રહ, નિર્મમત્વ, નિર્લોભ, નિષ્કામ, નિરહંકાર આ બધાં વડે આપણું પ્રભુકૃપાથી પાર થવાપણું બને, તો એવું જીવદશાનું ટળવાપણું અને આપણું 'મરવાપણું' જરૂર બની જાય. આ બધું થયા વિના ચેતનનો અનુભવ થવો અથવા તો જીવનનો વિકાસ થવો કદી પણ શક્ય નથી. જ્યારે આપણે સાધનાની ભાવનાના પ્રચંડ પ્રવાહમાં પ્રગટેલાં હોઈએ છીએ, ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ આદિ બધાં નિર્મૂળ થઈ ગયા હોય છે એવું તો કશું નથી. તે લુચ્ચા તો છાનામાના ટૂંટિયું વાળીને અંદર પડી રહેલા હોય છે અને ક્યારે લાગ મળે અને માથું ઊંચું કરીએ એવી તેમની તેમની પ્રવૃત્તિ હોય છે. સાધનાની ભાવનામાં જ્યારે જ્યારે મંદતા પ્રગટે છે, ત્યારે ત્યારે એમનો લાગ ફાવી જતો હોય છે, અને તે પાછા દેખા દે છે, ત્યારે જો આપણે જાગી શકતાં હોઈએ તો કોઈક વેળા વળી તેમના તેમના પ્રવાહની પકડમાંથી મોળા બનવાનું ભગવાનની કૃપાથી

કરી શકતાં હોઈએ છીએ, પણ કોઈક વખત તેમાં તણાઈ પણ જઈએ છીએ. સાધના કરતાં કરતાં તેની મંદતાના સમયમાં આવા છાના પડી રહેલા શત્રુઓનું જોર એવી પળે વિશેષ ને વિશેષ જોરદાર હુમલાને સ્વરૂપે પ્રચંડપણે પ્રગટતું હોય છે.

## હુમલાઓનો પ્રાર્થના દ્વારા પ્રતિકાર

જીવનના વિકાસ પરત્વેની જેની તીવ્રતા છે, તેને પોતાને પોતાનું આવું નિમ્નગામી પ્રકૃતિનું અનુભવદર્શન, એ એટલું બધું તો હેરાન-પરેશાન કરે છે અને તેથી તેને એટલી બધી તો વેદના થાય છે, કે એવી વેદનાને પરિણામે તે પોતાની પ્રાર્થનાથી પ્રભુને પોકારે છે. લોઢું લાલચોળ થયેલું હોય ત્યારે જ તેના પર ઘણના ભારે પ્રચંડ ઘા તેને આકાર પમાડવાને કાજે મારવા પડે છે. આમાં પણ એવા જ કાળે આપણે સત્ત્વગુણની પ્રક્રિયામાં જ્ઞાનપૂર્વક પ્રવેશવાનું રહે છે. પ્રાર્થના એ આપણું ભારેમાં ભારે સાધન છે.

'More things are brought by prayer
Than this world dreams of.'

એવી એક અંગ્રેજી જાણીતી કવિતા છે, અને તે મને પોતાને તો અનુભવે સાચી લાગેલી છે.

## મનને જીતવાના ઉપાય

ગીતામાતા આપણને કહે છે, કે 'મનને પણ વશ કરી શકાય.' અર્જુન તો ભગવાનને કહે છે, કે 'વાને કદાચ વશ કરી શકાય, પરંતુ મનને વશ કરવું દુર્ઘટ.' ભગવાન તેનો ઉપાય પણ બતાવે છે, કે વૈરાગ્ય અને અભ્યાસથી તેમ બની શકશે. આ માટે તે પ્રકારની પ્રવૃત્તિ આપણે સદા કાળ કર્યા

કરવી જોઈશે. મળેલાં કર્મ, પરિસ્થિતિ, સંજોગ, તેને ઉવેખવાનાં નથી, એટલું જ નહિ પણ તે તે મળેલાં પરિસ્થિતિ, સંજોગ વગેરેનો ધર્મ સ્વીકારીને તેને યથાયોગ્યતાથી શ્રીપ્રભુપ્રીત્યર્થે કર્યા કરી, તે તે બધું એને ચરણકમળે સમર્પણ કર્યા કરવાનું છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૧૮-૭-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભો ! અંજાવા દે નફટ મનને તુંમહીં પૂરું,
ફરી જેથી બીજે કહીં ન ભટકે આડુંઅવળું,
કૃપા એવી ક્યારે કરીશ હું અભાગી પર પ્રભુ ?
અરે ! એ માટેયે હજી નથી થયો લાયક શું હું ?

* * *

બધાયે સંજોગો લઈ જ અવળા હું જનમિયો,
અભાગી એવાની પર કર કૃપા તું કંઈ પ્રભો !
નથી ર્‌હેવાનો હું પ્રભુ ! ઉપર આવ્યા વગર તે
લીધું તેથી તારું શરણ ચડવા, તું મદદ દે.

* * *

પૂરેપૂરો મારો હજી સુધી પ્રભુ ! રોગ ન હઠે,
ઉપાયોની જેવી સૂઝ પડી, લઉં તે દૃઢપણે,
છતાં કાચો પારો દિલ પચવવો તે કઠણ છે,
હૃદે તેવું તારું બળ જીરવવા શક્તિ પ્રભુ ! દે.

* * *

હું ભાવોના અર્ઘ્યે કરું તુજ પૂજા-અર્ચન સદા,
કશી હું જાણું ના રીત બીજી તને કો રીઝવવા,

છુટાવા દુગ્ધાથી તુજ શરણ શોધી તુજ પદે
મૂક્યું માથું, તારું સૂઝતું કરજે તું મુજ હવે.

* * *

ન મારું પોતાનું હજી પણ સુધી બંધન જતું,
કૂંડાળાંમાંથી તે ક્યમ કરીય મારે છટકવું,
બીજા આડાતેડા ત્યજી દઈ વિચારો દઢપણે,
તુંમાં જો ર્‌હેવાયે દઢ શરણ, તો કામ બનશે.

* * *

ચૂમી જો લેવા દે ચરણરજ તારી પ્રભુ ! મને,
લઉં સંકેલી તો પછી જીવનની બાજી સરવે,
બીજી કોઈ આશા રમી રહી નથી આ મુજ દિલે,
ફળાવીને એને મુજ જીવનને ધન્ય કરજે

## ગુણો ઉપર વિજય

વાસનાના પણ અનંત પ્રકાર છે. એની પાછળનાં હેતુ અને નેમ જ્યાં સુધી પૂરેપૂરાં શુદ્ધ બનેલાં નથી, ત્યાં સુધી દિલનો દરિયાવ લહેરે કે હિલોળે ચડતો નથી. અંતરની પ્રકૃતિ દરેક કર્મમાં આપણને પ્રવર્તાવે છે, અને તેમાં તેમાં પ્રકૃતિ અને સ્વભાવની રીતે જ તેનાં અસર અને સંસ્કાર પાડે છે. પ્રકૃતિ અને સ્વભાવ એ ત્રણ ગુણોથી રંગાઈ રહેલાં છે. સામાન્ય રીતે તે તમસ અને રજસથી જ વધારેમાં વધારે સમય પ્રેરાયેલાં ગતિમાન થયેલાં હોય છે. એટલે જો પ્રકૃતિ અને સ્વભાવની પકડમાંથી મોકળા બનવાનું કરવું હોય તોપણ પ્રકૃતિ અને સ્વભાવને સાધન તરીકે સ્વીકારીને તેનો પણ સત્ત્વગુણથી ઉપયોગ થયા કરે, તે માટે તેને સ્મરણ, પ્રાર્થના, ભજન,

ધ્યાન તથા એવા પ્રકારની ભાવનાની નિરંતરતામાં રાખ્યા કરવાનું એટલે કે સકળ કર્મ થતાં થતાં તેવા તેવા ભાવનું પરિશીલન અને અનુશીલન કર્યા કરવાનું જ્ઞાનભાન આપણે જીવતુંજાગતું સતેજ રાખ્યા કરવાનું છે. પ્રભુકૃપાથી આપણે મથ્યા જ કરવાનું છે. મથતાં મથતાં પંથ કપાવાનો છે અને એમાંથી બળ પ્રગટવાનું છે અને ગતિ પણ પ્રગટવાની છે. ચૂલામાં બહાર સળગી જતાં લાકડાંને આપણે જેમ સંકોરીએ છીએ અને સંકેલીએ છીએ તેમ વારંવાર તેવી મનાદિકરણની પ્રવૃત્તિને પણ અંતર્મુખતાની સ્થિતિમાં લાવ્યા કરવાની છે. આવા પ્રકારનો પુરુષાર્થ થતાં થતાં આંતરચક્ષુ ઊગવા અને ખીલવા માંડે છે. અને એનો પણ બેવડો ઉપયોગ કરવાનો છે. નિમ્નગામી વૃત્તિ, વિચાર વગેરેને એનાથી કરીને યોગ્ય ભાવનામાં વાળ્યાં કરવાનાં છે, અને તેના સતત ચોકીદાર બન્યા કરવાનું છે. તેની સાથે સાથે ચેતનાત્મક ભાવને આપણાં કરણોમાં પ્રગટાવવાની તે જ આંતરચક્ષુથી મદદ લીધા કરવાની છે. આમ, અંતર્મુખતા કેળવી કેળવીને આત્મશોધનના માર્ગમાં ગતિ પ્રગટાવ્યા કરવાની છે. આવી બેવડી પ્રક્રિયા સતત આપણાં મનાદિકરણોની મનાદિકરણોમાં સતેજ પ્રગટાવ્યા કરવાની છે.

## સત્સંગનો મહિમા

કોઈ પણ સત્પુરુષનો ભાવનાથી સેવાયેલો સત્સંગ કદી પણ નિષ્ફળ જતો નથી. પેટલાદમાં ભણતો હતો ત્યારે શ્રીજાનકીદાસજી મહારાજના સમાગમમાં આવવાનું બન્યું હતું. હાઈસ્કૂલમાંથી છૂટીને અને કદીક જે સમય (period)માં

ભણવાનું ના હોય તે વેળાએ વહેલો પણ ત્યાંથી નીકળી જઈને તેઓશ્રીની પાસે જતો. ત્યાંની જગા વાળતો. કદીક તેમનાં કપડાં પણ ધોવાનું કરતો. કદી વળી છાનોમાનો તેમની પાસે બેસી રહેતો. તેઓ જે બીજાની સાથે વાર્તાલાપ કરતા, તે બધું શાંત ચિત્તે સાંભળતો. ત્યારે મારે કશું પૂછવાનું તો હતું નહિ, પરંતુ તેમનું બધું સાંભળ્યા કરવાનું મને દિલ થતું. તેઓ પોતે એકદમ સરળ અને સાદા હતા. રહેણીકરણી પણ એવી જ. તેમની પરત્વે પેટલાદના રંગવાળા શેઠ બહુ આદર અને ભક્તિભાવ રાખતા. તેમના નિમિત્તથી જ તેઓ ત્યાં રહેતા હતા. તે શેઠ સાહેબે જ તેમને રહેવાને માટે ત્યાં બધો પ્રબંધ કર્યો હતો. તેઓ કોઈ જાતનું પ્રવચન કે કથાવાર્તા કરતા ન હતા અથવા શાસ્ત્રનું વાંચન પણ કરતા ન હતા. મારી ગેરહાજરીમાં કદાચ કરતા હોય તો રામ જાણે. મને તેમની પાસે બેસી રહેવાનું બહુ દિલ થતું. હાઈસ્કૂલમાં ભણતો ત્યારે બીજી કોઈ પણ પ્રકારની રમતગમતમાં મેં કદી ભાગ લીધો નથી. જ્યારે જ્યારે સમય મળતો અને પોતે પેટલાદમાં પધારેલા હોય, ત્યારે અચૂક તેમની પાસે જવાનું કરતો હતો. કોઈ દિવસ તેમની સાથે મેં કશી વાતચીત પણ કરી નથી. તેઓ કદીક કદીક મારી ખબર પૂછતા ખરા. 'શું કરે છે ? શું ભણે છે ? ક્યાં રહે છે ?' એમ પણ પૂછતા. અંગ્રેજી સાતમા ધોરણમાં ભણતો હતો એટલે કે મૅટ્રિકના વર્ગમાં હતો, ત્યારે તેમણે મને કૃપા કરીને ચેતવેલો કે 'તારા શરીરને ભયંકર માંદગી થવાની છે. માટે, તું સવેળા પહેલેથી જ બધો અભ્યાસ કરી લે.' પેટલાદના રંગવાળા શેઠ તરફથી ચાલતી એક સંસ્કૃત

પાઠશાળાના આચાર્ય પણ ત્યાં કદીક કદીક આવતા હશે. એક વખત તે આચાર્યશ્રી પણ બેઠા હતા, અને મારી હાજરી પણ હતી, ત્યારે તેમણે પેલા સજ્જન આચાર્યશ્રીને મને ચીંધીને ખાસ કહ્યું કે 'આ છોકરાનો મૅટ્રિકના વિષયનો બધો અભ્યાસ તમે સારી રીતે પૂરો કરાવી દો, અને એ વિષયમાં એને બહુ હોશિયાર કરી દો. આ છોકરાને જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે તે તમારી પાસે આવેને ત્યારે તમારે એને શીખવવું. આ છોકરો કોઈ પારકે ઠેકાણે રહે છે, તેથી તે ધારેલે સમયે ના આવી શકે એવી એની પરિસ્થિતિ છે.'

## સંતકૃપાનો અનુભવ

પેટલાદમાં દીવાન સાહેબના ઘરથી થોડેક જ આગળ આ સંસ્કૃત પાઠશાળા હતી. તે આચાર્યશ્રી પાસેથી બે અઢી મહિનાના ટૂંકા ગાળામાં બધો જ સંસ્કૃતનો અભ્યાસ પાકો કરી લીધો હતો. ખાસ કરીને વ્યાકરણની બાબતનો તો પૂરેપૂરો જ. તે ઉપરાંત, શ્રીજાનકીદાસ મહારાજે મને કૃપા કરીને ચેતવેલો હોવાથી મૅટ્રિકના બીજા બધા વિષયોનો અભ્યાસ તે તે વિષયોની છપાયેલી સમજૂતીઓ (ગાઈડ્ઝ) બહાર પડતી હતી, તે બધાંની મદદથી તથા તે તે વિષયોના પ્રશ્નો અને ઉત્તરોની પણ ચોપડી છપાતી હતી, તે બધાંની મદદથી બધા વિષયોનો અભ્યાસ ઝટ ઝટ કરી લીધો હતો. એવામાં કોઈક નિમિત્ત પ્રસંગે કરીને અમદાવાદ જવાનું બન્યું. ત્યાં મારા મોટા ભાઈ, મા વગેરે રહેતાં હતાં, પરંતુ મેં તો શ્રી ધનુભાઈને ત્યાં જ અમદાવાદમાં રહેવાનું રાખ્યું હતું. ત્યાં સાચે જ શ્રીજાનકીદાસજીની આગાહી પ્રમાણે આ શરીર બહુ જ માંદું

પડ્યું અને તેનું મરણ નીપજી શકે એવી ગંભીર સ્થિતિ પણ થઈ ગઈ હતી. કેટલાક દિવસ સુધી બેભાન અવસ્થામાં પણ રહેવું પડ્યું હતું. શરીરની આ માંદગીમાં મને શ્રીજાનકીદાસ મહારાજનું બહુ સ્મરણ થતું અને તેમના પર મને ત્યારે ઘણું ઘણું વહાલ પણ પ્રગટતું. શરીરની આ માંદગી લાંબી ચાલી હતી. શરીર કંઈક થોડું ઘણું સ્વસ્થ થતાં અભ્યાસની પ્રવૃત્તિ શરૂ કરવાનું કરતાં ડૉક્ટરે અભ્યાસ કરવાની મનાઈ કરી. મૅટ્રિકની પરીક્ષામાં બેસવાને માટે જે પ્રાવેશિક પરીક્ષા થાય છે, તેમાં પણ બેસી શકાયું ન હતું, પરંતુ હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબ શ્રી ઈશ્વરભાઈ પટેલ, જેઓ સોજિત્રાના વતની હતા, તેઓની મારા પર સારી મમતા હતી, કારણ કે હું વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં તેજસ્વી હતો અને આગળથી બધો અભ્યાસ કરી લીધો હતો. તેથી જે જે નિબંધો લખવાના આવે અથવા ત્રિમાસિક કે છમાસિક પરીક્ષા થતી તેમાં હું બહુ ઊંચા માર્કથી પાસ થતો. એટલે પ્રાવેશિક પરીક્ષામાં ના બેસી શક્યો તોપણ મને ફૉર્મ તો મળી ગયું હતું, પરંતુ જો શ્રીજાનકીદાસ મહારાજે કૃપા કરીને મને ચેતવ્યો ના હોત, તો જરૂર હું નાપાસ થયો હોત. સદ્‌ભાવનાથી સેવાયેલો સત્સંગ at least (કંઈ નહિ તો) મારી બાબતમાં તો મને સફળ પરિણામમાં પ્રગટેલો અનુભવાયો. વળી, આ ઉપરાંત, મને એ પણ જણાયું હતું કે આપણામાં એવા સત્સંગની અભિરુચિ પ્રગટેલી હોય અને તેની જાણ આપણને છતી થયેલી ના હોય, તોપણ જો આપણને તેવે ઠેકાણે જવાનું દિલ થતું હોય, તો એવા સત્પુરુષ પાસે ખાલી બેસવાથી કરીને પણ આપણને

શાંતિ અને હળવાશ જરૂર પ્રગટે છે, અને તેવા પ્રકારની લાગણીની અસર થોડા સમય સુધી ચાલુ રહેલી પણ અનુભવાય છે. મને આવું લાગ્યા કરતું, તેથી જ વારંવાર તેઓશ્રીની પાસે ગયા કરવાનો દિલનો ભાવ થતો.

## શ્રીસરયુદાસજીનાં દર્શન

વળી, તેઓશ્રીએ મને અમદાવાદમાં શ્રીસરયુદાસ મહારાજને પગે લાગીને તેમના આશીર્વાદ લેવાની ખાસ સલાહ આપેલી અને મેં તેમ કરેલું પણ ખરું. આ બધું જે કાળે બન્યું તે કાળે સત્સંગનો મહિમા કે મહત્ત્વ તો મુદ્દલે જાણતો ન હતો, પરંતુ આજે retrospectionની ધારણાથી એટલે પૂર્વસ્મૃતિની ધારણાથી એટલું જરૂર કહી શકું છું કે શ્રીજાનકીદાસ મહારાજ અનુભવી મહાત્મા હતા. તેઓશ્રી નડિયાદના સંતરામ મહારાજના મંદિરમાં પણ કોઈ કોઈ વાર પધારતા. નડિયાદમાં સેવાનાં ક્ષેત્રમાં હતો, ત્યારે પણ તેઓશ્રી જ્યારે જ્યારે નડિયાદ પધારતા, ત્યારે ત્યારે તેમની કને જતો. તેઓશ્રીએ મારી ઓળખાણ બરાબર રાખી હતી અને તે વેળા તો સાધનાના પ્રદેશમાં પ્રવેશી પણ ચૂક્યો હતો. આવા પ્રદેશની ગડમથલ વિશે તેઓશ્રીના પૂછવાથી કરીને મેં તેમને જણાવ્યું પણ હતું. કદીક કદીક સાધનામાં મને જે જે મુશ્કેલી નડતી અને ગૂંચો પ્રગટતી, તે તેમને હું વ્યક્ત રીતે કહેતો કરતો નહિ, પરંતુ તેમની પાસે જવાનું થતાં તે તે બધું પ્રાર્થનાભાવે મારા મનમાં ધારણ કરીને બેસતો અને તેઓ બીજા કોઈ સાથે વાર્તાલાપ કરતા હોય, અથવા કંઈ કશું બોલતા હોય, તો તેમાંથી મને મારા કોયડાનો જવાબ મળી જતો. અને આ

રીતનું અનુસરણ શ્રીસંતરામ મહારાજના મંદિરમાં બીજા મહાત્મા પધારતા ત્યારે પણ કરવાનું રાખતો હતો. જે જે કોઈ મહાત્માની પાસેથી આપમેળે મારી સાધનાનાં મુશ્કેલી, ગૂંચો અને કોયડાઓનું સમાધાન પ્રભુકૃપાથી મેળવી શકવાનું બનતું ત્યારે ત્યારે તે તે સાધુ મહાત્માની પાસે વિશેષ ને વિશેષ જવાનું કરતો અને મને જે કંઈ થોડો સમય મળે, તેમાં તેમની સેવા કરવાનું ચૂકતો નહિ. સદ્‌ભાવથી અને દિલના ઉમળકાથી કરેલી સેવા આપણાં મનાદિકરણને એક પ્રકારની સુખદ લાગણી પ્રેરાવે છે, અને તેમને ભાવનાથી ભીંજાવેલાં રખાવે છે. આ હકીકતનો અનુભવ મને તે તે કાળે થયેલો હોવાથી તે ચાલુ રાખવાનું પ્રભુકૃપાથી બન્યું હતું.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૮-૭-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શિખરિણી)

બનેલું માટીનું પૂતળું પ્રભુ ! છું પામર હું તો
કહો, ક્યાંથી પૂરો ત્વરિત બનું હું શુદ્ધ પ્રભુ ! તો ?
છતાં શ્રદ્ધા રાખું પદકમળમાં અર્પણ થવા
થશે હુંથી તેવું મુજ પર હશે જો તુજ કૃપા.

* * *

ચિતા જ્વાળા જેવો ભડભડ બળ્યા હું કરું સદા,
સિજાતો મૂંઝાતો અમૂંઝણથી ભારે હૃદયમાં,
નથી એની તારે કંઈ પણ પડી, ક્રૂર શું થયો ?
મને શાંતિ દેની રહમ કરી મારી પર પ્રભો !

* * *

જ્યહાં જાણ્યું કે મેં ભૂલ થકી કર્યું સાવ ભટક્યા,
હ્દે ભૂલ્યો ત્યાંથી ફરીથી પ્રભુ ! મંડ્યો હું ગણવા,
છતાં તોયે મારી હજી પણ પડે ચૂક, કરું શું ?
મને દે શિક્ષા કે દઈ શકું પૂરું લક્ષ પ્રભુ ! હું.

* * *

મને ભારે ભારે મુજ હૃદય કૈં લાગી કઠતું,
ઉપાધિ એવી તે વળગી રહી શી ! જાણું નવ હું,
મને આમાંથી તું, તુજ પદ ઢળીને કરગરું,
ઉપાયેથી જે તે બચવી પ્રભુ ! લે, ખૂબ વીનવું.

* * *

બની ર્હે છે ઝાંખી મુજ જીવનની જ્યોત પ્રભુ ! જ્યાં,
થયાં આશાનાં જ્યાં સતત વહેતાં બંધ ઝરણાં,
અને તારાં તો જ્યાં દરશન થવાં દુર્લભ થયાં,
નકામું શા કાજે રહ્યું જ જીવવાનું જગતમાં !

* * *

મળે જેથી સાચું જીવન, શરણું મેં તુજ ગ્રહ્યું,
હાવાં ના દે જો તું મદદ મુજને, હું ક્યમ મરું ?
અને જ્યારે મારું મરણ થઈ ર્હેશે પ્રભુ ! પૂરું,
ખરું તે વેળાથી જીવન મુજ લાધી શકીશ હું.

## પ્રભુકૃપાની જ દૃષ્ટિ

હરિજન સેવક સંઘમાં કામ કરતો ત્યારે કદીક કદીક એકાદ મહિનાની રજા લઈને દૂર કોઈ એકાંત સ્થળે ચાલ્યો જતો. મારા તે સેવાનાં ક્ષેત્રમાં મેં કદી એક પણ ફાલતુ રજા ભોગવી નથી. રવિવારને દિવસે પણ હરિજનવાસમાં જતો કરતો.

અને ત્યાં બીજી કોઈ પ્રવૃત્તિ આદરતો, તથા વાસના લોકોની સાથે સદ્ભાવથી હળવા, ભળવા, મળવાનું કરતો. નડિયાદમાં મારે ઘણા વખત સુધી આ ક્ષેત્રમાં રહેવાનું બન્યું તેને પણ હું ભગવાનની પરમ કૃપા જાણું છું. તે કાળે સંઘમાં કામ કરતા મારા એક સ્નેહી શ્રી ચૂનીલાલ વ્યાસ કરીને હતા. તે તો હંમેશાં મને ઉશ્કેરવાનું જ કર્યા કરતા. તે તો કહે કે ‘સર્વથી પ્રથમ તમે આ હરિજનોની સેવામાં પ્રવેશ થયેલા છો, અને શ્રી ઇંદુલાલભાઈની સાથે તમે બહુ જવાબદારીવાળું કામ પણ કરેલું છે. તમારામાં આશ્રમ ચલાવવાની યોગ્યતા નથી, એમ પણ કોઈ કહી શકે તેવું નથી. તમે જે અંત્યજ સેવા મંડળની સકળ પ્રવૃત્તિ ચલાવતા હતા, એટલે કે અંત્યજ સેવા મંડળની કચેરીનું કામકાજ, તેનો પત્રવહેવાર, તેનો બધો હિસાબ, તેની બધી વ્યવસ્થાપૂર્વકની ફાઈલોનું કામકાજ તથા તે કચેરીનું બીજું એવું ઈતર કામ, તે ઉપરાંત, આશ્રમનું સંચાલન અને તેની સાથે સાથે નડિયાદની મરીડા ભાગોળમાં આવેલી હરિજન શાળાનું કામકાજ, એ બધું જ તમે એકલે હાથે કરતા હતા. તે બધું તમારી કનેથી લઈ લઈને તમને એકમાત્ર નાનકડી નિશાળનું કામ આપ્યું છે, તે તમારું હડહડતું અપમાન છે. તમે તો સાવ બાયલા છો. આનો સામનો પણ કરતા નથી ! તમે બધાંથી બીવો છો, તમારામાં સાચું બોલવાની તાકાત અને હિંમત નથી.’ આવી અનેક રીતે તે મને વારંવાર ઉશ્કેરવાનું કરતા. તે ભાઈ નડિયાદમાં મારા હાથ નીચે કામ કરતા હતા ત્યાં સુધી તો અવારનવાર મને તેવી રીતે ટકોરતા જ, અને તેમની ત્યાંથી બદલી થઈ ગયા પછીથી પણ જ્યારે જ્યારે

મળવાનું થતું, ત્યારે ત્યારે તેમ કર્યા વગર રહેતા નહિ. હું તો પ્રભુકૃપાથી તે કાળે સાધનામાં પ્રવેશ પામી ચૂકેલો હતો, એટલે મળેલાં પરિસ્થિતિ અને સંજોગ મારા પોતાના વિકાસ માટે જ મળેલાં છે, એ દૃષ્ટિએ દૃઢતાથી, સંતોષથી અને પ્રેમથી તેને સ્વીકારી લેવાનું કર્યા કર્યું હતું અને બીજી દૃષ્ટિએ વિચારવાનું બનતું નહિ. તે નડિયાદનો ૭ વર્ષનો ગાળો સ્થિર અને એકરસ થવાને કાજે મારે માટે ઘણો જરૂરનો હતો અને તે પ્રભુની પરમ કૃપા હતી.

## નિર્જન સ્થળે સાધના

એકલું શાળાનું કામ મળેલું હોવાથી આ સાધનાના પ્રદેશમાં ગતિ કરવાનું સાનુકૂળપણે મારાથી બની શક્યું. આગળ લખ્યું છે તેમ તે ગાળાના સમયમાં કદીક કદીક એકાદ માસની રજા લઈને ક્યાંક એકાંત નિર્જન સ્થળમાં, જ્યાં પાસે જળાશય હોય એવા સ્થળમાં સાધનાની ઉપાસનામાં બધો સમય વ્યતીત કરતો. આવું જ્યારે જ્યારે, જ્યાં જ્યાં જવાનું થતું ત્યાં ત્યાં જમવા કરવાની કે ખાવાનું કરવાની પ્રવૃત્તિમાં કદી પણ પડતો નહિ. જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે પાસેના જળાશયનું પાણી પી લેવાનું રાખતો અને જ્યાં જવાનું થતું તે સ્થળ તો સાવ તદ્દન નિર્જન અને વસ્તીથી ઘણું ઘણું દૂર અને જ્યાં કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું પડ્યું હોય એવું પસંદ કરતો. એટલે ત્યાં કોઈ મનુષ્યની હડફટે ચડી જવાનું એકદમ તો બની શકતું નહિ. ઓછામાં ઓછા ચારપાંચ દિવસના, કોઈક વખત તો તેથી પણ વધારે દિવસના કડાકા નીકળી જતા. તેવા કાળના દિવસોમાં પણ ભૂખના ત્રાસે મને કદી સતાવ્યો નથી, તે ભગવાનની

પરમ કૃપા. મને તો માત્ર એક જ વિષયની લગની લાગેલી રહેતી. જુદા જુદા પ્રકારનાં સાધનોનો અભ્યાસ જે હતો અને તેમાંથી જે નવું નવું સૂઝ્યા કરતું, તેમાં તેમાં પ્રવેશીને તે પ્રમાણે સંચાલિત થવું અને તેમાં ગતિમાન રહ્યા કરવું તે જ એકમાત્ર તે કાળે સૂઝ્યા કરતું, જેમ ધનુર્વિદ્યામાં એક જ પરત્વે એકાગ્ર અને કેંદ્રિત દૃષ્ટિ રહે અને જેને તાકવાનું હોય ત્યાં જ તે દૃષ્ટિ એકદમ નિશ્ચળપણે ચોંટી જ રહે, એવા પ્રકારની ભાવનામાં સદાય રહ્યા કરવાને દિલ તલપાપડ રહ્યા કરતું. જોકે તેમાં પણ મંદતાના તબક્કા અવારનવાર પ્રગટતા તો ખરા અને કદીક તો તેવી ઓટની અસર ભયંકરમાં ભયંકર સાલતી.

### સ્મશાનવાસનો એક રસિક પ્રસંગ

આવી રીતે એકવાર ચિત્રકૂટ નામના કોઈ નિર્જન સ્થળે જવાનું આ જીવને બન્યું હતું. ત્યારે એક બ્રાહ્મણ વિદ્વાન પંડિત રોજ એકવાર જમવાનું આપી જતા હતા. આવે વખતે જે કોઈ જમવાનું આપવા કરવા આવે, તેની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત હું કરતો નહિ. તે પંડિતજી સાથે મેં કશી વાતચીત કરેલી નહિ, પરંતુ ત્યાંથી જતી વખતે તેમણે મારું સરનામું લઈ લીધું હતું. આ પંડિત એકવાર નડિયાદ પધાર્યા હતા. મારી બાએ તેમને સીધું સામગ્રી આપીને તેમની પાસે રસોઈ કરાવી હતી, કારણ કે તેઓ બીજા કોઈના હાથનું જમતા નહિ. મને તેમણે જણાવ્યું કે ‘હું કદી ઘરમાં સૂતો નથી.’ મેં તેમને કહ્યું કે ‘હું તો રોજ ગામ બહાર સ્મશાનમાં સૂવા જઉં છું, એટલે તમે મારી સાથે આવજો.’ અમે બંને તે રાત્રે સ્મશાનમાં સૂતા, હું પણ રાત્રે મારું સાધન કર્યા કરું અને તે પણ તેમનું. તેઓ કોઈ મેલી

વિદ્યાના સાધક હશે, એવા કોઈક સંસ્કારની છાપ મારા મન પર ત્યારે પડી હતી, અને તે પ્રકારની વાતચીત પણ તે પછીથી તેમણે મને કરી. પ્રેતની પણ યોનિ છે, જેમ મનુષ્યની યોનિ છે તેમ. અને તેવી મંત્રવિદ્યાથી તેને પ્રત્યક્ષ કરી શકાય છે, તેમ તેમણે મને તે રીતે પ્રત્યક્ષ કરીને પણ બતાવ્યું, તે મને કહે કે 'મારે આ વિદ્યાનું છેલ્લું એક પગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું આવે છે, તે બધી વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય.' મેં તેમને કહ્યું કે 'અમારે આવી વિદ્યા સાથે નિસબત નથી. અમારે તો સ્વરાજ જોઈએ છે.' તો તે કહે કે 'આ પ્રેતવિદ્યાથી વાઈસરૉયને પણ ડગમગાવી શકાય અને તેનો બીજા પર પ્રત્યક્ષ પ્રયોગ કરીને પણ તમને બતાવી શકાય, પરંતુ હાલમાં તેવું બને તેમ નથી, કારણ કે મારે તે વિદ્યાની પૂર્ણાહુતિ કરવાને માટે એક યજ્ઞ કરવાની જરૂર છે, અને તેમાં જે તે બધું હોમવાની વિધિ કરવાની છે, અને તેને માટેની રકમ લેવા તમારી કને આવ્યો છું.' મેં તેમને મારી બધી આર્થિક સ્થિતિની હકીકત સાફ સાફ જણાવી દીધી. તેમણે મને સૂચવ્યું કે 'ઉઘરાણું કરાવી આપીને પણ મને મદદ કરો.' તે બાબતની પણ મારી લાચારી છે અને મારાથી તેવું પણ બની શકે તેમ નથી, તેની પણ સ્પષ્ટતા કરી દીધી અને અમદાવાદ જવાનું ભાડું આપીને તેમને વિદાય કરી દીધા.

### આ પ્રસંગમાંથી સાનુકૂળ સમજણ

આવા પ્રકારની મેલી વિદ્યાના પણ મંત્ર હોય છે, તેની ખાતરી પ્રથમ મને ત્યારે થઈ. તેવી વિદ્યાની સાધનાથી એમનો

વિષય સાક્ષાત્ સાકારરૂપ ધારણ કરી શકે છે, તો સાધનાના ભાવનો વિષય કાં સાકાર પામી ના શકે ? મતલબ કે પામી જ શકે, આવું સૂઝવાથી તે પંડિતના પ્રત્યક્ષ તેવા પ્રયોગથી મને પોતાને મારી સાધનાના અભ્યાસમાં વિશેષ આત્મવિશ્વાસ અને નવો પ્રાણ પ્રગટ્યો. આ ભાઈની પ્રવૃત્તિ તો નકારાત્મક હતી, પરંતુ મને પોતાને તો તેનાથી લાભ જ થયો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨-૮-૧૯૪૦*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(શિખરિણી)

ગુજાર્યા કીધી છે અરજ તુજને કેટલીય કૈં,
છતાં કાં ના થાતો રહમદિલ પૂરો મુજ પરે ?
ઉપેક્ષા તેં કીધા મુજ કરી મને શો અવગણ્યો !
કયા વાંકે મારી ઉપર કરતો આ સિતમ શો

* * *

તને જ્યાં ભાવેથી મુજ દિલતણું દાન કરિયું
હવે શાને આશા ઊંડી ઊંડી નકામી દિલ ધરું ?
'અરે ! આપેલાનો મૂરખ બદલો માગી વદીને
બતાવે મૂર્ખામી, સમજી ત્યજી દે આશ બધીયે.

* * *

થતો એની મેળે મુજ હૃદય ઉકેલ ન હજી,
થવાયું છે પાકું મુજ થકી ન, જાણું ત્યહીં સુધી,
તવાશે ભઠ્ઠીમાં સખત બહુ ત્યારે પીગળશે,
વહ્યા જાશે ત્યારે રસઝરણું હુંમાંથી સતતે.

* * *

છવાયું અંધારું મુજ હૃદય આકાશમહીં શું !
કૃપારૂપી ફેંકી કિરણ પ્રભુ ! તે દૂર કર તું,
'કરે જે પોતાને મદદ, મદદે તેની તું રહે,'
મને એવી શ્રદ્ધા જીવન જીવતું રાખી ટકવે.

**મરણિયા નિર્ધારનો દાખલો**

મરણિયો નિર્ધાર કેવો હોય છે, તેનો પણ એક દાખલો તમને ટાંકું. પાલનપુર પાસે બાલારામ કરીને એક બહુ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગા છે. ત્યાં એકવાર મારે રહેવાનું બન્યું હતું. અલબત્ત, સાધનાના અભ્યાસ માટે જ. ત્યાં હતો ત્યારે એક બ્રાહ્મણભાઈ રોજ મહાદેવની પૂજા કર્યા કરતા, હું તો કોઈ પણ પ્રકારની તેમની સાથે વાતચીત કરતો નહિ, પરંતુ એક દિવસે સાંજ પડી ગયા પછી તે ભાઈ મારી પાસે બેઠા અને પોતાના જીવનની કથની કહેવા માંડી. તેઓ માત્ર ધનપ્રાપ્તિને અર્થે જ આ સ્થળે મહાદેવજીની ઉપાસના કરવા આવ્યા હતા. તેમણે તો એવો મરણિયો નિશ્ચય કરેલો કે 'કાં તો ભગવાન મને ધન આપે, કાં તો હું અહીં જ કમળપૂજા કરીશ ! કમળપૂજા એટલે શું ? તે હું જાણતો ન હતો, એટલે મેં તેમને તે સમજાવવા કહ્યું. 'મહાદેવજી ધનની પ્રાપ્તિ ના કરાવે, તો તેમના લિંગ ઉપર પોતાના હાથે જ એક ઝાટકે પોતાનું માથું વધેરીને મહાદેવજી ઉપર ચડાવવું તેનું નામ કમળપૂજા.' મને ત્યારે પણ એટલું બધું લાગી આવેલું કે 'આ માણસનો કેવો દૃઢ સંકલ્પ છે !' આપણો પણ સાધનામાં ભાવ પ્રગટાવવા માટે આવો મરણિયો નિશ્ચય પ્રગટવો જોઈએ. અને મને શીખવવાને માટે જ ભગવાને કૃપા કરીને આવું

દર્શન કરાવ્યું, તેથી મને સાધનામાં વેગ પણ પ્રગટ્યો હતો. આ બનાવ પછી તો થોડાંક વર્ષો વીતી ગયાં અને સને ૧૯૩૧ની સાલમાં સોમાભાઈ (લેખકના નાના ભાઈ) વગેરેની સાથે અમારે કરાંચીની મહાસભામાં જવાનું થતાં બાલારામ અમે બધા ઊતર્યા હતા અને બહુ વહેલી સવારમાં જે સ્ટેશનથી બાલારામ જવાય છે, ત્યાં ઊતરીને અમે તે સ્થળે પહોંચ્યા. ત્યારે તે બ્રાહ્મણનું માથું લિંગ ઉપર હજી તરફડતું હતું, એવું દૃશ્ય અમે બધાંએ જોયું. ત્યારે થોડાંક વર્ષો પહેલાંની તેણે કહેલી બધી હકીકત જીવતી બની ! તેનો કેવો દૃઢ સંકલ્પ ! અમે તો તુરંત ને તુરંત એકદમ ત્યાંથી ભાગી છૂટ્યા. નહિતર વળી પોલીસ કે કોઈ આવે તો અમારે પંચનામામાં દાખલ થવું પડે અને અમારે તો તરત જવું હતું આબુ જોઈને કરાંચી. આ પ્રસંગ એટલા માટે ટાંક્યો છે, કે આપણે જે આ માર્ગે પ્રવેશવાનું કરીએ છીએ, તે ગમે તેવા સાધારણ નિશ્ચયથી બની શકવાનું નથી. હજી તો મને આપણાં સ્વજનોમાંથી કોઈનાય દિલમાં એવો નિશ્ચય પ્રગટેલો હોય એવું લાગતું નથી, પરંતુ તેવો મરણિયો નિર્ધાર અને નિશ્ચય પ્રગટાવ્યા વિના આપણું કામ પણ થવાનું નથી, તે નક્કી જાણજો.

**મને ધન્ય બનાવો**

આવો મક્કમ દૃઢ નિર્ણય પ્રગટ્યા વિના સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતનવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી. આપણાં બધાંના પ્રયત્ન પણ સાવ મડદા જેવા છે. આપણે શું કરવા મળ્યાં હતાં અને શું કરવા સદ્‌ગુરુની પાસે ગયાં અને તેને સ્વીકાર્યો, તે બધું ભાન જાણે કે હવામાં ઊડી ગયેલું હોય

એવું મને તો લાગ્યા કરે છે. માટે, કૃપા કરીને ચેતો તો સારી વાત. તમારા જીવન વડે કરીને મારે તો ગૌરવવંતા થવું છે. હાલ નથી એમ નથી, પરંતુ પેલાથી વિશેષ છટા પ્રગટે. અવ્યક્તની પણ કળા છે અને વ્યક્તની પણ કળા છે. અમારે પણ આ માર્ગમાં એક પરંપરાની સાંકળ હોય છે. પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ મહારાજે મને ચેતાવવાનું કર્યું, તો તેમના આશીર્વાદથી કોઈકનું ચેતનવંતું જીવતુંજાગતું સાધનાના ભાવમાં નિષ્ઠા પામતું જીવન પ્રગટી શકે, તો જ જીવનની સંપૂર્ણ ધન્યતા અને કૃતકૃત્યતા અનુભવી શકાય. અમારે પણ જીવનનો લહાવો પ્રભુકૃપાથી માણી શકાય તો માણવો છે, અને તે તમારાં બધાંના હાથમાં છે. માટે, મારા પર ઘણી ઘણી કૃપા કરજો અને મહેરબાની રાખજો.

*કરાંચી.* *હરિઃૐ* *તા. ૮-૮-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(માલિની)

ચરણકમળ સેવાભાવથી હું હંમેશાં
તુજ કરી શકું એવી દે કૃપા હે કૃપાળુ !
અવર નહિ જ કાંઈ વાંછતો માગતો કે
બસ, બસ, મુજને તું એટલું એક દેજે.

* * *

ચરણરજ પ્રસાદી તારી દેજે મને તું,
તવ ચરણ ઢળીને એટલું માગતો હું
પ્રભુ ! વળી કરુણાનો સિંધુ છે તું ભરેલો,
મુજ પર અમીદૃષ્ટિ નાખજે હે પ્રભુ ! તો.

મુજ હૃદયતણી તું વાત જાણે બધીયે,
ફરી ફરી પ્રભુ ! તોયે શું કહેવું પડે તે !
કથી કથી જીભ કૂચો જો થયો હે પ્રભુ ! તું,
શમવી તુજમહીં દે બાળને હે કૃપાળુ !

ઓ મા ! આજે તું મને કેટલી બધી યાદ આવી હતી ! ગઈ કાલે બધી બહેનોએ રાખડી બાંધી ત્યારે પણ તારા ભાવનાં દર્શન થયાં હતાં.*

## માનો ભાવ

છોકરાં ગમે ત્યાં રખડતાં ભમતાં હોય, તોયે એને માથે મા હાથ ફેરવતી જ હોય છે. એના દિલનો પ્રેમભાવ કેટકેટલો ન્યારો છે ! માના છોકરાં પરત્વેના ભાવને મર્યાદા નથી. માનો ભાવ તો કશું જોતો નથી. મા તે મા જ છે, મા તો જગજ્જનની છે. મા સર્વવ્યાપ્ત છે. માને છોકરાં ભૂલે, ભૂલે છે ખરાં, પણ મા તો છોકરાંને છાતી સરસાં ચાંપેલાં જ રાખે છે એમ જે કહ્યું છે તે સાવ સાચું છે. જગતમાં મા ના હોત તો જગતમાં જે ચેતના, પ્રાણ, સ્ફૂર્તિ અને રસ છે, તે ના હોત. આ કથનનું રહસ્ય હવે મને સમજાય છે. માના દિલનો ઊછળતો ઉમળકો અને તેના હૈયામાંથી નિર્ઝરતી મધુથીયે મધુતર મીઠાશ, જ્યાં જ્યાં કઠણાશ છે, પારુષ્ય છે, શુષ્કતા છે, ત્યાં ત્યાં કોમળતા, પ્રેમ, સહાનુભૂતિ - તેવું તેવું પ્રવર્તાવે છે. જ્યાં જ્યાં શુષ્કતા છે, ક્રૂરતા છે, ભિન્નતા છે, અભાવ છે, ત્યાં ત્યાં તે રસ, શાંતિ, હમદર્દી, સદ્ભાવ અને પ્રેમનું વાતાવરણ ફેલાવે છે. માના હૃદયમાં અને તેથી કરીને તેના હાથમાં જે દિવ્ય અમી

* લેખકને પોતાની મા યાદ આવતાં ઊપજેલા વિચારો.

છે, તે દિવ્ય અમીથી બાળકના શરીર પર હાથ ફેરવી ફેરવીને એને તે ચેતનવંતા જ રાખ્યા કરે છે. મા કદીક ભવાં પણ ચડાવે છે ખરી, પરંતુ એ ભવાંની પાછળનું રહસ્ય અને હાર્દ કલ્યાણની ભાવના કાજે જ છે. છોકરાંના હૃદયમાં ભાવ પ્રગટાવવાને માને ગુણની સાથે ગુણની રમત ખેલવી પડે છે. મા સર્જન કરે છે, તે જીવનને જીવતું રાખવા. માના સર્જનમાં માની લીલા કેવી વ્યક્ત થાય છે ! માની સર્જનાત્મક શક્તિ અનેક આત્માઓના આંતરિક સ્ફુલિંગને આત્મભાવમાં ઉદ્દીપન કરાવવાને માટે પણ હોય છે. વખત આવ્યે સ્થૂળ માની એટલે કે સાંસારિક માની મમતાનો પણ જીવનવિકાસની સાધના કાજે છોકરાંઓએ ભોગ આપવો પડે છે. તેના વિના માના આત્મીય સ્વરૂપનું દર્શન થવું મુશ્કેલ છે. માના આંતરિક સ્વરૂપને ભલે આપણે પૃથક્ પૃથક્ પણે ના જાણી શકીએ, પરંતુ માની દિવ્ય શક્તિને અને માના દિવ્ય ભાવને આત્મસાત્ કરી કરી એનામાં ભળીને પરોક્ષ રીતે નહિ, પણ પ્રત્યક્ષ રીતે एના સંપૂર્ણ ભક્ત બનીને એ માની સાથે રમવામાં કેટકેટલો અને કેવો કેવો આનંદ પ્રગટે છે, તે તો તેવી રમત રમનારો જ સમજી શકે.

## માના ખોળાનો આનંદ

માના ખોળામાં મોકળે મને સૂવાનો જે આનંદ છે, તે આનંદ પણ કોઈ અનેરો છે. આજે પણ મા તને દૂર દૂરથી ‘બા’, ‘બા’ના પોકાર પ્રેમથી કરતો તારી પાસે દોડ્યો આવતો હોઉં છું. મારા એ પ્રત્યેક ‘બા’નાં સંબોધનમાં એટલી તો ભાવોર્મિ પ્રગટે છે, કે કેટલીક વાર એવા ઉછરંગથી તને વળગી

પણ પડું છું. અને રાત્રે બહાર એકાંતમાં કોઈ નિર્જન સ્થળે સૂતો હોઉં છું, ત્યાંથી વહેલી સવારમાં ઊઠીને આવીને તારી સાથે સૂઈ જવાનો જે લહાવો મળતો, તેથી સદાય મારા દિલના ભાવમાં વૃદ્ધિ થયેલી હું અનુભવતો, પરંતુ તું તો ત્યારે મને બહુ ભાંડતી અને બોલતી કે 'મારા રડ્યા ! ઉચ્છેદિયા ! નખ્ખોદિયા !* મોટો પાડા જેવડો થયો, તોયે હજુ મારી સાથે સૂઈ જાય છે ! તને તો કશું ભાન નથી. તું હજી નાનો કીકો થોડો છે ?' આવું જ્યારે જ્યારે તે બોલતી અને તે તેને નહિ ગમતું હોય, તેમ છતાં હું તો તેને બહુ જ ભાવના તાનથી વિશેષ ને વિશેષ વળગતો અને ભેટતો, તેમ તેમ તે વધારે બખાળા પણ પાડ્યા કરતી.

## માતૃભક્તિનો હેતુ

માનો વહાલભાવ જીવનમાં માણવાનો તો છે જ, પણ તે ઊર્ધ્વગામી થવા માટે. મા આનંદસ્વરૂપ છે, કલ્યાણમયી છે, પરંતુ સાથે સાથે ચંડિકાસ્વરૂપ અને કાલિકા પણ છે. તોપણ માના દિવ્ય ભાવને જો આપણે ખરેખરી પ્રેમભક્તિથી આકાર પમાડી શકીએ, તો તેનાથી જીવનને ઉન્નયન કરવામાં જે મોટી ફલાંગો ભરાવવાનું બની શકે છે, તે સાધનાના પ્રચંડ પુરુષાર્થથી પણ બની શકતું નથી. માની શક્તિ જ્યારે આપણને મળે છે, ત્યારે આપણી જીવનની સાધનાનો વેગ ઘણો ઘણો વધી જાય છે. મા પ્રત્યક્ષ છે તે હકીકતે તદ્દન સાચું છે અને તેવો ભાવ સ્થૂળ માની ભાવના દ્વારા પ્રગટ થઈ શકતો હોય છે. સને

---

* આ લેખકની બાને પ્રેમથી તેમના દીકરાને આવાં સંબોધન કરવાની ટેવ હતી.

૧૯૩૯ પછીથી એટલે કે સાધનાના પ્રદેશની અમુક ભૂમિકાઓ વટાવ્યા બાદ અને જીવનની ઉત્ક્રાંતિ અમુક તબક્કામાં પ્રવેશ્યા પછી માનું સાચું સ્વરૂપ અને તેની મહત્તાનું મને તેની કૃપાથી ભાન પ્રગટ્યું છે. મા તે મા છે. માનો ભાવ બે ધારવાળો છે. એનો જેવી રીતે ઉપયોગ કરશો તેવી રીતે તેમાં તે, તે ભાવથી વૃદ્ધિ કરાવતો જશે.

## હાજરાહજૂર મા

મા સ્વતંત્રપણે જરૂર આપણને મદદ કરે છે, પણ તે ત્યારે જ બની શકે કે જ્યારે માનામાં પ્રેમભક્તિપૂર્વકની ભાવનાથી આપણે પૂરેપૂરાં ગળી ગયાં હોઈએ ત્યારે. માનો ભાવ એ કંઈ માત્ર ઊર્મિની કલ્પના નથી. એ તો જેમ પ્રત્યક્ષ રમતી, ચાલતી, ફરતી દુનિયા છે, તેમ ए પણ પ્રત્યક્ષ હાજરાહજૂર છે. આપણે એવી માના શરણે રહીને માના ભાવને મદદમાં લેવાને માટે મળેલી માને અને તેના દિલને સંતોષ આપીશું, અને તે પણ તેનાથી કરીને આપણી પોતાની ભાવનાને સતેજ કરવાના હેતુથી તેમ કરવાનું જ્ઞાનપૂર્વક રાખીશું, તો માના દિલને પમાડેલો આત્મસંતોષ આપણી ભાવનાને કૂંળીકૂંળી અને ભીંજવેલી જરૂર રખાવશે એવો મારો પોતાનો અનુભવ છે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૯-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શિખરિણી)

પ્રભુ ! વૃત્તિ મારી સ્વરૂપમહીં ર્‌હે લાગી ન હજી,
હૃદે વૃત્તિની તે થઈ ન સ્થિરતા પ્રાપ્ત પૂરતી,

ન ધારેલી આવી અડચણ મને તે પજવીને,
ભગાડે છે ત્યાંથી દૂર દૂર પ્રભુ ! તું મદદ દે.

* * *

હજી હૈયાનો તે પ્રભુ ! નવ મટ્યો ક્લેશ જરીયે,
શમાવાને માટે પદકમળ લીધું શરણ મેં,
ન બાંધે છે ગાંઠે મૂરખ મન મારું કંઈ કશું,
હાવાં ખોલાવી દે નયન મુજ, કે પાર નીરખું.

* * *

પ્રભુ, મારામાં કો રીતની કશી ના ખોડ વસજો !
જિવાવા એ રીતે મુજથી સઘળા યત્ન બનજો !
વળી આકાશેથી કદીય મુજ દૃષ્ટિ ન ખસજો !
ધપાતું ર્‌હેવાજો સતત મુજથી તું ગમ પ્રભો !

* * *

ગુમાવી બેઠો જ્યાં મન ઉપરનો કાબૂ મુજ હું,
પછી કેવી રીતે ઘડી શકીશ મારું જીવન હું ?
પ્રભુ ! તેથી હું તો તુજ ચરણ સેવ્યા નિત કરું,
ધરી શ્રદ્ધા, 'છૂટો પ્રભુજી ! કરશે બંધનથી તું.'

(વસંતતિલકા)

નિત્યે સદાય મન ચિંતવન મગ્ન ર્‌હેજો !
દેહાત્મભાવ સમૂળો મુજથી ભુલાજો !
એના વિના મુજથી કામ કશું ન થાજો !
એ આશ એકલી પ્રભુ ! મુજ પૂર્ણ હોજો !

## કુટુંબસેવા

મારી માને માટે અને ગંગાસ્વરૂપ ભાભીની બાબતમાં તમે કાળજી રાખો છો, તે જાણીને આનંદ થાય છે. શરીરના

સગપણની રૂએ તે બંનેની કાળજી અમારે જ લેવી ઘટે. અને જો તે ના લેવાય તો અમે પૂરેપૂરા જવાબદાર ગણાઈએ. કુટુંબમાં હાલના હયાત કુટુંબીજનોમાં સૌથી મોટો હું, એટલે અંશે હું વધારે જવાબદાર. **'જેણે મૂકી લાજ તેનું નાનું સરખું રાજ'** એવી એક નફટાઈ અને બેપરવાપણું વ્યક્ત કરતી કહેવત છે, પરંતુ પ્રભુકૃપાથી મારી બાબતમાં તેવું નથી. મારા મોટા ભાઈના છોકરાને તથા નાના ભાઈભાંડુને ભણાવવાને કાજે મારાથી બનતી બધી જહેમત મારી તે કાળની સ્થિતિના પ્રમાણમાં પ્રભુકૃપાથી લીધી છે. (પૂજ્ય ઠક્કરબાપાએ લેખકને તેમના કુટુંબીજનોની સેવા વિશે જે અંજલિ આપી છે, તે પ્રસ્તુત હોવાથી **'કર્મગાથા'** પાનું નં. ૫-માંથી નીચે ઉતારી છે : સંપાદક)

*['શરૂઆતથી જ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિની વાર્તા સાંભળેલી, તે મને બહુ યાદ છે. સ્મશાનમાં અનેક રાત્રિઓ તેઓ વીતાવતા અને પ્રભુસ્મરણ કરતા. પરિણીત જિંદગી તો તેઓએ કદી શરૂ કરી જ ન હતી. તેથી સ્ત્રી તથા બાળકોની ઉપાધિ તેમને અંતરાયરૂપ થઈ શકી ન હતી. છતાં તેમના સ્વર્ગસ્થ મોટા ભાઈનાં બાળકોની તેમ જ પોતાના નાના ભાઈઓની પિતાતુલ્ય સંભાળ લેવામાં તેમણે પાછી પાની કરી ન હતી. તેમની માતા 'મારો ચૂનિયો' એ વહાલસોયા નામથી તેમને બોલાવતાં અને હું તેમને ઘેર નડિયાદમાં મેડી ઉપર ઊતરતો, તેનું સ્મરણ મને બહુ તાજું રહ્યું છે.**]*

* બિહાર પ્રાંતના ડેરી ઓન-સોનના વેઈટિંગ રૂમમાં તા. ૮-૯-૧૯૪૬

## કુટુંબસેવાની સામાન્ય વ્યાખ્યા

કુટુંબીજનો માટે ધન એકઠું કરીને ધનની મોટી રકમ આપવી તેને હું કુટુંબની ઉત્તમ સેવા થયેલી ગણતો નથી. મારા મોટા ભાઈનાં દીકરા દીકરીને મારાથી બની શકે તેટલું કરવામાં બાકી રાખેલું નથી. અલબત્ત, મારી તે તે કાળની શક્તિ પ્રમાણે ભાઈ શાંતિને (ભત્રીજાને) હજી પણ ભણવાનું દિલ હોય, તો આગળ ભણાવવાની મારા દિલની પૂરેપૂરી તૈયારી છે. આ અંગે બે, ત્રણ, ચાર વાર મેં તેને પૂછ્યું હતું. તમે પણ તેને પૂછી શકો છો, પરંતુ હવે તો તે કામે લાગી જવા માંડ્યો છે. તે પણ સારી વાત છે. કુટુંબ પરત્વેના મળેલા ધર્મમાંથી મારી ભાવના પ્રમાણે હું કદી ચ્યુત થયો નથી. મારા તેવી રીતના વર્તનના પાલનથી મારી બા વગેરેને હું પૂરતો સંતોષ આપી શક્યો નથી, તે પણ હું બરાબર જાણું છું, કારણ કે તેને તો હું એક ઘર બંધાવું તથા ધનની રકમ એકઠી કરીને કુટુંબની મૂડી તરીકે તેને આપી શકું અને છોકરાઓને પરણાવવા-પસ્તાવવામાં અને લગ્નની નાતો કરવામાં સારી રીતે બધું ખરચું અને એવો વટવહેવાર કરું, તો તે મારા પર રાજી થાય અને સંતોષ પામે.

## ભાવનાયુક્ત વહેવારવર્તન

પરંતુ મારો તે માર્ગ નથી. જ્ઞાતિનાં કોઈ પણ રીતરિવાજોને પ્રભુકૃપાથી પાળવાનું બન્યું નથી, પરંતુ એવું બધું કરવાનું જે બન્યું હતું, તે સુધારકની દૃષ્ટિથી નહિ પરંતુ ભાવનાની દૃષ્ટિથી અને મારી પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને. દેવું કરીને કંઈ કશું નહિ જ કરવું એવો મારો દૃઢ સંકલ્પ તે કાળે

પણ હતો. દેવું તો માથે હતું જ, તેમાં પાછું ઉમેરો કરવાની ઇચ્છા બિલકુલ ન હતી તેથી પણ. મારી માને આ બધું ના ગમે તે પણ હું જાણતો હતો. જીવનમાં જ્ઞાતિવહેવારના પ્રસંગો ઊપજેલા ત્યારે પણ કંઈ કશું કર્યું નથી. મારી બાને તેમાં કુટુંબની આબરૂ જતી જણાતી લાગતી. આવાં બધાં કારણોથી મારી માને મારા પર ઘણો અસંતોષ પણ હતો, એટલે મારી બાબતમાં (ગાંધી) આશ્રમમાં પણ તે કેટલાયની આગળ પોતાની ફરિયાદ કરતી ખરી. શ્રીગોદડિયા મહારાજની પાસે જઈને પણ મારા વિશે તે બધી ફરિયાદ કરતી, પરંતુ મારી માની આવી સ્થૂળ પ્રકારની વૃત્તિઓનાં કૂંડાળાંમાંથી હું તો હવે એની કૃપાથી ક્યાંયે દૂર વેગળો નીકળી ગયેલો છું, અને ન્યાયઅન્યાયના ભેદ ગણવાના તો શાસ્ત્રી-પંડિતોને જ સોંપવાના રહ્યાને ? એકવાર એના ગુરુત્વાકર્ષણમાં આવી ગયા પછી તો એના જ દોરાવ્યા દોરાવાનું પણ છે અને નચાવ્યા નાચવાનું પણ છે. ભગવાન સૌનો છે તેમ તે બધાંનો પણ છે. તેમ છતાં તેમને મારી મદદની જ્યારે જરૂર લાગે ત્યારે એકદમ આવવાને ખડે પગે તૈયાર છું, એમ તેમને તમે જરૂર કહેજો અને મને તે વેળા લખી જણાવજો. વળી, તમે ત્યાં છો એટલે પણ શાંતિ તો રહે જ.

## મળેલું કર્મ

તે લોક આ જીવનાં શરીરનાં સગાંવહાલાં છે એમ ગણીને કંઈક કરશો તો તેટલા ટકા માર્ક ઓછા મળશે, તે લક્ષમાં રાખજો. બીજા બધા ભલે મોટાં ક્ષેત્રમાં સેવા કરે, તમારે તો તમારે ભાગે જે આવ્યું છે, કે આવી મળ્યું છે, કે આવી મળે

તેને જ પ્રભુની ભક્તિ-સેવાનું ક્ષેત્ર માનવાનું છે. વળી, પ્રત્યેક કર્મના અંતરથી પર થઈને જ્યારે પ્રવર્તીશું, ત્યારે જ તે તે કર્મમાં આસક્ત થઈ જઈશું નહિ, એટલું જ નહિ પણ તે તે કર્મ જ્ઞાનભક્તિભરી ભાવનાથી કર્યા કરીશું અને કર્મને એક યજ્ઞની ભાવનાથી કરીશું ત્યારે કર્મ પોતે પોતાનું હાર્દ અને તેની લીલા અને તેનું ઊંડું રહસ્ય આપણી આગળ પ્રગટાવે છે અને તે આપણી આગળ સર્વ પ્રકારે ખુલ્લું થઈ જાય છે. સાધનાની ભાવના પ્રગટતાં પ્રગટતાં જો રસ ના પ્રગટી શકતો હોય, તો આપણી સાધનામાં જરૂર ખામી ગણવી. મને તો તેમાંથી ઉત્તરોત્તર પ્રભુકૃપાથી રસ જ પ્રગટ્યા કરેલો છે. તે રસ પણ ઊંચા ઊંચા પ્રકારનો થતો ગયેલો અનુભવ્યો છે.

### રસરૂપ જગત

આ જગત એ કલ્પિત નથી. મિથ્યા માયા પણ નથી, પરંતુ રસથી ખેલવાનું રમવાનું એક સુંદર ક્ષેત્ર છે. જ્યાં ત્યાં તેમાં આનંદ છે. 'રસો વૈ સઃ' શ્રીભગવાન પોતે રસેશ્વર છે અને રસ સ્વરૂપ છે એવો અનુભવ જો સાધનાના ઉચ્ચતમ ભાવની કક્ષામાં પ્રત્યક્ષ પ્રગટતો ના અનુભવી શકાય, તો તે સાધના જ શા ખપની ?

### લેખકનો રસાનુભવ

મને તો જીવનમાં જ્યાં ત્યાં તેવો રસ માણવાનું પ્રભુકૃપાથી બની શક્યું છે, પરંતુ તે ત્યારે જ બન્યું છે, કે જ્યારે નાનામાં નાનું પણ જે કંઈ કર્મ મળ્યું તેને ભાવનાથી કરી એકમાત્ર તેની સાધનાના અંગ તરીકે આત્મસાત્ કરીને તેને તેના ઉત્તમ પરિપક્વપણામાં પ્રગટાવવાનું પ્રભુકૃપાથી બન્યું છે ત્યારે. એટલે

મારે તમને લખવાનું કે આ કામમાં પણ તમે તેવા ભાવથી પરોવાઈ રહેવાનું કરશો. જોકે મારાં તે આપ્તજન કે સ્વજનને માટે તમારે કશું જ વધારે કરવાનું નથી અને તેવું કરવાનું પણ નહિ આવે, તે પણ નક્કી છે.

## ઈતર રસમાં ના તણાવું

લડાઈનું વાતાવરણ સાબરમતી ગાંધી આશ્રમમાં હોય તો તેથી શા માટે તમારે તેમાં ભેરવાઈ જવું ? એવું વાતાવરણ પ્રગટ્યું છે એ તો આપણા કાજે સારી હકીકત છે. એમાં ભેરવાઈ ના જઈએ એ પ્રકારની જાગ્રતિ કેળવવા માટે તે તો એક ઉત્તમ તક છે. માટે, કૃપા કરીને ભાવનાથી તેવો પ્રયત્ન કરવો. એવા વાતાવરણમાં આપણે ભળી જવું નહિ. રસથી તેવી વાતો પણ કરવી નહિ. તેવી વાતો થતી હોય, તો તેમાં આપણે તેવી રીતે ભાગ લેવો નહિ.

## દુઃખનું કારણ પોતે જ

આપણે કોઈનાથી કદી દુઃખી થવાપણું હોતું નથી. બીજાથી કરીને આપણે દુઃખી થઈએ છીએ, એ માન્યતામાં દોષ છે. સાચી રીતે તો આપણે પોતે આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવથી દુઃખી થતાં હોઈએ છીએ. આપણે આપણી બહિર્મુખતાને કારણે જેના તેનામાં અમુક અમુક પ્રકારનું જોવાનું, માનવાનું, સમજવાનું અને તે રીતે જ મૂલ્યાંકન કરવાનું રાખીએ છીએ, અને અમુક આમ વર્તે છે અને તેમનું તેમનું તેમ વર્તવું યોગ્ય નથી, એવું જે તે બીજાની બાબતમાં આપણું વિચારવાનું બને છે. તેવું વિચારવાની બાબતમાં પાછો આપણા મનમાં આવેશ પણ પ્રગટે છે અને બીજાનું માનવું

દોષભરેલું છે તથા આપણે સમજીએ છીએ તે જ સાચું છે, એવા પ્રકારની માન્યતાના જોશને કારણે આપણે દુઃખી થતાં હોઈએ છીએ.

## દુઃખનો ઉપાય : વૃત્તિનો પલટો

દુઃખને દૂર કરવાનો ઉપાય પૈસો છે એવું ઘણાખરા સાચેસાચ માને છે, (મારી મા પણ તેમ માને છે.) પરંતુ હું તેમ માનતો નથી. દુઃખમાંથી મુક્તિનો ઉપાય પૈસો નથી, પણ વૃત્તિ છે. જુદા જુદા પ્રકારની જીવદશાની અનેક પ્રકારની વૃત્તિઓથી અને તેની અથડામણથી અને તેનાથી પ્રગટતા અસંતોષથી માનવી દુઃખી દુઃખી થઈ જતો હોય છે. વૃત્તિ એ દુઃખનું મૂળ કારણ છે, પરંતુ તેના તરફ સાચેસાચું કોઈનું પણ લક્ષ જતું નથી. જેમની પાસે પ્રભુકૃપાથી પૂરતો પૈસો છે, તેવાંને પણ દુઃખમાં રગદોળાયેલાં અનુભવ્યાં છે. રાજાને પણ દુઃખ છે અને રંકને પણ દુઃખ છે. માટે, સાચી રીતે તો દુઃખ વૃત્તિને લીધે છે. એ વૃત્તિ પલટાય તો દુઃખ પણ જાય.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૧૦-૧૯૪૦*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(શિખરિણી)

અરે ! મેં સ્વચ્છંદે મુજ જીવન ગાળ્યું, ફળ મળ્યું,
અને માથે મૂકી કર પ્રભુ ! રડું છું મૂરખ હું,
નિરાશાથી તોયે જરી પણ કદી બેસી ન રહું,
થતું હુંથી જે જે મથી મથી કર્યા તે નિત કરું.

* * *

મહત્ત્વાકાંક્ષાઓ હૃદય હતી ભારે કંઈ કંઈ,
બધી પાયે તારે ગળી ગઈ, કશી એક ન ર્‌હી,
હવે યંત્રી મારો પળ પળ રહી યંત્ર બનવી,
મને લેજે દોરી પ્રભુ ! કરી કૃપા ધામ નિજ તું.

* * *

દઢેચ્છા હૈયામાં પ્રભુ ! વસી રહી છે પતિતને,
મહા કષ્ટો તેથી ડરવી શકતાં ન કંઈ મને,
વળી દષ્ટિ રાખ્યા સતત કરું હું ધ્યેય જ ભણી,
પ્રભુ ! તેથી પામ્યો પદરજ પ્રસાદી તુજ કંઈ.

* * *

કહીં મારા જેવો જગ અવર કો દીન જન ના,
કશું ક્યાંથી લાવી શકું પ્રભુ ! તને ભેટ ધરવા ?
છતાં દેવા કાજે મુજ ધબકતું હૈયું તુજને,
પ્રભો ! લાવ્યો છું હું રહમ કરી સ્વીકાર કરજે.

* * *

કહાડ્યેથી ઘેલાં કંઈ ન મળશે આમ તુજને,
અરે ! ભાઈ ! તારે બનવું પૂરું ગંભીર પડશે,
ન સ્‌હેલી વાતો આ રમત કરવાની કંઈ નથી,
સમો આવ્યે દેવી જરૂર પડશે કિંમત પૂરી.

* * *

પ્રભુ ! પાછું વાળી નજર કીધી, ત્યારે મુજ દીઠું,
કરેલું જે કૈં મેં, શરમ થકી જોવાય ન ઊંચું,
કરેલી નાદાની મન સતવતી કેવી મુજને !
છતાં આવ્યો છું હું તુજ શરણ, દે બાથ મુજને.

## લીલાની અગમ્યતાનું કારણ

ઈશ્વરની લીલા આપણે સમજી શકતાં નથી, કારણ કે જે જે પ્રસંગોમાંથી આપણે પસાર થઈએ છીએ, તે બધાનું અંતરનું હાર્દ અને હેતુની કશી ગતાગમ આપણને હોતી પણ નથી અને પડતી પણ નથી. ચેતનના ભાવનું આવિર્ભાવ પામવું તે જ લીલા. મેઘધનુષ્ય જોતાં જોતાં આનંદનો અનુભવ થાય છે, તેથી કવિ વર્ડ્ઝવર્થે ગાયું છે કે :-

My heart leaps up when I behold,
A rainbow in the sky.
(મેઘધનુષ જોતાં મારું હૃદય ઊછળે છે.)

નદીનું પૂર જોતાં પણ અમુક જાતની દિલમાં ઊર્મિ ઉદ્ભવે છે, કદીક તો હૃદય હિલોળે પણ ચડે છે. કોઈક નૈસર્ગિક સૌંદર્યનું સ્થળ જોતાં જે મુગ્ધતા, શાંતિ અને grandeur-(ભવ્યતા)નો અનુભવ થાય છે, તેથી પણ કોઈ ઑર ભાવોર્મિ હૃદયમાં ઊભરાય છે. સુંદર, નીરોગી, હૃષ્ટપુષ્ટ બાળકને જોતાં અથવા તો કોઈક ભાવના કે કોઈક વિચાર કોઈનાથી સુંદર રીતે વ્યક્ત થઈ જતાં પણ આપણને તેવું થાય છે. એમ અનેક રીતે જ્યારે જ્યારે સૌંદર્ય અને કળાનો આવિર્ભાવ થાય છે, ત્યારે તે આકર્ષક અને રોમાંચકારી નીવડે છે. આવું બધું આપણા જીવને, મનદિલને સ્પર્શીને અસર કરનારું છે, તેથી કરીને તેનો તેવો આનંદ પ્રગટે છે, પરંતુ ભગવાનના ભાવનું આવિર્ભાવ પામીને પ્રગટેલું જે સ્વરૂપ છે, તેની તે દિવ્ય લીલા આપણને સ્પર્શી શકે એવી જો આપણી ભૂમિકા હોય, તો જ આપણને તેના અપાર અતીન્દ્રિયપણાનો જરૂર અનુભવ થાય. કુદરતી નૈસર્ગિક

સૌંદર્યના સ્થળથી કે એવા બધા પ્રકારથી જે ભાવોર્મિ પ્રગટે છે, તે ભાવોર્મિ અનુભવવાની અને ઝીલવાની આપણી પાસે તેવા પ્રકારની ઇંદ્રિયો છે. તેથી, તેવો આનંદ અનુભવાય છે, પરંતુ ભગવાનનો રસ એથી તો ક્યાંય વધારે ગૂઢ હોવાથી આપણી માનસિક ભૂમિકાની ઉપર તરી આવતો નથી અને તેવો અતીન્દ્રિય રસ આપણામાં અતીન્દ્રિય ઇંદ્રિયો ના ઊગે ત્યાં સુધી લઈ શકાતો નથી.

## ચેતનની ભૂમિકામાં પ્રગટો

માનુષી જીવનમાં અનેક પ્રકારની Planes of consciousness છે. જુદા જુદા પ્રકારની આંતરિક દશામાંથી પ્રગટતી જુદી જુદી જાતની સમજણની ભૂમિકાઓ છે. એને સમજણની ભૂમિકા નહિ ગણાય, પરંતુ તે તે ભૂમિકાને અનુરૂપ તેમાં અસર પ્રગટ્યા કરે છે. આપણે જીવદશામાં હોઈએ છીએ, તો તે પ્રકારની સમજણ આપણને પેદા થતી હોય છે. આપણી જેવી જેવી ભૂમિકા તે પ્રમાણે આપણને સમજણ પડ્યા કરે. આપણે હાલમાં છીએ તે તો માત્ર એક દ્વંદ્વાત્મક દશામાં એટલે કે રાગદ્વેષયુક્ત ભૂમિકામાં અને આપણે સમજવા બેસવું છે ચેતનની ભૂમિકાઓ, એને સમજવું આપણા જેવી સ્થિતિવાળા માટે કદી પણ શક્ય નથી. જેમ આપણે સંસારને સંસારની ભૂમિકાઓમાં હોઈએ, તો તેને તે રીતે સમજી શકીએ છીએ, તેમ બાળક કંઈ સંસારને નહિ સમજી શકે, તેવી રીતે આપણે જો ચેતનને સમજવું હોય, તો તેને સમજવા માટેની તે પ્રકારની ભૂમિકામાં આપણે પ્રગટવું જોઈશે. આપણે અનેક રીતે વિચાર, વૃત્તિ અને તેવા પ્રકારનાં વલણમાં તદ્રૂપ બની જઈને તેમાં તો

પરોવાયેલાં રહેવું છે અને પછી ચેતનને સમજવાનું તેમાં ભાન પ્રગટે તે આપણે માટે શક્ય નથી. એટલા જ માટે મારું તો તમને બધાંને કહેવાનું એ છે, કે જીવદશાનાં વૃત્તિ, વિચાર, વલણમાંથી આપણે મુક્ત થઈ શકીએ, તે માટે આંતરિક બળ પેદા કરવાની ખાસ ખાસ જરૂર છે. તેવું આંતરિક બળ તો જ પ્રગટી શકશે કે જ્યારે આપણે જીવદશાનાં વૃત્તિ, વલણ, વિચારોમાંથી તે તે પ્રગટે ત્યારે તેની અસરથી લેવાઈ ના જઈને તેનાથી નોખા થઈ શકવાની સાધના આપણે એકધારી કર્યા કરીએ. તો જ જગત પ્રકારના જીવનમાં રહેતા હોવા છતાં, તે તે બધું આપણને સ્પર્શશે નહિ, અને એમ કરતાં કરતાં જ્યારે દ્વંદ્વાતીત અને ગુણાતીતની સ્થિતિ પ્રગટે ત્યારે જ ચેતનનો આવિર્ભાવ અને તેની લીલા તે બધું આપણે સમજીશું અને અનુભવી શકીશું.

## કોરી સમજણનું અનિષ્ટ

આપણે તો એક ડગલું બસ થાય. તત્ત્વજ્ઞાનની વાતો હાલમાં જાણવી એ તો ઊલટું ભૂખ ના લાગી હોય છતાં વધારે ખાઈને અપચો પેદા કરવા જેવું છે. હજી આપણે જીવદશામાં તો સબડતાં અને રવડતાં હોઈએ ત્યાં ‘બ્રહ્મ’, ‘મિથ્યાવાદ’, ‘માયા’ અને વેદાંતની અને એવી એવી ખાલી ખાલી વાતો કરવાનું રાખીએ અથવા તો કોરી બુદ્ધિથી તેની સમજણ પ્રગટાવવાનું રાખીએ, તો તેવી સમજણથી પણ કશું વળવાનું નથી. તેવી સમજણ તે સમજણની રીતે આપણને જીવદશાના આડાઅવળા અનેક પ્રકારનાં વિચારોમાં, વૃત્તિમાં અને વલણમાં રખાવી ચેતનાના ભાવમાં અડગ એકધારા રખાવી શકતી નથી.

આવી ખાલી ખાલી કોરી જ્ઞાનની સમજણ તો ઊલટું મિથ્યાભિમાન પેદા કરે છે. એવી જ્ઞાનની કોરી કોરી સમજણ મેળવવાનું કર્યા કરતાં તો સંસારવહેવારમાં આપણને કેમ કરીને શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, ધીરજ વગેરે વગેરે ટકી શકે એવી વર્તનકળા અનુભવવાનું રાખી શકીએ, તો તેવી વર્તનકળાના અભ્યાસમાંથી સાચું આંતરિક બળ પેદા થવાનું છે. જ્યારે પેલી બ્રહ્મ, માયા અને એવી વેદાંતની ખાલી ખાલી વાતો અને તેવી સમજણ, આપણે જે જીવદશામાં હોઈએ છીએ તેવી જીવદશાને તે ટાળી શકતી નથી અને મિથ્યાભિમાનને પોષી પોષીને ઊલટી જીવદશાને વધારે છે.

## ફિલસૂફીના કોરા ખાલી વિચારો ના કરો

માટે, કૃપા કરીને કોઈ પણ કાળે તત્ત્વજ્ઞાનની ફિલસૂફીની ચર્ચામાં કદી પણ ભાગ લેવો નહિ અથવા તેમાં ઊતરવું નહિ અથવા એવા જુદા જુદા પ્રકારની શાખાઓના તત્ત્વજ્ઞાનના વિવરણમાં પણ અને તેની સરખામણીમાં પણ કદી પણ ઊતરવું નહિ. તેનાથી કશું પામી શકવાનાં નથી. તેનાથી સાચી સમજણ પ્રગટે છે, એ હકીકત પણ તદ્દન ભ્રમણા છે. તેમ જ જીવંત કે જેમના શરીરની હયાતી નથી એવા મહાત્માઓનાં જીવનમાંથી પ્રગટેલા તત્ત્વજ્ઞાનની કદી પણ સરખામણી કરવાનું કરશો નહિ અથવા તેમના તેમના તે તે તત્ત્વજ્ઞાન (ફિલસૂફી)ની અને તે તે ઠેકાણે થતી રહેતી સાધનાની બાબતમાં અથવા તો તેમનાં જીવન વિશે આપણાથી કોઈ પણ જાતનો અભિપ્રાય ના બંધાય કે ઉચ્ચારાય તે આપણે માટે હિતાવહ છે. એક મગતરું હાથીને તોલવા જાય તેના જેવી તે હકીકત છે. તે તે

મહાત્મા પુરુષોનું જીવન અને તે તે આત્માઓની જીવંત એવી પ્રતિભા અને તેમનાં જીવનમાં પ્રગટેલું ચેતન છે, તેની અપેક્ષાએ આપણે તો નર્યા હજી જીવદશાવાળાં છીએ, તેવા આપણે તેમને માપવાને મથીએ તે આપણી એક નંબરની મૂર્ખામી છે.

## મહાત્માઓની તુલના

વળી, આપણામાંના કેટલાક તો તેવા તેવા મહાત્માઓના તત્ત્વજ્ઞાનની અને તેમની તેમની કક્ષાની એકબીજાની સાથે સરખામણી કરતા જોયેલા છે. ત્યારે મને જરૂર ખેદ થતો હોય છે, કે 'અલ્યા, ભાઈ ! તમે હજી સાધનાનાં ક્ષેત્રનું એક ડગલું તો ભરી શકતા નથી, ત્યાં તમે તે તે લોકનાં જીવનમાંથી પ્રગટેલા તત્ત્વજ્ઞાનને શી રીતે સમજી શકવાના છો ? 'એવી કોરી કોરી ચર્ચા કરવાનો કશો અર્થ નથી. તેવી કોરી ચર્ચા તરફ આપણાં મન અને બુદ્ધિ ના વળે તે તો ઘણું ઘણું ઉત્તમ છે. તેવો સળવળાટ અને બુદ્ધિમાં ચળ પ્રગટતાં હોય તો તેને કૃપા કરીને વારજો. આપણે તો તે તે મહાત્માઓએ કે મહર્ષિઓએ જીવનમાં જેમ તત્ત્વજ્ઞાનને અનુભવ્યું, તે પ્રમાણે તત્ત્વજ્ઞાન આપણા જીવનમાં અનુભવી લેવાને મથવાની પ્રેરણા તેમની કનેથી મેળવવાનું કરીએ, તો તે ઉત્તમ ગણાય. જે કોઈના તત્ત્વજ્ઞાનની સમગ્રતાનો આપણને પૂરેપૂરો અભ્યાસ નથી અને ધારો કે બુદ્ધિની સમજણનો અભ્યાસ હોય તોપણ જેનું આપણને અનુભવજ્ઞાન નથી તેવી દશામાં આપણે તેને તોલવાનું કરવું, એ આપણે માટે તદ્દન અયોગ્ય છે. આ વાત મારે તમને બધાંને ખાસ ભાર મૂકીને કહેવાની છે. કેટલાંયને

મેં 'મહાત્મા ગાંધીએ અમુક અમુક ભૂલો કરી' એમ કહેતાં સાંભળ્યા છે. ત્યારે મને થાય કે 'અલ્યા ! ભલા આદમી ! તેના જેવું દૈવત તો તું દાખવ ! અને એવું દૈવત પ્રેરાવવાને કાજે તેમનો તું દાખલો લે, તો તે રચનાત્મક દૃષ્ટિ થઈ ગણાય.' આપણા જીવનવિકાસના ધ્યેય પરત્વે જરા સરખી પણ ગતિ પ્રેરાય એવી રીતે તેવા મહાન આત્માઓ પાસેથી પ્રેરણા મેળવવાનું જો કરી શકતાં હોઈએ, તો તેવું આપણા માટે શ્રેયસ્કર છે, પરંતુ તેવું તો ત્યારે જ બની શકશે કે જ્યારે આપણું હૃદય તેમના તેમના પરત્વે પ્રેમભક્તિથી અને તેના ભાવથી રંગાયેલું હશે.

## સંતોનો સાચો સત્સંગ

પ્રભુકૃપાથી આ જીવને કદી પણ કોઈની તુલના કરવાનું દિલમાં જાગ્યું નથી. દરેક પાસેથી કેમ કરીને કંઈક આગળ વધવાની પ્રેરણા મળે અને જીવનમાં જીવદશાનાં વિચાર, વૃત્તિ અને વલણમાંથી કેમ કરીને મોળું પડાય તેવાં જ એકમાત્ર મારાં તો દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સદાય એકધારાં જીવતાં રહ્યાં કરતાં હતાં. એવા ભાવથી ભરેલાં મન, મતિ, દિલ એકધારાં જીવંત પ્રેરાયેલાં જેને રહે છે, તેને આવું બધું સૂઝતું જ હોતું નથી કે ઊગતું પણ હોતું નથી. કેટલાંક સ્વજનને જ્યારે આવી બાબતમાં ચર્ચામાં કે વાતચીતમાં ઊતરી પડેલા જોવાનું બને છે,ત્યારે તો તેમાંથી મને આપણી પામરતાનું અને ક્ષુલ્લકતાનું જ દર્શન થાય છે. કોઈને મારી તેમના પરત્વેની સમજણ યોગ્ય ના પણ લાગે, પરંતુ મને તો જેવું લાગે છે, તે મેં તમને લખ્યું છે. પ્રભુકૃપાથી ચેતવું હોય તે ચેતે.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૧૨-૧૯૪૦*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(માલિની)

પ્રભુ ! મુજ બનવાને હાંકનારો તને હું,
નિશદિન વીનવ્યા જો ! તાત ! ભાવે કરું છું,
મુજ કરગરવું તું એટલું ધ્યાન લેજે,
બનવી પ્રભુ ! મને તું યંત્ર, યંત્રી રહેજે.

* * *

જળ, જળ, જળ ચારે પાસ જોઈ રહ્યો છું,
જમીન પણ તસુયે ક્યાંય ના ભાળતો હું,
તરવું અઘરું ભારે હામ તોયે ભીડી છે,
કરગરું, પ્રભુ ! મારા બાહુમાં જોર દેજે.

* * *

જળનિધિ, પ્રભુ ! હુંથી શું તરી ના જવાશે ?
મદદ તુજ લીધી છે તેથી આ બાળકે મેં,
શરણ તુજ ઢળ્યાને સ્હાય દેશે નહિ જો,
અરર ! મુજ દશા શી કોણ જાણે થશે તો !

* * *

ગગનમહીં જ મારે ઊડતું નિત્ય ર્‌હેવું,
વીનવું તુજ કૃપાની પાંખ દેની મને તું,
પગ ફરી ધરતીએ મૂકવો માહરે ના,
પુનિત દિવસ ક્યારે પ્રાપ્ત એવો થશે હા !

* * *

તુજ પદ ઢળતાં જે, તે સૂવે છે સુખે ને
કંઈ જ શિર ઉપાધિ એમને ના રહે છે,
બધી જ તરફથી તે મુક્ત ચિંતાથી ર્હે છે,
તુજ ચરણ ગ્રહ્યા છે, તાત ! મેં એ જ આશે.

* * *

મનુષ જનમ પામ્યો એ જ આભાર તારો,
કદી નહિ વીસરું તે પાડ તારો કરેલો,
અરર ! પણ પ્રભુ ! મેં બુદ્ધિથી વર્તી ઊંધું,
નહિ હતું કરવાનું તે કર્યું, દંડ દે તું.

**સદ્ગત નરસિંહકાકાનો પડકાર**

ગૂજરાત હરિજન સેવક સંઘમાં હું સભાસદ પણ ન હતો, તેમ છતાં ઘણીયે વેળા ગૂજરાત હરિજન સેવક સંઘની સામાન્ય અને કાર્યવાહક સભા પણ નડિયાદમાં મારે ઘેર ભરાતી. મારે માટેનો તેમનો તે સદ્ભાવ હું ભૂલી શકતો નથી. એક વેળા આપણી તેવી સભામાં 'નિત્ય યુવાન' શ્રી નરસિંહકાકા પણ પધારેલા. આપણી સભાનું બધું કામકાજ જે રીતે થતું હતું તે બધું તેમણે પહેલાં તો જોયા કર્યું. આપણે પણ જે જે કામ પર જે જે ઠરાવો કરવાના હતા તે કરી લીધા અને કામથી જ્યાં પરવાર્યા, ત્યાં નરસિંહકાકા આપણને સંબોધવા લાગ્યા કે 'આ રીતે કદી પણ અસ્પૃશ્યતા નાબૂદ થઈ જવાની નથી. હિંદુ સમાજની સામે હરિજનોને સત્યાગ્રહ કરવાનો કાર્યક્રમ આપણે આપવો જોઈએ. જાહેર કૂવાઓમાં હરિજનોએ પાણી ભરવા જવું, જાહેર તળાવમાં નાહવુંધોવું અને મંદિરોમાં દર્શન કરવાં જવું - આવા જુદા જુદા પ્રકારના સત્યાગ્રહના કાર્યક્રમો

હરિજનો આગળ મૂકવા અને તે રીતે એક મોટો ભારે પ્રચંડ આવી રીતનો વેગ પ્રગટાવવો. તમારા સંઘની આવી બધી રીતો (અલગ શાળા, અલગ આશ્રમો, શિષ્યવૃત્તિ, અલગ કૂવા ખોદાવવા વગેરે વગેરે) અસ્પૃશ્યતાને કાયમ રાખવા માટે હોય એવું મને લાગે છે. અને તમે જુવાન લોકો આવો એકડો બગડો શીખવવાને મંડી પડ્યા છો, તે બધું તદ્દન અર્થ વગરનું છે.' આવા પ્રકારના ભાવાર્થનું તેઓ બોલ્યા હતા. તેમના બોલવામાં તેમની સાચી લાગણી જરૂર પ્રગટેલી હતી.

## ગાંધીજીનો હરિજનસેવાનો ખ્યાલ

તેઓ જ્યારે આ પ્રમાણે બોલતા હતા ત્યારે જ મેં તો નક્કી કરી લીધું કે આપણે કામ તો કરીએ છીએ મહાત્મા ગાંધીની આવા પ્રકારની સલાહ અને દોરવણીથી. અને ગૂજરાત હરિજન સેવક સંઘના જૂના કાળમાં પણ તેના કેટલાક કાર્યકર્તાઓને આવા કાર્યક્રમ પરત્વે બરાબર સંતોષ થતો ન હતો, તેથી તેમણે મહાત્મા ગાંધીની સાબરમતી આશ્રમમાં એકવાર મુલાકાત ગોઠવી હતી, તે પ્રસંગ પણ યાદ આવ્યો, ત્યારે પણ તેમણે (ગાંધીજીએ) આ જ રચનાત્મક પ્રકારના કાર્યક્રમને વળગી રહેવાનું ખાસ સૂચવ્યું હતું. તે ઉપરાંત, તેમણે કહ્યું હતું કે 'હરિજનોમાં ખાસ હળવું, ભળવું, મળવું. તેમની સાચી ફરિયાદ હોય, જે કંઈ હિંદુ સમાજ તરફથી કનડગત થતી હોય અને એવી બીજા પ્રકારની હેરાનગતિ થતી હોય તે બધી દૂર કરાવવાને ઉત્સાહપૂર્વક મથવું, તેમના ઉદ્યોગોને સજીવન કરાવવાને પ્રયત્ન કરવા.' આ બધી હકીકતની મને જાણ હતી.

## પડકાર ઝીલી લીધો

તેમ છતાં નરસિંહકાકાએ આપણને પડકાર આપતું જે પ્રવચન કર્યું, તેને તો ઝીલી લેવું જ. અને મેં તાત્કાલિક નિર્ણય મનમાં કરી લીધો કે સંઘમાંથી રાજીનામું આપીને તેમની પાસે જવું અને તેમના સૂચવવા પ્રમાણેના સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવું. તે વેળાએ તમને મારા મનમાં જાગેલી પરિસ્થિતિ અને થયેલા નિર્ણયની હકીકત સાફસાફ જણાવી. તમે પણ મારી સાથે ઉત્સાહપૂર્વક તૈયાર થયા. મારે માથે તો તે કાળે કેટલી બધી જવાબદારી હતી ! કેટલાં બધાં કુટુંબીજનને પોષવાનાં હતાં ! તેમ છતાં આપણી જુવાનીને પડકાર આપે એવું નરસિંહકાકાનું પ્રવચન મૂંગે મોઢે ગળી જવાની તૈયારી આપણી ન હતી. તેથી આપણે બંનેએ તત્કાળ સંઘમાંથી રાજીનામું આપી દીધું અને બીજે જ દિવસે સવારે બિસ્તરા પોટલાં બાંધીને આણંદમાં નરસિંહકાકાને ઘેર ગયા. આપણને તેમને ઘેર આવેલા જોઈને તેઓ તો બહુ જ અચંબો પામ્યા. આપણે પછી તેમને કહ્યું કે ‘અમે તો સંઘમાંથી રાજીનામું આપીને તમારા એ અસ્પૃશ્યતા નિવારણ માટે સૂચવેલા સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવાને આવેલા છીએ. માટે, હવે તમે સરદારી લો. તમે કહો તે ઠેકાણે અને તે કૂવે માથાં ભંગાવવાને અમારી તૈયારી કરીને અમે આવેલા છીએ,’ આપણને આવી રીતે તદ્દન અણધાર્યા આવેલા જોઈને અને બધું સાંભળીને તેઓ તો સ્તબ્ધ થઈ ગયા.

## ગાંધીજીએ ના પાડી

તે સમયે મહાત્મા ગાંધી બોરસદમાં ઈર્વિન-ગાંધી કરાર જે થયા હતા,તેની તપાસણીનાં કામમાં હતા. એટલે

નરસિંહકાકાએ થોડીક વાર વિચાર કરીને આપણને જણાવ્યું કે 'હું બોરસદમાં જઈને ગાંધીજીની પહેલાં સલાહ લઈ આવું.' તે પછી તેઓ ત્યાં ગયા, અને આ બધી બનેલી હકીકત તેમને કહી સંભળાવી. ત્યારે ગાંધીજીએ તેમને કહ્યું કે 'હરિજનોમાં જ્યાં સુધી ખરેખરું આંતરિક બળ પ્રગટ્યું નથી અને તેમની તેવી પાકી તૈયારી નથી, તેવી સ્થિતિમાં આપણે જો તેમની પાસે સત્યાગ્રહ કરાવીશું, તો ઊલટી તેમની કફોડી સ્થિતિ થવાની. તેમને થનારી કનડગતનો પાર નહિ રહે. આપણે તેઓને એટલે કે હરિજનોને મોકળાશ પ્રગટે એવું કશું કરી શકવાનાં નથી, અને સત્યાગ્રહથી કરીને તે લોકને તો ઊલટા વધારે બીકણ અને વધારે નબળા પાડવાના. માટે, હાલમાં તેમની કને તમે સૂચવો છો, તેવી જાતનો સત્યાગ્રહ કરાવવો મુદ્દલે યોગ્ય નથી.' તે પછી નરસિંહકાકા આણંદ પાછા ફર્યા અને આપણને મળીને ગાંધીજી સાથે તેમનો થયેલો બધો વાર્તાલાપ કહી સંભળાવ્યો અને બોલ્યા કે 'દિલગીર છું કે આપણાથી હાલમાં આ બાબતમાં વધારે કશું બની શકે તેવી શક્યતા નથી, પરંતુ તમારા બંનેનાં હિંમત, સાહસ અને સહનશક્તિ જોઈને મને આનંદ થયો છે.' આપણા આવા પ્રકારના વર્તાવથી તેમને ઘણો આનંદ થયો હતો.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૬-૧-૧૯૪૧*

## મર્દાનગી

આ પ્રસંગ લખવાનો હેતુ તો એ છે, કે કોઈ પણ આપણી મર્દાનગીને પડકાર કરે અને તે આપણે નીચી મૂડીએ સહન

કરી લઈએ, તો તે મુદ્દલે યોગ્ય નથી. જોકે એ પણ ખરું છે કે જીવનમાં કેટલીક વખત આવા પ્રસંગ ઊપજતાં વિવેક પણ રાખવો પડે છે, નમ્રતા પણ રાખવી પડે છે. આંધળિયાં કરીને એકદમ ભૂસકો મારવો તેનું નામ સાચી મર્દાનગી નથી. આપણા સાધનાનાં ક્ષેત્રમાં પણ આપણી મર્દાનગીને અનેક વાર પડકાર થાય છે. એટલા માટે મારી તો બધાં સ્વજનોને વિનંતી છે, કે જીવનની મર્દાનગીને સદાય જીવતી રાખજો. મર્દાનગી દાખવવાના પ્રસંગે કદી પણ પીઠ ફેરવશો નહિ. પરાક્રમને વાપર્યા કરવાથી જ પરાક્રમ વિશેષ પરાક્રમમાં પ્રગટે છે. શૌર્ય, સાહસ, હિંમતનું પણ તેવું જ છે. પહેલાં પહેલાં જ્યારે પણ મને કોઈ કહે કે 'અમુક સ્થળ તો ભારે ભયંકર છે અને ત્યાં કોઈથી પણ જઈ શકાય તેવું નથી,' ત્યારે તેવે સ્થળે અભયની ભાવના કેળવવાના હેતુથી ત્યાં ત્યાં હું તો બેધડક જતો અને મારા સાધનાના ભાવમાં એકાગ્રપણે પ્રભુકૃપાથી રત રહેવાનું બન્યા કરતું. તમને સર વૉલ્ટર સ્કૉટની પેલી બે લીટીઓ યાદ છેને ?

For, if a path be dangerous known,
Danger's self is lure alone

(જો કોઈ રસ્તો ભયંકર રસ્તા તરીકે જાણીતો હોય, તો એ જોખમ કે ભય જાતે જ શૂરવીરને તે રસ્તે જવાને આકર્ષે છે.)

એ રીતે મને પણ પ્રભુકૃપાથી પરિસ્થિતિ કે સ્થળનાં ભયંકરતા અને ડર તેનો સામનો કરવાને પ્રેરતાં. જીવનમાં સાહસ, હિંમત, શૌર્ય વગેરે ભાવના કેળવવાને માટે પ્રસંગ એ તો ધાર તેજ કરવા માટેના પથ્થર જેવો છે. એવા

પ્રસંગને જ્યારે જ્યારે તક સાંપડે ત્યારે ત્યારે ઉમળકાથી વધાવી લેવાનું કરવું.

## મર્દાનગીનો એક બીજો પ્રસંગ

જ્યારે મરીડા ભાગોળે શાળાનું કામકાજ કરતો હતો, ત્યારે કેટલાક મુસલમાન છોકરાઓ આવીને અમને બહુ પજવતા. તે છોકરાઓને સમજાવવાનું પણ બહુ કરી જોયું. તેમના ઓળખીતા પાળખીતાને મળીને, તેમના તેમના ઘરનું ઠેકાણું મેળવીને, તેમનાં માબાપોને કાને પણ આ ફરિયાદ પહોંચાડી દેવાનું બન્યું. તે મુસલમાન છોકરાઓ અમને અનેક રીતે હેરાન કરે. અમારી શાળાનું મકાન સરિયામ રસ્તા પર હતું, અને ત્યાં ત્રણચાર ઓરડામાં નિશાળ ચાલતી. ખોબે ખોબા ભરીને તેઓ શાળાની અંદર ધૂળ નાખે, ગોકીરો કરે, જતાં આવતાં વિદ્યાર્થીઓને પણ હેરાન કરે. આસપાસ બધે મુસલમાન લોકની જ વસ્તી. તેમને શાંત પાડવાને બુદ્ધિથી વિચારી વિચારીને બધા જ ઉપાય લઈ ચૂકવાનું કર્યું, પણ કંઈ વળ્યું નહિ. અંતે વિચાર્યું કે ‘હવે જો આ લોકોની આવી હેરાનગતિને તાબે થઈ જઈશું, તો તે આપણી મર્દાનગીને પડકારરૂપ છે.’ ઉર્દૂ નિશાળના કેટલાક મુસલમાન શિક્ષક ભાઈઓને પણ વાત કરી અને તેમના લોકના કાજી સાહેબને પણ મળીને આ બધી હકીકત જણાવી. તોયે જ્યારે કંઈ ના વળ્યું ત્યારે મેં તો નક્કી જ કર્યું કે ‘આ છોકરાઓને હવે સારી રીતે બરાબર મેથીપાક ચખાડવો.’ એટલે એક દિવસે તેમને બરાબર માર મારવાની પૂર્વતૈયારીની યોજના પાકી રીતે વિચારી લીધી. તેનાં પરિણામનો પણ વિચાર કરી લીધો. બીજે દિવસે જ્યારે તેઓએ

ઓરડામાં ખોબે ખોબે ધૂળ નાખવા માંડી, ત્યારે બારણા પાછળ નેતરની જાડી મોટી સોટી લઈને અગાઉથી સંતાઈને ઊભો રહ્યો હતો, એટલે તેઓ ત્યાંથી એકદમ નાસી ના જાય, છૂપી રીતે બહાર નીકળી ના જાય, એવી રીતે તે ત્રણચાર જણ ઉપર વરુની જેમ તૂટી પડ્યો. તેઓ તો બૂમાબૂમ કરવા લાગ્યા અને દોડી જઈને ઘણા માણસોને એકઠા કરીને તેડી લાવ્યા. આમાંના કેટલાક માણસો તો એવા હતા કે જેમને કાને મેં વારંવાર આ છોકરાઓની ફરિયાદ નાખી હતી. આ મુસલમાન ભાઈઓનું ટોળું ઉશ્કેરાયેલું હતું, અને મને મારવાને એકદમ તૈયાર હતું, પરંતુ તેથી હું મુદ્દલે ભયભીત થયો ન હતો. તેઓના મનમાં પ્રગટેલા ઉશ્કેરાટમાં એકદમ ભારે ઓચિંતો પલટો આવી શકે એવું તાત્કાલિક કશું કરવાની જરૂર હતી અને તે ઉપાય ભગવાને કૃપા કરીને મને બતાવી દીધો. તુરંત મેં તો શરીર પરનાં લંગોટ સિવાયનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. તે જોઈને તે બધા ઘડીભર તો સ્તબ્ધ જ થઈ ગયા અને મારા શરીરની અચાનક આવી થયેલી અવસ્થા જોઈને તેઓના મનમાં જે ઉશ્કેરાટ પ્રગટેલો, તેમાં ઓચિંતો પલટો આવી ગયો. તે વેળાએ મેં તેમને કહ્યું કે ‘હવે તમે મને સારી રીતે મારી શકો છો. જુઓ હું તદ્દન ઉઘાડો થયો છું. તમારામાંના કેટલાકને મેં આ છોકરાઓની ફરિયાદ કરેલી છે. આ છોકરાઓને ઘેર જઈને તેમનાં માબાપને પણ મેં કહ્યું હતું. આપણા કાજી સાહેબને પણ મેં વાત કરી હતી. આપણી આસપાસ રહેતા મુસલમાન શિક્ષકભાઈઓને પણ આ છોકરાઓની અમને થતી હેરાન-ગતિની હકીકત જણાવી હતી, પણ આમાંનું કોઈ જ આ

છોકરાઓને વારવાને આવ્યું નથી, એ તો જુઓ ! આ છોકરાઓનો વાંક તો તમારામાંથી કોઈ જોતું જ નથી ! શું અમારે રોજ ને રોજ આ છોકારાઓની હેરાનગતિ સહન કર્યા કરવી ? તમે તો બધા સમજુ છો અને મોટા છો, તો તમે જ હવે મારો ન્યાય તોળો.'

## ટોળાંનો પ્રવાહ બદલાયો

આ લોકોનો મારા શરીરને ઉઘાડું થઈ ગયેલું જોઈને ઉશ્કેરાટ તો કંઈક શમી ગયેલો હતો, એટલે તેમણે મારી કહેલી વાત જરાતરા પણ શાંતિથી સાંભળી ખરી. તેમાંથી કોઈક તો ડાહ્યું નીકળેને ? તેણે મારી વાતને પૂરેપૂરો ટેકો અને સમર્થન આપ્યાં, એટલે ટોળાંનો પ્રવાહ એકદમ બદલાઈ ગયો, અને બધા જ પછી તો કહેવા લાગ્યા કે 'આ છોકરાઓને સાલાઓને માર્યા તે જ સારું થયું. હવે તે લોક તોફાન કરવાનું ભૂલી જશે. અરે ! ભગત ! હવે ફરીથી આ છોકરાઓ તોફાન કરવા આવે, તો સાલાઓની ખાનાખરાબી કરી નાખજો.' અને આમ બધા વીખરાઈ ગયા.

## રંજાડનાર દોસ્ત બન્યા

તે પછી તે મુસલમાન છોકરાઓએ અમને રંજાડવાનું સપૂચું મૂકી દીધું. મારે રોજ મારે ઘેરથી તે મરીડા ભાગોળ આવવાનું તેમના મુસલમાન મહોલ્લામાં થઈને જ થતું. જે જે છોકરાઓને માર્યા હતા, તેમનાં ઘર વટાવીને જ મારે રોજ જવા આવવાનું બન્યા કરતું. હું તો જતાં આવતાં પેલા મુસલમાન છોકરાઓને પ્રેમથી બોલાવતો. અને ગરીબાઈ તો ભારે હતી એટલે બીજું કશું તો આપી શકાતું નહિ, પણ શેકેલા

ચણા બેચાર પૈસાના લાવીને તે છોકરાઓને આપતો. તે પછીથી તો તેમની સાથે પણ દોસ્તી બંધાઈ ગઈ.

### મર્દાનગી, પણ આંધળિયાં નહિ

મર્દાનગીને પડકાર થાય અને એમાં આપણી સાવ નાલેશી થાય એવી સ્થિતિને તો કદી પણ સહન કરી લેવી નહિ. તેનાથી મુક્તિ મેળવવાને આંધળિયાં પણ કરવાં નહિ. આપણે આપણી પોતાની પૂરેપૂરી પાકી તૈયારી કેટલી છે, તેનો પણ સારી પેઠે યોગ્ય રીતે વિચાર કરવો, અને જે તે બધું વિચારી વિચારીને કરવું.

### ચોર લોકોની વચ્ચે મર્દાનગી

નડિયાદમાં જ્યારે મારે બોકડની બાવળીમાં સૂવા જવાનું થતું ત્યારે પણ મને બિવડાવવાને અને ભય પમાડવાને ત્યાં આવનારા લોક ઘણા પેંતરા પણ રચતા અને મને મારવાની અને ખૂન કરવાની પણ ધમકી આપતા હતા. ત્યાંથી જતા રહેવાને તો ઘણું ઘણું, વારંવાર ધમકી આપીને કહેતા. એકવાર તો ત્રણેક ભાઈઓ ચોરીનો માલ લઈને તે બાવળીમાં છુપાઈને ભાગ વહેંચતા હતા. તે વખતે તેમણે મને જોયો. તેમાંનો એક જણ બોલ્યો કે ‘સાલાને પૂરો જ કરી નાખો કે જેથી આપણને ઓળખે નહિ.’ પરંતુ તેમાંનું કોઈ ભગવાનની કૃપાથી તે માટે સળવળ્યું નહિ. આમ, તે બોકડની જગા પણ બધી રીતે ભયંકર પ્રકારની હતી.

*કરાંચી,* *હરિઃૐ* *તા. ૨૦-૧-૧૯૪૧*

### જેલમાં

સત્યાગ્રહને સમયે કાચી જેલમાં કેદીઓની ભારે હેરાનગતિ અને કનડગત થતી. તેમની પાસેથી વાત કબૂલ કરાવવાને

પણ ઘણી વખત અધૂકડા પણ પડાવે અને ઉપર કશુંક વજન બરડા પર પણ મૂકે. એ બધું તમે ક્યાં નથી જાણતા ? આવી આપણી ભારે નાલેશી પોલીસ લોક કરતા. મને પોતાને તે લોકોએ આવી રીતે હેરાન કરી જોવાનો પ્રયત્ન તો કર્યો હતો. ત્યારે પણ હું તો બધો સમય પ્રાર્થનામાં, ભજનમાં, સ્મરણમાં, ધ્યાનમાં વગેરે વગેરે સાધનાના અભ્યાસમાં ભાવનાથી મારો સમય ગાળ્યા કરવાનું એકધારું મથ્યા કરતો હતો. ત્યારે ત્રાટકનું સાધન પણ હું પ્રભુકૃપાથી સાધી ચૂક્યો હતો. એવું બેળે બેળે અધૂકડું પડાવવાને જે જમાદાર મારી પાસે આવ્યો તેની આંખ સામે જ પ્રભુકૃપાથી ત્રાટક માંડવાનું સૂઝી ગયું અને તેમ મેં કર્યું. પરિણામે તેણે મને કશું કર્યું નહિ અને ખેડા સબજેલમાં કશું પણ આવું કર્યા વગર મોકલી આપ્યો.

## એક ભાઈની સ્નેહસ્મૃતિ

ત્યાં એક ધનવંત શ્રોફ નામે ભાઈ હતા. તેઓ મને કંઈક નબળા પોચા પડી ગયેલા લાગ્યા હતા. ત્યારે તેમની મેં દોસ્તી કરી અને આખો દિવસ એવી પ્રેમભાવની વાતો કરી કે તેઓ પાછા ટટાર થઈ ગયા અને તે પછીથી તેમની સાથેની દોસ્તી કાયમ રહેલી છે. એકવાર તેમણે અમદાવાદમાં રેઈનકોટની મોટી દુકાન ખોલી હતી. તે વેળા હું સાબરમતી આશ્રમમાં હરિજન સેવક સંઘનો મંત્રી હતો. બૅંકમાં મારે રકમ ઉપાડવાને સાઈકલ ઉપર ચોમાસામાં કદીક કદીક ભારે પડતા વરસાદમાં પણ જવું પડતું. સેન્ટ્રલ બૅંકમાં અમારું ત્યારે ખાતું હતું, ત્યાં જતાં કોઈક ઠેકાણે તે ધનવંત શ્રોફ ભાઈને મેં ઊભેલા જોયા. તેમને ઓળખ્યા, અને તેમની પાસે જઈને વાતચીત કરી.

તેમણે મારા શરીર પરનાં કપડાં પલળેલાં જોઈને વરસાદનાં પાણીથી ના પલળે એવો રેઈનકોટ કાઢી આપ્યો. તેમના સ્મરણચિહ્ન તરીકે આપેલો તે રેઈનકોટ ભાઈ શાંતિને આપ્યો છે અને હજી પણ તે તેની પાસે હશે એમ માનું છું. જેલમાં આપણને ભયભીત કરી નાખવાના અનેક પ્રકારના જેલના કર્મચારીઓ દ્વારા પ્રસંગો પડતા. તેવી વેળાએ અભયની ભાવના કેળવવા માટેનું લીધેલું શિક્ષણ કેટલું પાકું થયું છે, તે અનુભવવાની પ્રભુની કૃપાતકો ઘણી વાર મળી શકી હતી.

## શક્તિનો ઉપયોગ દ્વારા વિકાસ

તમને સ્મરણ છે કે જેલમાં આપણે બંને ભેગા થઈ ગયેલા, ત્યારે પણ હું ત્યાં મૌન પાળતો અને એકધારું ભગવાનનું સ્મરણ કર્યા કરતો હતો. તે તમે જાતે અનુભવ્યું હતું. જીવનવિકાસની સાધનાનાં પગલાં એક પછી એક ઉત્તરોત્તર જે જે પ્રકારનાં ભરાતાં ગયાં, તેની જો સળંગ ધારા ના પ્રગટી શકી હોત, તો જીવનમાં આવી શક્તિ કદી પ્રગટી શકી ના હોત. નવી શક્તિ મેળવવાને માટે હાલની દશામાં આપણામાં જે શક્તિ હોય તેનો નવી શક્તિ મેળવવાને માટે ઉપયોગ કર્યા કરવો પડે છે. ઉપયોગથી જેમ સમજણ વધે છે, તેમ ઉપયોગથી બળ પણ સાંપડે છે અને ગુણ પણ સાંપડે છે. માટે, કૃપા કરીને ભાવનાનો ઉપયોગ કરતાં જો આપણે શીખીએ અને તેનો નિરંતર અભ્યાસ પ્રગટાવીએ તો જ કંઈક આપણો દહાડો વળી શકે. પ્રભુકૃપાથી આ જીવે જે સાધના કરી છે, તે કેટલાય જીવોએ જોયેલું છે. તેઓ હજી પણ હયાત છે. હું કંઈ હિમાલયની ગુફામાંથી આવીને તમારી પાસે એવી

વાતો કરતો નથી કે જેની ખાતરી કોઈ રીતે કરી જ ના શકાય. પ્રભુકૃપાથી જે રીતે પ્રત્યક્ષ સંસારમાં અને સમાજમાં જીવન જીવી જાણ્યું છે અને જેમ વર્તવાનું બન્યું છે, તે રીતે વર્તવાનું તમને બધાંને કહ્યા કરું છું.

## વ્રતનું નિશ્ચયપૂર્વક પાલન

જે કરવાનું નક્કી કર્યું હોય, જે કરવાનું વ્રત લીધું હોય અને જે બાબતમાં આપણે ટેક રાખ્યો હોય, તેને યથાર્થતાથી પરિપૂર્ણપણે પાર ઉતારવાથી નિશ્ચયબળમાં વધારો થાય છે, અને વિશેષ પ્રાણવંત આત્મવિશ્વાસ પ્રગટે છે. વ્રતનું પાલન જો બરાબર ના કરી શકીએ, માથે લીધેલું પૂરેપૂરું પાર ના ઉતારી શકીએ, તો તેથી કરીને આપણા જેવા સામાન્ય માનવીને ઘણી નબળાઈ પણ આવી જાય છે. તેટલા માટે ખાસ ખબરદારી રાખીને કોઈ પણ દિવસ વ્રતનો, ટેકનો કે કરવાનું જે માથે લીધું હોય તેનો ભંગ ના થઈ જાય તેની તો ઘણી ઘણી સાવચેતી રાખવી. ગમે તેમ કરીને પણ ધારેલું તો પ્રભુકૃપાથી પૂરેપૂરું પાર પાડવામાં જ મચેલા, મંડેલા અને વળગેલા રહ્યા કરવું, તો જ અડગતાવાળો, પાકો, મરણિયો નિર્ધાર અને તે પ્રકારની ભાવના જીવનમાં પ્રગટી શકવાની શક્યતા જન્મવાની છે, તે નિશ્ચે કરીને જાણશોજી.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૧૭-૨-૧૯૪૧*

## નિવૃત્તિનો નિર્ણય

સાબરમતી આશ્રમમાં આ જીવના શરીરને લોહીના ઝાડાનો રોગ થયેલો અને તે પછી આરામ લેવા અને દવા કરાવવા કરાંચી ગયો હતો. ત્યાંથી બધું ઠીક થઈ ગયા પછીથી સાબરમતી

આશ્રમમાં આવ્યા પછી દિલમાં એમ જ નક્કી થઈ ગયેલું કે હવે આ કામ કરવું નથી. અને જેનાથી કરીને આપમેળે જે જે જીવો આવી મળે તેમના માનસને જરા જેટલું પણ ભગવાનની કૃપાથી ઊંચે પ્રગટાવી શકાય એવા પ્રકારની સેવા કરવાનું સદ્‌ભાગ્ય થાય તો ઉત્તમ, એવી ભાવનાથી પ્રેરાઈને હરિજન સેવક સંઘનાં કામમાંથી નિવૃત્ત થવાનું દિલ થયું.

## માનો વિરોધ

મારા મોટા ભાઈનો દીકરો ભાઈ શાંતિ તો કામે વળગી ગયો હતો. એટલે ભાઈ શાંતિ અને તેની મા - એ બંનેનું તે પોતે સંભાળી લે તેવો તે થયો હતો. સવાલ એકમાત્ર મારી બાનો હતો. તે તો ધારે તો મારા નાના ભાઈ મૂળજી કે સોમાભાઈ સાથે પણ રહી શકે. મેં મારી બધી હકીકત તેને જણાવી. તેણે મને કહ્યું કે ‘પાશેર ચણ ચકલાંને તો નાખવાના મળતા નથી, અને આટલી નાનકડી નોકરી છે, તે મૂકી દઈને શો મોટો જગ જીતી નાખવાનો છે !’*

## માની શરતી મંજૂરી

આમ, તેની તો નામરજી હતી, એટલે વળી મેં બેચાર દિવસ જવા દીધા અને વળી પાછી તેને સમજાવી. ત્યારે તેણે મને કહ્યું કે ‘માસિક પાંચછ રૂપિયાની રકમ મારે તેને આપવી.’

* નડિયાદનો આશ્રમ થતાં પૂજ્ય શ્રીમોટાએ માની યાદમાં ચકલાંને ચણ નંખાવવાનું શરૂ કર્યું, તે પછી એક બહેને ચબૂતરો બંધાવી આપી, નિયમિત રોજ ચણ નંખાય તેવી વ્યવસ્થા કરી. અને હાલમાં એક ભાઈએ બીજો મોટો ચબૂતરો પણ કરાવી આપ્યો, પૂજ્યના શરીરનાં ‘મા’ આજે જીવતાં હોત, તો તો એમને કેટલો આનંદ થાત ? -સંપાદક.

મેં તેવી વ્યવસ્થા પણ કરી, પરંતુ મારી પાસે તેણે શરત મૂકી : ‘જ્યારે હું મરી જાઉં એવી માંદી હોઉં ત્યારે મારી અંતઘડીએ તારે મારી પાસે આવવું.’ તે તો મેં પ્રેમથી તરત સ્વીકાર્યું. મેં તેને કહ્યું કે ‘તેવી વેળાએ તારી સેવા પ્રેમથી કરવી એ તો મને ગમેય ખરું અને તે તો મારો ધર્મ પણ ગણાય. એટલે એવી ખબર પડતાં વેંત જ તરત હું તારી પાસે જરૂર આવી જઈશ.’

## નિવૃત્તિ

તે પછીથી હરિજન સેવક સંઘની સેવામાંથી નિવૃત્તિ લીધી. તોપણ મારે સંઘના હિસાબ વગેરે ઑડિટ કરાવવાના હતા, એટલે તે અંગેની જેટલી જવાબદારી બાકી રહી હતી, તે પૂરેપૂરી પ્રેમથી અદા કરી. આટલાં બધાં વર્ષોની એકધારી એક ક્ષેત્રની કરેલી સેવા, એણે પણ કંઈ જીવનમાં ભાગ ભજવ્યો નથી, એમ નથી. મારા સંઘમાંથી નીકળી જવાથી કરી કોઈને મારી કશી ખોટ પડી હોય તેવું બન્યું લાગ્યું નથી. બધાંયની સાથે પ્રેમ, સદ્‌ભાવ અને સુમેળની ભાવના જ કેળવી કેળવીને કામ કર્યું હતું. તે પછી હું તો જુદે જુદે ઠેકાણે જતો અને ત્યાં રહેતો અને તમે તથા નંદલાલ વગેરે જીવનવિકાસની સાધના માટેની પ્રેરણા અને દોરવણી મારી પાસેથી લેવાનું કર્યા કરતા રહ્યા છો, એટલે તમોને કાગળ લખવાનું ત્યારથી બન્યા કર્યું છે. બેચાર મહિને મારી બા પાસે હું જઈ આવતો.

## બાની માંદગી

મારી બા પછીથી મારા નાના ભાઈ મૂળજીની સાથે નડિયાદમાં રહેવા ગઈ હતી. તે પછી મારે બે બહેનોને લઈને વળી પાછું હિંદુ વિશ્વવિદ્યાલયમાં બનારસ જવાનું આવ્યું. ત્યાં

મહિનો, દોઢ મહિનો રહ્યાં હોઈશું, તેવામાં મૂળજીનો નડિયાદથી મારા પર કાગળ આવ્યો કે મારી બાના શરીરને નડિયાદમાં ગંભીર માંદગી છે. એટલે જેમની સંભાળ રાખવાનું અને જેની સાથે આવવાનું મારે બનારસમાં થયું હતું, તે બહેનોના પિતાને (બાપુને) મેં કરાંચી મારી બાના શરીરની માંદગીની બાબતમાં તાર કર્યો, પરંતુ તેમણે તો તારથી જવાબ આપી દીધો કે મારે કોઈકને મૂકીને નડિયાદ જવું.

## મા પાસે જવામાં અડચણ

હિંદુ યુનિવર્સિટીમાં એવો એક કાયદો હતો કે તેના મકાનોમાંના કોઈકમાં છાત્રાલયથી સ્વતંત્રપણે કોઈક ઠેકાણે કોઈ બહેન રહેતી હોય, તો તેની સાથે તેમના કોઈ વડીલ કે વાલી હોવા જોઈએ. મારાથી ગમે તેને જુવાન ઊછરતી બહેનો પાસે મૂકીને જવાય જ કેવી રીતે ? અહીં ‘ગમે તેને’ એટલે કોઈક ઓળખીતા-સંબંધીને. એવું ઓળખીતું-સંબંધી પણ મારે બનારસમાં ખોળી પણ કેમ કરીને કાઢવું ? તે બહેનોના પિતાએ ખરી રીતે તો ત્યારે બનારસ આવી જવું જોઈતું હતું, પરંતુ તેમનાથી નહિ આવી શકાય તેવું હોય.

## વિરોધી ધર્મોનો કોયડો

‘મળેલી પરિસ્થિતિનો ધર્મ (જે પણ સાચો ધર્મ છે) અને તેની પછીથી પ્રગટેલી બીજી પરિસ્થિતિનો ધર્મ એમ બંને પ્રકારના સાચા ધર્મ વચ્ચે કોને પ્રથમ પસંદગી આપવી ?’ એમ એક જટિલ કોયડો ઊભો થયો હતો. એક બાજુ મારી બાના શરીરની સખત માંદગી અને તેને આપેલું વચન, બીજી બાજુ તે પહેલાંથી આ બે બહેનોની સંભાળ લેવાને કાજે અને

તેમની અભ્યાસ વગેરેની વ્યવસ્થા કરવાને કાજે તેમની સાથે મારે રહેવાનું આવ્યું હતું તે. હવે, સામાન્ય રીતે તો અને સાધારણ રીતે મને મારી મા પાસે આવી છેવટની માંદગીમાં જવાનું દિલ થઈ આવે જ, તે સ્વાભાવિક છે. વળી, મેં તેને તેના શરીરની છેલ્લી માંદગી વખતે તેની પાસે હાજર રહેવાનું વચન પણ આપ્યું હતું, પરંતુ આ બહેનોની પાસે રહે કોણ ? અને તેમને એમ ને એમ મૂકીને તો જઈ શકાય તેવું હતું જ નહિ, અને બા પાસે મારે હાજર થયા વિના ચાલી શકે એવું પણ હતું નહિ !

## પ્રાર્થનાનો જ ઉપાય

બંને પરિસ્થિતિનાં સ્થળમાં મારે મારા એક શરીરથી હાજર રહેવાનું ઘણું ઘણું જરૂરનું હતું. એક જ વખતે બંને જુદે જુદે ઠેકાણે એક જ શરીર કેમ કરીને હાજર રહી શકે ? એ તો કદી પણ શક્ય જ ન હતું. જ્યારે હવે એમ લાગ્યું કે નડિયાદ તો કોઈ પણ સંજોગોમાં જઈ શકાય એમ નથી, અહીં બનારસમાં જ રહેવું પડશે, ત્યારે મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય રહ્યો નહિ.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૧૮-૨-૧૯૪૧*

## પ્રભુને પોકાર

ગઈ કાલે અર્ધો લખેલો પ્રસંગ આગળ ચલાવું. અમારા મકાનમાં છાનોમાનો મૌન ધારણ કરીને બેસી જ રહ્યો. અને ભગવાનને પોકારવા જ લાગ્યો : 'હે પ્રભુ ! મારી પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ ગયેલી છે ! બંને પ્રકારના ધર્મમાં હે પ્રભુ ! હું તો અટવાઈ ગયો છું. મારી મા પાસે તેની માંદગીના

સમયે કેવી રીતે હાજર રહેવું તેનો મને મુદ્દલે કશો ઉકેલ જડતો નથી. જો બનારસ આવવાનું થયું તે પહેલાં તેના શરીરની માંદગીનું જાણ્યું હોત, તો તો બનારસ આવત જ નહિ, પરંતુ હવે હું કરું શું ? આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું તો જોઈએ જ અને તે પાળવાની મારી પૂરેપૂરી દિલની તત્પરતા પણ છે, પરંતુ હું ત્યાં જાઉં કેવી રીતે ?' વારંવાર હું તો ભગવાનને આવી આવી પ્રાર્થના જ કર્યા કરું.

## આંતરવેદના

જમવા કરવાનું અને બીજી એવી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર જ પાડ્યા કરતો. મેં મારી માને વચન આપેલું, અને તેવું વચન પણ હું પાળી શકતો નથી. 'પાળી શકતો નથી' એટલે કે મારું દિલ નથી એમ તો નથી, પરંતુ મારાથી સંજોગોને કારણે પાળી શકાતું નથી. તેનું દર્દ એટલું બધું તો સાલતું કે આના કરતાં તો જાણે કે 'હું ભગવાનને ચરણકમળે જેમ પેલા બ્રાહ્મણ ભાઈએ બાલારામમાં કમળપૂજા કરી હતી તેવી રીતે મારું વચન પાળી ના શકવાના એક પરિણામ તરીકે શ્રીભગવાનને જાણે કે દેહ સમર્પણ કરી દઉં !'

## 'તું જ લાજ રાખ'

એટલી બધી વ્યથા મને થઈ તોપણ એવા પ્રકારની કોઈ અદમ્ય પ્રેરણા આ દિલમાં જાગતી નહિ. હું તો વારંવાર ભગવાનને પોકાર પાડ્યા કરું કે 'હે પ્રભુ ! આ તે કેવી વિકટ પરિસ્થિતિ ! ના આ છોડાય કે ના ત્યાં જવાય ! અને વચન તો પાળવું જ રહ્યું.' ભગવાનને હું તો વારંવાર પ્રાર્થના

કરું કે 'હે પ્રભુ ! હે દીનદયાળ ! તું મારી લાજ રાખજે. તું મારું વચન પળાવજે. હે ભગવાન ! મારી માના શરીરની છેલ્લી માંદગીના સમયે તેની પાસે હાજર રહેવાનું વચન મારી બાએ મારી પાસે માગ્યું હતું. તેણે બિચારીએ મારી કને બીજું કશું જ માગ્યું ન હતું. અને મારી પાસે તેને આપવા જેવું બીજું હતું પણ શું ? આટલું પણ ના કરી શકાય એવી લાચારી ભરેલી પરિસ્થિતિમાં પ્રભુ, મુકાઈ જવાનું બન્યું છે, તે હવે તો તું લાજ રાખે તો લાજ ટકી શકે.

## મારો હકદાવો નથી

મારી મા આવે ટાણે મારી હાજરીને માટે જરૂર વલોપાત કરતી હશે. તેના મનમાં મારે માટે તો એટલો વિશ્વાસ જરૂર હશે કે 'ચૂનિયો જરૂર આવશે.' અરેરે! મારી માનો મારા પર જે વિશ્વાસ છે, તેનો પણ ભંગ થઈ જવાનો ! હે પ્રભુ ! આ તો કપરી કસોટી છે. આવી વેળા આ મારું વચન પળાવવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. હે મારા વહાલા પ્રભુ ! દીનાનાથ ! કૃપા કરજે. મારો તારી પાસે કોઈ હકદાવો નથી. તારી પાસે મારું કામ કરાવવા જેટલો તારી સાથે પ્રેમભક્તિનો નાતો પણ જીવતો થયો નથી. તારા જે અનેક સંતભક્તો થઈ ગયા છે, તેમની તો ચરણની રજનીયે રજ હું નથી. એટલે પછી કયા દાવાએ તારી પાસે હું માગણી કરું ? પરંતુ આ કટોકટીની અસહ્ય પરિસ્થિતિમાં તારા એકમાત્ર શરણા સિવાય મારો ગરીબનો કોઈ ઇલાજ નથી. હે ભગવાન ! હે બાપા ! તું કર્તાહર્તા છે. મારે આ બેડીમાં જકડાઈ રહેવાનું બન્યું છે, એટલે ત્યાં હું નડિયાદ ઊડીને જાઉં પણ કેવી રીતે ?

મારું દિલ તો જરૂર મારી મા પાસે જ છે. તેની તો જરૂર મને આત્મભાવની સ્થિતિએ પ્રતીતિ છે, પરંતુ આ સ્થૂળ દેહને ત્યાં કેવી રીતે હાજર કરવો ? મારા દિલનાં ટેક, નિશ્ચય, નિર્ણય અને દિલ તો મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેનાં જ છે. તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેવી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પણ છે.

### ભાવનાને આકાર આપો

સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તેવો અનુભવ પણ તારી કૃપાથી મને જરૂર થયો છે, તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે, તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે. સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં તારી પ્રાર્થના કરી નથી. સાધનાનાં ક્ષેત્રમાં જે જે અડચણો, વિઘ્નો, મુશ્કેલીઓ નડતાં હતાં, તે બધાં આવરણો દૂર કરવાને માટે જ મારાથી તનતોડ ભારેમાં ભારે પ્રયત્નો પણ તારી કૃપાથી બન્યે જતા હતા. તેવા પ્રયત્નો કરી કરીને તારી પાસે તે તે આવરણોને નિવારવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો અને તેવી પ્રાર્થના હે પ્રભુ ! તેં સાંભળ્યા કરેલી પણ છે અને મને કૃપા કરીને મદદ આપ્યા કરેલી છે. તારી કૃપાનું અહેશાન તો કોઈ કાળે પણ ભૂલી શકાય તેમ નથી. મારી આવી ત્રિશંકુની પરિસ્થિતિમાં તારા સિવાય મને કોઈ બીજો મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય એટલું બધું જબરજસ્ત હોય છે, તેનું મને જ્ઞાનભાન છે, પરંતુ તેવી મારી સંકલ્પ-

શક્તિનું સઘળું સામર્થ્ય તે એકમાત્ર તું જ છે. તારામાં જ હે પ્રભુ, બધું જ સમાયેલું છે. હવે તો તું જ મારી વહારે ચડે અને મારું વચન પળાવવાની ખાતર મારા દિલમાં પ્રચંડ અને ઉગ્ર મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ઉગ્ર ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે, હે પ્રભુ, દીનદયાળ, મારા વહાલા ! મારા ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે.

## માને ખાતર જ

ત્યાં હાજર થઈને મારે પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે 'હા, ચૂનિયો આવ્યો અને તેણે વચન પાળ્યું', એટલું જ મારે જોઈએ છે. આવા તેના શરીરના અવસાન સમયની સ્થિતિમાં તેને મારે માટે આત્મસંતોષ પ્રગટે તે જ હેતુથી હે પ્રભુ ! હું તારી પાસે માગું છું. મારા દિલમાં પ્રગટેલી આ જાતની ભાવનાનો તલસાટ એટલો બધો તો પ્રચંડ અને ઉગ્ર હતો કે જે તલસાટની સાથે કદાચ ગોપીની વિરહભાવનાના તલસાટને સરખાવી શકાય. આ તલસાટથી સતત ભગવાનને પોકાર્યા જ કરતો. એ તલસાટની વેદનાને કારણે તેમાંથી એવો આર્તનાદ અને આર્દ્રભાવ પ્રગટતો કે ભગવાનને તે તલસાટના ભાવથી પ્રેરાઈ પ્રેરાઈને પ્રાર્થના થયે જતી.

## મરણની ખબર પડી ગઈ

આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ સિવાય મારો બીજો કોઈ આરો હતો નહિ. મારા દિલની ભાવનાની સાથે હમદર્દી અને સહાનુભૂતિ બતાવી

શકે એવું પણ કોઈ ન હતું. મારે કોઈના એવા આશ્વાસનની જરૂર પણ ન હતી. મારે તો હજાર હાથવાળો ધણી અને હજાર આંખવાળો સમર્થ, એ જ સાચું આશ્વાસન હતું. આવી રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે. આવા આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે એવું થયું કે ઓચિંતો જ વીજળીનો દીવો જે સળગતો હતો, તે બંધ થઈ ગયો. તે પરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. ત્યારે મારાથી રડાયું કરાયું તો ન હતું, પરંતુ તેવા કાળે પણ એકમાત્ર ભગવાનની પ્રાર્થનામાં જ મારું દિલ તો રહ્યા કરેલું હતું. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.

પછી નડિયાદથી ભાઈ મૂળજીનો તાર આવ્યો કે મારી માનું શરીર અવસાન પામ્યું છે.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૧૯-૨-૧૯૪૧*

## તલસાટભરી ભાવના

દિલમાં કોઈ પણ પ્રકારનું ચેન પડતું ન હતું. એક જ પ્રકારની ભાવના - મારા સ્થૂળ દેહની હાજરી મારી માની પાસે તેની યોગ્ય વાસ્તવિકતામાં પ્રગટે એવી ભાવના જ - સતત એકધારી તેના ઉચ્ચમાં ઉચ્ચ ચેતનવંતા પ્રાણમાં અને તેના તલસાટમાં જીવતીજાગતી ટક્યા કરેલી રહેતી હતી. તે પ્રાર્થના વારંવાર ભગવાનને જ પોકાર્યા કરતો. 'હું અને મારો ભગવાન અને મારી તે ભાવના'-એના જ માત્ર અસ્તિત્વનું ભાન તે કાળે મારા દિલમાં રહેતું હતું. આવું બધું અંતરમાં

અંતરથી ચાલ્યા કરતું હતું, તોપણ ભગવાન પરનો મારો ભરોસો એટલો જ અટળ અને અતૂટ હતો. ભગવાનની અનંત શક્તિ છે. અને તે જ મારે માટે જે યોગ્ય હોય, તેમ તે કરવાનો છે. એવો પણ ભક્તિભર્યો આત્મવિશ્વાસ હતો. હું તો તેને વારંવાર વિનંતી કર્યા જ કરતો.

## સ્વાનુભવની પ્રતીતિ

ભગવાને ગજેન્દ્રને મુક્તિ અપાવી, તે તો એક પૌરાણિક હકીકત હતી અથવા તો તેમ તે ના પણ બન્યું હોય. અને તે એક પ્રતીકરૂપે ઉદાહરણ માત્ર હોય, પરંતુ અનેક વેળાએ ભક્તની વહારે તે મારો વહાલો 'ગરુડે ચડીને આવ્યો' છે, તે હકીકત બીજા ભક્તલોકના ખરેખરા બનેલા જીવન પ્રસંગોમાં જાણેલી છે, તેમ છતાં તે ઉપરથી પણ નહિ, પરંતુ મને પોતાને મારા સાધનાકાળના જીવનમાં આંતરિક કટોકટીની પળે તે કેટલીયે વાર વહારે ધાયો છે, તેની તો મને પ્રત્યક્ષ અનુભવાત્મક સાચેસાચી પ્રતીતિ હતી. અને તેવા પ્રકારનો અનુભવ એ તો મારા જીવનની અમોઘ શક્તિ અને મૂડી છે. તેના આધાર વડે કરીને તો પ્રભુકૃપાથી કદી પણ નતમસ્તક બની શક્યો નથી. સાધનાકાળમાં પ્રગટેલા દૈવાસુર સંગ્રામમાં તેવા પ્રકારની અનુભવાત્મક પ્રતીતિને કારણે તો હું એની કૃપાથી ખુમારીથી ટટાર રહી શક્યો છું. જીવનની તે તે કાળની એવી કેટલીયે હકીકતો આજે નજર સમક્ષ તરવર્યા કરે છે, કે જ્યારે મારા ભગવાનને પોકાર્યા કરું છું કે 'હે પ્રભુ ! તેં આટલી બધી મને મદદ કરી છે, તો આ એક અણમોલો એવો પ્રસંગ છે, કે જ્યારે તું મારી વહારે ચડીને મારી ટેક રાખે, તો હું ધન્ય ધન્ય થઈ

જાઉં, કૃતકૃત્ય થાઉં, પરંતુ હે વહાલા ! તારા પર મારાથી બળજબરી કેમ કરી શકાય ? હું તો માત્ર એક દીનહીન ભાવે તને કાલાવાલા કરું છું. તેના સિવાય બીજું કરી પણ શું શકું ? હે પ્રભુ ! હે દીનાનાથ ! હે કૃપાસિંધુ ! હે કરુણાસિંધુ ! તું જ એક મારી આવી કટોકટીની સ્થિતિમાં મારો સાચો આધાર છે. મારું વચન પળાવજે. મારા પર કૃપા કરજે.'

**માને દર્શન**

તે પછી નડિયાદથી મારા ભાઈ મૂળજીનો મારી પર કાગળ આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે 'મારી માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું કે 'અલ્યા ! મૂળિયા ! મૂળિયા ! જો આ ચૂનિયો આવ્યો !' ત્યારે મારા ભાઈ મૂળજીએ મારી બાને કહ્યું કે 'ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?' ત્યારે વળતું મારી બા બોલી કે 'અરે, એ તો આ રહ્યો ! મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે.' આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચ્યા. તે કાગળમાં જે લખેલું હતું, તેના ભાવાર્થ પ્રમાણે (શબ્દેશબ્દ તો નહિ પણ ભાવાર્થ પ્રમાણે) લખું છું, કારણ કે કાગળ આડોઅવળો છે અને તે અત્યારે મારી પાસે નથી. મારા ભાઈનો આ કાગળ વાંચીને ભગવાને મારી ટેક જાળવી, મારી લાજ રાખી, વચન પળાવ્યું, તેનાથી મને જે હર્ષોન્માદ પ્રગટ્યો, તે આનંદ કોટિ બ્રહ્માંડના આનંદની તોલે આવી શકે એમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે અને તે સમર્થની મારે માથે જીવતીજાગતી જબરી ઓથ છે એવો આ પ્રત્યક્ષ જીવતોજાગતો પ્રચંડ અનુભવ એની

કૃપાથી પ્રગટ્યો. ત્યારથી મારું જીવન તો ધન્ય ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયેલું એની કૃપાથી અનુભવ્યા કરું છું. મારા જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન કંઈ નાનુંસૂનું નથી. તમારાં બધાં સ્વજનનાં દિલમાં આ બધું વાંચીને બહુ તો અહોભાવ પ્રગટે, પરંતુ એવું પ્રત્યક્ષ જીવંત અનુભવનું દૃષ્ટાંત વાંચીને પણ કોઈ પણ સ્વજનનું રુવાંટું વધારે ફરકવાનું નથી અને કોઈને પણ સાધનાનાં ક્ષેત્રમાં અદમ્ય પ્રેરણા પ્રગટીને 'ચાલો ! આ સાધનાને આત્મસાત્ કરી દઈએ' એવી ટેક પણ પ્રગટવાનો નથી. તેમ છતાં મારા દિલમાં આ પ્રસંગે ભગવાનની સમર્થતા અને તેની અનંત શક્તિને માટે અને તેણે મારે કાજે જે કર્યું છે તથા મારે માટે જે પ્રત્યક્ષ કરી બતાવ્યું, જે બનવું જગતની વાસ્તવિકતાની દૃષ્ટિએ બની જ શકે નહિ તેવું છે, તે મારા વહાલા પ્રભુએ કૃપા કરીને પ્રગટાવ્યું, તેવો આ દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.

*બનારસ, હરિઃૐ તા. ૨૦-૨-૧૯૪૧*

## ભગવાનની જીવંત ધન્ય કળા

બનારસમાં મારા પર મારા ભાઈનો આવેલો કાગળ ભાઈ નંદલાલની કને હજી પણ સચવાયેલો રહેલો છે, એમ હું માનું છું. આ કાગળ વાંચીને મારા વહાલા ભગવાનને ચરણકમળે વારંવાર મારું શિર તો પ્રેમભક્તિભાવે આભારનાં દર્શનથી ગદ્ગદ થઈ જઈને નમ્યે જ જતું હતું. આ પ્રકારની પ્રાર્થનાનો ભાવ અને તેની અસર એકધારી સજ્જડ કેટલાય સમય સુધી જીવતીજાગતી રહ્યા કરી હતી. જાણે કોઈ ભારે નશાના ઘેનમાં

પડ્યો રહ્યો હોઉં એમ તે પ્રાર્થનાના ભાવમાં એની કૃપાથી જાગ્યા કરવાનું બન્યા જતું. કેવો આ ધન્ય પ્રસંગ અને કેવી આ મારા ભગવાનની જીવંત ધન્ય કળા !

### ઝંપલાવો તો તમે પણ અનુભવો

આ પ્રસંગ તમને અને મળેલાં સ્વજનોને જે હેતુ કાજે તેઓ મને મળ્યાં છે, તે હેતુમાં પ્રાણ પ્રગટાવવા અને તમને બધાંને જીવનમાં નવું ચેતન પ્રગટે એવા ઉદ્દેશથી લખ્યો છે. તેની યથાર્થતા કૃપા કરીને સમજજો. આ સાધનાના પ્રદેશમાં કેવી કેવી શક્યતાઓ છે, તેનું તમને સાચેસાચું ભાન પ્રગટે એવી તમારામાંના અંતર્યામીને મારી ભાવભરી પ્રાર્થના છે. મને તો મારા જીવનના આ એક જ પ્રસંગથી મારા જીવનની પૂરેપૂરી કૃતાર્થતા થઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે. આ તો એક ઘણી મોટી હકીકત છે. જે કદી કોઈ પણ રીતે શક્ય ના બની શકે, તે શક્ય બન્યું. મારા દિલથી તો તે એક સંપૂર્ણ સ્વાભાવિક રીતે બની ગયેલી પ્રત્યક્ષ હકીકત છે.

### ફના થઈને જાતે જ અનુભવો

આ જ હેતુથી પ્રેરાઈને 'તુજ ચરણે'માં લખ્યું છે કે :-

**'જે જે અશક્ય થતું શક્ય, કૃપાથી જેની'**

તે માત્ર કલ્પના ન હતી. મારી માને પણ હું પોતે સ્થૂળ રીતે જ તેના સ્વાભાવિકપણામાં લાગ્યો હતો, તે પણ તેટલું જ સાચું છે. બીજા કોઈના માનવામાં આ હકીકત ના આવે તે પણ સ્વાભાવિક છે, પરંતુ તેને તેના યથાર્થ સ્વરૂપમાં કોઈ માને કે ના માને, તેની સાથે અમારા લોકને કશી નિસબત હોતી નથી. તેવા લોકોને મારે એટલું જ પ્રેમથી અને નમ્રતાથી

કહેવાનું છે, કે 'એકવાર જીવનને હોડમાં મૂકીને તમારી હોડીના બધા સઢ તોડીફોડી નાખીને સાધનાનાં ક્ષેત્રના મધ્ય દરિયામાં યાહોમ કરીને ઝંપલાવી દો. અરે ! એવાં સાહસ, હિંમત તો પ્રગટાવો ! એવા ભાવે સંપૂર્ણ ન્યોછાવરી અને ફનાગીરીની તાકાત તો જીવનમાં પ્રગટાવો ! પછી એવી તાકાત, એવી ભાવનામાં કેટકેટલું સામર્થ્ય પ્રગટેલું છે, તે તમે જાતે અનુભવવાની સ્થિતિમાં પ્રગટી શકો, અને ત્યારે જ તમને બધી ખબર પડે. અત્યારે ખાલી ખાલી કોરી બુદ્ધિની સમજણ અને કલ્પનાથી કંઈ કશાને તોલવું અને સમજવું તે બધું જ અર્થ વગરનું છે, અને છેક વાહિયાત પણ છે. માટે, મારી તમને ખરેખરી પ્રાર્થના છે, કે તમે જે હેતુને માટે મળ્યા છો, તેનું મહત્ત્વ હજી પૂરેપૂરું દિલમાં દિલથી ગણકાર્યું નથી, તો હવે જાગો, ચેતો અને બેઠા થાઓ. ઊઠો અને કૃપા કરીને તેવું કરવાની દિશામાં પ્રવર્તવાને સાચેસાચી પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠાનું ભાન પ્રગટાવો. મારી દૃષ્ટિએ તો આપણે બધાં જીવતાં હોવા છતાં મુદ્દલે જીવતાં નથી. એવું મને તો હાલના આપણાં બધાંનાં જીવન પરથી સમજવાનું લાગે છે. મારા જીવનનો આ એક ધન્ય પ્રસંગ પ્રભુકૃપાથી તમને સાધનાનાં ક્ષેત્રની ભાવના પ્રગટાવવાને મદદરૂપ બનો અને પ્રેરણાત્મક બનો એવી પ્રાર્થના છે.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૨૨-૨-૧૯૪૧*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(માલિની)

ચરણકમળ તારે નિત્યનું સ્થાન દેજે,
મુજ દિલતણી ઊંડી પ્રાર્થના એટલી છે,

પ્રભુજી ! શરણમાં જો ! રંક તારે ઢળ્યો છું,
લળી લળી વીનવું છું ધ્યાન લે વાત તે તું.

* * *

બહુ બહુ પ્રભુ ! ભારે ભૂલ મેં તો કરી છે,
પણ કબૂલ કરી છે સર્વે મેં પાદમાં તે,
કરીશ નહિ ફરી ફરીથી દોષ એવા હવે હું,
પ્રભુ ! પરમ કૃપાળુ, દંડ પ્રેરી જવા દે.

* * *

તવ પદમહીં હું તો ક્યારનોયે ઢળ્યો છું !
મુજ પર પ્રભુ, તોયે દૃષ્ટિ ફેંકે નહિ શું ?
કરમ જ હીણભાગી રાંકનું જ્યાં પ્રભુ છે,
તહીં પ્રભુ ! ઠીક ના છે દોષ દેવો તને તે.

* * *

અણસમજુ બહુ છું છેક છોરું નઠોર,
વિનય પણ નથી ને મૂર્ખતાથી ભરેલ,
વળી કુશળ નહિ છું કોઈ કર્મે પૂરો હું,
ચરણશરણ તારે તાત, એવો ઢળ્યો છું.

* * *

કરમ અધમ મારાં જોઈ હાવાં શક્યો હું,
મતિ મુજ પલટાતાં પાદ તારે ઢળ્યો છું,
કરગરી વીનવું છું દે ક્ષમા દોષની તું,
તવ કર શિર મારે રાખજે હે પ્રભુ ! તું.

* * *

રખડી રખડી થાક્યો તોય ના પાર આવ્યો,
બહુ બહુ કરતાંયે યત્ન ના સ્‌હેજ ફાવ્યો,
મરું પ્રભુ ! અટવાઈ પંથ વચ્ચે, કરું શું ?
ક્યમ ઊગરી જવું તે કાંઈ જાણું નહિ હું.

## મુશ્કેલીમાં મરદ બનો

તમે બધાં સ્વજનો જ્યારે જ્યારે કંઈક મુશ્કેલી, કઠણાઈ વગેરેની હકીકત મારી પાસે કહો છો, ત્યારે મને તમારે માટે દિલમાં મુદ્દલે સુખ ઊપજતું નથી. ત્યારે મને એમ થાય છે, કે 'અરેરે ! આ સ્વજનો આટલી મુશ્કેલી અને કઠણાઈની વાત કરે છે, પરંતુ તે વખતે તેની સામે પરાક્રમ અને સામર્થ્ય દાખવવાનું કેમ કરતાં નથી ? અને તે ભાન કેમ પ્રગટતું નથી? તેવા તેવા પ્રસંગને કાળે તેઓ પોતાનું ખમીર કેમ પ્રગટાવતા નથી ? અને તેમાં તેઓ ડૂબી કેમ જાય છે ? જીવનમાં સૌ કોઈને તેમનાં બધાંનાં કરતાં કારમામાં કારમી કઠણાઈ અને મુશ્કેલીના પ્રસંગો સાંપડતા હોય છે, મરદ માનવી તેની આગળ નમી પડતો નથી.'

## રહેઠાણના પ્રશ્નનો ઉકેલ

આ લખતાં લખતાં મને મારા વડોદરાના કૉલેજ જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. મૅટ્રિક તો સારા ઊંચા માર્કથી પાસ થઈ ગયો. પેટલાદ હાઈસ્કૂલમાંથી પાસ થયો હતો અને તેનું ઈનામ પણ મળ્યું હતું, એટલે કૉલેજમાં દાખલ થવાનું પ્રભુકૃપાથી બન્યું. જેમની મદદથી કૉલેજમાં ભણતો હતો, તેમની રકમ ઓછામાં ઓછી વપરાય, તે મારે માટે ઉત્તમ ગણાય, એવી ભાવના તો તે કાળે પણ જીવંત હતી. ' વડોદરા

કૉલેજમાં ભણવાનું તો થયું, પણ રહેવું ક્યાં ?' એ એક પ્રશ્ન હતો. ત્યારે (પંચમહાલ જિલ્લાના) કાલોલ ગામના એક નાગરભાઈ વડોદરા કૉલેજના 'ફેલો' થયા હતા. કાલોલ ગામમાં મારું રહેઠાણ હોવાથી અને જે સમયમાં હું ત્યાં રહેતો ત્યારે ઘણોખરો વખત મારો નાગરવાડામાં જ જતો તેથી, અને જેનું તેનું સોંપેલું કામ આનંદથી કરતો હતો તેથી, મારા પર બધાંની હમદર્દી પ્રગટેલી હતી. મેં પેલા 'ફેલો' થયેલા ભાઈને વિનંતી કરી કે 'મને તમારા ઓરડામાં કૃપા કરીને રહેવા દો. હું ઓરડાની વ્યવસ્થાનું બધું કામકાજ સંભાળી લઈશ.' એમણે મારા પરની પ્રેમની લાગણીને લીધે મારી તે વિનંતી સ્વીકારી અને તેમના ઓરડામાં રહેવાનું નક્કી કર્યું. તે કાળે તે હૉસ્ટેલનું નામ 'રેસિડન્સી હૉસ્ટેલ' એવું હતું. કૉલેજથી તે હૉસ્ટેલ તરફ આવતાં જે મોટું મેદાન છે, અને જ્યાં ક્રિકેટની મેચો રમાય છે, તેની સામે જ આ હૉસ્ટેલ હતી.

## ખાધાખર્ચમાં ઘણી કરકસર

હવે, માત્ર રહ્યો જમવાનો પ્રશ્ન. તે વખતમાં પણ હૉસ્ટેલને રસોડે એક માસનું ખર્ચ તેવીસ ચોવીસ રૂપિયા આવતું. મારે માટે તેટલું યોગ્યપણે ખર્ચવાની શક્યતા ન હતી. જોકે તેટલું ખર્ચ્યું હોત તો મને મદદ કરનાર તેટલી રકમ પ્રેમથી જરૂર મોકલી આપત, પરંતુ મેં તો વિચાર્યું કે 'ઓછામાં ઓછા ખર્ચે પ્રભુકૃપાથી જેટલું નભાવાય તેટલું ઉત્તમ.' એટલે મેં તો બુદ્ધિનો ઉપયોગ કરી તેને માટે એક ઉપાય શોધી કાઢ્યો. વડોદરા શહેરની મધ્યમાં માંડવીની પેલી બાજુ ચાંપાનેર દરવાજા બાજુ જતાં ડાબા હાથ તરફ એક વૈષ્ણવની હવેલી

આવે છે. એકવાર મારી બાની સાથે ત્યાં હું નાનપણમાં ગયેલો, તે મને યાદ હતું. તે મંદિર ખોળી કાઢ્યું. ત્યાંના મુખિયાજીને મળ્યો અને પગે લાગ્યો. મેં કહ્યું કે 'હું કૉલેજમાં ભણું છું. રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે, તો કૃપા કરીને મને રોજ એક પતરાળી આપવાનું કરો, તો આપનો મોટો ઉપકાર.' તેમણે હા પાડી. તેની કિંમત હતી માત્ર દોઢ આનો. ખાવાનું તો તદ્દન ચોખ્ખું અને પાછું ચોખ્ખા ઘીવાળું. રોજ સવારમાં વહેલો કૉલેજની હૉસ્ટેલમાંથી નીકળી ફૂટપાથ ઉપર વાંચતો વાંચતો ચાલું. અઢી માઈલ જવાનું અને અઢી માઈલ પાછા ફરવાનું. મંદિરે જઈને નાહી લઉં અને પતરાળી જમીને પાછો ફરી જાઉં. ત્યારે પણ ફૂટપાથ ઉપર વાંચતો વાંચતો ચાલ્યા કરું. આ હતો મારો કાર્યક્રમ. પહેલા સત્રમાં તો આમ પ્રભુકૃપાથી બરાબર ચાલ્યું, પરંતુ આ હકીકત મારી આધ્યાત્મિક માના જાણવામાં આવતાં, મને તેમણે તેમ ના જ કરવા દીધું. તે તેમનો મારા પર કેટલો બધો પ્રેમ !

### કામ કર્યાનું કામણ

વળી, હું હૉસ્ટેલમાં રહેતો ત્યારે તે હૉસ્ટેલમાં જે નાગર વિદ્યાર્થીઓ રહેતા હતા, તે બધાની એક ચાની ક્લબ હતી. રોજ તેમને માટે હું પોતે ચા બનાવતો. બેત્રણ વાર દિવસમાં તે બનાવવાનું થાય. તેમાંનો કોઈ પણ ભાઈ મને કંઈ કામ સોંપે, તો તે પ્રેમથી કરતો. તે બધા ભાઈઓનો મારા પર કેટલો પ્રેમ છે, તે જાણવું હોય તો આજે પણ તમે તેમની પાસે જઈને પૂછી જુઓ તો ખબર પડે. આજે તો સ્વજનને પોતાના ઘરનું જ કામ કરતાં કરતાં દિલમાં પૂરું સુખ ઊપજતું નથી

અને કદીક કદીક તો કંટાળો પણ આવે છે. વારંવાર કામ ચીંધવાનું થતાં સ્વજનનું મન બળવો પણ પોકારે છે. આ બધાં લક્ષણો જીવનનાં ખમીરનાં નથી. પ્રભુકૃપાથી અમે જેમ જે રીતે જીવનમાં વર્ત્યા છીએ અને તેમ વર્તવાથી જીવનમાં અમને જે મળ્યું છે, તે તમને પણ મળો એવી અમારી તમારી પરત્વેની દિલની અભિલાષા છે, પરંતુ તે કાચાપોચા અને ઢીલા થવાથી તો કદી નહિ મળી શકે. તમારે બધાંને તો ક્યાં પારકાંનું કામ કરવા જવાનું છે ? મારે તો ઘણાં ઘણાં જણનું મારા ભણવાના કામની સાથે કામ કરવાનું આવતું, તોપણ તેમનું તેમનું કામ આનંદથી કરતો હતો. તેથી તે બધા ભાઈઓ મને મદદ પણ કરતા. જ્યારે જ્યારે તેઓ નાટક સિનેમા જોવા જાય ત્યારે મારી ટિકિટ ખરીદી લે. જ્યાં જ્યાં ફરવા જાય, ત્યાં પણ જરૂર તેમની સાથે મને લઈ જાય. હું પણ તેમના બરાબર ઉપયોગમાં આવી શકું તેવી જ રીતની વર્તનકળામાં સાવધાનીમાં રહેતો હતો.

## કર્મની કળા

જ્યારે જ્યારે આપણે કોઈના ખરેખરા ઉપયોગમાં આનંદથી ઉમળકાભેર આવતાં હોઈએ છીએ, ત્યારે તેઓ ભલે કંઈ બોલે કરે નહિ, પરંતુ તેમનાં દિલમાં આપણે માટે એક પ્રકારની સારી લાગણી જન્મતી તો હોય છે. તેમને તે જન્મે કે ના જન્મે તેની સાથે આપણને કશી પરવા ના હોવી ઘટે અને એવા પ્રકારની ખેવના પણ આપણે ના રાખવી જોઈએ. આપણે જે કામ કરવાનું છે, તે આપણે પોતાને માટે કરવાનું છે. વળી, જે કામ કરવાનું છે, તે આપણા પોતાના ઘરનું જ

કરવાનું છે. એવાં કામમાં આપણે આપણા દિલનો આનંદ અને પ્રેમ જેટલો વિશેષ ને વિશેષ પ્રગટાવ્યા કરીશું, તેટલી વિશેષ ને વિશેષ શાંતિ અને પ્રસન્નતા આપણામાં પ્રગટશે અને તે કંઈ લાભ નાનોસૂનો નથી. માટે, મારી તમને બધાંને પ્રાર્થના છે, કે 'ગજા ઉપરાંતનું કામ મળે, અનંતગણું કામ મળે, તેવી વેળા તમે વધારે હિંમત પ્રગટાવજો, સામર્થ્ય પ્રગટાવજો, ખમીર પ્રગટાવજો અને 'ગમે તેટલું કામ મળે તોપણ તે કરી શકીશું જ' એવો દૃઢ આત્મવિશ્વાસ દિલમાં દિલથી પ્રગટાવજો. દિલના એવા ભાવથી કરેલાં કર્મમાંથી ગુણ અને શક્તિ બંને પ્રગટે છે. ભાવનાથી કરેલું કર્મ સમજણની આંખ ઉઘાડે છે. આ બધું તારતમ્ય તેવી રીતે કર્મ કરતાં કરતાં પ્રભુની કૃપાથી મને સાંપડ્યું છે. મને કોઈ શીખવવા આવ્યું નથી, પરંતુ સદ્‌ભાવથી, પ્રેમથી અને આનંદથી કર્મને સ્વીકારી સ્વીકારીને પોતાના વિકાસના હેતુ અર્થે તે છે, શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાથી કરીને તે તે બધું કરવાનું છે, અને તે તે બધું ઉમળકાથી કરવાનું છે, એવી અનેક રીતની ભાવનાથી કર્મને કરતાં કરતાં કર્મની કળા અને તેનો ભાવ પ્રભુકૃપાથી મને જીવનમાં સાંપડ્યો છે. જીવનવિકાસના ધ્યેયને પ્રાપ્ત કરવાને માટે કર્મની કેટલી જરૂરિયાત છે, તે વિશે મળેલાં સાધક સ્વજનોને જ્યારે જ્યારે લખવાની પ્રેરણા થશે ત્યારે તે પણ બધું વિગતવાર લખીશ ખરો, જેથી તેમને કર્મ યોગયોગ્ય રીતે અને તે પ્રકારની ભાવનાથી કેવી રીતે કરવામાં આવે કે જેથી ભાવનાનો વિકાસ પ્રગટતો રહે તે સમજાય.*

* લેખકનું કર્મ ઉપરનું **'કર્મગાથા'** નામનું કાવ્યપુસ્તક આ કાગળ પછી લખાયેલું પ્રગટ થયું છે, તેમાં ઉપરનું બધું આવે છે.

*બનારસ, હરિઃૐ તા. ૨૪-૨-૧૯૪૧*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(માલિની)

પતિત જરૂર હું છું તાત ! ઉગારી લે તું,
તુજ શરણ ઢળેલો બાળ ઉદ્ધારજે તું,
લળી લળી શરણું હું વાંછુ તેને પ્રભુ ! તું,
બહુ કરગરતાંયે તાત, ના આપશે શું ?

* * *

થઈશ ચ્યુત નહિ હું ધ્યેયથી તો કદીયે,
વળગી રહીશ, છોને આવતા પ્રાણ કંઠે,
મરવું પડતું છોને, લૈશ હર્ષે સ્વીકારી,
તવ પદકમળે હું પ્રાણ અર્પીશ વારી.

* * *

સ્મરણ તવ મધુરું નિત્ય આનંદકારી,
હૃદયમહીં થતું ર્‌હે, લાગી ર્‌હે ઉર તાળી,
રસમહીં ડૂબી મારું ભાન ભૂલી હું જાઉં,
મુજ પર કરી દેને એટલી તે કૃપા તું.

* * *

હૃદયમહીં સ્ફુરી રહે, પ્રેમ, આનંદ, ઊર્મિ,
રસ, રસ, રસ છોળો ઊડતી ર્‌હે ઊંડેથી,
નસ, નસમહીં જાગે ચેતના ચિનગારી,
વીનવું જલદી એવો ધન્ય દેખાડજે દી.

## ગાંધીજીનો મુક્તિસંગ્રામનો પેગામ

કૉલેજના અભ્યાસનાં કામમાં તો પ્રભુકૃપાથી ઠરી ઠામ થઈ શકવાનું પૂરેપૂરું બન્યું હતું અને એક પછી એક દિવસો

આનંદથી વીત્યે જતા હતા, ત્યાં એક મોટો ભારે ધડાકો થયો. રૉલેટ કાયદાની સામે ગાંધીજીએ પોતાના શરીરની માંદગીના બિછાનેથી પણ પડકાર આપીને સત્યાગ્રહ કરવાની શરૂઆત કરવાનો નિર્ણય જાહેર કર્યો અને પ્રજાને અહિંસક રીતે તાલીમ આપવાને માટે એપ્રિલની ૬ઠ્ઠી તારીખનો દિવસ સામુદાયિક પ્રાર્થના, અપવાસ અને હડતાળનો જાહેર કર્યો. પ્રજાએ આનો સારામાં સારો જવાબ આપ્યો, પણ તે જ દિવસે પંજાબમાં ભારે રમખાણો થયાં અને સરકારે ત્યાં પ્રજાની ઉપર ભયંકર જુલમ કર્યો. પંજાબના હત્યાકાંડની હકીકતો જેમ જેમ બહાર પડતી ગઈ, તેમ તેમ લોકોનાં દિલ પણ ચોંક્યાં, અને પંજાબના હત્યાકાંડનો ન્યાય મેળવવાના એક નિમિત્ત કારણે ભારતને સ્વરાજ અપાવવાના મુક્તિસંગ્રામનો પેગામ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ દેશને આપ્યો.

### ભારે મુશ્કેલી વચ્ચે કૉલેજત્યાગનો નિર્ણય

તેવા પ્રકારના કાર્યક્રમમાં કૉલેજમાં ભણતા જુવાનિયાઓને પણ તેમણે હાકલ કરી. મને પણ ત્યારે એટલું બધું લાગી આવેલું કે 'હવે કૉલેજમાં ભણવું એ નિરર્થક છે. દેશનું કામ દેશના જુવાનો નહિ કરે, તો બીજું કોણ કરશે' ? એમ પણ બહુ જ ભાવનાથી તે બધું લાગી આવતું. વાતાવરણમાં ઉશ્કેરાટ પણ ભારે હતો. કૉલેજ મારે માટે છોડી દેવી એટલે જીવનમાં જે થવાનું ધ્યેય અત્યાર સુધી સેવ્યું હતું અને જે જે બધી અભિલાષાઓ ઘડી હતી, તે તો બધી ભાંગીને ભૂકો થઈ જવાની હતી. વળી, કુટુંબ ગરીબાઈની આર્થિક ભીંસમાં ઘેરાયેલું હતું, તેમાંથી તેને ઊંચે તારવવા માટે મેં પણ મનમાં નિર્ધાર્યું હતું

અને મારાં કુટુંબીજનો પણ તે માટે મારા પર આશા રાખતાં હતાં અને તેનાં મીઠાં સ્વપ્ન પણ સેવતાં હતાં. હું કૉલેજ છોડી દઉં તો જે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સંસ્થા ઊઘડવાની હતી ત્યાં જઈને તેમાં ભણી શકવાની મારે માટે તો કોઈ પણ શક્યતા હતી જ નહિ. વળી, તે કાળે જે જે બધાં મદદ કરતાં હતાં, તે બધાંનો વિચાર હું કૉલેજમાં આગળ અભ્યાસ કરું તે જ પ્રકારનો હતો. એટલે હું કૉલેજ છોડી દઉં તે પરત્વે તેમનો ઘણો ઘણો અણગમો પણ હતો. તેમનો અણગમો વહોરી લેવાનું મારે આવે તો તેનું મને દુઃખ પણ ઘણું થતું હતું. મને તત્પરતાથી મદદ કરવાને માટે મારા સુધી લંબાયેલો જીવતોજાગતો મદદનો હાથ હું ધુતકારી કાઢતો તો ન હતો, પરંતુ તે વેળા દેશની સેવા કરવાનો પણ ધર્મ છે, એવું દિલમાં જરૂર લાગી ગયું હતું.

## સ્વજનોની વહેવારુ સલાહ

મને મદદ કરનાર સ્વજનોએ ઘણું સમજાવી જોયું કે ‘ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે, તે તારે માટે અને તારાં કુટુંબને માટે યોગ્ય નથી. તું રખડી પડશે અને તારું કુટુંબ પણ રખડી પડશે. તે બિચારાં તારા પર આધાર રાખી રહેલાં છે. તે બધાંને તું રઝળતાં કરી મૂકશે. તું જ પોતે વિચારને ! તને આગળ ભણવાની ગરજ કેવું થવાને માટે પ્રગટી હતી ? તે તારા જીવનનાં સ્વપ્નાં બધાં અધ્ધર જ લટકી જવાનાં. માટે, આ ઉશ્કેરાટ બેત્રણ વર્ષમાં શમી જાય ત્યાં સુધી તું ભણ અને તે પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે.

## વડીલો પ્રત્યે સન્માન

આપણા ભલાને માટે જે સ્વજન આપણે માટેની ભાવનાથી વિચારતાં હોય અને મદદ પણ કરતાં હોય, તેવાં સ્વજનની સલાહને એકદમ ફેંકી દેવી, એ તો તદ્દન મૂર્ખામીનું કામ છે, તેનું ભાન મને પ્રભુકૃપાથી તે કાળે પણ હતું. કૉલેજનો ત્યાગ કરનારા કેટલાય જુવાનિયાઓએ તેમનાં વડીલોને અને તેમનું હિત વાંછનારને સ્વચ્છંદતાથી અવગણ્યાં છે અને તેમને ‘ડરપોક’, ‘કાયર’ એવી એવી ઉપાધિથી બિરદાવેલાં છે, એની જાણ મને પૂરેપૂરી છે. વડીલો પરત્વે સદ્‌ભાવ, આદરનું ભાન અને તેનાયે ઉપરાંત વળી, જે જે સ્વજન આપણાં હિતેશ્રી હોય તેમનાં તેમનાં પરત્વે આપણા હૃદયની કેવી કેવી આભારવશ કૂણી કૂણી લાગણી જન્મેલી હોવી ઘટે, આવા પ્રકારનું ભાન કૉલેજનો ત્યાગ કરનાર જુવાનોમાં પ્રગટેલું હું જોઈ શક્યો ન હતો. તેમનામાં એક પ્રકારની ધૂન પ્રગટેલી જરૂર હતી. આવેશ પણ પ્રગટેલો હતો અને ઉશ્કેરાટ પણ હતો. આ જ કારણે કેટલાક કૉલેજ છોડનાર જુવાન ભાઈઓને ઉદ્ધત થતા પણ મેં નિહાળ્યા છે.

## સત્કાર્ય નિષ્ફળ ના જાય

પ્રભુકૃપાથી ત્યારે પણ મને ભાન પ્રગટેલું હતું, કે સમાજના આવા પ્રકારના વર્તનભાનથી અસહકારને માટે અહિંસાની જે ભાવના સમાજમાં પ્રસરેલી હોવી ઘટે તે સમાજના આવા વર્તનથી કરીને કદી પણ પ્રસરી ના શકે એવું લાગતું હતું. તોપણ મહાત્મા ગાંધીજીએ સમાજની ભાવનાને ઉન્નત દિશામાં પ્રગટાવવાને માટે જે અથાગ મહેનત ઉઠાવી છે, તે નકામી પણ જવાની નથી, તે પણ સમજાતું.

## સમજપૂર્વકનું સાહસ

આગળપાછળ આવો ભયંકર વંટોળનો પ્રચંડ હુમલો પ્રગટેલો હતો, જ્યાં ત્યાં બધે 'હોહા' નું વાતાવરણ હતું, ત્યારે મારા જીવનનાં હિતેશ્રી સ્વજનો મને તે ઉશ્કેરાટનાં વમળમાં તણાઈ ના જવાને સંબોધે, તે તદ્દન વાજબી હતું અને તેથી તેમની સલાહને મેં કદી પણ અવગણી નથી, એટલું જ નહિ, પણ કેટલાય દિવસ તેના પર દિલમાં દિલથી મંથન ચલાવ્યા કરેલું છે અને શાંત ચિત્તે વિચાર્યું છે. મારા પિતાને પોલીસોએ જુલમથી મારેલા, તે દશ્યે પણ મારા કૉલેજત્યાગમાં ભાગ ભજવ્યો છે, ત્યારે એમ પણ લાગેલું કે હવે જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં પ્રભુકૃપાથી આપણને દોરી જવાનું કરે છે. દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. બીજા દેશોએ જે સ્વાતંત્ર્ય મેળવ્યું છે, તે સ્વાતંત્ર્યના સંગ્રામમાં અમારા જેવા કેટલાય જુવાનોનાં જીવનનો તે ખપ્પરમાં ભોગ અપાયો હશે ! દેશનું સ્વાતંત્ર્ય મેળવવાનું કામ આપણે દેશના જુવાનિયાઓ નહિ કરીએ, તો બીજું કોણ કરી શકવાનું છે?

## મરણિયો નિર્ધાર

આ વિચારના જોશના પ્રાધાન્યથી હું તે વિચારની ધૂનમાં ને ધૂનમાં એકદમ ગરકાવ રહ્યા કરતો હતો. કૉલેજ છોડ્યા પછી મારે માટે તો સાવ છેક અંધારું હતું, અને સાવ અંધારામાં જ મારે માટે ભૂસકો મારવાનો હતો, ઘેરથી કોઈ મદદ કરી શકે એમ તો હતું જ નહિ, હવે કોઈ નોકરી ખોળવાની તો વાત જ ન હતી, હવે તો ફક્ત આંધળિયાં કરી ઝંપલાવવાનો માર્ગ જ મારે માટે ખુલ્લો રહેલો હતો. એ બધાંનો પણ ચિતાર

આવ્યો હતો. ઉપર લખેલું છે તેમ એવા ઉત્કટ વિચારની ધૂનના આવેશમાં પ્રવર્તાયેલો હોવા છતાં મેં મારા મનને વારંવાર ટકોર્યા કરેલું કે 'ભાઈ ! આમાં જઈશું તો ખરા, ઝંપલાવીશું તો ખરા, પરંતુ તે દિવસો બધા બહુ દોહ્યલા આવવાના છે. તેમાં કદાચ ખાવાનું પણ નહિ મળે. કોઈ મદદ તો કરશે નહિ અને મદદની અપેક્ષા રાખવી તે તો ખોટું છે. મદદ આવે તોપણ તે લેવી નથી એવો દૃઢ મરણિયો નિર્ધાર પ્રગટ્યો છે અને હવે તો આપબળે જ જીવવું છે, તે પણ વાત નક્કી છે. માટે, હે મનવા ! કૃપા કરીને ફરીથી આ બાબતમાં વિચારી લે.' કેવી કેવી કફોડી સ્થિતિ જન્મવાની છે, તેનું પણ તાદૃશ્ય ભાન વિચારી વિચારીને મનની સમક્ષ જગાડ્યું હતું.

## સૌથી પહેલાં અસહકારીઓ

તે દિવસો એવા તો ભારે ઉશ્કેરાટના વાતાવરણના હતા કે કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું તો સૂઝતું જ નહિ. જ્યાં ને ત્યાં એનું એ જ વાતાવરણ. તે જબરજસ્ત વાતાવરણનાં વંટોળમાં સૌથી પ્રથમ જે જે વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરીને તેમાં ઝંપલાવ્યું તે વિદ્યાર્થીઓ પણ હોશિયાર વિદ્યાર્થીઓ હતા. મારી સાથે બરોડા કૉલેજમાંથી ત્યાગ કરનાર શ્રી પાંડુરંગ વળામે* હતા. સૌથી પ્રથમ બરોડા કૉલેજમાંથી નીકળીને અસહકાર કરનાર અમે બે જ વિદ્યાર્થીઓ હતા, અને તે પણ ૧૯૨૦ની કલકત્તાની સ્પેશિયલ કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકવાના હતા અને તે ઠરાવ કૉંગ્રેસ પાસે

* જેઓ **'શ્રીરંગ અવધૂત'**ને નામે સમાજમાં બહુ પ્રખ્યાત થયેલા છે.

પસાર કરાવવાના હતા, તે પહેલાં અમે બંને વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરવાનું કર્યું, આ છે કૉલેજત્યાગનો ઈતિહાસ.

## સ્વજનોનો પ્રેમ તો રહ્યો

મને મદદ કરનાર જે જે સ્વજન હતાં, તે મારા આ નિર્ણયથી ખરેખર બહુ જ નારાજ થયાં. મારા જીવનનું ભાવિ મેં મારી પોતાની મેળે બગાડ્યું એવી તેમની દૃઢ લાગણી અને મત હતાં. કૉલેજ છોડ્યા પછી પણ તેમનો સંબંધ મેં કદી પણ છોડ્યો નથી. તેમની સાથેનો સંબંધ પ્રેમભાવથી, સદ્ભાવથી, નમ્રતાથી મેં સતત જાળવી રાખેલો છે. કૉલેજ છોડી દીધા પછી તેઓ પણ મને તે વિશે કદી એક શબ્દ પણ બોલ્યાં નથી અને મદદ કરવાને પણ શુભેચ્છા અને સહાનુભૂતિ દાખવેલી છે, પરંતુ મેં પોતે સ્વયંમેળે તે લેવાનું સ્વીકારેલું નહિ, અને તે પણ દૃઢતાપૂર્વક જ.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૨૬-૨-૧૯૪૧*

## ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(માલિની)

તુજ શરણ ઢળેલું કો ન પાછું ફર્યું છે,
રહી જઈશ પછી શું એક હું ખાલી હાથે ?
નકી મુજ કરશે તું શ્રેય, શ્રદ્ધા મને છે,
ચરણ તુજ ઢળ્યો છું, રાંક હું એ જ આશે.

* * *

ચરણશરણ શોધ્યું તોય ના દુઃખ ફીટ્યું,
અવધિ હજુય એની છેક ખૂટી નથી શું ?
અરર ! કહીં સુધી તે આમ સ્હેવાનું રહેશે !

કરમ સુખી થવાનું રાંકનું શું નહિ છે ?

* * *

કરમ રવડવાનું ક્યાં સુધી આમ રહેશે ?
કહીં સુધી પ્રભુ ! મારે ક્‌હે, દબાવાનું રહેશે !
કદી પ્રભુ ! ઠરીને શું બેસવાનું ન થાશે ?
પ્રભુ ! પતિતતણું શું ભાગ્ય ટૂંકું દીસે છે ?

* * *

અરર ! તુજ કર્યો છે દોષ મેં તાત ભારે,
પણ સમજણ જ્યારે જન્મતાં, પાય તારે
રડી રડી સૂકવ્યાં છે આંખનાં અશ્રુઓયે,
તુજ રહમ હાવાં તો બાળ માગી રહ્યું છે.

* * *

વીનવી વીનવી મારો પ્રાણ જાતો રહે છે,
પણ દિલ પ્રભુ ! તોયે ના દયા દાખવે છે,
જગમહીં પડતાને પાટુ સૌ કોઈ મારે,
તુજ શરણ ઢળ્યો હું, તુંય શું માર મારે ?

* * *

નહિ કદી મનધાર્યું મેળવી જો શકું હું,
મરણ પણ સ્વીકારી લૈશ ભાવે પછી હું,
કદી નહિ પણ જંપી બેસી હું તો રહીશ,
વળી મરણ સુધીયે બાળ ચાલ્યા કરીશ.

## ભણતાં ભણતાં ગુજરાન

ગૂજરાત વિદ્યાપીઠમાં તે સાલના જૂન માસને અંતે પ્રવેશ થવાનું તો કર્યું, પરંતુ પૈસા શી રીતે મેળવવા ? દરેક અઠવાડિયે

**'નવજીવન'** વેચીને જે રકમ મેળવતો, તેમાંથી જેમ તેમ કરીને બધું ચાલતું. તે કાળમાં ગૂજરાત વિદ્યાપીઠનું વાતાવરણ પણ અભ્યાસને માટે મુદ્દલે યોગ્ય ન હતું. અવારનવાર સરઘસમાં જોડાવું, દેશના મોટા મોટા નેતાઓનું આવવું અને તેમનાં ભાષણોમાં જવું -આવા જ પ્રકારના વાતાવરણથી વિદ્યાર્થીઓનું માનસ ઘેરાયેલું રહ્યા કરતું. ત્યાં અભ્યાસ તે કેવી રીતે કરી શકાય અને થઈ પણ શો શકે ? એટલે સરકારી કૉલેજમાં અપાતા શિક્ષણના વિકલ્પમાં રાષ્ટ્રીય ભાવનાને પોષક એવો કેળવણીનો અભ્યાસક્રમ કૉલેજિયનોની સમક્ષ મૂકવાની જરૂર છે એમ રાષ્ટ્રીય ભાવનાવાળા વિચારકોએ એ વાતાવરણનો સદ્દુપયોગ કરવાના હેતુથી વિચાર્યું.

## ગૂજરાત વિદ્યાપીઠ

આથી, ગૂજરાત વિદ્યાપીઠ સ્થપાઈ અને ત્યાં કૉલેજ ત્યાગીને આવેલા વિદ્યાર્થીઓ આવીને ભણવા લાગ્યા હતા, પરંતુ તે કાળ જ ભણતરને માટેનો ન હતો.

અમને બધા વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયના અધ્યાપકો ભણાવવાનું તો જરૂર કરતા હતા, તેમનાં તે તે વિષયનાં પ્રવચનો અભ્યાસપૂર્ણ અને વિષયના હાર્દને યોગ્ય રીતે વ્યક્ત કરી શકે એવા પ્રકારનાં પણ હતાં. તે તે અધ્યાપકોની વિદ્યાર્થીઓ સાથેની મમતા, સહાનુભૂતિ અને તેમને મદદ કરવાની તેમની ઝંખના બેનમૂન હતી. વિદ્યાર્થીઓને મદદ કરવાની તેમની ભાવના પણ જરૂર સાકાર પામતી. વિદ્યાર્થીઓને કેમ કરીને બધી સગવડ મળી રહે, તે વિશે પણ તેઓ સારી રીતે વિચારતા. થોડોક કાળ ગયા પછી, કોચરબના

ઢાળેથી ગૂજરાત વિદ્યાપીઠ ભૂલાભાઈના વંડામાં એલિસબ્રિજ સ્ટેશનની સામે ખસેડવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠને માટે નવું મકાન થવાની તૈયારીઓ પણ થવા લાગી.

**ગાંધીજીનો નવો ધડાકો**

આ બધું ચાલ્યા કરતું હતું, તે દરમિયાનમાં ગાંધીજીએ અમારી વચ્ચે આવીને અમને સંબોધ્યા, તે પણ એક નવો ધડાકો જ થયો. તેમણે તો કહ્યું કે ‘મેં તો ધાર્યું હતું કે તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો. અસંખ્ય ગામડાંઓ દેશમાં છે. તે ગામડાંના રહીશોને આપણા દેશમાં બનેલા બધા બનાવોની હકીકત તમે ત્યાં ત્યાં જઈને કહો. આ દેશમાં અંગ્રેજ રાજથી જે જે બધું બન્યું છે, તે બધી હકીકત તમે ત્યાં જઈને ગામડાંના ભાઈઓને સમજાવો. પંજાબના હત્યાકાંડની વાત કરો તથા બીજી અનેક રીતે સમાજમાં નવો પ્રાણ, નવું ચેતન પ્રગટી શકે એવાં કામમાં લાગી જાઓ. એટલા માટે મેં તો તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે. આ તો તમે એક પ્રકારની ડિગ્રીનો મોહ છોડીને બીજા પ્રકારની ડિગ્રીનો મોહ તાજો ને તાજો રાખ્યો છે. કૉલેજ છોડાવવાનો મારો હેતુ તો તમે બધા જુવાનિયાઓ દેશનું કામ કરો અને દેશને જગાડો એવા પ્રકારનો હતો. માટે, તમે તમારો ધર્મ વિચારો અને મારી આ જે વાત છે, તે વિશે તમે ગંભીરતાથી ઊંડા ઊતરી સંશોધન કરો અને જો યોગ્ય લાગે તો આ વિદ્યાપીઠનું ભણતર પણ મૂકી દો અને દેશનાં કામમાં લાગી જાઓ. અત્યારે તે દિશામાં તમારી જુવાનીનો ખરેખરો ખપ છે.’

## ગ્રામસેવા

ગાંધીજીનું આ જાતનું પ્રવચન દિલને વેધક હતું. તેમની વાત પણ તદ્દન સાચી હતી. એટલે એક 'સ્વરાજ આશ્રમ'ની સ્થાપના શ્રી ગિડવાણીજીના અધ્યક્ષપણા નીચે થઈ, અને તેમાં તાલીમ લેવાનું મેં સ્વીકાર્યું. ત્યાં તાલીમ મેળવીને ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કામ કરવા જવાનું બન્યું. વાગરા તાલુકાના વતનીઓ તો બહુ જ પછાત અને ત્યાં કામ કરવાની પણ ઘણી ઘણી મુશ્કેલીઓ હતી. એક પૈસો પણ મને તો મળતો ન હતો. ટપાલ માટે પણ નહિ અને મુસાફરી માટે પણ નહિ. અનેક પ્રકારની અગવડોની વચ્ચે કામ કરવાનું હતું. પૈસાની અમુક મદદની તો જરૂર ખરી જ, પણ તેની પણ શક્યતા નહિ. મને ફાવ્યું નહિ.

## ફરી પાછા વિદ્યાપીઠમાં

ફરીથી મેં તો ગૂજરાત વિદ્યાપીઠમાં જઈને અભ્યાસ કરવાનું સ્વીકાર્યું, પણ મને ત્યારે કોઈ તેમાં એમ ને એમ તો દાખલ થવા ના દે ! એક તો પરીક્ષા આપવી પડે, તે પણ આપી. અને સરદારશ્રીનો અમુક અમુક ઠેકાણે કામ કરેલું છે, તેવો ભલામણપત્ર મેળવી લાવવાનો છે, તેવું ફરમાન પણ થયું. તે પણ મેળવી શક્યો હતો. મારી પરીક્ષા લેવાની જે થઈ તેમાં પણ પ્રભુકૃપાથી એક ખૂબી થઈ. જે પ્રશ્નપત્ર વાર્ષિક પરીક્ષાને માટે નીકળ્યો, તે જ પ્રશ્નપત્ર મને જવાબ આપવાને માટે અપાયો, અને તે પ્રશ્નપત્ર તો પરીક્ષામાં બેસતાં પહેલાં હું સારી પેઠે વિચારી ગયો હતો. તેના જવાબ કેવી રીતે આપી શકાય તે બાબત મિત્રો સાથે ચર્ચી જાણી લીધી હતી, તે જ

પ્રશ્નપત્ર મળવાથી હું તો બહુ જ રાજી થયો અને તેના જવાબ બહુ સારી રીતે આપી શક્યો હતો. એમાં સારી રીતે પાસ થયો અને પાછું આગળ ભણવાનું થયું.

## ડિગ્રીનો મોહ છોડ્યો

હવે તો સ્નાતક પાસ થઈ જવાને માટે થોડાક મહિના જ બાકી હતા. ત્યાં ગાંધીજીએ પાછું વિદ્યાપીઠમાં પ્રવચન આપ્યું કે 'દેશ તો ભડકે બળે છે અને તમારા બધાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવાને કેમ બેસી રહેવાય છે ?' એટલે આપણું મગજ પાછું ઊછળ્યું અને સ્નાતકની ડિગ્રીનો મોહ (જે થોડાક, ત્રણચાર મહિના, વધુ રહ્યો હોત તો જરૂર મેળવી શકત.) પણ સમૂળગો મૂકી દીધો.

## હરિજન સેવા

તેવામાં શ્રી ઈંદુલાલભાઈનો શ્રી ગિડવાણીજી પર કાગળ આવ્યો કે 'કોઈને હરિજન સેવા કરવાનું દિલ હોય, તો તે કામ કરવાને ક્ષેત્ર ઘણું બહોળું છે. અને તે કામ માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ખાસ જરૂર છે.' મારા મોટા ભાઈ તો શ્રી ઈંદુલાલભાઈની પાસે જ કામ કરતા હતા. તેમના શરીરની તબિયત નાદુરસ્ત હતી ખરી, પણ તે કાળે તેમના શરીરને ટી. બી. થયો છે, એવું સ્પષ્ટ નિદાન પણ થયેલું ન હતું. માત્ર શરીર માંદું છે એવી જાણ હતી. નડિયાદમાં શ્રી ઈંદુલાલભાઈએ તાજેતરમાં એક હરિજન આશ્રમ પણ સ્થાપ્યો હતો. એટલે તેમાં જ મારે કામ કરવાનું આવ્યું અને આમ સ્નાતકની ડિગ્રીનો મોહ છોડ્યો તે છોડ્યો જ.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૨૭-૨-૧૯૪૧*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(માલિની)

પરમ તુજ કૃપાથી પાપ દે સર્વ બાળી,
શરણ તુજ ઢળ્યું જે બાળ, લેજે બચાવી,
વિનતિ હૃદયમાં તું રાંકની બાપ ! લેજે,
જ્યમ ત્યમ કરી છોરું તાત ! નિભાવી લેજે.

* * *

અધવચ દરિયામાં હું ડૂબું છું પ્રભુ ! જો !
બહુ તરફડિયાં હું મારું છું ત્યાં પ્રભુ ! જો !
પણ મુજ તહીં ક્યાંયે કારી ના ફાવતી ને,
ટગર ટગર તુંયે આમ શું જોઈ ર્હેશે ?

* * *

પ્રભુ, ભરદરિયે હું ડૂબી કેવો રહ્યો છું !
ઢચક ઢચક પાણી જો ! તું, કેવું પિવાતું !
જઈ પ્રભુ ! તળિયે જો ! બાળ બેઠું હાવાં તે,
બળ બધું જતું ર્હેતાં બૂમ પાડી તને છે.

* * *

શરણ પ્રભુ ! મને લે ભાવ મારો સ્વીકારી,
પતિતજન પ્રભુ ! છું, તોય લેજે ઉગારી,
જગ મુજ ધણીધોરી તું વિના કોઈ ના છે,
વીનવું, ખબર મારી નિત્ય લેતો રહેજે.

* * *

પ્રભુ ! ખલુ ખલ હું ને હું કુકર્મી વળી છું.
શરણચરણ તારે બાળ એવો ઢળ્યો છું,
મન, મતિ, ચિત મારાં લગ્ન તુંમાં કરી દે,
મુજ પ્રભુ ! તુજને તે એટલી પ્રાર્થના છે.

* * *

સ્વજન જગમહીં તું એકલું માત્ર મારું,
અવર તુજ વિના ના લાગણી ધારનારું,
કઠણ સમય વેળા છાંયડી રાંકને તું,
મુજ હૃદયતણો છે પ્રાણ એવો પ્રભુ ! તું.

* * *

પ્રભુ ! પતિતતણી તું, ભાળ લેતો રહેજે,
ચડી જઉં કદી આડો, દોરવી માર્ગ લેજે,
દુઃખ પણ સહી લેવા આપજે હામ હૈયે,
નજર સતત મારી રાખજે માર્ગ - ધ્યેયે.

* * *

ઘર ઘર ભટક્યો છું બાળ ભિખારી થૈ હું,
પણ નવ મળિયું છે, તાત, જે જોઈતું’તું,
તરસ, ભૂખ મટાડી ના શક્યું કોઈ મારી,
લથડી લથડી આવ્યો આખરે પાસ તારી.

* * *

પ્રભુ ! ખબર પડી છે, ‘પાદ તારે ઢળે જે,
જરૂર હૃદય વાંછ્યું મેળવે છે બધું તે,
શરણ સમજી એવું રાંક ભાવે ઢળ્યો છું,
તુજ દિલ જ્યમ ફાવે તેમ છોને કરે તું.

## સ્નેહસંમેલનનો ઊહાપોહ

નડિયાદમાં મારું કામ એક નાનકડી શાળા પૂરતું ભલે હતું, પરંતુ તેટલા જ પૂરતું તે કામને મર્યાદિત કરી નાખ્યું ન હતું. અસ્પૃશ્યતાનું નિવારણ થાય તેવા પ્રકારના સમારંભો પણ વર્ષમાં એકબે વાર યોજવાનું થતું. ભાદરવા વદ બારસ-ગાંધીજીના જન્મદિવસ-ના નિમિત્ત પ્રસંગે એક વખત હરિજનો તથા ગામના પ્રતિષ્ઠિત સજ્જનોનું એક સ્નેહસંમેલન યોજ્યું હતું. તેમાં સૂકો મેવો તાસકોમાં આપવાનો પ્રબંધ કર્યો હતો. અમે બધા જ એકસાથે એક જ પંગતે પાથરણાં પર બેસીએ એવી વ્યવસ્થા કરી હતી. હરિજનના જુદા જુદા વર્ગમાંથી પણ માણસોને નોતર્યા હતા અને નડિયાદ શહેરમાં પણ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને આમંત્રણ પત્રિકાઓ જાતોજાત જઈને આપી આવવાનું કર્યું હતું. આ સંમેલન બહુ સારી રીતે પ્રભુકૃપાથી પાર પડ્યું. તેમાં શ્રી ગોકુળદાસ તલાટી (‘બાપુ’ તરીકે તેમને બધા નડિયાદમાં સંબોધન કરતા) તથા શ્રી ફૂલચંદ બાપુજી શાહ અને એવા બીજા નામાંકિત સદ્‌ગૃહસ્થો પણ ખાસ આમંત્રણથી પધારેલા હતા. આ જાતના સમારંભે બીજે દિવસે નડિયાદ ગામમાં ભારે હોહાકાર મચાવી મૂક્યો, શહેરને જુદે જુદે ઠેકાણે આનો ઊહાપોહ થયા કર્યો હતો.

## પ્રતિષ્ઠિત સજ્જનોનો બહિષ્કાર

શ્રી ગોકુળદાસ તલાટી અને શ્રી ફૂલચંદ શાહની જ્ઞાતિએ ભેગા મળીને તેમનો જ્ઞાતિ બહિષ્કાર કરવાનું ઠેરવ્યું. તે બે સજ્જનોના પક્ષમાં પણ તેમની જ્ઞાતિમાં માણસો તો હતા જ. એટલે ઉપરના સંમેલનમાં ભાગ લેવાથી તે જ્ઞાતિમાં બે તડ

પડી ગયાં. આ કાગળ લખું છું ત્યારે પણ તે તડ સંધાયાં હશે કે કેમ તે હકીકતની મને જાણ નથી. તે વણિકોની જ્ઞાતિમાં શ્રી ગોકુળદાસભાઈ તલાટી તેમ જ શ્રી ફૂલચંદ બાપુજી શાહ - તેઓ બંને તો ઘણી પ્રતિષ્ઠિત અને સમાજમાં ઘણો મોભો ધરાવનાર વ્યક્તિઓ હતી, તેમ છતાં તેઓને અસ્પૃશ્યતા નિવારણના સંમેલનમાં ભાગ લેવાથી તેમની જ્ઞાતિમાં ઊહાપોહ થયો, તેની અસર નડિયાદમાં મારા શરીરની જ્ઞાતિ ઉપર પણ પડ્યા વિના ના રહી.

## લેખકનો બહિષ્કાર ના થયો

મને પણ જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવાનો ઊહાપોહ જાગ્યો અને તેનો પ્રવાહ પણ શરૂ થઈ ગયો, પરંતુ તે અટકી જવામાં જ્ઞાતિના વડીલો પરત્વેનું મારું હંમેશનું નમ્રતા અને સદ્‌ભાવ-પૂર્વકનું વર્તન તથા પૂજ્ય શ્રી ગોદડિયા મહારાજના મારી પરત્વેના સદ્‌ભાવનું કારણ હોય તો હોય. તેઓ નડિયાદ પધારતા ત્યારે તેઓ પણ નડિયાદના સ્મશાનમાં વાસો કરતા. મારે પણ રોજ રાત્રે ત્યાં જ સૂવાનું થતું. તે કારણે તેમનો અને મારો પ્રભુકૃપાથી મેળાપ અને સંગમ થઈ ગયો હતો. તેથી, અવારનવાર તેમની પાસે હું જતો, મારી સાધના તરફની કોઈક પ્રકારની ગતિનો અને કંઈક સાધનનો અભ્યાસ હું કરું છું તેવો તેમને અણસારો પ્રગટી ગયો હતો. હું પણ મારાથી બને તેટલી તેમના શરીરની પણ સેવાચાકરી કરવાનું ચૂકતો નહિ. મારી જ્ઞાતિના સજ્જનો પણ તેમની પાસે અવારનવાર જતાઆવતા તથા મારું પણ તેમના સમાગમમાં આવ્યા કરવાનું હોવાથી અને જ્ઞાતિવાળાઓ પરત્વે સદ્‌ભાવવાળા વર્તનની અસરથી મારો બહિષ્કાર કરવાનો વિચાર આખરે માંડી વળાયો હતો.

## પોતાના ગામમાં જ હરિજનસેવા

હરિજન સેવક સંઘમાં ભાઈ પરીક્ષિતલાલ, તમે, હરિવદનભાઈ તથા બીજાઓ કામ કરતા હતા, પણ તમો સૌ પોતાનાં સગાંવહાલાં જ્યાં રહેતાં હોય ત્યાં કંઈ તમને સૌને કામ કરવાનું હતું નહિ. મારે ભાગે તો સગાંવહાલાં અને જ્ઞાતિબંધુઓ વચ્ચે જ હરિજન સેવાનું જે કામ સાંપડ્યું હતું, તે કામ તમો બધાંના કરતાં વધારે મુશ્કેલીવાળું હતું. ભરવસ્તીવાળા અને સગાંવહાલાંના મહોલ્લામાં રહેતો, ત્યાં પણ હરિજનોનું આવવા જવાનું કદીક બને તેથી બધાં છંછેડાઈ પડે, અને તે બધાંનો રોષ અમારે સહન કરવાનો આવતો. તે ઉપરાંત, અસ્પૃશ્યતાનું નિવારણ જે રીતે થાય એવા સમારંભો પણ યોજવાનું કામ અવારનવાર કર્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. જે કામ હાથમાં લીધું હોય તે ભલેને નાનામાં નાનું હોય, પણ તેના ઉત્તમ ગુણની કક્ષામાં પરિણમાવવાનું પ્રભુકૃપાથી સૂઝ્યા કરતું અને તે રીતે બેધડકપણે નિર્ભયતાથી તેમાં ઝંપલાવવાનું બન્યા કરતું. આ કામ વિશેષ કપરું હોવા છતાં મને કદી અસંતોષ જાગ્યો નથી. ઊલટું સેવા કરવાની વિશેષ તક સાંપડી છે, તે મારું સદ્‌ભાગ્ય છે એમ લાગતું.

## નિઃસ્પૃહ સેવા

મારા સેવાનાં ક્ષેત્રની તે હકીકતને તેવી રીતે કોઈએ વિચારી જાણી નથી, એમ આજે પણ મારું માનવું છે. તોપણ કદીયે એમ નથી થયું કે ‘મારા સહ કાર્યકર્તા ભાઈઓએ મારી જોઈએ તેવી કદર કરી નથી.’ કારણ કે મને તો કામ કર્યા કરવાની જ અપેક્ષા રહ્યા કરતી હતી. હરિજન સેવાનાં ક્ષેત્રમાં કામ કરતાં

ભાઈઓ સાથે મારે તો સદાયે સદ્‌ભાવ જ ટકી રહેલો છે. સંઘમાં કામ કરતાં જુદા જુદા સ્વભાવના ભાઈઓ સાથે તેઓને ભલેને માંહોમાંહે સુમેળ ના હોય, બલકે કોઈ કોઈને અણગમાનો ઉશ્કેરાટ પણ હોય, તેવા તેવા ભાઈઓ સાથે પણ મારે તો સંપૂર્ણ પ્રકારનો મેળ હતો. મારા પરત્વે પણ કોઈને કંઈ કશું આડુંઅવળું પ્રગટેલું હોય એવું જાણ્યામાં નથી.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૨૮-૨-૧૯૪૧*

## ૧૯૨૪માં રચાયેલી પ્રાર્થના

(માલિની)

હૃદયમહીં થતું જે દુઃખ ભારે પ્રભુ ! હું,
ક્યમ કરી તુજને તે વર્ણવીને બતાવું ?
નજરમહીં જરી જો વાત મારી લઉં તું,
નસીબ ઊઘડશે તો હે પ્રભુ ! રાંકનું હું.

* * *

તુજ ચરણ રડ્યા જો ! ક્યારનો હું કરું છું !
પણ મુજ પ્રભુ ! કૈંયે સાંભળે ના કશું તું,
અવગુણ મુજમાં શા તાત એવા ભર્યા છે,
પ્રભુ, ન નીરખતો કે રાંક સામું જરાકે ?

* * *

મુજ જીવનતણાં તું પ્રાણ, આધાર, આશા,
તુજ પર જ રહ્યો છે બાળ જીવી પ્રભુ ! આ,
પળ પળ પ્રભુ ! લેજે નિત્ય સંભાળ મારી,
કરગરું, ગણી છોરું રાખજે પાસ તારી.

સમજણ પડતી ના માર્ગ ના ખૂટતો શેં ?
પથિક કંઈક રસ્તે આડફંટે વળ્યો છે,
શ્રમ જરૂર બધો આ જાય મિથ્યા જ, તેથી
કરગરું, લઈ લેની રાહ સાચે કૃપાથી.

* * *

પ્રભુ ! મુજ પુરુષાર્થે પ્રેરતો હામ ર્‌હેજે,
નહિતર મુજથી તો કામ આ ના સધાશે,
મતિ, બળ મુજમાં તો બાપ ! ઝાઝાં નહિ છે,
પ્રભુ ! મુજ મદદે તું નિત્ય તેથી રહેજે.

* * *

પથિક જન ભૂલેલો છે, મને રાહ લેજે,
પ્રભુ ! ભવ અટવીમાં ગૂંચવાઈ પડ્યો જે,
પગથી પણ કહીંયે ભાસતી ના, કરું શું ?
પ્રભુ ! દુઃખ વળી પામું અંધકારે બહુ હું.

* * *

ખટપટ મન મારું કેમેયે ના તજે છે,
વળી વળી બહુ વારું તોય ના માનતું તે,
પ્રભુ ! તુજ પદ એને બાંધવા હું મથું છું,
વીનવું, તુજ કૃપાના પાશથી બાંધી લે તું.

## નગ્ન અવધૂતનો સમાગમ

નડિયાદમાં સેવાનાં ક્ષેત્રનું કામ મળ્યું, તે મારે તો જીવનને કાજે ફળદાયી નીવડ્યું હતું. નડિયાદમાં જ પ્રભુકૃપાથી સાધનામાં દીક્ષિત થવાનું બન્યું. (જે બાબત તમને હું લખી ગયો છું.) વળી, બીજો પણ એક એવા જ પ્રકારનો ત્યાં પ્રસંગ

બન્યો હતો. એકવાર હું શહેરમાંથી મરીડા ભાગોળે આવ્યો અને વાસમાં જઈને વિદ્યાર્થીઓને હાકલ કરતો હતો, ત્યારે એક હરિજન ભાઈએ કહ્યું કે 'ચૂનીભાઈ ! આપણા કુંડની પાછળના ખેતરમાં કોઈ એક તદ્દન નગ્ન માણસ પડી રહેલો છે, તે મુદ્દલે સળવળતો નથી,' મને તે પળે જ પ્રભુકૃપાથી સ્ફુર્યું કે નગ્ન હોવાની તાકાત કાં તો ગાંડામાં કે કાં તો કોઈ અવધૂતમાં હોઈ શકે. આ પ્રકાર સિવાયનો કોઈ પણ માનવી શરીરની તદ્દન નગ્ન અવસ્થામાં ખુલ્લામાં રહી શકે નહિ. આ વિચાર આવતાંની સાથે જ બીજા શિક્ષક ભાઈઓને કામ સોંપી હું તો પાછો ઘેર આવ્યો, નાહ્યો, ધોયેલાં કપડાં પહેર્યાં. મારે હાથે જ એક મોટો લોટો સારી પેઠે અજવાળ્યો અને તેમાં બશેરેક દૂધ વેચાતું લઈ જે ઠેકાણે તે નગ્ન માણસ પડ્યો રહ્યો છે એવી ઈશારત મળેલી ત્યાં હું ગયો. જગા તો મને તરત જ જડી ગઈ. તે માણસ પણ ત્યાં હજી એમ ને એમ જ પડી રહેલો હતો. હું તો ત્યાં બેસી રહ્યો, અને પ્રાર્થના, સ્મરણ વગેરે કર્યા કરતો હતો, દોઢ બે કલાક બેઠો હોઈશ ત્યારે તેઓ સાહેબ જરાક સળવળ્યા. તે પછી હળવે હળવે થઈને તેમણે પડખું ફેરવ્યું, અને તે પણ મારી તરફ નહિ. વળી પાછા તે પડ્યા રહ્યા. વળી પાછા પાએક કલાક પછી મારી તરફ પડખું ફેરવ્યું અને આંખો ઉઘાડી.

**સંત અવધૂતનો દુર્લભ સંગ**

તે કાળે મેં તો તેમને નીચા વળીને પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. 'કૃપા કરીને આ દૂધ અંગીકાર કરો તો આપની મોટી કૃપા,' એમ પણ કહ્યું. તેઓ બેઠા થયા અને લોટો

હાથમાં લઈને દૂધ ગટગટાવી ગયા. હું પણ કશું બોલતો નહિ. તે પણ બોલ્યા વગર જ બેસી રહ્યા. મને જરૂર એમ તો ઊગી આવ્યું કે 'આ કોઈ ગાંડો માણસ તો નથી લાગતો.' તેથી મારે બીજા અનુમાન પર આવવું જ પડ્યું, કે અવધૂત કોટિનો આત્મા હોવો જોઈએ.' તેવા અનુમાનનું સ્ફુરણ થતાં જ મને દિલમાં ભાવોર્મિ પ્રગટવા માંડી. આ જગતમાં ધન, વૈભવ, વિલાસ, પ્રતિષ્ઠા અને ઉત્તમ પ્રકારનું બીજું સઘળું મળી શકે, પરંતુ ચેતનાની ભૂમિકામાં નિષ્ઠા પામેલા આત્માનાં દર્શન થવાં અને એવા જીવતાજાગતા નરનો સમાગમ થવો એ તો મહાદુર્લભ છે.

## અવધૂતને પ્રાર્થના

તેમનું દર્શન થતાં મનમાં ને મનમાં મારું સદ્ભાગ્ય માનવા લાગ્યો. વિશેષ ને વિશેષ ભાવે સાધનાના માર્ગમાં આગળ ને આગળ પગલાં ભરાવવાને માટે મને અંતર્ચક્ષુની પ્રેરણા આપવાને કાજે અને તેમાં પ્રગતિ કરાવવાને કાજે અને સાધનાનો માર્ગ આગળ કપાવાને માટે જે શક્તિસામર્થ્ય, ભાવસામર્થ્ય અને કરણોનું શુદ્ધિસામર્થ્ય વગેરે વગેરે બધું જોઈએ તેમાં તેમાં પ્રેરાવવાને હે પ્રભુ ! મને કૃપા દેજો. મારા સાધનાના પુરુષાર્થમાં ચેતનવંતો વેગ પૂર્યા કરજો અને મારી સાધના એકધારી અતૂટ ચાલ્યા કરે એવા પ્રકારનું ભાવનાનું બળ પ્રેર્યા કરજો.' એવા પ્રકારની પ્રાર્થના મનમાં ને મનમાં મનથી કર્યા કરવાનું તે કાળે સહજ સ્ફુર્યા કરતું હતું. હું પણ તે પ્રાર્થનાના ભાવતાનમાં મશગૂલ હતો. એટલે સમયનું તો કશું ભાન જ રહેલું નહિ.

## વિચિત્ર હુકમ

જ્યારે ભાન જાગ્યું ત્યારે લગભગ સાંજના છ એક વાગવા આવ્યા હશે. ત્યારે તેઓશ્રી બોલ્યા કે 'મને કોઈ મુસલમાનને ઘેર લઈ જા.' તેમની બોલી મરાઠી હતી એમ તો ચોખ્ખું લાગ્યું, પરંતુ મુસલમાનને ઘેર લઈ જવાની હકીકત સાંભળીને મને બહુ નવાઈ લાગી. અને તે બને પણ કેવી રીતે ? તેમની આવી શરીરની નગ્ન અવસ્થામાં કોઈને ઘેર લઈ જવા તે સામાન્ય સમજણની દૃષ્ટિએ અનુચિત જ હતું.

## 'અસ્સલામો અલયકુમ્'નો સહારો

પરંતુ આ જીવને એક એવા પ્રકારનો અભ્યાસ પડી ગયેલો કે આવા લોકોનું જે પ્રકારનું વ્યક્તત્વ થાય, તે પ્રમાણે તેમના હુકમનું પાલન કરવાને મારું દિલ સદ્ભાવથી તત્પરતાવાળું બની જાય. વિદ્યાપીઠમાંથી સાંપડેલી હિંદુમુસ્લિમ એકતાની ભાવનાથી મુસલમાનભાઈઓને 'અસ્સલામો અલયકુમ્' કરવાની જે ટેવ હતી, તે ટેવે મને અહીં પણ સહારો આપ્યો.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૧-૩-૧૯૪૧*

## હકીમ સાહેબની પ્રાથમિક સંમતિ

મરીડા ભાગોળ તરફ આવતાં તે ભાગના લત્તામાં એક યુનાની હકીમ સાહેબને અસ્સલામો અલયકુમ્ કરતો અને તેઓ પણ તેનો પાછો જવાબ ભાવનાથી વાળતા. અમારે પરસ્પર આવી જાતનો નાતો કેટલાય સમય સુધીનો જીવતો ચાલ્યો આવતો હતો. આના સિવાય ભાગ્યે જ અમે એક બીજા સાથે કશી વાત કરી હોય. હું તો બાપજી પાસેથી ઊઠીને તે યુનાની હકીમ સાહેબને ઘેર ગયો. સદ્ભાગ્યે તેઓ હાજર હતા. મેં

તેમને વાત કરી કે ‘ચમાર લોકોના રંગવાના કુંડની પાછળ એક ખેતરમાં એક ઑલિયા પધારેલા છે. તેમને કોઈ મુસલમાનને ઘેર રહેવું છે. તેમની પાસેથી જ અત્યારે હું ચાલ્યો આવું છું. જો આપ કૃપા કરીને તેમને તમારી મેડી પર રાખી શકો, તો તેમની હું હરેક પ્રકારની સેવા જરૂર કરીશ. અને હું ખડે પગે હાજર રહીશ, અને હું આપને કોઈ પણ પ્રકારની તકલીફ (ઑલિયાના કારણે) પડવા દઈશ નહિ. તેઓ પહેલાં તો સંમત થઈ ગયા.

## પૂરી હકીકત જાણતાં આનાકાની

પરંતુ તે પછી મેં તેમને જણાવ્યું કે ‘હકીમ સાહેબ ! તમે પ્રેમથી સંમતિ તો આપી, પરંતુ તે ઑલિયા તો શરીરે સંપૂર્ણ નગ્ન છે. તેમને હું ઘોડાગાડીમાં બધા પડદા નંખાવી દઈને અને તેઓશ્રીની એટલે કે તે ઑલિયાની પ્રેમથી રજા મેળવીને તેઓ એક નાનકડું કંતાનનું કપડું પોતાના શરીરના તેટલા ભાગ પર નાખી મૂકે એવી એમને પ્રાર્થના કરીને એવી વ્યવસ્થા પણ જરૂર કરીશ. અને આપ કૃપા કરીને એવું એક નાનકડું કંતાનનું કપડું મને આપો.’ આ સાંભળીને તેઓ તો એકદમ સ્તબ્ધ જ થઈ ગયા. થોડા ઘણા ઉશ્કેરાયા પણ હશે, એવું મને લાગ્યું. પોતે સંમતિ તો આપી બેઠા, પરંતુ શરીરની આવી સ્થિતિવાળા માણસને પોતાને ત્યાં રાખવાની હવે તેમની તત્પરતા ઓગળી જતી હોય એવું સ્પષ્ટ મને જણાયું.

## લેખકની સમજાવટ

મેં તેમને કહ્યું કે ‘હું તેમને મારે ઘેર જરૂર લઈ જઈ શકું એમ છું. અને ત્યાં એમને પ્રેમથી રાખું, તે ઉપરાંત, સંતરામ

મહારાજના મંદિરમાં પણ તેમના મંદિરની પાછળ ઝાડી છે, ત્યાં લઈ જઈને પણ રાખી શકું, પરંતુ તેઓશ્રીને તો કોઈક મુસલમાનને ઘેર જ રહેવું છે. એટલે મારી લાચારી છે અને તેથી હું તમને પ્રાર્થના કરવા આવ્યો છું. હવે, સાંજ તો લગભગ પૂરી થવા આવશે. લગભગ અંધારા જેવુ થયું હશે તેવી વેળાએ ઘોડાગાડી લઈને ઘોડાગાડીના પડદા બધા પાડી દઈને તેમને લઈ આવીશ એટલે ઘોડાગાડીમાં કોઈ તેમને જોઈ શકશે નહિ અને હું તેમના શરીરે પેલું કંતાન જેમતેમ વીંટળાવવાનું કરીને તમારી મેડી ઉપર ચડાવી દઈશ. તેમનું મળમૂત્ર વગેરે હું મારે હાથે જ સાફ કરીશ, કારણ કે તેઓ કદાચ તેવા કર્મને માટે બહાર ના પણ નીકળે, એવી કોઈ મસ્ત દશાના આ માણસ લાગે છે. એને માટેની માનસિક તૈયારી મેં પોતે ભક્તિપૂર્વક કરી રાખેલી છે. આવા લોક બહુ ધૂની હોય છે. તેઓ કેમ વર્તે અને કેમ બોલે તેની કંઈ આપણને કશી ગતાગમ પડી શકે નહિ.'

## હકીમ સાહેબની શરતી મંજૂરી

આ સાંભળી હકીમ સાહેબના મોઢા પરની રેખાઓ કંઈક બદલાઈ અને મને કહેવા લાગ્યા કે 'ભગત ! તમારી સાથે મારે જે પરિચય થયો છે, અને તમે રોજ આ બાજુથી જતાં આવતાં ભજન ગાયા કરો છો અને ખુદાની બંદગી કરો છો, તે મેં ઘણા સમયથી જોયું છે. એટલે તમારા કહેવાથી હું સંમતિ આપું છું, પરંતુ મારે કોઈ જાતની મુશ્કેલીમાં મુકાવું ના પડે અને અધવચ તમે જેને ઑલિયા કહો છો તેને કાઢી મૂકવાની જરૂર ના પડે તેની જવાબદારી તમારે માથે છે.'

## વિચારપૂર્વક હિંમત કરી

આ જવાબદારી મેં પ્રેમથી સ્વીકારી. જોકે તેવી જવાબદારી સ્વીકારતાં પહેલાં મને મનમાં એમ તો જરૂર ઊગી આવેલું કે ‘આ કામ અઘરું તો છે જ. આવા પ્રકારના માણસ એકદમ નીકળવાને તૈયાર ના થાય, તે તો અડ્ડો જમાવીને જ બેસે અને એમ પણ કહે કે હું તો અહીં જ બેઠો રહીશ અને નીકળીશ નહિ. તેઓ જો ના નીકળે તો મારી ભારે કમબખતી પણ થાય,’ આવો વિચાર પણ ઝબકી તો ગયો, આવા ઑલિયાઓનું કંઈ કશું ઠેકાણું ના હોય, તોપણ મારે તો તેમના વચનનું પ્રેમ-ભક્તિપૂર્વક પાલન જ કરવું હતું. જે કાળે જે થશે, તે તે કાળે જોયું જશે. ત્યારે ભગવાનની કૃપાથી વળી તે પરિસ્થિતિનો ઉકેલ જરૂર મળી આવશે. જે પરિસ્થિતિ ભવિષ્યમાં પ્રગટવાની હોય, તે પરિસ્થિતિના હાઉથી અત્યારથી ભડકવાની જરૂર ના હોય. વર્તમાનને જ યથાયોગ્યપણે ભાવથી વળગી રહીને તેમાં જીવવું એ યોગ્ય પગલું છે. આમ વિચારી હકીમ સાહેબને બેધડકપણે હા પાડી દીધી. ઉપર મેડી વગેરે જોઈ આવ્યો. અમે આવીએ ત્યાં સુધીમાં ઉપરની મેડીમાં જે જે કંઈ થોડું ઘણું રાચરચીલું પડ્યું હોય તે લઈ લેવાનું હકીમ સાહેબને મેં જણાવ્યું અને એમ પણ કહ્યું કે ‘કહો તો, અર્ધો કલાક રોકાઈને આપ મને બતાવો ત્યાં તે રીતે તે બધું જાતે જ મૂકી દઉં.’ પરંતુ તેમણે ના પાડી, અને પોતે બધું કરાવી લેશે એમ જણાવ્યું.

## આખરે વરઘોડો નીકળ્યો

પછી તો હું નિશ્ચિંત થઈને હરખાતો હરખાતો ઘોડાગાડી લઈને પેલા ઑલિયા સૂતા હતા ત્યાં ગયો. ઘોડાગાડી આવેલી

જોઈને તેઓ પોતે ઊઠ્યા. ઘોડાગાડી લાવ્યો હતો, તે જ સમયે મેં ગાડીના બધા જ પડદા નીચા નાખી દીધા હતા. ઘોડાગાડી-વાળો પણ શરીરથી તદ્દન નગ્ન એવા માણસને જોઈને બહુ અચંબો પામ્યો. તેઓશ્રીને ગાડીમાં બેસાડીને પેલું ગૂણપાટનું કપડું તેમના શરીરના તેટલા ભાગ ઉપર બે હાથ જોડી મેં પ્રાર્થના કરીને મૂકી રાખવાનું કર્યું. તેઓ તદ્દન શાંત રહેલા એટલે તેમાં મેં તેમની મૂક સંમતિ માની લીધી. આવા પ્રકારનો અમારો વરઘોડો હકીમ સાહેબના ઘર તરફ ચાલ્યો.

### ભારે શરીર છતાં અસાધારણ સ્ફૂર્તિ

હકીમ સાહેબ પણ અમારી રાહ જોતા બહાર ઊભા રહ્યા હતા. તે ઑલિયાનું શરીર પણ ઘણું હૃષ્ટપુષ્ટ અને ભારે હતું. મેં તેઓશ્રીને કહેલું કે 'ગાડીમાંથી ઊતરીને ઉપરની મેડી ઉપર આપ ઝપાટાભેર પધારી જાઓ, કારણ કે દુનિયાદારીના લોકો આવી રીતનું કશું સહન કરી શકે નહિ, અને તેમાં ઊલટી અમારા આ હકીમ સાહેબની નાલેશી પણ થાય.' આ ઉપરથી તેઓ એટલી બધી સ્ફૂર્તિથી એકદમ ઊતર્યા અને ઉપર ઝપાટાભેર ચડી ગયા ! એમનું શરીર તો ભારે હૃષ્ટપુષ્ટ હતું, તેમ છતાં તેમની તે કાળની સ્ફૂર્તિનું ચેતનવંતું દર્શન જે મને થયું હતું તેની અસર આજે પણ મને તરવરતી લાગે છે.

### ઓરડામાં જ જરૂરી સગવડ કરી

ઉપર જઈને તેઓશ્રીને મેં બેસાડ્યા. તે પછી મેં તેમને પ્રાર્થના કરી કે 'હું બેએક કલાકમાં અહીં પાણી માટેની માટલી, બેચાર માટીનાં શકોરાં, આપને બેસવા માટેનું કંઈક ગાદી જેવું સાધન વગેરે લઈને આવું છું. આપને માટે ભિક્ષાનો

પ્રસાદ પણ લઈને આવું છું. ત્યાં સુધી આપ તદ્દન શાંત બેસી રહેશો એવી મારી આપને કરગરીને પ્રાર્થના છે.' તે પછી હું પાણીની માટલી, બે પ્યાલા, ચાર માટીનાં શકોરાં, તથા તેમની ભિક્ષા માટેનો પ્રસાદ વગેરે બધું લઈને હકીમ સાહેબને ઘેર આવ્યો. માટલી વીછળી કરીને પાણી ભર્યું. અગમચેતી વાપરીને સાવરણી પણ લાવ્યો હતો. તેઓશ્રીને ધૂળ ના ઊડે તેવી રીતે ધીરે ધીરે આસ્તે આસ્તે બધું વાળ્યું અને તેમને બેસવાને માટે ગાદી અને આસન પાથર્યાં, પણ તેના પર તેઓ બેઠા નહિ. મેં તેમને તે માટે કદી આગ્રહ પણ કર્યો નહિ. પછી હકીમ સાહેબને ત્યાંથી એક શકોરું લઈને તેમાં ધૂળ ભરી લાવ્યો. બેચાર ઈંટો પણ લાવ્યો. તે ઈંટોની બેસણી કરીને તેની વચ્ચે ધૂળવાળું શકોરું મૂક્યું, કે જેથી તેમને જ્યારે મળત્યાગ કરવો હોય ત્યારે સહેલાઈથી કરાય.

## તદ્દન સાદી પ્રસાદી

આ બધી મારી રમત તેઓ જોયા કરતા હતા. આ સમય દરમિયાન હું પણ કશું બોલતો નહિ અને તેઓ પણ કશું બોલતા નહિ. તે પછી હાથ ધોઈને તેમની આગળ ભિક્ષાનો પ્રસાદ મૂકવાનું કર્યું, મારી પાસે તે કાળે તેઓશ્રીને પ્રસાદ આપવાને બાજરીનો રોટલો, શાક અને દૂધ સિવાય બીજું કશું જ ન હતું. કદાચ તેમને આ વિશેષ ગમ્યું હોય. તેઓ પ્રેમથી રોટલો, શાક અને દૂધ બધું જ ખાઈ ગયા, એટલું જ નહિ પણ રોટલાની થોડીક કણો જમીન ઉપર પડી ગઈ હતી તે પણ ઉપાડીને પોતે ખાઈ ગયા. મેં જાણ્યું કે હમણાં પોતે પોતાનાં હાથ, મોં વગેરે ધોશે, પરંતુ તેમાંનું તેમણે તો કશું

કર્યું નહિ, એટલે મેં તેમની પાસેથી તે વાસણો લઈ લીધાં અને તેમના હાથ લોવાને માટે એક અંગૂછો ઘેરથી લઈ આવેલો, તે અંગૂછાને પાણી વડે જરા પલાળીને ધીરે ધીરે તેમનાં હાથ અને મોં લૂછી લીધાં.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૨-૩-૧૯૪૧*

## આવાને એક જ વાર પૂછવું

પછી મને રાત્રે વિચાર આવ્યો કે તેમનું સૂવાનું શું કરવું? તેઓ કદીક મરાઠીમાં બોલે અને કેટલુંક ભાંગીતૂટી હિંદીમાં પણ બોલતા, પરંતુ એવું બોલે કે મને કશી સમજણ ના પડે, અને ફરીથી પૂછવાની મારી તો હિંમત ના ચાલે. મને તો કોઈ પણ પાથરણા વિના ચાલી શકે એવો અભ્યાસ હતો જ. મેં તેમને સૂવા માટેની વ્યવસ્થા બાબતમાં જેમ તેમ કરીને શેતરંજી કે પથારી એવું લઈ આવવાને માટે વાત કરી, પણ તેઓ તો જવાબ આપે જ નહિ. એટલે વધારે પૂછવાનું માંડી વાળ્યું. આવા લોકને માત્ર એકવાર આપણે બહુ જ ધીરેથી, નમ્રતાથી પૂછવું, એવી હૈયાસૂઝ મને ત્યારે પણ હતી. રાતે તેઓ તો મોડા સુધી બેઠા જ રહ્યા. મને પણ તેમનું જાણવાની દિલમાં જિજ્ઞાસા તો ભારે હતી એટલે હું પણ બેઠો રહ્યો.

## શરીરની સેવા કરવા દીધી

મને દિલમાં એમ ભાવથી થયા જ કરતું હતું, કે તેમના શરીરની કંઈક સેવા કરું તો સારું. એટલે પાસે જઈને તેમના શરીરને દબાવવાનું એટલે કે ચંપી કરવાનું મને બહુ દિલ થયું. પાસે જઈને તેમને પગે લાગી ધીમે ધીમે તેમના પગ પર હાથ ફેરવવા માંડ્યા. પછી તો હિંમત પ્રગટતાં સેવા કરવાની બરાબર

સારી તક મળી, પરંતુ તેવું એક જ દિવસ કરવા દીધું. તે પછી તેમણે મને સૂઈ જવાનો હુકમ કર્યો અને હું સૂઈ ગયો.

## અવધૂતનું વિચિત્ર વર્તન

સવારના વહેલા ઊઠીને સાથે લાવેલું દાતણ તેમને આપવાનું કર્યું, તો તે દાતણ તેમણે ફેંકી દીધું. મોટો પાણીનો લોટો મૂકીને અને તેમની પાસે તગારું મૂકી, મોંના કોગળા કરી મોં સાફ કરવાની તેમને પ્રાર્થના કરી, પરંતુ આમાંનું તેમણે કશું જ કર્યું નહિ. બે વાર તેમને માટે જમવાનું લઈ જતો. તે જમતા ખરા અને મળમૂત્ર માટેની જે વ્યવસ્થા કરી હતી તેનો તો કદી ઉપયોગ કરતા જ નહિ. ગમે ત્યાં તેઓ દિશાએ જવાને (મેડી ઉપર) બેસે તે તે બધું હું પ્રેમથી સાફ કરી લઉં અને તેમના શરીરનો તે ભાગ પણ હું જાતે જ ધોતો. મારી ગેરહાજરી દરમિયાન બેચાર વાર એવી રીતે તેઓ ‘ખરચુ’ (ટટ્ટી) ગયા હતા, ત્યારે તેમણે તે ભાગ ધોયો જ ન હતો. હું જ્યારે આવ્યો ત્યારે જ બધું મેં સાફ કરી દીધું હતું. અને તુરંત ને તુરંત છાણમાટીથી તે ભાગ સારી રીતે લીંપી લીધો હતો, તથા તે બધું દૂર જઈને મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખી આવવાનું કર્યું હતું. પેશાબ પણ તેઓ ગમે ત્યાં કરે. પેલાં માટીનાં શકોરાં મૂકેલાં પણ તેમાં કરે જ નહિ ! અને આપણે પણ એવા કે તેમને તે બાબતમાં કશું કહેવા કરવાનું કરતા જ નહિ. પેશાબની જગા પણ સારી રીતે લીંપીગૂંપી લેતો.

## મળમૂત્ર ઉપર કાબૂ

આજે પણ એવો ખ્યાલ છે, કે તે પછી બેત્રાણ દિવસ સુધી કે કદાચ ચાર દિવસ પણ હોય, (ચોક્કસ કેટલા દિવસ

હતા તેનો ખ્યાલ નથી.) મળમૂત્ર ત્યાગની ક્રિયાથી તેઓ તદ્દન મુક્ત રહી શક્યા હતા, જોકે તેઓ જમતા, પાણી પીતા વગેરે બધું તો કરતા હતા. તેમની પ્રત્યક્ષ નજરોનજર જોયેલી તેમના શરીરની આવી સ્થિતિની તેવી દશાથી મને જરૂર તાજુબી તો લાગેલી. અને ત્યારે પણ એમ લાગેલું કે આ કંઈ તેવા પ્રકારના રોગથી તેમનું તેમ બન્યું નથી. જો શરીરના રોગથી તેવું બન્યું હોત તો ખાવા કરવામાં કે પાણી પીવામાં તેમની સ્વસ્થતા કદી પણ આવી પ્રગટી શકત નહિ. વળી, મળમૂત્ર ત્યાગ ના થવાને કારણે શરીરમાં પણ અસ્વસ્થતા અને બેચેની પ્રગટ્યા વગર રહી શકે નહિ (કોઈક અપવાદ જેવાને બેત્રણ દિવસ સુધી મળત્યાગ કરવાનું નથી બનતું એવું જાણ્યું છે, પરંતુ તેવાને પણ રોજ ને રોજ પેશાબ થાય જ.) પરંતુ આમાંના કોઈ પણ પ્રકારનાં લક્ષણ તેમના શરીર પર ન હતાં. તે તો પહેલાંના જેટલા જ સ્વસ્થ અને શાંત હતા.

## પ્રાર્થનાયુક્ત મૌનવહેવાર

અમારું પરસ્પર બોલવાનું ભાગ્યે જ બનતું. હું તો ત્યારે મારાં પ્રાર્થના, સ્મરણ વગેરે સાધનાના અભ્યાસમાં જ ત્યાં મારો સમય વ્યતીત કરતો હતો. શરૂઆતમાં જે ખેતરમાં તેઓ પડ્યા હતા ત્યાં તેમણે જ્યારે ચક્ષુ ખોલ્યાં, ત્યારે જે પ્રકારની પ્રાર્થના મેં કરી હતી તે પ્રકારની જ પ્રાર્થનાના ભાવમાં જીવતુંજાગતું રહ્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. બેએક દિવસ તેમણે મારી ગેરહાજરીમાં પેલા હકીમ સાહેબ સાથે કંઈક વાતો કરી હતી, એમ તે હકીમ સાહેબના કહેવા પરથી લાગ્યું હતું. બધા થઈને કેટલા દિવસ તેઓ નડિયાદમાં આ ઠેકાણે

રહ્યા હશે તે પણ ચોક્કસ ખાતરીથી હાલ કહી શકતો નથી. દશબાર દિવસ થયા હોય તો હોય. પછી તેઓ એક દિવસ જતા રહેવાનું કરતા હોય એવું મને લાગવાથી હું તો ઘોડાગાડી લઈ આવ્યો અને તેઓશ્રીને ગામ બહાર ઉત્તરસંડા બાજુએ લઈ જવાનું બન્યું.

## તું મારી સાથે ચાલ

ગામથી ઘણે દૂર ગાડી ઊભી રખાવીને તેઓને હું પગે લાગ્યો અને ગાડીમાંથી ઊતરી જવાને કહ્યું. ગાડીવાળાને પૈસા ચૂકવી હું તેમની પાછળ દોડીને તેમની સાથે થઈ ગયો. થોડેક સુધી તેમની સાથે ચાલ્યો હોઈશ, ત્યારે તેઓ બોલ્યા કે 'તું મારી સાથે ચાલ.'

## આટલું કરો તો આવું

પરંતુ મેં તેમને પ્રાર્થનાભાવે કહ્યું કે 'મળેલું કર્મ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગ અને તેના પરત્વેનો પ્રગટેલો ધર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે યથાયોગ્યતાથી પ્રેમભક્તિથી પાલન કરવાં, એને હું તો પ્રત્યક્ષ ધર્મ માનું છું. તેમ છતાં આપ જો મને સાધનામાં આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો, તો હું આવું.' તરત તો તેઓ બોલ્યા નહિ, પણ પછી પાછા બોલ્યા કે 'જરૂર તું મારે ઠેકાણે આવ.' ત્યારે તેઓશ્રીને મેં કહ્યું કે 'એક તો સાધનાનો મારો હેતુ ફલિત કરાવવાની આપ કૃપા કરો તો, બીજું, મને આપનું જ એકમાત્ર દર્શન થયાં કરે અને આપની જ ભાવના મનમાં મહત્ત્વપણે પ્રગટ્યા કરે, અને ત્રીજું, આપનું સ્થળ જ્યાં હોય ત્યાં મને જવા આવવાને માટે ગાડીભાડાની રકમ અણધારી કોઈકની પાસેથી આપમેળે મળી

જાય, આ ત્રણ વિનંતીનો જો આપ કૃપા કરીને સ્વીકાર કરો, તો હું આપને ઠેકાણે આવી શકું.' તે પછી તો તેઓ ચાલ્યા ગયા અને મને પાછો વળી જવાનું કહ્યું.

## શરતી સ્વીકારની યોગ્યાયોગ્યતા

શહેરમાં આવીને હકીમ સાહેબને ઘેર જઈ, તેમની મેડી ઉપરનું બધું ઠીકઠાક કરી તેમનો મેં ઘણો ઘણો આભાર માન્યો. હકીમ સાહેબે મને કહ્યું કે 'આ તો બહુ મોટા ઑલિયા છે. તેઓ સાકુરીમાં રહે છે અને તેમનું નામ છે ઉપાસની મહારાજ. સાકુરીથી જાણી જોઈને છાનામાના નીકળી આવેલા છે. ભગત ! તમને તેમની સેવા કરવાની બહુ ઉત્તમ તક મળી. તમે ભાગ્યશાળી છો. તમારે માટે તેમને બહુ હેત પ્રગટ્યું છે.' મેં પણ તેમને જણાવ્યું કે 'તેઓશ્રીએ મને તેમની સાથે લઈ જવાની તૈયારી બતાવી હતી.' વળી, તેઓશ્રીને જે મેં વાત કરીને ત્રણ વિનંતી તેઓને પ્રાર્થનાભાવે જે કરી હતી તે બધી હકીકત પણ હકીમ સાહેબને કહી સંભળાવી. હકીમ સાહેબે મને કહ્યું કે 'તેં સારું ના કર્યું. તું તેમની સાથે ગયો હોત તો તેમાં તારું કલ્યાણ થાત.' પરંતુ મને તો તેથી કરીને જરા પણ અફસોસ થયો નહિ. તે કાળની મારી સમજણ પરથી મને જે લાગતું હતું તે સાચું લાગતું હતું.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૩-૩-૧૯૪૧*

## શ્રીઉપાસની મહારાજનાં દર્શન

તે પછી તો કેટલોક કાળ વીતી ગયો. બારડોલીના સત્યાગ્રહની લડત જાગી હતી અને તેમાં બોલાવે ત્યારે જવાની તૈયારીવાળા સ્વયંસેવકોની યાદીમાં મેં મારું નામ નોંધાવ્યું હતું.

જે દિવસે મને બારડોલી જવાના હુકમનું કાગળિયું મળ્યું, તે જ દિવસે મને ઓચિંતું શ્રીઉપાસની મહારાજનું દર્શન થયું અને ત્યાં જવાનું દિલ થયું. 'કોઈ દિવસ નહિ અને આજે આમ કેમ બને છે ?' એમ પણ વિચારી વિચારીને તપાસી લીધું. વારંવાર શ્રીઉપાસની મહારાજનું દર્શન પણ થયાં કરતું. મને તેઓશ્રીને કરેલી મારી ત્રણ વિનંતીઓનું ભાન પણ પ્રગટ્યું. એટલે મને ત્યાં જવા આવવાના ગાડીભાડાની રકમ આપમેળે જ્યારે મળે ત્યારે હવે ત્યાં જવાની વાત હતી એમ નક્કી મનથી કરી લીધું અને નિશ્ચિંત થઈ ગયો. જો તે દિવસે આપોઆપ ત્યાં જવાની ગાડીભાડાની રકમ મળી જાય, તો વળી બારડોલી જવાનું માંડી વાળી સાકુરી જવું જ એવો નિર્ણય પણ કરી લીધો.

## ભજન માટે ધોલની પ્રસાદી

રોજ મારે મરીડા ભાગોળે વૈષ્ણવની હવેલી પાસેથી જવા આવવાનું થતું અને કેટલાક દિવસોથી હમણાંનો હું શ્રી દયારામભાઈનું -

**'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?'**

એ ભજન મને પોતાને જ ઉદ્દેશીને પ્રાર્થનાભાવે જતાં-આવતાં મોટેથી ગાયા કરતો હતો. તે ભજનની લીટી 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' રોજની રોજ તે વૈષ્ણવની હવેલી આગળથી જતાં જતાં બોલાયે જતી હતી. હું કંઈ કોઈને સંભળાવવા તો તે ગાતો ન હતો. એક દિવસે એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ મારું તે વચન સાંભળીને ઉશ્કેરાઈ ગયેલા અને મને ધોલ પણ મારી દીધી હતી. તેમને મેં કહ્યું હતું કે 'આપને સંબોધીને હું આ ગાતો નથી. હું તો મને પોતાને

મઠારવાને માટે પ્રાર્થનાભાવે સતત ગાયા કરું છું અને તે એક બે દિવસથી નહિ.' પરંતુ તે ભાઈને તો તેમને જ માટે હું જાણે ગાતો હોઉં એમ તેમણે પોતાને માથે લઈ લીધું હતું અને તે સાંભળીને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા.

## એ જ ભજન દ્વારા કૃપાવૃષ્ટિ

હવે જ્યારે આ દિવસે મને સાકુરી જવાનું દિલ થયા કરતું હતું અને જ્યારે વારંવાર શ્રીઉપાસની મહારાજનાં દર્શન થયાં કરતાં હતાં તથા જ્યારે બારડોલી જવાનો કાગળ પણ આવ્યો હતો, ત્યારે તે જ દિવસે આ જ ભજન મોટેથી ગાતો ગાતો વૈષ્ણવની હવેલી આગળથી પસાર થતો હતો, તે વેળાએ એક બીજા સદ્‌ગૃહસ્થે આવીને મારા હાથમાં પિસ્તાળીસ રૂપિયાની રકમ મૂકી દીધી. હું તો અચંબો પામ્યો કે 'ભાઈ ! આ રકમ શેની છે અને મને શા માટે આપો છો ?' ત્યારે તેમણે કહ્યું કે 'રોજ તમે આ માર્ગેથી જતાંઆવતાં ભજન ગાયા કરો છો. આવો તમારો અભ્યાસ કેટલાય કાળથી ચાલુ છે, તે હું જાતોજાત નીરખ્યા કરું છું. વળી, રોજ રાતે તમે કાકરખાડ બાજુથી સંતરામ ભાગોળે જાઓ છો ત્યારે સંતરામ મંદિરેથી પાછા વળતાં મેં તમને ઘણીયે વાર રોજ મોટેથી ગાતા સાંભળેલા છે. તમે બસ જ્યાં ને ત્યાં ભગવાનનું ભજન જ ગાવાનું કર્યા કરો છો તેથી મને તમારા પર ભાવ ઊપજે છે, અને કેટલાય દિવસથી તમને કંઈક આપું આપું એમ મનમાં થયા કરતું હતું, પરંતુ આજે તો તેવી આપવાની ભાવના વિશેષ પ્રબળ બની અને હાથમાં જે રકમ આવી તે રકમ લઈને તમારી રાહ જોતો સામે ઓટલે બેઠો હતો. તમને જ્યાં

'વૈષ્ણવ નથી થયો તું રે,' એમ ગાતા સાંભળ્યા કે તરત તમારી પાસે આવ્યો છું. માટે, કૃપા કરીને આટલી રકમનો સ્વીકાર કરો.' મને પણ ત્યારે થયું કે 'આ જ ભજનના ગાવાથી એક સજ્જને ધોલની પ્રસાદી આપી હતી અને આ એક બીજા સજ્જને પિસ્તાળીસ રૂપિયાની રકમ આપી ! એટલે હવે આપણું સાકુરી જવાનું તો પાકું નક્કી થઈ ગયું.' અને રજાનું કાગળિયું ટપાલમાં નાખીને આપણે તો નીકળી પડ્યા સાકુરી જવા ગાડીમાં.

## ઊઠવાની જ અશક્યતા

ત્યાં પહોંચીને સામાન એક ઠેકાણે મૂકી નાહીધોઈ મહારાજશ્રીને પગે લાગ્યો. તેમણે તો મને તેઓ જે લાકડાના મોટા પાંજરામાં જ બેસી રહેતા તેની પાસે બેસી જવાને આજ્ઞા કરી. હું પણ ત્યાં જ બેસી ગયો. અને મારા સાધનના અભ્યાસમાં લગાતાર મંડી પડ્યો. પાંચછ કલાક વીતી ગયા હશે. તે પછી મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ એટલે ઊઠીને મેં બહાર જવાને ગતિમાન થવાનું કર્યા કર્યું, પરંતુ મારાથી ઊઠી જ શકાય નહિ ! મેં ધાર્યું કે એકધારું પાંચછ કલાક બેસી રહેવાથી મારા પગ અકડાઈ ગયા લાગે છે. તેથી મેં મારા પગને બરાબર હલાવી જોયા, તો તે તો બરાબર હાલતાચાલતા હતા. ઘૂંટણમાંથી બરાબર વળી પણ શકતા હતા. આથી, પગ કંઈ અકડાઈ ગયા હોય એવું કોઈ રીતે મને લાગ્યું નહિ. તેમ છતાં પગથી ઊભું કેમ થવાતું નથી તે મારે માટે એક ભારે કોયડો થઈ પડ્યો હતો. એટલે હું તો ઊઠ્યા વિના બેઠે બેઠે ખસી ખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ તે પણ જવાય નહિ ! આવી રીતે

પ્રયત્ન કરવા છતાંયે ના થઈ શક્યું, ત્યારે મારા શરીરને કંઈક થઈ ગયું છે એમ મને ચોક્કસ લાગ્યું. કમ્મરમાં કે ક્યાંયે કશું દુખતું કરતું નહિ અને શરીરની સ્વસ્થતા તો બરાબર લાગતી હતી. વળી, જે ઠેકાણે બેસવાનો મને શ્રીઉપાસની મહારાજશ્રીએ હુકમ કરેલો તે ઠેકાણે બેસી જતાં તથા આમતેમ બેઠે બેઠે ખસતાં (પણ તે એટલી જગામાં જ) મારા પગ વગેરે બરાબર હાલીચાલી શકતા હતા, વળી શકતા હતા, પરંતુ ઊભું થવાતું ન હતું. તેટલી જ બેત્રણ ફૂટની જગામાં બેઠે બેઠે આમતેમ ખસી શકાય. તેનાથી આગળ ના જવાય. એટલે મેં તો થોડીક વાર સુધી લઘુશંકાની ઉપર સંયમ રાખવાનું કર્યા કર્યું. એમ બેઅઢી કલાક પાછા ચાલ્યા ગયા હશે, કારણ કે હું તો પ્રાર્થના આદિ સાધનમાં જ રહ્યા કરતો હતો.

### શ્રીઉપાસની મહારાજની જ કરામત

તે પછી પાછું શરીરનું ભાન પ્રગટતાં લઘુશંકાની વૃત્તિ બહુ બળવત્તર પ્રમાણમાં પ્રગટ્યા કરી. હવે તો તેમ કર્યા વિના કોઈ આરો જ નથી, પરંતુ ‘આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય ?’ તે સવાલ બહુ મૂંઝવતો અને સંકોચ પણ ખરો, પરંતુ હવે તો તેને સંયમમાં રાખી શકાય એવી સ્થિતિ પણ રહી નહિ. પાછું ફરીથી પ્રાર્થના આદિની ભાવનામાં ટકવાને માટે સભાનપણે પ્રયત્ન પણ કરી જોયો. અડધોએક કલાક શરીરની ધ્યાનસ્થ સ્થિતિમાં વીત્યો ના વીત્યો, ત્યાં તો પાછું જાગી જવાનું બન્યું, અને લઘુશંકા કરવાની વૃત્તિ જબરજસ્ત બળવત્તમ પ્રમાણમાં પ્રગટી ઊઠી. હવે, મારાથી ચલાતું તો હતું જ નહિ. ઉઠાતું પણ ન હતું. ગાંડઘસણીએ

પણ લાંબે સુધી જઈ શકાતું ન હતું. આ બધી જાતના પ્રયત્ન તો કરી ચૂક્યો હતો અને અહીં શ્રીઉપાસની મહારાજના પાંજરાની પાસે આ પવિત્ર જગામાં લઘુશંકા પણ કેમ કરીને થાય ! તે વિચારનું પ્રાબલ્ય પણ વિશેષ હતું. વળી પાછું પ્રાર્થના, સ્મરણ, ધ્યાન આદિની ભાવનામાં રહેવા અને તેમાં મશગૂલ થવાનો પ્રયત્ન કર્યો અને ત્યારે ધ્યાનમાં જવાતાં તે ધ્યાનસ્થ દશાના ભાવમાં મને એમ સૂઝી આવ્યું કે 'આ બધી કરામત તો આ શ્રીઉપાસની મહારાજની જ છે. તેમની જ કોઈ કરામતથી મારાથી ઊઠી કે ચાલી શકાતું નથી. બાકી, મારા પગ તો અકડાઈ ગયા નથી ! ઊઠીને ચાલી શકવાની પૂરેપૂરી શક્યતા અને તાકાતવાળા છે, તેમ છતાં જ્યારે ઉઠાતું અને ચલાતું ન હતું ત્યારે મારી આ દશા પ્રગટવામાં એમનો કોઈક હેતુ હોવો જોઈએ.'

## મળમૂત્રની પથારી

આવું જ્ઞાન થતાં પછી તો મને ત્યાં લઘુશંકા કરવાનો સંકોચ પણ જતો રહ્યો અને ત્યાં જ તે પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી તો શું નીકળે, શું નીકળે ! પાર વિનાનું ! ત્યાં એકઠા થયેલા લોકો તેથી મને ઘણું ભાંડવા લાગ્યા અને કોઈક તો મારવા પણ લાગ્યા. પછી તો જાજરૂ જવાનું પણ ત્યાં જ થયા કરતું. મળમૂત્ર એટલી બધી વાર થયાં કે જેનો સુમાર નહિ. મારાં લૂગડાં પણ તેનાથી બધાં લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગા તો મળમૂત્રથી ભરાઈ જ ગઈ હતી. એવો ખ્યાલ પ્રગટે છે કે આશરે પાંચેક દિવસ સુધી તો પાણી કે ખાવાનું કંઈ પણ મળેલું નહિ, તેમ છતાં એટલાં બધાં મળમૂત્ર નીકળ્યાં

જ કરતાં હતાં કે જેનો સુમાર ના હોય. મળની તો જાણે એક મોટી પથારી તે જગામાં થઈ ગઈ હોય તેવું બન્યું હતું.

## લોકોનો ત્રાસ

લોકોએ મને માર મારવાનું પણ ચાલુ રાખ્યું હતું. લોકો પણ કંઈક કંઈક બોલતા કે 'સાલાને બાબા (ઉપાસની) થઈ જવું છે.' કેટલાક તો કહે કે 'સાલાને ઊંચકીને ફેંકી દો બહાર !' કેટલાક તેવો પ્રયત્ન કરવાને પણ તૈયાર થયેલા, પણ મળની પથારીમાં પગ મૂકવાનું તેમનાથી સાહસ ના થઈ શક્યું, અને મને એટલે કે મારા શરીરને લોક વેગળેથી પથરા કે ઈંટાળા માર્યા કરતા હતા. આ બધો ખેલ શ્રીઉપાસની મહારાજ જોયા કરતા, પરંતુ તેઓ તો સંપૂર્ણ સાક્ષીવત્ જ રહેતા, પરંતુ ત્યાં એક નાની છોકરી હતી. અંદાજે તેરચૌદ વર્ષની હોય તો હોય. તે બહેન લોકોને વારંવાર મને નહિ મારવાને સમજાવતાં અને મને બચાવવાનો પ્રયત્ન કરતાં હતાં, તેવી સ્મૃતિ હજી પણ મને જીવંત છે.* આટલો બધો માર પડ્યા કરતો હતો છતાં મનાદિકરણની સમાધિના ભાવમાં જરા સરખો પણ ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી, બીજી બાજુથી લોકોના મારની ગંગધારા પણ ચાલતી હતી, પણ તે તૂટક તૂટક હતી અને ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ પણ ચાલુ રહ્યા કરતો હતો, તોપણ એકધારું સાક્ષીભાવે તે બધું નીરખવાનું બન્યા જતું હતું. તેવાં ત્રણ પાસાંમાં તેવા

* આ બહેન તે બીજાં કોઈ નહિ, પણ **શ્રીગોદાવરી માતા** પોતે જ. એ હકીકતની જાણ પાછળથી થઈ હતી.

ભાવનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતોજાગતો ટક્યા કરેલો અનુભવાતો હતો.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૪-૩-૧૯૪૧*

## કરાવેલી સાધનાની પૂર્ણાહુતિ

પાંચેક દિવસ આમ વીત્યા હશે તે પછીથી (દિવસની ગણતરી માત્ર આશરે ખ્યાલ ઉપરથી લખી છે. તે વિશે કશું ચોક્કસ કહી શકું તેમ નથી, કારણ કે એટલો બધો સમય જાણે કે એક પળ વારમાં વીતી જતો હોય તેવી તે સ્થિતિ હતી.) શ્રીઉપાસની મહારાજશ્રીએ મને ગરમ પાણી મંગાવીને પીવાને અપાવ્યું. અને આશરે બેત્રણ દિવસ સુધી તે જ કાર્યક્રમ ચાલ્યો હશે. શરીરની સ્થિતિ તો પૂર્વવત્ જ હતી. મળમૂત્રનો પણ ભારે પ્રમાણમાં ત્યાગ થયા જ જતો હતો. ઊના પાણીના બેત્રણ દિવસના પ્રયોગ પછીથી તદ્દન સૂકા રોટલાનો ટુકડો મહારાજશ્રીએ મને અપાવ્યો તેનું મને આજે પણ ભાન છે. લગભગ અગિયારેક દિવસ સુધી આવી સ્થિતિમાં રહેવાનું ભગવાનની કૃપાથી બન્યું. તે પછી ઓચિંતું એમ લાગ્યું કે હવે તો ઊઠી શકાય એવું લાગે છે અને ચાલી શકાય એમ લાગે છે. એમ લાગવાથી તરત જ ઊઠ્યો અને દૂર દૂર આઘે જઈ પેલાં મળથી ગંદાં અને મેલાં બનેલાં કપડાંથી મુક્ત થયો. અને શરીરને પહેલવહેલું તો સારી પેઠે સાફ કર્યું, પરંતુ તે ક્યાં, કેવી રીતે, સાફ કર્યું તે બિલકુલ યાદ નથી. તે પછી લંગોટ પહેરીને પાવડો તગારું ક્યાંકથી લઈ આવીને શ્રીઉપાસની મહારાજના લાકડાના પાંજરા પાસેની તે બધી જગા પૂરેપૂરી સાફ કરી, તે પણ લગભગ બેભાન અવસ્થામાં.

પાવડાથી સાફ કર્યા પછીથી હાથથી તે જગા બધી સાફ કરી દીધી. તે પછીથી ભીના લૂગડાથી અને તે પછીથી પાણીથી. બજારમાં જઈને સુખડના તેલની એક શીશી લઈ આવ્યો અને તે બધી જગા પર સારી પેઠે છાંટ્યું. આ કામથી પરવાર્યો કે તરત જ શ્રીઉપાસની મહારાજની પ્રેમભાવે નડિયાદ પાછા ફરવાની રજા માગી, પરંતુ તેઓ બોલ્યા નહિ. અર્ધાએક કલાક પછીથી તેમણે મને નડિયાદ જવાની સંમતિ આપી, અને બોલ્યા કે 'હવે, તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.'

## બે શરીરમાં એક ગુરુ

આવી બધી સાધનાની ઊંડી ઊંડી સૂક્ષ્મ રીતોનું મને તો કશું જ્ઞાનભાન ન હતું. હું તો તેમનામાં મારા ગુરુમહારાજનો જ ધ્યાનભાવ રાખતો. પહેલવહેલું જ્યારે ગુરુમહારાજ પાસે જવાનું થયું હતું ત્યારે તેઓને કેટલીયે વાર બોલતા સાંભળેલા કે 'હું સાંઈબાબા છું, હું તાજુદ્દીન બાબા છું. હું ઉપાસની મહારાજ છું, હું અક્કલકોટનો સ્વામી છું,' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા અને પાછા કહેતા કે 'તે તે બધા હું જ છું, ત્યારે મને તેની સમજણ પડતી નહિ અને મને તો ત્યારે એ વદતોવ્યાઘાત જેવું લાગતું. તેવું કેમ કરીને શક્ય બની શકે, તે કદી સમજણમાં ઊતરતું જ નહિ. સાકુરીમાં પહોંચ્યા પછી શ્રીઉપાસની મહારાજના શરીરમાં જ મને તો મારા સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ જીવતાંજાગતાં હાજરાહજૂર દર્શન થયેલાં. મારા દિલમાં મારા સદ્‌ગુરુ પરત્વેની પ્રેમની ભક્તિની જે પ્રચંડ જીવંત ભાવના હતી તે તેમનામાં પ્રત્યક્ષ સાકાર થઈ હોય, એમ આપણને લાગે, પરંતુ ત્યારે મને મારા ગુરુમહારાજ જે બોલતા

કે 'હું સાંઈબાબા છું, શ્રીઉપાસની બાબા છું, તાજુદ્દીન બાબા છું', એવાં તેમનાં વચનોની ભાવપૂર્વક સ્મૃતિ પ્રગટતાંની સાથે જ ઉપાસની મહારાજના શરીરમાં મારા ગુરુમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં, તેથી તેમનાં બોલેલાં વચનોની યોગ્ય સાર્થકતા પણ અનુભવાઈ. ત્યાંથી હું તો પાછો આવીને નડિયાદમાં મારે કામે લાગી ગયો.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૬-૩-૧૯૪૧*

## ૧૯૨૪માં થયેલી પ્રાર્થના

(માલિની)

દિલ કબૂલ કરું છું દોષનો પાર ના છે,
જરૂર તુજ પ્રભુ, હું વાંકમાં બાળ છું જે,
ચરણશરણ તારે બાળ આવી ઢળ્યો છું,
કર તુજ દિલ ફાવે તેમ મારું હાવાં તું.

* * *

કહું હૃદયવ્યથા હું કેટલી વાર ? તું ક્હે,
રડી રડી કથી ચૂક્યો કેટલી વાર તો તે,
ક્યમ કરી પ્રભુ, તું લે ધ્યાનમાં વાત મારી !
ક્યમ કરી દિલ થાયે એક તુંમાં ? મુરારિ ?

* * *

ચરણશરણ તારે શિર મેં તો મૂક્યું છે,
પતિતજનતણી તું સર્વ સંભાળ લેજે,
શરણ, શરણ ના છે જેમને, તેમનું તું,
તુજ નજીક મને લે, નાથ, હીણો હું તો છું.

* * *

## ધૂણીવાળા દાદાનાં દર્શને

નડિયાદમાં મને શ્રીબાળયોગી મહારાજે સાધનામાં દીક્ષિત કર્યો અને તેઓ કૃપા કરીને નડિયાદમાં મારી સાથે દોઢ, બે કે અઢી માસ રહ્યા હશે. આવું તેમણે કૃપા કરીને મારી પાસે આવવાનું ત્રણેક વાર કર્યું હતું. પ્રથમ વાર તેઓ નડિયાદમાં આશરે બે માસ રહ્યા ત્યારે મને તેમણે જણાવ્યું કે 'સાંઈખેડામાં ધૂણીવાળા દાદા છે, તેમનો પ્રેરાવ્યો હું તારી પાસે આવ્યો છું અને સાધનામાં તને દીક્ષિત કર્યો છે. માટે, તું તેમની પાસે જઈને તેમના આશીર્વાદ લઈ આવ.' તે પ્રમાણે હું તો પૂરેપૂરી તૈયારી કરીને, એટલે કે તેઓ કદાચ મને ત્યાં જ અડ્ડો જમાવી દેવાનો હુકમ આપે તેથી અહીંની મારી નૌકાના બધા જ સઢમાંથી મુક્ત થઈને જવાનું કર્યું હતું, એટલે કે સંઘમાંથી રાજીનામું પણ આપ્યું હતું અને નવસારીથી પરીક્ષિતભાઈને તાર કરીને નડિયાદનાં કામનો મારો ચાર્જ સોંપવાને મેં ખાસ બોલાવ્યા હતા. તે પછી હું સાંઈખેડા ગયો. ત્યાં જઈને ધર્મશાળાના એક ઓરડામાં મુકામ કર્યો. નાહીધોઈને ગુરુમહારાજ પાસે જઈ પગે પણ લાગ્યો. મને ત્યારે ખબર નહિ કે લોકો તેમનાથી ડરી ડરીને દૂર દૂર ભાગે છે. મેં તો છેક તેમની પાસે જઈ તેમનાં ચરણમાં જ મારું માથું મૂકી દીધું. લોકો ભારે જોરશોરથી બોલી ઊઠેલા, 'અલ્યા ! ખસી જા ! ખસી જા ! દાદા તારું માથું ફોડી નાખશે.' મને તો કશું થયું નહિ.

### યદ્વાતદ્વા વાણીવર્તન

હું તો રોજ તેમની બેઠક આગળ જ પાંચસાત ફૂટ દૂર બેસી રહેતો. દાદા એવું તો બધું યદ્વાતદ્વા, કેટલીક વાર તો

બીભત્સ પણ ગમે તેમ બોલે ! તેમના બોલવામાં કોઈ પણ જાતનો સળંગ પ્રકારનો અર્થ પણ ના નીકળે. આવું બધું કશું ઠામઠેકાણું નહિ જણાયાને કારણે મને મનમાં એક પ્રકારની ઘૃણાની વૃત્તિ પણ જાગી ગઈ હતી, કારણ કે તેઓ જે બીભત્સ વાણી બોલતા તે પણ એવા પ્રકારની કે જે સાંભળતાં કાનના કીડા ખરે. એટલે મને તો બહુ જ ઘૃણા થઈ આવી અને ત્યાંથી એકદમ નીકળી જઈને નડિયાદ પાછા આવતા રહેવાનું મન થયું.

## એમાં રહસ્ય હોવું જ જોઈએ

પરંતુ તત્ક્ષણ, તે જ પળે, એક એવો બીજો વિચાર આવ્યો, કે જે શ્રીબાળયોગી મહારાજ પોતે નડિયાદ પધાર્યા હતા, જેમની ભાવલીલાનું અનુભવ દર્શન મને વારંવાર થયાં કરેલું હતું અને જેમણે મને પોતાની કૃપાથી કરીને સાધનામાં દીક્ષિત કર્યો હતો, તે શ્રીબાળયોગી મહારાજના તો આ ધૂણીવાળા દાદા ગુરુ થાય. શ્રીબાળયોગી મહારાજમાં કોઈક દિવ્ય ગૂઢ શક્તિ પ્રત્યક્ષ જીવંત હતી, તેનો મને અનુભવ પ્રત્યક્ષ થઈ ચૂક્યો હતો. એટલે મને લાગ્યું કે આવા સમર્થ શ્રીબાળયોગીના જે ગુરુ છે, તે તો વળી કેવાયે સમર્થ હોવા જોઈએ ! માટે, તેઓ આ જે બધું બોલે છે, ચાલે છે, તેની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ ખરું, પરંતુ તે પરખાય શી રીતે ?

## કોયડાનો ઉકેલ ગુરુએ જ બતાવ્યો

એવું જ્યાં મનમાં મને થયું, ત્યાં તેઓને પ્રત્યક્ષ બોલતા મેં સાંભળ્યા. તેઓ જ્યારે બોલે ત્યારે બેચાર ગાળ તો ચોપડી

જ દે અને કદી કદી સજ્જડ મારી પણ લે.એટલે આપણને તો તેમની ગાળોનો પ્રસાદ મળ્યો. જોકે કોઈને પણ ખબર ના પડે કે તેઓ મને ઉદ્દેશીને બોલે છે. તેઓશ્રી બોલ્યા કે 'હું બોલું ત્યારે આ મારી સામે લોકોનું જે ટોળું ઊભું છે તેના મોઢા પર જે જે ફેરફાર થાય તે ફેરફારને નીરખવા અને તે માણસને યાદ રાખીને તેની પાછળ પાછળ જઈ તેને બધી વાત પૂછવી'. આ વાક્ય મને જ સંબોધીને બોલેલા, કારણ કે તે કાળે મને તે પ્રકારનો સવાલ ઊપજ્યો હતો, તેની મને પાકી ખાતરી થઈ ગઈ.

## સદ્ગુરુની ચકાસણી

આ બનાવ બન્યા પછીથી હું તેઓશ્રીની સામે ઉપસ્થિત થયેલા લોકોનાં ટોળાંને જોયા કરતો. તેઓશ્રી બોલે ત્યારે તેમના બોલવાથી કરીને જે કોઈના મોઢા ઉપર અવનવા ફેરફાર થતા હોય તે નિહાળવાનું હું કર્યા કરતો. રોજ એવા પાંચસાત જીવોને મળવાનું કરતો, તો ખબર પડતી કે દાદાશ્રી જે બોલતા હતા તેવું પ્રત્યક્ષ તેમના જીવનમાં અક્ષરશઃ જેમ જે રીતે બધું બનતું કે બનેલું તેમ જ તે કથતા. તે લોકો માંહોમાંહે જે ગાળો દેતા હોય તે જ ગાળોનું ઉચ્ચારણ પણ તેઓ કરતા હતા.

## લોકોની સ્વાભાવિક ગેરસમજ

આવી કથની તો તેઓ ઘણા માણસોની કહેતા હોય. એટલે તેમાં કંઈ કશા ભાવાર્થની એક સળંગતા તો ક્યાંથી પ્રગટી શકે ? દરેકનું જુદું જુદું જ હોય. કોઈનું સારું હોય તો કોઈનું નરતું હોય. દાદાજી તો જેનું જે પ્રમાણે હોય તેનું તે જ પ્રમાણે બોલતા. સામાન્ય એક ત્રાહિત માનવીને તેમના બોલવામાં

તદ્દન યદ્વાતદ્વાપણું, બીભત્સપણું, ગલીચપણું લાગે. અને ગાળો બોલવાને કારણે તથા લોકોને મારતા પણ ખરા, તે બધાં કારણોને લીધે તેમની યોગ્ય સમજણ ના પડે, તે બધું સ્વાભાવિક હતું. તેમના વિશે કોઈક હિંદી છાપામાં વારંવાર તેમની વિરુદ્ધનું લખાણ છપાતું, તે છાપું મારા મિત્ર ભાઈ ચૂનીલાલ વ્યાસ નિયમિત મંગાવતા અને તેમાં છપાયેલી મારા ગુરુમહારાજની વિરુદ્ધની હકીકતવાળું લખાણ તે મને મોકલવાને કદી પણ ચૂકતા નહિ. જાહેર છાપાંઓમાં આવા પુરુષો વિશે આવેલાં લખાણ તેમના જીવનનું સત્ય વ્યક્ત કરી શકે એમ હોઈ શકતું નથી. મને જે તેમનું રહસ્ય સમજવાની અને અનુભવવાની સૂક્ષ્મ ચાવી પ્રભુકૃપાથી મળી ગઈ, તે બીજાને ક્યાંથી મળી શકે ?

### કોઈ રાજાને ગાળો

હું ત્યાં જ્યારે ગયો, તેના બીજા દિવસની સવારથી જ દાદા કોઈ રાજામહારાજા વિશે અને તેમના અંગ્રેજ સરકારની સાથેના સંબંધને વિશે બોલ્યા જ કરતા હતા. અને તે વહેવાર જેમ જે પ્રકારનો હોય તે પ્રકારનો તેઓ તે રીતે જ વ્યક્ત કરતા હતા. તેઓ જ્યારે બોલતા હતા, ત્યારે ટોળાંમાં તો તેવો કોઈ માનવી હતો નહિ, અને તેઓ કોઈ રાજામહારાજા વિશે બોલે છે, તેની ખાતરી તો મને તેમના બોલવા પરથી થઈ ગયેલી હતી, પરંતુ તેવું કોઈ ત્યાં હાજર તો ન હતું, અને તેમ છતાં દાદા તો બોલ્યે જ જતા હતા. રાજા લોક કેવી કેવી રીતે અંગ્રેજોને સંતોષ પમાડતા હોય છે, તેવી બધી રીતરસમોને પણ તેઓ ખુલ્લે ખુલ્લી ઉઘાડી પાડતા હતા અને

તેમાં કેટલીયે ગંદી રમતો વિશે પણ આબેહૂબ જેમ જે પ્રકારે બન્યું હોય તેમ તે બોલતા હતા.

## સોનારૂપાના સિક્કાને લાત મારી

આવું બોલ્યા કરવાને તેમને કલાકેકનો સમય થયો હશે, ત્યાં તો બધી સવારી આવી પહોંચી. આગળ બેત્રણ ઘોડેસવારો, પાછળ મોટર અને તેની પાછળ પણ થોડાક ઘોડેસવારો, તે પછીથી પોલીસો હતા. મોટરમાંથી ઊતરીને, બે ચાંદીના થાળ, જેમાં એકમાં ચાંદીના રૂપિયા હતા અને બીજામાં થોડાક સોનાના સિક્કાઓ હશે, તે તેમને પગે લાગીને યુવરાજે શ્રીદાદાનાં ચરણકમળ આગળ ધર્યા. તેમણે તે જ ક્ષણે તે બે થાળને એવી તો જોરથી લાત લગાવી કે તે બેઉ થાળ ક્યાંય ઊડીને આઘે પડ્યા, અને તેમાંની રકમો પણ વેરણછેરણ થઈ ગઈ. આગળ-પાછળ પોલીસ અને રાજાના બીજા લોકોએ તેની આસપાસ કૉર્ડન કરી લીધું, અને તે બધા સિક્કા વીણી લીધા. શ્રીદાદાજી તો તેના પર થૂંક્યા.

## રાજા વિશે ભવિષ્યવાણી

તેમણે તે યુવરાજને 'અહીં શું લેવા આવ્યો છે ?' એમ ગુસ્સામાં કહ્યું. આ તો હું ઘણી સૌમ્ય ભાષા વાપરું છું, કારણ કે તેઓ જે બોલ્યા હતા, તે તો કાગળમાં લખી શકાય એમ નથી. એમ કહીને તેમણે ઘણું ભાંડ્યા અને તેમનો બધો વહેવાર ખુલ્લો પાડ્યો, પણ બીજા લોક મારી પેઠે ભાગ્યે જ સમજતા હશે. તેમણે તે આવનારને કહ્યું, 'તારા બાપની ગાદી જતી રહેશે અને તને ગાદી મળશે.' આ બધી હકીકતની મેં પાછળથી તપાસ કરી, તો જાણ્યું કે ઇંદોરના તે કાળના મહારાજાએ અનેક

પ્રકારનાં કાવત્રાં કર્યાં હશે, મુંબઈમાં કોઈકનું ખૂન પણ કરાવેલું હશે અને તે બાબતમાં એક 'બાવળા ખૂન કેસ' પણ ચાલતો હતો. આ બધું જ દાદા પણ બોલતા હતા.

## સદ્‌ગુરુનું અંતર્યામીત્વ

ઈંદોરના મહારાજાના પાટવી કુંવર અહીં આવ્યા તે પહેલાંથી જ દાદા તેમના વિશેનું બોલ્યા કરતા હતા, તે તો મારી નજરોનજરની જાત માહિતીની હકીકત હતી. આથી, તેમની અંતર્યામીત્વની શક્તિ વિશેનો મને તાદૃશ્ય જીવંત જાણવાનો પ્રસંગ મળ્યો. હું રહ્યો ત્યાં સુધી રોજના આવા પાંચસાત પ્રસંગો જુદા જુદા માણસોના તો હું તારવવાનું કર્યા જ કરતો હતો. હું આ બધું કરતો હતો તે મારી બુદ્ધિને ગુરુમહારાજની દિવ્ય શક્તિની સમર્થતાનું યોગ્ય ભાન પ્રેરાવવાને કાજે તેની પાસે તે સ્વીકારાવવાને માટે પણ તે બધું કર્યા કરતો.

## સંત પાસેનો શંભુમેળો

ત્યાં અગાડી અનેક પ્રકારનાં માણસો આવતાં. જીવનનાં અનેક ક્ષેત્રનાં અને જુદી જુદી આશાઈચ્છાઓ તથા પોતપોતાના સ્વાર્થને ફળાવવાને માટે અને અનેક પ્રકારની બાધા-આખડીઓ રાખવાને માટે પણ જુદી જુદી આશાઅપેક્ષાઓ રાખીરાખીને લોક આવ્યા કરતા હતા. નર્તિકાબાઈઓ પણ આવતી. સટ્ટાવાળા પણ આવતા. સાધુસંન્યાસીઓ પણ આવતા. વિદ્વાનો અને પંડિતો પણ આવતા અને રોગીઓ પણ આવતા હતા.

બનારસ, હરિઃૐ તા. ૭-૩-૧૯૪૧

## રોગ મટાડવાની શક્તિ

સૌથી પ્રથમ વાર ત્યાં ગયો ત્યારે જેટલા ત્યાં રોગીઓ હતા, તે બધાંને પણ મળવાનું કર્યું હતું. લગભગ ત્રીસેક ટકાને મટ્યું હોય એવું મને લાગ્યું હતું, કારણ કે તેનું ગણતરી કરીને analysis-(પૃથક્કરણ) પણ કાઢ્યું હતું. દશબાર દિવસ થયા હશે ત્યાં તો દાદાજીની પાસે હાથમાં એક નાળિયેર આવેલું, તે નાળિયેર જોરથી તેમણે મારા તરફ ફેંક્યું. તે કપાળમાં વાગ્યું અને ઢીમણું પણ થયું. તેમણે પછી મને હુકમ કર્યો, કે તું તારે ઘેર ચાલ્યો જા. અને ત્યાં રહ્યો રહ્યો જ સાધનામાં વળ્યો જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે. તને જે કર્મ મળ્યું છે, તેમાં જ તું લાગી રહેજે.'

## ક્ષયરોગીને સલાહ

ત્યાંથી પાછો ફરીને હું વડોદરા આવ્યો. વડોદરામાં ડફ્રિન હૉસ્પિટલમાં ટી. બી.ના વૉર્ડમાં મારા સ્નેહી શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દરદી તરીકે હતા. તે ભાઈએ શ્રી ઠક્કરબાપા પાસે ઘણા વખત સુધી સેવા કરી હતી અને તે ભાઈને T. B. of the testicles થયો હતો, (તેમની નીચેની કોથળીને ક્ષયરોગ લાગુ પડ્યો હતો) અને તેની સારવાર શ્રી ઠક્કરબાપાએ કરાવી હતી અને આખરે તેમને ડફ્રિન હૉસ્પિટલમાં ટી. બી. ના વૉર્ડમાં દાખલ કરાવ્યા હતા. ત્યાં હું તેમને મળ્યો. મેં તેમને દાદાજીના દરબારની બધી હકીક્ત જણાવી. ત્યાં કેટલાક રોગીઓના રોગ પણ મટી શકે છે અને તેની ટકાવારી મેં કાઢી હતી, તે બધી હકીકત પણ સવિસ્તર જણાવી. 'તમે

પણ તે મટી ગયેલામાંના એક કાં ન હોવ ? માટે તમે જાઓ, તો કદાચ  તમને પ્રભુકૃપાથી મટી પણ જાય' એમ તેમને કહ્યું.

## ના મટે તો મારું મુસાફરી ખર્ચ

તેમણે મને એમ પણ કહ્યું કે 'મને જવા આવવાનું ભાડું તું આપે તો હું જાઉં.' પરંતુ મારી પાસે ત્યારે તો તેટલી રકમ હતી જ નહિ. મેં તેમને કહ્યું કે 'જો તમને નહિ મટે તો મારે તમને તેટલી રકમ, જાવ, ગમે તે રીતે પણ આપવી.' ત્યાં દાદાજી પાસે તેમનું રહેવાનું થતાં, થોડાક જ સમયમાં તેમનો રોગ મટી ગયો.

## શ્રી ભગવતપ્રસાદનો સર્વત્યાગ

પછી તો તેમણે નવસારી હરિજન આશ્રમને કાગળ પણ લખેલો, કે તેમના નામે જે જે કંઈ હોય, પૈસાટકા, સરસામાન, વાસણો વગેરે બધું જે જે કંઈ હોય તે બધાંને વહેંચી દેવું અને તેમને નામે કંઈ જ ના રાખવું, પણ શ્રી ઠક્કરબાપાને આ હકીકતની જાણ થતાં, તેમણે તેમ થવા દીધેલું નહિ. તેમનો દીકરો મોટો થાય ત્યારે સંઘમાં જે રકમ તેમના નામે હોય તે તેને સુપરત કરી દેવી એમ પરીક્ષિતલાલને ભાળવણી કરી હતી. આ પછીથી તો ઉપરોક્ત શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દાદાજી પાસે જ સદાસર્વદા કાળ રહેતા અને નવસ્ત્રા પણ થઈ ગયા હતા.

## દાદાજીની ચમત્કારિક શક્તિ

દાદાજી જ્યારે જ્યારે મારે અંગે કંઈક બોલતા ત્યારે કાં તો શ્રી ભગવતપ્રસાદ લખી લેતા કે કાં તો ધ્યાન આપીને બરાબર સાંભળતા. નડિયાદના સ્મશાનમાં જે પ્રાર્થના હું કરતો તે પ્રાર્થનાના શબ્દેશબ્દ દાદાજી બોલતા. (એક પ્રાર્થનાની તો

ચોક્કસ યાદ છે.) તેમણે લખી રાખેલું મારું એક ભજન હું ત્યાં એકવાર ગયો હતો ત્યારે મને બતાવ્યું પણ હતું. એવી બે પ્રાર્થનાઓ તેમણે મને બતાવી હતી.*

## પ્રેમભક્તિની જરૂર

આવી તો તેમની અંતર્યામીત્વની અને દૂરશ્રવણની શક્તિ જીવતીજાગતી પ્રગટ હતી. પ્રભુકૃપાથી એવા સમર્થ સદ્‌ગુરુ મળ્યા, કે જેની ઓથ, હૂંફ કેવી હોઈ શકે તે તમારા લોકોની બુદ્ધિમાં પણ આવવું મને તો શક્ય લાગતું નથી, કારણ કે સદ્‌ગુરુ પરત્વેની એવી પ્રેમભક્તિ તેની સંપૂર્ણ ટોચ સુધી કેળવાયેલી ના હોય, ત્યાં સુધી આવું બધું પ્રત્યક્ષ બનેલું હોવા છતાં, તે માથા પરથી વહી જતું હોય છે. મારા જ જીવનના કેટલા બધા પ્રસંગો તમે સ્વજનોએ પ્રત્યક્ષ નીરખેલા છે, જેનો તમારી બુદ્ધિ પણ ઇન્કાર કરી શકે તેવું નથી. તેમ છતાં જીવનવિકાસના હેતુને ફળાવવાને કાજે જ્ઞાનયુક્ત જે પ્રેમભક્તિ પ્રગટેલી હોવી ઘટે તેવી પ્રગટેલી પ્રેમભક્તિ હું કોઈનામાં જોઈ શકતો નથી. સદ્‌ગુરુ સાધન છે, એ વાત સાચી, પરંતુ પોતાના જીવનવિકાસની કળાને વિકસાવવાને માટે તે સાધનનો ઉપયોગ કરવાને માટે પણ તેના પર પ્રેમભક્તિ પ્રગટ્યા વિના, તે કળાની શક્તિ આપણામાં પ્રગટ થતી નથી.

## મંડ્યા રહો

તમને બધાંને લખી લખીને પણ શું કરવાનું ? અને લખ્યું તો ઘણું પણ છે. જ્યાં ધ્યેયમાં જ મંદતા હોય અને

* તેમાંની એક (પ્રભુ ! શરણચરણમાં રાખો રે) તો આપણા ગાંધી આશ્રમમાં હાલમાં કેટલાંક ગાય છે અને તે જાણીતી થઈ છે.

ધ્યેયની સાચે સાચી ઉત્કટ ગરજ પ્રગટેલી ના હોય ત્યાં ઉપાય પણ મંદ જ થવાના. તેમ છતાં મારી તમને પ્રાર્થના છે, કે કોઈ ને કોઈ રીતે કરીને સાધનના અભ્યાસમાં મંડ્યા રહેજો અને તેમાં ભાવ પ્રગટે એવું ભાન રાખજો.

## ભાવનું જીવનશોધક સ્વરૂપ

પ્રભુભાવ જ એવો છે, કે એક વખત જો તે આપણા જીવન આધારમાં કામ કરવા લાગી ગયો હશે અને આપણા આધારનો તેણે જો પ્રેમથી કબજો લઈ લીધેલો હશે, તો તે આપણને જંપીને બેસવા પણ નહિ દે, નિરાંતે ઊંઘવા નહિ દે. 'ચાલો ! હા...શ! હવે જરા નિરાંતે આરામ લઈએ,' એમ આપણે કરવા જઈશું, તોપણ તે આપણને તેવી રીતે ઠરવા દેશે નહિ. એ તો કંઈક કંઈક અણધાર્યા, અણકલ્પ્યા ઉત્પાત પ્રગટાવશે. તે આપણા આધારનો પૂરેપૂરો કબજો ત્યારે લઈ શકે છે, કે જ્યારે આપણે તેનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક દિલમાં દિલથી સંપૂર્ણ સ્વીકાર કરી શકેલાં હોઈએ ત્યારે. તેમ જો થયું તો તે પછી સુખ મળવાનું તો ક્યાંય દૂર રહ્યું, પરંતુ તેને બદલે નવા નવા પ્રચંડ રણસંગ્રામમાં ઝુકાવ્યા કરાવશે, ચેન તો પડવા જ દેશે નહિ. જીવનના રચાયેલા બધા મનોરથોનો ભાંગીને ભૂકો કરી દેશે. સુખનાં જે સ્વપ્નાં સેવ્યાં હોય, તે તોડીફોડી નાખશે. જેમાં જેમાં દિલ, મન ચોટ્યાં હોય એટલે કે જ્યાં જ્યાં રાગમોહાદિક વૃત્તિઓ હશે, તથા ધનદોલતમાં, સારાં સારાં લૂગડાંઘરેણાંમાં, લોકોમાં વાહવાહ કહેવડાવવામાં, પ્રતિષ્ઠામાં, આબરૂમાં, બીજા પર શિરજોરી કરવામાં - એવી અનેક પ્રકારની વૃત્તિમાં આપણાં મનાદિકરણોને ઝાટકો મરાવી

મરાવીને, તેનું તેનું તેને પ્રત્યક્ષ દર્શન કરાવીને તેમાંથી મુક્ત કરાવશે. જીવદશાના અનેક પ્રકારનાં મૂલ્યાંકનો કરવાની આપણી દૃષ્ટિમાં પૂરું પરિવર્તન પ્રગટાવશે. આપણા પર કોઈએ કરેલી થોડીઘણી મદદનો અનેકગણો બદલો અપાવવાની દિશામાં આપણને તે પ્રવૃત્તિ કરાવશે. સમજણો, આગ્રહો, ટેવો વગેરે વગેરેમાંથી, આપણને તેનું તેનું વાસ્તવિકતાભર્યું અજ્ઞાનમૂલક દર્શન કરાવી કરાવીને તેનો પૂરો પલટો કરાવશે. અનેક પ્રકારની જીવદશાની પરિસ્થિતિઓમાંથી મનાદિકરણને ઉચ્ચ ભાવનામાં પ્રગટાવી પ્રગટાવીને તેવી જીવદશાવાળા કળણમાં અને વલણમાં દેખીતી રીતે ફસાયેલા હોવા છતાં અને તે તે પળે પાછાં મનાદિકરણ ઉચ્ચ ભાવનાના પ્રદેશમાં પ્રગટેલાં હોવાથી, તે તે મનાદિકરણનાં તે તે સ્થૂળ પ્રકારનાં વર્તનની તે પળની અસર પડવા દેશે નહિ. ગમાઅણગમાની પરિસ્થિતિ, માનેલી વ્યવસ્થાઓ, ગણતરીઓ અને કલ્પનાનો તો ભાંગીને ભૂકો જ કરી નંખાવશે. જીવનને અનેક પ્રકારની તપની ભઠ્ઠીમાં તપાવ્યા કરીને સોનું જેમ ભઠ્ઠીમાં ગળાઈને શુદ્ધ થાય છે, તેમ જીવનને તાવણીમાં નાખી નાખીને સારી પેઠે તવાવીને તેને શુદ્ધ કરવાની પ્રક્રિયા તે ચાલુ રખાવ્યા જ કરશે અને જો પરમ કૃપાથી પ્રભુએ આપણા આધારને કબજામાં લીધો હશે, તો આપણે તે બધું પ્રેમભક્તિપૂર્વક હૃદયના ઉમળકાથી સ્વીકારીને તેમાં તેમાંથી પસાર થયા કરીશું, અને આપણે તે પરમ કૃપાળુ ભગવાનના કે ચેતનના એટલે કે સચ્ચિદાનંદના યંત્ર બની જઈશું.

*બનારસ,* *હરિઃૐ* *તા. ૮-૩-૧૯૪૧*

(ગઝલ)

દિલે દિલમાંહી મળવાનો અહા! આનંદ જુદો છે!
હૃદયમાં શો હૃદય ભળવાતણો આનંદ જુદો છે!

હૃદયને ચાહવાકેરો ભલા! આનંદ ન્યારો છે !
હૃદયને ચાહતાં ચ્હાતાં હૃદય આનંદ ફોરે છે.

હૃદયને ચાહતાં ચ્હાતાં હૃદય શો ભાવ જાગે છે !
હૃદયના ભાવમાં તરવાતણો આનંદ નોખો છે.

હૃદય અદ્વૈતનું અમૃત હૃદયથી ચાખતાં સ્હેજે,
ધરાવો ના કદી થાતો વધુ વધુ દિલ ચહે છે તે.

હૃદયને ચાહવાકેરો મળેલો ભેખ જુદો છે,
હૃદયને ના અવર પરવા હૃદય દિલને જ ઝંખે છે.

ન દિલને દિલ વિના બીજું કશું ખપતું નથી સ્હેજે,
મળ્યું દિલ તો મઝા કેવી અહા ! શી બાદશાહત તે !

દિલે દિલમાં વળી દિલથી જતાં ગળી પ્રેમ જન્મે જે,
હૃદે તે ભાવની ખુશબો અને મસ્તી અનેરી છે.

આવા દિલથી દિલના ભાવનો આનંદ માત્ર બુદ્ધિના ઉત્કટમાં ઉત્કટ કલ્પનાગમ્ય વિહારથી કદી મહાલી શકાતો નથી.

## સ્વજનોને પ્રાર્થના

પ્રભુકૃપાથી આ જીવના સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત, તો તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત,

પરંતુ તેમણે તેમ ના કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું તે છું. તેથી જ તમને બધાંને મારી પ્રાર્થના છે, કે તમે બધાં જીવનને સ્વીકારીને જે જે કંઈ મળે તેનો સહર્ષ સ્વીકાર કરી તેને જ્ઞાનભાવે સહકાર આપી જીવનને ફળાવવાનું જ્ઞાનભાન પ્રગટાવવાનું કરી કરી, ચેતનાને પ્રગટવા માટેની યોગ્ય ભૂમિકા સરળ કરી આપવાનું કર્યા કરશો, ત્યારે જ સદ્‌ગુરુની કૃપા ફળી શકવાની છે. બાકી, મિથ્યાડંબરમાં પડ્યા રહેવાથી તો દંભ વધવાનો છે. આપણે સદ્‌ગુરુના ભાવને સાનુકૂળ વર્તવાનું જ્ઞાનભાન પણ રાખવું નથી, સદ્‌ગુરુની ખાતર સર્વ ભાવે અને સર્વ રીતે પ્રેમ ઉમળકાથી પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ન્યોછાવર થઈ જવાનું દિલ પ્રગટેલું નથી, ત્યાં સદ્‌ગુરુ જે તે બધું કરી દેશે, તેવી માન્યતામાં નર્યું અજ્ઞાન અને દંભ છે, તે નક્કી જાણશોજી. સદ્‌ગુરુનું ચેતન આપણા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવાય છે, તે હકીકત સાચી છે, જેમ કે કાંતાબહેનને 'પ્રેમકુંજ'માં એકવીસ દિવસના સતત અખંડ ઉજાગરા કરાવવાનું બન્યું હતું. તેવી રીતે બીજા જીવોના જીવનમાં કોઈક ને કોઈક રીતનું તેવું સદ્‌ગુરુનું વ્યક્તત્વ પ્રગટેલું આપણે જાણેલું છે, પરંતુ તેથી આપણી યોગ્ય

લાયકાત પ્રગટ્યા વિના આપણા સમગ્ર આધારને તે માત્ર આપણા તે પરત્વેના કશા પ્રયત્ન વિના ચેતનમય કરી દેશે એમ માનવું તે મિથ્યા છે.

માટે, આટલું તો ખાસ ખ્યાલમાં રાખશો :-

મળેલાં કર્મમાં જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એકાગ્રતા અને કેંદ્રિતતા પૂરેપૂરી સાધી શકે છે, તેવો જીવ જ જ્ઞાનને અનુભવવાને પાત્ર છે. જ્ઞાન કંઈ મંત્રોના ખાલી ખાલી માત્ર ઉચ્ચારણથી કે કથાવાર્તાના શ્રવણથી કે ઉપદેશથી મળી શકતું નથી.

પ્રમાદી અને આળસુને જ્ઞાન થવાની કદી પણ શક્યતા નથી.

જે જીવને નિર્ણયાત્મક નિશ્ચયબળ પ્રગટેલું નથી કે પ્રગટતું નથી, તે કદી જ્ઞાન પામી શકતો નથી.

## પ્રશ્નોત્તરી

[લેખકના એક સ્વજનના પ્રશ્નોના જવાબમાં]

**સવાલ :** ગયાજી, સિદ્ધપુર વગેરે સ્થળે શ્રાદ્ધ સરાવવાથી શો લાભ થાય ?

**જવાબ :** ગયાજી, સિદ્ધપુર આદિ સ્થળે શ્રાદ્ધ સરાવવાનો અને તેમ કરીને પિતૃઓને તર્પણ કરવાનો કશો અર્થ નથી. તેથી કંઈ ગત જીવને લાભ થાય નહિ. આવો રિવાજ પડવાનું કારણ એમ બન્યું હોય કે કોઈ પ્રખર પુરુષે કે પુરુષોએ તે તે સ્થળે શુભ સંકલ્પ આવા કશાક અંગે પહેલાંના કાળમાં કર્યા હોય અને તેથી તે તે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો રિવાજ પડ્યો હોય. એ બધું ઘરેડરૂપ હાલ તો બની રહેલું છે.

**સવાલ :-** માંદગી વેળા 'કોમા'-બેભાનપણું થઈ જવાની સ્થિતિ આવી જાય ત્યારે 'પ્રભુસ્મરણ' મૃત્યુ સમયે કેવી રીતે રહે? અને કોઈકે જીવનમાં સાચું સ્મરણ કરવાને કોશિશ કરી હોય અને મૃત્યુ ટાણે 'કોમા' આવી જાય, તો તેનું શું બધું એળે જાય?

**જવાબ :** એળે ના જાય. સમગ્ર જીવનની પૂર્ણતા જોવાની રહે છે. થોડું ઘણું પણ જે કરાયું હોય તે નકામું ના જાય. ઊલટ પક્ષે કોઈએ જીવનભરમાં પ્રભુસ્મરણ મુદ્દલે ના કર્યું હોય અને મૃત્યુ ટાણે ઊડતો વિચાર કે ખ્યાલ તેવો આવી જાય (સ્મરણનો)-જોકે તેમ થવું શક્ય નથી-તો તેથી કરીને કંઈ તેની સદ્‌ગતિ જ થાય તેવું કશું ના હોઈ શકે. હા, જો બેત્રણ દિન સતત એવું સ્મરણ થયું હોય કે રહ્યું હોય તો અવશ્ય લાભ થાય.

**સવાલ :** નારદ તો મુક્ત પુરુષ હતા, છતાં તેઓ મોહ પામીને કોઈ એક સ્ત્રી પાછળ મોહવશ થયા હતા તથા ખુદ બ્રહ્મા તેમની પુત્રી પાછળ મોહવશ થયેલા, એ બધું ખરું હોઈ શકે ખરું ?

**જવાબ :** ના, ના હોઈ શકે. એ બધું તો દંતકથાઓ કહી શકાય, 'વાતો' કહી શકાય. મુક્તને-સાચા મુક્તને મોહવશ થવાપણું રહેતું નથી. આવી બધી ઉક્તિઓ લોકોને કામ, ક્રોધ આદિની ગંભીરતા અને ગહનતા ઠસાવવા માટે ઊપજાવી કાઢી હોય તેમ બને.

**સવાલ :** પહેલાંના સમયમાં પુત્રને માટે યજ્ઞાદિ કરાવતા. દા. ત., દશરથ રાજાએ શ્રીરામ સાથે પિતારૂપે યોગ આવા

યજ્ઞથી કરીને મેળવેલો, એવું શાસ્ત્રોમાં આવે છે અને વરસાદ આદિ માટે પણ યજ્ઞો કરાવતા, તો શું એવા યજ્ઞો એવું ઇષ્ટ ફળ આપી શકે ખરા ? હાલ જે યજ્ઞો થાય છે, તે ઇષ્ટ છે ખરા ?

**જવાબ :** મૂળ તો યજ્ઞ કરનાર અને કરાવનાર-યાજક (યજ્ઞકર્મ ચલાવનાર ) અને યજમાનની ભાવના ઉપર અને મુખ્યત્વે તો યાજકની પવિત્રતા તથા તેના શુભ સંકલ્પબળની શક્તિ ઉપર તે બધું અવલંબે છે. એવા સંકલ્પબળથી ઇષ્ટપ્રાપ્તિ શક્ય છે, પરંતુ હાલમાં જે યજ્ઞો બ્રાહ્મણો કરે છે તેમાં યાજકની એવી સંકલ્પશક્તિ હોતી નથી કે ઇષ્ટપ્રાપ્તિ થાય. 'સાપ ગયા અને લિસોટા રહ્યા' જેવી હાલની તો સ્થિતિ ગણાય.

વળી, યજ્ઞમાં ઘી, ધન, ધાન્ય આદિની આહુતિઓ પહેલાં અપાતી. આજે પણ અપાય છે. પહેલાંના કાળમાં તેવાં દ્રવ્યોની છોળો ઊડતી હશે, તેથી તે તે કાળે તેવું યોગ્ય હોય. હાલના વિષમકાળમાં તેવું અસ્થાને પણ હોય.

યજ્ઞનો અર્થ પણ કાળે કાળે બદલાતો રહે છે. એક કાળે યજ્ઞનો અર્થ જે હોય, તે જ અર્થ તે કાળ બદલાતાં અને નવો કાળ શરૂ થતાં ના પણ હોઈ શકે. દરેક કાળનું લક્ષણ અને તેનું મહત્ત્વ જુદા જુદા પ્રકારનું હોય છે, અને તે કાળ પૂરતો તેનો હેતુ પણ જુદો જુદો હોય છે. યજ્ઞના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ જુદા જુદા ઉત્તરોત્તર અર્થ હોય છે. અસલના કાળમાં જે યજ્ઞ થતા, તે તો ભાવનાને આકાર પમાડવાને કાજે એક સાધનરૂપે થતા. એટલે કે યજ્ઞ તો માત્ર માધ્યમ-medium ગણાય. યજ્ઞનું સાચું સ્વરૂપ તો આપણાં જીવદશાનાં મનાદિકરણોની નિમ્નગામી સકળ પ્રકારની વૃત્તિઓને

પ્રેમભક્તિભાવે તેના હેતુનાં જ્ઞાનભાન સાથે શ્રીભગવાનનાં ચરણકમળે સળંગ આહુતિ આપી આપીને હોમ્યા કરવી - સમર્પણ કર્યા કરવી- એ છે. અને તેવા પ્રકારનો યજ્ઞ આપણે કાજે ઈષ્ટ અને શ્રેયસ્કર છે. જે કાળમાં યજ્ઞના ભાવનો ઋષિમુનિનાં દિલમાં પ્રાદુર્ભાવ થયો, તે કાળની પરિસ્થિતિ, સંજોગ તે કાળે જેમ હતાં તે પ્રમાણે તે ઘટાવાયું અને તે પછી તેનું એક શાસ્ત્ર સર્જાયું. જીવપ્રકારની રાગમોહાદિક વૃત્તિઓને સંતોષવાને પણ જે અનેક પ્રકારના યજ્ઞો થતા, તેવા યજ્ઞોનું સ્થાન જીવનવિકાસની ભાવનાને કાજે સાનુકૂળ નથી. અને તેવા યજ્ઞોનું મહત્ત્વ તે દૃષ્ટિએ કશું નથી.

**સવાલ :** મુક્તને ફરી જન્મ લેવાનું થતાં, જન્મથી જ તે મુક્ત અવતરે કે તેને નવા જન્મમાં સાધના કરવી પડે ?

**જવાબ :** તે પછીના નવા જન્મમાં પણ નામની થોડીશી પણ સાધના કરવી પડે ખરી, પરંતુ તે નામ પૂરતી, નિમિત્ત પૂરતી પણ હોય. તેને બહુ વાર ના લાગે. બે, ચાર, પાંચ વર્ષમાં પણ પત્તો ખાઈ જાય. માનવોને દાખલારૂપ થવા પણ થોડીક સાધના કરવાની આવે. છતાં તે અંગેના સખત ચોકઠાજડિત નિયમો ના હોઈ શકે. વળી, તેમની બાલ્યાવસ્થામાં અને કિશોરાવસ્થામાં તેમના જીવનના મુક્તપણાનાં ચિહ્નરૂપે સવિશેષતાની અમુક અમુક ઘટનાઓ પણ બનવા સંભવ રહે છે. બાલ્યજીવનમાં મુક્ત આત્માને પોતાની તેવી મુક્ત હોવાની પ્રતીતિ નથી પણ હોતી. બાલ્યવયમાં મુક્ત આત્માનાં ચમત્કારિક લક્ષણની ઝલક કે છલક કદીક કદીક વર્તાતી પણ હોય છે. આગળપાછળનાંને તેની માહિતી નથી પણ રહેતી.

**સવાલ :** તમારો સાક્ષાત્કાર ગીતાના 'પુરુષોત્તમ'નો સાક્ષાત્કાર ખરો કે ? અને જો તેમ હોય તો સગુણ અને નિર્ગુણ બંનેનો સાક્ષાત્કાર એટલે દ્વૈત અને અદ્વૈત તથા પરમ અદ્વૈતનો પણ  થયો એમ ગણી શકાય ?

**જવાબ :** હા, ગણી શકાય ખરું.

**સવાલ :** સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં તમોને શું થયેલું ?

**જવાબ :** કૃષ્ણ બે ત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી અને એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા કૃષ્ણનાં તે સદેહ દર્શન હતાં. બધું સૌંદર્યમય તે હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન હતું.

તે સ્વરૂપ એટલું અને એવું તો મનોહર અને હૃદય આકર્ષક હતું, કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું, રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું અને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું, તો વળી, પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું, અને તે આધારનાં જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું અને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું પણ

અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી અને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તે શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ના પૂછો વાત ! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું અને અધ્ધર અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં અને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે અને એની અસર તે પછીથી ચિરસ્થાયી એની કૃપાથી નીવડેલી છે.

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ અને દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો પ્રગટેલાં ન હતાં એવું કશું નથી. તેવું બધું તો થયા કરેલું હતું, પણ તે દિવ્ય કૃપાની મદદથી તેમનું તેમનું નિવારણ થઈ શક્યું હતું.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી આધારનાં કેંદ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો, અને પછી તો કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયગમ્ય આકર્ષણ એટલું બધું તો સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે, કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. તેવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે, કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી જતાં હોઈએ

છીએ. એવો ભાવ જે પહેલાં દર્શનની સર્જન અવસ્થામાં જે **એક**માં એકાગ્ર અને કેંદ્રિત હતો, તે ભાવ તેની એકાગ્રતા અને કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે. તેવો ભાવ પછીથી તો કોઈક સુંદર રમણીય દશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દશ્ય કે એવું સ્થૂળ રૂપનું દશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વ્યક્તત્વ કે એવું કોઈક ભાવાત્મક ભજન-આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવો ભાવ તેવાં તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રગટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવસમાધિ પ્રગટી જતી હોય છે. અને તેનાથી તે ધન્ય બનતો હોય છે. તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મવહેવારમાં અને રોજિંદાં વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યા કરે છે.

**સવાલ :** સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં બીજી એટલે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જાય ખરી ?

**જવાબ :** ના, સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઈ જ જાય તેમ નથી. તેમ જ નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં સગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જ જાય તેમ પણ નથી. બંને જુદું જુદું છે. બંનેનો સાક્ષાત્કાર અલગ અલગ થતો રહે છે, પણ ગમે તે એક પ્રકારના સાક્ષાત્કારથી મુક્તિ મેળવી શકાય ખરી. બંનેની પ્રાપ્તિ વધુ સારી ગણાય.

સગુણ સાક્ષાત્કાર દર્શન અને સાક્ષાત્કાર વચ્ચે ભેદ છે, તે સમજવા જેવું છે - યાને દ્વૈતનો સાક્ષાત્કાર તથા નિર્ગુણ

યાને અદ્વૈતનો સાક્ષાત્કાર, તે બેમાંથી એક, બીજાથી ચડિયાતો છે તેમ ના કહી શકાય. ગમે તે સાક્ષાત્કાર જેને થયો હોય તે મુક્ત થઈ શકે છે. બંને પ્રકારના સાક્ષાત્કાર થવા પણ શક્ય છે. નરસિંહ મહેતા આદિ ભક્તોને બંને પ્રકારના સાક્ષાત્કારો થયેલા એમ કહી શકાય.

બંને પ્રકારના સાક્ષાત્કાર થાય જ તેવો કશો નિશ્ચિત નિયમ નથી. કોઈકને નિર્ગુણનો અનુભવ વહેલો થાય અને સગુણનો ના પણ થાય. યા પછીથી પણ થાય. કોઈકને સગુણનો અનુભવ પહેલો થાય અને નિર્ગુણનો ના પણ થાય. આમ હોવા છતાં બંને પ્રકારના અનુભવની કક્ષા એકબીજાથી ચડતી કે ઊતરતી છે તેવું કશું નથી.

ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે.

**સવાલ :** તમારો અદ્વૈતનો - નિરાકારનો - નિર્ગુણનો સાક્ષાત્કાર ક્યારે અને કેવી રીતે થયેલો ? અને તે થયા બાદ તરત જ મુક્ત દશા શરૂ થયેલી કે થોડો સમય વચ્ચે વહી ગયેલો ? થોડો કાળ વહી જાય ખરો ?

**જવાબ :** ૧૯૩૯ના માર્ચમાં રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. **'I am Omnipresent'-'હું સર્વત્ર વિદ્યમાન છું,'** એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો, પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું, તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ના કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે તે બધાંમાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવપ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી. અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે. અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું

નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ના પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાંથી પસાર થઈને અદૃશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ના હોય, તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

**સવાલ :** ભક્તિનાં ફળમાં અને જ્ઞાનનાં ફળમાં એ બે પ્રકારની મુક્તિનાં પરિણામમાં શો ફેર ?

**જવાબ :** જ્ઞાનમુક્તિમાં માત્ર સાક્ષાત્કાર થાય, જાણવાનું થાય. સાક્ષીવત્ રહેવાનું થાય. જ્યારે ભક્તિના સાક્ષાત્કારનાં પરિણામે ઉપરનું થાય, તે ઉપરાંત, તેનો ઉપભોગ કરવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થાય છે. એમાં જ્ઞાન અને ઉપભોગનું સામર્થ્ય એ બંનેનો સમાવેશ થાય છે. તે સાથે સાથે તે સાક્ષી, અનુમંતા, ભર્તા અને પ્રભુ પણ હોય છે અને તે તેમ જાગ્રતપણે ચેતનના ભાવથી તે તે બધું એકસાથે તેનામાં પ્રવર્તતું હોય છે.

**સવાલ :** એક મુક્તાત્મા બીજા મુક્તાત્માને પ્રથમ દૃષ્ટિએ તરત પિછાની શકે ખરો ?

**જવાબ :** ના, કારણ મુક્તને તેવી પિછાનવાની જરૂર નથી રહેતી. તેવી તેને ઇચ્છા ઉદ્ભવતી નથી. તે તેનું કાર્ય નથી.

**સવાલ :** સમાધિમાં જઈને જાણી શકે ?

**જવાબ :** તે માટે સમાધિમાં તે જાય જ શા માટે ? અને મુક્તને સમાધિમાં જવાપણું પણ નથી, તેને તો સહજ સમાધિ

પ્રવર્તતી હોય છે, પણ મુક્ત થવા પહેલાં એવી એક કક્ષા આવે છે, કે જ્યારે તેવો ઉચ્ચ કોટિનો સાધક બીજા માનવીનું આંતરસત્ત્વ આરપાર નિહાળી શકે છે. એ રીતે પણ મુક્ત કરી શકે, પરંતુ મુક્ત તેવું કરવાની કદી ખટપટમાં પડતો હોતો નથી.

**સવાલ :** શિવલિંગના પ્રતીકનો શો અર્થ ?

**જવાબ :** શિવલિંગનું પ્રતીક માનવની ઊર્ધ્વમુખી પુરુષની ચેતનાનું પ્રતીક છે. તેણે સતત ઊર્ધ્વવિકાસ સાધ્યે જવાનો છે. અને શિવલિંગની આજુબાજુના ફરતા ગોળ વર્તુળના પ્રતીકનો અર્થ પ્રકૃતિની તે મર્યાદા છે. તે મર્યાદામાંથી પુરુષ ચેતનાએ ઊર્ધ્વગતિ કર્યે જવાની છે. આગળ પોઠિયો જે હોય છે તે મદમસ્ત પ્રાણશક્તિ અને વૃત્તિઓનું પ્રતીક છે. તેને કાબૂમાં લઈને તેનું મુખ ફેરવી નાખીને બીજી દિશાએ સામે જે કાચબો હોય છે તેના જેવા થવાનું છે. તે બધી વૃત્તિઓને વશ કરીને અંદર સંકેલી લેવાની છે. આપણા ઋષિમુનિઓ પ્રતીકો દ્વારા અનુભવો વ્યક્ત કરતા હતા.

**સવાલ :** ઝેર લેવાથી જે મૃત્યુ થાય તે ટાણે બેભાન થઈ જવાનું બને ખરું ? કે ઝેરની અસર ધીમે ધીમે વધતી હોઈ જાગ્રતિ અંત લગી રહે ? ભગવાનનું નામ લઈ શકાય ?

**જવાબ :** સંપૂર્ણ બેભાન થઈ જવાનું બને. સાધારણ જીવથી નામસ્મરણ ના લઈ શકાય.

**સવાલ :** મુક્તને સાપ કે એવું કંઈ કરડે તો શારીરિક હાનિ, મૃત્યુ જેવું થાય ખરું ? તેની અહિંસાની શુભ અસર ના પડે ?

**જવાબ :** મૃત્યુ થાય. તે પોતે અહિંસક હોવાથી તેને અસર ના થાય તેવું ના બને, અને મુક્ત તેવી અસરમાંથી બચવાને પ્રભુને પ્રાર્થે પણ નહિ.

**સવાલ :** બધી સાધનાઓનો અને સાધનનો હેતુ મનની અંતિમ નીરવતા પ્રાપ્ત કરવી એવો ગણી શકાય ?

**જવાબ :** હા, બધી સાધનાનો તેટલો જ માત્ર હેતુ છે, તેવું પણ નથી. તેનાથી ક્યાંય ક્યાંય પાર જવાનું છે.

**સવાલ :** મહાસમાધિનો ખરો અર્થ શો હોઈ શકે ?

**જવાબ :** મહાસમાધિ એટલે કે જે સમાધિથી બ્રહ્મજ્ઞાન, અદ્વૈતનો સાક્ષાત્કાર થાય તેને ખરી રીતે તો મહાસમાધિ કહી શકાય, પણ હાલ તો અનેક જુદા જુદા અર્થોમાં સૌ કોઈ પોતપોતાની રીતે તે શબ્દનો ઉપયોગ કરે છે.

**સવાલ :** જડ, કાષ્ઠવત્‌સમાધિ અને ભાવસમાધિ એ બે વચ્ચે શો ફેર ?

**જવાબ :** કાષ્ઠવત્‌સમાધિમાં શ્વાસોશ્વાસ બંધ થઈ જાય. નાડી પણ ના ચાલે. બહિર્ભાન ચાલી જાય, હૃદય કામ ના કરતું હોય, શરીરમાંની નર્વસ સિસ્ટીમ (જ્ઞાનતંતુની ગોઠવણી) કામ ના કરતી હોય એવું ત્યારે નથી હોતું. તે જાગ્રત હોવા છતાં સુષુપ્ત જેવી બનેલી હોય. અલબત્ત, નાડીના થડકારા ઘટે ખરા અને તે ઘટે અને તે શૂન્ય સુધી પણ પહોંચે અને એમ અભ્યાસ થતાં થતાં અને તે સહજ બની જતાં એને પછી સહજ સમાધિનો ભાવ પ્રગટે ત્યારે તો નાડી વગેરે યથાવત્ હોઈ શકે.

**સવાલ :** સમાધિ દશા પ્રાપ્ત થવા સારુ મનની સરળતા આવશ્યક ખરી ?

**જવાબ :** હા.

**સવાલ :** મુક્તને જપ અજપાજપ થયે જતા હશે ખરા ?

**જવાબ :** ના, મુક્તને જપની પછી જરૂર નથી રહેતી હોતી. આપોઆપ છૂટી જાય છે, પરંતુ તે પહેલાં જે સાધન હતું તે કાર્ય હવે પત્યું એટલે તે એને વળગી રહેતું નથી. બાકી, એ તો સદાય ભાવનાથી ભાવનામાં જ પ્રવર્તેલો હોય છે.

**સવાલ :** તો તમો ઘણી વાર હાથનો અંગૂઠો ગોળ ગોળ કેમ ફેરવતા હોવ છો ?

**જવાબ :** બીજાઓને યાદ દેવડાવવા, દાખલો બેસાડવા.

**સવાલ :** સાધનાની આગલી કક્ષામાં અજપાજપ જ્યારે થતા હશે ત્યારે તે કાનને આંતરિકપણે સ્પષ્ટ સંભળાતા હોય ખરા ?

**જવાબ :** હા, તદ્દન સ્પષ્ટપણે.

**સવાલ :** તમોને અજપાજપ ક્યારથી શરૂ થયેલા ?

**જવાબ :** સર્પદંશ પછીથી એટલે કે ઘણુંખરું ૧૯૨૮ પછીથી.

**સવાલ :** મનની નીરવતા ક્યારે પ્રથમ પ્રાપ્ત થઈ ?

**જવાબ :** ૧૯૩૦ આસપાસમાં.

**સવાલ :** તે વેળા નિદ્રા કેટલી આવતી ?

**જવાબ :** નહિ જેવી, જૂજવત્-લગભગ નહિ જેવી. આખી રાત ને રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષોનાં વર્ષો તેવાં પસાર થયાં છે અને દિવસે તો બાર બાર કલાક ગૂજરાત હરિજન સેવક સંઘની ઑફિસનું કામ કરતો જ હતો.

**સવાલ :** તો શરીર કેમ ટકી શકે ? કુદરતી હાજતો ઉપર તેની બીજી કંઈ હાનિકારક અસર નહિ થયેલી ?

**જવાબ :** ભાવનાના પ્રાબલ્યને લઈને તેમ આપોઆપ થતું હોય છે. તેથી શરીરને કે તેના બીજા આંતરિક ભાગોને કશી ઈજા થતી નથી.

**સવાલ :** ભૂખ અને તરસ ઉપર કાબૂ મેળવ્યા વિના મુક્તિ ના જ હોયને !

**જવાબ :** ના હોય. ભૂખ, તરસ, શૌચ, ઈચ્છા આદિ ઉપર પૂર્ણ કાબૂ આવી ગયા પછી મુક્ત દશા શરૂ થાય. ભાવનાના જોશને લઈને તે બધું શક્ય બની શકે છે. મન, પ્રાણ અને શરીરની સકળ માગણીઓ ત્યારે શાંત થઈ જાય છે અને તે સર્વ ઉપર કાબૂ સહજપણાનો આવે છે.

**સવાલ :** તામસિક મનવાળાનું મન ઝાઝા વિચારો નથી કરતું હોતું, તો તેવી સ્થિતિ મનની પૂર્ણ નીરવતા મેળવવામાં રાજસિક મનવાળા કરતાં વધુ મદદરૂપ થાય ખરી ? કે તમસમાંથી રજસ સ્થિતિમાં આવ્યા બાદ તેમાંથી પસાર થયા બાદ જ સત્ત્વમાં પહોંચી નીરવ થવાતું હશે ?

**જવાબ :** તામસિક મનવાળાને ઝાઝા વિચારો ના ઊઠતા હોવાને કારણે જ તેને નીરવ થવામાં તે સ્થિતિ સહાયરૂપ ના થાય. રજસમાં પ્રવેશીને તે બાદ જ તેને પણ નીરવ થવું પડે છે.

જેની પ્રકૃતિ અને સ્વભાવમાં તમસ ગુણ પ્રાધાન્યપણે પ્રવર્તે છે, તેનાથી સાધના પરત્વેનો પુરુષાર્થ પણ ઝાઝો થઈ શકે નહિ, થઈ શક્તો નથી, પરંતુ જ્વાળામુખીના જેવી ધગધગતી ઊર્ધ્વગામી જિજ્ઞાસા કે તમન્ના પ્રગટે છે, ત્યારે

તેવી તમન્ના જ તમોગુણને રજસમાં પ્રગટાવી શકે છે. એવી ઉત્કટમાં ઉત્કટ તીવ્રતમ જિજ્ઞાસાના ભાવમાં તમોગુણ ટકી શકતો નથી. ત્યારે આપમેળે રજોગુણ પ્રવર્તે છે. તે વેળાએ રજોગુણનો સ્વભાવ એટલે કે ધાંધલિયાપણું, ધમાલ વગેરે પણ તેમાં હોતાં નથી. એકધારાં ગતિશીલતા ઉત્સાહ વગેરે વગેરે તેનામાં પ્રગટેલાં રહે છે. જેને જીવનવિકાસના માર્ગે ગતિ કરવાની છે, તેવા જીવને મૂળમાં તેના પરત્વેની ધગધગતી તમન્ના પ્રગટેલી હોવી જોઈશે અને તેવી તમન્નાના સ્વભાવમાં બેઠાડુપણું કદી સંભવી શકતું નથી.

**સવાલ :** અંતર્નાદ જે સંભળાતો હશે, તે અનાહત નાદ કાનમાં જે કેટલાકને સંભળાય છે, તેની જેમ સ્પષ્ટ કાનને સંભળાઈ શકે તેમ તે અંતર્નાદ ઊઠતો હશે ?

**જવાબ :** હા, જેમ એક વ્યક્તિ બીજીને મુખેથી આદેશ દેતી હોય તેમ સ્પષ્ટ અવાજ હૃદયમાં-અંતરમાં ઊઠે - સંભળાય, પણ આવો અંતર્નાદ ખૂબ આગળ વધેલી કક્ષાના સાધકને સંભવે છે.

**સવાલ :** મુક્તાત્માને આવો અંતર્નાદ ઊઠતો હશે ? અને તે આધારે તેનાં કાર્યો કરાયે જતાં હશે ?

**જવાબ :** ના, તેને અંતર્નાદ ઊઠવાનો સવાલ જ રહેતો નથી. અંતર્નાદ તો સાધનાની અમુક ઉચ્ચ કક્ષાઓ વટાવ્યા પછીથી પ્રગટતો હોય છે. તેવી વેળાએ તેને પ્રેરણાઓ ઊઠતી હોય છે. પ્રેરણામાં અવાજ નથી હોતો, જ્યારે પ્રેરણામાં અંતર્નાદનો પણ સમાવેશ થઈ શકે અને આપોઆપ પોતાને અમુક અમુક કરવાનું છે અને અમુક રીતે કરવાનું છે એવી

રીતે અંતરમાં અંતરની સમજણ પ્રગટતી હોય છે. તે પણ એક પ્રકારનો અંતર્નાદ છે. એવી રીતે વ્યક્ત થવાપણામાં કોઈ વિચારની પરંપરા પ્રગટતી નથી. અથવા તો સકળ કર્મનો સંપૂર્ણ અનારંભ હોય છે અને તેમ છતાં અંતર્નાદથી તેવું કરવાનું સૂઝે, જ્યારે મુક્તને તો સહજ અવસ્થા હોય છે. અંતર્નાદ તો અમુક સમયના ગાળે ગાળે પ્રગટતો હોય. તેમાં એકધારાપણાનું સાતત્ય હોતું નથી. અને તે સહજ અવસ્થા હોતી નથી.

**સવાલ :** નવીન જન્મ પામનાર બાળકની નામવિધિ છ માસ બાદ પાડવાનું શા માટે સૂચવાય છે ?

**જવાબ :** બાળકપ્રતિ આસક્તિ એટલો કાળ તેનાં માબાપની અને બીજાની ઓછી ચોંટે એ હેતુ હોઈ શકે.

**સવાલ :** શ્રીતોતાપુરી નાગાબાવાએ, જેમણે શ્રીરામકૃષ્ણને અદ્વૈતનો સાક્ષાત્કાર કરાવી આપવામાં સહાય કરેલી અને જેઓ સાતસો નાગાબાવાઓના મહંત હતા અને બ્રહ્મજ્ઞાની હતા, તેઓ પોતાની ધૂણીમાંથી અડીને દેવતા લેવા સારુ એક ભૈયા પર ખૂબ ક્રોધ કરીને ભૈયાને ચીપિયો મારવા ઊઠેલા તો આવા બ્રહ્મજ્ઞાનીને ક્રોધ કેવો ? અને તે વળી આવા ક્ષુલ્લક કારણસર ?

**જવાબ :** એ ક્રોધ સપાટી પરનો હોય છે. અંતરમાં તેવાઓ તેવી વેળા ખૂબ શાંત હોય છે. જરાકે ક્ષુબ્ધતા નથી હોતી. વળી, કર્મકાંડીને, પછી તે મુક્ત હોય તોપણ, એવી આભડ-છેટનો વિરોધ હોઈ શકે છે. એવા વિરોધના કારણે તેનામાં બ્રહ્મજ્ઞાન નથી તેમ ના કહી શકાય. એવી આભડછેટ એ તો એના સ્વભાવનું માત્ર એક લક્ષણ છે. અને બીજા કોઈ એવા

પ્રકારના સંજોગોમાં જેમ સાપ પોતાની કાંચળી ઉતારી નાખે છે તેમ તે આભડછેટને સંપૂર્ણપણે ખંખેરી નાખી પણ શકે છે. કર્મકાંડના એકધારા અભ્યાસમાં જેનું જીવન વીતેલું છે તેવો આત્મા, તેના કર્મકાંડના અભ્યાસનાં પરિણામે તે પરત્વે અભ્યાસને જીવતો રાખ્યા કરે છે અને તેને મન તે કર્મકાંડ એક ક્ષુલ્લક માત્ર આચાર નથી હોતો, તેને તે પવિત્રમાં પવિત્ર ગણે છે. અને ગમે તેને તે સ્પર્શતો પણ હોતો નથી. કેટલાક પ્રકારની સાધનામાં બાહ્યશુદ્ધિ અને શૌચાદિ વિષયોનું બહુ જ કડકપણે પાલન થતું હોય છે. અને તેવી સાધના દ્વારા મુક્ત થયેલો આત્મા એવો આચાર જાળવ્યા પણ કરતો હોય છે. કોઈ એવા બાહ્યલક્ષણથી કોઈનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકતું નથી. અને તેવી રીતે કોઈને સમજવું કે માપવું તે યોગ્ય ના ગણાય.

**સવાલ :** સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિમાં શો ફેર ?

**જવાબ :** સમાધિ એટલે મહાસમાધિની જે દશાથી કરીને આખરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સ્થિતિમાં તેવી સમાધિમાં નિર્વિકલ્પ કે સવિકલ્પ એવા ભેદ નથી હોતા. સવિકલ્પ એટલે વિચારોવાળું. તો એવી વિચારવાળી સ્થિતિને સમાધિ નામ જ ના આપી શકાય. ‘સવિકલ્પ’ સમાધિનો ખરો અર્થ તો સગુણનો અનુભવ. એમાં વિચાર ના હોય. સવિકલ્પ સમાધિ એટલે વિચારવાળી ના ગણાય.

**સવાલ :** નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થનાર વ્યક્તિ મુક્ત ના હોય તેમ સંભવી શકે ખરું ?

**જવાબ :** હા, તેવું પણ શક્ય હોય છે, તેના શરૂ શરૂના

ગાળામાં થોડાક કાળ બાદ તે મુક્ત જરૂર થઈ શકે ખરો. દરેકને તેવું થયા પછીનો કાળ અમુક જ હોય કે જાય એવું કશું નથી.

**સવાલ :** કેટલાંક મૌનમાં બેઠેલાં ભાઈબહેનોને તેમના એકાંતના ગાળા દરમિયાન મૌનમંદિરમાં તમારા સ્થૂળ દેહનાં દર્શન પ્રત્યક્ષ થયાંનું તેઓ જણાવે છે, તો આ હકીકત યથાર્થ હોઈ શકે ખરી ?

**જવાબ :** આ (પોતાનું શરીર બતાવીને) ગમે ત્યાં હોય તોપણ તે ત્યાં પણ હોઈ-જઈ શકે છે.

**સવાલ :** તો બધાંને તેવું કેમ દેખાતું નથી ?

**જવાબ :** એવી શ્રદ્ધા જોઈએને ? શ્રદ્ધા વિના તે શક્ય નથી. આ શરીર ત્યાં આવજા કરે છે.

**સવાલ :** પોતાની ગત ભૂલો અને દોષોની વેદનાનું વારંવાર ઊઠી આવવું અને વારંવાર તેને વ્યક્ત કરતા રહેવું, 'તેવું ફરીથી ના બનો' તેવું વારંવાર પ્રાર્થતા રહેવું, સ્મરણ-રટણ કરતાં રહેવું, એ સાધના માટે શ્રેયસ્કર હોઈ શકે ખરું ?

**જવાબ :** ના, તેમ તેનું રટણ અને પુનઃ પુનઃ ઉચ્ચારણ કે યાદ મદદરૂપ નથી, ઊલટાં બાધક બને છે. એકવાર તે બધું બરાબર સમજી લઈને તેનો ખરો હૃદયપૂર્વકનો પશ્ચાત્તાપ કરીને પછી તેવા વિચારો આવતાં તેમને વહી જવા દેવા. તેની સાંકળ પણ ના જોડવી.

**સવાલ :** સેક્સ (કામવાસના), વેલ્થ (લક્ષ્મી) અને પાવર (સત્તા) આ ત્રણ ઉપરનો જેને કાબૂ હોય, તે મુક્ત ના પણ હોય તેવી શક્યતા ખરી ?

**જવાબ :** હા, તેવી શક્યતા છે, પરંતુ તેવી જેની દશા હોય તે થોડા કાળમાં મુક્ત બની જાય ખરો.

**સવાલ :** સહેતુક, જ્ઞાનપૂર્વક, સ્વેચ્છાએ, સ્વસામર્થ્યથી શારીરિક તાદાત્મ્યભાવ યાને અદ્વૈતભાવની શક્તિ પોતાના દેહ ઉપર પ્રગટે અને બીજાઓનાં રોગો-દર્દો-આદિ પોતામાં વ્યક્ત કરી શકે, એવાં લક્ષણને મુક્તની સ્થિતિનું અચૂક સૂચક ચિહ્ન લેખી શકાય ખરું ?

**જવાબ :** જરૂર લેખી શકાય.

**સવાલ :** તમારા ગુરુ શ્રીબાળયોગી કે તમોને અદ્વૈતનો આખરી સાક્ષાત્કાર કરાવનાર શ્રીસાંઈબાબા ?

**જવાબ :** ખરા ગુરુ શ્રીકેશવાનંદજી, ધૂણીવાળા દાદાજી, પરંતુ શ્રીકેશવાનંદજી અને શ્રીસાંઈબાબા વગેરે એક જ ચેતનના આવિર્ભાવ હતા, તેમ શ્રીકેશવાનંદજીને બોલતા સાંભળ્યા છે.

**સવાલ :** તમને પ્રત્યક્ષ સાધનામાં પ્રથમ પ્રવેશ કરાવનાર તો શ્રીબાળયોગી હતાને ? કુંભના મેળામાં મળવા દોડી ગયેલા એ પણ એમને જને ?

**જવાબ :** હા, તેઓ જ.

**સવાલ :** તમોને કદીયે એકવાર પણ સાધનાકાળમાં કે તે પછી પણ સંન્યસ્ત લેવાનો વિચાર ઊઠેલો ખરો ?

**જવાબ :** કદી નહિ. શરૂથી જ જીવનનો સ્વીકાર એ મારું ધ્યેય હતું.

**સવાલ :** આ મૌનએકાંતના ગાળામાં કેટલાક મૌનએકાંતમાં બેસનારાંઓને પ્રત્યક્ષ તમારાં દર્શન થયાંના અનુભવો તેઓ

જણાવે છે. તો આ 'પ્રત્યક્ષ' એટલે માનસિકપણે કે ચર્મચક્ષુ વડે ?

**જવાબ :** માનસિકપણે નહિ, પણ ચર્મચક્ષુ વડે. ખુલ્લી આંખે, જાગ્રત દશામાં,સ્થૂળ સદેહે જોઈ શકે છે અને તે શક્ય છે.

**સવાલ :** એમ સાંભળ્યું છે, કે તમો, સાધનાકાળમાં તમારાં મળમૂત્રનો ખાવાપીવામાં ઉપયોગ સાધનાના હેતુ અર્થે ઘણા દિવસ કરેલો. એ સત્ય હકીકત છે ?

**જવાબ :** હા, એ સત્ય છે.

**સવાલ :** તે કેવી રીતે ક્યારે બધું બનેલું ? તે જો હરકત ના હોય અને જણાવી શકશો તો આભાર થશે.

**જવાબ :** એકવાર ગૂજરાત હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્ય પ્રદેશમાં સાધનાર્થે એકાંતમાં ગયો હતો. તે વેળા લગભગ ચોવીસ પચીસ દિવસ બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું પીણું લીધા વિના માત્ર મારો મળ જે રોજેરોજ છેલ્લા દિવસ સુધી સહજમેળે નીકળતો, એ જ હું ખાતો અને પેશાબ જે થતો તે પીતો. આથી, શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી અને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી.

**સવાલ :** મળ ખાતાં સૂગ ચડતી ન હતી ? પેશાબ પીતાં તો જાણે સમજી શકાય છે, કે એટલી સૂગ ના હોઈ શકે.

**જવાબ :** મળમાં દુર્ગંધ લાગતી ન હતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણે એવું બધું શક્ય બની શકે છે.

**સવાલ :** આવો પ્રકાર અઘોરીની સાધનાનો પ્રકાર કહી ના શકાય ? એવી સાધના આવશ્યક ખરી ? તમોને કોઈએ સૂચવેલું કે આપમેળે કરવાનું બનેલું ?

**જવાબ :** જરૂર, અઘોરીનો પ્રકાર ગણી શકાય. એવી સાધના હરેકને આવશ્યક જ હોય એમ કદી ના ગણી શકાય. મને કોઈએ સૂચવ્યું ન હતું. આપમેળે જ મને તેમ કરવાને ઊગેલું.

**સવાલ :** એટલેથી ભૂખતરસ શમી શકતી ?

**જવાબ :** હા, શમી શકતી. પૂરતું થઈ રહેતું.

**સવાલ :** તમોને આખરી અદ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૯માં થયા પછી મુક્તદશા તરત જ શરૂ થયેલી કે થોડો સમય વચગાળે પસાર કરવો પડેલો ?

**જવાબ :** દ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૪માં થયા પછી પાંચ વર્ષે અદ્વૈતનો સાક્ષાત્કાર થયેલો અને નીરવતાનો સાક્ષાત્કાર ૧૯૩૦માં થતાં નવ વર્ષનો ગાળો વીતેલો. એમ ૧૯૩૯ના અદ્વૈતના સાક્ષાત્કાર બાદ તરત જ તે ક્ષણથી જ મુક્તની દશા પ્રવર્તે છે.

**સવાલ :** એક બહેનને તેના પતિ સાથે અમુક મહત્ત્વના કારણસર મતભેદ થતાં, તે બહેને તેના પતિના ઘરને તિલાંજલિ આપેલી અને જુદી રહેલી. કુટુંબ સુપ્રતિષ્ઠિત છે. કારણ મહત્ત્વનું હોવા છતાં એવું તો ન હતું કે તેનો સંતોષકારક નિવેડો ના લાવી શકાય, આ સંજોગોમાં પાછળથી તે બહેન તેમના સાસરે જવા લલચાયેલાં પણ તેમણે શ્રી..ની (એક મુક્તાત્માની) સલાહ લીધી અને તેઓશ્રીએ તે બહેનને સુમેળની

ભાવના તરફ ના ખેંચતાં ઉદ્દામ સલાહ આપી. અને લોકોનો ડર ના રાખવા તથા જીવનને અમુક રીતે વહેવડાવવાની અવહેવારુ અને વર્તનમાં તેને માટે અશક્ય એવી સલાહ આપી. પરિણામે તે બહેને છૂટાછેડા કોર્ટે ચડીને લીધા અને બંને (પિયર અને શ્વસુર) પક્ષોને છાપે ચડાવ્યા અને પ્રતિષ્ઠા-હાનિ કરી. હવે, આ ટાંકણે જ્યારે બાઈ તેના શ્વસુરગૃહે જવા કંઈક મનવાળી થઈ હતી, ત્યારે જો સુમેળની ભાવનાનું સમર્થન શ્રી...થી થયું હોત, તો મને લાગે છે, કે તે બહેનનું ગાડું ચીલે પડી ચૂક્યું હોત, જ્યારે આ તો હંમેશને માટે વિચ્છેદ થઈ ગયો. બાળકોએ માતા ગુમાવી. માતાએ બાળકો ખોયાં,પતિ ખોયો, શ્વસુરગૃહ ગુમાવ્યું અને હવે તે બહેન આધ્યાત્મિક કક્ષાએ કેટલી રહી શકશે કે રહેલી હશે તે રામ જાણે. આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે ?

**જવાબ :** શ્રી...ની એવી સલાહ અવહેવારુ જરૂર હતી. તેઓ એક મુક્ત પુરુષ ખચીત છે જ, પણ ઘણી વાર પ્રૅક્ટિકલ-વહેવારુ - નહિ હોવાના કારણે અને અમુક ઊંચી કક્ષાએથી જ વાતો કરવાની તેમની ખાસિયતને કારણે પણ જેને જે સલાહ દેવાય છે, તે તેને જીરવી શકશે કે કેમ ? તથા તે વ્યક્તિની ચાલુ જીવનની કક્ષાએ એ બંધ બેસતી થઈ શકશે કે કેમ ? તેની પરવા રાખ્યા વિના તેઓશ્રી સલાહ આપે છે, અને આવા કિસ્સાઓમાં કેટલીક વાર તે સલાહ લેનાર વ્યક્તિનું સ્થૂળ રીતે અહિત પણ થઈ જવા પૂરો સંભવ રહે છે.

જે કોઈ મુક્તાત્મા હોય છે તેઓને પોતપોતાની આગવી વ્યક્તત્વની લઢણ હોય છે. દરેક મુક્તાત્માની જીવનની સરણી-

પદ્ધતિ જુદી જુદી હોય છે અને દરેકની વિશિષ્ટ જુદી જુદી પદ્ધતિ પણ હોય છે. દરેક જણ તેની કને આવનાર જીવને અમુક રીતની જ સલાહ આપે તેવું કશું નથી હોતું. દરેક મુક્તાત્માના જીવનની પાછળ તેના વ્યતીત થયેલા સમગ્ર જીવનને તથા જીવનવિકાસની સાધનાને અર્થે જે રીતે અને જે ભાવનાથી અને જે ટેક્નિકના સાધનથી મથવાનું બન્યું હોય છે, તે તે બધાંમાંથી વ્યક્ત થતું એક સહજ ધોરણ તેના જીવનમાં પ્રગટે છે. તેના તેના આધારે તે તેવી સલાહ તે તે જીવોને આપતો હોય છે. આ ઉપરાંત, જુદા જુદા દેશના અને જુદી જુદી સંસ્કૃતિમાં કેળવાયેલા જીવાત્માઓ મુક્તદશાને પામે છે, તોપણ તેની પાછળ જે તેનો અભ્યાસ અને મૂળગત સંસ્કૃતિ છે, તેનો પણ પડઘો તેવા તેવા બીજા જીવોને અપાતી સલાહમાં પડ્યા કરતો હોય છે.

**સવાલ :** મુક્તના હાથે અહિત થાય ખરું ? સાધારણપણે તો એવી સમજ પ્રવર્તે છે, કે મુક્ત જે કંઈ કરે, જે કંઈ સલાહ આપે તેથી સામી વ્યક્તિનું અહિત કદી ના થાય, શ્રેય જ થાય.

**જવાબ :** તેવું હંમેશ ના પણ બને. મુક્તને પોતાને તેવી સલાહનું બંધન ના નડે, કારણ તે સ્વયં તો સલાહ દેતો નથી. માગવા આવે છે ત્યારે અપાય છે અને તે પણ રાગદ્વેષથી પર છે, પરંતુ સલાહ જેને અપાઈ હોય તે વ્યક્તિનું તેવી સલાહથી કદીકને સ્થૂળ રીતે અહિત થવા પૂરી વકી રહી શકે છે ખરી. પ્રથમ તો સલાહ લેવા આવનારને સંપૂર્ણ શ્રદ્ધા જો હોય તો તેને શ્રદ્ધાને કારણે માનસિક શાંતિ રહે છે, પણ કોઈકની

બાબતમાં તેનું સ્થૂળપણે અહિત થવાની પણ શક્યતા રહે ખરી. તેમ છતાં તેની આંતરિક શ્રદ્ધા તેને તેના શ્રેય પંથે લઈ જાય ખરી, પરંતુ ઘણા મોટા ભાગના લોકોમાં આવી પૂર્ણ શ્રદ્ધા હોતી નથી. સગડગવાળી શ્રદ્ધાને કારણે તેવી સલાહ હંમેશ શુભ ફળદાયી બને જ એમ ના પણ બને. અવહેવારુ, સમગ્ર પરિસ્થિતિને અવલોક્યા વિનાની, જે સલાહ તે સંજોગોમાં અપાઈ હોય, તે ભલેને મુક્ત તરફથી તે હોય તોપણ હંમેશ હિતકર જ નીવડશે એમ ના કહી શકાય. મુક્ત-હરેક મુક્ત-વહેવારુ જ હોય તેવું ના પણ બને. સાંસારિક ઘટનાઓમાં તેવાની સલાહ કામયાબ ના પણ નીવડે. મુક્તની વાણી ફળવાનો આધાર સલાહ લેનારની શ્રદ્ધાની ભૂમિકા તથા સ્વીકારાત્મક-ગ્રહણાત્મક શક્તિ ઉપર પણ અવલંબે છે, જે બધાંનામાં હોવા સંભવ નથી. મુક્તની સલાહ ખાસ કરીને જીવનશ્રેય યાને આત્મકલ્યાણની બાબતમાં શ્રેયસ્કર નીવડી શકે છે, જ્યારે ઐહિક કે સ્થૂળ લાભાલાભની બાબતમાં સ્થૂળ લાભ જ થાય તેમ ચોક્કસપણે ના કહી શકાય.

॥ હરિઃૐ ॥

## પરિશિષ્ટ : ૧

# પૂજ્ય શ્રીમોટા-જીવનવૃત્તાંત

(સાક્ષાત્કાર પશ્ચાત્ - એક સંક્ષેપ)

લેખક : **ઈંદુકુમાર દેસાઈ**

પૂજ્ય શ્રીમોટાના જીવનપ્રસંગો ચમત્કાર જેવા લાગે પણ તે ચમત્કાર નથી, વાસ્તવિક નક્કર હકીકત છે. એ હકીકતોને આધારે જ તેઓ ચૂનીલાલમાંથી પૂજ્ય શ્રીમોટા નામના મહાન સંત બન્યા છે. જીવન્મુક્ત બન્યા પછી ઊર્ધ્વમાં ઊર્ધ્વ કક્ષાએ પૂજ્ય શ્રીમોટાનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેમનાં સ્વજનોનો બહોળો વિસ્તાર થતો ગયો. ૧૯૨૨ થી ૧૯૩૯ સુધી જે ગૂજરાત હરિજન સેવક સંઘનું કામ કરતાં કરતાં એમણે પોતાનું જીવનધ્યેય પ્રાપ્ત કર્યું, તે સંસ્થામાંથી પોતાની માની રજા મેળવી છૂટા થયા. સાક્ષાત્કારની સિદ્ધિ બાદ અનેકાનેક વ્યક્તિઓ તેમના સંબંધમાં આવવા લાગી. તે બધાંએ સહજ રીતે પૂજ્ય શ્રીમોટા પાસેથી આધ્યાત્મિક દોરવણી લેવા માંડી. પૂજ્ય શ્રીમોટાએ પણ તેઓને સાધના અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપવા માંડ્યું. કેટલાક નવા ભક્તો પણ મળ્યા. આ આત્મીય સ્વજનોમાંથી કેટલાંકને ત્યાં પૂજ્યશ્રી થોડા દિવસો સુધી તેમના આમંત્રણથી રહેતા પણ ખરા.

આવાં સ્વજનોમાંના એક શ્રી નંદુભાઈ પણ ખરા. જોકે તેઓ સાબરમતી, ગાંધી આશ્રમમાં ગાંધી વિચારસરણીથી રંગાઈ સેવાભાવે રહેતાહતા, છતાં તેઓ દક્ષિણ ભારતમાં ત્રિચિનાપલ્લી અને કુંભકોણમ્‌માં આવેલી હીરા અને સોનાચાંદીની વેપારી પેઢીના ભાગીદાર પણ હતા. તે નિમિત્તે ત્યાં પૂજ્યશ્રીને દક્ષિણ

ભારતમાં જવાનું થતું. કુંભકોણમ્ અને ત્રિચિના એ પરિવારના મકાનમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી મૌનઓરડાની યોજના પણ અમલી બનેલી. સાબરમતી, ગાંધી આશ્રમમાં મીરાંકુટિરની અંદર પણ મૌનઓરડો શરૂ કરવામાં આવ્યો હતો. પૂજ્ય શ્રીમોટા છ મહિના દક્ષિણ ભારતમાં અને છ મહિના અન્યત્ર મુંબઈ, કરાંચી, અમદાવાદ, સાયલા વગેરે સ્થળોએ ભક્તોને ત્યાં વારાફરતી રહે. આથી, એમના ભક્ત શ્રી હેમંતકુમાર નીલકંઠને એમ વિચાર ઊગ્યો કે આમ, વિવિધ સ્થળોએ ફરતાં રહેવા કરતાં જો એકાદ સ્થળે આશ્રમની સ્થાપના થાય તો જીવનવિકાસનો હેતુ સારી રીતે સાધી શકાય. તેમણે પૂજ્ય શ્રીમોટા સમક્ષ એ પ્રસ્તાવ મૂક્યો. શ્રીમોટાએ જવાબ આપ્યો : ‘મકાન માટે ત્રીસેક હજાર રૂપિયા મળે અને એક લાખ રૂપિયા રોકડા મળે તો આશ્રમ શરૂ કરું.’ આ બન્યું ૧૯૪૭માં. શ્રી હેમંતભાઈ વારંવાર આ વાત પર શ્રી નંદુભાઈનું લક્ષ ખેંચતા. આખરે બંનેએ મળી પરિપત્ર કાઢ્યો અને પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલી વ્યક્તિઓ અને પોતાના ઓળખીતાઓમાં તે પરિપત્ર ફેરવ્યો. આના પરિણામે રૂ. ૨૫,૦૦૦/- રોકડા મળ્યા અને બાકીનાંનાં વચનો મળ્યાં. તે બધું મળીને કુલ રૂ. ૮૮,૦૦૦/- જેટલી રકમ થઈ. એક ભાઈએ મકાન આપવાનો પણ પ્રસ્તાવ રજૂ કર્યો. પાછળથી પૂજ્યશ્રીએ કોઈક વિશિષ્ટ કારણસર એ પૈસા બધાંને પરત કરાવડાવ્યા. શ્રી નંદુભાઈના મામા અને એન. ગોપાલદાસની પેઢીના વડીલ ભાગીદાર શ્રી ગોપાલદાસભાઈએ કુંભકોણમ્ અને ત્રિચિમાં ઘણી જગાઓ જોઈ. ત્રિચિમાં એક મકાન તેમને પસંદ પડ્યું. પૂજ્યશ્રીને તે

બતાવ્યું પણ ખરું, પરંતુ તેમને તે પસંદ ના પડ્યું. શ્રી નંદુભાઈએ નર્મદા કિનારે પણ કેટલીક જમીનો જોઈ. શિનોરમાં તો પૂજ્યશ્રીને પસંદ પડેલી અને તેમની સંમતિ મળેલી એવી એક જમીન નક્કી કરી બાનાના પૈસા પણ આપી દીધા હતા, પરંતુ પાછળથી આપનારના મનનો વિચાર બદલાયો એટલે ના પાડી. આખરે ૧૯૫૦માં હાલની કુંભકોણમ્ આશ્રમવાળી જમીન પસંદ પડી, પરંતુ પૂજ્યશ્રીની ઇચ્છા પોતાને પૈસે જ લેવાની હતી. એમની પાસે તે વખતે માત્ર ૩૦૦૦/-(ત્રણ હજાર) રૂપિયા હતા. શ્રી ગોપાલદાસમામાએ કહ્યું, 'ત્રણ હજારમાં કેમ કરીને થશે ?' એમ કહી પોતે પૈસા આપ્યા. અને પૂજ્યશ્રીને મનાવ્યા કે જ્યારે તમારી ઇચ્છા થાય ત્યારે પાછા વાળજો. પાંચ હજાર રૂપિયામાં એ જમીન ખરીદાઈ. અને વીસ હજાર રૂપિયા મકાનમાં નાખ્યા. એ ગોપાલદાસ મામાએ સ્વદેખરેખ હેઠળ આશ્રમના ઓરડાઓ બંધાવ્યા. આમ, ૧૯૫૧માં કુંભકોણમ્માં મૌનઓરડા સાથેનો આશ્રમ શરૂ થયો.

પાછળથી ગુજરાતમાં પણ આવો એકાદ આશ્રમ હોય તો સારું એવો વિચાર શ્રી હેમંતભાઈને ઉદ્ભવ્યો. ૧૯૫૫માં શેઢી નદીને તીરે હાલનો નડિયાદ આશ્રમ શરૂ થયો. જોકે પહેલેથી જ પૂજ્યશ્રીના ધ્યાનમાં આ જગ્યા હતી ખરી. શ્રીબાળયોગી મહારાજે ડભાણના હાજી મંજિલમાં જ્યારે એમને દીક્ષા આપી ત્યાર બાદ વિવિધ સ્થળોએ સાધના માટે ફેરવેલા. તેમાં આ પણ એક જગ્યા હતી. આજના એ વિશાળ વડલા પર આખી રાત બેસાડી નામસ્મરણ એમણે કરાવેલું. મૂળ એ જગ્યા

કબીરપંથી સાધુઓની હતી, પરંતુ ત્યાર બાદ હવડ પડેલી એ જગ્યાની ઊંડી તપાસ કરતાં જણાયું કે એ સરકારની માલિકીની હતી. પૂજ્યશ્રીએ સરકાર પાસેથી એ મામૂલી કિંમતમાં ખરીદી લીધી. શરૂઆતમાં બે મહિના શ્રી હેમંતભાઈ નીલકંઠ એકલા ત્યાં રહ્યા. કશું કોઈ સાધન ના મળે. એકલા દૂધ પર દોઢ માસ કાઢેલો. આખરે આજના સ્વરૂપે એ આશ્રમ વિકાસ પામ્યો. શરૂઆતમાં પતરાંની એકમાત્ર ઓરડી હતી. આશ્રમે આવતા ભક્તોના સહકાર અને શ્રમયજ્ઞથી એક પછી એક એમ ત્રણચાર ઓરડાઓ થયેલા. પછી તો જેમ જેમ પૂજ્યશ્રીનું કાર્યક્ષેત્ર વિસ્તરતું ગયું તેમ તેમ ઘુંમટવાળા મૌનઓરડાઓ પણ ભક્તોએ પોતે ખર્ચ આપીને બંધાવ્યા.પૂજ્યશ્રી તો પોતે વધુ ખર્ચ કરવામાં માને નહિ, પણ કોઈ સૂચન કરે તો કહેતા, 'ચેક વગરનું સૂચન નકામું.' સલાહસૂચનો તો ઘણાં બધાં લોકો કરે પરંતુ એ કરનારે પોતાની જવાબદારીનો પણ સાથે સાથે સ્વીકાર કરવો જોઈએ. એવી પૂજ્યશ્રીની વિચારપ્રણાલીને અનુરૂપ બધું વિકસતું ગયું.

૧૯૫૬માં સુરત આશ્રમની સ્થાપના થઈ. રાંદેર વિસ્તારમાં જહાંગીરપુરા ગામની બાજુમાં તાપી તટે કુરુક્ષેત્રનું સ્થળ આવેલું છે. તેની બાજુમાં આ આશ્રમ સ્થપાયો. ચોર્યાસી તાલુકાના આગેવાન કૉંગ્રેસી કાર્યકર, રાષ્ટ્રીય લડતોમાં અનેક વાર જેલવાસ ભોગવનાર, ધરાસણાના અણનમ સત્યાગ્રહી એવા કતારગામના પાટીદાર શ્રી ભીખુભાઈ પટેલ, આઝાદી આવ્યા બાદ પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આકર્ષાયા. તેમણે આ આશ્રમ સ્થાપવાનું બીડું ઝડપ્યું. તે વેળા કુરુક્ષેત્રની ધર્મશાળામાં શ્રી

ભીખુભાઈ, શ્રી ઝીણાભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી ચૂનીભાઈ વગેરેએ મૌનઓરડાની વ્યવસ્થા ઊભી કરીને ત્યાં ૧૯૫૪થી મૌનમાં બેસતા. જહાંગીરપુરા ગામ કડવા પાટીદારોની વસ્તીવાળું ગામ. ૧૯૫૫ના મે મહિનામાં પૂજ્ય શ્રીમોટા આવેલા ત્યારે આશ્રમ કરવાની વાત નીકળી. તે વખતે આ જમીન પર નજર પડેલી. એ લેવા માટે એઓએ સૂચના કરેલી. એ જમીનનો ઉપયોગ ઢોરોના ચરણ તરીકે જ થતો હતો. શ્રી ભીખુભાઈએ એના માલિક મારવાડી વાણિયા સમક્ષ જમીન વેચાતી લેવાની દરખાસ્ત મૂકી, પરંતુ શ્રી ભીખુકાકાને વાઢી ઘસીને ના પાડવામાં આવી. એ દરમિયાન પૂજ્યશ્રી એ જમીન જોઈ ગયેલા અને ત્રણસો ચારસો રૂપિયામાં મળે તો લેવી એવી ઇચ્છા વ્યક્ત કરેલી. આખરે શ્રી ભીખુભાઈએ તે સમયના સુરતના એક આગેવાન નાગરિક શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીની મદદ લઈ એ સોદો રૂ. ૩૭૧/-માં પતાવેલો. આ ખરીદી બાદ એ જમીનને સાચવવા અને કેળવવા પૂજ્યશ્રીએ શ્રી ઝીણાભાઈને કુરુક્ષેત્રની ધર્મશાળામાં રહેવા કહેલું. ધર્મશાળા ખુલ્લી હતી અને સામે જ મડદાં બળતાં. શ્રી ઝીણાભાઈએ ત્યાં રહીને આ જમીનની આસપાસ મેંદીની વાડ કરી અને ધીરે ધીરે જમીન સુંદર બનાવી. કૂવો પણ કરવામાં આવ્યો. આજે ત્યાં આયોજનપૂર્વકનાં સુંદર મકાનો આવેલાં છે. એ જમીનને સુંદર બાગાયતી જમીનમાં ફેરવી રળિયામણો બગીચો તૈયાર કરવામાં સ્વ. શ્રી ભીખુભાઈ અને સ્વ. શ્રી ઝીણાભાઈએ ઠીક ઠીક પરિશ્રમ કર્યો છે. નડિયાદ આશ્રમ, સુરત આશ્રમની સરખામણીમાં ગ્રામીણ લાગે. નડિયાદમાં શિવની જટા જેવો

વિરાટ વડલો છે ખરો, પરંતુ બીજી રીતે તે તદ્દન સાદો છે. પૂજ્યશ્રી પોતાની લાક્ષણિક ઢબે નડિયાદ આશ્રમને પોતાના શિવધામ અને સુરત આશ્રમને પોતાના વિષ્ણુધામ તરીકે ઓળખાવતા.

આજે એ નડિયાદમાં ૯ અને સુરતમાં ૯ મૌનઓરડાઓ છે. પૂજ્ય શ્રીમોટાને પોતાના સાધનાકાળ દરમિયાન એકાંતવાસ અંગે ખૂબ મુશ્કેલી નડેલી. ક્યાંક દૂર નિર્જન ડુંગરાળ પ્રદેશમાં ચાલ્યા જતા. ત્યારે શરૂઆતમાં ત્રણચાર નકોરડા ઉપવાસ પણ થતા. પછી પ્રભુકૃપાએ કોઈ ને કોઈ આવી ચડતું અને પ્રસાદ ધરી જતું, પરંતુ એમ થવામાં અન્ય વ્યક્તિ સાથે વહેવાર શરૂ થતો અને એટલા પ્રમાણમાં આત્યંતિક એકાંતની જરૂરિયાત જોખમાતી. એમના આવા અનુભવોમાંથી એમને એવો સતત વિચાર આવતો કે સાધકની પોતાની તમામ દૈનિક જરૂરિયાત સંતોષાય છતાં એને બહારની દુનિયાની કોઈ પણ જાતની ખલેલ પેદા ના થાય એવી કોઈ વ્યવસ્થા કરી શકાય ખરી ? આ વિચારમાંથી હાલનાં મૌનમંદિરો ઉદ્ભવ્યાં છે અને તે ભારતભરમાં એની વિશિષ્ટતા માટે અજોડ છે. એ છે આધુનિક સગવડ સાથેની જાણે જૂના જમાનાની ગુફાઓ. અંદર પ્રવેશ મેળવનાર વ્યક્તિ નામસ્મરણ, ધ્યાન, ભજન, કીર્તન કે અન્ય સાધનો દ્વારા પોતાની સાધના કરે છે અને ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ આદરે છે. આ ગાળા દરમિયાન ચિત્ત પર ભગવાનના નામના જે શુદ્ધ સાત્ત્વિક સંસ્કારો પડે છે, તે વજ્રલેપની માફક ચોંટી જાય છે. આથી, એ વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ સરળ બને છે. એની અંતર્મુખતા વધે છે

અને બહિર્મુખતા ઘટે છે. જપ, ધ્યાન, ભજન,કીર્તન, મનન, ચિંતવન, આત્મનિવેદન આદિ સાધનોનો ઊંડો અભ્યાસ થતાં કાળક્રમે મનના સંકલ્પવિકલ્પ પર કાબૂ આવતો જાય છે. વિચારોની સાંકળ બંધાતી અટકે છે. આને માટે મન, શરીર અને ઇંદ્રિયોને એમની પડેલી ટેવોમાંથી બહાર કાઢવાની જરૂર પડે છે. આથી, ઉજાસ વગરના ઓછી હવાવાળા અંધારાનું આયોજન કરવામાં આવ્યું છે. એ ઓરડામાં બહારના વાતાવરણનાં આંદોલનો પ્રવેશી શકતાં નથી. વળી, એક પછી એક બેસનારનાં નામસ્મરણનાં આંદોલનો ત્યાં જળવાઈ રહે છે. તે લાભકારક બને છે. બહાર જે રીતે રહેતા હોય તેના કરતાં તદ્દન ઊલટી રીતે અંદર રહેવાનું છે. સાધના કરવી એટલે જ પડેલી ટેવોને ઉલટાવવી - પ્રકૃતિને પલટાવવી. બહારનાં દશ્યો, અવાજ વગેરે અંદરની વ્યક્તિને નહિ મળવાથી તેનું મન આપોઆપ પોતાના અંતર ભણી વળે છે, પોતા વિશે વધુ વિચારવા તરફ વળે છે. આથી, મૌનઓરડા સ્વચિંતનમાં સહાયભૂત થાય છે. પરિણામે વૃત્તિ અને વિચારોનું મૌન કેળવાય છે.

મૌનમંદિરોમાં બેસવા માટે કોઈ પણ ધર્મ, સંપ્રદાય કે ગુરુપરંપરાનો ભેદ રાખવામાં આવતો નથી. ખ્રિસ્તી, મુસ્લિમ તેમ જ પારસી ભાઈઓ પણ એનો લાભ લે છે. પૂજ્ય શ્રીમોટાને જ ગુરુ માનવા કે 'હરિઃૐ' નું જ રટણ કરવું, એ ફરજિયાત નથી. જો બેસનાર ઇચ્છે તો જ તેને સલાહ કે માર્ગદર્શન આપવામાં આવે છે. વ્યક્તિ સ્વેચ્છાથી પોતાને ખર્ચે બેસે છે. ૭-૧૪-૨૧ કે તેથી પણ વધારે દિવસો માટે બેસી શકાય છે,

પરંતુ એ ગાળો અગાઉથી નિશ્ચિત કરી લીધેલો હોવો જોઈએ. કેટલાંક તો વર્ષે એકબે વખત નિયમિત મૌન લેવા આવે છે. મૌનઓરડામાં આરામથી સૂઈ શકાય એવો હિંડોળાખાટ, વાંચવાલખવા માટે ખુરશીટેબલ, મચ્છરદાની, વીજળીનો ટેબલલૅમ્પ, ઉપાસના માટેનો બાજઠ, ઘડિયાળ, પાણી માટેની માટલી અને પ્યાલા, અલગ સંડાસ બાથરૂમ તથા સામાન મૂકવાની નાની ઓરડી જેવી જગ્યા, ચોવીસ કલાક પાણીની વ્યવસ્થા, પૂજ્ય શ્રીમોટા રચિત પુસ્તકો વગેરે સુવિધાઓ છે. બેસનારની સ્વપસંદગીનાં ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકો પણ લઈ જવાની છૂટ હોય છે. કોઈક વાર જરૂર પડે તો તાકીદના બેલની પણ વ્યવસ્થા છે. સવારે ૪-૪૫ વાગ્યે ચા, ૧૦ વાગ્યે ભોજન, બપોરના ૧-૪૫ વાગ્યે ચા અને સાંજે ૫-૦૦ વાગ્યે ભોજન આપવામાં આવે છે. ભોજન તદ્દન સાદું હોય છે. સવારે દાળ, ભાત, ભાખરી અને શાક અને સાંજે ભાખરી શાક અથવા કઠોળ અપાય છે. સાંજે કદીક ફેરબદલીમાં ખીચડી, મૂઠિયાં, દાળઢોકળી આદિ વસ્તુ આપવામાં આવે છે. મિષ્ટાન્ન કે તળેલું આશ્રમમાં કદી કરવામાં આવતું નથી. કોઈકને ત્યાંથી કદીક આવેલા પ્રસાદમાં મિષ્ટાન્ન હોય તો અપાય ખરું. મૌનઓરડાને એક એવી બારી હોય છે, જે અંદર પણ ખૂલે અને બહાર પણ ખૂલે, બહારથી વસ્તુ બારીમાં મૂકી બારી બંધ કરી પછીથી 'હરિઃૐ' કહીને પોકાર કરવામાં આવતાં અંદર બેઠેલી વ્યક્તિ પોતાના તરફની બારી ખોલીને તે સ્વીકારે છે, કોઈ કોઈનું મોઢું જોતું કરતું નથી.

અંદર બેસવા માટે મૌનાર્થીઓને કેટલાક મહિના અગાઉથી

દિવસો નિશ્ચિત કરાવી લેવા પડતા હોય છે. મૌન પૂરું કરનાર અને મૌનઓરડામાં પ્રવેશ કરનારાઓ રવિવારે એકત્રિત થઈ નામસ્મરણ, ભજન અને આરતી દ્વારા સમૂહ પ્રાર્થના કરે છે. તે સિવાય બીજો કોઈ સામૂહિક કાર્યક્રમ આશ્રમમાં હોતો નથી. આ મૌનમંદિરો એ આશ્રમની પાયાની પ્રવૃત્તિ છે.

પ્રસ્તુત પુસ્તક **'જીવન દર્શન'**માં પૂજ્યશ્રીના કેટલાક ઇંદ્રિયાતીત અનુભવો આલેખાયેલા છે. એવો એક અનુભવ કેરાપટ્ટી ત્રિચિનાપલ્લીમાં (તામિલનાડુ, દક્ષિણ ભારત) પૂજ્યશ્રીને ૧૯૪૨માં થયેલો. પૂજ્યશ્રી એ અનુભવને આ રીતે વર્ણવતા - એક દિવસ વડની નીચે હીંચકા પર એઓ બેઠા હતા, ત્યારે શ્રીસદ્‌ગુરુ એમને પ્રત્યક્ષ થયા અને કહ્યું, 'બેસી શું રહ્યો છે ? કંઈક કર.' એમણે પૂછ્યું, 'શું કરું ?' શ્રીસદ્‌ગુરુએ કહ્યું, 'સમાજ પાસેથી લઈ સમાજને પાછું અર્પણ કર.' પૂજ્યશ્રીએ જણાવ્યું, 'હું કેમ કરીને માગું ? મને કોણ આપે ? મારી સ્થિતિ તો એવી કંગાલ છે, કે આ નડિયાદમાં મને કોઈ પાંચ રૂપિયા પણ ઉછીના ના આપે. અને જો આપે તો તેનું ઋણ હું પાછું કેવી રીતે વાળું ?' શ્રીસદ્‌ગુરુએ કહ્યું, 'તું માગવા માંડ. હું તારી પાછળ છું. લોકો તને આપશે. તને આપ્યાનું ઋણ અદા કરવાની જવાબદારી મારી, પણ તું મૌલિક કામ કરજે. ચીલેચલુ ચાલીશ નહિ.' આ છે પૂજ્ય શ્રીમોટાની દાનપ્રવૃત્તિ પાછળ રહેલો રહસ્યમય પ્રસંગ અને આધ્યાત્મિક આધાર. કેટલાક પૂજ્યશ્રીને માત્ર નિર્ભેળ સામાજિક સેવા કરનારા સંત જ ગણે છે, પરંતુ એમની આ સામાજિક સેવાનો પાયો આધ્યાત્મિક છે, એ હકીકતથી લોકો અજાણ છે. પોતાના સદ્‌ગુરુના હુકમનું પાલન એ જ

એમની દાનપ્રવૃત્તિયુક્ત સામાજિક સેવાનું રહસ્ય. હુકમપાલન એ જ એમને માટે સર્વસ્વ હતું. એ હુકમનું અક્ષરશઃ પાલન એમણે કરી બતાવ્યુ.જે જે લોકકલ્યાણની પ્રવૃત્તિ એમણે આદરી, એ મૌલિક તો છે જ અને એની તંત્રવ્યવસ્થા પણ અનોખી ઢબની છે. જે પ્રવૃત્તિ માટે દાન કરવાનાં હોય તેનું લક્ષ્યાંક અને સંકલ્પ એઓ પહેલાં જાહેર કરતા અને પછી તે અંગેનું ઉઘરાણું કરતા. ઘેર ઘેર એમની પધરામણી થતી. એને માટે એઓ એમની લાક્ષણિક ઢબે કહેતા, ‘કોઈ નિમંત્રે અને દક્ષિણા આપે તો એમને ત્યાં એક દિવસ માટે રોટલા ખાવા જવું છે.’ અને નિમંત્રણ આવે ત્યારે સ્પષ્ટ જણાવતાં, ‘ભાઈ ! તમે મને તેડવા આવ્યા છો, હું તો ચાહીને ચોખા મૂકવા નથી આવ્યો, તો આવવા માટેની મારી દક્ષિણા આપો.’ શરૂઆતનાં વર્ષોમાં દક્ષિણાનો આ આંકડો નાનો હતો, પરંતુ એમની પ્રવૃત્તિ પણ દિનપ્રતિદિન વિકસતી જતાં બહોળા જનસમાજને સ્પર્શવાનું બન્યું. રૂપિયાનું મૂલ્યાંકન પણ દિનપ્રતિદિન ઓછું થતું ગયું. એટલે દક્ષિણાની રકમ પણ વધી. છેવટે ઓછામાં ઓછી રૂ. ૧૦૦૧/-ની દક્ષિણા ના હોય તો ક્યાંય ના જતા. લોકો માત્ર એટલું જ આપીને બેસી રહેતા ન હતા. ઘણાં પોતાની શક્તિ અનુસાર એનાથી ચારપાંચગણી અને વળી કોઈક વાર દસગણી રકમ પણ ભેટ ધરતા. એઓની જ્યાં પધરામણી થવાની હોય તે કાર્યક્રમની બહોળા ભક્ત સમાજને જાણ થતી. એટલે આખો દિવસ ભક્તોનો તેમ જ યજમાનનાં સગાંસંબંધી તેમ જ વ્યવસાયી સંબંધીઓનો પ્રવાહ એકધારો વહેતો. તેઓ બધાં ચરણવંદના કરતી વેળા પાસે મૂકેલી થાળીમાં યથાશક્તિ

રકમ મૂકતા. આમ, થાળીમાં પણ ઠીક ઠીક રકમ જમા થતી. દક્ષિણા સહિત આ તમામ રકમની તત્કાળ આશ્રમની પહોંચ આપવામાં આવતી. જે જે સ્વજનોને પૂજ્યશ્રીની આંતરચેતનાનો સ્પર્શ થાય તેઓને પણ પૂજ્યશ્રી પોતાને માટે ઉઘરાણું કરવા કહેતા. તેમાં સાધક પોતે નિર્ગ્રંથ બને અને સદ્‌ગુરુ પ્રત્યે એ કર્મ દ્વારા સતત તીવ્ર સ્મૃતિ અનુભવે એ મુખ્ય હેતુ હતો. આ ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો ગુજરાતનાં વિવિધ સ્થળોએ એમનો જન્મદિન, દીક્ષાદિન અને સાક્ષાત્કારદિન એમ ત્રણ ઉત્સવો દર વર્ષે ઊજવતાં, ત્યારે પણ તેમને ચરણે સારી એવી રકમ ભેટ ધરાતી. પોતાનાં સામાજિક ઉન્નતિનાં કાર્યો માટે જ આ ઉત્સવો એ થવા દેતા. એ પ્રસંગોએ જે રકમ એકત્રિત થતી, તે જાહેર કરેલી સંકલ્પવાળી યોજનામાં જમા થતી. આશ્રમમાં આવતા આ દાનપ્રવાહમાંથી આશ્રમનો નિભાવખર્ચ કરવામાં આવતો ન હતો અને હજુ પણ કરવામાં આવતો નથી. આશ્રમ તો ભક્તોએ આખા વર્ષ દરમિયાન અનેક પ્રકારની આપેલી રોકડ તેમ જ ચીજવસ્તુની ભેટો ઉપર નભે છે.

પૂજ્ય શ્રીમોટાએ આદરેલી દાનપ્રવૃત્તિઓનું પૃથક્કરણ કરતાં તેના પાયામાં કાં તો ભાવવિકાસ કે ગુણવિકાસ એ જ મહત્ત્વનો હેતુ જણાશે. એમની દૃઢ માન્યતા હતી કે જે સમાજમાં ગુણ અને ભાવનો વિકાસ નથી થતો, તે સમાજ ગમે તેટલી ઊંચી વાતો કરે પણ આધ્યાત્મિક રીતે તો પંગુ જ રહેવાનો. એમણે કરેલાં દાનો અને તેનાં ક્ષેત્રો એટલાં તો વિસ્તૃત છે, કે તેને માટે એક જુદી પુસ્તિકાની જરૂર પડે, પણ

અત્રે મહત્ત્વનો સંક્ષેપ નીચે પ્રમાણે આપવામાં આવે છે, જેથી તેનો આછો ખ્યાલ આવશે.

જુદાં જુદાં ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સંશોધન માટેના ઍવૉર્ડ્ઝ આપવા મેડિકલ કાઉન્સિલ ઑફ ઇંડિયાને રૂ. ૩ લાખ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રૂ. ૭ લાખ આપવામાં આવ્યા છે. ગરીબ વર્ગને આર્થિક રીતે પોસાય એવાં સસ્તાં ઘરનાં આયોજન માટે હાઉસિંગ ઍન્ડ અર્બન ડેવલપમેન્ટ કૉર્પોરેશન (હુડકો), દિલ્હીને રૂ. ૩ લાખની રકમ સોંપી છે. ઍસોસિયેશન ઑફ સર્જન્સ (ઑલ ઇંડિયા) મદ્રાસને રૂ. ૨ લાખ સુપ્રત થયા છે. ગુજરાતની લગભગ તમામ યુનિવર્સિટીને વિવિધ વિષયો માટે વિષય દીઠ રૂ. ૫૦,૦૦૦/- ગુજરાત રાજ્યકક્ષાએ સંશોધનાર્થે આપ્યા છે. તે વિષયોમાં વનસ્પતિસંરક્ષણ અને સંવર્ધન, માનવસર્જિત રેષારસાયણશાસ્ત્ર, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, સમાજશાસ્ત્ર, ફીઝિક્સ, બાયોકેમિસ્ટ્રી, જીઓકેમિસ્ટ્રી, સોઈલકેમિસ્ટ્રી, ઉષ્ણ કટિબંધના રોગો, ઍંજિનિયરિંગ અને ટેક્નિકલ વિષયો, રંગ અને રંગની બનાવટ, ખારા પાણીમાંથી પીવાનું મીઠું પાણી બનાવવું, આયુર્વેદ, બાગાયત, ખેતીવાડી વિજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. અનાજ, કઠોળ અને પશુ વગેરેનાં સંવર્ધન માટે ઇંડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રીકલ્ચરલ રીસર્ચ (દિલ્હી)ને રૂ. ૩ લાખ આપવામાં આવ્યા છે. જિલ્લા કક્ષાએ ખેડા જિલ્લા પંચાયતને ડાંગર, બાજરી આદિમાં શ્રેષ્ઠ પાક લેવા માટે ૨૫-૨૫ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે. ગુજરાતી, હિંદી, અંગ્રેજી તથા

વિજ્ઞાનની પ્રતિભાશોધ માટે વિવિધ યુનિવર્સિટીઓને વિષયદીઠ લગભગ ૫૦ હજાર રૂપિયા લેખે અપાયા છે.

સમુદ્ર નદી તરણસ્પર્ધા, તરણકુંડસ્પર્ધા, સ્વિમિંગપુલો બાંધવા, અને નદી સમુદ્રની હોડીસ્પર્ધા માટે લગભગ ૯ લાખ રૂપિયા વિવિધ સંસ્થાઓને આપ્યા છે. સંસ્કારપોષક ગુણ-ભાવવિકાસક સાહિત્યનાં પ્રકાશનો માટે વિવિધ સંસ્થાઓને ૩૧ લાખ ઉપરની રકમ આપી છે. જેમાં એન્સાઇક્લોપીડિઆ બ્રિટાનિકા જેવા કક્કાવારી જ્ઞાનકોશ માટે ૧૦ લાખ, જ્ઞાનગંગોત્રી માટે રૂ. ૩ લાખ પચાસ હજાર, કિશોરભારતી, બાલભારતી અને શિશુભારતી માટે ૪ લાખ ૨૫ હજાર, સર્વધર્મ તત્ત્વજ્ઞાનદર્શન માટે ૨ લાખ, વિજ્ઞાન ટૅક્નૉલૉજી સંદર્ભગ્રંથ માટે ૫ લાખ, અંગ્રેજી, ગુજરાતી કોશ માટે દોઢ લાખ, વ્યાયામકોશ માટે ૧ લાખ, વિજ્ઞાનશ્રેણી, જીવનચરિત્ર ગ્રંથશ્રેણી, રામાયણ-મહાભારત-ભાગવત આદિની ત્રિરંગી સચિત્ર કથાઓ, ગુજરાતી વ્યાકરણગ્રંથ, વ્યુત્પત્તિશાસ્ત્ર, વેદગ્રંથશ્રેણી, બાળવાર્તા ગ્રંથશ્રેણી, સાહસ-શૌર્યકથાઓ વગેરે માટે કુલ ૩ લાખ ૪૪ હજાર જેટલી રકમ તથા મેઘાણી, નર્મદ, શ્રીઅરવિંદ, પ્રેમરાય બાપુ, મણિભાઈ નભુભાઈ, બાલાશંકર, ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા માટે આશરે ૧ લાખ, અને સ્ત્રીસાક્ષરોની મૌલિકકૃતિ માટે ૨૫ હજારની રકમો તથા બહેનોને શૌર્ય-મર્દાનગીની તાલીમાર્થે ૧ લાખ રૂપિયા મહાજન શક્તિદળ ટ્રસ્ટ કરીને આપેલા છે.

વિદ્યાર્થીઓ માટે પર્યટનો, પગપાળા પ્રવાસો, સાઇકલિંગ

સ્પર્ધા, દોડકૂદ, પર્વતારોહણ, વ્યાયામ, બોટિંગ, મર્દાનગીની રમતો આદિ માટે ૭ લાખ ઉપરાંતની રકમોનું દાન થયું છે. વેધશાળા માટે ૧ લાખ અને લોકભારતી અને ગંગાજળા વિદ્યાપીઠ વગેરે ગ્રામવિદ્યાપીઠો માટે ૨ લાખ રૂપિયા અપાયા છે. આમ, દાનનાં આંકડા અને ક્ષેત્રો ખૂબ વિસ્તાર પામેલાં છે. એટલે અત્રે બધાંનો સમાવેશ કરવો શક્ય નથી.

આ દાનની ખૂબી એ છે, કે મોટા ભાગની રકમ અકબંધ રહે છે અને તેના વ્યાજમાંથી બધાં પારિતોષિકો, ઍવૉર્ડ્ઝ, શિષ્યવૃત્તિઓ અપાય છે. વહીવટીખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો હોય છે. દર વર્ષે એના હિસાબ હરિઃૐ આશ્રમને મોકલવા પડે છે. રકમ ત્રણ વર્ષ સુધી વણવપરાયેલી રહે તો વ્યાજ સાથે પરત કરવી પડે છે.

પૂજ્ય શ્રીમોટાએ આ કાર્યો માટે ૧૯૬૨ થી ૧૯૭૫ સુધી અવિરત શ્રમ લીધો. આમ, નાદુરસ્ત તબિયતે સતત પ્રવૃત્તિમય રહી કર્મયોગનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ બધું સવારથી સાંજ જુદે જુદે ઘરે ફરવું, માઈલોની મુસાફરી કરવી, અને તે પણ શરીરમાં ઘર કરેલા રોગો સાથે કરવું, તે અસામાન્ય હતું. એ રોગોમાંનો એકાદ પણ જો સામાન્ય જનને હોય તો તે પથારીવશ જ રહે. કમ્મરના બેત્રણ મણકા ઘસાઈ ગયેલા. છેલ્લે છેલ્લે ડોક ઉપરના મણકા પણ ઘસાઈ ગયેલા હોવાથી ખૂબ દર્દ-(Shooting pain) આપતા. છેલ્લાં કેટલાંક વર્ષો તો એઓ ચાલી પણ શક્યા નથી. તેમને પૈડાંખુરશી (વ્હીલચૅર) પર બેસાડીને એક જગાએથી બીજી જગાએ ફેરવવા પડતા. મણકામાંથી સતત પીન ભોંકાય અને અસહ્ય

દુઃખ થયા કરે. સર્પદંશની ગરમી તો શરીરમાં હતી જ. ઝામરને કારણે માથામાં સતત સણકા મારતા હોય. ઍસિડિટી, શરીરમાં પાણી ભરાવું-(Waterlogging), રાંઝણ, ગળાનો દુખાવો, ચામડીની ઍલર્જી, ખંજવાળ વગેરે તો હતાં જ. ભારે હુમલો કરનાર દમ તો એમનો વર્ષોથી સાથી બની બેઠેલો. એમાંથી રાહત અનુભવવા છેલ્લાં વર્ષોમાં ઑક્સિજન લેવો પડતો. વળી, પ્રોસ્ટેટગ્લૅન્ડની તકલીફ તો હતી જ. આવી પીડાજનક નાદુરસ્ત તબિયતે પણ એઓ ફરતા જ રહેતા.

પૂજ્ય શ્રીમોટા આમ તો કવિજીવ હતા. સાધનાકાળમાં પોતાના તમામ ભાવોને વ્યક્ત કરતી પ્રાર્થનાઓ એમણે વિવિધ છંદમાં રચી છે. એ બધાં પુસ્તકો શરૂઆતમાં તો મોટાના નામ વિના જ છપાતાં, પરંતુ પાછળથી જ્યારે 'મોટા' સમાજમાં જાહેરમાં આવ્યા, ત્યારે બધું મળીને એમનાં ૭૦ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

પૂજ્યશ્રીએ લખવા ખાતર કોઈ દિવસ લખ્યું નથી. વિચારી વિચારીને કે વાગોળી વાગોળીને કશું લખવાની ટેવ એમનામાં પહેલેથી જ ન હતી. એમની પાસે આધ્યાત્મિક દોરવણી ઇચ્છતા સ્વજનોને એ જે પત્ર લખતા તે બધા સંગ્રહાયા છે અને પુસ્તકાકારે પ્રગટ થયા છે, એ એમનું ગદ્યસાહિત્ય છે. આ ઉપરાંત, ઉત્તમ પ્રકારની પદ્યરચનાઓનાં પુસ્તકો પણ પ્રગટ થયાં છે. એની ગણના જગતના ઉત્તમ આધ્યાત્મિક સાહિત્યમાં થાય છે. એટલું જ કે એ બધાં ગુજરાતી ભાષામાં લખાયાં છે.

છેલ્લાં પાંચ છ વર્ષમાં બીજા બે પ્રકારનું સાહિત્ય પણ પૂજ્ય શ્રીમોટાએ સર્જ્યું છે. આધ્યાત્મિક વિચારધારામાં જે

વિવિધ વિભાવનાઓ (Concepts) હોય છે, તેનાં કોઈ સળંગસૂત્ર શાસ્ત્ર રચાયાં જાણમાં નથી. અલબત્ત, એ અંગેના છૂટક છૂટક સંદર્ભો વિવિધ સંસ્કૃત સાહિત્યમાં અહીંતહીં જોવા મળે છે ખરાં, પરંતુ એમાંનો એક જ વિષય લઈને તેનાં તમામ પાસાંઓને નિરૂપતા ગ્રંથો રચાયા હોય એવા દાખલા ભારતની વિવિધ ભાષામાં પણ જોવા મળ્યા નથી. શ્રદ્ધા, ભાવ, જિજ્ઞાસા, નિમિત્ત, રાગદ્વેષ, મોહ, કૃપા, કર્મઉપાસના, શ્રીસદ્‌ગુરુ, સ્વાર્થ, ગુણવિમર્શ વગેરે પુસ્તકો આ પ્રકારનાં છે. એ બધાં તે તે વિષયનાં શાસ્ત્ર જેવાં છે. જોકે એ બધાં પદ્યમાં છે અને અનુષ્ટુપ છંદમાં રચાયેલાં છે. વળી, આ બધું કોઈ ને કોઈ નિમિત્તે લખાયેલું છે. કોઈ પણ સ્વજન કંઈક સૂચવે છે ત્યારે તે એ લખાણને છપાવવાની અને વેચવાની જવાબદારી સ્વીકારે તો પૂજ્યશ્રી કલમ ઉપાડતા. એમને પદ્યપંક્તિ ધોધની માફક ઊતરી આવતી. એટલે તો એમાંનાં કેટલાંક અલ્પકાળમાં જ રચાઈ ગયેલાં.

એમનો સાહિત્યનો બીજો એક પ્રકાર એવો પણ છે કે જેમાં માત્ર ભજનોનો જ સંગ્રહ છે. એવાં ઘણાં પુસ્તકો છે. ૮ થી ૧૦ પંક્તિનું એ ભજન મોટે ભાગે ગઝલમાં લખાતું. જુદાં જુદાં સ્વજનોએ પોતે પૂજ્યશ્રી સમક્ષ વ્યક્ત કરેલી ઇચ્છાનુસાર તે દરેકને દરરોજ એક એક ભજન પોસ્ટમાં રવાના થતું.તે તે સ્વજન એને એકત્રિત કરી ૨૦૦-૨૫૦-૩૦૦ જેટલાં ભજનો થાય ત્યારે પુસ્તકાકારે છપાવતાં અને વેચતાં. એમાં પૂજ્ય શ્રીમોટાની ‘સાધનાની આત્મકથા’ જેવું કંઈક વ્યક્ત થતું. છેલ્લે છેલ્લે એ પદ્યસાહિત્યમાં એક પેટા પ્રકાર પેદા થયો હતો. ૪

પંક્તિનાં મુક્તકો રચાવાં લાગ્યાં હતાં. તેમાં સળંગ રીતે એક એક ભાવ વ્યક્ત થઈ જતો અને એક પાન પર એક જ મુક્તક આવે એવી રીતે એ છપાયાં છે. ભયંકર શારીરિક વેદનામાં આ ભજનો એ જ પૂજ્યશ્રીનો સહારો બની રહેલાં. ભગવાનના ગુણકથનમાં શરીરની વેદના સહ્ય બનતી.

આ બધું એમની નિરંતર પ્રવાસ કરવાની પ્રવૃત્તિ અને પધરામણી દરમિયાન રચાયું હતું. આશ્રમ પર આવતી ઘણી બધી ટપાલોના જવાબો પણ એમના અંતેવાસી શ્રી નંદુભાઈ પ્રવાસ દરમિયાન આપતા. એમની ફરતી ઑફિસ પૂજ્ય શ્રીમોટાની સાથે જ રહેતી. જ્યાં જાય ત્યાં ઑફિસ મંડાઈ જતી. પૂજ્યશ્રીના આ સાહિત્યમાંથી થતી આવક તેમનાં સમાજ ઉત્થાનનાં કાર્યોમાં જ વપરાતી અને હજુ પણ વપરાય છે. દાનગંગાની શરૂઆત થઈ તે પહેલાંની તેમનાં શરૂનાં પુસ્તકોની રૂ. દોઢ લાખ જેટલી ઊપજેલી રકમ અને દેહોત્સર્ગ પછી વેચાયેલાં બીજાં દોઢ લાખ રૂપિયાનાં પુસ્તકો મળી કુલ ત્રણ લાખ રૂપિયા એ રીતે સમાજસેવામાં વપરાયા.

આવી પ્રવૃત્તિ ધમધમતી હતી ત્યાં જ ૧૯૭૫ના રામનવમીના અમદાવાદના ટાઉનહૉલના ઉત્સવમાં એમણે જાહેર કર્યું, ‘હવે મારે કોઈ ઉત્સવ ઊજવવા દેવો નથી. હું હવે અમદાવાદ આવવાનો નથી. હવે કોઈ મને મળવા કરવા આશ્રમે આવશો નહિ.’ આમ, પોતે પૈસા માગવાનું તો બંધ કર્યું, પરંતુ અન્ય સ્વજનો પણ જે ઉઘરાણું કરતા તે બંધ કરાવ્યું. આ હતી એમના નિ:સંગીપણાનાં પાસાંને વ્યક્ત કરવાની શરૂઆત. પોતે તમામ પ્રવૃત્તિઓને ખેંચી લીધી.

આશ્રમના મુલાકાતીઓને પણ નિશ્ચિત સમય સિવાય મળતા નહિ. જ્યારે એમને લાગ્યું કે હવે એમનું શરીર 'લોકકલ્યાણના ખપમાં' આવી શકે એવું નથી, ત્યારે શરીરનો 'આનંદપૂર્વક' ત્યાગ કરવાનું નક્કી કર્યું, પરંતુ ચોક્કસ દેહત્યાગ પહેલાંનો થોડો પૂર્વ ઈતિહાસ જાણવો રસપ્રદ છે.

સામાન્ય રીતે એકાદ અપવાદ સિવાય પૂજ્યશ્રી વર્ષોથી ગુરુપૂર્ણિમા સમયે દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમે રહેતા. ત્યાંનાં સ્વજનો ગુરુપૂર્ણિમા ત્યાં જ ત્રિચિનાપલ્લી કે કુંભકોણમ્‌માં એમની હાજરીમાં ઊજવતાં, પરંતુ ૧૯૭૬ની જુલાઈ માસની ગુરુપૂર્ણિમા પર પૂજ્યશ્રીએ કુંભકોણમ્ જવાનું બંધ રાખ્યું. ઘણા લાંબા સમયે ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી સુરત આશ્રમે હોય એવો પ્રસંગ આવ્યો. એમણે તો ગુરુપૂર્ણિમાને દિવસે કોઈક અજ્ઞાત સ્થળે જવાનું વિચારી રાખેલું. આથી, ગુરુપૂર્ણિમા પર આવવા ઉત્સુક એવાં અનેક મુંબઈ-અમદાવાદનાં સ્વજનોને એમણે ના કહેવડાવેલી કે 'આવશો નહિ. હું મળી શકીશ નહિ.' પરંતુ સુરતનાં સ્વજનોએ પૂજ્યશ્રીને વિનંતી કરી, 'ગુરુપૂર્ણિમાના શુભ દિવસે ઘણાં વર્ષો પછી આપ અહીં છો, તો તમે તે દિવસે આશ્રમમાં જ રહો તો સારું.' પૂજ્યશ્રીએ તેમનાં સમાજોત્થાનનાં કાર્ય માટે સારી એવી રકમ મળતી હોય, તો પોતે સવારના ૭-૩૦ વાગ્યા સુધી રોકાવાની સંમતિ આપી. સુરતનાં સ્વજનોએ બાવન હજાર એમનાં ચરણે ધરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. નાણાં એકત્રિત થવા લાગ્યાં. ધીરે ધીરે લક્ષ્યાંક બદલાતું ગયું અને ૭૭ હજારનું થયું. ગુરુપૂર્ણિમાના દિવસ સુધી ૬૭ હજાર એકત્રિત થયા, પરંતુ ગુરુપૂર્ણિમાની સવારની પ્રાર્થના બાદ

એક સ્વજને ઊભા થઈ ૧૦ હજાર આપ્યાનું જાહેર કરી લક્ષ્યાંકની ઉપર રકમ ચાલી ગઈ. પછીથી એ જે નિમિત્તે આવેલાં નાણાંની રકમ ઉમેરતાં આંકડો ૮૫ હજારનો થયો.

તે દિવસે ધોધમાર વરસાદ હતો. સુરત શહેરનો બધો જ વાહનવહેવાર ખોરવાઈ ગયો હતો. અમદાવાદથી આવનાર ભક્તોએ સુરત સ્ટેશને રાત્રે ૧-૩૦ વાગ્યે ઊતરતાં જ જાહેરાત સાંભળી કે 'હવે પછીની અમદાવાદથી આવતી ટ્રેનો બંધ છે, કારણ કે કોસંબા સ્ટેશન પર પાણી ભરાઈ ગયાં છે.' આખું સુરત સ્ટેશન ફૂટપાથવાસીઓ અને ઝૂંપડાંવાસીઓના આશ્રયસ્થાન તરીકે ભરચક ભરેલું હતું. સુરત શહેરમાં ઠેર ઠેર પાણી ભરેલાં હતાં. રાત્રે રિક્ષાઓ બંધ હતી. સુરતથી રાંદેરને રસ્તે પણ અનેક મોટરગાડીઓ ફસાયેલી હતી. આવી પરિસ્થિતિમાં પણ અઢીસો ત્રણસો માણસો સવારના હાજર હતા. પ્રાર્થના થઈ. ગુરુવંદના માટે બધાં લાઇનમાં ઊભાં હતાં. કેટલાંક વિચારતાં હતાં કે આવા ધોધમાર વરસાદમાં પૂજ્યશ્રીનું જવાનું હવે બંધ રહેશે, પરંતુ ૭-૩૦ વાગતાં જ પૂજ્યશ્રીને મોટરમાં બેઠેલા જોતાં, બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. ઘણાં ઓછાંને ખબર હતી કે મોટર ઠંડી ના પડી જાય એ માટે એમણે મોટરનું મશીન ચાલુ રખાવીને ગરમ કરી રાખેલું. એમણે તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો. સને ૧૯૭૬ તા. ૧૧મી જુલાઈનો એ ગુરુપૂર્ણિમાનો દિવસ. એમની ઇચ્છા વિદ્યાનગર શ્રી રામભાઈ અને ડૉ. કાંતાબહેનને ત્યાં જઈને તે જ રાત્રે દેહ છોડવાની હતી. 'અમે આવીશું.' એવી મતલબનું શ્રી રામભાઈને કદાચ કહી પણ રાખેલું, પરંતુ 'તમારે કાંતાબહેનને કહેવું નહિ' એવી પણ સૂચના આપેલી. શ્રી

રામભાઈએ એ હુકમનું યથાર્થ પાલન કર્યું હતું. તેમના ઘરે દેહ છોડવો છે, એ અંગેનો ઈશારો તો રામને પણ કરેલો નહિ. પૂજ્યશ્રી અને શ્રી નંદુભાઈ, બે જ જણ એ જાણે.

સુરત આશ્રમેથી નીકળ્યા બાદ વડોદરાને રસ્તે કોસંબાનો પુલ તૂટેલો હોવાથી તેમને પાછા ફરવું પડ્યું. પાછા ફરતાં કડોદરાને બદલે ભૂલથી વરાછારોડ પર આવી ગયા. વરાછારોડ અને સુરત વચ્ચેના ગરનાળાથી આગળ એક ગલીમાં થઈ શહેરમાં પ્રવેશ કરવાં જતાં કાદવકીચડવાળાં પાણી ભરેલાં ખેતરમાં ગાડી ફસાઈ ગઈ. શ્રી નંદુભાઈની ફરતી ઑફિસનું કેટલુંક સાહિત્ય મોટરમાં પાણી ભરાવાથી પલળીને બગડી ગયું. આજુબાજુની સોસાયટીના કેટલાક માણસોએ પૂજ્ય શ્રીમોટાને ઓળખી લીધા અને ફસાયેલી ગાડીને બહાર કાઢવાની વિનંતી કરવાં છતાં, તેમણે મદદ કરાવવાની તત્પરતા દાખવી નહિ, કારણ કે ઊંડે ઊંડે ગુરુપૂર્ણિમાને દિવસે અનાયાસે આવેલા પૂજ્ય શ્રીમોટાને પોતાના ઘરમાં પધરામણી કરાવવાની ઇચ્છા રહેલી હતી. પેલા માછીમારે પગ ધોયા વિના હોડીમાં બેસાડવાની શ્રીરામને ના પાડેલી જેથી પગ ધોવાની તક મળે. કંઈક તેવો જ આ પ્રસંગ હતો, પરંતુ મક્કમ નિર્ધાર સાથે પૂજ્યશ્રી તો કારમાં જ સૂઈ રહ્યા, 'હવે કંઈ દાળ ગળે એમ નથી.' એવું વિચારીને પછી બધાંએ મદદ કરી અને મોટર ખેંચી કાઢી. આખરે ચારેક કલાક બાદ સુરત આશ્રમે ૧૨ વાગ્યે પાછા આવ્યા. સુરત આશ્રમના પ્રમુખ શ્રી હસમુખભાઈ રેશમવાળાને પૂજ્યશ્રીએ કહી રાખ્યું હતું કે વડોદરાથી જો કોઈ પહેલી ટ્રક આવે, તો રોડ ચાલુ થયાની જાણ અમને

તરત કરજો. એવી ખબર મળ્યાથી બીજે દિવસે સવારે તા. ૧૨મી જુલાઈએ સવારે ૬ વાગ્યે સુરત આશ્રમેથી નીકળ્યા. વડોદરા પહોંચતાં પહેલાં દસબાર માઈલ પહેલાંના ગામ પોર આગળ પાણી ભરાયેલાં હોવાથી ત્યાં થોડો વખત થોભવું પડ્યું. વડોદરા પાસે આવ્યા ત્યારે વિશ્વામિત્રી ઉપરનો વાહનવહેવાર બંધ હોવાથી પૂજ્યશ્રીએ પોતાના વડોદરાના કાયમી યજમાન શ્રી જયરામભાઈ દેસાઈને ત્યાં પ્રતાપનગર ગાડી લેવડાવી. ત્યાં ત્રણેક કલાક આરામ કરી નીકળ્યા, પણ વડોદરા શહેરમાંથી પાણી હજુ ઓસર્યાં ન હતાં. પોલીસ કોઈ પણ વાહનને આગળ જવા દેતી ન હતી, પરંતુ વડોદરાના માજી મેયર શ્રી લલિતભાઈએ પૂજ્ય શ્રીમોટાને ગાડીમાં જોયા અને આગળ જવા દેવાની વ્યવસ્થા કરી, પરંતુ છાણી આગળ ખૂબ પાણી ભરાયેલાં હોઈ એ રસ્તો બંધ હોવાથી, પૂજ્યશ્રીએ ગાડી પોતાના સ્વજન એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનને ત્યાં લેવડાવી. શ્રી રમણભાઈ અમીનને ત્યાં અર્ધો કલાક રોકાઈને એમના પુત્ર શ્રી ચિરાયુભાઈને રસ્તો બતાવવા પાઇલટ કાર તરીકે આગળ રાખ્યા અને પાછળના રિફાઇનરીવાળા રસ્તે ફર્ટિલાઇઝર પાસે હાઈવે ઉપર નીકળ્યા. આગલે દિવસે શ્રી રામભાઈને આવવાનું કહેલું એટલે વિદ્યાનગરથી ડૉ. કાંતાબહેન તથા શ્રી રામભાઈને નડિયાદ આશ્રમે સેવામાં રાખવા સાથે લઈને સાંજે સાત વાગ્યે આશ્રમે આવ્યા. સવારના છ વાગ્યાના નીકળેલા સાંજે સાત વાગ્યે આશ્રમે પહોંચવાથી આખા દિવસના પ્રવાસનો ભારે શ્રમ પૂજ્યશ્રીને અનુભવવો પડ્યો અને પછીના બેત્રણ દિવસ સુધી એમની સુખાકારીને

એ બાધક નીવડ્યો.

આવી નાદુરસ્ત તબિયત હોવા છતાં તા. ૧૩-૧૪-૧૫ મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટાએ આશ્રમમાં નિયમિત આવનાર સ્વજનોને મળવા પણ દીધાં. તા. ૧૬મી જુલાઈએ પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ના થયો. આથી, પૂજ્યશ્રીની 'ના' હોવા છતાં ડૉ. કાંતાબહેને પોતે ડૉક્ટર હોવાથી પોતાની જવાબદારી સમજી નડિયાદના પ્રખ્યાત યૂરોલૉજિસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને બોલાવવાનું નક્કી કર્યું. કામ વસમું હતું. તે દિવસે શેઢી નદીમાં ભારે પૂર હતું. મુખ્ય રસ્તાને જોડતા આશ્રમના રસ્તા પર પણ એક માથોડું પાણી હતું. આખરે આશ્રમના પાછળના રસ્તે ઢીંચણ સમાં પાણીમાં કાદવ ખૂંદતાં કેટલીય વારે ડૉ. કાંતાબહેન મુખ્ય રસ્તા પર પહોંચ્યાં. ત્યાં પ્રભુકૃપાથી આશ્રમના દરરોજના મુલાકાતી સ્વજન શ્રી વિષ્ણુભાઈની મોટરમાં ડૉ. વીરેન્દ્રભાઈ પાસે પહોંચ્યા. ડૉ. વીરેન્દ્રભાઈએ તો જો દોરડા સાથે લાકડું બાંધી આશ્રમની બાજુથી મુખ્ય રસ્તા તરફ ફેંકવામાં આવે, તો તે લાકડું પકડીને દોરડાથી ખેંચાઈ તરતાં તરતાં આવવાની પણ તત્પરતા બતાવી.જોકે એમ કરવાની જરૂર ના પડી. પાછળને રસ્તે ઢીંચણ સમાં કાદવ, કીચડ અને પાણી ખૂંદતાં ડૉ. વીરેન્દ્રભાઈ આશ્રમમાં આવ્યા. એમણે કૅથેટર મૂક્યું અને થોડોક પેશાબ કરાવ્યો. બીજે દિવસે તા. ૧૮મી એ પણ ડૉ. વીરેન્દ્રભાઈ આવ્યા. ત્યાં સુધીમાં કૅથેટર દ્વારા અઢી ત્રણ લિટર જેટલો પેશાબ એકત્રિત થયો હતો. ત્યાર બાદ પૂજ્યશ્રી હળવા થયા. એમના શરીર પરના સોજા ઓછા થઈ ગયા.

૧૯મી જુલાઈએ પૂજ્યશ્રીએ આશ્રમનો લેટરહેડ માગ્યો

અને શ્રી નંદુભાઈને બોલાવ્યા અને તેમની હાજરીમાં સવારે ૧૦-૩૦ વાગ્યે એક પત્ર લખ્યો. અને પોતાના ચશ્માંઘરમાં મૂક્યો. તા. ૨૦-૨૧મીએ સવારે આશ્રમે આવનાર તમામને ૧૦-૧૦ મિનિટ મળવાની છૂટ અપાઈ. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં પૈડાંખુરશીમાં પોતાને ફેરવવા માટે રાજુભાઈને કહ્યું. આશ્રમની વનસ્પતિની જાણે આખરી વિદાય લેતા હોય એમ દરેક વનસ્પતિને બે હાથ જોડી પ્રણામ કર્યા, પરંતુ રાજુભાઈના ધ્યાનમાં એ ના આવ્યું. ના તો એમને કશું સાંકેતિક લાગ્યું. એમને ફરતાં ફરતાં સૂચના આપી કે આ નાહવાનું ટબ જેનું છે તેને તું પહોંચાડી દે.જે. ત્યારે રાજુભાઈએ કહ્યું, 'મોટા ! આપણે પાછા આવીએ ત્યારે જોઈશેને ?' ત્યારે વાતને વાળી લેતાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો, 'ત્યારે પાછું મંગાવી લઈશું.'

તા. ૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ ફાજલપુર જવાનું હતું. વહેલી સવારના બે અઢી વાગ્યાથી શ્રીમોટાએ ડૉ. કાંતાબહેનને ઉઠાડવા માંડ્યાં. પોતે ઉતાવળ કરાવીને તૈયાર થઈ ગયા. અને બીજાં બધાંને ઉતાવળ કરાવીને પાંચ વાગ્યે નીકળ્યા. તે સમયે ધોધમાર વરસાદ વરસતો હતો. એટલે ચાર ખૂણે ચાર જણે તાડપત્રી ધરીને એમને ગાડીમાં બેસાડ્યા. પૂજ્યશ્રી તો એમની મર્સીડીઝ ગાડીમાં હતા. સાથે શ્રી રામભાઈ અને શ્રી નંદુભાઈ હતા. ડૉ. કાંતાબહેન અને રાજુભાઈ, ડૉ. કાંતાબહેનની ફીયાટ ગાડીમાં હતાં. ડૉ. કાંતાબહેનની ગાડી પાઈલટ કાર તરીકે આગળ જતી હતી. રોડ ઉપર જેવા ચડ્યા કે આશ્રમની તમામ લાઈટ બંધ થઈ

ગઈ. ગ્રીડમાંથી સીધી મળેલી લાઇન હોવાથી આવું બંધ થઈ જવું શક્ય ન હતું. આથી, આશ્રમવાસીઓને કશાંક અઘટિતનાં એંધાણ વર્તાયાં. મહાગુજરાત હૉસ્પિટલ આગળ અને કૉલેજ રોડ પર પાણી હોવાને કારણે સંતરામ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયને રસ્તે જે ફાટક આવે છે ત્યાંથી બહાર જતાં હાઇવે ઉપર નીકળ્યાં. કેટલીક જગાએ ઘણાં પાણી હતાં. ડૉ. કાંતાબહેનની ફીયાટ ગાડી એ પાણીમાંથી કેવી રીતે હેમખેમ નીકળી તેનું આશ્ચર્ય હજી પણ ડૉ. કાંતાબહેન અનુભવે છે. શ્રી નંદુભાઈને રસ્તે કારમાં પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવા અંગે શ્રી રમણભાઈની સંમતિ જઈને તરત જ મેળવી લેવા કહ્યું. ફાજલપુર શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેન સવારે છ વાગ્યે સ્વાગત માટે હાજર હતાં. શ્રી નંદુભાઈએ રમણભાઈને વાત કરી. ‘તમે રજા આપો તો પૂજ્યશ્રીને અહીં દેહ છોડવો છે. તમારી રજા ના હોય તો પછી સુરત આશ્રમે જઈ દેહ છોડશે.’ શ્રી રમણભાઈએ કહ્યું, ‘આ ઘર પૂજ્યશ્રીનું છે. એમની જેમ ઇચ્છા હોય તેમ.’ તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે. હંમેશની માફક તે દિવસે પૂજ્યશ્રી બધાં સાથે જમવા બેઠા નહિ. ડૉ. કાંતાબહેનને કંઈક બનાવી લાવવાનું કહ્યું. ડૉ. કાંતાબહેન સૂરણ બાફીને લઈ આવ્યાં. તે એમણે માંડ એકાદ ફોડવું ખાધું હશે.

આઠેક વાગ્યે પૂજ્યશ્રીએ શ્રી નંદુભાઈને પોતાના ગળાની કંઠી અને કાંડાનું ઘડિયાળ આપીને નક્કી કરી દીધું કે આજે દેહ છોડવો છે. શ્રી નંદુભાઈએ રજૂઆત કરી. ‘આજે આવી વરસાદની હેલી છે, તો ચિતા વગેરે સળગાવવામાં મુશ્કેલી

પડશે.. મહી નદીમાં પણ ભારે પૂર છે. બેત્રણ દિવસ રોકાઈ જાવ તો ?' પૂજ્યશ્રીએ મક્કમ અવાજે જવાબ આપ્યો, 'અગ્નિસંસ્કાર કરવાનું ના ફાવે તો દેહને નદીમાં પધરાવી દેજો. મેં નક્કી કરી દીધું છે.' 'This is not a matter of discussion.'

૧૧ વાગ્યે એમણે બીજા ત્રણેક પત્રો લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું, 'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.' બીજા કાગળમાં એમણે પોતાને મદદ કરનારાંઓનો આભાર માની 'ભગવાન તેમનું યશકલ્યાણ કરો' એવી પ્રાર્થના કરી છે. અને ત્રીજા કાગળમાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને ડોલનશૈલીમાં રજૂ કરી છે.

તે દિવસે જ યોગાનુયોગે શ્રી રમણભાઈના એ ફાર્મના દરવાજા માટે આરસની તકતી 'હરિસ્મૃતિ' આવી અને તે દરવાજાના સ્તંભ પર લગાડાઈ. ત્રણ વાગ્યે હંમેશાં આવતાં હતાં એ મુજબ શ્રી રમણભાઈના પરિવારનાં સભ્યો, બાળકો વગેરે પૂજ્યશ્રીને મળવાં આવ્યાં. તે બધાંને પ્રેમથી મળ્યા તો ખરા પણ ઉતાવળ કરાવીને તેમને બધાંને વિદાય કરાવડાવ્યાં. ચાર વાગ્યે તેમણે પોતાને વરંડામાંથી અંદર ઓરડામાં લેવડાવ્યા. પછી શ્રી નંદુભાઈને એકલા બોલાવી સાતેક મિનિટ વાત કરી. તે વખતે શ્રી નંદુભાઈએ કોઈ આંતરિક સાહજિક પ્રેરણા દ્વારા પૂજ્ય શ્રીમોટાને કહ્યું, 'હું તમારા પછી આશ્રમોમાં જ રહીશ અને આશ્રમો સંભાળીશ.' પૂજ્યશ્રીએ આંખો દ્વારા સંતોષ પ્રગટ

કર્યો. આ એક સૂચક પ્રસંગ છે, કારણ કે શ્રી નંદુભાઈ પૂજ્યશ્રીને ઘણી વાર કહેતા, “My loyalty is primarily towards you, and secondarily towards the Ashrams, as I do not identify myself with the Ashrams," તે વખતે પૂજ્યશ્રી એ વાત સાંભળી લેતા. શ્રી નંદુભાઈએ તો અગાઉ વિચારી પણ રાખેલું કે પૂજ્યશ્રીના દેહની હયાતી બાદ એક બે વર્ષમાં આ આશ્રમોનો સમગ્ર કારભાર વ્યવસ્થિત કરી લઈ કુંભકોણમ્ આશ્રમે કાયમ માટે રહેવા જતા રહેવું. આ વાતના સંદર્ભમાં પૂજ્યશ્રી સાથેના આખરી મિલનમાં એ ધન્ય પળે શ્રી નંદુભાઈનો નિર્ણય કેવી રીતે બદલાયો અને ઓચિંતો કેમ વ્યક્ત થયો એનો સભાન ખ્યાલ શ્રી નંદુભાઈને બિલકુલ ના આવ્યો. તદ્દન સાહજિક રીતે એ બની ગયું. એમાં પૂજ્યશ્રીની કોઈ અકળ લીલા કેમ ના હોય !

શ્રી નંદુભાઈએ વાત પૂરી કર્યા બાદ અન્ય પાંચેય જણને અંદર બોલાવ્યાં. પૂજ્યશ્રીએ સૂચના આપી, ‘તમારે અંદર બેસવું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો નહિ. આ કૅથેટરને મારા શરીર પરથી દૂર કરશો નહિ. એ મારી જીવનસંગિની છે.’ છએ જણે પૂજ્યશ્રીની રૂમમાં બેસવાનું પસંદ કર્યું. રૂમ બંધ કર્યો અને બધાંએ પોતપોતાની રીતે હરિઃૐના જપ શરૂ કર્યાં. લગભગ બાર વાગ્યે સહજપણે શ્રી નંદુભાઈના મનમાં વિચાર સ્ફુરી ગયો કે શ્રીમોટા કદાચ દોઢ વાગ્યે પ્રાણ છોડશે, કારણ કે પૂજ્ય શ્રીઅરવિંદે પણ શુક્રવારે સવારે દોઢ વાગ્યે દેહ છોડ્યો હતો. રાત્રે સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને

પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યા. ૩૦ થી ૩૫ હતા. ૧-૧૫ વાગ્યે શ્રી રામભાઈએ સહેજ શરીરનું સ્પંદન થતું જોયું. ૧-૨૫ વાગ્યે દેહ છૂટી ગયો. શરીર ઉપર કોઈ ઉગ્ર ચિહ્ન વરતાયું નહિ. ભીષ્મ પિતામહના ઈચ્છામૃત્યુની વાત વાંચેલી, પણ રોગોની બાણશય્યા પર પોઢેલા પૂજ્ય શ્રીમોટાના ઈચ્છામૃત્યુનો પ્રસંગ આપણી હયાતીમાં બન્યો, એ એક અનોખી ઘટના છે.

શ્રી રમણભાઈ અને ફાર્મ મૅનેજર સવારે ચાર વાગ્યે જઈને ચિતાની જગા નક્કી કરી આવ્યા હતા. પાણીમાં સપાટી પાસે જગા નક્કી કરી હતી.

શ્રી નંદુભાઈ પ્રેસ માટે સંદેશો વગેરે લખવામાં ગૂંથાયા. અંતિમક્રિયા કરવામાં પૂજ્યશ્રીના આદેશને માન આપવાનું હતું. તા. ૧૯મીએ નડિયાદ આશ્રમે લખેલા પત્રમાં એ આદેશ હતો. તે એક વસિયતનામા જેવો છે અને લાક્ષણિક ઢબે લખાયેલો છે.

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા' રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુ

સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ* જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

**ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'**

**-મોટા**

તા. ૧૯-૭-૧૯૭૬

મહી નદીના પશ્ચિમ કાંઠાની ભેખડ ઉપર જ શ્રી રમણભાઈનો બંગલો અને તેની આગળનો બગીચો આવેલા છે, ત્યાંથી ઊતરવાની એક કેડી હતી. કોઈક દિવ્ય સંકેતાનુસાર બે ત્રણ મહિના પહેલાં જ દોઢ ફૂટની એ સાંકડી કેડી ત્રણ ફૂટ પહોળી કરી. બે માણસ જોડાજોડ સહેલાઈથી જઈ શકે એવા રસ્તારૂપે શ્રી રમણભાઈએ બનાવડાવી હતી, એટલે ફાર્મના કંપાઉંડની બહાર ગયા વિના જ સીધા નદીતટે ઊતરી શકાય એવું હતું. મૃત્યુ સ્થળની તદ્દન નજીક અગ્નિસંસ્કાર કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે સહજપણે સુલભ રીતે પાલન થયું. સૂવાના ઍલ્યુમિનિયમના વજનમાં હલકા ખાટલામાં પૂજ્યશ્રીના દેહને નીચે લઈ જવામાં આવ્યો. મહી નદીનું પાણી

---

* એ છ જણ : (૧) શ્રી નંદુભાઈ, (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ, (૫) ડૉ. કાંતાબહેન અને (૬) શ્રી રાજુભાઈ પટેલ -લેખક

ઝડપથી ચડતું હોવાથી મૂળ નક્કી કરેલી જગા બદલીને થોડા ઉપરના ભાગમાં ચિતા ખડકવામાં આવી હતી. દેહને નીચે લઈ જતી વેળા ન તો કોઈ અગરબત્તી સળગાવવામાં આવી હતી, ન તો સુખડનું લાકડું રાખવામાં આવ્યું હતું. ગંગાજળનો છાંટો પણ નાખવામાં આવ્યો ન હતો. કોઈ કૅમેરા ન હતો. પ્રણાલિકાગત વિચારોને કેવી તિલાંજલિ ! ગતાનુગતિક વિધિનો કેવો ત્યાગ ! સૂક્ષ્મને મહત્ત્વ, સ્થૂળને નહિ. એ બાબત આનાથી સ્પષ્ટ થાય છે.

ચિતા પર દેહને સુવડાવતાં શ્રી રામભાઈ બોલી ઊઠ્યા, 'મોટા તો નાગાબાવાની જમાતના ગણાય. આ વસ્ત્રની પણ શી જરૂર !' એટલે દેહ પર રહેલું એકમાત્ર વસ્ત્ર પણ લઈ લીધું. શ્રી રમણભાઈના હસ્તે અગ્નિદાહ દેવાયો. બે કલાકમાં તો દેહ પંચભૂતમાં ભળી ગયો. એના છેલ્લા અવશેષો અસ્થિ અને રાખને ફાર્મ મૅનેજરે અને શ્રી રાજુભાઈએ મહી નદીનાં પાણીથી ડોલો ભરી ભરી ઉલેચીને પૂજ્યશ્રીના આદેશ અનુસાર મહી નદી ભેગાં કર્યાં. બે બહેનોએ સ્ત્રીસહજ ઋજુતાથી ડૂસકાં ભર્યાં ત્યારે અન્ય વ્યક્તિઓ થોડી ગંભીર બની. નહિતર મૃત્યુ અને જન્મ બંને એક જ સિક્કાની બે બાજુ એમણે ગણી લીધી હતી.

૯-૪૫ વાગ્યે ફાજલપુરમાં બધાં જમ્યાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. શ્રી નંદુભાઈ એકલા આશ્રમે આવ્યા. થોડીક વારમાં વાત વહેતી થઈ અને આશ્રમમાં લોકપ્રવાહ વહેવા માંડ્યો.

પૂજ્યશ્રીના આ દેહવિલય પછી એમના આખરી આદેશને માન આપી જે કંઈ રકમ એમના મૃત્યુ નિમિત્તે એકત્રિત થાય, તે તદ્દન નાનાં ગામડાંની પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં

જ વાપરવાનો નિર્ણય હરિઃૐ આશ્રમે કર્યો. શરૂઆતમાં તો એમ વિચારાયું હતું કે બારતેર દિવસમાં જે કંઈ રકમ આવશે તે આ રીતે ફાળવી દઈશું, પરંતુ શ્રી ઈંદુભાઈ શૅરદલાલને સ્વયંસ્ફુરિત પ્રેરણા થઈ. અમદાવાદ, હરિઃૐ સત્સંગમંડળનાં સ્વજનોએ શ્રી ઈંદુભાઈ શૅરદલાલની એ પ્રેરણાને મૂર્તસ્વરૂપ આપવા તેમની તથા શ્રી લક્ષ્મીકાંત અમીનની દોરવણી હેઠળ આયોજનપૂર્વક એક વિશિષ્ટ આંદોલન ઉપાડ્યું, અને ઘણી સારી રકમ એકત્રિત કરી. એમાંથી જે પ્રેરણા સ્ફુલિંગો જન્મ્યાં તેને કારણે આણંદમાં, ખેડા જિલ્લાનાં એકબે ગામોમાં, વડોદરા, સુરત અને મુંબઈ વગેરે સ્થળોએ સ્વજનોએ એ કામ ઉપાડી લીધું. આ પ્રવૃત્તિ આઠેક મહિના ખૂબ વેગથી ચાલી. યોજનાપૂર્વક રકમ એકત્રિત કરવાનું કામ હાલમાં બંધ છે, પરંતુ આપમેળે દાનનો પ્રવાહ તો હજુ પણ એકધારો આશ્રમમાં વહ્યા જ કરે છે. કેટલીક વાર તો આશ્રમ સાથે કોઈ પણ જાતનો પરિચય ના હોય એવી વ્યક્તિઓ તરફથી મોટી મોટી રકમનાં દાનો મળ્યે જાય છે. તેને પરિણામે સમગ્ર ગુજરાતમાં કચ્છથી માંડીને વલસાડ સુધીના અને ઉત્તર ગુજરાતના પણ તમામ જિલ્લાઓને આવરી લઈને ૧૮૫ તાલુકાઓમાંથી ૧૮૩ તાલુકાને આજ સુધીની ફાળવેલી રકમ બે કરોડ ઉપર થવા જાય છે. આ એક વિસ્મયકારક અનોખી ઘટના બની છે. ત્યારે પૂજ્યશ્રીના અનેક વાર ઉચ્ચારાયેલા શબ્દો કર્ણપટ પર ગુંજારવ કરતા સંભળાય છે. 'જો જોને ! મારું શરીર ગયા બાદ આશ્રમને દરવાજે પૈસાનો ઢગ થઈ જશે.' કેટલું યથાર્થ ભવિષ્યકથન !

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# સૂચિ

અક્કલકોટનો સ્વામી-૪૦૮
અઘોરીની સાધનાનો પ્રકાર-૪૪૩
અજપાજપ-મુક્તને-૪૩૫
અનુભવોના સંસ્કાર-૨૬૧
અમદાવાદ-૨૨૮, ૩૧૩
અરણ્યરુદન-ગાંધીજીનું-૨૭૯
અસ્પૃશ્યતા નિવારણ સમારંભ-૩૮૩, ૩૮૫
અહમ્-ઉત્તમ સાધન-૩૨, ૩૭
-નું ઉન્નયન-૩૩
-નું તત્ત્વ-૩૨
-નું સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ સ્વરૂપ-૩૩
અંતર્મુખ-૧૭
અંતર્નાદ-૪૩૭-, ૪૩૮
અંતરનાં કરણોની ભૂમિકા-૧૫
-મનાદિકરણો-૮૬
-ની ભૂખ-૧૮
આકાશકુસુમવત્-૯૮
આકાશની ભૂમિકા-૨૯૧
'આત્મનિવેદન'-૨૯૭
આત્મનિષ્ઠના સંબંધો-૭૫
આત્મવિશ્વાસ અને શ્રદ્ધા-(સાધનાનો માર્ગ)-૨૨૯
આત્મશ્લાઘા-૧૦૪, ૧૦૫
આત્માઓના સંસ્કાર-૨૪૧
'આનંદવૃત્તિ'-૧૧૫
આનંદની ઊર્મિ-૧૭
આબુ-૩૧૬
આજ્ઞા-દરિયામાં જવાની-૨૫૧
આંતરદર્શન-૧૨૫
આંતરિક તપશ્ચર્યા-૧૬૬
-શક્તિ-૨૨
ઈદગાહનું મેદાન (કરાંચી)-૨૫૨
ઈર્વિન-ગાંધી કરાર-૩૩૯
ઈશુ ભગવાન-૧૨૩
ઈશ્વરભાઈ પટેલ (હેડમાસ્તર)-૩૦૬
ઇંદુલાલ (યાજ્ઞિક)-૨૧૧, ૨૪૭, ૩૮૦
ઇંદોરના મહારાજા (પ્રસંગ)-૪૧૪, ૪૧૫
શ્રીઉપાસની મહારાજ-૪૦૦ થી ૪૦૨, ૪૦૪ થી ૪૦૯
ઊર્ધ્વરેતસ-૧૪૫
ઊર્મિગમ્ય પ્રાર્થનાઓ-૨
એકમાં રત-૨૭૬
એકાગ્રતાનો ભાવ-૮૩
એસેડોરા ડંકન (રૂસી નર્તિકા)-૨૭૫
ઍંગ્લોવર્નાક્યુલર મિડલ સ્કૂલ-૧૯૮

એનું ગુરુત્વાકર્ષણ-૩૨૫
કઠણાઈ-સંસારવહેવારની-૨૦૨
કથાવાર્તાનું શ્રવણ-૪૨૩
કમળપૂજા (માથું વધેરવું)-૩૧૫
કરાંચી-૭૩, ૯૭, ૨૩૮, ૨૫૧, ૨૬૫...
કર્મ-ઉમેરો-૨૮૫
-જીવનનો ગુરુ-૨૮૪
-નું નુકસાન-૨૬૬
-માં હાંફળાફાંફળાપણું-૧૫૩
કલ્યાણપુર (મલબારના વતની)-૨૫૩, ૨૫૪
'કંજૂસ'-૨૦૯
કાલોલ-૧૯૬ થી ૧૯૮, ૨૮૧
કાસમમિયાં-૨૪૫, ૨૪૬
ક્લિફ્ટનનો બંગલો-૨૫૧ થી ૨૫૩
કુટુંબની ઉત્તમ સેવા-૩૨૪
કૉલેજ ત્યાગનો ઈતિહાસ-૩૭૫
કૃષ્ણનાં સદેહ દર્શન-૪૨૭
ખાંડાની ધાર-૧૭૨
ખેડા સબજેલ (પ્રસંગ)-૩૪૬
ગગનાતીત પ્રદેશ-૧૯૨
ગતિમંદતા-૧૪
ગાંધીઆશ્રમ (સાબરમતી આશ્રમ)-૬૮, ૯૫, ૩૨૫, ૩૨૭, ૩૪૮...
ગાંધીજી (મહાત્મા ગાંધી)-૬૫, ૯૭, ૧૮૧, ૨૨૩, ૨૪૦, ૨૭૯, ૩૩૫...
-નો જન્મદિવસ (ભાદરવા વદ બારસ)-૩૮૩
ગિડવાણીજી-૩૭૯, ૩૮૦
ગૂજરાત વિદ્યાપીઠ (અમદાવાદ)-૩૭૭ થી ૩૭૯
શ્રીગોદડિયા મહારાજ-૩૨૫, ૩૮૪
ચંદ્રભાગા પુલ (સાબરમતી)-૯૫
ચાગલા સાહેબ-૯૮
ચૂનિયો-ચૂનીભાઈ-ચૂનીલાલ (શ્રીમોટા)-૧૩, ૬૩, ૨૨૭, ૨૮૩, ૩૫૪, ૩૮૮...
ચેતનના ભાવનું આવિર્ભાવ-૩૮, ૪૫, ૩૩૦
-ની પૂર્ણતાનો આવિર્ભાવ-૧૫૬
-ની ભાવના-૧૯૩
નો સાક્ષાત્કાર-૨૯૨
-યુક્ત જાગ્રતિ (સાધનાનું હૃદય)-૨૭૬
ચેતનવંતી જાગ્રતિ-સદ્‌ગુરુ-૨૭૮, ૨૮૮
ચૈત્યપુરુષ સાથેનો સંબંધ-૨૯૭
છાના શત્રુઓનું જોર-૩૦૦
જગત મડદાને પૂજનારું-૨૯૧
જડ-કાષ્ઠવત્ સમાધિ-૪૩૪
જમશેદજી-૯૯

જમીનમાં બી વાવવું-૧૭૩
જાગ્રત પ્રયત્ન-૪૩
-મન-૨૩૭
જાગ્રતિ-ત્રીજું ખૂલેલું નયન-૨૮૮
'જાગ્રતિયોગ'-૬૮
જાનકીદાસજી મહારાજ-૩૦૩, ૩૦૫, ૩૦૬
જીવદશાનાં મૂલ્યાંકનો-૪૨૦
જીવનની સાધના-૧૮
-સાધનાનો ભાવ-૧૩
-ને શુદ્ધ કરવાની પ્રક્રિયા-૪૨૦
જીવન પરત્વેની પ્રેમભક્તિ-૭૪
'જીવનયોગ'-૧૩૨
જીવનવિકાસની સાધના (સદ્‌ગુરુની)-૨૩, ૨૫
જીવનસાધનાના સંગ્રામ-૧૭૨
જીવાત્માને આપમેળે સમાધિ-૪૨૯
ઝંખના-ઉત્કટ પ્રકારની-૫૧
-નિમ્નગામી અને ઊર્ધ્વગામી-૮૮
-નું સ્વરૂપ-સ્થૂળ અને સૂક્ષ્મ-૫૨
ઠક્કરબાપા-૯૭, ૪૧૭
ડફિન હૉસ્પિટલ (વડોદરા)-૪૧૬
તટસ્થતા અને સમતા-૪૧
તત્ત્વજ્ઞાનની વાતો-૩૩૨
તમન્ના-જ્વાળામુખી જેવી ધગધગતી-૨૯૬
તાજુદ્દીન બાબા-૪૦૮, ૪૦૯
તાલાવેલીયુક્ત તત્પરતા-૭૮
'તુજ ચરણે' (શ્રીમોટાનું પદ્ય પુસ્તક)-૨૦૪, ૨૦૫, ૩૬૦
તોતાપુરી નાગાબાવા-૪૩૮
દખ્ખણિયો ઓવારો (નડિયાદ)-૫
દિલની ભાવના-૧૧, ૬૮
દિલનો પ્રેમભાવ-૧૨૪
દિવ્યાત્મક અનુભવ-૧૪
દીનબંધુ એન્ડ્રુઝ-૨૨૩
દેવાણના ઠાકોરની છેતરપિંડી-૬૨
દ્વિધાભાવ-૭૫
ધર્મ-મળેલી પરિસ્થિતિનો-૩૫૧
ધૂણીવાળા દાદા (શ્રીકેશવાનંદજી, શ્રીમોટાના ગુરુ)-૪૧૦
'ધૂંવાધાર' (નર્મદા)-૨૯૩
ધ્યાન-ભાવાત્મક-૫૩
-ની ઊંડાઈ અને ભાવાવસ્થા-૧૧૨
-નો હેતુ-૨૦
-માં એકાગ્રતા અને કેંદ્રિતતા-૧૯
-માં કવિતા-૧૩૯
-માં ભાવાત્મક શૂન્યાવકાશ-૮૫
નગ્ન અવધૂત (શ્રીઉપાસની મહારાજ) (પ્રસંગ)- ૩૮૯ થી ૪૦૦
નડિયાદ-૫, ૬૯. ૨૧૧, ૨૪૪, ૨૯૦, ૩૧૦, ૩૩૭, ૪૦૯....

-નું સ્મશાન-૪૧૭
નરસિંહ મહેતા-૯૪, ૧૦૫
નરસિંહકાકા-૩૩૭, ૩૩૯, ૩૪૦
'નવજીવન' (છાપું)-૩૭૭
નવસારી આશ્રમ-૩, ૫, ૧૩
નંદુભાઈ (નંદલાલ)-૧૦૩, ૩૫૦, ૩૬૦
નામસ્મરણથી રોગ મટે (ગાંધીજી)-૧૮૧
નિમ્નગામી પ્રકૃતિનું અનુભવદર્શન-૩૦૦
-વૃત્તિ-૩૫
-હુમલા-૨૫
નિરીક્ષણ-પોતાનું-૨૧૪
'નિર્બળ' (પરાક્રમી વીર)-૨૧૪
પરંપરાની સાંકળ-૩૧૭
પરીક્ષિતભાઈ-૩,૬૩, ૨૪૪, ૩૮૫
પંજાબનો હત્યાકાંડ-૩૭૦, ૩૭૮
પાઠક સાહેબ (બનારસ યુનિવર્સિટીના ડીન)-૪૩૦
'પાપપુણ્ય'-૨૩૨, ૨૩૩
પાંડુરંગ વળામે (શ્રીરંગ અવધૂત)-૩૭૪
પૂર્વસ્મૃતિની ધારણા-૩૦૭
પેટલાદ-૩૦૩ થી ૩૦૫
પ્રકૃતિ-નિમ્નગામી-૩૦૦
-અને સ્વભાવ-બાધક-૧૫૭
-અને સ્વભાવથી દુઃખી-(પોતાના)-૩૨૭
-અને સ્વભાવનું નિરીક્ષણ અને પૃથક્કરણ-૨૭૨
'પ્રભુસ્મરણ'-મૃત્યુ સમયે-૪૨૪
પ્રયત્ન મડદા જેવા-૩૧૬
પ્રસંગ-ધાર તેજ કરવા માટેનો પથ્થર-૩૪૧
પ્રાર્થના-આર્ત અને આર્દ્રભાવની-૪૯
-આંતરિક-૬
-થી મદદ-૫
-ની ભાવના-૮૬
-માં જીવનની સ્થિતિ-૭૪
પ્રેતની યોનિ-૩૧૩
બનારસ-૯૫, ૧૦૭, ૩૫૦થી ૩૫૨, ૩૬૦
બા (શ્રીમોટાની)ના શરીરની માંદગી (પ્રસંગ)-૩૫૧થી ૩૬૦
બાલારામ (પાલનપુર)-૩૧૫, ૩૧૬
શ્રીબાળયોગીજી મહારાજ-૪૧૦, ૪૧૧, ૪૪૧
બુદ્ધિમાં સમત્વ (યોગ)-૪૧
બોકડની બાવળી (નડિયાદ)-૫૮, ૩૪૫

બોદાલ આશ્રમ-૫
બોદાલમાં ધ્યાનસ્થ (૧૯૩૧)-૨૩૮
બોરસદ-૩૩૯, ૩૪૦
બ્રહ્મચર્યની શક્તિ-૨૬
બ્રહ્મા-૪૨૪
ભગવતપ્રસાદ પંડ્યા-૪૧૬, ૪૧૭
ભગવાનની કૃપાશક્તિ-૭૭
-સમર્થતા-૩૬૦
-નો ભાવ-૩૧, ૩૨, ૩૮, ૪૭
ભજન રચના સમયની અંતર્દશા-૫૦
ભયમાંથી મુક્તિ-૬૦
ભાવ-સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ-૯૧
ભાવના-ઊર્ધ્વગામી-૮૮
-સ્થૂળ અને સૂક્ષ્મ-૨૪૮
-ની અખંડતા-૬
-ની ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકા-૪૭
-નું જોશ-૧૩૦
-નો ઉચ્છેદ-૧૩૧
-નો ધોધ-૨૬૩
-નો પ્રવાહ-૮૯, ૧૪૮
-નો વિસ્તાર-૪૩
-માં ઓજસ-૪૭
-માં શક્તિ-૪૭
ભાવાવસ્થાનું ધ્યાન-૧૦૮
'ભૂમિતલં' શય્યા-૨૯૦
મનના ઊભરા-૧૫૩
'મનને' (શ્રીમોટાનું પદ્ય પુસ્તક)-૨૦૪, ૨૨૭, ૨૪૦
મનને વશ કરવું દુર્ઘટ (અર્જુન)-૩૦૦
મનુભાઈ (રાવ સાહેબ)-૧૯૭
મરણિયો નિર્ધાર (પ્રસંગ)-૩૧૫, ૩૧૬
'મરવાપણું'-આપણું-૨૯૯
મરીડા ભાગોળ (નડિયાદ)-૨૪૫, ૨૪૭, ૩૧૦, ૩૪૨...
મર્દાનગીને પડકાર-૩૪૦
મહાદેવભાઈ-૨૨૩
મહાભિનિષ્ક્રમણ-૧૭૧
મહાસમાધિ-૪૩૪
મહીગળતેશ્વર (ડાકોર)-૧૫૯
મહેબૂબનો હુકમ-૨૧૩
મળમૂત્રની પથારી-૪૦૫
-નો ખાવાપીવામાં ઉપયોગ-૪૪૨
મંત્રોનું ખાલી ઉચ્ચારણ-૪૨૩
'મા'નું સર્જન-૩૧૯
માલવિયાજી-૯૪
મિશન હૉસ્પિટલ (નડિયાદ)-૨૧૧
મીરાખેડી (દાહોદ તાલુકો)-૨૪૩
મુક્તને ફરી જન્મ-૪૨૬
મુક્તને સલાહનું બંધન-૪૪૫

મુશ્કેલી-ખમીર પ્રગટાવવાનું સોપાન-૧૮૫
મૂળજીભાઈ (શ્રીમોટાના નાના ભાઈ) ૩૪૯થી ૩૫૧, ૩૫૭
મેલી વિદ્યા-૩૧૨, ૩૧૩
મોખડી ઘાટ (નર્મદા નદી)-૨૨૬
મૌનએકાંતમાં દર્શન-૪૪૧
રઘાભાઈ ભગત-૭૦
રણછોડજીનું મંદિર (નર્મદા નદી)-૨૨૬
રમણલાલ વસંતલાલ દેસાઈ-૧૩
રામતલાવડી (નડિયાદ)-૨૧૧, ૨૪૬, ૨૪૮
રૉલેટ કાયદો-૩૭૦
લાગણીના ઊભરા-૧૭
'લાભપ્રાપ્તિ'-૨૪૪
લોહીના ઝાડા (શ્રીમોટાને)-૯૭
વડોદરા-૨૨૮
-નું કૉલેજજીવન-૩૬૪-૩૬૭
વદતોવ્યાઘાત-૪૦૮
વર્ડ્ઝ્વર્થ (કવિ)-૨૧૮, ૩૩૦
વાડીલાલ સારાભાઈ દવાખાનું (અમદાવાદ)-૯૭
વાસનાના અનંત પ્રકાર-૩૦૨
-નું ઊર્ધ્વીકરણ-૧૫૯
વિચારની પરંપરા-૧૫૪
વિશ્વનાથનું મંદિર (બનારસ) (પ્રસંગ)-૧૦૭ થી ૧૧૧
વૈષ્ણવની હવેલી (વડોદરા)-૩૬૫
વ્યક્ત-અવ્યક્તની કળા-૩૧૭
વ્રતનું પાલન-૩૪૮
વૃત્તિ-દુઃખનું કારણ-૩૨૮
વૃત્તિઓ-દ્વિગુણિત-૧૭૬
શત્રુઓ-તમસ અને રજસ-૨૯૯
શાંતિ અને પ્રસન્નતા-(સાધનાનાં પ્રવેશ દ્વાર)-૨૨૯
શાંતિનિકેતન-૨૨૩
શિવલિંગનું પ્રતીક-૪૩૩
શેખચલ્લીની વાત-૧૭૧
શેઢી નદી-૫
શેલી (કવિ)-૨૧૮
સગુણ-નિર્ગુણનો સાક્ષાત્કાર-૪૨૭
સત્પુરુષનો સત્સંગ-૩૦૩
સદ્‌ગુરુ પરત્વેની ભાવના-૧૭૭
-ની આજ્ઞાનું પાલન (જીવન-કલ્યાણ)-૨૫૭, ૨૫૮
-ની કૃપા ફળે-૪૨૨
-નું કાર્ય-૨૨૨
-ને ગોદા મારવા-૧૭૪
-નો પ્રગટેલો દિલનો સંતોષ-૨૫૮
-નો ભાવ-૯૨
-નો સ્વીકાર-૩૮, ૧૪૮
સમર્પણની સાધના-૪૨
સમર્પણયજ્ઞ-૧૭, ૪૫
સરદાર (વલ્લભભાઈ)-૩૭૯

સરયુદાસ મહારાજ-૩૦૭
સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ-૪૩૯
સંતરામ મહારાજનું મંદિર (નડિયાદ)-૩૦૭, ૩૦૮, ૩૯૨, ૪૦૨
સંસારવહેવારનાં કર્મમાં નિષ્ફળતા-૫૬
સંસ્કાર-સાધના પરત્વે-૧૪
-નું ઉદયવર્તમાન-૨૬૨
સાકુરી-૪૦૦ થી ૪૦૩
સાધનાદૃષ્ટિએ મરણ-૨૯૮
સાધનાના પ્રદેશમાં સંગ્રામ-૬૪
-ભાવનો વિકાસ-૬૮, ૭૧
-નો ભાવ-૯, ૧૮૨, ૧૮૩, ૧૮૫, ૧૮૯, ૨૦૦
-માં ઊણપ-૧૧૮
સાધુઓનાં રહેઠાણ (સાબરમતી નદી)-૨૪૪
સાંઈખેડા-૪૧૦
સાંઈબાબા-૪૦૮, ૪૦૯, ૪૪૧
સિંધિયા સ્ટીમ નૅવિગેશન-૨૬૦
સુરત-૧૩
સૂપા ગુરુકુળ-૫, ૧૩
સોમાભાઈ (શ્રીમોટાના નાના ભાઈ)-૩૧૬, ૩૪૯
સોહિણી અને મેહાર (વાર્તા)-૭૩, ૭૪
સ્વજનોનો પ્રેમભાવ (અણમોલું સાધન)-૭૮
'સ્વરાજ આશ્રમ'ની સ્થાપના-૩૭૯
હકીમ સાહેબ (યુનાની)-૩૯૪, ૩૯૫, ૩૯૮
હનુમાન કૂદકો-૪૩૧
હરિજન આશ્રમ (નડિયાદ)-૬૯, ૨૧૧, ૩૮૦
'હરિજન બંધુ' (છાપું)-૯૭, ૧૮૧
હરિજનોને સત્યાગ્રહ-૩૩૭
હરિવદનભાઈ-૩, ૬૩
'હવાઈ જવાજ'માં મુસાફરી-૧૦૨
હિમાલયનાં સ્વપ્નાં-૨૦૫
-ની યાત્રા-૨૦૫
હિંદુ યુનિવર્સિટી (બનારસ)-૯૪, ૧૦૭, ૩૫૦
'હુંપણાનાં દર્શન'-૧૬૦
હેતુનું જ્ઞાનભાન-૬૩
શ્રાદ્ધ સરાવવાથી લાભ-૪૨૩
શ્રીકેશવાનંદજી (ધૂણીવાળા દાદા)-૪૪૧
શ્રીકૃષ્ણ-૧૭૫, ૨૪૦, ૪૨૮
શ્રીભગવાન પોતે રસેશ્વર-૩૨૬
શ્રીરામકૃષ્ણ-૪૩૮
શ્રીરામચંદ્ર-૧૭૬, ૪૨૪

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ — **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

॥ હરિઃૐ ॥

(શાર્દૂલવિક્રીડિત)

તું મારું મન મંત્રમુગ્ધ કરજે, તાબે રહે જેથી તે,
ક્યાંયે ના ચસકી શકે પણ જરી ને ઠામ મેળે રહે,
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ ! એક હું,
એ દે, તો મુજ રંક ભાગ્ય ફળશે, દેખું રૂડો દી પ્રભુ !

- શ્રીમોટા

'જીવન દર્શન', ૧૧મી આ., પૃ. ૨૧

કિંમત : રૂ. ૨૫/-